સંવત ૨૦૧૪ | (શ્રી ગોપીજન વલ્લભાય નમઃ) | બીજી આવૃત્તિ

ભકત

"કુવિવર ગોપાલદાસજી પ્રણિત"

-:શ્રી વલ્લભાખ્યાનઃ-

(મૂળ સાથે—સુબોધિની ટીકા સહિત)

—:અનુવાદકઃ—

વ્યાસ ભાઇલાલ છગનલાલ મુખ્યાજી

જી. ખેડા મું. માતર નિવાસી

હાલ મુંબઈ. નં. ૩૮૫ ઠાકોરદ્વાર

—દ્વિતિયાવૃત્તિ પ્રકાશક—

નડીઆદ. પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય તરફથી

સંચાલકો

મૂલ્ય રૂા. ૩.૫૦

મુદ્રક:- ધી ઓવન પ્રેસ મુંબઈ ૧.

સને ૧૯૫૭ | પ્રત ૨૦૦૦

ગ્રંથ વિવેચકને સર્વે હક્ક સ્વાધિન છે.

॥ શ્રી વલ્લભઃ ॥

—:અનુક્રમણિકા:—

પૃષ્ઠ

૧ અર્પણ પત્રિકાષ્ટક
૨ ગોસ્વામી શ્રીવ્રજરત્ન લાલજી મહારાજ સુરતવાળા
૩ શ્રી ગુરૂનું ગુણ સ્વરૂપ
૧ પ્રાક્કથન
૨ ચર્વિત તાંબુલ રહસ્ય
૩ ગોપાલદાસજી
૪ વલ્લભાખ્યાન વિષયની વિશિષ્ટતા
૯ પ્રકાશકનું નિવેદન
૧૦ શ્રી મથુરેશજી બાવાનો અભિપ્રાય
૧૩ વિવેચકનું નિવેદન
૨૨ આભાર દર્શન
૨૫ શ્રી વિઠ્ઠલનાથજી—શ્રી ગોસાંઈજી
૧ શ્રી વલ્લભાખ્યાન આરંભ પ્રથમાખ્યાન
૫૪ દ્વિતીયાખ્યાન
૧૨૮ તૃતીયાખ્યાન
૧૫૮ ચતુર્થાખ્યાન
૧૯૫ પંચમાખ્યાન
૨૩૪ ષષ્ટમાખ્યાન
૨૮૬ સપ્તમાખ્યાન
૩૫૬ અષ્ટમાખ્યાન
૪૦૬ નવમાખ્યાન
સૂચિપત્ર


—શ્રી યમુનાજી—



—અર્પણ પત્રિકાષ્ટક—

=સારંગ=

ગોપીનાથ હેહા કૃષ્ણાનન ! આનંદમય છો અખંડ રૂપ;
સ્વાર્ત જનાશ્રય મંગલકારી, અનંતવલ્લભીસેવ્યસ્વરૂપ ૧
મીઠાં લોચન મધુરાં મનહર, આનંદમાત્રકરપાદ મુખ;
શ્રીવલ્લભના અપાર વલ્લભી, જોતાં આપને પામે સુખ ૨
વ્રજપતિ વિરહી કર્યા કંઈકને, સર્વત્યાગનો કરી ઉપદેશ;
જહર કર્યું જન્મોનુ નિર્મૂળ, કીધા નિજ જન કૃષ્ણાવેશ ૩
રસમય રાસસ્થાનો જે રસ, આપ કૃપાથી પામ્યા જેહ;
તન મન અંતર આનંદ પામી; ગયા આનંદીદ્વશેતેહ ૪
નન્દનો નંદન યશોમતિ યશદા, વૈશ્વાનરને વહાલો છેક;
લાડસઘેલો લલિત વિશેદ્ધત્ત, રહો વ્યાસની ત્યાં દૃઢટેક ૫
લખીટીકા આ નવાખ્યાનની, કરૂઅર્પણ હે અતિકૃપાલ;
જગરી આપનો વધુ શુ વિનવે, અંગીકૃત હે દીનદયાળ; ૬
મદનાતિમનોહરછો મમસર્વસ્વ,અક્ષરધામીરસિકરસાલ
હાથ ન આવો હરિહરઅજને,શરણુંનેમળી કરો છો વ્હાલ.૭
રાખી શરણે કૃપણ યશોના, અદય દાતાર અનુપમ નાથ;
જાણી પોતાનો વલ્લભીવ્યાસને, પકડી હાથ દૃઢરાખો સાથ૮



શ્રી ગુરૂનું ગુણ સ્વરૂપ

—:ગોરી:—

ભકિત માર્ગના ભાનુ ભગવન, શ્રીવ્રજરત્ન ગુરૂ વિદ્યાનાથ;
ભકત કમલ વિકસાવ્યાં ભૂતલ, પ્રકટી કીધા દૈવી સનાથ ૧
નયન નિર્મળુ નેહભર્યું નિત, વિદ્યા વારિધી પ્રેમ સ્વરૂપ;
પુષ્ટિસૃષ્ટિને રસના બોધક, પરમપુરૂષ પ્રેમાળ અનુપ. ૨
તદન તાપહારી રસિકોના, મહા અલૌકિક પરમાનંદ;
સર્વ સંતોષક નિજાનંદદા આત્મિકભાવી અંતરાનંદ. ૩
કેવળ કૃષ્ણ વિરહદા મૂર્તી, વાંટો સેવા રસનો સ્વાદ;
અનંતનું કલ્યાણ ઇચ્છતા સ્વતઃકરી અંતરથી યાદ ૪
અખંડ સેવ્ય સેવાની સ્ફુર્તી, રોમ રોમ પ્રત રહે સજાગ;
વ્યવહાર કુશળ સમાજ સ્નેહી, દાખવતા છો દશની દાઝ. ૫
સમદૃષ્ટિ અતિ ઉદાર ચિત્ત, ઉચ્ચ ભાવના હૃદય વિશાલ;
અગાધનાં દૂર કર્યા અમંગળ, યુગ પુરૂષ હે રસિકરસાલ! ૬
સર્વયુગ અભ્યારી પૂરણ, અધર્મના ઉચ્છેદક આપ;
શ્રીવ્રજરત્ન ગુરૂ ગુણવંતા, દર્શન દાને હર્યા સંતાપ. ૭
ગરીબ શ્રીમંત અધમ અપરાધી, સૌનું કરતા છો કલ્યાણ;
યુવ બાલક આવેડ આકર્ષક, સૌના પોષક અંતરજાણ ૮
સ્વત સદનમાં સમિપ આવે, વિધવિધ આરતભર્યા અનેક;
વરવી વાસના કરી વેગળી, જગવો છો શ્રીહરિની એક. ૯
વણલાલચનું વ્હાલ પરમોત્તમ, સેવક પર વરસો છો નીત;
વલ્લભી વ્યાસમાતરનોવાશી, જીત્યોઆપ પદ પામી પ્રીત ૧૦.

શ્રી મહાનુભાવી શ્રી ગોપાલદાસજી

પ્રાકકથન

લિ. શાસ્ત્રીજી ચીમનલાલ (સુરત) 'શુદ્ધાદ્વૈતવેદાન્ત રત્ન'
" વ્યાખ્યાનમાર્તણ્ડ "

આજથી ૨૫૦ વર્ષો ઉપર કાકાશ્રી વલ્લભજી સં. ૧૭૦૩માં પ્રકટ થયા તેમનાં વચનામૃત મારા વાંચવામાં આવ્યાં. વચનામૃત ઘણાં પ્રામાણિક છે. તેમાં ગોપાલદાસજી માટેનો ઉદ્‌ગાર ઉપર્યુક્ત હોવાથી અત્રે ટાંકું છું.

ગોપાલદાસજી વિદૂરનો અવતાર છે.

" કૃષ્ણાવતારમાં ગોપાલદાસજી વિદૂરતરીકે બિરાજ્યા. ઉદ્ધવજીને વ્રજભકતોએ લીલાનું પરિદર્શન કરાવ્યું. તેનું વિદૂરની સામે ઉદ્ધવજીએ વર્ણન કર્યું. પરંતુ વિદૂરજીને લીલાનો સાક્ષાત્ અનુભવ ન થયો. ત્યારે બીજા જગતમાં વિદૂરજીએ નરસિંહ મહેતાનો અવતાર લીધો. તેમણે મહાદેવજીને પ્રસન્ન કરી રાસનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં. પરંતુ નરસિંહને લીલામાં પ્રવેશ ન મળ્યો. લીલાદર્શનનો અધિકાર હતો પરંતુ લીલાપ્રવેશનો અધિકાર ન હતો. ત્યારે વિદૂરજીએ ત્રીજો અવતાર ગોપાલદાસજીનો લીધો. ગોપાલદાસજી ગુંગા હતા શ્રીગુસાંઈજીની પરમાનુકંપારૂપ ચર્વિત તામ્બૂલના નિઃસીમ પ્રભાવથી સર્વ પુષ્ટિ લીલાનું જ્ઞાન અને સાનુભાવના પ્રકટી. રાસના રસમાં નિમગ્ન બનેલા ગોપાલદાસે સર્વ લીલા અનુભવી, ગાઈ અને જગતની દૈવી સૃષ્ટિને અપૂર્વ લહાણી આપી. જે આજે ઘર ઘર ગવાય છે.

તામ્બૂલ ચર્વિતનું રહસ્ય

શ્રીગુસાંઈજીએ ગોપાલદાસને **ચર્વિત તામ્બૂલ** આપ્યું. શ્રીસુબોધિની વિગેરેના આશયથી રહસ્ય વિચારવા જેવું છે. (સ્કં–૧૦–૩૦–૧૩)

ગોપીએ પોતાનો ગણ્ડસ્થળનું ભગવાનના ગણ્ડ સ્થળમાં અનુસંધાન કર્યું. ભગવાને તે ગોપીને તામ્બૂલચર્વિત આપ્યું તે દ્વારા સ્વવિદ્યાનું દાન કર્યું. ભગવાનની ગેરહાજરીમાં આ ગોપી ઉપદેશ આપશે. વિપ્રયોગ દશામાં આ ગોપી ભગવદુપદેશ આપી જીવતદાન આપશે.

જેમ સર્વ વેદાન્ત વાક્યોનો નિચોડ બ્રહ્મવિદ્યા છે, તેવી રીતે રસાત્મક ભગવાને પોતાની અંદર રહેલ ભક્તના સ્નેહની કલાથી ભરેલું એ તામ્બૂલ ચર્વિત **છે. કૃપાનન્દનું દાન તામ્બૂલ ચર્વિતમાં રહેલું છે.**

આ રીતે શ્રીપ્રભુચરણે ગોપાલદાસને તામ્બૂલ ચર્વિતદ્વારા ભજનાનન્દનું અપૂર્વ દાન કર્યું. ચર્વિત તામ્બૂલ એટલે જ્ઞાનની પરિપકવાવસ્થાનું દાન. એમ આચાર્યશ્રીના વચનોમાં સમજાયું. **શ્રીભગવદ્વદનાવતાર શ્રીપ્રભુચરણના ચર્વિત તામ્બૂલમાં એ જ્ઞાન શક્તિ સાથેનો ઉચ્છલિત ઉત્કટકોટિક સ્નેહ-ભાવનો પ્રભાવ હતો.** તેનું દાન કરવા ગોપાલદાસજીને આ તામ્બૂલ દાન કર્યું છે. એમાં ગુરુના કૃપા બળ અને પ્રતાપ-બળનું બીજ છે. સેવકના જીવનનો પલ્ટો કરવાનું અલૌકિક સામર્થ્ય છે. જેમ સનકાદિ ઋષિઓના અધરામૃતથી શુદ્રબાલકને "નારદના પૂર્વ જન્મમાં" બ્રહ્મજ્ઞાન ધારણ કરવાની અપૂર્વ શક્તિ મળી હતી.

"ગુર્જર ભક્તોની અપૂર્વ રસમય સાહિત્યની લ્હાણી"

ગુર્જરગિરાના કાવ્યસાહિત્ય પ્રતિ દૃષ્ટિ કરતાં આપણને માલૂમ પડે છે કે સાહિત્યની સેવા કરવામાં મુખ્યત્વે કરીને ભક્તો છે. ગુર્જરગિરાના પ્રદેશને વિશાલ અને ઉનત બનાવવામાં ભક્ત કવિઓએ પોતાની મહાન્ ઈશ્વરદત્ત બુદ્ધિનો ઉપયોગ કર્યો છે. આ ભક્ત કવિઓએ પ્રથમ તો ભક્ત તરીકે જ ભજન કર્યું છે. સાધારણ સૃષ્ટિના સાધારણ વિષયો પર એમની કવનશક્તિનો ઉપયોગ તેઓએ કર્યો નથી, પણ તેઓએ તેનો ઉપયોગ સૃષ્ટિના મહામંડલના અધિપતિનાં સ્વરૂપ ગુણ અને ક્રિયા વર્ણવવામાં કર્યો હોય એમ આપણને પ્રત્યક્ષ થાય છે. આ ભક્તોને કવિ તરીકે પ્રસિદ્ધ થવાનું ઈષ્ટ ન હતું. પણ ભક્ત તરીકે ભગવદ્-હાસ્ય પ્રાપ્ત કરવું એ જ તેમને ઈષ્ટતર હતું. અને વસ્તુતઃ અદ્યાપિ પર્યન્ત આપણે તેમને ભક્ત તરીકે જ ઓળખતા આવ્યા છીએ. સંસ્કૃતભાષા જ્યારે નષ્ટપ્રાય થવા લાગી અને પ્રાકૃત આધુનિક ભાષાઓ જ્યારે ઉદ્ભવા લાગી ત્યારે પ્રત્યેક ભાષામાં પ્રથમ ભક્ત કવિનું જ કવન છે. કેવલ કવિનું નહિ. ગુર્જર સાહિત્યની રંગભૂમિ ઉપર પ્રથમ સૂત્રધાર નરસિંહ મહેતા છે. નરસિંહ મહેતા સૃષ્ટિના સાધારણ વિષયોનું વર્ણન નહિ કરતાં અખિલ વિશ્વમાં પરમ રમણીય પરમતત્વનું જ વર્ણન કરવામાં પોતાની સર્વ કવન શક્તિનો ઉપયોગ કરે છે. 'હું કવિ છું' એવું ભાન જ ગુર્જર ભક્તકવિઓને બહુ મોડુ થયુ છે. આવા ભક્તકવિઓએ ગુર્જર સાહિત્યને આદિથી તે અદ્યાવધિ શણગારીને અત્યન્ત દીપાવ્યું છે. આદિમાં નરસિંહ મહેતા શ્રીગોપાલદાસાદિ છે. મધ્યમાં પ્રેમાનન્દાદિ છે અને અન્તમાં દયારામભાઈ છે.

શ્રી ગોપાલદાસજીનો પરિચય

આ શ્રી ગોપાલદાસજી શ્રીગુસાંઈજીના સેવક ભાઈલા

કોઠારીની સાથે જ રાજનગર પાસે આવેલા અસારવા ગામમાં વસતા હતા. શ્રી ગોપાલદાસજી મૂક (મુંગા) હતા. એમની ધર્મ પત્નીનું નામ ગંગા હતું: આથી વિશેષ આ ભક્તકવિ વિષે વધારે ખબર નથી. એમની મૂકતા કેમ નિવારણ થઈ અને અલૌકિક રસમાધુર્યથી, અને ભક્તિભાવથી પ્રતિપદે પૂર્ણ એવું શ્રીવલ્લભાખ્યાન વા નવાખ્યાનનો પ્રાદુર્ભાવ કરવામાં તેઓ કેવી રીતે વિજયી થયા તેને વાસ્તે વૈષ્ણવોમાં કેટલીક ગાથાઓ પ્રચલિત છે. એવું કહેવાય છે કે એક વખત શ્રી ગુસાંઈજી રાજનગર પધાર્યા અને ત્યાં પોતાના સેવક ભાઈલા કોઠારીને ત્યાં બિરાજ્યા. તે સમયે શ્રી ગુસાંઈજીની કૃપાથી શ્રી ગોપાલદાસજીની મૂકતા નિવારણ થઈ. અને 'ગંગાનો વર સાગર હોવો જોઈએ' એવી એઓશ્રીની ઈચ્છા પ્રમાણે શ્રી ગોપાલદાસજી ગંગાયોગ્ય 'સાગર' થયા. આવી રીતે અલૌકિક ભગવતપ્રસાદ પ્રાપ્ત કરવાથી તેમના સૌભાગ્યમાં કાંઈ પણ ન્યુનતા રહી નહિ.

વલ્લભાખ્યાન વિષયની વિશિષ્ઠતા

તેજ સમયે **"વંદુ શ્રીવિઠ્ઠલવરસુંદર નવઘનશ્યામ તમાલ"** એ મંગલાચરણથી શ્રી નવાખ્યાનનો પ્રારંભ કર્યો. શિષ્ટાચાર પ્રમાણે પ્રથમ આખ્યાનના આરંભમાં ભક્તકવિ પોતાના પરમદૈવતરૂપ શ્રીગુસાંઈજીને નમન કરે છે. અને પછી શ્રી ગુસાંઈજીના સ્વરૂપનું દિગ્દર્શન કરાવીને પ્રથમ આખ્યાનના અંત સુધી બ્રહ્મવાદ અને પુષ્ટિનો અતિસુક્ષ્મ પણ અતિ પ્રકટ વિસ્તાર કરીને દૈવી અને આસુરી એમ દ્વિવિધ સૃષ્ટિનાં પ્રાકટયનું નિરૂપણ કરીને આ સર્વ પ્રભુની લીલા છે. એમ દૃઢતાથી સૂચવે છે. દ્વિતીય આખ્યાનમાં શ્રીગોપાલદાસજી શ્રીમદ્વલ્લભાચાર્યજીનાં અલૌકિક સ્વરૂપ અને અલૌકિક ચરિત્રનું નિરૂપણ કરીને અન્તમાં દર્શાવે

છે કે શ્રીકૃષ્ણ સ્વતઃ શ્રીગુસાંઈજીરૂપે શ્રીમદ્વલ્લભગૃહે પ્રકટ થયા છે. તૃતીય આખ્યાનમાં શ્રીગોપાલદાસજી શ્રીગુસાંઈજીના પ્રાકટયોત્સવનું નિરૂપણ કરે છે. ચતુર્થમાં શ્રીગુસાંઈજી જ પરમ તત્વ છે એમ ભક્તરાજ દૃઢતાથી દર્શાવીને, પંચમમાં શ્રીગુસાંઈજીની અલૌકિક કૃતિ અને જગત્ પર તેઓશ્રીએ કરેલા મહાન્ ઉપકારનું વર્ણન કરે છે. ષષ્ઠ આખ્યાનમાં ભગવલ્લીલાનો ગુણાનુવાદ કરીને શ્રીકૃષ્ણ અને શ્રીગુસાંઈજીની અનન્યતા દર્શાવે છે સપ્તમમાં શ્રીગુસાંઈજીની કૃતિ અને પ્રતાપનો વિશેષ વિસ્તાર કરે છે. અષ્ટમ આખ્યાન પણ એજ દિશામાં છે. નવમ આખ્યાનમાં શ્રીમહાપ્રભુજી શ્રીગોપીનાથજી શ્રીગુસાંઈજી અને તેઓશ્રીના સપ્ત બાલક તથા પરિકરનું કલ્પદ્રુમરૂપે વર્ણન કરી:

(પુત્ર પૌત્રાદિક સુખ શું કહું, જે તુ મુખમાં એક રે રસના
શ્રીવિઠ્ઠલકલ્પદ્રુમ ફૂલ્યો જેની શાખા પ્રસરી અનેક રે રસના

નિરવધિ આનંદમાં અવગાહન કરતાં કરતાં ભક્તિભાવથી ગ્રન્થનો ઉપસંહાર કરે છે.

આ પ્રમાણે (૪–૫–૬) કુકમાં શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનો અતિસૂક્ષ્મમાં પણ સ્પષ્ટતાથી નિષ્કર્ષ કાઢી નીચલી તુકોમાં શ્રીગોપાલદાસજી નિર્ગુણ શુદ્ધપુષ્ટિભક્ત પ્રાપ્ય પુરૂષોત્તમની આંતર સ્વરૂપથી ઉત્કૃષ્ટતા અને અદ્વૈત હોવા છતાં પણ અધિકતા દર્શાવે છે.

"તે થકી પુરૂષોત્તમ અલગા લીલા અચલ વિહાર,
બ્રહ્મજ્ઞાની ને મુક્તિમાર્ગીય સ્વપ્ને નહિ વ્યવહાર."

આવી રીતે પુરૂષોત્તમના સ્વરૂપનું પ્રતિપાદન કરીને તેમના "ધામનું વર્ણન કરે છે..."

જ્યાં વૃન્દાવન આદિ અચલ શશી શરદ રેણુ બહુવેષ,
વનદેવી પદ કુંકુમ મુખસુખ, સ્પર્શે રંગ વિશેષ.
"જ્યાં સરિતા ચામીકર મણિગણ ઉભયબદ્ધ સોપાન,"
"કમલ કુમુદ નાના અલિ સુંદર મધુર કરે ત્યાં ગાન."

આ તુકામાં શ્રી ગોપાલદાસજીએ પુરૂષોત્તમના પરમ ધામ શ્રીમદ્ ગોકુલનું વર્ણન કર્યું છે. પ્રથમ તો શ્રીમદ્ વૃન્દાવનની અલૌકિકતા અને આધિદૈવિકતા દર્શાવી છે. શરદઋતુના નિત્ય ચંદ્રમાની આધિદૈવિકતા દર્શાવી છે, અને વનદેવીઓના સૌભાગ્યનું વર્ણન કર્યું છે. પછી જ્યાં નિરંતર ભ્રમર ગુંજાર કરી રહ્યા છે. એવાં મણિજડિત ઉભયતટવાલાં શ્રીયમુનાજીનું અલૌકિક વર્ણન કર્યું છે. ત્યારપછી મરકતમણિથી જડિત રત્ન ધાતુમય શ્રીમાન્ ગોવર્ધનપર્વતનું વર્ણન આવે છે. આ પ્રમાણે શ્રીવૃન્દાવન ધામની નિત્ય શોભાનું વર્ણન કરી, બ્રહ્મ, રૂદ્ર, અને શ્રીહરિને પણ તે સ્થલ અગમ્ય છે. એમ સ્પષ્ટતાથી સૂચવ્યું છે. શ્રીવૃંદાવન ધામનું વર્ણન કર્યા પછી શ્રીપુરૂષોત્તમનું વર્ણન કરે છે.

"શ્યામા શતદલનયન સુંદરી, યૂથ તણો નહિ પાર,"
"અનેક રાસમંડલ રચના રચી ખેલે શ્રીનંદકુમાર."
"એણી પેરે નિત્ય નવલી લીલા ઘોષવાદ ઝંકાર."
"અંગ સ્વેદ મકરંદે મોહ્યા મધુપ કરે ગુંજાર."

આજ સ્થલ શ્રીરાસમંડલની રચનાનું છે. અને અહિ, શ્રીમદ્ગોકુલચંદ્ર નિત્ય નવલ લીલા નિત્ય ભગવદીયોની સાથે કરીને તેમને નિત્ય અલૌકિક રસનો આસ્વાદ કરાવે છે. અને એ પ્રમાણે કવિ **સોરનુતે સર્વાન્ કામાન્ સહ બ્રહ્મણા**

વિપશ્ચિતા એ પુષ્ટિમાર્ગીય પરમફલ નિરૂપણ કરતી શ્રુતિનું આપણને અનુસંધાન કરાવે છે. બ્રહ્મવાદ અને પુષ્ટિમાર્ગના પરમફલના નિરૂપણ કર્યા પછી શ્રીગોપાલદાસજી સૃષ્ટિપ્રકાર અને તદનુસાર સાધન વગેરે વર્ણવે છે.

આવી રીતે શ્રીગોપાલદાસજીએ પુષ્ટિમાર્ગનું પ્રમાણ પ્રમેય, સાધન, ફલ એમ સર્વ તો મુખ્ય વર્ણન આ નવ આખ્યાનમાં આપ્યું છે. પુષ્ટિમાર્ગના માર્મિક સિદ્ધાન્તો લોકભોગ્ય ભાષામાં સમજવાનું સાધન આ નવાખ્યાન છે.

(આ નવાખ્યાન ઉપરની લોકપ્રિયતા અને સાહિત્યસૃષ્ટિ)

આ નવાખ્યાન ઉપર રાજનગરસ્થ શ્રી ગો. શ્રીવ્રજરાયજી-મહારાજે સંસ્કૃતમાં ટીકા કરી છે. અને મુંબઈના ગો. શ્રીજીવનજી મહારાજે વ્રજભાષામાં ટીકા કરી છે. શ્રીદીક્ષિતજીએ "સગુણ સ્નેહી શામળા વ્હાલા અહર્નિશ દર્શન આપોજી" ઉપર સંસ્કૃત ટીકા કરી છે. આ ઉપરાંત અનેક ગુજરાતીમાં ટીકા ટિપણ થયાં છે.

"વિવેચકની વિશિષ્ટતા"

આજ તેની ઉત્તમતા છે. આજથી ચાલીશેક વર્ષ ઉપર ગુજરાતીમાં ટીકા લખી પ્રકાશિત કરી હતી. તે લોકપ્રિય નીવડી હતી બાદ નડીઆદ વાસી પ. ભ. રમણલાલભાઈની પ્રેરણાથી દ્વિતીયાવૃત્તિનું મુદ્રણ આરંભાયું. તેમાં ભાઇલાલવ્યાસે અનેક વર્ષોનો પોતાનો પ્રૌઢ અનુભવ આ દ્વિતીયાવૃત્તિમાં ભર્યો છે. જે આખ્યાનમાં જ્યાં જ્યાં જેવી રીતે જરૂર પડી ત્યાં વ્યાસે પોતાની કવનશક્તિનો ઉપયોગ કરી ભાવવાહી પદો મૂક્યાં છે અને સાથે અષ્ટસખા અને દયારામનાં પદોથી ટીકાનું ગૌરવ વધાર્યું છે. તેથી આ આવૃત્તિ લોકભોગ્ય અને લોકપ્રિય થઇ પડશે. વ્યાસે કેટલાક

ગુરુપરંપરા જેવા વિષયમાં અન્ય પરંપરા ન સ્વીકારતાં આપણી શ્રીગોપીજન પરંપરા અર્થાત સિદ્ધાન્ત રહસ્યની **શ્રાવણશ્યામલે પક્ષ** માં કહેલી ગુરુપરંપરા સ્વીકારી છે કે જેનું ગો. શ્રીનૃસિંહ લાલજી મહારાજ છગન શાસ્ત્રીજી અને મગનલાલ શાસ્ત્રીજી વિગેરેએ નિરાકરણ શાસ્ત્રાર્થ સાથે કર્યું છે વ્યાસની આ ક્સાયલી ક્લમથી લખાયેલ ટીકામા ભારોભાર સિદ્ધાન્તની સૂક્ષ્મ છણાવટ કરી છે. તેમની ક્લમમાં ભાવાત્મક ઉર્મિઓ પ્રસરે છે, તેમ બહુશ્રુત અને નિત્ય વાચનથી વિદ્વતાના સંસ્કારોનો અનુભવ ટીકામાં થાય છે. આ કૃપાસાધ્ય માર્ગ છે. વ્યાસ શ્રી સર્વોત્તમ સ્તોત્રના શ્રી યમુનાષ્ટકના અખંડ પાઠો કરે છે. ભગવત્ સેવા તેમની જીવનચર્યા છે. બાકીના સમયમાં માર્ગીય લેખન ક્વન એ દિન ચર્યા છે.

આ પ્રકાશનો ઉપક્રમ કરનાર નડીયાદના પ. ભ. રમણલાલ ભોગીલાલ (સુરદાસ) ને હાર્દિક અભિનંદન આપું છું. તેઓ મર્મજ્ઞ છે. સુબોધિનીના રહસ્યોને ઝીલવાની યોગ્યતા પ્રભુએ બક્ષી છે. તેમાં અનન્યતા છે. દૃઢાશ્રય છે.

આનંદની વાત છે કે, આ ટીકા નડિઆદ પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય તરફથી પ્રકાશિત થાય છે. પુ. મા. પુસ્તકાલયે સમ્પ્રદાયની અનેકવિધ સેવા કરી છે.

—૦—

–સારંગ–

લલિત છેલ લાવણ્યતિહારૂ, અતિ સુરમ્ય સ્વરૂપ;
મુકુટ મનોહર નેંનકી યાદે પરિ પ્રેમ કે કૂપ. ૧
કોન નિકાસે ઘહેરા જલતેં, સત કહુ સામલ રૂપ;
વ્યાસસ્વામિની હૃદયે રાખો, અખિલ ભૂવન કે ભૂપ. ૨

★

પ્રકાશકનું નિવેદન

(લી૦ પં. કૃષ્ણશંકર દલસુખરામ શાસ્ત્રીજીના સપ્રેમ ભગવત્સ્મરણ)

નવાખ્યાનનું નવનીત, નિત્ય સ્વાધ્યાયે સ્વરૂપ નિષ્ઠા અને રસેશ્વરણ નિષ્ઠા સાથે શ્રીમહાકારૂણિક સ્વરૂપાનુભવે શ્રીઠાકોરજીના સાનુભાવને સમર્પે.

ભગવદીયોનું એ જિવનધન અને મનઃ સંજિવન છે. વિના વનવાસે સાત્વિકતા સહજ રીતે આપવામાં અત્યુપકારક છે.

અક્ષર જ્ઞાન વિનાના તેમજ સાક્ષરવર્ય વર્ગને સ્વાભાવિક રીતે ઉપકારક બનતા નવાખ્યાન વાડમયે અનોખું સ્થાન સંપાદન કર્યું છે.

એ સાહિત્યે, પુષ્ટિસાહિત્ય–ભક્તિસાહિત્યને કીમતિ ઉપહાર આપ્યો છે. સરલતાથી અપાતા 'જીવનોપકારક' સિધ્ધાન્ત બોધપાઠને મુખપાઠે કરી કૃતાર્થ થવાની અને પરહિતાર્થ જીવી જાણવાની ચાવી એમાં બતાવી. જેના અવલંબને કોઈ પણ શ્રદ્ધાધન ને બુદ્ધિધનને પુષ્ટિતત્વને પચાવી શકે છે. એ લોકોત્તર રચના પ્રકટ કરતાં નૈસર્ગિક આનંદ થાય છે.

શ્રીનવાખ્યાનને એકવાર સાર્થ આમૂલ પ્રકટ કરનાર પ૦ભ ભાઈલાલ વ્યાસજીના સ્તુત્ય પ્રયાસે પુનઃ પ્રકટ પામતું નવાખ્યાન અનાયાસે ભગવદીય વૃન્દની પાસે અર્પતા વ્યાસનો કેટલો આભાર માનવો!

જીવસ્ય તત્વ જીજ્ઞાસા, સર્વપ્રાણ્યુપ જીવનમ,

એજ જિવન નિષ્ઠાને પ્રધાન કરી ચૂકેલ શ્રીભાઈલાલભાઈને વર્ણવતાં કેવલ સંક્ષેપ અનુભવી માત્ર આભાર ઔપચારિક રીતેજ વ્યક્ત કર્યો છે.

પૂજ્યપાદ શ્રી૧૦૮ મથુરેશ્વર બાવાજી–સુરતવાળાએ અનુગ્રહ કરી બે શબ્દો વૈષ્ણવસૃષ્ટિ હિતાર્થ લખી, નવખ્યાનને સન્માની સર્વને હિત દર્શન ચીંધ્યું છે. એમના ચરણની રજ લિપ્સાએ, સહસા પ્રણમે શિર જાય જ.

વિ. માં ભગવદીયોએ પોતાના આધિદૈવિક અર્થના સેવાર્થે વિનિયોગ કરી નવાખ્યાનને સર્વના કર કમલમાં જવાનો યોગ સાધ્યો છે તેને વિપુલ શબ્દે ગાવાથી શું વળે! વિનિયોગ એજ જીવનનું ધન ગણતા ધન્યકૃતિ મહાનુભાવોની ઉપકૃતિ માટે નહિ પરંતુ એ કૃતિએ સર્વને જવાની વૃતિ જાગે તે કારણે તેઓનાં નામ નિર્દેશ કરવાની ધૃષ્ટતા કરી છે.

ઉપરાંત અનેક કારણોથી ગ્રન્થમાં રહી ગયેલી અશુદ્ધિઓનું માર્જન તો માત્ર આપ પાઠક વર્ગની આન્તર ઉદાર શુદ્ધિ ઉપર જ નિર્ભર રાખ્યું છે.

ગ્રન્થમાં શુદ્ધિપત્ર યોજ્યું છે. તે જોઈ વાચકવૃન્દ સુધારી વાંચે, એ વિજ્ઞપ્તિ.

પ. ભ. શ્રીરમણલાલભાઇએ, આ ગ્રન્થને પ્રકટ કરવામાં નિજ વૈષ્ણવતા માની છે, તે નહિ ભૂલાય.

શ્રીપુષ્ટિમાર્ગ પુસ્તકાલય આ રીતે અન્ય ગ્રન્થો વધુ પ્રકટ કરવામાં જ સ્વકીય સંતોષ માનશે.

—૦—

રૂપીઆ નોછાવર આપનારનાં નામ

૪૦૦ ગં. સ્વ. બાઈ જસોદા શાહ ચીમનલાલ મોહનલાલની વિધવા, સાંદુસીપોળ નડીઆદ.

૪૦૦ ગં સ્વ. બાઇ મણી વહોરા. માણેકલાલ છગનલાલની વિધવા. સાંથપીપળી, નડીઆદ

૪૦૦ શાહ–મોતીલાલ મગનલાલ બીજા ભાઇજીભાઇ પાડાપોળ.

૧૦૧ દાણી કેશવલાલ

૫૧ શાહ ગોરધનદાસ ચુનીલાલ વાસણના વેપારી.

૫૧ શાહ ગોરધનદાસ વ્રજલાલ દાળની બળીવાળા–નડીઆદ.

૭૫ રમણલાલ ભોગીલાલ.

૫૦ રણજીતભાઈ નારાયણદાસ

કુ. ૧૫૨૮

—૦—

શ્રી બાલકૃષ્ણો વિજય તે

ગો. શ્રી૧૦૮ શ્રી મથુરેશ્વરબાવાજીનો અભિપ્રાય પત્ર સુરત.

શ્રી પ્રભુચરણ શ્રી ગુસાંઇજીએ પરમાનુકમ્પાપાત્ર ભગવદીય શ્રીગોપાલદાસજીને પ્રથમ વયમાં અધરસુધા ભરિત તામ્બૂલ આપી તેમની મુકતા અને મૂઢતા દૂર કર્યાં. અલૌકિક વાગ્યોગ અને બુદ્ધિયોગના દાનના પ્રભાવે પ્રસરેલા દિવ્ય વાગ્પ્રવાહને આપણે **શ્રીવલ્લભાખ્યાનના** નામથી ઓળખીએ છીએ. શ્રીવલ્લભાખ્યાનમાં વલ્લભ ચરિત્ર અને ભગવલ્લીલા છે. સિધ્ધાન્ત છે. ઇતિહાસ પણ છે. તેથી તેની મૌલિકતા અને લોકપ્રિયતા છે. જે ઘરમાં શ્રી વલ્લભાખ્યાન ગવાય એ ઘરમાં વૈષ્ણવતાનું ઓજસ પાથરેલું હોય જ એમ આપણે હેતુહેતુમદભાવથી અનુમાન કરી શકીએ છીએ. એ જ એનું ગૌરવ છે, આજે ઘર ઘર ગવાય છે.

ગોપાલદાસની કૃતિ ગુજરાતી છે. પરંતુ તેની ટીકા સંસ્કૃતમાં રાજનગરસ્થ ગો. શ્રી વ્રજરાયજી મહારાજે રચી. તેનું વ્રજભાષામાં

વિવેચન મુંબઈના ગો. શ્રી, જીવનજી મહારાજે કર્યું. મુંબઇના **વિદ્યારત્ન** ગો, પૂ. પા. શ્રી દિક્ષિતજી મહારાજે સગુણસ્નેહી શામળા, છઠ્ઠા આખ્યાન ઉપર સંસ્કૃતમાં ટીકા લખી છે. ગુજરાતીમાં અનેક વિવેચનો થયાં છે,

પ. ભ. ભાઇલાલભાઇએ પોતાના જીવનમાં સેવા અને સાહિત્ય ઉભયનો સમન્વય સાધ્યો છે. તેમના અનેક લેખો અને કવનો માસિકોમાં આવેલા છે. અને ત્રણ ચાર ગ્રન્થ પણ પ્રકટ કર્યા છે. તેમને સામ્પ્રદાયિક ઘણા ગ્રન્થો મુખપાઠ છે. ઉષઃકાલે ત્રણ વાગે જાગી પતિ–પત્ની રોજ વલ્લભાખ્યાન યમુનાષ્ટક અને સર્વોત્તમ સ્તોત્રના અનેક પાઠો કરે એવા ભાવુક ભગવદીયની લેખિનીમાં ભગવદ ભાવના ભરેલી હોય એ સ્વાભાવિક છે.

આ શ્રી વલ્લભાખ્યાનની પ્રથમ ટીકા તેમણે બોરસદ ગામ નિવાસ દરમ્યાન રચેલી. તે ઘણી લોકપ્રિય નિવડી હતી. તેનું આ પુનઃ સંસ્કરણ શોધિત વર્ધિત વિવેચન સાથે પ્રકટ થાય છે. પ્રથમ સંસ્કરણ કરતાં આ દ્વિતીય સંસ્કરણમાં ઘણું જ વૈશિષ્ટ્ય છે.

આ બીજું સંસ્કરણ ભાઈલાલ મુખ્યાજીએ મેળવેલી વાંચનની પરિપક્વતા અને પ્રૌઢતાથી લખાયું છે. તેમાં તેમણે અત્યંત ઉપયુક્ત સામગ્રી પીરસી છે. અષ્ટસખાના પદો અને પોતાના પદોથી તેમ જ અનેક સામ્પ્રદાયિક સિદ્ધાન્તોને વિવરણમાં વણી લીધા છે. ભાષાનું સારલ્ય અને સૌષ્ઠવ જળવાયું છે તેથી લોકભોગ્ય અને આબાલ, વૃદ્ધોપયોગી થશે. ભગવદ્ વાર્તાઓમાં આવાં વિવરણ વંચાય તો અવશ્ય શ્રોતાને કંઈ ને કંઈ સ્વારસ્ય જાણવાનું મળશે જ. ગમે તેવાં ગુજરાતીનાં અન્ય વિવરણ વાંચવામાં શ્રોતાને કંઇ ઉપલબ્ધ થતું નથી.

આ રીતે લેખક–પ્રકાશક ઉભયનો શ્રમ સફળ થયો છે. એથી ઉભય ધન્યવાદપાત્ર છે. ઇતિશમ ;

: શ્રી વલ્લભ :

શ્રી મથુરેશજી બાવાની સદા જય હો

(પાનિડાં કેમ ભરીએ એ રાગ)

—૯—

શ્રી વ્રજરત્ન કુમારના લાલ, મધુરા મનહર છો.
મહા કરૂણાવંત દયાલ, વ્યાસના ચિત્તાહર છો. ટેક.

થકયા છો નેનમાં, વસ્યા છો વેણમાં, જીભેછો જગદાધાર
રૈનદિન રહો હૃદયગુહામાં, બ્રહ્મવાદી ભય હાર. ૧–મધુરા

શરણ તણા સંતાપના શોષક, ભવ ભય ભંજક નાથ,
જીવ અંગીકૃત સ્વતઃ કર્યાનો, કરો છો સરખો સાથ.–૨

બાલ બ્રહ્મચારી ભક્તાર્તીહર, કૃષ્ણાનન કૃપાભંડાર,
વાદી વિવાદી વિતંડી નિરાસ્યા, પુષ્ટિપથ પોષક હાર.–૩

સૂત્ર, વેદ, કી ભાગવત, ગીતા, સ્વારસ્ય છાકયાં રોમ.
રસિક રાસ મધ્યસ્થાનો રસ, રેલો છો ઝીલતી ભોમ.–૪

તલસે છે તનડુ, ધિકે છે દીલડુ, સંયોગ વિયોગી આગ,
નામ રૂપ વિલશે વ્યાસની વાણી સદા વળગી લે સોહાગ.–૫

લી૦ **મુખ્યાજી ભાઇલાલ છગનલાલ વ્યાસ**
માતર નિવાસીના સાષ્ટાંગ દંડવત પ્રણામ

॥ શ્રીવલ્લભઃ ॥

—શ્રીવલ્લભાખ્યાન—
-વિવેચકનું નિવેદન-
—ટીકાની આવશ્યકતા—

શ્રીવલ્લભાખ્યાન્ વૈષ્ણવોને ઘેર ઘેર નિત્ય ગવાય છે પાઠ પણ નિયમથી ઘણા કરનાર છે. પરંતુ તેના જાણુ જીગરીને ગાતાં ઘણી મઝા પડે છે શ્રીવિઠ્ઠલેશપ્રભુની વાણીનો રસ રસદાર મનોહર છે. અર્થ જાણ્યા વગર પણ મૂળ વાક્‌માધુરી તે પણ આનંદ આપે છે. તો પછી શબ્દે શબ્દના અર્થ સમજી પાન કરનારને કેટલો આનંદ વર્તાતો હશે ?

આ આખ્યાનો કેટલાક સાંભળવામાં, કેટલાક મનન કરી અહોરાત્ર આનંદ નિમગ્ન રહેવામાં તો કેટલાક શ્રીગુરૂકૃપાથી વ્રજાનંદકંદની સર્વ સંપદાના સ્વરૂપોને હૃદયમાં ધારણ કરી, દર્શી, વિલસી, ધ્યાન કરી, સુખી થાય છે.


વાણીના અધિપતિ શ્રીવિઠ્ઠલેશપ્રભુ ચરણનો જે પર અનુગ્રહ થાય છે. તેને અર્થ ગામ્ભિર્યના ઉકેલ સહજ સિદ્ધ બને છે.

આ ફલ ભોગ કોણ કરે છે ?

મહાનુભાવ ગોપાલદાસજી જેવા કે જેમના હૃદયમાં શ્રીવિઠ્ઠલેશે પોતાનું અધરામૃત ઉતારી પ્રવેશ કર્યો છે એવા મહદોના કૃપા પ્રસાદના આર્તને ફલ સમિપ આવે છે.

આખ્યાનોમાં એક જ પ્રકારની વાત નથી પરંતુ આખા વિશ્વ વિસ્તારની, વિશ્વધર્મની, વિશ્વોદ્ધારની, અને આ વિશ્વમાં

શ્રીવલ્લભાખ્યાનના "અનુવાદક"



મુખ્યાજી ભાઇલાલ છગનલાલ વ્યાસ માતરવાળા

પોતે પધારી, જે જે દિવ્ય ચારિત્ર કર્યાં તેની તથા સેવ્ય સ્વરૂપાનંદની તેમજ તેઓશ્રીના આનંદ વૈભવની રસમય રસીલી રસદ વાતો છે તેવી જ નિત્યલીલા સ્થાનની અલૌકિક આર્તવચની વાતો છે. તે શ્રી હરિ ગુરૂ અને અંતરંગોની કૃપાથી જાણી શકાય છે. કેવળ પ્રભુ કૃપાથી જ વાતોના રસને અમલમાં મૂકી શકાય છે.

જેમણે શ્રીવલ્લભાખ્યાનમાં રહેલા અલૌકિક સિદ્ધાન્તો ધારણ કર્યા છે. તેઓ જ કેવળ કૃષ્ણાશ્રયિ બન્યા છે.

પ્રેમ દૈન્ય અને વિશ્વાસ વગરના જીવો, અનંત આધુનિક સાધનોથી અલૌકિક આનંદ મેળવવા યત્ન કરે છે પરંતુ તે સર્વ સાધનો તદ્દન નમાલાં ફિક્કાં છે.

શ્રી વલ્લભાખ્યાનમાં શું છે ?

શ્રી વલ્લભાખ્યાન, શ્રી વલ્લભાચાર્યજીના શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તાનુસાર પ્રતિપાદન કરેલું છે. તેને સકલ વેદશાસ્ત્ર સંમત છે. આખ્યાનોમાં નવધાભક્તિ, પ્રેમલક્ષણા, આસક્તિ, વ્યસન, અશાંશા ભેદ, પુજામાર્ગ અને પુષ્ટિમાર્ગનો ભેદ, ભગવદ્જ્ઞાન, બાહ્ય જ્ઞાન, વૈષ્ણવતા, દુસંગ વિજ્ઞાનાદિ અનેક સિદ્ધાન્તિ ગ્રંથોના ભાવાર્થ, પ્રકટ કરી સચોટ સમજાવ્યા છે.

વલ્લભાખ્યાન મધપુડામાં રહેલા મધ જેવું છે. જેમ મધમાખીઓ અનેક વૃક્ષના પત્ર પુષ્પ પર બેસી શાન્તીથી રસ લઈ મધપુડો બનાવી તેમાં મધુરસ સંપાદન કરી તેને અનેક માખીઓ મળી પાન કરતી કલ્લોલ કરે છે. તેમ ભાવુકો પણ અનંત ભેગા મળી વ્હાલાના વલ્લભાખ્યાનનો રસ વ્હાલથી લઈ અખંડ કલ્લોલ કરે છે. સૌ કોઈ આનંદ માટે વલખાં મારે છે. કોઈ

કલેશ માટે તો નહિ જ. તે આનંદ તો પરમાનંદ પાસે છે એ આનંદ સર્વ નવાખ્યાનમાં ભરેલો છે.

શ્રી વલ્લભાખ્યાનમાં રહેલો આનંદરસ તેનું પાન કરનાર પ્રપંચ વિસ્મૃતિપૂર્વક શ્રીપ્રભુનારૂપ માધુર્યમાં નિરોધ પામેલા છે અને દૈવીઓ સહજમાં સિદ્ધ કરી શકે છે.

શ્રીગુરૂનું પરબ્રહ્મત્વ, દર્શાવનારૂ અને વૈષ્ણવનું શુદ્ધ સ્વરૂપ પ્રકટ કરનારાં તથા રસિકરૂપ દર્શાવનારાં આ નવાખ્યાન છે.

વેદ વેદાંગ શાસ્ત્રસાર નહિ સમજી શકનાર માટે પણ આ નિષ્કંટક માર્ગ દર્શક આખ્યાનો છે. તે ગાતાં જ અંતરમાં આનંદની ઉર્મીઓ કોઈ અવનવી અલૌકિક ઉદય થાય છે જેમ વૃક્ષના મૂળમાં જળનું સિંચન થતા માત્રમાં આખુ વૃક્ષ ડાળ પાંખડાં પત્ર પુષ્પ સંયૂત પ્રફુલ્લ થાય છે તેવો જ શ્રીવલ્લભાખ્યાનરૂપ કલ્પવૃક્ષનો અનુપમ રસ છે.

જેના હૃદયમાં અલૌકિક અમુલો રસ ઉતર્યો તેનાં રોમેરોમ આનંદમગ્ન થઈ દશાનો સ્વતઃ હૃદય પલટો થઈ જાય છે.

જેણે નથી પીધો તેણે પીને અનુભવવા યોગ્ય છે. પીધા પીધામાં ફેર છે. પ્રેમ દૈન્ય અને વિશ્વાસ તેમાં મુખ્ય છે. છતાં અવિશ્વાસુ આસુરને પણ પીધાની અસર જ્યારે ત્યારે થવાની જ એવો રસનો પ્રતાપ છે.

ભક્ત કવિ ગોપાલદાસના મુખ દ્વારા શ્રીવિઠ્ઠલેશે આ રસ નિજજનોના હિતાર્થ રેલ્યો છે, તેના શબ્દેશબ્દમાં સીધી શિખામણો છે.

સ્વધર્મ વિનાનું અને હરિમાં વિશ્વાસ વગરનું જીવતર વૃથા છે. અસમર્પિત, અન્યાશ્રય, અસદ આલાપને દુઃસંગ, તેને જીતવો દુષ્ટ વિષયોથી કેમ કેમ નિવૃત્ત થવું, આધિદૈવિક જીવન કેમ જીવવું ? ભકિતના

શિખરે કેમ ચઢવું, પ્રેમની ધ્વજા કેમ ફરકાવવી; રોમેરોમ રસાર્દ્ર કેમ કેમ કરવાં. દૈન્ય પ્રેમ ભરી કથાઓ કયાંથી ભેગી કરવી, વિવિધ પ્રકારની અલૌકિક રસમય ભાવનાઓથી હૃદય કેમ ભરવું, રસોવૈસઃ પ્રભુના પુષ્ટિમાર્ગમાં પળાવનારી ચેતવણી ચિત્તમાં કેમ કેમ સ્થીર કરવી, ભગવાન અને ગુરૂઓનું દાસત્વ કેમ સિદ્ધ કરવું, શ્રી કૃષ્ણ અને શ્રી રાધિકાજીના યુગલ રસે રસત્તર કેમ કરી બન્યા રહેવું, બસોબાવન, ચોરાશી, અષ્ટસખા તથા દામોદર દાસાદિનો અનુરાગ અંતરમાં કેવી રીતે ઉતારવો, તેમનો સેવા રસાસ્વાદ આપણે કેવી રીતે મેળવી શકીએ, એ સર્વ પ્રશ્ન નવાખ્યાનમાં નવનવી રીતે નિરૂપેલો છે. તે મગજને એકાગ્રતા આપી ચિત્તનું ચાંચલ્ય તજીને જોશે તેને સર્વ જડશે.

આ વલ્લભાખ્યાન સર્વ શાસ્ત્રના સાર રૂપ છે તેનું વિવેચન કરવાનું વિવેચકનું ગજુ નથી, છતાં જે વિવેચી ગયો છું તે વલ્લભીઓની કૃપાનું ફલ છે.—વાંચકને જ્યાં ઠીક ના લાગે ત્યાં પોતાના ભાવથી પ્રસંગને હૃદયમાં વણી વાંચકે વાંચવું. જેવું શ્રીમદ્ ભાગવત કલ્પદ્રુમ પરમફલ છે તેવું જ નવાખ્યાનરૂપ કલ્પદ્રુમ છે.

આ નવાખ્યાનના વકતા શ્રીવિઠ્ઠલેશપ્રભુ ચરણ જેના ઉપર અમિદૃષ્ટિથી જુવે તેને જ તેમનું સંપૂર્ણ જ્ઞાન થાય છે, શ્રીવલ્લભાચાર્યજીનો પરિવાર શ્રી વલ્લભ રસાત્મક રૂપમાંથી જ પ્રકટ થયેલો છે. તે સર્વ પરિકર સ્વરૂપો કુંજ, નિકુંજ, મહાકુંજ, ઉપકુંજોના ભાવોથી ભરેલો છે. તેઓશ્રીયો અધિકાર પરત્વે સ્વતઃ સેવકોને સુખદાન કરે છે. કૃપા માર્ગમાં કૃપા માગી મળતી નથી.

આધિદૈવિક, અધ્યાત્મિક, આધિભૌતિક પ્રકારે ભગવદ્લીલા સ્વરૂપો તેમનાં બિરાજવાનાં સ્થાન અને તે તે સ્વરૂપોના ભકતોની જુજવા પ્રકારની ભકિત તે સૌ અત્ર નિરૂપેલી છે. પુષ્ટિમાર્ગમાં

પ્રમેય પ્રમાણ અને સાધન શ્રીકૃષ્ણ છે કોઈ પ્રકારનાં સાધનો એ કરી પ્રાપ્ત કરો એટલે પ્રમાણ ચતુષ્ટયાદિ વેદ ગીતા ભાગવત વ્યાસ સૂત્રાદિ પ્રમાણોના કર્તવ્યથી પ્રાપ્ત કરો તે પ્રમાણરૂપ શ્રીકૃષ્ણ છે. અને સુખોક્તિન્યાદિ ભાવ રસાત્મક ભાવનાઓથી ભરાઈ જઈ નિરોધાત્મક સર્વાત્મક ભાવ પામી ભાવરસાત્મક ગોપીજન વલ્લભને પ્રાપ્ત કરો તે પ્રમેયાત્મક શ્રીકૃષ્ણ છે.

આ વલ્લભાખ્યાનમાં વર્ણવેલી અલૌકિક સિદ્ધિઓ સાક્ષાત્ શ્રીગોવર્ધનોદ્ધરણ શ્રીકૃષ્ણવદનારવિન્દરૂપ શ્રીવલ્લભની કૃપામાં રહેલીછે.

એ નિત્યલીલારૂપ શ્રીકૃષ્ણ કેલી કલાનંદ ઇચ્છા કરવાથી પ્રાપ્ત થતો નથી, કે શાસ્ત્રોનાં સૂત્રો કંઠ કરી જગત્માં વિવિધ વિશાલ માનવ મેદનીમાં ભાષણો કરી જગત્માં જશ મેળવવાથી પ્રાપ્ત થતો નથી પરંતુ દેહાભિમાન, વિદ્યાભિમાન, ત્યાગાભિમાન, આચારાભિમાન, અને સર્વ પ્રકારના અસદ્અધિકારાભિમાનથી નિવૃત્ત થવું. પ્રેમ અને દૈન્યભાવે પ્રાણનાથની પ્રેમરસીલી ભક્તિ અને **સેવા** ભાવ વિભાવપૂર્વક શ્રી કૃષ્ણાનંદ કહો કે સૈવ્યનો સ્વરૂપાનંદ પ્રભુ શીખવે છે, ત્યારેજ સેવકને પ્રાપ્ત થાય છે. શ્રી મહાપ્રભુજી કહે છે કે:—

સેવકાનાં યથાલોકે વ્યવહાર પ્રસિધ્ધયતિ”

સ્વામી પ્રિય સેવક પોતાના દેહ સુખનો વિચાર કરતો નથી. (ગજનઘાવનને શ્રી નવનિત પ્રિયાજી ઘોડો કરતા લગામ પકડી તેની પીઠ પર બીરાજતા અને એ ઘોડાને હાંકતા તેનાં ઢીંચણ ઘુંટણીયાં ઘસાઈ જતાં રકત વહેતું છતાં સેવક સ્વામિની પ્રસન્નતાથી પાછો પડતો નહી. આસકરણને ચોર લોકે કીમતી શૃંગાર લુંટી જવા તિર માર્યું, શરીરની આરપાર નિકળી ગયું, છતાં શૃંગાર કરી રહ્યા છે કેવું એક તાન ચિત્ત?

લાગી લાગી સબ કહે લાગી નહિ લગાર,
સાંચી તે કબજાનીયે, જબ નિકસે કલેજા પાર. ૧

કેટલો બધો દેહાધ્યાસ ઇન્દ્રિયાધ્યાસની મુક્તિ પૂર્વક અન્તઃકરણની અન્તરાત્મામાં એકરસ નિમગ્નતા, છે? તેમ સૌ કોઈ કહે છે તેમને માનસી સિદ્ધ હતી, કમલનયન શ્રીકૃષ્ણના કૃપાગ્રસાદથી એવા ભાવુકોના અનુકરણ વડે આપણને પણ તેવો પ્રેમ થાય, ચિત્ત પ્રાણેશમા પ્રોવાઈ જાય તેમાં નવાઈ નથી.

—ભક્તની રહેણીકરણી—

ભાવાવિષ્ટ ભક્તોની રહેણીકહેણી વિવેક ચાતુરી, વિવિધ સામુગ્રીયો કરી પ્રાણેશને અંગીકૃત કરાવવાની ખંત, ખાસા સેવકી અરપશોદિ વિચાર, અવસર અનવસર, સંયોગ વિપ્રયોગાદિ ભાવનાઓ, શ્રીવજરાજકુમારમાં ઉત્કટ રતિ, શ્રીવિઠ્ઠલેશનાં વંશ વિસ્તાર પ્રતિ અડગ પ્રેમ તેમના અંતરંગો જે અમૃત-સ્વાદી ચાચા હરિવંશજી અષ્ટસખાદિનો પરિચય, ગદ્ય અને પદ્યોમાં અભિરૂચિ એ સર્વ આ નવાખ્યાનમાં વિવેચેલું છે.

વેદ પ્રતિપાદિત સિદ્ધાન્તોથી ભરેલા ભાવરસાત્મક માર્ગને મહદો, જે વ્યાસ શુકદેવ શ્રીકૃષ્ણ નારદાદિક અનેક ઋષિ મુનિયોએ શબ્દ પ્રમાણોથી પુષ્ટ બનાવ્યો છે. તેમજ અધુના ભાવાવિષ્ટ કંઈક વિદ્વાનો કેવા કટોકટીના સમયમાં નિરવકાશી છતાં નિઃસ્વાર્થ વગર લાલચના વ્હાલથી આત્મભોગ આપો સેવા બજાવી રહ્યા છે તેઓ શ્રીઓને અનંત ધન્ય છે પ્રાણનાથ તેવા નામ સેવા રત રસિકોને નિકટમાં નિજાનંદ આપો! લોકવેદાતિત પરબ્રહ્મ શ્રીકૃષ્ણ ચંદ્રને તેમના અંતરંગોએ ગદ્ય અને પદ્યોમાં વિવેચી તેમના અંતરના ગૂઢભાવોને ખુલ્લા કરી મુકયા છે, ભગવાને ભક્તને સ્વતઃ અનુગૃહી સ્વરૂપાનંદનું દાન કરેલું છે તેઓ જ

શ્રીકૃષ્ણ ગુરૂ અને ભકતોના સ્વરૂપને સમજી વરણી શકે છે. પ્રાણેશ પોતે જ કૃપાથી લેખકના હૃદયમાં બિરાજી લખાવે છે—જો કોઈ જીવ સ્વભાવે માને કે હું પોતે વિદ્વાન છું, ઘણાનાં મન જીતી લેઉ તેવો છું, એવા ખોટા ઘમંડથી લખેલું લુખુ હોય છે. આ નિઃસાધન માર્ગમાં નિજેચ્છાથી જ સર્વ થાય છે.

(શ્રી વલ્લભાખ્યાનનો આવિર્ભાવ કેમ થયો ?)

જ્યારે શ્રીવિઠ્ઠલેશપ્રભુ ચરણ અમદાવાદ પધારતા ત્યારે ભાઈલા કોઠારીના ઘરમાં બિરાજતા હતા પણ એજ ઘરમાં આપશ્રીની બેઠક છે. તેમાં સેવાનું પ્રકરણ સંપ્રદાયાનુસાર મંગળાથી લઈ શયન પર્યન્તનું ચાલુ છે. તેમના દરસ પરસ કરનારા નિત્ય કૃતાર્થ છે. ભાઇલા કોઠારીજીને સંતાનમાં એક દીકરી જ હતી તેનું વેવઈશાળ ગામ રૂપાલના રહિશ ગોપાલદાસજી સાથે થયું હતું તે વખતે પોતે પાંચ વર્ષના હતા. તે સમયમાં એવી નાની ઉમ્મરમાં વિવાહના ચાંલ્લાનો રૂપીઓ અપાતો તેમજ કોઠારીજીએ પોતાની કન્યાનું વાકદાન કરી દીધું હતું તે પછી જામાત્ર મુંગા છે તેવું જાણ્યું છતાં કોઠારીજીનો ભાવ ફેર થઈ હૃદય દુઃખાયુ ન હતું.

ગોપાલદાસનાં વડીલો ગત થયા પછી જામાત્રને કોઠારીજી પોતાને ઘેર લાવ્યા હતા. તેજ અરસામાં શ્રીગોસાઈજી અમદાવાદ કોઠારીજીને ત્યાં પધાર્યા. સર્વ ગૃહ પરિજને દંડવત કરી પ્રણામ કર્યા તે વખતે શ્રીગોસાઈજીએ કોઠારીજીને પુછયું. આ બાળ પુત્ર કોનો છે ? કોઠારીએ કહ્યું કે રાજ એ આપની ગોમતીનો વર છે તે વખતે આપશ્રીએ વિનોદ વચને આજ્ઞા કરી કે ગોમતીનો વર તો સાગર હોય ત્યારે કોઠારીએ વિનંતી કરી કે આપ કૃપાથી સાગર પણ થાય.

તેજ વખતે શ્રીગોસાઇજીએ ગોપાલદાસને પોતાની ગોદમાં લઈ તેમના મુખમાં પોતાનું ચર્વીત તામ્બૂળ મુકયું, કે તરત જ

મહા અલૌકિક તેજસ્વી થઈ ગયા. અને રોમે રોમે ભકિતરસ વ્યાપિ ગયો, ભગવદ્લીલાની સ્ફુર્તી થઈ ગઈ અને ગોપાલદાસનું મુગાપણુ તદ્દન નિવૃત્ત થઈ ગયું તત્કાલ પ્રથમ શબ્દના આરંભમાજ

(વંદુ શ્રીવિઠ્ઠલવર સુંદર નવઘન શ્યામ તમાલ)

એ પ્રમાણે ગૂઢાશય ભરેલી દિવ્ય વાણી પ્રકટ થઈ. આ ગોપાલદાસ પૂર્વ જન્મમાં કોણ હતા ? તે આ ગ્રંથના ૧૨૧ મા પાને તેમની પૂર્વ પીઠિકા લખી છે તદુપરાન્ત આ ગ્રંથના ઉપોદ્ઘાતમાં મારા પરમ સ્નેહી શાસ્ત્રીજી ચિમનલાલે વિશેષ વિસ્તારથી વિવેચ્યું છે તે વાંચવાથી વધુ આનંદ વર્તાશે. ભકતકોટી ઉતરી જ આવે છે. શ્રીવિઠ્ઠલેશપ્રભુ પોતે જ ભકત કવિવરના હૃદયમાં તામ્બૂલ દ્વારા બિરાજી નવાખ્યાન કવિના મુખથી ગાયાં તેઓશ્રીની પરમ રસરૂપ સર્વ સિદ્ધાન્તોથી ભરેલી ગઢાશયિ સરલ અને ગંભિર વાણી છે.

હરિવદન લાવણ્ય જલધિ શ્રીવિઠ્ઠલેશે પોતાના કૃપાપાત્ર ભકત કવિ દ્વારા પોતાનો પરમાનંદ રસ રસીલા ભકતોને પાયો છે. કૃપા દૃષ્ટિના પડીએ પીનારનાં અહોભાગ્ય છે.

(બારણે રહ્યો રે ઉત્સવ જુવે કો એક ભાગ્યવાન તે સમે.)

ભગવદ ભકતોનાં ભાગ્યનાં વર્ણન અજબ અનેરાં છે ભકિત જ કેવળ ભગવદ વિષયિણી છે તેમાં દુષ્ટ વિષયોની ગંધ હોતી નથી એ સર્વ નવાખ્યાનમાં વર્ણવેલું છે આ વલ્લભાખ્યાનમા રહેલી બ્રહ્મવિદ્યા અને ભકિતમાર્ગના મૂળતત્વો સત્કર્મના પાયારૂપ છે અનંત ગુણ પૂર્ણ એજ નિર્ગુણબ્રહ્મ તેમનો ભકિતમાર્ગ પ્રેમમાર્ગ કૃપામાર્ગ અનુગ્રહ, એને જ પુષ્ટિમાર્ગ, કહેવામાં આવે છે તે સ્નેહાતિશય માર્ગ સંપૂર્ણ શ્રદ્ધાવાનને પ્રાપ્ત છે.

અનેક દેવાશ્રયથી બચનારો અનન્ય નિત્યયુકત ભકત જ ભગવદ રસ લે છે. ભકિતમાર્ગ સ્ત્રીશુદ્ર ચાંડાલાદિ સર્વને માટે મોકળો છે.

કેવળ શ્રીકૃષ્ણાશ્રયિ ભક્ત કોઈ દેવ કે માનવની અવગણના કરતો નથી. સર્વને શ્રીપ્રભુના જાણી પ્રેમ દૃષ્ટિથી જુવે છે.

"શ્રી વલ્લભાખ્યાન વિવેચવાની અમૃત ઘડી"

લગભગ સં. ૧૯૬૪ની સાલમાં અમો સ્ત્રી પુરૂષને એવી પ્રકૃતિ બંધાઈ હતી કે આખા દિવસમાં શ્રીયમુનાષ્ટક-સર્વોત્તમજીના પાઠો, પુરૂષોત્તમસહસ્ર અને નવાખ્યાન ન બની શક્યાં હોય તો રાત્રે નિંદ્રા કરવી ફાવતી નહીં એટલે એ સર્વ પાઠ કરીને સુતા. ઘરમાં સ્ત્રી જન-વ્યાસ પતિને એવી ઉત્કંઠા થઈ કે વ્યાસ આપણે પાઠ તો કરીએ છીએ તે પાઠને શ્રીપ્રભુ લખાવે તેવા લખ્યો તો સમજી વિચારી કરવામાં વધુ સ્વાદ આવશે તેજ દિવસથી પ્રથમ (શ્રી વલ્લભાખ્યાન લખવું શરૂ કર્યું. સમય પામી લખાઈ ગયું, તેવામાં ભાઈશ્રી શાસ્ત્રીજી ચિમનલાલ મળ્યા. તેમનાથી ગાઢો સંબંધ બંધાયો. તેમણે લખેલાં નવાખ્યાન જોયાં, પ્રસન્ન થયા. જે જે વિષયો પર પ્રમાણના શ્લોકો મૂકેલા હતા તેથી વધુ મૂકવા ઘટે ત્યાં તેઓશ્રીએ મુક્યા. જેથી ગ્રંથનો સ્વાદ વધ્યો. ભાવુકોના પ્રેરવાથી છપાવા વખત આવી, તે વખતે પણ શાસ્ત્રીજીએ આદ્યન્ત મદદ કરી, તેમનો આભાર ન માનુ તેટલો ઓછો છે:

—૦—

—આભાર દર્શન—

= રાગગોરી =

વલ્લભ વાક્ સુધારસ લુબ્ધક, શુદ્ધાદ્વૈતીય ચિમનલાલ;
અદ્વયદાનીનાઅનુપમઆશક,સાહિત્યભૂષણબુદ્ધિવિશાલ.૧

અડગ ટેકી વાણી સમવર્તન, વલ્લભવંશે દૃઢ રતિ છેક;
ભક્ત પદરજ વંદે પ્રતિક્ષણ, અક્ષરધામી મનચિત્ત એક ૨

નિર્મળ પ્રેમ નિતરતાં નયનો, અંતર ભૂમિને ભીંજવે;
અનંત મનોરથ પ્રેમ મૂર્તના ગુરૂ કૃપા બળ રૂંવે રૂંવે. ૩
વ્યસનિ શાસ્ત્રે સુબોધિની ષોડશ, સર્વોત્તમ, પંચાક્ષર અષ્ટ
કેવાં પ્રાણ સંકટો પડતાં કાલ, માયાથી ડરે ન સ્પર્શ. ૪
પંડિત વરમાં પંડિત જેવા, નિરીક્ષરોમાં નવલો નેહ;
પ્રેમ રસાત્મક રસિક રસધર, સ્થાયિ ભાવે નિઃસંદેહ. ૫
પ્રેમભક્તિનો પંથ નિરાલો, પ્રકટ દર્શાવા દીલ હુર્યાય;
મહાવિકાલ વિવાદો સન્મુખ, ગુરૂકૃપા પગ પાછો ન થાય. ૬
અતિ અપ્રસિદ્ધ ગ્રંથ પ્રકાશ્યા, સુયશ વાધ્યો વિશ્વવિશાલ;
આરંભથી વ્રજરત્ન ગુરૂઅમૃત, પીધું પૂરણ અંતરહાલ. ૭
નિત્યલીલામય 'નવાખ્યાન' આ, સેવ્યું શાસ્ત્રી સ્નેહરસાલ;
વલ્લભીવ્યાસ માતરવાશીની પદે પદે લીધી સંભાળ. ૮

—૦—

—રમણભાઇની હૃદયરસિકતા—

પરમ ભગવદીય રમણલાલ ચક્ષુરહિત છતાં પ્રજ્ઞાચક્ષુ પૂર્ણ પ્રકાશમાન છે. તેઓ જે ભાવુક મંડળમાં જાય ત્યાં ભકતોને આનંદ વર્તાય છે. પ્રાણેશની વિયોગજનિત પીડાનો પ્રવાહ તો તેમને સહજ સિદ્ધ છે. પ્રભુ પ્રસન્ન કરવાનું સાધન પ્રેમ અને દૈન્ય તે તો તેમના નિત્યા ચરણમાં જોડાયલું જ રહે છે. શ્રીપ્રભુ એથી વિશેષ અનુગ્રહો! નિકટમાં નિજાનંદ આપો!!

—રાગ ગોરી—

રસિક પુરંદર રસનો ભોગી, રસિકડાંની સાથ રમે;
મન હરણો રંજે રસીયાં ને, વિરહ વસમો દ્વેષો ગમે. ૧
નલિન નયનો નખરા ખોરો, નેહ કરી નંદનો છોરો;

લાસ્ય કલાધર નચવી નાચે, ઝુરવે ના આવે ઓરો. ૨
લહર ખડો લાડિલી લડે તો, કર્મ કૃતિમાં જેને એક;
ભોગ ચતુર ભકિતપ્રિય ભગવન્, નંદના નંદે વ્યાસની ટેક. ૩
ગીરિવર ધર ગોપીજન વલ્લભ, તેનું વદન શ્રીલક્ષ્મણનંદ;
લાડ ઘેલાને લડાવવાનો, અવિચળ વૈશ્વાનરને છંદ. ૪
લલિત છેલ ચિકનીયો વ્રજપતિ, સ્વાદે સેવો વ્યાસજી નીત;
શામ સલુણો યશોદાનંદન, પ્રગાઢ કરશે પૂરણ પ્રીત. ૫
હરિવરની હરવર જે હૈયે, હરિ હર અજને તે દુલભ;
વલ્લભીવ્યાસ વદે વલ્લભ વરણે, ભકતોને સા છે સુર્લભ. ૬


આ વલ્લભાખ્યાન વ્યાસકૃત સુબોધિની ટીકા સાથે સન ૧૯૧૭ માં બહાર આવેલું તેની દ્વિતીયાવૃત્તિ છપાવા રમણભાઈને મનોરથ થયો તે નડીઆદની પુષ્ટિમાર્ગીય પુસ્તકાલયના સંચાલકોએ પૂર્ણ કર્યો પ્રાણેશ તેમને નામસેવાનું બળ આપો?

પ્રુફનું કામ હું વિવેચકને સોંપ્યું. મેં સેવા જાણી વધાવ્યું. હું બુઢ્ઢો મંગળાથી સેન સુધીની સેવાવાળો માંદો અને હવાફેરે ઘુમતો તેને પરદેશમાં એક ફેરો પ્રુફ તપાસવા મળતાં જેથી રહેલી ભુલ સુધારી વાંચવું. શુદ્ધિપત્રક આપ્યું છે.

—ભુજંગ—

ગ્રહે સજ્જનો સાર શોધે બધેથી,
વળી દુર્જનો છીદ્ર શોધે ખુશીથી,
રૂડા હંસ લે દૂધનો સાર કાઢી,
ભુંડા કાગડા ચાંદુ શોધે અનાડી.

(શ્રીવિઠ્ઠલનાથજી–શ્રીગુસાંઇજી)



સાયં કુજ્જાલયસ્થાસનમુપવિલસત્સ્વર્ણપાત્રં સુધૌતં રાજચ્ચંદ્રોપવિતં પરિતનુવસનં ગૌરમમ્ભોજવક્ત્રમ્ ।પ્રાણાનાયં નાશાપુટ નિહિતકરં કર્ણરાજદ્વિમુક્તાં ,વન્દેઽધોન્મીલિતાક્ષં મૃગમદતિલકં વિઠ્ઠલેશં સુકેશમ્

શ્રીવલ્લભાયનમઃ

।।અથ શ્રીભક્તશિરોમણિગોપાલદાસજી વિરચિતમ્।।

શ્રી વલ્લભાખ્યાનમ્

તત્ર

આખ્યાનં પ્રથમમ

(રાગ કેદારો)

મૂ૦ વન્દુ શ્રીવિઠ્ઠલવર સુન્દર, નવઘનશ્યામ તમાલ;
જગતીતલ ઉદ્ધારકરેવા, પ્રગટયા પરમદયાલ ।।૧।।

શબ્દાર્થ—નૂતન મેઘના સરખા અને તમાલપત્રના જેવા શ્યામ શ્રીઅંગવાળા પરમદયાલ શ્રીવિઠ્ઠલનાથજી; પૃથ્વી પર ફરતા દૈવીજીવોનો ઉદ્ધાર કરવા માટે પ્રાકૃત મનુષ્યના જેવા દેહ ધારણ કરી પ્રકટયા છે, તેઓશ્રીને મારા નમસ્કાર હો!

ટીકાકૃન્મંગલાચરણમ્

નત્વા શ્રીવલ્લભાધીશં યશોદોત્સંગલાલિતમ્ ।।
સુબોધિનીમહં કુર્વે વલ્લભાખ્યાનબોધિનીમ્ ।।૧।।

વિવેચન—"ગ્રન્થના આરંભ, મધ્ય અને અન્તમાં મંગલાચરણ કરવું જોઇએ." આ નિયમને અનુસરીને શ્રીગોપાલદાસજી મંગલાચરણ કરતાં 1શ્રીવિઠ્ઠલપ્રભુને વંદન કરે છે.

વન્દનનું પ્રયોજન—આ કલિમાં સંસારરૂપી સમુદ્ર તરીને પ્રભુ મેળવવાનાં સઘળાં સાધન નાશ પામી ગયાં છે. તેથી

જીવે પ્રભુને શરણે જઇ દીનતાથી નમસ્કાર કર્યા શિવાય તરવાનો અન્ય રસ્તો જ નથી. પ્રેમ દૈન્ય પૂર્વક જે જીવ પ્રભુને શરણે જાય છે તેનો પ્રભુ તરત ઉદ્ધાર કરે છે.

જ્યાં સુધી જીવ, દીનતા પૂર્વક પ્રભુને શરણે જતો નથી, ત્યાં સુધી તેનો મનુષ્યાવતાર એળે જાય છે. તેના જીવતરમાં ધૂળ પડે છે. જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ સંપન્ન માનવદેહરૂપી હીરો ગુમાવે છે. સંસાર સમુદ્રમાં તરવાને માટે કાંઠે આવેલુ નાવ ખોઇ બેસે છે, પરિણામે સંસાર એટલે હું મારૂં દંભ, માન, ગર્વથી ગરકાઈ જાય છે. અને જીવની જન્મમરણ વેદના કાયમ રહે છે, શ્રીહરિરાયપ્રભુ કહે છે કે: "જેણે શ્રીપ્રભુની લીલાનું ચિન્તવન કર્યું નથી, જેણે પ્રભુના વિરહથી દીનતા મેળવી નથી અને જે શ્રીકૃષ્ણને શરણે ગયો નથી. "વૃથા તજ્જન્મ ભૂતલે" તેનો જન્મ આ પૃથ્વી ઉપર વૃથા છે, વળી પોતાના નાથ શ્રીકૃષ્ણના વિરહનો તાપ જેના હૃદયમાં નથી; જેણે શ્રીપ્રભુની લીલા ભાવના કરી નથી, જેનામાં પૂર્ણ દીનતા પ્રેમ નથી તેનો જન્મ આ ભૂતલમાં વૃથા જ છે, માટે દીનતાપૂર્વક શ્રીવિઠ્ઠલને વંદન કરવું એજ જીવનું કર્તવ્ય છે.

૬ મોક્ષયિષ્યામિ મા શુચ: ।। ગીતા ।। ભક્તાનાં દૈન્યમેવૈકં હરિતોષણ સાધનં ।। શ્રી સુબોધિની ।। ૨ શ્રી કહેતા સ્વામિનીજી તેમના સહિત વિઠ્ઠલ એટલે **વિદા ઠા: વિઠુ: તાન્ લાતિ શિક્ષયતિ ઇતિ વિઠ્ઠલ:** અર્થાત શ્રી સ્વામિનીજી સહિત એવા શ્રી વિઠ્ઠલ જ્ઞાન શૂન્ય જીવોને બોધ આપનારા છે.

શ્રીવિઠ્ઠલને વંદન કરવાથી જ જીવન સાર્થક થાય છે. હે જીવ! જો તને રાસ રસિક નૃત્ય પરાયણ **પ્રભુને** મેળવી જીવનનું સાર્થક કરવું હોય તો શ્રી ગુરૂ વિઠ્ઠલેશ પ્રભુચરણને શરણે જઇ વંદન કર. પ્રણામ કર. જેથી, સર્વથી શ્રેષ્ઠ સુખ પામીશ.

અનન્યતા પૂર્વક જે જીવનો પ્રેમ પ્રવાહ ભક્તરત્ન પરીક્ષક **શ્રીવિઠ્ઠલ** તરફ વળે છે, તેનું જીવન સફળ થાય છે, કેમકે તેઓ પ્રભુ **અનેક માર્ગ સંક્લિષ્ટ જીવસ્વાસ્થ્યપ્રદા:** છે. અનેક માર્ગમાંથી કલેશ પામેલા જીવને શાન્તિ આપનારા છે.

કારણકે—જ્યારે આ કલિમાં વેદના અર્થનો અનર્થ કરનારા વધી પડ્યા, જ્યારે કર્મ ફલરહિત થયાં, જ્યારે અદ્વૈતજ્ઞાન દ્વૈતને રસ્તે ઉતર્યું, જ્યારે નિર્ગુણ ભક્તિનાં તત્વોની જગ્યાએ દામ્ભિક ભક્તિનાં કઠોર તત્વો ભરાયાં, અને સન્માર્ગ દુષ્પ્રાપ્ય થયો, જ્યારે દૈવીજીવોને ભગવતપ્રાપ્તિ માટે નિ:સાધનતા પૂર્વક દીન થયેલા જોયા, ત્યારે શ્રીપ્રભુજીએ "**સુંદર વર, નવ-ઘનશ્યામ તમાલ;** ગ્રીષ્મથી જેમ જ્યેષ્ટ માસમાં તપેલી ભૂમિને અષાડ માસનો નુતન મેઘ રસાર્દ્ર કરે છે. તેવી રીતે કલિકાળના પ્રબળ દોષથી બળતા દૈવીજીવોને પોતાનો દર્શનાનંદ આપી ભક્તિ રસથી રસાર્દ્ર કરે છે. માટેજ ભકતકવિ નવા મેઘના સમાન શ્યામ વર્ણવાળા વર્ણવે છે, જ્યારે અધર્મનો નાશ કરી, સ્વધર્મનું સંસ્થાપન કરવું હોય છે ત્યારે પ્રભુ વેદમાં કહેલાં સાધનો સિવાય ફકત પોતાના પ્રમેય બળથીજ દૈવી સૃષ્ટિનો ઉદ્ધાર કરવા વિચારી નવા મેઘના સમાન શ્યામ સુખદ સ્વરૂપ ધારણ કરે છે. તમાલ વૃક્ષની છાયા નીચે પશુ

પક્ષી માનવાદિને આતપનું દુઃખ નિવૃત્ત થાય છે શાન્તિ મળે છે. તેમ શ્રીવિઠ્ઠલપ્રભુના ચરણ છત્રની છાયા નિચે આવનારને સંસારનો અસહ્ય તાપ દૂર થઇ જાય છે. અને પરમ પૂર્ણાનંદ રૂપ શાન્તિ મળે છે, કેમકે શ્રીવિઠ્ઠલેશપ્રભુ **દીનાનાથૈક સંશ્રય:** છે. દીન અને અનાથના કેવળ આશ્રયરૂપ છે.

ગીતાજીમાં કહ્યા મુજબ સત ધર્મનું રક્ષણ કરવાની કરેલી પ્રતિજ્ઞાને સત્ય કરવાને માટે શ્રી પરબ્રહ્મ પુરૂષોત્તમ શ્રીવિઠ્ઠલ સ્વરૂપે પ્રકટ થયા છે માટેજ ગોપાલદાસજી કહે છે કે **"જગતી તલ ઉધ્ધાર કરવા, પ્રકટયા પરમ દયાલ."** આવાં શ્રી વિઠ્ઠલપ્રભુને વંદન કરી જે જન કોઇ પણ કાર્યનો આરંભ કરે છે તેના સઘળાં કાર્ય સંપૂર્ણ સિધ્ધ થાય છે. તેથી આ ગ્રન્થના આરંભમાં ભકત કવિ ગોપાલદાસજીએ આ "વલ્લાભાખ્યાનથી" શ્રીપ્રભુ લીલા ગાવામાં કોઈ પણ વિઘ્ન નડે નહિ તેવા હેતુથી શ્રીવિઠલપ્રભુને વંદન કર્યુ છે.

શ્રી વિઠલેશપ્રભુ આદિ અચળ સ્થાનથી ભૂતળ પર કેવા સ્વરૂપે પધાર્યા તેનું વર્ણન બીજી કડીમાં કરે છે.

ભૂ૰ શ્રીપુરૂષોત્તમ સ્વતંત્રકોડા, લીલાદ્વિજ તનુ ધારી,
સાતદિવસ ગિરિવરકરધાર્યો, વાસવવૃષ્ટિ નિવારી॥૨॥

શબ્દાર્થ—વિવિધ લીલાને માટે કરવી આ સૃષ્ટિમાં જે પરબ્રહ્મ પુરૂષોત્તમ સ્વતંત્ર કોડાનો કરનારા છે. તેમણે સાતદિવસ સુધી ગિરિરાજ પર્વતને એક છત્રીની માફક શ્રીહસ્ત પર ધારણ કરી, ઇન્દ્રે વર્ષાવેલી વૃષ્ટિથી પીડાતાં વ્રજજનોનું રક્ષણ કર્યું હતું તેજ મહાબલ

શ્રીપ્રભુ, દૈવીજીવોનો ઉધ્ધાર કરવા ભૂતલ પર બ્રાહ્મણ સ્વરૂપે પ્રકટ થયા છે.

વિવેચનમાં જેટલો વિસ્તાર ન કરીએ તેટલો ઓછો છે. ભગવાન શ્રીકૃષ્ણ પરબ્રહ્મ પોતે જ્યારે અવતાર દશામાં પ્રકટ થવાની ઇચ્છા કરે છે. ત્યારે પોતાની માયાનું આવરણ દૂર કરી પ્રકટ થાય છે. અંશ કળા આવેશ વિગેરે જે પ્રમાણે પ્રકટ થવા ઇચ્છા વિચારે, તેટલા પ્રમાણમાં માયાનું આવરણ દૂર કરી પ્રકટે છે.

અને જ્યારે પૂર્ણ રીતે માયાનું આવરણ દૂર કરી પ્રકટે છે ત્યારે, પૂર્ણાવતાર કહેવાય છે શ્રીભાગવતમાં કહે છે કે:– **લીલાવતારાનુરતો દેવતિર્યઙ્નરાદિષુ** ભગવાન સ્વેચ્છાથી દેવ પશુ માનવાદિમાં પોતે લીલા દેહ ધારણ કરે છે.

તેવીજ રીતે પરબ્રહ્મ પુરુષોત્તમપ્રભુ પોતે. માયાવાદી અસદ્ ધર્મનું ઉન્મૂલન કરવા અને ભગવદ્ધર્મ એટલે જેમાં પોતાને પ્રિય લાગે તેવી સેવા વિધિવાળો ભકિતમાર્ગ તેનું સંસ્થાપન કરવાને યોગ્ય બ્રાહ્મણ દેહ ધારણ કરી પ્રકટ થયા છે. **વર્ણાનાં બ્રાહ્મણો ગુરુ:** આ સ્મૃતિ વાકય પ્રમાણે બ્રાહ્મણથી આરંભી સ્ત્રી શૂદ્ર પર્યંત સર્વ વર્ણના પ્રાણીઓને શરણે લઇ ઉધ્ધાર કરવાની ઇચ્છાથી પોતે ગુરૂ રૂપ બ્રાહ્મણ દેહ ધારણ કર્યો છે.

બીજુ કારણ એ છે જે વેદમાં દ્વિજ વર્ણ શિવાય ગીતા શ્રીભાગવત વ્યાસ સૂત્રાદિનું પ્રતિપાદન કરાતા પ્રેમ

રસાત્મક ભક્તિમાર્ગનું સંસ્થાપન કરવાને દ્વિજ દેહ ધારણ કરવાની જરૂર પડી.

ત્રીજું કારણ પણ સાથે સાથે કહેવુંજ જોઇએ. જેને ત્યાં સો સોમ યજ્ઞ થાય તેમના વંશમાં શ્રીપુરુષોત્તમાવતાર થવો જોઇએ. આ નિયમાનુસાર યજ્ઞ નારાયણ ભટ્ટાદિએ સો સોમ યજ્ઞ કરેલાં તેથી તેમના વંશમાં શ્રીપુરુષોત્તમાવતાર થવો જોઇએ. તે કારણથી **શ્રીપ્રભુએ** દ્વિજાવતાર ધારણ કર્યો છે. તે સંબંધમાં અગ્નિ પુરાણના ભવિષ્યોત્તર ખંડમાં પ્રભુએ પોતેજ વચન આપેલું છે કે;–

૧ અગ્નિરૂપો દ્વિજાચારો ભવિષ્યામીહ ભૂતલે
વલ્લભોહ્યગ્નિ રૂપઃ સ્યાદ્વિઠ્ઠલઃ પુરુષોત્તમઃ ॥

સનતકુમાર સંહિતામાં કહ્યું છે કે;—

૨ કરુણારસ ભાવજ્ઞો લીલા કરણ તત્પરઃ ॥
સદાનન્દ મયો દેવો યશોદા નન્દનો હરિઃ ॥
વિપ્ર વેષેણ દૈવાનાં મુદ્ધારાર્થે ભવિષ્યતિ ॥
વિઠ્ઠલેશોદ્ભુતનામ તાપત્રય વિનાશકમઃ ॥

ગૌરીતંત્રમાં કાલ મહાદેવ પણ કહે છે કે;—

૩ પૌષ કૃષ્ણ નવમ્યાંચ વિઠ્ઠલેશેતિ સંજ્ઞકઃ ॥
દ્વિજા લયે મહાદેવિ કાશ્યાસન્નિહિતે હરિઃ॥
ગુપ્ત વૃન્દાવનં યત્ર નાનાપક્ષી સમાકુલમ॥
શ્રીગિરિરાજકનિષ્ઠસ્ય ચરણાદ્રેશ્ચ ગહ્વરે ॥
ભવિષ્યતિ કલૌ મધ્યે પ્રથમં નન્દનન્દનઃ ॥

બ્રહ્મયામલમાં કહે છે કેઃ—

૪ પૌષ કૃષ્ણ નવમ્યાંચ અવતારો હરેર્દ્વિજઃ ॥
ભવિષ્યતિદ્વિજાચારે કૃલારાધેમહાદ્ભુત ॥

અગ્નિ સંહિતાના ચૌદમાં અધ્યાયમાં કહ્યું છે કે;—

૫ ધનુર્માસસ્ય કૃષ્ણે તુ નવમ્યાં મુનિસત્તમ ॥
ગોપ્યાવતારઃ કૃષ્ણસ્ય દ્વિજ રુપેણ ભૂતલે ॥
ભવિષ્યતિ મહાપ્રાજ્ઞો દૈવ પ્રોદ્ધરણાય ચ ॥
વલ્લભસ્ય ગૃહે નૂનં ગિરિરાજ ધરો હરિઃ ॥

ભગવાન કહે છે:

ભૂતલ પર બ્રાહ્મણોનો આચાર પાળનારો ભવિષ્યે અગ્નિરૂપ વલ્લભ નામે હું થઇશ. અને તે ઉપરાન્ત તેમનો તનુજ વિઠ્ઠલ નામે હું પુરુષોત્તમરૂપે થઇશ.

૨ કરૂણારસના ભાવને જાણવા કુશળ, વિવિધ લીલાઓ કરવાને કુશળ. અને સદાનંદ શ્રીયશોદાજીના તનય શ્રીકૃષ્ણ પ્રભુ સ્વંય દૈવી જીવોના ઉદ્ધારાર્થે બ્રાહ્મણરૂપે પ્રકટ થશે. અને તેમનું નામ વિઠ્ઠલેશ એવા અદ્‌ભુત નામથી ઓળખાશે અને તે નામથી દૈવીજીવોના ત્રિવિધ તાપ દૂર થઈ જશે.”

ગૌરીતંત્રમાં

હે પાર્વતી ! કાશીની પાસે ગોવર્ધનના નાનકડા ભાઈ ચરણાદ્રિ પર્વતનો ઘાટો પ્રદેશ છે. અને ત્યાં અનેકશ પક્ષીઓથી વ્યાપ્ત વૃન્દાવન છે. ત્યાં કલિયુગમાં પૌષકૃષ્ણ નવમીને દિવસે **શ્રીકૃષ્ણ** પોતે બ્રાહ્મણના ઘરમાં અવતાર ધારણ કરશે અને તેઓ શ્રીવિઠ્ઠલ નામથી જગ વિખ્યાત થશે.

બ્રહ્મયામલમાં કહે છે.

"દૈવીજીવોનો ઉદ્ધાર કરવા માટે ભવિષ્યે પોષવદી નવમીના દિવસે શ્રીવલ્લભાચાર્યજીને ત્યાં પરબ્રહ્મ શ્રીગિરિરાજને ધરનારા શ્રીકૃષ્ણજ મહાપંડિત બ્રાહ્મણના રૂપે ગુપ્ત અવતાર ધારણ કરશે."

"હે બ્રાહ્મણો ? કલિયુગના પ્રથમ ભાગમાં પોષકૃષ્ણ નવમીના દિવસે શ્રીવલ્લભાચાર્યજીને ઘેર પરમ અલૌકિક મહા અદ્‌ભુત રીતે શ્રીકૃષ્ણપ્રભુ અવતાર ધારી પ્રકટ થશે."

આ અવતારનું પ્રમાણ થતી ભક્તિવાળાને માટેજ છે. કારણ કે: સ્વમાર્ગમાં કુશળ કૃપા પાત્ર ભક્તો તેમને કોઈ પ્રમાણોની જરૂર નથી એ તો શ્રીવિઠ્ઠલેશ પ્રભુનો કેવળ પરબ્રહ્મપણાનોજ અનુદિન અનુભવ કરે છે.

બ્રાહ્મણ દેહ ધારણ કરનારા પૂર્ણ પુરૂષોત્તમ છે ? ભગવાન કેટલાક કાર્ય વ્યૂહ દ્વારા કરાવે છે. જેમ કે પૂતના વિગેરેના વધમાં સંકર્ષણ વ્યૂહે લીલા કરી, દ્વારકામાં ધર્મપાલન કરવામાં **અનિરૂદ્ધ** વ્યૂહથી લીલા કરી, દ્વારકામાં રૂક્મણી હરણ વિગેરેમાં **પ્રદ્યુમ્ન** વ્યૂહે લીલા કરી રાજલીલામાં **વાસુદેવ** વ્યૂહે લીલા કરી.

પરંતુ ગોવર્ધનોદ્ધરણ લીલા તો સાક્ષાત્ પોતેજ કરી છે. તેથી મહાપ્રભુજી કહે છે કે **ગોવર્ધને તથાવૃજે વૃન્દાવને ચૈવ પુષ્ટિ સ્વરૂપ યદ્‌સ્તિ સમ્પુર્ણસ્તુ સર્વદા.**

શ્રીગોવર્ધન ધારણ સમયે વ્રજ વૃન્દાવનમાં જે સ્વરૂપ બિરાજે છે તે સાક્ષાત્ પૂર્ણપુરૂષોત્તમ છે.

દ્વિજ દેહ ધારણ કરનાર શ્રીવિઠ્ઠલની પૂર્ણ પુરૂષોત્તમ સ્વરૂપની ઓળખાણ આપતાં ભક્ત કવિ ગોપાલદાસજી કહે છે કે **સાત દિવસ ગિરિવર કર ધાર્યો.** સાત દિવસ સુધી ગોવર્ધન પર્વતને શ્રીહસ્ત પર ધારણ કર્યો હતો, તેજ પ્રભુ શ્રીવિઠ્ઠલ સ્વરૂપે પ્રકટ થયા છે. શ્રીમહાપ્રભુજી ભગવત પીઠિકામાં પણ લખે છે કે: **ગોવર્ધનોદ્ધરણ કેવલઃ** ગોવર્ધનને ધારણ કરી વ્રજ ભક્તોનું રક્ષણ કરનાર ચતુર્વ્યૂહ રહિત કેવળ પુષ્ટિ પુરૂષોત્તમ પરબ્રહ્મ શ્રીકૃષ્ણજ છે.

અર્થાત્ સ્વતંત્ર લીલાના કરવાવાલા દિવ્યગુણ વિશિષ્ટ પરમ રસાત્મક શ્રીકૃષ્ણે દૈવીજીવોને અન્યાશ્રયથી બચાવવા અને પોતાને પ્રિય લાગે તેવી વિધિથી ભૂતલ પર પ્રભુ સેવા રસાસ્વાદ વિષય પ્રકટ કરવા માટે, પોતે સેવક તરીકે અગ્રેશર થઈ, ગોયજ્ઞ, દ્વિજયજ્ઞ, વ્રજજનો પાસે પ્રારંભાયો. આ યજ્ઞ ત્રિપુટી ભગવાન શ્રીકૃષ્ણને કરવાનો હેતુ એ હતો કે પર્વત પર થતી વનસ્પતિ તે સર્વ વિષ્ણુ સંબંધી છે. "**વૈષ્ણવો વૈ વનસ્પતયઃ** અને ભગવાન પોતે પર્વતના નાથ છે. માટે વૈષ્ણવયજ્ઞ, કરાવવો ઉચિત માન્યો. ભગવાનનાં બે અંગ છે, એક બ્રાહ્મણ અને બીજુ ગાય તે કેવી રીતે કે બ્રાહ્મણને વિષે મંત્ર પ્રતિષ્ઠિત અને ગાયને વિષે હવિ પ્રતિષ્ઠિત છે. અને ગોવર્ધન પર્વત (સ્વંય) દેવતા છે, તેથી વિષ્ણુયજ્ઞ કરવો એમ કહી એ વાક્યને અદલે ગાય, બ્રાહ્મણ અને પર્વતના યજ્ઞનો આરંભ કરાવ્યો. ત્યાં સુરદાસજી કહે છે કે:

લીને વિપ્ર બુલાય યજ્ઞ આરંભણ કીનો,
સુરપતિ પુજા મેટ રાજ ગોવર્ધન દીનો.

ભગવાને સ્વેચ્છાથી કહ્યા પ્રમાણે સર્વ વિધાન તેઓએ કર્યું. અને તે વખતે વ્રજભક્તોના વિશ્વાસને માટે શ્રીકૃષ્ણ બીજું સ્વરૂપ ધારણ કરી, કહેવા લાગ્યા કે હું જ પર્વત છું. એમ કહી દીર્ઘ સ્વરૂપથી સર્વનું અથાગ બલી લીધું, પર્વતનું આધિ દૈવિક સ્વરૂપન હતું, તદપિ પોતે વિવિધ સ્વરૂપે પ્રકટ થઈ સેવા કરી; અને ભકતોને સેવા શીખવાડી ત્યાં સૂરદાસજી કહે છે કે:

પૂજા વિધિ ગિરિરાજકી, નંદલાલ બતાવે.
ઝુંડન ઝુંડન ગોપિકા મિલ, મંગલ ગાવે. ॥૧॥
ગંગા જલસો ન્હવાયકે, દુધ ધોરીકા નાવે.
વિવિધ વસન પહેરાય કે, ચંદન ચર્ચાવે. ॥૨॥
ધૂપ દીપ કરી આરતી, બહુ ભોગ ધરાવે.
તિલક કીયો બીરા દીયે, માલા પહેરાવે. ॥૩॥
ખિરક ચલે લહોરે બડે, મિલિ ગાય ખેલાવે.
ફીર ગિરિધર ભોજન કીયો, સુખ સૂર દીખાવે ॥૪॥

ઉપર પ્રમાણે શીખવ્યા મુજબ સેવા કરી રહ્યા પછી મહા મદાન્ધ થયેલા ઇન્દ્રે પોતાના નિયત કરેલા સમયે બલિ નહીં મળવાથી પ્રચંડ કોપ કર્યો, દાંત પીસી ચભડવા લાગ્યો કે– પરંપરાથી ચાલતો આવેલો દેવાશ્રય તજી દેવાને કોણ સમર્થ છે? સર્વથા વ્રજના જનોએ લક્ષ્મીના મદને અનુસરી મારી પૂજા ઉલંઘવી ન હતી. અમો દેવો મૃત્યુ રહિત છીએ અને માનવો મૃત્યુવાળા છે ૧ શ્રીકૃષ્ણ સદાનંદ પ્રભુ કહેવાય છે તેથી શું થયું? છે તો મર્ત્ય માનવી તેવા મર્ત્ય માનવનો આશ્રય આ વ્રજવાસીઓએ લીધો. એ દોષે કરી તેઓ દંડને પાત્ર છે.

એમ ગાજતો ધાંધરડતો સાંવર્તક પ્રલયકર્તા મહા મેઘગણોને મુશળધારા વર્ષાવવા આજ્ઞા કરવા લાગ્યો. એટલે તુરત ઇન્દ્રના આજ્ઞા પાલકોએ મેઘ ધારાનો સંપાત કરી પ્રખરવાયુ અને વિદ્યુતના ઝપાટા વડે વ્રજને પીડવા માંડયું. તે સમયે ભક્ત દુઃખ મોચક શ્રીવ્રજરાજ સૂનુ નંદકુમારે પોતાનું પ્રિય વ્રજ મંડલ ગાયગોપ ગોપીજનો સર્વને અન્યાશ્રયથી બચાવવા અને તેમનો સત્યધર્મ સાચવવા. વાસવ– ઇન્દ્રને નિર્દોષ જાણી, તેના ઉપર કોપ ન કરતાં મહા વિસ્તારવાળો ગિરિરાજ પર્વત તેને છત્રીની માફક એકજ હાથે ઉઠાવી લીધો. ત્યાં ભકતજન કહે છે કે:– **મહાકાય ગોવર્ધન પર્વત એકહિ હાથ ઉઠાય લીયો.** અને પર્વત પર સુદર્શન ચક્ર પડતી મૂશળધાર વૃષ્ટિનું નિવારણ કરવાને મુકી દીધુ. ત્યાર પછી વ્રજ મંડલ સર્વને શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા કે **આવોરે આવોરે ભૈયા, યા પર્વતકી છૈયા.** અર્થાત પોતાના શરણમાં તદ્દન નિર્વિઘ્ન નિર્ભયપણું બતાવ્યું એવા અદ્ભુત ચારિત્ર્યવાન શ્રીગોવર્ધન ધરણ પોતેજ ભૂતલ પર શ્રેષ્ઠ બ્રાહ્મણના સ્વરૂપે પ્રકટ થઇ દૈવીજીવોના ઉદ્ધારની લીલા કરી રહ્યા છે.

જેમ શ્રીકૃષ્ણે ઇન્દ્રનો અપરાધ છતાં નિર્દોષ ગણ્યો તેમજ શ્રીવિઠ્ઠલેશ પ્રભુ ચરણે, પોતાને ત્યાં રાખેલા અધિકારી તરીકે કૃષ્ણદાસ વિગેરે અપરાધી ઘણા જીવોને સ્વતઃ કૃપાથી નિર્દોષ ગણી ફરી દોષ ન કરે તેવો પોતાનો પ્રતાપ પુંજ બતાવી દિવ્ય રસ લેતા બનાવ્યા છે. એવા અનંત અપરાધી

અને મહાપાપીઓને પાપાચરણથી બચાવી દિવ્ય માર્ગે વાળ્યા છે. તે સૌ તેઓની વાર્તા ગ્રન્થોમાં પ્રસિદ્ધ છે. શ્રીકૃષ્ણે અનંત મહારથીઓનાં માન મર્દન કર્યાં છે. તેમજ શ્રીમદ્વલ્લભ વિઠ્ઠલેશ્વરે આસુર મદાન્ધ માયાવાદીઓના માન ભંગ કરી, દૈવીજીવોના તાપ હર્યા છે. બ્રહ્મવાદ સ્થાપન કરી, પ્રેમ રસાત્મક ભક્તિમાર્ગ ઉજ્વલ કર્યો છે. ઉભય પ્રભુ પરમ અલૌકિક ચારિત્ર્યવાળા છે.

એ રીતે ઉત્તમ શ્લોક પ્રકટ થયા, તેમના સ્વરૂપનું જીવથી પ્રતિપાદન કરવું દુર્ઘટ છે. જેથી ગોપાલદાસજી શ્રીપ્રભુને વિનંતિ કરે છે કે આપશ્રીને ભૂતલપર પ્રકટવાનું કારણ કૃપાથી મારા હૃદયમાં દૃઢ કરો તો હું તેનું ગાન કરી મારી પ્રતિક્ષણ સફળ કરૂં. હે મારા વ્હાલા! વલ્લભીયોમાં આપના રસ પ્રચુરતર રૂપ-રસામૃતની રેલમછેલ કરવાની શક્તિ મને અમીદૃષ્ટિથી દેશો.

મૂ૦ તે પ્રકટયાનું કારણ કહિયે જો સુરતા મન આણો,
કરો કૃપા હું કરૂં વિનતિ પોતાનો કરી જાણો ॥૩॥

શબ્દાર્થ–હે પ્રભો! આપના સ્વરૂપનો વેદ શ્રુતિએ પાર લેવા ઘણું મંથન કર્યુ છે, એવું આપનું કેવળ કૃપા સાધ્ય દિવ્ય સ્વરૂપ છે. તેનું ભાન આપ અમિદૃષ્ટિ દ્વારા મારા હૃદયમાં ફરી સ્થાપો તોજ આપના પ્રાકટયનુ કારણ વર્ણવી શકું.

વિવેચન–હે વ્હાલા! વિઠ્ઠલેશ પ્રભુ ચરણ! હું જીવ અપરિમિત કાલથી આપશ્રીના સંબંધથી છુટો પડી જવાથી

મારૂં હૃદય યુગ પ્રભાવે આસુર સંબંધવાળુ થયું છે; જેથી આપશ્રીનું અલૌકિક નામ રૂપ ગુણવાળા દિવ્ય સ્વરૂપનું ભાન ભુલ્યો છું.

જેથી હું ભવાટવીમાં ભટકતાને, અમિદૃષ્ટિથી આપશ્રીનાં રસરૂપ સ્વરૂપામૃતનું ભાન કરાવો.

ઉપર પ્રમાણે કરૂણા સાગર શ્રીવિઠ્ઠલેશપ્રભુ ચરણને એવી વિનંતિ કરે છે કે, આપનું વ્યાપક તેજોમય જ્ઞાની મુનિઓની મુક્તિનું સ્થાન, તેની મારે જરૂર નથી. હું તો આપનું આનંદમય રસાત્મક નિજલીલા ધામ અને સ્વરૂપજ ઇચ્છું છું. એ મારા હૃદયમા સ્થાપો.

મુલમ્૦ વ્યાપક રૂપ અદ્વૈત બ્રહ્મજે, તેજોમય કહેવાય,
આર્ય પંથ અધિકારી મુનિજન,તે માંહેલય થાય ॥૪॥

શબ્દાર્થ– જે બ્રહ્મ સર્વત્ર વ્યાપક છે દ્વૈતભાવ વિનાનું અને સ્વંય પ્રકાશવાળુ છે, કે જેમાં શુદ્ધાદ્વૈત જ્ઞાની અને મુનિજનોનો લય થાય છે, વળી અક્ષર બ્રહ્મને સૌથી પ્રથક્ અને અખંડ કહેવામાં આવે છે. તેને કોઇની ઉપમા આપી શકાય તેવુ નથી. એ નિરૂપમને સા મળી કંઇક વસ્તુ છે, કંઇક વસ્તુ છે, એમ કહે છે. પરંતુ તેનો પાર પામી શકતા નથી. વેદ પણ નેતિ નેતિ કહી હારી ગયા છે. એવા નિર્ગુણ સ્વરૂપનું વર્ણન જીવથી કરવું દુર્ઘટ છે. કારણ ત્યાં આગળ રૂપ, ગુણ, દેહ વિગેરે દૃશ્ય પદાર્થ કંઇજ નથી.

વિવેચન–જે બ્રહ્મ સર્વ ઠેકાણે એ ભાવ રહિત બિરાજી રહ્યુ છે. તેથી મૂળ કડીમાં વ્યાપક રૂપ કહ્યું છે. પરંતુ તે વડે લોકદ્રષ્ટિએ જોતાં રૂપ રંગ દેહ એક પણ પદાર્થ દ્રષ્ટિમાં આવી શકતો નથી, જેથી બ્રહ્મ અને જગતરૂપી દ્વૈત ભાવની શંકા જન્મે છે. તેનું નિવારણ ઘણુંજ સહેલું છે. વ્યાપક બ્રહ્મ સ્વરૂપને અદ્વૈત વિશેષણ લાગવાથી સ્પષ્ટ માલમ પડે છે કે જે વ્યાપક છે. તેજ પ્રભુ જગતરૂપે થયા છે.

સર્વમાં વ્યાપિ રહેલ સ્વંય પ્રકાશ તેજોમય કહેવાય છે, અને તેજ ભગવાનનું પરમ ધામ છે. તે ધામને અગ્નિસૂર્ય કે ચંદ્રાદિકનો પ્રકાશ લાગતો નથી તેવું ભગવાન પોતે કહે છે.

न तद्भासयते सूर्यो न शशांको न पावक :
यद्गत्वा न निवर्तंते तद्धाम परमं मम
तदाहुरक्षरं ब्रह्म सर्वकारणकारणं :
विष्णोर्धाम परमं साक्षात् पुरुषस्य महात्मन :

અક્ષર બ્રહ્મધામને મહાત્માઓ સઘળાં કાર્ય કારણરૂપ સાક્ષાત્ વિષ્ણુ ભગવાનનું ધામ કહે છે. તે ધામ નિત્ય આનંદમય, ગુણાતીત, સ્વયં પ્રકાશમાન છે. કાલથી માપી શકાય તેવું નથી.

ગીતા શાસ્ત્રમાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે કે:–

अव्यक्तोऽक्षर इत्युक्त स्तमाहुः परमां गतिम्.

જે અવ્યકત અને અક્ષર કહેવાય છે તેજ તત્વવેત્તાઓની પરમ્ ગતિ છે, **"यंप्राप्य न निवर्तंते तद्धाम परमं मम"** જેને પામ્યા પછી પુનઃ સંસારમાં ભટકવાનુ રહેતું નથી તે

મારૂં પરમ ધામ છે, એ વ્યાપિ વૈકુંઠ ગોલોકથી ઓળખાય છે, ત્યાં **બ્રહ્મજ્ઞાની મુનિજનો** કે જે મુકિતના અધિકારી કહ્યા, તેમનો તેમાં સ્વપ્ને સંબંધ નથી ત્યાં તો કેવળ રાસરસિક મણિ નૃત્ય પરાયણ, રમણપ્રેષ્ઠ બિરાજે છે. તેમને પરમગતિવાળા ભકતો વિલસે છે. અર્થાત એ ભકતોજ વિપશ્ચિત બ્રહ્મ સાથે સર્વ કામ ભોગ કરે છે. એમ શ્રુતિ કહે છે. તે ભકતો સદા સર્વદા અલૌકિક કાન્તિવાળા છે. અને તેઓ ભજનાનંદ દાનીય પરમ રસાત્મક ભગવાનનું સુખ લેતા અખંડ કલ્લોલ કરે છે.

એવા પરમધામમાં ગયેલાનો પુનર્જન્મ નથી, તો દૈવીજનોનો ભૂતલપર આવિર્ભાવ કેમ? એ શંકાનું નિવારણ એમ છે તે **બ્રહ્મસૂત્રમાં** કહે છે કે **संपद्याविर्भावः स्वेन शब्दात.** બ્રહ્મ પ્રાપ્તિ થયા પછી પણ જ્યારે જીવ પર પ્રભુનો **અતિ અનુગ્રહ** થાય છે ત્યારે અને તેને સ્વરૂપાત્મક ભજનાનંદનું દાન કરવાની ઈચ્છા થતાં, ભગવાન તે જીવનો પુનઃ આવિર્ભાવ કરે છે. (તે જીવ પોતે પોતાના કર્મ બંધનથી ભૂતલ પર આવતો નથી.) પણ ભગવાન પોતેજ તેનો પોતાના સ્વરૂપ બળથી ભૂતલપર આવિર્ભાવ કરે છે. જેથી કૂલ શ્રુતિ એમ કહે છે કે તે દૈવીજીવ જગતના પ્રપંચમાં લેખાતો નથી પરંતુ કેવળ વૈકુંઠથી ઉત્કૃષ્ટ શ્રીગોકુલ વૃન્દાવનનુંજ સુખ વિલસતો પૂર્ણ સ્વરૂપાનંદનો ભોગ કરતો રહે છે. અને પ્રભુના કૃપાપાત્રોને કરાવે છે. તે સર્વ નિયેના શરણ સમકથી સમજાશે.

ક્ષર અક્ષર પરબ્રહ્મ અને પરબ્રહ્મધામી ભક્તોનું વિવેચન આ શરણુસપ્તક છે.

(રાગ ગોરી)

અનંતયોનિતાઆદિ અવિનાશી, સર્વાધીશસર્વેશ્વર શ્યામ;
વિલીન થાય ક્ષર અક્ષર જેમાં, એવા પરબ્રહ્મ પૂરણકામ ૧
મહા અલૌકિક કાન્તિ કરૂણામય, પરમ તત્વ યશોદા નંદ;
ભક્ત હૃદયની ગહન ગુહામાં, રમણ શ્રેષ્ઠ રહે પરમાનંદ ૨
સર્વ ભવન સંરક્ષક સ્વામી, સૌમાં અંતર્યામી રૂપ;
માણે ભક્તો મહા મોજથી, ગોપી પતિ શ્રીવ્રજનો ભૂપ ૩
સ્થિતિ કરાવે સંહરાવે, કોટી બ્રહ્માંડના કરતા આપ;
મહામંગલ મયપરમ મનોહર, દેવેશ નિર્ભય અતિ પ્રતાપ૪
દેવનો દેવ અસુર નિકંદક, ભકત ભય હરવા પ્રકટે;
હૃદય બુદ્ધિ મન ચિન્તવન કરતાં, ભવો ભવના તાપ મટે ૫
લોકેશ્વર ઇન્દ્રાદિ મહેશ્વર, વેદ શ્રુત, હરિ સમરે શેષ;
ગુરૂ કૃપા મહદીય અનુગ્રહ, રહે સદાશ્રી પ્રભુ આવેશ ૬
જ્ઞાનક્રિયા બલહીન દીનજન, નિ:સાધનનો સમર્થ નાથ;
વલ્લભી વ્યાસનો વલ્લભ શરણે, કરી અનુગ્રહ કીધો સાથ ૭

આ આખ્યાનની ચોથીકડી, પાંચમીકડી, અને છઠ્ઠીકડી, અને સાતમીનો અર્થ એકસાથે જોડેલો છે.

મૂ. અક્ષર આદિ અખંડ અનુપમ, ઉપમા કહીનવ જાય;
અસ્તિ વસ્તુ સૌ કો મળી બોલે,નિગમ નેતિ નેતિ ગાય:પા
નિર્ગુણનો નિર્દેશ અટપટો, રસના શી પેરે કહીયે;
રૂપ વરણ વપુ દૃષ્ટ પદારથ, ત્યાં એકો નવ લહીયે: ૬॥

જરૂર બ્રહ્મજ્ઞાની અને કર્મનિષ્ટ કર્મનેજ બ્રહ્મ જાણનારને નિત્ય લીલા સાથે સ્વપ્ને પણ સંબંધ નથી. તેથી મૂળમાં કહે છે કે:—

મુ૦ તે થકી પુરૂષોત્તમ અલગા, લીલા અચળ વિહાર;
બ્રહ્મ જ્ઞાનીને મુકિત મારગી સ્વપ્ને નહી વ્યવહાર ૭

શબ્દાર્થ ઉપર નિરૂપણ કર્યું છે તે અક્ષર બ્રહ્મથી પરબ્રહ્મ પુરૂષોત્તમ ૧ અલગ છે તેનું તાત્પર્ય ગીતાશાસ્ત્રમાં કહે છે તે કુટનોટમાં છે. અને તેમનો લીલા વિહાર અચળ છે તેની સાથે કર્મનિષ્ઠને કંઇજ સંબંધ નથી. એટલે કર્મજડની સાથે ભક્તિ માર્ગીએ સંબંધ રાખવોજ ઉચિત નથી. વિવેચનમાં ૧ શ્રી પુરૂષોત્તમ અક્ષરથી ઉત્તમ છે (તેનુ નિરૂપણ કુટનોટમાં આપ્યું છે ત્યાં જોઈ લેવું.)

અક્ષર બ્રહ્મને વિષે રૂપ ગુણ વપુ વર્ણ વિગેરે લૌકિકત્વ કંઇજ નથી તો શ્રીપુરૂષોત્તમ અલગ છે તેવું કહેવાનું પ્રયોજન શું? તેનું નિવારણ એ છે કે:- બ્રહ્મનાં ત્રણ સ્વરૂપ છે ૧ આધિભૌતિક ૨ અધ્યાત્મિક અને આધિદૈવિક ૩ તેમાં જે આધિદૈવિક સ્વરૂપ છે તે ભક્તિથી પ્રાપ્ત થાય છે. અધ્યાત્મિક છે તે સ્વરૂપનેજ અક્ષરબ્રહ્મ કહેવામાં આવે છે કે જેનું મહાત્મ્ય અત્રે વર્ણવ્યું છે અને જગત એ બ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ છે.

૧ સૈષાઽઽનન્દસ્ય મીમાંસા મનુષ્યાનંદથી લઇને ઇન્દ્ર અક્ષરબ્રહ્મ સુધી સૌનો આનંદ ગણિતાનંદ છે એવું શ્રુતિ વચન છે. સૂત્રકાર પણ ઇયદ્દા સૂત્રથી અક્ષરબ્રહ્મને ગણિતાનંદ કહે છે.

૨ શ્રી પુરૂષો-તમને લીલા વડે જગત્‌રૂપ થવાની ઇચ્છા થતાં અક્ષરબ્રહ્મમાંથી આનંદનો તિરોભાવ કરી દીધો તે સૌ આનંદ વગરના જીવો કહેવાય છે.

૩ પ્રકૃતિ અને પુરુષ કરતાં અક્ષર ઉ-તમ છે.

૪ અક્ષરબ્રહ્મ કરતાં પુરૂષો-તમ ઉ-તમ છે. જ્ઞાની વર્ગ ભગવાનના ચરણ સ્થાનરૂપ અક્ષરબ્રહ્મમાં લય થાય છે: શિશુપાલનો પણ તેમાંજ લય થયો હતો. જ્ઞાનીને અક્ષરબ્રહ્મજ પરમ ફલરૂપ છે. અને ભકતને તે ધામ, પ્રભુના ધામરૂપજ ભાસે છે.

---

૧ શ્રી પુરૂષો-તમ અલગ કેમ? ગીતાશાસ્ત્ર જણાવે છે.

યસ્માત્ક્ષર મતિતોહં મક્ષરાદપિ ચોત્તમ
અતોસ્મિલોકે વેદે ચ પ્રથિત: પુરુષો-તમ:

ક્ષર કહેતાં આવિર્ભાવ તિરોભાવવાળો પ્રપંચ અને તેનું મૂળ કારણ અક્ષર લીલા સ્થાન, તે ક્ષર કહેતાં જન્મ જરા મૃત્યુ વાળા જીવો. તેનાથી અધિક અક્ષરબ્રહ્મધામ અને તે ધામ કરતાં વેદમાં વર્ણવાતો હું પુરૂષો-તમ ઉ-તમ છું. અતિત છું.

૫ ભકિત માર્ગમાં ભકિતજ સાધન અને ફલરૂપે હોવાથી આરંભથીજ તેમાં આનંદ છે. પણ જ્ઞાનમાર્ગીયને તો અક્ષરબ્રહ્મમાંજ આનંદ તેના જેવો મળે છે.

૬ ભગવદજ્ઞાન થયા પછી પણ તેનું મનન નહી કરે તો ભવાટવીનો ભય રહે છે. વિપરિત ભાવનાઓ પળમાં પ્રકટ થાય છે, માટે મનન પૂર્વક નિષ્કામતાથી સર્વ કર્મ ભગવદાર્પણ કરવા વ્યસન વ્યાસંગી થવું

અક્ષરબ્રહ્મધામ લીલા સ્થાન છે. તેનો વિચાર કરીને, અચળા વિહારી શ્રીપુરૂષોત્તમના અનુગ્રહનો પણ વિચાર કર્તવ્ય છે.

અતોસ્મિ લોકેવેદેચ પ્રથિત : પુરૂષોત્તમ :

અક્ષર લીલા સ્થાન અને પ્રપંચથી પર સાક્ષાત ગિરિરાજ ધરણ રાસ રસિકમણિ નૃત્ય પરાયણ અચળ વિહારી છે. ત્યાં સર્વ આનંદમય છે. બ્રહ્મની પાસે આનંદમય પ્રદાર્થ પ્રાણી ગિરિરાજ યમુના સાજ સાજંદા સર્વ આનંદ ભૂમિમાં આનંદમય છે. એવું સર્વથી અસ્પર્શીય લીલા સ્થાન વ્યાપિ વૈકુંઠ કહેવાય છે. તેનું નિરૂપણ આ એક પદમાં પૂર્ણત: છે.

પરમાનંદ રૂપ શ્રી પ્રભુનું સ્વરૂપ અને કાર્ય–

સારંગ

આનંદરૂપ પ્રભુના કાર્યો, સર્વે આનંદરૂપ સદાય:
આનંદમાં તે સ્થીતિ લય પામે, આનંદ લીલામાં તે જાય; ૧
પ્રભુનું પુરૂષાકાર વપુ તે, આનંદભુમિ મધ્ય થયું:
સર્વ સહવાશી આનંદ મંડળ, આનંદરૂપથી આવિર્ભવ્યુ ૨

આનંદમય વૃન્દાવન યમુના, ગિરિ ગાય પશુ પક્ષી વૃક્ષ;
અનંત યુથ આનંદ ધામમાં, દિવ્ય દૃષ્ટિને સર્વ પ્રતક્ષ ૩
લીલા સહુભાગી સૌ જીવો, કેવળ દૈવી દિવ્યજ કામ:
સૌ આનંદી રસને આધિન, મહા અલૌકિક આનંદ ધામ ૪
પ્રભુ ઇચ્છાનાં દિવ્ય મૂર્ત સૌ, સ્વરૂપાનન્દે સૌ રસરૂપ
અખંડ પરમાનંદ છકેલાં, અનંત શોભાળાં અગાધરૂપ ૫
ચૌદ લોકથી પર છે સૃષ્ટિ, ત્યાં વસે સ્ત્રી પુરણ કામ;
આનંદ ધામ પ્રકટાવી શ્રીપ્રભુ, આનંદરૂપ ત્યાં કરે આરામ ૬
લીલા રસ ભોગી રસિકોનો, રસિક પુરંદર છે વિશ્રામ
મહા આનંદ દેશ એ દુનિયાં, એવું એ વૃન્દાવન ધામ ૭
શ્રીવલ્લભ વન્હિસુત પથરસ: પીતાં જેને લાગ્યું તાન;
એ વિણ ભ્રમિત પંગુ પ્રમાદી, થાય નતેને પર રસ જ્ઞાન ૮
દૈવી તત્વનાં નિત્ય સ્વરૂપો, ભકત સમિયે સદા બિરાજ;
અઘદાનીના અનુપમ ભોગી, પ્રભુ સંજોગી સર્વ સમાજ ૯
દિવ્ય ભાવની દિવ્ય પ્રકૃતિ, નિત્ય લીલાની તેને લ્હેય:
નિત્ય વિલાસ રાસ વૃન્દાવન, અખંડ દૈવીનું ત્યાં ધ્યેય ૧૦
આનંદમૂર્તી વ્યકત. મનુષા કૃતિ; કરતાં જેને જરા ન વાર
જ્યાં જેવું રૂપ ધારણ કરવું, સિદ્ધ કરે ત્યાં સૌ સરદાર ૧૧
આનંદ ઉર્મી દૈવી હૃદયે, ઉભરઇ દૈવી રસે દબાય;
ભ્રમર કીટ વત દૈવી બનતાં, કેવળ પરમાનંદી થાય ૧૨
ગોવિંદ સુત ગુરૂ કૃપા પ્રસાદે લખતાં વ્યાસ આનંદ ઉભરાય
વલ્લભી વ્યાસનું વલ્લભ શરણે, અંતર દૈવી રસ છલકાય ૧૩

શુદ્ધાદ્વૈત જ્ઞાની શિવાય અન્ય માર્ગીયોને અક્ષરા નંદકે ભગવદાનન્દનો લાભ છે જ નહી તો પછી કર્મ વિમોહિત બાંગળા પ્રેમ શુન્યનું તો કહેવુંજ શું?

લીલોપયોગી ભકત હૃદય સ્થાન એજ સર્વ ભવન સમર્થ પ્રભુનું પ્રિયકર અચળ સ્થાન છે.

કેવળ કર્મનેજ ફલરુપ માનનારા, ભકિતમાર્ગના પરમ પ્રેમ તત્વના વિરોધીયો છે. પ્રભુની પ્રેમભકિતને હલકી ગણે છે, એવા બહિર્મુખોના હૃદયનો પ્રભુ પરસ કરતા નથી તેઓથી પ્રભુ તદન અલગ રહે છે.

પ્રીતિ શુન્યો મહાદુષ્ટો માયિકો બુદ્ધિનો દુરુપયોગ કરનારા જીવો શ્રીપ્રભુને આભાસ અને પ્રતિબિમ્બ કહી શુન્ય માને છે. જગતને પણ શુંન્ય મિથ્યા માને છે સૃષ્ટિ સ્ત્રી પુરૂષના સંયોગથી રચયલી છે, એવું સમજે છે.

એવા કર્મમાર્ગીયો પણ મુકિતને ઇચ્છે છે. પરંતુ મુકિત કેમ મળે? તે જાણી, પ્રણય સ્વરૂપને સેવી, જીવે પોતાના સ્વરૂપમાં વ્યવસ્થિત થવું જોઇએ એવું શ્રીમહાપ્રભુજી કહે છે.

મુકિતર્હિત્વા ન્યથારૂપં સ્વરૂપેણ વ્યવસ્થિતિ:

આદ્ય અચળ સ્થાન ગોલોક ધામમાં પ્રભુના રમણનું સ્થાન આદ્યવૃન્દાવન છે તે વનો વિષે નિત્ય લીલા સંબંધી સર્વ આધિદૈવિક અપરિમિત વસ્તુઓ છે. તે તમામ વસ્તુઓનું દર્શન પ્રભુમાં દૃઢા સકિત પુર્વક મનનો નિરોધ થઇ, ઇન્દ્રિયોની બહિર્મુખતા મટી ન હોય, ત્યાં સુધી તમામ ઇન્દ્રિયોમાં દિવ્યસામર્થ્ય આવતું નથી. અન્તર્મુખ થઇ જીવની મનોવૃતિયો પ્રભુ તરફ ખેંચાઇ ન હોય ત્યાં સુધી પ્રભુ કદાપિ લૌકિક ચક્ષુને દિવ્ય વસ્તુઓનુ દર્શન દાન કરતા નથી.

આખ્યાનના કર્તા પરમ ભક્ત ગોપાલદાસજીને લૌકિકત્વ જરાય બાધક નહતું તેઓશ્રી પુર્વજન્મમાં પ્રસિદ્ધ મહાનુભાવ નૃસિંહ મહેતા હતા. તે વખતે તેમનાથી વગર લાલચના વ્હાલ વાળી નિઃસ્વાર્થ પ્રેમીલી પ્રભુ પ્રતિ કોમલ ભાવવાળી ભક્તિ નહી થવાથી દેહાન્ત સમયે તેમનું અન્તઃકરણ દુઃખવાળું થયું, એવા પ્રાલાપ નિકળવા લાગ્યા કે મેં મારા પ્રેમિક પ્રભુને નિર્લેપ અંતરપ્રેમ ન અર્પતાં કંઈક તુચ્છ માગણીયો કરી દુઃખી કર્યા છે. એમ કરતા દેહ છોડયો.

તેજ આત્મા આ ગોપાલદાસજી મહાન ભક્ત છે તેમને પુર્વ જન્મનું ભાન હોવાથી, જન્મથીજ જ્યાં સુધી વાણીના અધિપતિનું દર્શન સ્પર્શ ન થયો ત્યાં સુધી મુગી અવસ્થા રહ્યા. તે વાક્પતિર્વિબુધેશ્વરઃ પોતે ભાઈલા કોઠારીને ત્યાં ગોપાલદાસને કૃપા પ્રસાદ દેવા પધાર્યા ચર્વિત ઉગાળા આપ્યો ત્યારે દિવ્ય ચક્ષુ ખીલી ગયાં, સ્વરૂપાનંદ નિમગ્ન થયા; શ્રીપ્રભુ જે સમયે ભક્તને દિવ્ય લીલા રસનું પાન નેત્ર પુટે કરાવા વિચારે તેજ વખતે કરાવે છે.

ભક્તરાજ ગોપાલદાસ મહાનુભાવ ઉપર શ્રીવિઠ્ઠલેશે સ્વતઃ અનુગ્રહ કરી દિવ્ય દૃષ્ટિનું દાન કર્યુ, કે તરતજ આનંદના ઉભરાથી છલકાઈ ગયા. એજ રસ રસના દ્વારા રેલાયો. એજ રસ નવ મીઠાં નામે વિદ્યમાન થઈ તે રસિકોના હૃદયમાં અખૂટ ભરાયો. અને તેમણે એ રંગીલો વાંટો ભાગ્યવાનોમાં કરવા માંડયો છતાં કોઈનો ખુટાડયો એ રસ ખુટે એમ નથી.

ભક્તોને લીલા સ્વાદ લેવામાં એ રસજ સહાયક છે.
હરિરસ વૃંન્દાવન તેં આયો.

રસિક જન અચવન કે કારણ, શ્રીવ્રજનાથ પઠાયો;
બાંટલીયો અપ અપની રુચિ જો જાકે મન ભાયો, ॥૧॥
સુરદાસ પ્રભુ રસિક વિનોદી, સો રસ રસિક ન પાયો હરિ હરિ
પ્રીતમના હૃદયનો રસ પ્રેમિકમાં આવે છે ત્યાં પ્રાકૃત. ॥૨॥
જનને ઉભા રહેવાની જગાજ નથી. પ્રીતમ અને પ્રેમિકની
આંખજ કોઈ ઓર છે. પ્રેમિકનો સ્વભાવ સુર્યમુખી પુષ્પના
જેવો છે. પ્રીતમ સન્મુખજ પ્રેમિકનું નયન લાગ્યું રહે છે.
અર્થાત અન્તરાકાશમાં પ્રેમનો સૂર્ય ઉદિતજ રહે છે. ભગવાન
અને પ્રેમરસિકડા ભક્તોની કથા અને વૃન્દાવનના રસિકડા
સરંજામનું વર્ણન મહાનુભાવ ગોપાલદાસજી કહે છેઃ–

જ્યાં વૃન્દાવન આદિ અચળ શશી શરદ રેણ બહુ વેશ; ॥
વનદેવી પદ કુંકુમ મુખ સુખ, સ્પર્શે રંગ વિશેષ ॥ ૮॥
જ્યાં સરિતા ચામિકર મણિગણ ઉભય બદ્ધ સોપાન ॥
કમલ કુમુદ નાના અલી સુંદર મધુર કરે ત્યાં ગાન ॥૯॥
કનક લતા માલતી, મલ્લિકા, વિવિધ કુસુમ મકરંદ;
શીતલ પવન ઝકોરે લહરી, સ્પર્શે અતિ આનંદ ॥૧૦॥
પદ્મ રાગ મરકત મણિ સ્ફાટિક, શ્રી ગોવર્ધન સોહે;
બ્રહ્મ રૂદ્ર ત્યાં કોણ બાપડા, શ્રી હરિનાં મન મોહે ॥૧૧॥
નાના પક્ષીને શબ્દ માધુરી શોભા તણો નહિ પાર:
વિવિધ પ્રકારે જુજવા કહેતાં, ગ્રન્થ થાય વિસ્તાર ॥૧૨॥
શ્યામા શતદલ નયન સુંદરી જુથ તણો નહિ પાર;

અનેક રાસ મંડલ રચના રચિ ખેલે શ્રીનન્દકુમાર ॥૧૩॥
એણી પેરે નિત નવલી લીલા ગોપવાદ ઝંકાર;
અંગ સ્વેદ મકરંદે મોહ્યા, મધુપ કરે ગુંજાર ॥૧૪॥
એ પ્રભુને મન ઇચ્છા, ઉપની યશ થાવા વિસ્તાર;
અધિકારી પાખે એ વાણી, નહિ કોને ઉચ્ચાર. ॥૧૫॥

શબ્દાર્થ વ્યાપિ વૈકુંઠને વિષે આદિ વૃન્દાવન છે, અને ઉદયાસ્ત રહિત ચંદ્રમા છે, વળી શરદ ઋતુની રાત્રી બહુવેશી વર્ણવી ન શકાય તેવી મનોહર છે. અને વ્રજ જન જેને પ્રિય છે, તેવી વ્રજવનિતાઓ પ્રભુના પાદારવિન્દનું પ્રસાદી કુંકુમ ચંદન વિરહાગ્નિ નિવૃત્યર્થ હૃદય અને મુખ પર લગાવી અધિક સુખથી શોભતી કામાગ્નિને શાંત કરી રહી છે. ૮ વળી શ્રી વૃન્દાવનમાં **શ્રી યમુનાજી ચામિકર મણિગણ ઉભય બદ્ધ સોપાન** છે. અર્થાત્ સુવર્ણ મણિ માણેક મુક્તાદિથી ખચાયલા બન્ને કિનારા શોભી રહ્યા છે. તે જાણે સુવર્ણમાં મણિ જડિત સીડી ન હોય? તેમ લાગે છે. અને તેમાં કમળ કુમુદિની ખીલી રહેવાથી તે પર ભ્રમરો નાના પ્રકારનાં ગીતડાં ગાતા ગુંજાર કરી રહ્યા છે.

અને તે કિનારા પર, પીત ચંબેલી મધુ માલતી મોગરો વિગેરે વિવિધ પ્રકારનાં પુષ્પો મધુર સુગંધી આપી રહ્યાં છે. વળી શ્રી યમુનાજીની લહેરોનો સ્પર્શ કરતો પવન અત્યાનંદ આપી રહ્યો છે. ૧૦

વિશેષમાં શ્રી યમુનાજી નિકટ પદ્મરાગ ઉત્તમ માણિક્ય લીલમ સ્ફાટિકાદિ અનેક રત્નોથી જટિત થયેલો શ્રીગોવર્ધન

પર્વત શોભી રહ્યો છે. તેની શોભા જોઇ શ્રી હરિ ભગવાન પણ મોહ પામે તેમાં શું નવાઈ છે? ૧૧

વળી તે વૃન્દાવન યમુના ગિરિરાજ વિષે રહેલી ગુલ્મ લતાઓમાં વિવિધ પ્રકારનાં પક્ષીયોનો થતો મધુર શોર અત્યાનંદને આપી રહ્યો છે. તે જુદી જુદી પ્રકારે વર્ણન કરતાં ગ્રંથ વિસ્તારનો ડર અટકાવી દે છે. ૧૨

તે વૃન્દાવનમાં સો પાંખડીવાળાં કમળની ઉપમા આપી શકાય તેવાં ચક્ષુવાળી વ્રજ લલનાઓનાં અનેક ટોળાં વિવિધ પ્રકારનો રાસ રમવા તૈયાર થઈ કુંડલાકારે નંદકુમાર શ્રીકૃષ્ણથી ખેલી રહ્યાં છે. ૧૩

અને તે ખેલમાં પરમોપયોગી નુપુર ઘુઘરા મૃદંગ દુંદુભિ વિણા સારંગી વિગેરેનો નાદ થઇ રહ્યો છે. વિશેષમાં અનેક પુષ્પ ચંદનાદિ ભૂષણથી ભૂષિત થયેલી સજાંગનાઓ રાસ વિહારીથી રમતાં શ્રમિત થવાથી સુગંધ યુકત પ્રસ્વેદ બહાર આવવા લાગ્યો છે. તેનો મકરંદ રસ લેવા આવેલા અવ્યકત મધુર શબ્દ કરતા ૧ ભ્રમરો ભ્રમણ કરી રહ્યા છે. ૧૪

એક સમયે એ પ્રભુને એવી ઇચ્છા થઇ કે મારા મહાત્મ્યનો ભૂતલ પર વધારો કરૂં ઉકત વિચાર થતાં; યોગ્યતા વિનાના જીવોને બાદ કરી ભકતો દ્વારા કીર્તી ફેલાવી. ૧૫

વિવેચન– જ્યાં સૂર્ય ચંદ્ર એકી વખતે બિરાજમાન છે. ત્યાં રાત્રિ દિવસનો ડર નહિ કે? તે શંકાનું સમાધાન પરમ ભકત કવિ સુરદાસે કાવ્યમાં કરી બતાવ્યું છે કે–

રાગ બિહાગ.

ચકઇરી ચલ ચરણ સરોવર, જહાં નહિ પ્રેમ વિયોગ;
જ્યાં ભ્રમનિશા હોત નહિ કબહુ, સો સાયર સુખ યોગ ૧

સનકસે હંસ મીન શિવ મુનિજન, નખ રવિપ્રભા પ્રકાશ;
પ્રફુલિત કમલ નિમિષનહીંશરીઠર, ગુંજતનિગમસુવાસ ૨

જીંહિસર સુભગ મુક્તિ મુકતા ફલ, વિમલ સુકૃત જલ પીજે;
સો સર છાંડ કયોં કુબુદ્ધિ વિહંગમ, યહાં રહિ કહા કીજે ૩

જહાં શ્રીસહસ્ર હરિ કીડત, શોભિત સૂરજદાસ;
અબ ન સુહાય વિષય રસ છીલર; વહે સમુદ્રકી આશ ૪

આ વૃન્દાવનમાં એકજ પ્રકારની સમજણનું બીજું સ્પષ્ટિકરણ મહાનુભાવીએ કરિ મુકયું છે કે–

ઔર કોઇ સમજોસમજોસોઇસમજે, હમકોઇતનીસમજભલી;
ઠાકુર નંદ કીશોર હમારે, ઠકુરાણી શ્રીયમુના લલી ૧

શ્રીદામાઆદિ સખા શ્યામકે, શ્યામા સંગ લલિતાદિઅલી;
વ્રજપુર વાસ શૈલ્યબન બિહરત. કુંજનકુંજનરંગરલી. ૨

ઇનકે લાડ ચાહુ સુખ સેવા, ભાવવેલ રસ ફલન ફૂલી;
કહિભગવાનહિતરામરાયપ્રભુ, સબનતેંઇનકીકૃપાભલી. ૩

પુષ્ટિ પુરૂષોત્તમનો અનન્ય ભક્ત કહે છે

હું સેવું ગિરિધરન છબીલો, મોહનલાલ રંગીલો શ્યામ;
ઔર અનેક અવતારભયેહૈં, વાસો મેરે કબુન કામ. ૧

પિતાનંદ જાકી જનનિ રોહા, બડો વિર જાકો બલરામ;
પ્રિયા જાકી શ્રીયુભાન નંદની, શ્રીરાધા પ્યારી વાકોનામ;૨

જાકે ગિરિ ગોવર્ધન મથુરા, વ્રજવૃન્દાવન ગોકુલ ગામ:
માણેક ચંદકો એહીકૃપાફલ. નિતપ્રતિદર્શનવ્રજમેહામ. ૩

શ્રીપ્રભુનું ગોલોકધામ આદિવૃન્દાવન અચાળ ચંદ્રમાવાળુ ઉદયાસ્ત રહિત છે. અને શરદૃતુના પ્રભાવવાળી ખીલી રહેલાં મલ્લિકાદિ પુષ્પોવાળી, રજનિ ભકતોના સર્વ તાપનું શમન કરનારી નિત્ય છે. અને તે શારદી ચંદ્રનાં જથાબંધ કિરણોથકી તિમિર નાશ પામેલું જોઇ, ભકત જનનાં લીલા મધ્ય પાતિ શ્રીયમુનાજીએ પોતાના તરંગરૂપી શ્રીહસ્ત વડે પાથરી દીધેલી સુખદ રેણુ બહુરૂપે દર્શન આપી રહી છે. અને ત્યાં વનદેવીઓ-વ્રજાંગનાઓ ભગવાનનું દર્શન કરવાથી પરમાલ્હાદને લીધે જાણે પીત વર્ણને ધારણ કરી રહી ન હોય? તેમ શોભે છે. એટલું નહિ પણ સેંકડો મનોરથના ઉર્ભવથી, થયેલા તાપ નિવૃત્યર્થ, પ્રભુના પાદાર્બિન્દનું પ્રસાદી કુંકુમ લઇ પોતાના હૃદય પર પ્રેમથી લગાવી રહી છે. તેથી અધિક સુંદરતા એ થઇ કે: પોતે વનદેવીયોજ પીતવર્ણી અને તે ઉપર કુંકુમ કેાશરાદિ લેપ્યું. એટલે બહુ પ્રકારનાં રંગથી શોભી રહેલ છે.

જ્યાં એટલે એ વૃન્દાવનમાં **સરિતા** આધિદૈવિક સ્વરૂપથી શ્રી યમુનાજી સુંદર મણિ જટિત ભૂષણોથી ભકત વત્સલ રાસ રમણની સાથે રાસ મંડલમાં રમતાં શોભી રહ્યાં છે.

વળી તે વૃન્દાવનમાં શ્રી યમુનાજી નિકટ આધિદૈવિક ભકત અલૌકિક ભૂષણોથી ભૂષિત હરિદાસ વર્ય વ્રજજનોના સુખાર્થ અને સકલ દિવ્ય રસની વૃદ્ધિ કરવાને માટે સુવર્ણ મણિ સ્ફાટિક શીલામય ૧ શ્રીગોવર્ધન, પર્વત સ્વરુપે શોભી રહ્યા છે. અને તેમના સમાગમ ચૂકત રહેવા ગુલ્મલતા મયૂર ખગાદિ રૂપે અનેક ભકતો ગુણગાન ગાતા અત્યાનંદ કરી રહ્યા છે.

વળી શતદલ સરોજાક્ષીયો ત્યાં વિવિધ પ્રકારનો રાસ રમવા કુંડલાકાર ગોઠવાઇ (૨) રાસવિહારી શ્રીકૃષ્ણ સાથે રમી રહી છે. એ ગોપીજનોનું પ્રેમ તત્વ, રાસ લીલાનો અનુપમ ભાવ શબ્દમાં સમજાવી શકાય તેમ નથી. મૂળપુરૂષ ગોપાલદાસજી કહે છે કે જુદી જુદી રીતે કહેતાં ગ્રંથ વિસ્તાર પામી જાય છતાં પાર આવે તેમ નથી.

ફુટનોટ (૧) શ્રી ગોવર્ધન પર્વતનું વર્ણન બૃહદ વામન પુરાણમાં છે.

यत्र गोवर्धनो नाम सुनिर्जर हरि युतः
रत्न धातु मयः श्रीमान् सु पक्षी गण संकुलः

(૨) રાસ લીલાના તત્વને કેટલાક નહિ જાણનારા કહે છે કે શ્રી કૃષ્ણ એટલે આત્મા અને ગોપીયો એટલે વૃતિયો. તે બન્નેનું રમણ થાય એજ રાસ.

વળી કેટલાક રાસને વિષમ બુધ્ધિથી જુવે છે. પરંતુ બન્નેની બુધ્ધિ પર અજ્ઞાનનો અંધાર પટ પડયો છે.

નિરોધના સાધન રૂપ નિર્દોષ રાસને વિષમ રૂપ માને છે. પણ જ્યાં જ્યાં શ્રી કૃષ્ણ રાધિકાજી અને ગોપીજનોનું પ્રેમતત્વ નજરે પડે ત્યાં ત્યાં પુરતુ લક્ષ આપવાથી અમારા આપેલા સ્પસ્ટ વિવેચનથી વાંચક વૃન્દની ભ્રમણા ભાગી જઈ વાંચવામાં રસ પડશે.

કામાંધો કુતર્ક કરનારા પામરોનો દોષ નથી. કારણ ભગવાન જ્યાં સુધી અમિદૃષ્ટિ કરી એમની બુધ્ધિને ન ખોલે ત્યાં સુધી વિમુખ શ્રી પ્રભુને ગમે તેમજ બકવાના. ભગવાન જેની બુધ્ધિ કૃપાથી દિવ્ય બનાવી સ્વરૂપ દાન દે છે. તેજ દિવ્ય ભેદ જાણે છે.

(શ્રી પ્રભુ પોતાનું સ્વરૂપ અને લીલા ભેદ જણાવે છે તેજ જીવ જાણે છે. ત્યાં એક ભકત કવિ કહે છે કે :–)

જોલેાં હરિ આપુન પેાં ન જનાવે,

તોલેાં સકલ સિધ્ધા-ત મારગ કેા, પઢે સુને નહિ આવે: ટેક
સુન બ્રહ્મા નારાયણ મુખતેં, નારદ કેા શીખ દીની
નારદ કહી વેદ વ્યાસસેાં, આપ ખેાજ નહિ કીની; ૧
વેદ વ્યાસ ઐાપધકી નાયિ; પઢી તન તાપ બુજાયેા;
તાતેં પઢે મુનિ શુકદેવા, પરીક્ષત કેા જુ સુનાયેા : ૨
યદ્યપિ સુનિ નૃપ વ્રજકી લીલા, દશમ કહી શુક દેવા;
તેા ઉ સર્વાત્મ ભાવન ઉપન્યેા, તાતેં કરી ન સેવા; ૩

શ્રીભાગવત અમૃત દધિ મથકે; શ્રીવલ્લભ સર્વોત્તમ;
કર આવરણ દુર નિજ જનકે, હાથ દીયે પુરૂષોત્તમ ૪
સેવા સ્વાદ શૃંગાર સબે રસ, ખાન પાન પ્રકટાયોઃ
વૃન્દાવન નિકુંજકી લીલા, હરિજીવન સ્વાદ ચખાયોઃ ૫

આ ઉપરની બધી વાતો પ્રીતમનું પીયૂષ પીનારાં અને એ અલગેલા શ્રીપ્રભુનું મુખારવિંન્દ જોઈને જીવનારાં વિપરિત વિષયોને તજનારાં પલકના વિરહતાપે પ્રેમાગ્નિની ભવ્ય ભઠીમાં ભુંજઈ ગોવિંદ ઘેલાં, પ્રેમાળ, ગોપીજન અને ગિરિરાજધારીની વાતો છે. એટલુંજ નહિ પણ શ્રીગોપીજનને ગુરૂ જાણનારાં ભાવુકોની છે. ગોકુલ મંડન ગોકુલનાથ અનંત કૃપાના ભંડાર તેમને વળગેલા વૈષ્ણવ માત્રના દુષ્ટ વિષયો દૂર થયેલાની આ વાતો છે.

જેને અનંત કાળથી વળગેલા મહાવિકાભ ભવાટવીમાં ભટકાવનારા વિષયો દૂર કરવા હોય, વગર સાધને જગતલીલાને જીતી જવી હોય, ભજનાનંદીય બની પરમાનંદમાં રહેવું હોય, તેને માટે આ વાતો છે.

રાસ લીલા અને ગોપીજનોનું પ્રેમતત્વ સાધારણ નથી. શ્રી કૃષ્ણ પોતે **સંસાર વેરી કૃષ્ણરયઃ** કહેવાય છે. કપરા કલુષિતોની પણ વિપરિત વાસનાઓને ભસ્મિ ભૂત કરનારો, નન્દનોનંદન, યશોદાનો લાડીલો, ગોપીજનોનો જીવન પ્રાણ, પોતાનાં બની રહેનારને શ્રીકૃષ્ણાનંદનુંજ દાન કરે છે. શ્રીકૃષ્ણાનંદનો અનુભવ કરનાર કોણ પ્રેમ મસ્તાન નથી બન્યાં? એના

પ્રેમ સમુદ્રમાં જે બહોળો વિચાર કર્યા વિના કુદી પડયાં, એજ પરમાનંદ ઝીલતા થયા છેઃ- આ ગ્રંથમાં જમાનાની લોકપ્રિય ઘેલહાગળી વાતો નથી. કલિના કીચ્ચડમાં કળી ગયેલા છેલ-બટાઉની છબીયો જોવાની કે રાગોટી વખત ફોકટ વિતાવાની આ ગજલો કે ગલાબડીયો નથી. અહીંતો આત્મ તત્વનું ભાન કરાવનારી આત્માધીશમાં વિરહસં તૃપ્ત કરી વિપ્રશ્ચિત બ્રહ્મ સાથે સર્વ કામ ભોગ કરાવનારી રસ પ્રચુર કથાઓ છે. પ્રભુ સર્વાનંદ સૌને આપે છે. પરંતુ કૃપાનંદ તો કૃપાપાત્રોનેજ દે છે એવું **પ્રેમતત્વ** જો હોય તો આ વલ્લભાખ્યાન પ્રતિદિન પ્રાતઃકાળથી વલ્લભીયોના ઘેર ઘેર ગવાતું છે. તેમાંજ ભરેલું છે.

શ્રીવલ્લભાખ્યાનમાં બધાજ સરળ શબ્દો છે, છતાં અર્થભેદ જાણવો. હરિ ગુરૂ અને અનુગૃહીયોની કૃપામાં સમાયલો છે.

રાસ લીલાનું જેટલું વર્ણન ન કરીએ તેટલું ઓછું જછે. જેથી વધુ વિસ્તરણ કર્યુ નથી અધિકારીને તો એટલુંજ બસ છે અનધિકારી વિપરિત વિષય વશ પડેલા પામરોને બધુજ વિષરૂપ છે.

રાસ વિહારી રસિક પુરંદર સાથે રમનારા સર્વ વિષય ત્યાગી મહાભાગા ગોપીજનો કહો કે વ્રજનીકમલાક્ષીયો કહો તેઓ ભગવાન શ્રીકૃષ્ણથી નિત્યનું તન ખેલ રમતાં બંસીનો નાદ મૃદંગની મધુરતા, તાનની તર્જના અને સારંગીનો શોર સર્વને એકરસ કરે છે. એવા બ્રહ્મ નાદના આનંદની લહેરજ પરમાનંદની સુરખી ચઢાવી પરમ શાન્તિને આપે છે. બ્રહ્મ

નાદનો ભવ્ય શોર અંતરિક્ષ દેવો સાંભળી સ્વર્ગીય સુખ તજી ભકત ભગવાનના ભકિત રસનું દર્શન કરવા અંતરિક્ષ વિમાનોમાં ટળી રહે છે. તેઓ પોતે પોતાના હૃદય સાથે દીનતા કરે છે, અરે! આ ભકતોના સરખી રસિકતા પ્રેમ દીનતા, અમારામાં કયારે આવશે? પ્રભુ કયારે કૃપા કરશે? આપણું ભાગ્ય કયારે ખુલશે, કયારે આ પરમાનંદ રસ પામશું? એમ દેવોને દિવ્ય રસિક ભકતોની ઉંચી કોટીનું સુખ લેવા પ્રેમ પીડાથી હૃદય દ્રવિભૂત થાય છે. બ્રહ્મા રૂદ્ર નારદાદિ અનેક ભકતો આ રસ પ્રચુરતર ભકતોના અંગ સ્વેદની સુગંધમાં મોહ પામી વિવિધ પ્રકારે પ્રભુથી યાચના કરે છે.

કૃષ્ણ વિક્રીડિતં સ્ત્રિયા: દેવૌકસાં સદારાણામ,

રાસ પંચાધ્યાયિ ૪–૨૩–૧૦ માં આ ચારિત્ર્ય છે.

રાગ સારંગ ચર્ચરી

આજ કમનીય નવ કુંજ વૃન્દાવિપ્રિન,
મદનમોહન સુખદ રાસ મંડળ રચ્યો.
ઉડિત ઉડુરાજ લખ મુદિત વ્રજરાજ સુત,
પ્રાણપ્યારી સહિત વિવિધ ગતિ મતિ નચ્યો. ૧

મુકુટકી લટક, કુંડલનકી ચટક, ભ્રુકૂટિનકી મટક;
પગ પટક, બરની ન પરત;
ઉર રૂરિત હાર, કંકણ લલિત કિંકણી,
મુખર મંજીર ધ્વનિ, સુનત જન મન હરત. ૨

ત્યાં એક વ્રજ સુંદરી, અધિક ગુણ રૂપ, મહા રસ મત્ત,
ગિરધરન સંગ સ્વર ભરત;
સબે જોબન ભરી, ઉરપ પુંન તિરપ સંગિત ગતિ
અલગ મતિ તા તત થેઈ થેઈ કરત ૩
શ્રવણ સુન સુર વધુ મુરલિકા કા કલી,
યદ્યપિ પતિ નિકટ, તોઉ નહિ ધીર ધરત;
રસિક મણિ મુકૂટ નંદલાલ કી કેલી યહ,
ગદાધર મિશ્રકે નેક મન ના ટરત ૪

હવે કેવી રીતે જગતનાથે જગતરચના રચિ, અને તેમાં કેવા કેવા જીવો પ્રકટ કર્યા, વળી તે તે જીવોનો પ્રાદુર્ભાવ કયાં કયાંથી થયો, તેમજ તેઓની અન્તકારણની ગતિયો ક્યાં કયાં સુધી ફરવા અધિકારી થઇ, તે સર્વ બીના આ પ્રથમા ખ્યાનની સોળમી કડીથી એકવીશમી કડી સુધીમાં ભકત ગોપાલદાસજી વર્ણવે છે.

મૂલ૦ ।। ભ્રુભંગેથી સૃષ્ટિ નિપની, અતિસુંદર બ્રહ્માંડ
।। ચૌદ લોક નાના વિચિત્ર, ભૂમંડળ નવ ખંડ ।। ૧૬ ।।
।। પર પાતાની વ્યક્તિ કરેવા, સૃષ્ટિ તે દ્વિધા પ્રકાર;
।। દૈવિ આસુરી બેઉપજાવી, પ્રભુમનકરી વિચાર ।।૧૭।।

।। ભક્તિ સુંદરીને માયા દાસી, બે મૂર્તી પ્રકટાવી; ।।
।। તેમાં પહેલી નખ શિખ સુભગા, શ્રીહરીનેમનભાવી
।। ૧૮ ।।

।। કૃપા કટાક્ષે હુવા અક્ષરમાં, ઉપના સત્વ અનંત ।।
।। ભકિત લિન હુવા સૌભાગી, તે વૈષ્ણવ ગણુવંત ।।૧૯।।

।। બીજી કટાક્ષે જે જન ઉપના, માયામાં થાંયા લિન ।।
।। કર્મજડ અસુર અન્યઉપાસક, ભજન ધર્મથી હિન ।।૨૦।।

।। એણી પ્રકારે સૃષ્ટિ દ્વિધાગણુ, મિશ્રિત ચાલીજાય ;।।
।। ભકિતમાર્ગીય જીવસ્વતંત્ર, કેવળભકતનથાય ।।૨૧।।

શબ્દાર્થ શ્રીપ્રભુને સૃષ્ટિ રચવાની ઇચ્છા થતાં પેાતાની ભ્રૂકુટિના મટકારામાંથી ઘણું મનેાહર નવ ખંડવાળુ, વિવિધ વિચિત્ર ચૌદલેાકવાળુ બ્રહ્માંડ પ્રકટ કર્યું. ૧૬

વળી પેાતાની અને બારકી, (દૈવી અને આસુરી) એમ બે સૃષ્ટિ-વ્યકિતયેા–સ્વંય વિચાર કરીને બ્રહ્માંડમાં પ્રકટ કરી છે. ૧૭

વિશેષમાં આ બ્રહ્માંડમાં ભકિતરૂપી ભાગ્યશાળી સ્ત્રી અને માયારૂપી દાસી એમ બે સ્ત્રીઓ પ્રકટાવી છે. તેમાં પ્રથમની ભકિતરૂપ મનનિરેાધીની સ્ત્રી. તેને શ્રીપ્રભુએ પ્રસન્ન કરી છે. અને માયારૂપી દુસ્તર સ્ત્રી તેને ભકિતની દાસી અન્ય સંબંધિની કરીને ચેાજી છે. ૧૮

વળી જે અક્ષરબ્રહ્મમાં સહસ્ત્રાવધિ જીવેા હતા, તેજ પેાતાની કટાક્ષથી વ્યુચરણ થઈ આ બ્રહ્માંડમાં પ્રકટયા છે. તેઓ

દૈવી અને આસુરી બન્ને પ્રકારથી ઓળખાય છે. તેમાં પ્રથમ જેઓ કૃપા કટાક્ષથી પ્રકટયા તેઓ ભગવાનમાં પ્રેમાળ હેાવાથી સર્વ જગતમાં શમ વિષમ ભાવ રહિત પરમ ભાગ્યશાળી મહા ગુણીયણ વૈષ્ણવ થયા. ૧૯

અને બીજી કટાક્ષથી જે ઉત્પન્ન થયા તે જીવેા કેવળ કર્મજડ આસુર અને વિવિધ વ્યકિતયેાની ઉપાસનાવાળા થયા. તેઓ ભગવાનને ભુલી શાસ્ત્રેામાં વર્ણવેલા ભજનાનંદથી વિમુખ, શમ વિષમ ભાવવાળા થયા, એટલે જેને બંધન અને મુકત જીવેા કહે છે; તે બન્ને પ્રકટ કર્યા. ૨૦

એ પ્રકારે દૈવી આસુરી બન્ને જીવેા મય આ જગતનેા કાર્યક્રમ ચાલે છે. તેનામાં દૈવીજીવેા નિગુર્ણ ભક્તિને લાયક ખરા તથાપિ પેાતે સ્વતંત્ર રીતે ગુરૂએ અનુગ્રહ્યા વિના, ભક્તિ માર્ગમાં પ્રવેશ કરી શકે જ નહી. ૨૧

શ્રી પુરૂષેાત્તમને સૃષ્ટિ રચવાની ઇચ્છા થઈ ત્યારે જેમ સૂર્ય અને કેશરના સમાગમ વડે જેમ અગ્નિ પ્રકટ થાય છે તેમ સદાનંદ શ્રી પુરૂષેાત્તમના કટાક્ષરૂપી સૂર્ય અને અક્ષરબ્રહ્મરૂપી કેશરના સમાગમ વડે અગ્નિરૂપ **કાલ** પ્રકટ થયેા. એટલે સૃષ્ટિનેા આરંભ ભગવાનના કટાક્ષમાંથીજ થયેા છે.

વધારે વિવેચન કરીએ તેા તે કાલ સ્વરૂપમાંથીજ પ્રકૃતિ અને પુરૂષનું પ્રાકટય છે એમ શ્રી વલ્લભપ્રભુ ચરણ પેાતે **ભગવત્પીઠિકામાં** આજ્ઞા કરે છે કેઃ–

કાલાત્પ્રકૃતિ પુરુષો પ્રકૃતે ર્ગુણાત્મકો નારાયેણો લક્ષ્મી પતિસ્ય મન સોવિષ્ણુઃ લલાટાત્રુદ્ર નાભિકમલાત્

બ્રહ્મા જાતઃ તતઃ સૃષ્ટિઃ ઇતિ કાલાત સ્વરૂપમાંથી પ્રકૃતિ પુરૂષ પ્રકટ થયા, એજ નારાયણ અને લક્ષ્મીજીનું પ્રાકટય છે. અને તે શ્રી નારાયણના મનથી સત્વગુણવાળા વિષ્ણુ પ્રકટ થયા લલાટમાંથી રૂદ્ર થયા, અને નાભિ કમલમાંથી બ્રહ્મા પ્રકટ થયા, તે પછી સર્વ સૃષ્ટિ થઈ છે. શ્રી ભાગવતમાં પણ સ્કંધ ૨—અ—૬ શ્લોક ૪૫માં પણ ઉપર પ્રમાણે વર્ણવે છે.

યદસ્તિ બ્રહ્માંડ કટાહ મધ્યે સર્વ સ્વરુપં પરમેશ્વરસ્ય.

અર્થાત શ્રી પુરુષોત્તમની ભ્રુકુટિમાંથીજ આ સર્વ બ્રહ્માંડનુ પ્રાકટય છે. એમ ઉપરના ટુંકા સૂત્રથી સ્પસ્ટ માલુમ પડે છે કે:— આ બ્રહ્માંડમાં ચૌદલોક નવખંડ યક્ષ ગંધર્વ કિન્નર પશુ પક્ષી જડ ચૈતન્ય સર્વ પોતેજ પ્રકટ કર્યું છે અને સર્વરૂપે પોતેજ થયા છે. ૧૬મો **ભ્રુભંગથી સૃષ્ટિ નિપની**વાળી કડીનો અર્થ છે.

પ્રભુ મન કરી વિચાર એમ કહી ગોપાલદાસજી એવું જણાવે છે કે શ્રીપ્રભુએ સ્વયં વિચાર કરીને દૈવી અને આસુરી બન્ને સૃષ્ટિ પોતાના રમણાર્થ પ્રકટ કરી છે. જો બધી સૃષ્ટિ પોતાના સંબંધી કરે તો, પછી જગતરૂપે કેવી રીતે રમી શકે? માટે દૈવી આસુરી મોક્ષ બંધનવાળી સૃષ્ટિ પ્રકટ કરી છે. તેમાં બંધનવાળી આસુરી સૃષ્ટિમાં ભગવાનની દુસ્તર માયાએ કરી

દુષ્કર્મના કરનારા મૂઢ અધમ જીવો કે જેમનું **જ્ઞાન ચક્ષુ** માયાનાં પ્રખર પીડાકારી પ્રડળ વડે નષ્ટ થવાથી, તેઓ આસુર ભાવવાળા થયા છે. એ અનિત્ય જીવો ખરા પણ પોતાનાં કર્મોએ કરી, બંધન થયેલા છે. તેઓ ભગવાનની માયાશક્તિને મિથ્યા જાણે છે. એટલું જ નહિ પણ અપ્રતિષ્ઠિત મિથ્યા જાણે છે. તે આસુર ભાવિકો ભગવત્પીઠિકામાં આજ્ઞા કર્યા મુજબ આધિદૈવિક, અધ્યાત્મિક કે આધિભૌતિક એ ત્રણે પ્રભુનાં સ્વરૂપમાંથી એકે સ્વરૂપમાં નિષ્ટાવાળા નથી. કેવળ અજ્ઞાની મુઢ આસુરભાવ વિશિષ્ટ હોવાથી સર્વાધિપતિ ભગવાન અને આ સર્વ મિથ્યા સમજી અહાર વિહાર નિદ્રા ભય ક્રોધ આલસ્ય અને અહંતા વડે હલકાઓની પરિષદમાં જોડઈ પોતાનું અનિત્ય શરીર છોડયા પછી પૂર્વ વત્ કર્મ સંજોગીયોમાંજ પુનઃ પુનઃ જન્મ જરા મૃત્યુનું અતુલિત કષ્ટ ભોગવતો કર્મ બેડીથી બદ્ધ થઇ રહે છે. એવું ગીતાશાસ્ત્રમાં કહે છે.

આસુરી યોનિ માપન્ના મૂઢા જન્મનિ જન્મનિ, ॥ મામ પ્રાપ્યે વ કૌન્તેય તતો યાન્ત્યધમાં ગતિમ્ ગી. ૧૬-૨૦

હે અર્જુન આસુરી યોનિમાં જન્મેલા મૂઢ લોકો કોઇ પણ જન્મમાં મને પામ્યા શિવાયજ એટલે દ્રષ્ટિથી પણ મારી સાથે સંબંધ નહિ ધરાવી શકતા એવા અધમ ગતિને પામે છે.

અધિકમાં એમ પણ જણાવે છે કે તેઓને ફલ પ્રાપ્તિનો સન્માર્ગ છે, તેની પણ તેમને પ્રાપ્તિ થતી નથી. તો સાક્ષાત્ મારી પ્રાપ્તિ તો હોયજ કયાંથી? માટે તેવા લોકો અંધતમ

નર્કનેજ પામે છે. એવી બે પ્રકારની સૃષ્ટિ ગીતાજી વિગેરેમાં સ્ફુટ છે.

દ્વૌમુત સર્ગૌ લોકે સ્મિન દૈવ આસુર એવચ.
(હવે દૈવિ સૃષ્ટિનો પ્રકાર અત્ર ગ્રાહ્ય છે તે પુષ્ટિમાર્ગીય સમજવો).

નિત્ય મુકત દૈવ સૃષ્ટિના જીવોના હૃદય મંદિરમાં શ્રીગુરૂ બોધ રૂપે અભિનિવેશ થવાથી, સર્વ સામર્થ્ય યુકત પરમાત્મા પૂર્ણ પુરૂષો-તમ, સત્ય સંકલ્પવાળા ભગવાન, શ્રીકૃષ્ણને વિષે દૈવીનું ચિત પ્રોવઇ જાય છે. તેઓને કોઈ પણ કર્મમાં આસકિત રહેતી નથી. પોતાની સર્વ અહંતા મમતા છોડી પુષ્ટિ પુરૂષો-તમનોજ આશ્રય કરી, પોતાનું સર્વસ્વ એટલે મન ચિત બુદ્ધિ પ્રાણાન્ત:કરણ સાથે સ્ત્રી પુત્ર દ્રવ્યાદિ શ્રીપ્રાણવલ્લભને અર્પણ કરે છે.

જેથી તેમનો વિમલ પ્રેમ શ્રી પ્રભુ સાથે બંધઇ જવાથી જગતમાં અનુભવાતો સ્ત્રી પુત્ર દ્રવ્યાદિ પર પથરાયલો શુષ્ક પ્રેમ તે આપો આપ સમેટાઈ જાય છે. એટલે ભગવાનનું ભજન સેવન કરતો તે ભકત જીવન મુકત થાય છે. તથાપિ તેવા ભકિતમાર્ગીય જીવ ભગવાનનુંજ અવલંબન કરનારા ખરા પણ તેઓ સ્વતંત્ર ભકત થઇ શકતા નથી કેમ કે **ભગવાનજ જેનું વરણ કરે છે ત્યારે તે ભકિત માર્ગીય જીવ ભગવદ્રૂપનાવતાર શ્રી વલ્લભાચાર્યજી પ્રકટિત. શુદ્ધ પુષ્ટિ માર્ગીય ભકત થાય છે અને રસરૂપ પરમ કમનીય રાસ રસિકમણિ નૃત્ય પરાયણનો નિરંતર આસ્વાદી બન્યો રહે છે**

પુષ્ટિ પુરૂષો-તમના શરણ વિનાના નિત્ય મુકતો. અક્ષરબ્રહ્મના યોગવાળા છે.

ઉપર પ્રમાણેના શ્લોકમાં ભગવાને અક્ષરબ્રહ્મના ઉપાસકોની ગતિ કહીને હવે પોતાના કૃપા પાત્ર, કૃપા વિલાસી, ભકતોની ગતિ ઉપર બતાવેલા બે શ્લોકથી કહે છે અક્ષરબ્રહ્મના ઉપાસક કરતાં મારા પ્રેમરસાવિષ્ટ ભકતોની ગતિનો જુદોજ ભેદ છે તે

યેતુ સર્વાણિ કર્માણિ મયિ સન્યસ્ય મત્પરા:
અનન્યે નૈવ યોગેન માંધ્યાયન્ત ઉપાસતે.
તેષામહં સમુદ્ધર્તા મૃત્યુ સંસાર સાગરાત્
ભવામિ ન ચિરાત્પાર્થ; મય્યાવેશિત ચેતસામ્
ગી. અ. ૧૨ ૬-૭

અર્થ—એ છે કે, પોતાનાં સેવ્ય સ્વામીરૂપ મારામાં, લૌકિક તથા વૈદિક સર્વ કર્મોને અર્પણ કરીને બીજા દેવોનો સંબંધ ન આવે તેમ મને પ્રિય એવા પ્રેમ રસાત્મક ભકિતયોગથી મારૂ ધ્યાન અર્ચન સેવન સ્મરણ શ્રવણાદિર્થીજ મારી ઉપાસના કરે છે તેઓ મારીજ સમિપમાં રહેલા હોવાથી એમના સંબંધવાળો હું જ થાઉં છું. તેથી મૃત્યુ સંસારરૂપી સાગરથી તરી મારામાં પ્રવેશ કરેલા ચિતવાળા ભકતોનો હે પાર્થ હું જ ઉધ્ધારક છું. તેમાં જરા પણ શંકા ન કરવી.

શ્રીકૃષ્ણ ભગવાનને કાત્યાયનીનું વ્રત કરનારી કુમારિકા ઓને કહ્યું હતું કે મારા વિષે જેઓએ ચિત્ત પ્રવિષ્ટ કર્યું છે, તેઓનો કામ કામને માટે કલ્પાતો નથી—જેમ શેકેલા કે

કવાથ કરી પકાવેલા દાણા બીજ રૂપ થઈને અંકુરને ઉપન્ન કરતાનથી તેમ એકાદશસ્કંધમાં ભગવાને આજ્ઞા કરી છે કે હે ઉદ્ધવજી! જેઓ મારા સ્વરૂપમાં આઆકિત પૂર્વક જોડાઈ ગયા છે, તે સર્વ ગુણ કર્મને તરી જઈ નિર્ગુણજ થયેલા છે. ભગવાન પોતે આ અધ્યાત્યના દ્વિતીય શ્લોકમાં પણ એમજ આજ્ઞા કરે છે.

મય્યા વેશ્ય મનો યેમાં નિત્ય યુકત ઉપાસતે
શ્રદ્ધ યા પરયોપેતાસ્તે મે યુકત તમા મતા: ગી ૧૨-૨

અર્થાંત જે લોકો સર્વના નિયંતા, સમગ્ર અલોકિક ગુણવાળા શ્રીપૂર્ણ પુરૂષોત્તમ સાક્ષાત્ કર્તા પરમ દેવતા રૂપ તથા મૂળભૂત ભગવાનરૂપ, મારામાં માત્ર પ્રેમના સંબંધ-થીજ તત્પર થઈને તથા મારામાં મનલગાવીને મારીજ ઉપાસના કરેછે અને આજ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન સેવ્ય છે અને એજ પરમપ્રિય આત્મા છે નહિ કે બીજો એવી પરમશ્રદ્ધાવાળા હોય છે તેઓને મેં અત્યન્ત યુકત તમ માનેલા છે. તેઓની બુદ્ધિ નિશ્ચય મારામાં હોવાથી તેઓ **અક્ષરબ્રહ્મને** પ્રાપ્ત ન થતાં મનેજ પ્રાપ્ત થાય છે.

માટે હે અન્ત:કરણ! પૂર્વે આસુરી સૃષ્ટિનો પ્રકાર વર્ણવ્યો તે તહારા હૃદય ને કુપથ્ય હશે! અને તેમાં ખામી કે વિસ્મૃતિ થઈ હોય તો ચિત્તને વિશ્રામ આપી પુન: વાંચિ લે! તે વિષયમાં જે બંધનનું દુ:ખ છે તે સરળ નથી ઘણુ કષ્ટ દાયક છે માટે આ પ્રપંચમાંનું કોઈપણ

જ્ઞાન, કોઇ પણ પ્રવૃત્તિ, કોઈપણ તૃષ્ણા તારે કર્તવ્ય નથી. ત્રણે લોકનું રાજ્ય તે પણ બંધન જાણજે. સ્ત્રી પુત્ર બંગલા વાહન વૈભવ, કીર્તી, એ સર્વ બંધનજ છે. માટે બધામાંથી હું અને મારાપણાની આસકિત શ્રીપ્રભુની પ્રેમભકિતના પ્રબળ શસ્ત્રે કરી તોડી નાંખ્ય? અને તે શુષ્ક આસકિતનું નામ નિશાન ઉડાવી દઇ શ્રીપ્રભુનો થઈ જા? અને ચિત્તને સાવધ રાખી સર્વ કર્મો પ્રભુને અર્પણ કર. આત્માધિશ શ્રીકૃષ્ણ ભગવાનની આજ્ઞાથી પ્રકટિત શ્રીપ્રભુના વદનાવતાર શ્રીમદ્ વલ્લભપ્રભુએ, ઉપદેશેલા શુધ્ધ શરણ માર્ગની રીતે યથાશકિત સ્વધર્માચરણ કરીને બતાવ્યું છે તારો સર્વ આધાર પ્રભુપર મુકી, અન્યાશ્રયનો ત્યાગ કરી, પ્રમેય પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ પ્રભુમાં એકતાન આસકિત પ્રેમ વ્યસન વડે તેમનોજ બની જા. એમ દૈવી અને આસુરી સૃષ્ટિ કહેતાં (નિત્યબદ્ધ અને નિત્ય મુકત સૃષ્ટિ) પ્રભુએ સ્વેચ્છાથી પ્રકટ કરી છે તેની ગતિ રતિ અને ફલ વર્ણવી આગળ વર્ણવે છે.

હવે **ભકિત સુંદરીને માયા દાસી** એ સૂત્ર એવું સુચવે છે કે :

ભકિત અને માયા એ બે સ્ત્રીયો પ્રકટ કરી છે તેમાં નખથી તે શિખા પર્યંત પરમ ભાગ્યશાળી ભકિતરૂપી સુંદરી છે. પ્રતિવૃતા જેમ સર્વોત્તમ પ્રેમથી પતિને વશ કરે છે તેમ ભકિત સુંદરીનો શ્રીપ્રભુપર સર્વોત્કષ્ટ પ્રેમ હોવાથી શ્રીપ્રભુએ તેને પોતાની પ્રિયા બનાવી છે એ ભકિતરૂપી સુંદરીનો ભાવ જે ભકતોમાં અભિનિવેશ થાય છે તે ભકતને ભગવાન

ભક્તિ વશ થાય છે. પ્રેમનું બંધનજ સર્વોપરી છે. તે ગીતાજીમાં પણ કહે છે કે **વશે કુર્વન્તિ માં ભક્ત્યા સત્સ્ત્રિયઃ સત્પતિં યથા ।।** આ સર્વત્ર બ્રહ્માંડ પ્રભુથી થયેલું છે અને તેના પાલક પ્રભુજ છે તેથી પ્રભુમાં સર્વ ભાવ ઘટેછે તથાપિ તેમના વિષે સ્વામી ભાવ રાખવો સર્વોત્તમ છે. સ્વામીભાવ તે પુત્રમાતૃના વાત્સલ્ય સ્નેહની હદને ટપીને આગળ વધનાર સર્વોપરિ છે. તેથીજ શ્રીવિઠ્ઠલેશે વિજ્ઞપ્તિયોમાં પોતાના જીવો માટે પ્રભુ વિષે સ્વામીભાવમય વિરહ વેદના વર્ણવી છે. અને જીવોના પ્રાણપતિ શ્રીકૃષ્ણ સ્વામીના વિયોગ વખતે દુઃખી જીવનમાં શું કરવું? તે લક્ષ પૂર્વક વિજ્ઞપ્તિયોનું મનન ધ્યાન એકરસ થઇ કરવાથી તરત પ્રભુમાં પ્રેમભાવનું વિસ્મરણ થયેલુ સૂત્ર યાદ આવે છે.

માટે જીવે દૃઢનિશ્ચયથી શ્રીપ્રભુ વિષે, સ્નેહભાવ દાખવી શ્રીપ્રભુ મારા સ્વામી છે, તેમને હું કેમ? કેમ? પ્રસન્ન કરૂં એમ મનસા વાચા અને કર્મણાથી એકતાન થવુંજ યોગ્ય છે. એમ ભાવ સિધ્ધ થતાં તરત ભગવાન પ્રસન્નથઈ અને આ જીવ મારો છે એમ કહીને અંગીકાર કરે છે.

એવું બ્રહદ્ વામન પુરાણમાં આજ્ઞા કરે છે:

સ્ત્રિયો વા પુરૂષોવાપિ ભર્તુભાવે ન કેશવમ્
હૃદિ કૃત્વા ગતિં યાન્તિં શ્રુતિનાં નાથ સંજ્ઞય:

અર્થાત્ સ્ત્રી વા પુરૂષ ધ્યાન ધરીને મને જો પતિ ભાવથી ભજે તો તેઓને શ્રુતિની ગતિ પ્રાપ્ત થાય છે, તેમાં જરા

પણ સંશય નથી. પૂર્વે વેદની શ્રુતિઓ અક્ષરધામમાં વિચરતાં વિચરતાં એક વખત એવો મનોરથ કર્યો કે આપણે જેને પરબ્રહ્મ કહીએ છીએ તે અક્ષર બ્રહ્મના ધામીનાં દર્શન હજી થયાં નહી તેમ વિચાર કરતાં અક્ષરબ્રહ્મના ધામી પૂર્ણ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણના દર્શનની લાલસા આતુરતા વધી પડી ત્યારે તે શ્રુતિઓએ ઉત્કૃષ્ટોત્કૃષ્ટ વિરહથી ઘણા કાલ સુધી પરબ્રહ્મ રસાત્મક શ્રીકૃષ્ણની સ્તુતિ કરી, ત્યારે ભક્તવત્સલ પ્રભુ આકાશવાણી દ્વારા શ્રુતિઓને આજ્ઞા કરવા લાગ્યા કે:–

હે શ્રુતિઓ! હું તમારા ઉપર પ્રસન્ન થયો છું માટે તમો તમારા મનવાંછિત વર માગો?

ચિરં શ્રુત્વા તત: તુષ્ટ પરોક્ષં પ્રાહતત્ ગિરા ।।
તુષ્ટોસ્મિ વ્રાતભો: પ્રાજ્ઞ પરં યન્મદ્ ભિરિપતમ્ ।।

ભગવાનનાં કૃપાપૂર્ણ વચન સાંભળીને શ્રુતિઓ વિનય કરવાલાગી કે–હે ભગવાન્! **નાભિ કમલોદ્ભુત** નારાયણાદિ આપનાં સ્વરૂપો છે. તે સર્વને અમો જાણીએ છીએ. એ સર્વ સત્ રજ તમ્ વિગેરે ગુણોમય છે. અને તેઓ સર્વ પ્રલયાન્તે તિરોભાવ થવાવળા રૂપો છે. માટે તે સ્વરૂપોમાં અમારી પૂર્ણ બુધ્ધિ નથી અને જેને અમો પરબ્રહ્મ કહી વર્ણવીએ છીએ તે સ્વરૂપ નિર્ગુણ અને અક્ષરધામથી પર છે, જેમાં અમારી મન વાણી પહોચતી નથી, તેજ આપ પરપુરૂષ છો માટે હવે તે આપનાં દર્શન કરાવો.

તે વખતે શ્રીપ્રભુએ પોતાનું સ્વરૂપ બતાવ્યું. તેજ

સમયે શ્રુતિયો નયન પુટે દર્શન પાન કરતી વિજ્ઞાપન કરવા લાગી કે હે પ્રભુ શ્રીકૃષ્ણ? હે અન્તરાત્મા? આપનું કોટિ કન્દર્પ લાવણ્ય મનોહર સ્વરૂપ જોઈ અમોને કામનો જન્મ થયો છે.

કોટી કન્દર્પ લાવણ્યે ત્વયિ દૃષ્ટે મનાંસિન :
કામિની ભાવ માસાદ્ય રમરક્ષુબ્ધુન્ય સંશય :

આપ અમારા સ્વામી છો. માટે આપની સાથે અમો અમારા સ્ત્રી ભાવથી રમણ કરીએ, તેવો અમારો મનોરથ છે. આપ ભકતેચ્છા પૂરક ભગવાન હોવાથી તે સિધ્ધ કરો હે અદય દાતાર! આપ વરદાન આપવા ઇચ્છાથી કૃપા કરો છો તો અમને આપની સાથે રમણ વિનાઅન્યચાહાનાજ નથી.

એવાં શ્રુતિઓનાં રસીલાં રસભર્યાં વચન સાંભળી દયાળુ શ્રીપ્રભુએ આજ્ઞા કરી કે હે શ્રુતિઓ!

દુર્લભો દુર્ઘટ શ્ચૈવ યુસ્માકં તુ મનોરથ: ।।
મયાનુ મોદિત : સમ્યક્ સત્યો ભવિતુ મર્હતિ ।।

અર્થાત્: તમો જે મનોરથ કરો છો તે ઘણો દુર્ઘટ છે દુર્લભ છે અને સિધ્ધ થવો કઠણ છે. પરંતુ મેં સરાહના કરેલો તમારો મનોરથ સત્ય થશે તથાપિ

કલ્પે સારસ્વતે પ્રાપ્તે વ્રજે ગોપ્યો ભવિષ્યતિ ।।
વૃંદાવને ભવિશ્યામિ પ્રપન્ને રાસ મંડલે ।।
જાર ભાવેન સુસ્નેહં સુદૃઢં સર્વતોધિકમ્ ।।
મયિ સંપ્રાપ્ય સર્વેમા: કૃતકૃત્યા ભવિષ્યતિ ।।

હે પરમ તપની કરનાર શ્રુતિઓ! તમારો મનોરથ જ્યારે સારસ્વત કલ્પ આવશે ત્યારે સિધ્ધ થશે. તે વખતે તમો વ્રજમાં ગોપીયો નામથી પ્રકટ થશો અને ત્યાં રાસ મંડળની રસભરી રચનામાં તમારો મનોરથ મારા રસિક વિહારી રૂપે, પૂર્ણ થશે. તે સુદૃઢ અને સુલલિત પ્રીતિ વડે તમો મને પામીને કૃતાર્થ થશો.

એવી રીતે ભક્તિરૂપી સુંદરીના ભાવ સ્વરૂપ થઇ વળી શ્રીપ્રભુથી સ્વામીપણાનું સુખ લેવાને ઇચ્છક દંડકારણ્યમાં તપકર્તા સોળ હજાર ઋષિઓ તેમને રામચંદ્રજીનાં દર્શન થવાથી તેમણે તેમની સ્તુતિકરી, વરદાન મેળવી; આનંદ પામ્યા એમ અથર્વણ વેદમાં કહ્યું છે કે તે અગ્નિકુમારો પણ વ્રજમાં અગ્નિકુમારિકા તરિકે પ્રકટ થઈ પ્રભુને પ્રાપ્ત થયા.

ત્યાં ભકત કવિ સુરદાસજી કહે છે કે:—

ભાવ ભાવિક દેવ, ભજ સખી ભાવ ભાવિક દેવ;
કોટિ ભાંત કરોજન કોઉ, તોઉ ન માને સેવ. ભજ ૧

ધ્રુમકેતુ કુમાર માર્ગ્યો, કોન મારગ નીતિ;
પુરૂષ તેં સ્ત્રિય ભાવ ઉપજ્યો, સબે ઉલટી રીતિ. ભજ ૨

બસન ભૂષણ પલટ પહેરે, ભાવસોં સંજોય;
ઉલટ મુદ્રા દઇ અંકન, વરણ સુધે હોય. ભજ ૩
વેદ વિધિકો નેમ નહિ, પ્રીતકી પહેચાન;
વ્રજ વધુ વશ કીયે મોહન, સુર ચતુર સુજાન. ભજ ૪

હવે માયા રૂપી દાસીના માયાવી જીવો :

આ જીવો અન્ય સંબંધવાળા થઈ નિત્ય અનિત્ય સંસારનાં સુખ દુઃખ ભોગવતા રખડતા ફરેછે. જેમ કુલટાઓનું ચિત્ત અન્ય સંબંધીયોમાં રખડતું ફરેછે, તેમ માયાવી જીવો અનેક ભોગ ભોગવી નહી ધરાયલા હોવાથી તુચ્છ ઇન્દ્રિયોના ભોગાર્થ આશાના ચકરે ચઢયા રહે છે.

કર્મ જડોનું વિશેષ વિવેચન :

કર્મ જડો કર્મમાં નિષ્ટાવાળા હોવાથી કેવળ કર્મનેજ પ્રભુ કરી જાણે છે. ત્યારે શું કર્મનો ત્યાગ કરવો? ઉચિતછે?

ના. ભગવાનની આજ્ઞા વડે ફલાશા રહિત સર્વ કર્મ કૃષ્ણાર્પણ કરવું. ફલાશા રહિત કર્મ કરનારને કર્માસકિત થતી નથી સુખ અને દુઃખ સંતોષથી સહી ભગવદા સકિત વડે કૃષ્ણાર્પણ કર્મ કરનાર યોગી સન્યાસી જેવો ત્યાગીજ જાણવો. આવા સહેલા ઉપાયથી કર્મ બંધનોથી છુટી જવાયછે. ફલેચ્છા રહિત ત્યાગીપણુ તે કયારે કહેવાય? કે: શ્રીપ્રભુ સર્વ કરણ સમર્થ મારે માથે બિરાજે છે હું જીવ પ્રભુનો છું. મને જે એ સ્વામીએ આપવું વિચાર્યું હશે તેજ આપશે માટે મારે કોઈ વાતની હઠ કે તૃષ્ણા કરવી ઠીક નથી એમ ભગવદાધિન થવું. ત્યારે કર્માસકિત રહિત થયો કહેવાય.

ઉપર પ્રમાણે ઇન્દ્રિય મનના નિરોધ પૂર્વક, ઇચ્છા મન અને ક્રોધથી નિવૃત્ત થયેલા ભક્તજનો છે પરંતુ કેવળ

ઇન્દ્રિય મનને નિયમમાં રાખવાથી ભગવાનનો ભકત થતોનથી એને તો ત્યાગાવસ્થાનું ખોટું અભિમાનજ ચઢે છે શ્રીપ્રભુ કહે છે કે હુંજ જ્ઞાન કર્મ કર્મ તપ સર્વનો ભોકતા છું મારૂ સ્વરૂપ જાણી શાન્તિ સંતોષ પૂર્વક મનેજ ભજે સેવે છે, અને મારા ધ્યાન ગાને મારામાં પૂર્ણ બુધ્ધિ રાખે છે, તેજ અખંડ નિત્ય મુકત ભકતો દિવ્યદેહ પામી પરમાનંદનો ભોગ કરે છે.

એવા ભકતને ભગવાન શિવાય બીજી લ્હેજ હોતી નથી વ્રજ વ્હાલુરે વૈકુંઠ નહી આવું એવી ધુને રહેનારાં ભગવદ ભકતો છે.

અક્ષર બ્રહ્મનો પ્રલયાન્તે લય છે તેથી ત્યાંની ગતિવાળા પુનર્જન્મવાલા છે. ક્ષર અક્ષર અને અક્ષરાતિત એ ત્રણેનું નિરૂપણ કરીને અને પ્રભુના કૃપાકટાક્ષથી ઉત્પન્ન થયેલા નિત્ય મુકત નિત્ય લીલા નિવાસીનો કદાપિ આવિર્ભાવ તિરોભાવ થતો નથી તેમ ગીતા શાસ્ત્ર કહે છે. **માંપ્રાપ્ત ન નિવર્તન્તે.**

"કર્મ જડ આસુર અન્ય ઉપાસક કે જે ભજન ધર્મથી હિન છે, તેને ભગવાન ભકિત રસનું દાન કરતા નથી."

અક્ષરબ્રહ્મ ધામી પૂર્ણ પુરૂષોત્તમ પ્રેમાળ ભકતોનું જીવન છે. શ્રીયશોદાએ મૃતિક ભક્ષણ પ્રસંગે પ્રભુને પોતાના પુત્ર જાણી ફરી આવું કાંમ ન કરે એવી હઠીલી લાગણીથી બાંધવા માંડયા ત્યાં પોતે દામોદર લીલા કરી બતાવી દામણાંથી ન બંધાયા પરંતુ જીવના પુરૂષાર્થની ભ્રષ્ટતાએ,

પ્રેમદૈન્યથી બંધાયા. ભગવાન એવા ભક્ત રક્ષક, પરિક્ષક, અને પ્રેમ દાતાર છે.

દૈવી સૃષ્ટિ ભલે ભગવદ્ભક્તિ સંપન્ન થઈ હેાય, છતાં વગર લાલચના વ્હાલવાળી, કેામલાતિ કેામલ પ્રેમરસરૂપ ભક્તિના દાતાર શ્રીકૃષ્ણ વદનાવતાર શ્રીવલ્લભને શરણ થયા વગર, સ્વતંત્ર રીતે પ્રેમાત્મક ભક્તિ ફલિત થતી નથી. એ લ્હેરજ બીજાને આવતી નથી, તેથીજ સબન્નુગમાંનુ અંધેરેા એમ સુરદાસજી ગાય છે, પ્રેમ રસીલી ભક્તિ નુ દાન કરનાર તેા એ એકજ છે તેથી ગેાપાલદાસજી કહે છે કે ૧૭–૧૮–૧૯–૨૦ કડીમાં હવે

(શ્રીપૂર્ણ પુરૂષેાત્તમ વળીને વિચાર કર્યો તે વર્ણવે છે)

શ્રીપુરૂષેાત્તમે વળી વિચાર્યું, હવે પ્રકાર શેા કરવેા ।।
મારી સેવા અને કથા રસ, નિરૂપવા તનું ધરવેા ।।૨।।
ભક્ત જીવનાં ભાગ્ય વિસ્તર્યાં, ઇચ્છા કરી હરિ સાર ।।
તેને હેતે આપેાપે પ્રકટયા, શ્રીવલ્લભરાજ કુમાર ।।૩।।

શ્રીપુરૂષેાત્તમ પ્રભુએ એવું વિચાર્યું કે પ્રવાહમાં ભટકતા દૈવી જીવેાને મારી કથારસનું પાન કરાવી ઉધ્ધારી લેવા મારા જેવેા, ભૂતલ પર બીજો કેાઈજ નથી. એમ વિચારી પેાતે દ્વિજ કુળમાં માનવરૂપ ધારણ કરીને વૈશ્વાનર શ્રીવલ્લભ નામે પ્રકટ થયા. તેઓશ્રીએ દૈવી જીવેાને એવેા કથા રસ પાયેા કે જેમના ભાગ્ય તરતજ ખુલી ગયાં.

વિવેચન–અપરમિત કાલથી ભૂતલપર ભટકતા દૈવીજીવેા

ને સંસારના પ્રખર તાપ કષ્ટમાંથી સ્વયં કૃપાવડે ઉધ્ધારી લેવા નિશ્ચય કરી શ્રીવલ્લભાચાર્ય સ્વરૂપે પ્રકટ થઈ ષેાડશ ગ્રંથ સુબેાધિન્યાદિકેાનેા કથા રસ પાયેા તેમજ પરબ્રહ્મ પુરૂષેાત્તમ યશેાદેાત્સંગ લાલિત લાડવેલા માનિતા નાથ નેા પ્રેમ રસીલી સેવાનેારસાસ્વાદચખાડી ભક્તેાનાં ભાગ્ય ખેાલીદીધાં.

વધુ વિસ્તાર આ નિચેના એકજ પદમાં છે.

વિતે પરિ વત્સર બહુતેં, વિછુરે જીવ બ્રહ્મતેં જાય તેં;
રહે આસુરી, સૃષ્ટિ મિલાઇ, ભ્રમિત ફિરત બહુ અમિત મહાહિ.

છાળ

રહે આસુરી સૃષ્ટિ મિલાયકે, સબ કૃષ્ણ વિરહ ભુલાયકે,
ભવ સમુદ્ર અગાધ બુડત, કિતહુ તટ નવ પાયકે;
તવ દયા આયિ હરિ તત્ક્ષણ, પ્રકટ મુખ મૂરત કરી;
દઇ આજ્ઞા જાય પ્રકટેા, ભૂમિ દ્વિજવર તનુ ધરી.
સબ બહેજાત અનાથ ભવજલ, દૈવીજન સગરે અબે;
આસુર તે નિવારી કરબહી કરેા શરણાં ગતિ સબે. ૧

સર્વ ભવન સમર્થ શ્રીપ્રભુ જાણે છે કે મારૂં કથામૃત મેાક્ષ વાળાને મેાક્ષ આપનારૂં છે અને શુધ્ધ દૈવીને ભગવદ રસમાં તરબેાળ કરી પરમાનંદ રસને પાનારૂં છે તેથી ગેાપીજનેા ગાય છે કે ।। તવ કથામૃતં તપ્ત જીવનમ્ ।। તમારૂં કથામૃત ભગવદરસ લુબ્ધ કરી, અખંડ તમારી સ્મૃતિઆપી વિયેાગ વિહ્વળ પણ તેવુંજ કરનારૂં છે વળી

એવો સેવા રસાસ્વાદ ચખાડયો કે નિજ જનો સેવા સ્મરણ વિના જરા રહી ન શકે તેવા બની ગયા. અને

सेवायां वा कथायां वा यस्या सक्ति र्दृढा भवेत्

સેવાને સ્મરણ વડે જીવને અન્ય સંબંધથી અને વૃથા આલાપથી વૃથા જીવન વહીજતુ અટકાવી દીધુ. ભકિત રસમાં તરબોળ કર્યો, પ્રેમરસનું માદક પાઈ વિપરિત વિષયો ભુલવી દૈન્ય ભકિત રસમાં ભીજવી દીધા. આપ શ્રીના કથા રસની બલિહારી કોઇ અનેરીજ છે તે ભકતો ગાય છે.

આપનું કથામૃત કેવું છે?

અઘ સંહારિણી અધમ ઉદ્ધારિણી,
કલિકાલ તારિણી મધુમથન ગુણ કથા;
મંગલ વિધાયની પ્રેમરસ દાયિની,
ભકિત અનુપાયિની હોતજ્ય સર્વથા ।।૧।।

મથવેદ કથ ગ્રથ વ્યાસાદિ મુનિ,
અજહું અધુનિકજન કહતહોં મતિ યથા;
પરમ પદસો પાન, કરો ગદાધર ગાન,
અન્ય આલાપતેં જાત જીવન વૃથા ।।૨।।

શ્રીવલ્લભચરણાનુરાગી ભકત જનના ભાગ્યનો પાર નથી શ્રીવલ્લભપ્રભુ પ્રકટયા પછી શ્રીવિઠ્ઠલેશપ્રભુ ચરણને પ્રકટવાની પણ પ્રભુ એજ વિચારી છે. તે છેલ્લી કડીમાં ગોપાલદાસજી ગાય છે.

શ્રી વિઠ્ઠલેશપ્રભુ ચરણને ભૂતલ પર પ્રકટ થવાની ઇચ્છા

શ્રીરસેસપ્રભુએજ વિચારી છે; તે આ પ્રથમાખ્યાનની છેલ્લી કડીમાં પ્રકટ છે.

પુરણ બ્રહ્મ શ્રી લક્ષ્મણ સુત, પુરુષોત્તમ શ્રીવિઠ્ઠલનાથ;
શ્રીગોકુલમાં પ્રકટ પધાર્યા, સ્વજન કીધા સનાથ ।।૨૪।।

શબ્દાર્થ શ્રી લક્ષ્મણ ભટજીના પુત્ર શ્રીમદ્વલ્લભ તથા તમના પુત્ર શ્રી વિઠ્ઠલેશપ્રભુ ચરણ (એ બન્ને એકજ રૂપ છે) એ સાક્ષાત્ પરબ્રહ્મ પુરૂષોત્તમ છે. અને તેઓ શ્રીગોકુલમાં પોતાના જીવોને સનાથ કરવાને પ્રકટ પધાર્યા છે.

વિવેચન–ઉપર કહી ગયા તે બન્ને સ્વરૂપો પરબ્રહ્મની ઇચ્છાથી પ્રકટ થયેલાં એકજ રૂપ છે; છતાં લીલાને માટે જુજવા સ્વરૂપે બિરાજમાન થયાં છે.

શ્રીગોકુલમાં પ્રકટ પધારવાનું કારણ ઘણા મહત્વનું તે એ છે કે શ્રીગોકુલમાં નિરંતર પ્રભુ પરોક્ષ સ્વરૂપે બિરાજેછે. પૂર્વે ગાય ગોપીજનો ગોવાલીયાના હિતાર્થ તેજધામમાં પ્રકટ થયા હતા, શ્રીપ્રભુ તેથી અનંત લક્ષ્મીના સંયોગવાળુ શ્રીમદ્ ગોકુલ ગવાય છે. **श्रयत धन्दिरा शश्व दत्रहि** એ શ્રીકૃષ્ણાવતાર વખતે પણ ભક્તિનો અવતાર શ્રીગોકુલથી હતો તે વખતે ભકિતને પ્રકટ કરવા સ્વયં નન્દકુમાર પ્રભુ બિરાજમાન થયા હતા. તેમજ આ કલિયુગમાં તિરોભાવ થયેલી ભક્તિને પ્રકટ કરવા અને પોતાના યાવત દૈવી જીવોને ઉદ્ધારવા અને પાવન કરી પરમાનંદ આપવા સ્વયં શ્રીકૃષ્ણચંદ્ર દ્વિજવતાર ધરી પ્રકટ બિરાજ્યા છે.

શ્રીકૃષ્ણાવતારમાં ગોવર્ધન પુજાના પ્રસંગે જેમ સ્વયં શ્રીકૃષ્ણ પ્રભુએ સેવક સ્વરૂપ ધારણ કરી શરણમાં રાખીગોપ ગોપીજનોને અન્યાશ્રયથી મુક્ત કરી, શરણમાં રાખી સેવા વિધિ શીખવી હતી તેમજ આકૃતયુગમાં સેવકોને શરણ રાખી સેવા શીખવી છે. એટલે ભક્તિનું પ્રાકટય શ્રીગોકુલથીજ છે એ ચોકકશ છે.

ભકિત શ્રીગોકુલતેં પ્રકટ ભઇ;

પહેલે કરી શ્રીલક્ષ્મણ નંદન, પ્રીર ઔર ન શિખઈ, ટકે૦
ચાર્યો વરણ શરણ કર, અપને, વિધિસોં વાંટ દઈ;
શ્રીવિઠ્ઠલનાથ પ્રતાપ તેજતે, તિન્યો તાપ ગઈ, ભકિત ૧.
સબ દેખતહિ જીવ પ્રેત વ્હે, તિનહિ માંગ લઈ.
અબ ઉધ્ધરે કહત અપને મુખ, પત્રિ લિખ પઠઈ. ભકિત ૨.
શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલ ગિરિધર, તિન્યો એક સહિ;
નવ પ્રકાર આધાર નારાયણ, ગોખ લોક નિવહિ. ભકિત ૩.

શ્રીમદ્વલ્લભ વિઠ્ઠલેશ પ્રભુ સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ છે. તેનું પ્રમાણ કલિયુગમાં થઇ ગયેલા પરમ ભક્ત કવિ નરસિંહ મહેતાની ભવિષ્ય વાણીમાં પણ સ્પષ્ટ છે. તેઓ ચૌદમા શતક પ્રથમ થઇ ગયેલા મહેતાથી અને તેમના પદોથી કોઇ વૈષ્ણવ ભાગ્યેજ અજાણ્યો હશે.

નરસિંહ મહેતા કૃતપદ
રાગ સારંગ ચર્ચરી

શ્રી હરિ નરહરિ કૃષ્ણ કરૂણા કરી,
રાધ્ય રાધા વર ચરણ શરણે;

શોક મોહે ગયા, જન્મ સઘળા વૃથા,
દુષ્ટ ચિન્તા કરી ઉદર ભરણે....૧
દેહ ઇન્દ્રિય પ્રાણ અન્તઃકરણ, દારા ધન સોંપીયાં ચરણ તારે;
જીવ વિદ્યા ધર્મ સર્વ નાથતું, તુજ વિના અવર નહિ વસ્તુ મારે ૨.
માતતું તાતતું ભ્રાતતું ભુધરા, તુજ વિના અવર કોને ન જાણું;
દાસહું નાથતું એમ જાણી સદા,દ્વાર બેઠો તારા ગુણ વખાણું ૩.
શ્રીવલ્લભ વિઠ્ઠલ ભૂતલ પ્રકટીને, પુષ્ટિ માર્ગ તે વિશદ કરશે,
દૈવી નિજ જીવ જે, એ શરણ આવશે,વિના સાધન ઉદ્ધાર કરશે ૪.
શરણધ્યો શ્રીહરિ, દીન જાણી કરી, સર્વથા દાસને ચરણ રાખો;
બેઉકર જોડીતે નરસઇયો વિનવે, નિત્ય પ્રતિ આવીને વદન દાખો ૫.

દયારામભાઇ કહે છે

પ્રકટ પહેલી નરસઈ મહેતે ગાઇ વધાઈ
શ્રીવલ્લભ વિઠ્ઠલ પ્રકટ થશે વ્રજ રાઇ.
કરશે પ્રકટ પુષ્ટિ માર્ગ ત્યાં જે અનુસરશે,
કેવળ શરણ માત્રથી નિઃસાધન તરશે.

સારંગ

જે વસુદેવ કીએ પૂરણ તપ સો ફલ ફલિત શ્રી વલ્લભ દેવ;
જે ગોપાલ હુતે ગોકુલમે, સો અબ આન બસે નિજ ગેહ ૧.
જે વે ગોપ વધુહિ વ્રજમે, સો અબ વેદ ઋચા ભઇ તેહ,
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ, તેહિ એહિ એહિ તેહિ કછુન સંદેહ ૨.

ઇતિ પ્રથમાખ્યાન

સમ્પૂર્ણમ્

અથ દ્વિતીયાખ્યાન પ્રારભ્યતે

ઉપર પ્રથમાખ્યાનમાં અક્ષરબ્રહ્મ અને પુરૂષોતમ સ્વરૂપનું સ્પસ્ટ વર્ણન કર્યું છે, અને સાથે પુરૂષો-તમનું ભૂતલપર પ્રાકટય પ્રયોજન, દૈવીજીવોનો ઉધ્ધાર, અને કર્મ જડ આસુરં જીવોની ગતિ સ્થીતિનું પણ વર્ણન થઇ ગયું છે.

હવે શ્રીમદ્‌વલ્લભ પ્રભુનું સ્વરૂપ તેમની, દિવ્ય લીલા, દૈવીયોના ચિત્તનું આકર્ષણ કરી, આસુરીને મોહ પમાડવું, અને માયામતના ખંડનપૂર્વક બ્રહ્મવાદનું સ્થાપન કરવું; ભક્તિમાર્ગ–પુષ્ટિમાર્ગનું યથાર્થ રૂપ પ્રકટ કરવું. એ સર્વ વૃતાંત આગળ ભકત કવિ ગોપાલદાસજી વર્ણવે છે:

રાગ રામકલી

મૂલ: શ્રીલક્ષ્મણ સુત શ્રીવલ્લભ રાયજી,
સ્મરણ કરતાં દુષ્કૃત જાયજી;
કલિજન તરવા નહિ અવર ઉપાયજી
યજ્ઞ પુરૂષ હરિના, શ્રુતિ ગુણ ગાયજી ॥૧॥

શબ્દાર્થ અક્ષરબ્રહ્મધામ સ્વરૂપ શ્રીલક્ષ્મણ ભટજીના પુત્ર શ્રી મદ્વલ્લભાચાર્યજી તેમનું સ્મરણ કરતાં સર્વ પ્રકારનાં પ્રાયશ્ચિત નાશ પામે છે: માટે કલિયુગમાં એમના નામસ્મરણ

વિના જીવને દુસ્તર ભવસાગર તરવાનો એક બીજો ઉપાય નથી. તેથી શ્રુતિઓ યજ્ઞપુરૂષ એવા શ્રીહરિનો ગુણાનું વાદ નિરંતર ગાય છે.

વિવેચન–પરમ રમણિક ગોલોકધામને વિષે નિત્ય બિરાજમાન શ્રીકૃષ્ણપ્રભુ તેમણે સ્વતઃ કરૂણારસને આધિન થઇ વિચાર કર્યો કે- વેદ અને વેદાંગ ઉભયમાં, મારા સ્વરૂપ નિરૂપણવાળો, શુદ્ધાદ્વત સિદ્ધાન્ત છેઃ અને તે હમણાં કલિયુગ પ્રભાવે કરી ભૂતલપર નષ્ટ થયો છે. તેથી જનોમાંથી ભગવદ્ધર્મ લુપ્ત થયોછે. તેમ જાણી માયાવાદરૂપી ભયાનક સમુદ્રમાં દૈવીજીવો ડુબતાં ગોથાં ખાતા રીબાતા હતા, તેમને જોઈ, અદ્વયદાની દયાળુ દીનદયાલ અક્ષરબ્રહ્મરૂપ શ્રીલક્ષ્મણ ભટજીને ઘેર પુત્ર ભાવે ભૂતલપર પધાર્યા. તે **શ્રીવલ્લભરાય** એઓએ દૈવીને દુઃખમાંથી તારી લેવા, શુદ્ધાદ્વેત સિદ્ધાન્ત સમુદ્ર અને ભક્તિરૂપી નહાવ પ્રકટ કર્યું તે હાલ પણ ભવસમુદ્ર તરી જવાને પુષ્ટિ પથાચાર્ય શ્રીવલ્લભરાય પ્રકટિત પુષ્ટિમાર્ગરૂપી નહાવ પ્રકટ બિરાજમાન છે. તે નહાવમાં બેઠા શિવાય કલિજનોના દુસ્તર દુર્વિચારરૂપ મકરવ્યાકુળ સમુદ્રને તરવા અવર ઉપાય છેજ નહી એવું ગોપાલદાસજી ખાસ કહે છે. અને આગળ ગુણ ગાય છે.

ભરદ્વાજ રૂષિની ભકિત વિશેષતાનું વર્ણન બહુ વિસ્તૃત છે. વસ્તુતઃ તેઓ ભગવાનના પરમ ભકત હતા. તેમના ગોત્રમાં તૈલંગકુળ દીપક લક્ષ્મણ ભટજી બ્રહ્મધામરૂપ થયા એ લક્ષ્મણ ભટને ત્યાં શ્રીવલ્લભરાય પ્રકટ થઈ જેમ યશોદાજીને ઘેર પ્રકટ થઇ યશોદાનો યશ વિસ્તાર્યો છે. તેમજ લક્ષ્મણ

ભટ્ટજીને ત્યાં પ્રકટ થઇ તેમના મહિમાની વૃદ્ધિ કરી છે.

તે ભક્તો કહે છે.

શ્રીલક્ષ્મણવર બ્રહ્મધામ, કામ મૂરતિ પુરૂષોત્તમ.
પ્રકટ ભયે શ્રીલલ્લભપ્રભુ, લીલા અવતારી;
રસમય આનંદરૂપ, અનુપમ ગુણ ગ્રંથ ભરે;
વચન સુધા સિંચત નિત, નિજજન સુખકારી. ૧
ભાજન પંથ કમલભાન, અમલભાવ દાન કરંત;
વ્રજપતિ રસ રાસકેલી, વિહરત મન હારી;
નવલ લાલપિયા ગિરિધર, દૃઢ કરી કર ગહત તાહિ,
જે જન શરણ આયે, ચરણ છત્ર ધારી. ૨

એવા શ્રીલક્ષ્મણભટ્ટજી અને શ્રીવલ્લભ વિઠ્ઠલેશપ્રભુ છે. એ શ્રીવલ્લભાચાર્યજીનો પ્રતાપ યશ એવો છે કે:—

અગીયાર વર્ષની ઉમ્મરે પોતે પ્રથમ પૃથ્વી પરિક્રમણાર્થે પધાર્યાં. તેઓશ્રી અનેક તીર્થોને સનાથ કરતા કરતા વિદ્યાનગરમાં પધાર્યા ત્યાં પોતાના મામા વિદ્યાભૂષણને ત્યાં મુકામ કર્યો. તે વખતે ત્યાંના રાજા કૃષ્ણદેવને ત્યાં એવો મોટો સમારંભ હતો કે તેનું વર્ણન વિદ્યાભૂષણ મામાથી જાણ્યું.

કૃષ્ણદેવરાજાને એક વખત એવો મનોરથ થયો કે વેદપ્રતિપાદિત જે મત હોય દુસ્તર સંસારમાંથી તારનાર હોય તેવા વિચારવાનને શરણે જવું, એવો દૃઢ નિશ્ચય કરીને દેશો દેશના વિદ્વાન પંડિતો અને આચાર્યોને બોલાવી વાદશાળા સ્થાપિ, વાદ પ્રારંભાયો તેમાં વૈષ્ણવમતની નિર્બળતા અને શાંકરમતની

પ્રબળતા હોવાથી શાંકરમતની પ્રબળતા સાથે, આવતી કાલે તેમને તીલક થશે. અને રાજા શાંકરમતને અનુસરશે. એ પ્રમાણેનાં પોતાના મામાનાં વચન સાંભળી શ્રીવલ્લભાચાર્યજી હાસ્ય વિનોદથી બોલ્યા કેઃ- શાંકરમતમાં માયાવાદ વેદ વિરૂદ્ધ છે. અને વૈષ્ણવમતમાં બ્રહ્મવાદ વેદપ્રતિપાદિત છે. પરંતુ કાળ બળે કરી વૈષ્ણવ સંપ્રદાયમાં અહિત સાધક માયાવાદ આવી મળ્યો છે, તેનું ખંડન કરનારો કોઇ વિર પુરૂષ રહ્યો નથી. પરંતુ હવે હું પોતેજ આવતી કાલે વાદ સભામાં જઇ માયામતનું ખંડન કરી બ્રહ્મવાદ સ્થાપન કરીશ અને રાજાને વૈષ્ણવ બનાવીશ.

એ પ્રમાણેનાં વચન પોતાના નનકડા ભાણેજનાં વિદ્યાભૂષણે સાંભળી. શ્રીવલ્લભને બાળક જાણી હાંશી પૂર્વક વિવિધ વચનો કહ્યાં. અને વિદ્યાભૂષણ પોતાના મન સાથે વિચારવા લાગ્યો કે જો આ બાળક સભામાં આવશે તો જરૂર મારી અને તેની હાંશી થશે, તેમ જાણી સભાના અધ્યક્ષ વિદ્યાભૂષણ પોતેજ હોવાથી. પોતાના ભાણેજ શ્રીવલ્લભનું મહાત્મ્ય જાણ્યા વગરજ એવો બંદોબસ્ત કરી દીધો કે આવતી કાલે અમારે ત્યાં આવી ઉતરેલા એક બ્રાહ્મણના દીકરાને આ સભામાં પ્રવેશ કરતાં અટકાવવો.

એ શુભ દિવસે શંકરાચાર્યજીનો વિજય થશે એમ જાણી, રાજસભામાં સુવર્ણ જટિત શ્રેષ્ટ સિંહાસન અને સાથે વિજય તીલકની સર્વ તૈયારી મંડપમાં રાજાએ કરાવી હતી.

તે દિવસનો પ્રાતઃકાલ થતાં શ્રીમદ્વલ્લભ પ્રભુએ નિત્ય નિયમથી પરવારી સેવક વર્ગને સાથે લઇ કૃષ્ણદેવ રાજાના સભા મંડપ તરફ પધારવા લાગ્યા આપશ્રીએ આ સમયે દ્વાદશ તીલક, તુલસીમાલા, પીતામ્બર અને કેશરી ઉપરનો ઓઢી. મામાને ત્યાંથી તૈયાર થઈ નિકળ્યા.

મંદ હાસ્ય મુખ કમળવાળા શ્રીવલ્લભપ્રભુ ચરણ મત્ત ગજેન્દ્ર ગતિથી ચાલતાં પધરતા હતા. તે સુખદ સમયનું સુખ સૌભાગીયેાને હૃદયે બન્યું છે, તે અનિર્વચનીય છે.

તથાપિ સ્વલ્પ રસિકજન મોદાર્થ અત્ર ટાંક્યું છે. તે સમયનાં નગરનાં સ્ત્રી પુરૂષો શ્રીવલ્લભપ્રભુનું દર્શન કરી વિમોહિત થઇ, મન સાથે કલ્પના કરતાં હતાં કે- શું વામન સ્વરૂપે સાક્ષાત શ્રીકૃષ્ણતો બલિરાજા માફક કૃષ્ણદેવ રાજાનું સભા સાથે સર્વસ્વ લેવા પધારતા તો નથી? તેમ અનેક ગાથા કરતાં રાજાનું અહોભાગ્ય માની રહ્યાં છે.

વળી સભા મંડપ આગળ પધારતાં, રાજકીય લોકો પણ તેમનું દર્શન થતાં તેજ પ્રતાપ વડે રાજાને ખબર આપી કહ્યું કે- કાશીથી પંડિતોને પરાસ્ત કરનાર પંડિત પધાર્યા છે. તે સાંભળી રાજા કૃષ્ણદેવ તરતજ સભા મંડપમાંથી સમુદાય સાથે સામો આવ્યો અને શ્રીવલ્લભપ્રભુનાં દર્શન થતાંજ નમી પડયો, અને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી વિનંતિ કરવા લાગ્યો કે- આજે મારૂં અહોભાગ્ય છે તેથી આપશ્રીનું દર્શન પામ્યો.

મને પતિતને પાવન કરવા અર્થેજ આપનું પધારવું

થયું છે. તે વખતે શ્રીવલ્લભે કહ્યું કે વેદ વિરૂદ્ધ પાખંડમત હાલ ઘણા ચાલે છે. તેનું ખંડન કરવાજ અત્ર આવવું થયું છે. આવું વચન સાંભળતાંજ સભા ઝંખવાણી પડી ગઈ. તથાપિ શ્રીવલ્લભાચાર્યે, પોતાના શિષ્ટાચાર મુજબ. શાન્ત રસને પ્રકટ કરવા સર્વ સભાસદોપ્રતિ, યોગ્યાનુંસાર નમન સત્કાર કરી જે વિજય તીલક માટે શ્રેષ્ટ સિંહાસન સજાવ્યું હતું તે પર સ્વયં જઇ બિરાજ્યા. અને બાકીના રાજાઓ આચાર્યો અને વિદ્વાનો વિગેરે પોત પોતાના આસને આરૂઢ થયા.

તે વખતે સ્વયં સિંહાસન પર બિરાજી વિરરસનું સહજ દર્શન કરાવ્યું છે.

ત્યાર બાદ શ્રીમદાચાર્ય ચરણે, પોતાના શ્રીમુખચંદ્રમાંથી વચન રૂપી અમૃત વર્ષાવી, માયાવાદી પરિતાપને શીતલ કરી નાંખ્યો. તાપ માત્ર દૂર થઇ ગયો. અને શુધ્ધાદ્વૈત કુમુદોને ખીલાવી ભકિત રસનો ખુશ્બો ઉડાવા લાગ્યા. તેમજ પોતાના પ્રતાપરૂપી સૂર્યથી માયાવાદી અંધકારને હઠાવી નાંખી શુદ્ધાદ્વૈત કમળને વિકસાવી, ભકિતના સ્વરૂપનું દર્શન કરાવ્યું. અને માયાવાદી ઉલુકોને નિઃશબ્દ કર્યા. તે એવી રીતે કે :— **વિશ્વત : ચક્ષુરૂત વિશ્વતોમુખ** એમ શ્રુતિનું અવલંબન કરી એકદમ સર્વને નિરૂત્તર કર્યા. આવો અધ્ભુતરસ સભાગણો જોઇ આશ્ચર્ય ચકીત થઇ પરસ્પર વાક્ વિનોદ કરવા લાગ્યા કે ખરેખર સાક્ષાત્ પ્રભુ વિના આવી બાલ્યાવસ્થામાં આ વિદ્વત્તા સંભવેજ નહી.

ઉપર પ્રમાણે રાજના ભાગ્યનો ઉદય થવાથી કુમુદિની શિવાય સર્વ કમલો પ્રફુલ્લ થાય તેમ વેદ વિરૂધ્ધ પાખંડી પામરો શિવાય સર્વ પ્રસન્ન થયા. અને રાજા સાથે સર્વ સભાગણોએ પુષ્પ વૃષ્ટિ કરી.

તે વખતે સભાના અધ્યક્ષ વિદ્યાભૂષણ પાસે રાજાએ વિજય પત્રઅપાવ્યો. અને નગરમાં ડંડોરો પીટાવ્યો કે, સર્વત્ર ઠેકાણે મંગલ મહોત્સવ કરો? તે સાંભળી નગરમાં ઠેક ઠેકાણે ધ્વજા પતાકા તોરણમાલા ડંકા નિશાનો કદલી સ્થંભો દુંદુભિનાદો સહિત મંગલ મહોત્સવ થવા લાગ્યો.

અને રાજા સભાગણો સાથે એવા મહોત્સવ પૂર્વક શ્રીવલ્લભાચાર્યજીને કનિકાભિષેક વિધિપૂર્વક કરી તીલક કર્યુ.

ત્યાર બાદ સર્વ સભા ગણો વિનંતિ કરવા લાગ્યા કે આપશ્રી ભકિતના પાલક છો, પરબ્રહ્મ છો. ભકતોના હૃદય મંદિરમાં રમણ કરનારા છો! માયાવાદરૂપી અન્ધકારને દૂર કરનારા તેલંગકુળ દીપક આપ પ્રકટભાનું છો. ઉપનિષદોરૂપી હીરાવલીનાં ભૂષણ આપશ્રીને બાહ્યાભ્યન્તર ગિરાજી રહ્યાં છે, જેથી આપના અંગે અંગની શોભા મનહરતાનો પાર નથી.

દૈવીજીવોના ઉદ્ધારાર્થે, ભકિતના પ્રચારાર્થેજ ભૂતલપર શ્રી કૃષ્ણાનન દ્વિજવરરૂપે પ્રકટ શ્રી વલ્લભાચાર્યજી છો.

આપે અતિ પ્રબળ માયાવાદના નિરાસ પૂર્વક બ્રહ્મનો સમૂળ ધ્વંસ કર્યો છે. તે અતુલ પ્રતાપ જોઇ, કેટલાક વિતંડાવાદીઓ શરણની ઇચ્છા સાથે શર્મિન્દા થઇ અનેક દેશોમાં

છુપાતા ફરે છે. એવા આનંદના સમુહરૂપ કોટિચંદ્ર કલાની કાન્તિ સમા, હે **શ્રીકૃષ્ણાનન આચાર્યચક્ર ચુડામણિ દ્વિજ રાજ**? અમો દીનની સઘળી વિપતિઓ આપે ટાળી છે. તો હવે અમોને શરણ લઈ પરમ રસિક નિત્ય સૌભાગ્ય આપો?

ઉપર પ્રમાણે અટ ગુણ સંપન્ન, નવરસ પૂર્ણ શ્રીકૃષ્ણ પ્રેમ રસ અમૃતથી પૂર્ણ ભરેલા એવા હરિવદન લાવણ્ય જલધિ વૈશ્વાનર પ્રભુના સ્મરણ માત્રથી દુસ્કૃત જતાં રહે તેમાં નવાઇ શું? એ પ્રમાણે રાજા આચાર્યો અને પંડિતો વિગેરેએ સ્તુતિ પૂર્વક, વિજય તીલક કરવાથી પોતે શ્રી આચાર્યચક્ર ચુડા મણી દ્વિજરાજ કહેવાયા. તેથી મૂળમાં **વલ્લભારાયજી** એમ પદ છે. એવા પરમાનંદમય ભક્ત હૃદય ગામી દૈવીજીવોને પૂર્ણાનંદનો અનુભવ કરાવા દ્વિજ વર રૂપે ભૂતલપર પધાર્યા છે.

વળી કલિજનોને તરવા, વસ્તુતઃ જોતાં કંઇજ સાધન નથી, કારણ? દેશ, કાળ, દ્રવ્ય, મંત્ર, જપ, તપ, તીર્થ, યજ્ઞ, ત્યાગ, જ્ઞાન, વૈરાગ્ય, વિગેરે સાધન નષ્ટ થયાં છે એવો કલિનો પ્રભાવ જોઇ શ્રીમહાપ્રભુજી પોતાના શ્રીકૃષ્ણાશ્રય ગ્રન્થમાં કહે છે કે.

सर्व मार्गेषु नष्टेषु कलौच खल धर्मिणी
पाखंड प्रचुरे लोके कृष्ण एव गतिर्मम. ॥

અથાત્ આ કૃતયુગમાં સર્વ સાધનની ભ્રષ્ટતા હોવાથી અને પાખંડ ધર્મ વધી જવાથી, શ્રીકૃષ્ણ એજ મારી ગતિ હો!

એવા કલિજનોને તરવા શ્રીગુરૂના સ્મરણ ઉપદેશરૂપી

ન્હાવમાં બેસવાની જરૂર છે. **પ્લવં સુકલ્પં ગુરૂકર્ણધારમ્** પ્રભુના નામસ્મરણનો મહિમા શ્રીભાગવતમાં અજામિલાખ્યાનથી સ્પષ્ટ માલુમ પડે છે. તેથીજ મૂળમાં ભકત કવિ ગોપાલદાસજી ગાય છે કે- કલિજનને તરવાને અન્ય ઉપાય છેજ નહિ. યજ્ઞ પુરૂષ શ્રીકૃષ્ણનો ગુણાનું વાદ પણ શ્રુતિઓ ગાઇ રહી છે. ત્યાં શંકા છે કે જ્યારે દૃષ્ટિએ પડતું રૂપરંગ, વપુ કંઈજ દેખાતુ નથી તો શ્રુતિઓ ગુણ ગાન કેવી રીતે ગાઇ રહી છે તે નિચે પ્રમાણે છે.

મૂ૦ ગાય શ્રુતિ ગુણરુપ અહર્નિશ ધરી ધ્યાન વિચાર
આનંદરુપ અનુપ સુંદર પામેનહી કોઇ પાર ॥૨॥

શબ્દાર્થ– અહોરાત્ર વેદનીશ્રુતિઓ જેમના ગુણ ગાય છે. અને ઉપમા રહિત પરમ રમણિક છે. એવા મહા મંગલકારી પ્રભુનું સ્વરૂપ એવું છે કે જેમનો કોઇ પાર પામે તેમ નથી ૨

વિવેચન– આ આખ્યાનની પ્રથમકડીમાં કહી ગયા કે– શ્રીવલ્લભાચાર્યપ્રભુ નવરસ પૂર્ણ આનંદરૂપ મનોહર મુખાકૃત છે અને તેમના હાથ, પગ દંત, ગ્રીવા કેશ કટી પીતામ્બર સર્વ આનંદમય છે. અને તે પ્રભુનું નામ સ્મરણ જીવનાં દુષ્કૃતનો નાશ કરે છે. તેમજ રસવિશિષ્ટ પ્રેમ ભકિતનું દાન કરે છે. તે વડે ભકતોને કોટિ કન્દર્પ લાવણ્ય પ્રભુમાં વિરહ તાપ પ્રકટ થાય છે.

અને સ્વેચ્છામય સ્વરૂપ ધરનારા પ્રભુ શ્યામ સુંદર, પરમાનંદ, નન્દનંદન બહાર પ્રકટ થઈ દર્શન આપે છે.

પ્રેમ વિના, પ્રભુ સાધ્ય નથી. જીરે ભકિત વિના નહિ સેવા સાધ્ય. તે કારણથી કહિએ દુરારાધ્ય. શ્રીપ્રભુ પ્રાકૃત ગુણોથી રહિત **આનંદમાત્ર કરપાદ મુખોદરાદિ** વિગેરે અલૌકિકરૂપ અને ગુણનું શ્રુતિયો તેમજ ગોપાલદાસ વર્ણન કરે છે. એવા પ્રભુની ઉપમા લાયક જગતમાં બીજુ કંઈજ નથી. ૨

શ્રીપ્રભુનું આનંદરૂપ અનુપસુંદર, અજબ આકર્ષક, છે તેનું શ્રુતિઓ કહે છે શું વર્ણન કરીયે. એ રૂપ માધુર્ય ને વળી વળી જોઇએ છતાં તૃપ્તિ થતીજ નથી મન ત્યાંનું ત્યાંજ ચોટેલું રહે છે એના મલકતા મુખમાં જાણે કેવી મોહની ભરેલી છે કે જોનારને ગાંડાંતુર બનાવી એની પાછળ ફેરવે છે કોટિમન્મથને પણ મોહિત કરી દીધા છે. અરે! ભવમાં ભટકતાને પણ એના મુખડાની લ્હે લાગી જાય છે લ્હે લાગેલો જ્યાં જાય ત્યાં એનેજ જુવે છે જરા ના દેખાયતો રૂવે છે. એવા રૂપ સમ્રાટને શ્રુતિઓ ગાય તેમાં આશ્ચર્ય શું?

એ પ્રાણપતિને ભૂતલપર પ્રકટવાનું કારણ અને મૂળ લીલામાં કયા સ્વરૂપે બિરાજમાન હતા તે સર્વ આગળ વર્ણવે

પ્રાણપતિ પ્રાકટય કારણ, કાંઇક કહું મતિ મંદ;
હર સુર વિધાતા નવ લહે, સાક્ષાત્ બ્રહ્માનંદ ॥૩॥
શ્રીવૃન્દાવન ચંદ મુખરૂચિ, અગ્નિ તે અવતાર;
દ્વિજતીલક ત્રિભુવન નામ નિરુપમ રુપ અંગીકાર ॥૪॥

શબ્દાર્થ– આ શબ્દાર્થ વિવેચનમાં દીનતા સિદ્ધ હોવાથી મૂળમાં કહે છે કે હું અલ્પ બુદ્ધિવાળો, શ્રી પ્રાણાધિશના

પ્રકટ્યાનો હેતુ શું વર્ણવું? એ સાક્ષાત્ પરમાનંદ પ્રભુનું સ્વરૂપ એવું છે કે: રુદ્ર ઈન્દ્ર અજ પાર પામે તેમ નથી તો હું જીવ શું વર્ણવું.

'શ્રીવૃન્દાવનચંદ્રપ્રભુના શ્રીમુખની કાન્તિ, અગ્નિના તેજ પુંજ સમાન બ્રાહ્મણોના શિરોમણિરૂપ છે. તેને ત્રણે ભૂવનમાં કોઇની ઉપમા આપી શકાય તેમ નથી તે શ્રીકૃષ્ણાનન દ્વિજ-વરાવતાર શ્રીવલ્લભરૂપે પ્રકટ થયા છે. ૪

વિવેચન– સર્વના દેહમાં રહેલા પ્રાણ, તેના અધિપતિ શ્રીભગવાનજ છે. પણ આપ તો સર્વના અધિપતિ છો. જે ચાહો તે કરો તેમ છો આપ કૃપાલ શિવાય કોઇથી આ જગતમાં કોઇનું ભલુ કે બુરૂ થઇ શકે તેમ નથી. સર્વભવન સમર્થ આપજ છો. અને અમો બુધ્ધિના બુઠા જીવ છીએ.

એમ દીનતા કરતાં કહે છે કે બ્રહ્મા રુદ્ર ઈન્દ્રાદિ પણ આપના પ્રાકટયનું કારણ જાણવા અસમર્થ છે કારણ? જ્યાં સુધી ભગવત્સ્વરૂપનું સેવન સ્મરણ અને અનુભવ પૂર્વક અવલંબન ઉત્કટ પ્રેમાસક્તિ સહ ન થયું હોય, ત્યાં સુધી અન્તર્યામીના અંતરનો ભેદ જીવ શું વર્ણવે?

પરંતુ અત્રે પરમ ભકત ગોપાલદાસજીને તો સાક્ષાત્ અનુભવ હોવાથી, શ્રીમદ્વલ્લભ પ્રભુએ દૈવીજીવોને ખાસ હાન કરવા માટેજ પોતે ગોપાલદાસ દ્વારા આ રસ પ્રકટ કર્યો છે.

આ ઉપરથી એમ સમજાય છે કે શ્રીગુરૂ દ્વારા બ્રહ્મનો સંબંધ પામી, દેહ પ્રાણેન્દ્રિયાન્તઃકરણ શ્રીપ્રભુમાં વિનિયોગ

કરી, પૂર્ણપ્રીતી પૂર્વક અડગ વૃત્તિથી, શ્રીગુરૂનાં વચનામૃત પર વિશ્વાસ રાખી, રસને માટે તલસાટ વધી પડે તો જરૂર ગોપાલદાસજી મુજબ દિવ્ય લીલાનાં દર્શન આપણને પણ થાય.

શ્રીમદ્વલ્લભપ્રભુ સાક્ષાત્ અગ્નિ સ્વરૂપ છે એમ. શ્રીવિઠ્ઠલેશપ્રભુ ચરણ પોતાના વલ્લભાષ્ટકમાં કહે છે.

॥ભૂમ્યા: સન્મનુષ્યા કૃતિ રતિ કરૂણ રતં પ્રપદ્યે હુતાશમ॥

મનોહર મનુષ્ય વપુ ધારણ કરી શ્રેષ્ટ બ્રાહ્મણને ઘેર અતિ કરૂણામય શ્રીવલ્લભ અગ્નિકુમાર પ્રકટયા છે.

શ્રુતિ પણ **મુખાદગ્નિ રજાયત:** શ્રીપ્રભુના મુખમાંથી અગ્નિ સ્વરૂપ પ્રકટ થયું છે. તેવું પુરાણોમાં પણ પ્રકટ પ્રમાણ છે. તે પ્રથમાખ્યાનમાં વિસ્તારથી વર્ણવ્યું છે.

અગ્નિ પુરાણે-અગ્નિરૂપો વિદ્વજાચારો. સર્વોત્તમ સ્તોત્રે **શ્રીકૃષ્ણાસ્યં કૃપાનિધિ:-** વલ્લભાષ્ટકમાં **મગ્નિતં વર્ણિતં તે કવિભિ રપિ સદા વસ્તુત; કૃષ્ણએવા॥** જે કવિજનોએ વલ્લભ પ્રભુનું સ્વરૂપ અનુભવ્યું છે. વરણ્યું તેજ વસ્તુતઃ આપ શ્રીવલ્લભ છો. પૂર્વે જે શ્રીકૃષ્ણજન્મ વખતે મહોત્સવ થયો હતો, તેવોજ આ વિદ્વજવર અગ્નિ અવતાર વખતે થયો છે. તે શ્રીગોપાલદાસજી તેમના બારણામાં ઉભા ઉભા પ્રભુ કૃપાથી દર્શન કરતા જાય છે અને આનંદના તરંગોથી વર્ણન કરે છે.

મૂ૦ દેવલોક દુંદભિ વાગીયાં આનંદ કરેરે નિશંક
અસુર તિમિર ઉચ્છેદવા ભૂમિવલ્લભદેવ મયંક ॥૫॥

શબ્દાર્થ– આસુર લોકોના સંબંધ વડે જીવની બુધ્ધિ પર છવાઈ ગયેલું અજ્ઞાનરૂપી અંધારૂં તેને પોતાના પ્રકાશથી દૂર કરવા, સ્વયંપ્રભુ અગ્નિના તેજ સમા શ્રીવલ્લભદેવ પ્રકટ થયા, તે વખતે દેવોનાં દુંદભી વિગેરે અનંતવાદ્યો નિશંક પણે વાગવા લાગ્યાં.

વિવેચનમાં– વિબુધેશ્વર શ્રીવલ્લભાચાર્યજી ભૂતલપર પ્રકટ થયા તે વખતે વિવિધ પ્રકારનાં વાજીંત્રો વાગવા લાગ્યાં. વૃન્દાવનચંદ્ર શ્રીવલ્લભ સર્વ પ્રિય હોવાથી ભક્તોને નિર્ભય સૌભાગ્ય પ્રાપ્ત થયું. તેઓના હર્ષનો પાર એમ ન રહેયો કે, હવે માયાવાદરૂપી પાખંડ ધર્મ દૂર થશે અને આપણા કલ્યાણનો દિવસ નિકટ આવશે એવું માંગલિક વિચારતા શ્રીવલ્લભનું ગાન કરવા લાગ્યા.

–: રાગ સારંગ :–

વ્રિજ વર રૂપ પ્રકટ પુરૂષોત્તમ, શ્રીવલ્લભ આચાર્યજી નામ;
કૃષ્ણાનન સાકાર બ્રહ્મ હરિ, પૂર્ણાનંદ શ્રીપૂરણ કામ ૧.
નિઃસાધન પતિ પાખંડ ખંડન, માયાવાદ નિરાકૃત રૂપ,
જગત ઉદ્ધારણ સબસુખકારણ, પુષ્ટિ વ્રજમંડલકે ભૂપ ૨.
શ્રુતિ આચારધર્મ પ્રતિ પાલન, લાલન ગુણ ગણ ગાથ;
નિજજન રંજન ભવ ભયભંજન, મિથ્યાવાદ અનાથ ૩.
મહિમા અમિત અલ્પ મતિ કયોંકર, કહિ સકતે હેં દાસ
શ્રીભાગવત સાર ગુઢ રસ કથન જપત જન પોષણ આશ ૪.

સારંગ ચર્ચરી તાલ


ફલ્યો જન ભાગ્ય પથ પુષ્ટિ પ્રાકટય કરન,
દુષ્ટ પાખંડ મત ખંડ ખંડન કીયે.
સકલ સુખ ઘોષકો તિમિર હર લોકકો,
કૃષ્ણ રસ પોષકો પુંજ પુજન દિયે. ૧
સકલ મર્યાદ મંડન પ્રભુ અવતરે
ખલન દંડન કરન ભક્ત નિર્મલ હિયે
પ્રકટ લક્ષ્મણ સદન, દેખહરખત વદન
મદન છબી કદન ભઇ, પદન નખ ના છીયે ૨.
ઉદિત ભયો ઇન્દુ વૃન્દાવિપિનકો હરણ,
વરણ રસ વચન સુન, શ્રવણ નિજજન પિયે;
કૃષ્ણદાસનિનાથ હાથ ગિરિવર ધર્યો;
સાથ સબ ગોપ મુખ નિરખ નેંનન જીયે ૩.

એવી જન્મ સમયની વધાઇયો ગાયા પછી ભક્ત કવિયો સોહાગથી મંગલરૂપ સોહીલા ગાયછે, તેમાં વેદોચ્ચાર કરી રહેલા બ્રાહ્મણો, તોરણમાલા, પુષ્પ વૃષ્ટિયો, કદલી સ્થંભો, મંગલ કલશો, યાચકોની મનેચ્છા પૂર્ણ થઈ રહી છે, અને અનંત ભક્તો ઇચ્છિત મુજબ પ્રાણેશને આશિર્વાદ આપી રહ્યા છે. તે સર્વ વર્ણન સોહીલા ગાતાં કરે છે. એ પ્રમાણેની અપરિમિત આનંદ ધ્વનિ સાંભળી અંતરિક્ષ દેવો દુંદભિનાદ સાથે, કુસુમ વર્ષાવી રહે છે. અને ગર્ગાચાર્યજી જન્મોત્રિ નામ કરણાદિ કરી પરમાનંદ વર્તાવી રહ્યા છે. તેવુંજ શ્રીદ્વાર કેશલાલજી મહારાજે જન્મપત્રિકા સહિત જન્મ સમયનું પદ કરેલું છે

તેનું સ્વારસ્ય અને જન્મ કુંડલિકા અત્ર દર્શનાર્થ દાખલ કરેલી છે.


તે પદમાં વિધિવત વૃતાન્ત છે. સંવત ૧૫૩૫ ના વૈશાખ વદી ૧૧ ને રવિવારે ચંપારણ્યમાં શ્રીલક્ષ્મણભટજીના પુત્ર પ્રકટ થયા, જેથી ત્રય લોકમાં ચંપારણ્ય ભાગ્યશાળી ગણાયું. શ્રીમહાપ્રભુજી જેવો કોઈ અવતાર થયો નથી. અને બીજો છે પણ નહી, એમનું જન્મ લગ્ન વૃશ્ચિક હતું ચોથે કુંભરાશીમાં ચંદ્ર, શુક્ર, અને કેતુ હતા, પાંચમે મિન રાશીમાં બુધ હતો છઠે મેષ રાશીમાં– ઉચ્ચમાં સૂર્ય હતો. કે જેથી વૈરિઓનો નાશ થાય. સાતમે વૃષભ રાશીમાં શનેશ્વર હતો નવમે કર્ક રાશીમાં બ્રહસ્પતિ અને મંગળ હતો કર્ક રાશીમાં બ્રહસ્પતિનું ઉચ્ચ છે (દશમે સિંહ રાશીમાં રાહુ હતો કે જેથી યશનો પ્રકાશ થાય શ્રીવલ્લભપ્રભુનો જન્મ ધનિષ્ઠા નક્ષત્રમાં હતો.





—શ્રીમહાપ્રભુજી—

શ્રીવલ્લભાચાર્યજીની જન્મ કુંડલિકા



ઉપર મુજબ સર્વ રસિક ભાગ્યવાનને અલૌકિક દર્શન થયાં તેમાંનું કર્મઠને કંઈજ સુખ નથી એ પ્રમાણે માયાવાદ કરિન્દ્ર દર્પદલને નાસ્યન્દુ રાજેદ્ધત શ્રીમદ્વલ્લભ પ્રભુજી

આસુરી જીવોના મદને અને તદજન્ય અજ્ઞાનરૂપી અંધકાર પોતાની ચંદ્રસમની તેજસ્વિ કાન્તિ વડે નાશ કરશે એમ જાણી દૈવિયો નાચગાનાદિ મંગલમહોત્સવ નિઃશંકપણે કરવા લાગ્યા.

(પાખંડ પ્રવર્તક માયાવાદીનો પરાભવ કેવી રીતે કર્યો તે વૃતાન્ત આગળ કહે છે.)

મૂ૦ પૂર્ણ પુરુષ પ્રમાણપન્થા, વ્યાખ્યાતા વેદાન્ત ॥
ગ્રન્થ સર્વે રસરુપ કીધા, પોતાને સિદ્ધાન્ત ॥૬॥

શબ્દાર્થ– શ્રીપુરૂષોત્તમનો શુદ્ધ માર્ગ તથા સપ્રમાણ વેદાન્તના વિષયોનું વિવેચન, પોતાના શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તાનું સાર સુબોધિનીજી આદિ અનેક ગ્રન્થોમાં રસાનંદમય પ્રકટ કર્યું છે.

વિવેચન–શ્રીપુર્ણ પુરૂષોત્તમ સર્વથી મૂળરૂપ સચ્ચિદાનંદ પરબ્રહ્મ નિર્વિકાર અને સર્વ વિરૂધ્ધ ધર્માશ્રયિ છે. તેઓશ્રી પોતાનું પૂર્ણરસ માધુર્ય રેલાવા ભૂવ ઋજધામમાં પ્રકટ થયા છે. દાસ સખ્ય વાત્સલ્ય અને વગર લાલચનો મધુરો પ્રેમ તેમને પ્રિય છે. એવા પ્રેમાવિષ્ટ પ્રભુ ભક્તોની વિહ્વળતા જોઇ, તેમના આધિન સેવનારા છે. એ પૂર્ણાનંદના મુખાવતાર શ્રીવલ્લભપ્રભુ દૈવીજીવોના સ્વધર્મનું રક્ષણ કરવા અને વ્યાસજીએ કરેલા વેદાન્તનો ખરો અર્થ પ્રકટ કરવા માટે ભૂતલપર પધાર્યા છે.

આ ઠેકાણે ગોપાલદાસજી કહે છે કે **ગ્રન્થ સર્વરસરૂપ કીધા પોતાને સિદ્ધાન્ત:** તે સર્વ ગ્રન્થોનું તાત્પર્ય અને પુષ્ટિમાર્ગનો સિદ્ધાન્ત શું છે! તે અત્ર જણાવવાની જરૂર છે. **ખરો અર્થ પ્રકટ કરવા માટે ૧ ભૂતલપર પધાર્યા છે.**

આજકાલના પંડિતો થોડુઘણુ ભણી ઘણા અનર્થો કરનારા વધી પડ્યા છે. પ્રેમરસાત્મક પ્રભુને જીવે કેવા પ્રેમથી પ્રસન્ન કરવા તેની ગમ નહિ હોવાથી પોતાના કરેલા અર્થો ખોટા છે કે ખરા તેનું યથાર્થ તાર્તમ્ય કરી શકતા નથી તેઓ વિદ્યાના અભ્યાસથી વર્ણતપર ચારેવેદ અને ખટશાસ્ત્ર અચલે અચલે રામવાળા પોપટની પેઠે ભણી જાય તેથી શું થયું? એવી વિદ્યાથી કંઇ વિપશ્ચિત બ્રહ્મ સાથે વિરહપીડા પૂર્વક એકતાન વૃતિ થાય નહિ જેથી હૃદયમાં ભગવદાવેશ થવા માટે ઉપરના શુદ્ધદ્વૈતીય શુદ્ધ પ્રેમાળ પ્રભુના અનુભવી ભક્તોના સમાગમની જરૂર છે.

પરંતુ માયાવીઓમાં પાખંડને લીધે ખોટુ ધમંડ ઘુસેલુ હોવાથી શ્રીપ્રભુમાં જોઇએ તેવો અડગપ્રેમ અને દીનતા આવતી નથી કે જેથી પ્રભુની અહોરાત્ર પરિચર્યા કરનાર પ્રેમાળ ભક્તોનું નિત્યાચરણ શીખાય.
એટલે તેવા વિદ્વન્મન્યો **નદૈન્યં પરમં યસ્ય વૃથાતજ્જમ** વૃથા જન્મ જેવા સમજવા.

શ્રીમદ્વલ્લભાચાર્ય પ્રભુનો અનુગૃહાત્મક પુષ્ટિમાર્ગ, વેદ વેદાંગાનુંસાર સપ્રમાણ છે. તે વિરૂદ્ધ આધુનિક પંડિતો જમાનાના ઉટંગધર્મ કર્મોને અનુસરી, પ્રભુના કૃપામાર્ગનું

જરા પણ જ્ઞાન મેળવ્યા શિવાય અજ્ઞાન વડે ગમે તેવા વિચાર શુન્ય લેખો લખે છે. અને એવા આક્ષેપ કરે છે કે શ્રીવલ્લભે પ્રાચિન વૈષ્ણવમાર્ગને વિષયાત્મક બનાવી દીધો છે.

પરંતુ તેવા મૂઢોની પંડિતાઇ પર પાણી ફરી વળ્યું છે. એમ કહેતાં જરાપણ અડચણ નથી, કારણ તે લોકોએ આક્ષેપ કરતા પ્રથમ શ્રીવલ્લભાચાર્યજીના શુદ્ધાદ્વૈત સિધ્ધાન્તના ગ્રન્થો તત્વદીપ નિબંધ, અણુભાષ્ય, સુબોધિનીજી, ષોડશ ગ્રન્થ વિગેરે જોવા જોઇએ. તે જોવાથીજ સ્પસ્ટ માલુમ પડશે કે આ પુષ્ટિ માર્ગમાં માલ મિઠાઈ મેવા ખાઈ મસ્ત માતંગ માફક વિષય નિમગ્ન રહેવાનો માર્ગીય સિદ્ધાન્ત નથી. સિધ્ધાન્ત શું છે તે અત્ર જણાવવાની જરૂર છે. કૃપા માર્ગનું તાત્પર્ય એ છે કે વિપશ્ચિત બ્રહ્મથી સર્વ કામ ભોગ કરવા જીવને અહંભિત્વ, અહિંસા, ક્ષમા, સરલતા ગુરૂભક્તિ ચિત્ત શુદ્ધિ, સ્થીરતા, ઇન્દ્રિયોનો શ્રીપ્રભુમાં નિરોધ વિપરિત વિષયો માત્ર તરફ વૈરાગ્ય, અનહંકાર અને સમચિત પૂર્વક પ્રભુને વિષે અનન્ય અખંડ વિશુધ્ધ પ્રેમભક્તિજ કર્તવ્ય છે. એવો ઉપદેશ સર્વ ગ્રંથોમાં ભરેલો છે; તેને વાંચી વિચારી આક્ષેપ કરવો ઠીક ગણાય. બાકી નિંદકને તો એક પ્રકારની એવી કુટેવજ પડી હોય છે કે ઉંદર જેમ જરી રેશમી કે સુતરૂ વસ્ત્ર છે તે કંઈ જોતો નથી. ફકત કાતરી ખાવું. એજ એનુ કામ છે. જેમ શ્વાનને ભરી સભામાં અસ્તિ ચાવતાં લાજ કોઇની આવતી નથી તેમ નિંદકોની સહજ ગતિ છે. તેમના અંતરની કુરતા તરફ લક્ષ ન આપતાં વૈષ્ણવે કર્તવ્ય પરાયણ રહેવું.

—:૦ પુષ્ટિમાર્ગનો સિધ્ધાંત ૦:—

શ્રીવલ્લભાચાર્યજીએ વેદાન્તનુંસાર **પોષણંતદનુગ્રહ:** એ વાકય ને લઇ, પ્રભુના અનુગ્રહનેજ પુષ્ટિમાર્ગ કહ્યો છે. વળી તેઓશ્રી અણુભાષ્યમાં પણ આજ્ઞા કરે છે કે **સાધનં વિના સ્વ સ્વરૂપ બલેનૈવ કાર્ય કારણે હિ પુષ્ટિ:** કલિમાં નિ:સાધન જીવોને જ્યારે પ્રભુમાં પ્રેમદીનતા સ્ફુરે છે, ત્યારે શ્રીપ્રભુ સાધન વગરજ પોતાના સ્વરૂપ બળથી જીવોનો ઉદ્ધાર કરે છે. તેનું નામ પુષ્ટિ છે.

પુષ્ટિ શબ્દાભિધાનનો અર્થ ખાઇ પી ઇન્દ્રિયોને વિષય નિમગ્ન થવાનો નથી. પણ આટલેથીજ સિધ્ધ થઇ ગયું કે, પુષ્ટિમાર્ગમાં વિષયની ગંધ પણ નથી પોતે સન્યાસ નિર્ણય ગ્રંથમાં પણ આજ્ઞા કરે છે કે—

વિષયા ક્રાન્ત દેહાનાં નાવેશ: સર્વથા હરે: જેઓનો દેહ મન ચિત્ત બુધ્ધિ દુષ્ટ વિષય વ્યાકુળ છે, તેઓમાં પ્રભુનો આવેશ સર્વથા થતોજ નથી. ત્યાં **શ્રીહરિરાયજી** મહાપ્રભુ પોતાના **કામાખ્યદોષ** નામક ગ્રંથમાં કહે છે કે, જેના દેહ ઇન્દ્રિયોમાં દુષ્ટ કામજવરનો ઉદય થાય છે, તેનો વિજય કયાંય નથી કામી મહાપતિત છે, જીવતાં મુવા જેવો છે.

આ માર્ગમાં—ભગવદ ભકતો ભગવદીયો સર્વ વ્રજભકત રૂપ છે. તેમ કહેવાનું પ્રયોજન એ છે કે, શ્રીઆચાર્યચરણના સિધ્ધાન્તાનુંસાર જેનામાં ભગવદીયત્વ છે તેનામાં શુષ્ક વિષયની વાસનાનો જન્મજ નથી.

અધિકમાં શ્રીમદ્ અગ્નિ સ્વરૂપ

વિભુ વિરહી વન્હિવદનાવતાર અદ્વયદ્વા શ્રીવલ્લભાચાર્ય ચરણના પ્રત્યેક ગ્રંથોમાં શુધ્ધ અદ્વૈતબ્રહ્મનું પ્રતિપાદન તથા ચક્ષુધારીઓના પરમ ફલરૂપ રસેશપ્રભુના મુખકમળનુ દર્શન કરવું, અને તેમના શ્રીઅંગનું સર્વ સુખ લેવું, એજ કર્તવ્ય કરીને બતાવ્યું છે જેણે એકવાર પણ પરમ રસમય રસ સરિતારૂપી સુબોધિનીજીનું રસપાન કે દર્શન કર્યું નથી તેનો જન્મ વ્યર્થ છે એમ શ્રીહરિરાયચરણ કહે છે.

વળી શ્રીવલ્લભાચાર્યજીએ શુધ્ધ અદ્વૈત સ્વરૂપ પ્રકટ કર્યું એટલુંજ નહિ પણ સંસાર અને જગત્ની ભિન્નતા સમજાવી જીવ અણું છે, અને જેમ અગ્નિમાંથી તણખા નિકળે છે, તેવીજ રીતે જીવનું વ્યુચરણ થાય છે, તે નિચોલ પાડી.

બ્રહ્મનું અવિકૃત પરિણામ આવિર્ભાવ તિરોભાવ વિગેરે સમજાવી નૈયાયિકોના મતનું ખંડન કર્યું. પ્રતિબિમ્બવાદનું પણ ખંડન કરી જગત્ સાક્ષાત્ બ્રહ્મથીજ પ્રકટ થયું છે. તેમ પ્રતિપાદન કર્યું. વિશેષમાં ૮૧ પ્રકારની સગુણભક્તિમાંથી તારી બાકીની નિર્ગુણ ભકિત કહેતાં શુધ્ધ પુષ્ટિભકિતનું દર્શન કરાવ્યું અને કલિ કાલમાં કોઈ પણ સાધન વગર દીન બની ગયેલા ભકતોને નિઃસાધન માર્ગમાં જોડી, શ્રીપ્રભુના કૃપા પાત્ર કર્યા.

સિદ્ધાન્ત રહસ્યથી શ્રીપૂર્ણ પુરૂષોત્તમે બતાવેલા બ્રહ્મ સંબંધ મંત્રનું નિરૂપણ કરી, સંસારમાં સ્ત્રી ધન ઘર પુત્ર

વિગેરે શ્રીપ્રભુને અર્પણ કરાવી ભકતોની સુદઢ અન્યાસક્તિ છોડાવી પ્રભુની સાથે અડગચિત્તથી જોડયા.

વળી **સત્સંગ** કેવી રીતે અને કોની સાથે કરવો? તે જણાવાને માટે **જલભેદ** નામનો ગ્રંથ લખી, **તે મૃતોદ્ધા સમાખ્યાતા** કહી ભકતોના શુધ્ધ સ્વરૂપને ઓળખાવી પ્રભુનું શુધ્ધ અક્ષરાતિત સ્વરૂપ જે શ્રીકૃષ્ણ તેજ પરબ્રહ્મ છે, એવું દશ દ્રિગંત સાબીત કરી બતાવ્યું અને વેદના વિરૂદ્ધ વાકયોની પ્રસ્થાન ચતુષ્ટયના પ્રમાણથી એક વાકયતા આણુ ભાષ્યમાં કરી અને ચોથા અધ્યાયમાં ભકતની ઉત્કમણ દશાનું વર્ણન અવિશ્ચિછન્ન રીતે કરી સમજાવ્યું કે જ્ઞાનીનો અક્ષર બ્રહ્મમાં લય થાય છે, અને કૃપા વિલાસી ભકતો પરબ્રહ્મ રસેશ સાથે લીલા રસ ભોગ કરે છે, તેથી જ્ઞાન કરતાં શુદ્ધ ભકિત ઉત્તમ છેઃ તેવું પ્રતિ પાદન કર્યું.

તેવુંજ ગીતા શાસ્ત્રમાં અન્ય માર્ગીઓએ જે શાસ્ત્ર વિરૂદ્ધ અર્થ કર્યા હતા, તેનું સવિસ્તર ખંડન કર્યું, અને સમજાવ્યું કે, આ કલિમાં પ્રભૂ શરણ શિવાય, કોઇ પણ ધર્મ, દુઃખદ સંસારમાંથી તારનાર નથી. માટે પોતે દીનતા પૂર્વક, પ્રભુ શરણ માર્ગરૂપી સૂર્ય પ્રકટ કરી, જીવોનો અજ્ઞાનરૂપી અંધકાર દૂર કર્યો.

તેમજ શ્રીમદ્ભાગવત ઉપર ભાગતાર્થ પ્રકરણથી તથા રસ સરિતા સમી શ્રીમતિ સુબોધિનીજીનું અમૃત પાન અનુગૃહિઓને કરાવી, પરમ અલૌકિક સુખ દીધું.

ભગવાનના જન્મથી જે જે લીલાઓ છે તે વિશુધ્ધ છે. તેનું મનન કરવાથી ચિત્તનો ભગવાનમાં નિરોધ થાય છે. વળી વ્યાસે શુકદેવે પ્રતિપાદિત પુષ્ટિમાર્ગ, તેના પરમ ગુરૂ રૂપ ગોપીજનો છે. એવું રાસ પ્રકરણમાં સુબોધિનીજી વિગેરે લેખો લખી પુષ્ટિ અભિધાન રૂપ અનુગૃહ શબ્દની ધ્વજા ફરકાવી એથી શ્રીભાગવતમાં રાસ પંચાધ્યાયિ પ્રકરણ એનુંજ સામ્રાજ્ય છે. એજ ભક્તિના ભંડારરૂપ છે. એજ વિવિધ વિષયોથી મુક્ત કરી ભગવાન સાથે એકતાન ચિત્ત કરનાર છે. એવું વિદ્વાનોના અંતરમાં ઠસાવ્યું અને પોતે ગોપીજનોની વિમલ ભક્તિ શ્રેષ્ઠ કરી બતાવી.

શ્રીવલ્લભાધિશ્વર પ્રણિત સુબોધિનીજી કારિકામાં સ્પસ્ટ રીતે વર્ણવે છે કે ગોપીજન અને ગોવિન્દના વિશુધ્ધ પ્રેમ રમણમાં રમવાની ક્રિયા સર્વ કામનીજ છે તથાપિ તેમાં ઈન્દ્રિજનિત કામની ગંધ નથી, અધોગતિવાળો લોકાયતિક કામ તેનો લેશ માત્ર નથી એમ પોતે આજ્ઞા કરે છે

ક્રિયા સર્વાપિ તા સર્વ, પરં કામો ન વિદ્યતે ।
તાસાં કામસ્ય સમ્પૂર્તિ નિષ્કામે નેતિ તા સ્તથા ।।
કામે ન પુરિતઃ કામ સંસારં જનયેત્ સ્ફુટમ ।
કામા ભાવેન પૂર્ણસ્તુ, નિષ્કામઃ સ્યાન્ન સંશયઃ ।।
અતો ન કાપિ મર્યાદા ભગ્ના મોક્ષ ફલાપિ ચ ।
કામ એવ શ્રુતૌ લોકઃ નિઃષ્કામઃ સર્વથા ભવેત્ ।।
ભગવચ્ચરિતં સર્વં યત્ નિષ્કામંમ ઈર્યતે ।
અતઃ કામસ્ય ન ઉદ્દોષઃ તતઃ શુકવચઃ સ્ફુટમ્ ।।

અર્થાત અહિક્રિયા સર્વ તેજ છે તથાપિ કામ વિદ્યામાજ નથી કેવળ નિષ્કામ શ્રીકૃષ્ણ પ્રભુએ ગોપીજનો સાથે રમણ કરી તેમનો મનોરથ પૂર્ણ કર્યો છે. તેથી તે ગોપીજન પણ નિર્મળ નિષ્કામજ છે. જો લોકિક કામવડે કામની શાન્તિ કરવામાં આવે તો સંસારજ વિદ્યામાન થાય. પરંતુ નિષ્કામ તાથી પૂર્ણ થયેલો કામ નિષ્કામ કરે છે. તેમાં જરા આશ્ચર્ય કે સંશય નથી.

નિષ્કામપ્રભુ ગોપીજનોનો કામ નિવારે તેમાં પ્રભુની પ્રભુતાને જરાપણ હાનિ થતી નથી. પ્રભુ તે પ્રભુજ છે. મોક્ષ ફલને આપનારી, નિરોધને પ્રભુ પદમાં સિધ્ધકરનારી રાસલીલાજ છે. તેનું શ્રવણ કરનાર વિપરિત વિષયોથી નિવૃત્ત થઈ, અડગ એકતાન, પ્રભુના પ્રસાદરૂપ પ્રભુમાં દૈન્યસહ પ્રેમભક્તિનો પ્રાદુર્ભાવ થાય છે એવું સર્વ ત્યાગી શુકદેવજી કહે છે.

વસ્તુતઃ વ્રજલલનાઓ સર્વાત્મ ભાવથી શુધ્ધજ છે. પુનિત પ્રેમ પૂર્ણ છે, સર્વાત્મભાવ એજ સ્વરૂપાનંદનું પરમ ફલ છે. તેથી શ્રીકૃષ્ણ પ્રભુએ ભકત કોટિમાં પરમ શુદ્ધ વિરલ ભકતોને કહેલા છે શુદ્ધાઃ પ્રેમ્ણાતિ દુર્લભાઃ ॥

રસાત્મક ફલાત્મક ભાવાત્મક અને સ્વરૂપાત્મક આનંદનું દાન પ્રભુએ ગોપીજનોનેજ કર્યુ છે. અને તેમને રસ્તે જનાર કોઈ ભાગ્યવાન ભકતોને થયું છે તે વિદ્યમાન છે. બાહ્યાભ્યન્તર રસાવિષ્ટ સ્વરૂપવાળાં ગોપીજનો સાથેના વિહારવાળા ગ્રન્થોનું

મગજને ઘસારો આપી મનચિત્ત દઇ અવલોકન કરીએ તો પ્રભુ વિષે ભક્તિનો પ્રતિલાભ થયા શિવાય રહેતો નથી.

અને ચોકશ શ્રીવલ્લભપ્રભુએ રચેલા રસાત્મક પરમ કલ્યાણકારી ગ્રંથોને અવલંબી શ્રીકૃષ્ણ કમલપદ હૃદય દઢીએ તો, લોકાયતિક તમામ વાસનાથી નિવૃત્ત થવાય. અને ઉત્કૃષ્ટોત્કૃષ્ટ ભાવાવિષ્ટપણે રસાત્મકરૂપના અધિકારી બનાય, તેમાં જરા સંશય નથી. એવો અગ્નિકુમાર શ્રીવલ્લભાચાર્ય જીનો પરમ કમનીય સિધ્ધાંત છે.

ભગવત્સ્વરૂપાનંદનો ઉત્કર્ષ. અધ્યદ્દાતાર શ્રીવલ્લભે ઘણા ગ્રંથોમાં વિસ્તારથી વર્ણવ્યો છે. તેમ ભક્તો પણ વર્ણવે છે.

ભજનભેદ ન્યારો પરમાનંદ જાનત વિરલા કોય. કમલ મુખ દેખત તૃપત ન હોય. આટલું પદ બસ છે. આ કૃપામાર્ગમાં–પુષ્ટિમાર્ગમાં નિત્ય પદાર્થરૂપ શૃંગાર રસના ભોકતા અને કર્તા પોતે શ્રીકૃષ્ણજ છે. અને તે પ્રભુજ પોતાના ભક્તને પોતાના સમાન નિર્દોષ કરી, અધિકારી બનાવી. રસ દાન કરી તેનું સર્વસ્વ સંભાળી લઇ સર્વ પ્રતિબંધનું નિવારણ સાક્ષાત્ ધર્મી સ્વરૂપ પોતાના પ્રમેય બળવડે કરે છે.

અત્ર ઇતરમાર્ગના માફક દોષ નિવૃત્તિ જ્ઞાન ધર્મ કર્મ જપ તપાદિથી કરવી પડતી નથી. એજ પરમ રમણીય પુષ્ટિ સિદ્ધાન્ત છે.

આ અલૌકિક શૃંગાર રસનો પ્રાકૃત ઇન્દ્રિય ભોગ વિલાસ સાથે સંભ્રમ જરાપણ કર્તવ્ય નથી. કારણ કે લૌકિક

વિષય તે રસજ નથી પરમ દુઃખનો ડુંગર છે. રસાભાસ છે. પ્રાકૃત વિષયવાનોની મતિ સ્વાર્થ પરાયણ છે. અને પુષ્ટિ માર્ગીય ભક્તની પ્રીતિ પરિપુર્ણ સર્વાત્મભાવે ભગવાનને આકર્ષનારી છે.

ઉપર પ્રમાણે સર્વોત્કૃષ્ટ રસના પોષક ગ્રન્થો શ્રીગુરૂએ પ્રકટ કર્યા છે માટે પુષ્ટિમાર્ગ પ્રવર્તક શ્રીમહાપ્રભુજીના રસરૂપ ગ્રન્થોનું અવગાહન અને તેના શબ્દે શબ્દમાં રમણ કરતા રાસ રસિક નવરંગ પૂર્ણપુરૂષોત્તમ શ્રીકૃષ્ણનું સેવન સ્મરણ, અને તેમનુંજ ધ્યાન છોડી, અન્ય આરાધન કરનારનું મન; વૃથા મોહ પામી, કોટિચિન્તામણિ કામધેનુને તજી, મહિષીના પુત્રનું દૂધ દોહવા ઇચ્છા કરનાર મૂઢ જેવું છે એમ વૈષ્ણવે સમજવું. ૬

શ્રીમદ્ અગ્નિકુમાર શ્રીવલ્લભપ્રભુએ પોતાની રસભરી સુધાથી અનેક ગ્રંથો પ્રકટ કરી સવત્ર પોતાના યશનો વિસ્તાર કર્યો છે તેનુંજ વર્ણન ભક્ત કવિ ગોપાલદાસ કરે છે.

મૂ૦ રસિક રસના રસિકવાણી, જાણી નર નવખંડ; ।।
ઉર્ધ્વ પંથા સુયશ પ્રસર્યો, વાધિયો બ્રહ્માંડ ।।૭।।
એક બ્રહ્માંડે જેના યશ નમાયા, તેના હુવા કોટી અનંત;।।
તોય ત્યાંથકી વાધિયો, જઇ વરયો મુખ ધિમંત ।। ૮ ।।
અતુલ અમલ ઉઘોત ઉદયો ભૂતલ દ્વિજ માર્તંડ;
ભક્તિ મારગ કેસરી ગજ માયિક મત માતંગ ।। ૯ ।।
દિગ્વિજય દશ દિશાયે કીધો, પરિક્રમાને વ્યાજ.
તીર્થ સકલ સનાથ કીધા, ચરણ રેણુ સમાજ ।।૧૦।।

શબ્દાર્થ—રસિક રસીલી રસનાથી પૃથ્વી પરિક્રમણ કરતાં શ્રીવલ્લભાધિશે અનેક ગ્રન્થો પ્રકટ કર્યા, તેણે કરી નવે ખંડના માનવોમાં પરમશ્રેષ્ટ પુષ્ટિમાર્ગના યશને ફેલાવ્યો. તે યશ આ ભૂતલમાં નહિ સમાવાથી, આગળ વધીને કોટિશઃ બ્રહ્માંડમાં વિખરી ગયો; અને તે યશ બુધ્ધિમાન લીલેચ્છુના હૃદયમાં નિવાસ કરીને રહ્યો છે. તેથી તેઓશ્રીના વિમલયશનું ગાન લીલા રસાવિષ્ટ ભકતો અનુદિન કરે છે.

શ્રીવલ્લભપ્રભુ ચરણ ભૂતલના સઘળા બ્રાહ્મણોમાં અતિ શ્રેષ્ટ નિર્મળ અને પ્રકટ સૂર્યસમ કાન્તિવાળા છે. વળી માયા વાદ રૂપી મદમસ્ત ગજના ગંડસ્થળના શ્રીમદ્ આચાર્યજીએ પ્રતિપાદિત શુદ્ધાદ્વૈત સિદ્ધન્તિસિંહે સેંકડો વાદના કટકા કરી નાંખ્યા છે.

એવો અતુલ પ્રતાપ દશે દીશામાં પ્રસરાવી પોતે પૃથ્વી પરિક્રમણના બાને વિજય મેળવ્યો છે. અને સર્વ તીર્થોને પોતાના પાદારવિન્દથી પવીત્ર કર્યા છે. અને ઘણા જીવોને માયાવાદીયોના વિષમ વચનોથી હેરાન થતાં બચાવ્યા છે. અને એ માયાવાદીયોના દુષ્ટ પાખંડનું ખંડન થવાથી; અને આદ્ય વૃન્દાવનના ચંદ્ર શ્રીવલ્લભાધિશનું સ્વરૂપ સમજવાથી જે દૈવીને હર્ષ થયો છે તે પરમ ભકત કૃષ્ણદાસજીએ પણ ગાયો છે.

ફલ્યોજન ભાગ પથ પુષ્ટિ પ્રાકટય કરણ
દુષ્ટ પાખંડમત ખંડ ખડન કીયે. ”

એવા માયાવાદરૂપી તુલને વિદગ્ધ કરવા અને ભક્તિ માર્ગનો પ્રકાશ કરવા બ્રહ્મવાદ સ્થાપવા, અને સત્ય પ્રતિજ્ઞ ત્રિગુણાતિત નિતિ વિશારદ નિર્વિજ યશ વધારવા, કોટિકન્દર્પ લાવણ્ય શ્રીકૃષ્ણ વદન વલ્લભાચાર્યજી ભૂતલપર પ્રકટ થયા તેમનું જ નામ વલ્લભરાયજી એવું ગોપાલદાસે ગાયું છે.

વિવેચન—જેમ ચક્રવર્તી રાજા સર્વ દેશો જીતી વિજય મેળવે તેમ આચાર્યશ્રી પોતે દશ દિગંત પરિક્રમા મિષે પધારી દેશ દેશના પંડિતો આચાર્યોને જીતી વિજય મેળવ્યો. અને માયાવાદના નિરાસ પૂર્વક શુધ્ધાદ્વૈત બ્રહ્મવાદનું સ્થાપન કરી, વિશુંધ પ્રેમરસાત્મક ભકિતમાર્ગ વિકસાવી, આપશ્રી વલ્લભરાય કહેવાયા. અનેક ગ્રંથોથી પોતાનો યશ વિસ્તાર્યો છે. તે યશ ચૌદે બ્રહ્માંડમાં ઘણા કાળથી વિદ્યમાન છે, એવુ પુરાણો શ્રુતિ વેદ સાખ દે છે દશે દીશામાં વિજય કેવી રીતે કર્યો તેનું સ્વારસ્ય એવું છે કે પૂર્વ પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, અગ્નિ, નૈરૂત્ય, વાયવ્ય, ઇશાનમાં તો વિજય કર્યો પરંતુ આકાશ પાતાલ કહે છે તે શી રીતે? તેનું સ્વારસ્ય એવું છે કે આકાશાદિનો સ્વામી વાયુ છે તે ભૂતલપર મધ્વાચાર્યસ્વરૂપે પ્રકટ થયા છે. અને પાતાલનો સ્વામી શેષ છે. તે રામાનુજાચાર્ય સ્વરૂપે પ્રકટયા છે. તે સર્વે એ વિદ્યાનગરમાં કૃષ્ણદેવરાજાની સભામાં આપશ્રીને વિજય તીલક કર્યુ છે. સર્વ વૈષ્ણવમતની લાજ શ્રીવલ્લભાચાર્યજીએ રાખી છે.

પાખંડધર્મ વધી જવાથી શેષજીને પણ પૃથ્વી બોજારૂપ હતી તેને પણ આશ્વાસન શ્રીવૈશ્વાનરે આપ્યું છે તેમજ સર્વને સમજો. ૭–૮–૯–૧૦

ઉપર પ્રમાણે માયામતનું ખંડન કર્યું તથાપિ કોઇને શુદ્ધાદ્વૈત સિદ્ધાંતમાં શંકા ન થાય તેટલા માટે પ્રખરપંડિતોથી ભરપુર કાશીપુરીમાં પોતે પધારી, કાશી વિશ્વેશ્વરના દ્વાર પર માયામતના ખંડન પૂર્વક અમોએ બ્રહ્મવાદનું સ્થાપન કર્યું છે એવા અભિપ્રાયથી ભરેલો, શુદ્ધાદ્વૈતમત પ્રકાશક પત્ર લખી મોકલ્યો; તે પત્રને **પત્રાવલંબન** નામક ગ્રંથ કહેવાય છે.

મૂ૦ પત્રાવલંબે પંડિતજીત્યા, માયિક મત માતંગ ॥
કૃષ્ણપૂરણ બ્રહ્મસ્થાપ્યા, જેનારુપ કોટિ અનંત ॥૧૬॥

શબ્દાર્થ– શ્રીવલ્લભપ્રભુએ **પત્રાવલંબન** નામક ગ્રંથ પ્રકટ કરી, મદોન્મત હસ્તિ જેવા માયાવાદીયોને પરાસ્ત કર્યા, અને પોતાના સિદ્ધાન્ત સાથે પરબ્રહ્મ શ્રીકૃષ્ણનું પૂરણ બ્રહ્મ સ્વરૂપ સ્પસ્ટ કરી બતાવ્યું. ૧૦

વિવેચન– સકલ તીર્થોના પંડિતો તથા રામાનુજ માધવ નિમ્બાર્ક શંકરાચાર્યોદિને જીતી વિદ્યાનગરમાં કૃષ્ણદેવ રાજાની સભામાં વિજય તીલક મેળવી શ્રીમદવલ્લભાચાર્યજી વિદ્યાવિલાસી કાશીપુરીમાં પધાર્યા. ત્યાં મણિકર્ણિકા ઘાટપર સ્નાન કર્યું. ત્યારબાદ આચાર્યશ્રીના ભાઈ (કેશવજી) ના કહેવાથી પોતાના શિષ્યોએ શ્રીવલ્લભાચાર્યજીના મુકામ નજીક એક ધ્વજા ઉભી કરી, તે જોઈ કેટલાક માત્સર્યવાળા બ્રાહ્મણો એવી વાત ઉડાવા લાગ્યા કે, કાશીના પંડિતોને જીતવાનો આ વિજય ધ્વજ છે. અને તેથી આગળ તપીને કહેતા હતા કે પરમ નિર્ગુણ ભક્તિ માર્ગને અનુસરનારા વૈષ્ણવ સંપ્રદાયાધિશ, શ્રીવલ્લભાચાર્યજી

અહિ બિરાજ્યા છે. તેઓશ્રીએ વિદ્યાનગરમાં રાજા કૃષ્ણદેવની સભામાં સર્વ વાદીઓને જીતી માયામતના ખંડન પૂર્વક બ્રહ્મ વાદનું સ્થાપન કરી, શુદ્ધાદ્વૈતનો પ્રકાશ કર્યો છે.

ઉપર પ્રમાણે બ્રાહ્મણો વિચાર કરી રહ્યા પછી શ્રીમદાચાર્ય ચરણ સાથે વાદ કરવાની માગણી કરી. પ્રથમ વિદ્યાર્થીઓએ વિવાદ કરવા માંડયો. એ વાદમાં જન સમુહ ઘણું એકત્ર થયું હતું. તેથી આપશ્રીને યજ્ઞ કાર્ય ગૃહકાર્ય અને ભગવત્સેવામાં ભંગ પડવાનો સંભવ જણાયો. એટલે આચાર્યશ્રીએ કાશીના શેઠ પુરૂષોત્તમદાસજીને ત્યાં પધારી એમને ત્યાં એક મોટીસભા ભરવા આજ્ઞાકરી કે તત્કાલ શેઠ પુરૂષોત્તમે પંચ ગંગાના ઘાટપર એક વિશાળ સભા બોલાવી અને સભામાં વાદ ચાલવા લાગ્યા. તેમ એક પર એક દિવસ ચઢતાં આખરે સત્તાવીશમા દિવસે શ્રીમદ્વલ્લભાધિશ્વરે "ઉપેન્દ્રયતિ" નામક વિદ્વાન સાથે, બીજા અનેક વિદ્વાનોનો પરાજય કર્યો.

પછી પોતે બિરાજમાન થયા હતા તે મકાન નાનું પડવાથી, આચાર્યશ્રી શેઠ પુરૂષોત્તમદાસના મકાનમાં, રહેવા પધાર્યાઃ આ સ્થળામાં વાદમાં પરાસ્ત થયેલા વિદ્વાનો કવચિત્ કવચિત્ પુનઃ વાદ કરવા આવવા લાગ્યા. અને બીજા વિદ્વાનો એ આચાર્યચરણશ્રીએ જે દલીલો બતાવી વિજય મેળવ્યો હતો, તેના રદીયારૂપે દલીલો ભરેલો એક પત્ર લખી મોકલ્યો.

તે વખતે શ્રીવલ્લભાચાર્યજીએ તેઓના ઉત્તરમાં એક શાસ્ત્રાર્થવાળી પત્રિકા લખી પ્રસિદ્ધ કાશી વિશ્વેશ્વરના દ્વારપર

ચોઢાવી, તેને જતા આવતા તમામ વિદ્વાનો વાંચીને મૌન થયા, તથાપિ થોડા દિવસ પછી એ પત્રિકા કેટલાએક ખળ પુરૂષોએ કાઢી નાંખી ત્યારે શેઠ પુરૂષોત્તમદાસે રાજાની આજ્ઞાથી તેમનો તિરસ્કાર કર્યો. તેથી આચાર્યશ્રી ઉપર ખળ પુરૂષો અભિચાર પ્રયોગ કરવા લાગ્યા.

હારેલા વિદ્વાનોમાંથી એક વિદ્વાન શ્રીવિશ્વેશ્વરના દેરામાં જઇ અડિગો ઘાલી બેઠો, અને મહાશંભુની પ્રાર્થના કરવા લાગ્યો, કે હે અજન્મા! આપે શંકરાચાર્યજીનું સ્વરૂપ ધારણ કરી પૂર્વે બ્રહ્મના નિરાકાર સ્વરૂપનું વર્ણન કર્યું છે; એ આપના મતનું પૂર્ણશઃ ખંડનકરી, આજે શ્રીવલ્લભાચાર્યજીએ સાકાર નિરાકાર ઐકયતા દર્શક બ્રહ્મવાદનું સ્થાપન કર્યું, તે મારાથી સહન થતું નથી. માટે એ બાબતમાં આપનો જે મત હોય તે મને દર્શાવો? તે વખતે કાશીવિશ્વેશ્વરના લિંગમાંથી નિચે પ્રમાણે શબ્દો સરલ અને સ્પસ્ટ આવવા લાગ્યા. તે શબ્દ નિચે પ્રમાણે છે.

॥ સત્યં સત્યં ચ સત્યં ચ સત્યં શ્રીવલ્લભા દિતમ્ ॥
પ્રવર્તાય પ્રવર્ત્યં ચ પ્રવર્તંય પુનઃ પુનઃ ॥

॥ પ્રવર્તય શંકર પ્રતિ ॥

શ્રી કાશી વિશ્વેશ્વર કહે છે કે શ્રીવલ્લભે કહ્યું તેજ સત્ય છે. તેજ સત્ય છે. સત્ય છે, સત્ય છે. અને પ્રવર્તાવવાની વસ્તુ પણ સત્ય છે. માટે તે વારવાર પ્રવર્તો (અને તે) શંકરના મતની સામે ફેલાવો.

ઉપર પ્રમાણેનાં વચન સાંભળી, અડિગો ઘાલી બેસનાર વિદ્વાન બ્રાહ્મણ અને બીજા જેઓ ત્યાં હાજર હતા તેઓ આશ્ચર્ય ચકિત થયા. અને શ્રીવલ્લભાધિશનું કહયું સત્ય માનવા લાગ્યા.

શ્રીમદાચાર્ય ચરણ શ્રીએ જે પત્ર કાશીવિશ્વેશ્વરના દહેરા પર ચોડેલો તેને **પત્રાવલંબન** કહે છે તે ગદ્ય પદ્યાત્મકને છે. તેના છેલ્લા પાંચ શ્લોકો નિચે પ્રમાણે છે.

તત્ર કૃષ્ણ પ્રસાદેન માયાવાદો નિરાકૃત ॥
અવૈદિકો મહાદેવ સ્તત્ર સાક્ષી ન સંશય : ॥ ૧ ॥
યે વૈદિકા મહાત્માન સ્તેષાં ચાનુ મતિસ્તથા ;
અવેદા યન્ન મનુતે માયા યોપે ક્ષિત : પુન : ॥ ૨ ॥
સ્થાપિતો બ્રહ્મવાદોહિ સર્વ વેદાન્ત ગોચર : ॥
કાશી પતિ ત્રિલોકેશો મહાદેવસ્તુ તુષ્યતુ. ॥ ૩ ॥
કસ્ય ચિત્વસ્ય સંદેહ : સમાં પૃચ્છતુ સર્વથા ॥
ન ભયં તેન કર્તવ્યં બ્રાહ્મણા નામિયં ગતિ : ॥ ૪ ॥
ડિં ડિમસ્તુ વાદિ તો દ્વારિ વિશ્વેસસ્ય મયાચહિ ॥
વિદ્વદ્ભિ : સર્વથા શ્રાવ્યં તેહિ સન્માર્ગ રક્ષકા : ॥ ૫ ॥

અર્થાત્–શ્રીકૃષ્ણપ્રભુના કૃપા પ્રસાદ વડે મેં વેદવિરૂધ્ધ માયાવાદનું ખંડન કર્યું છે (માયા વાદ વેદ વિરૂધ્ધ છે) એવિષયમાં કોઇએ જરાપણ સંશય કરવો નહી કારણ કે. માયાવાદના વેદ વિરૂધ્ધ પણામાં શ્રીમહાદેવજી પણ સાક્ષી પુરે છે. જેઓ વેદ ઉપર શ્રધ્ધાવાળા મહત્ પુરૂષો છે. તમની આ વિષયમાં જોઇએ તેવી સંમતિ છે. વેદને નહિ

જાણનારો માણસ આ વાતને નહિ સ્વિકારે તેની હું ફરીથી ઉપેક્ષા કરૂ છું!—સઘળા ઉપનિષદોથી સિધ્ધ થતા બ્રહ્મવાદનું મેં સ્થાપન કર્યું છે. તેથી કાશીના પતિ ત્રિલોક નાથ મહાદેવ સર્વથા પ્રસન્ન હજો. મારા લખેલા વિષયમાં કોઇને સંદેહ પ્રકટ થાય તો. સવિસ્તર મને પુછવું. પુછતાં જરા ધાસ્તિ ન રાખવી. કારણ કે સારાસાર તત્વનો ભય વગર વિચાર કરવો. એજ બ્રાહ્મણોનું કર્તવ્ય છે. આ શ્રીવિશ્વનાથ ના દરવાજામાં મેં પત્ર ચોઢેલો છે તે ડંકો બજાવ્યો છે. એમજ ચોકસ સમજવું. અને ડંકો વિદ્વાનોએ જરૂરથી સાંભળવો. કારણ કે વિદ્વાનો વેદ મારગનું રક્ષણ કરનારા છે. ઉપરના વિષયને ઉદ્દેશી ગોપાલદાસજીએ **પત્રાવલંબન** ગ્રન્થ બાબત શ્રીવલ્લભ મીઠાંમાં **પત્રાવલંબે પંડિત જીત્યા માયિક મત્ત માતંગ** એ ટુંકા સૂત્રની કડીમાં સિધ્ધકરી આપે છે. તે સર્વ માન્ય છે.

એ પ્રમાણે શુંધ્વાદ્વૈતનું સ્થાપન કરી પોતાનો પુષ્ટિમાગ કેવી રીતે સુદઢ કર્યો, તે આગળ વર્ણવે છે.

મૂ૦ સ્વમારગસ્થિર સ્થાપવા આપવા ભજનાનન્દ
નામ આપ્યાં જીવને શુભ મિષ્ટ મુખ મકરંદ ।। ૧૨ ।।

શબ્દાર્થ—સ્વમારગને સ્થિર કરવા માટે, અને પોતાના સેવકોને ભજનાનંદ પ્રાપ્ત થવા સારૂ આપના સુગંધ યુકત મુખારવિન્દમાંથી, આત્મ નિવેદન મંત્રનું દાન કર્યું

વિવેચન—પોતાના શુદ્ધાદ્વૈત વિચારાનુંસાર ભક્તિમારગની

સુદઢ સ્થાપના કરવા અને જેનિ સંબંધવાળા દોષ નિધાન જીવોને વિષય સરમાંથી ડુબતા તારી લેવા, અવિદ્યાથી બધ્ધ થયેલા, વિકાળ કલિના દોષથી દુઃખી કાળરૂપી ભુજંગે ડસાયલા, અને તેથી વિશેષ પાપ વાળાં કર્મોએ કરી, ભક્તિના શિખરથી ગરી પડેલા, દુઃખદ્રસંસારના ચાકપર ચઢેલા. જીવોના, હૃદયના મનોહર ભાગમાં ભક્તિરસને ફેલાવી ઉધ્ધાર કરવા, પરબ્રહ્મ શ્રીપ્રભુ ભૂતલપર શ્રીઆચાર્યજી મહા પ્રભુ સ્વરૂપે પધાર્યા.

તેઓ શ્રીને એકવખત એવી ચિન્તા થઇ કે. બ્રહ્મ શુધ્ધ છે, અને ચિદંશ જીવ, માયા મળથી ઢંકાઈ ગયેલા છે સૃષ્ટિની આદિથી દોષિત થયેલા છે; તેનો શી રીતે ઉધ્ધાર કરવો?

એ પ્રમાણેની ચિન્તા શ્રીઆચાર્ય ચરણને થતાંજ શ્રાવણ શુકલ એકાદશીની અર્ધ રાત્રીએ, શ્રીમદ્‌ગોકુલચંદ્રમાજી પ્રકટ થઇને સાક્ષાત દર્શન આપ્યાં તે વખતે શ્રીઆચાર્યજીએ તેમની સ્તુતિ કરી કહ્યું કે, આપના જીવો આ સંસારમાં ઓળખી શકાતા નથી. માનવ દાનવ દેવ એવા ત્રિવિધ જીવો છે. તેમાં પણ કેટલાક, જ્ઞાન કર્મ અને ભક્તિમાં પ્રિતિવાળા છે.

એવા વિવિધ પ્રકારના હોવાથી, બાસ આપની લીલાના જીવ કયા છે? તે સમજી શકાતું નથી અને તે જીવો અમારી પાસે, કેવી રીતે આવે, અને એમને અમો કેવી

ટુટનોટ-૧ ઉપદેશ આપ ગુરૂ અને પ્રભુ પણ એજ શ્રીગોકુલચંદ્રમાજી છે.

રીતે મળીએ? એ સર્વ મારી ચિન્તા આપના ચરણકમલના સુદૃઢ આશ્રયથી નિવૃત્ત થશે તથાપિ આપની આજ્ઞાને ઇચ્છુ છું. એ પ્રમાણેનું શ્રીમદાચાર્યચરણનું વચન સાંભળી શ્રીગોકુલ ચંદ્રમાજી પ્રસન્ન થઈ આજ્ઞા કરી કે એ મારા કાર્યમાં આપને ચિન્તા કર્તવ્ય નથી. મેં પ્રથમ વિચાર કરીનેજ તમોને ભૂતલ પર પધરાવ્યા છે. માટે જે જીવોનું વલણ તમારા તરફ છે. તે આપો આપજ આપને શરણ આવશે. તે જીવોનો સ્વિકાર કરીને હું બતાવું તે **ગદ્યમંત્રનું** સવિસ્તર બોધ પૂર્વકદાન કરજો જેથી તેમના અહંતા મમતાત્મક સંસારની મુકિત થઇ, મારી લીલામાં પ્રાપ્ત થશે. એ શ્રીગોકુલેશપ્રભુએ શ્રીવલ્લભ આચાર્યજીને **ગદ્યમંત્ર** આપ્યો. તેનું સવિસ્તર ભાષાંતર નીચે મુજબ છે.

મંત્ર સ્વારસ્ય

મારૂં રક્ષણ કરનાર શ્રીકૃષ્ણ છે: હજારો વર્ષોએ માપેલા કાળમાં થયેલા, શ્રીકૃષ્ણના વિયોગથી થયેલા તાપ કલેશોએ કરી જેનો આનંદ તિરોભાવ પામી ગયો છે. એવો હું શ્રીગોપીજન વલ્લભ કૃષ્ણપ્રભુને દેહ ઇન્દ્રિય પ્રાણ અન્તકરણ અને તેના ધર્મો, સ્ત્રી ઘર પુત્ર કુટુમ્બ અને આત્મા સહિત સર્વ અર્પણ કરૂં છું. હે શ્રીકૃષ્ણ હું તમારો છું. તમારો છું;

પરમાલ્હાદ પૂર્વક શ્રીઆચાર્યશ્રીએ પ્રેમાર્દીવાળા દામોદરદાસને ઉપરના ગદ્યમંત્રનું પ્રથમ દાન કર્યું તે વખતે દામોદરદાસે સાષ્ટાંગ દંડવત પૂર્વક પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું અને શ્રીમદાચાર્યચરણે પોતાના શ્રીહસ્તે તેમને તુલસી-

માલા પહેરાવી, બ્રહ્મસંબંધનું રહસ્ય પ્રેમ રસરૂપ ભકિત માર્ગનો સિદ્ધાન્ત સમજાવ્યો.

"શ્રીમદાચાર્યજીનો સિદ્ધાન્ત અને બ્રહ્મસંબંધમાંનો ઉપદેશ"

શ્રાવણમાસની શુકલ પક્ષની અર્ધ રાત્રીના સમયે શ્રીભગવાને જે પ્રત્યક્ષ આજ્ઞા કરેલી તે અક્ષરશ: પ્રથમ દામોદરદાસને સમજાવે છે. બ્રહ્મસંબંધ કરવા વડે સર્વજીવોના દેહમાં રહેલા, તમામ દોષો ચોકશ નિવૃત થાય છે. અને તે દોષો પાંચ પ્રકારના છે.

શ્રીમદ્વલ્લભાચાર્ય વિરચિત સિદ્ધાંતરહસ્યમ્

ગઝલ હરિગીત

શ્રાવણ શુકલ એકાદશી, મધરાતમાં કહિ જે કથા;
સાક્ષાત્ શ્રીપ્રભુ પ્રકટ થૈ, તે અક્ષરો કહું છું યથા. ૧
બ્રહ્મનો સંબંધ કરતાં, દોષ સૌ દૂર થાય છે;
જરૂર જાણો પંચવિધના, દોષ જે સંભળાય છે. ૨
સહજ, દેશ,ને કાલથી, સંયોગ, પસ્પર્શ થકી થતા;
યદિ હોય કોય પ્રકારના, તતકાલ તેઓ સૌ જતા. ૩
નિવેદન વિણ સર્વ દોષો, ના થતા નિવૃત્ત કદા;
તે કારણે વિણ સમર્પિત, વસ્તુ બધી ત્યાગો સદા. ૪
નિવેદનીયો એ પ્રભુને, અર્પિ કાર્ય કર્યાં જવું;
ના અર્ધ ભુક્ત સમર્પિને; નિજ દેવ અપરાધી થવું. ૫
તે કારણે સૌ કાર્યમાં, સૌ વસ્તુનું સ્વાર્પણ કરો;
સમર્પિત લેવું સદાએ, શ્રુતિ વાકય સદા વરો. ૬

પ્રભુને સમર્પિ લેવું ના, એ ભિન્ન માર્ગ તણા મતો;
કરવો સતત વ્યવહાર, જેવો સેવકોમાંહિ થતો ૭
પ્રભુને નિવેદી કાર્ય કરતાં, દોષ નિર્દોષિત બને;
ગંગા મળેલાં ગટરજળ, ગંગા સમાં સરવે ગણે. ૮
ગંગા તણા દ્રષ્ટાંત સમ, પ્રભુનો નિવેદી ભક્ત તે;
જરૂર નિર્દોષિત બની, દ્રઢ બ્રહ્મતા પામે જ તે. ૯
સિદ્ધાંત રહસ્ય વિષે સકલ, શ્રુતિ વેદશાસ્ત્ર સમાય છે;
ગોવિંદ સુત ગુરૂ કૃપાથી, દીન વ્યાસ ગજલે ગાય છે. ૧૦

લોક અને વેદમાં કહેલા ૧– દેશ ૨– કાલ ૩– સંયોગ ૪– સ્પર્શ અને ૫– સહજદોષ, એ સર્વ દોષો નાશ પામે છે. માટે બ્રહ્મસંબંધ થયા પછી પુનઃ તેને માનવાજ નહી. ઉપર પ્રમાણેના બ્રહ્મસંબંધ વિના બીજા કોઇ પ્રકારે નિવૃત્તિ થતી નથી

આ ઉપરથી એમ સમજવું કે-આપણે સંપ્રદાયની રૂઢી પ્રમાણે બ્રહ્મસંબંધ શરૂથી ગ્રહણ કરી આવ્યા, પછી પ્રમાદથી બેશી ન રહેતાં, તે મંત્રનું રહસ્ય સમજી **શ્રીભક્તિવર્ધક** નામક ગ્રંથ પ્રમાણે આજ્ઞાનું પાલન કરવું

અને પોતાનું સર્વસ્વ શ્રીપ્રભુના ચરણારવિન્દમાં સમર્પવું અને સમર્પેલું વારંવાર સંભાળવું. આમ કરવામાં આવે તોજ તે તમામ દોષો ભગવાનના સમિપ જતાં, અંતરાયરૂપ નિવડતા નથી. દેહ પ્રાણ ઇન્દ્રિય અને સકલ બ્રહ્માંડનો ઉત્પન્ન કરનાર પ્રભુને જીવનો સર્વ કામ ભોગ અર્પણ કરાવી. શ્રીપ્રાણેશના પરમાનંદ રસનું પાન કરાવવાજ શ્રીમદાચાર્યજીના અંતરનો ઉદ્દેશ છે.

માટે પ્રભુશ્રીને સમર્પણ કર્યા વિનાની કોઈ કેવી વસ્તુ હોય, તેનો જીવે ત્યાગ કરવો, જે જનોએ પોતાનો પ્રાણાત્મા શ્રીપ્રભુને અર્પણ કર્યો છે. તેમણે તો સર્વથા સર્વ પદાર્થ પ્રથમ પ્રભુને વિનિયોગ કરી, પોતાનો નિર્વાહ ચલાવવો. એવી શ્રીમદ્આચાર્યચરણની આજ્ઞા છે.

સર્વ દેવોના દેવ પરબ્રહ્મ શ્રીકૃષ્ણચંદ્રને અર્ધ ભોગવેલી વસ્તુ કદાપિ અર્પણ કરવી નહી. એટલા માટે કાર્યના આરંભ-માંજ સર્વ વસ્તુનું સમર્પણ કરવું.

"શ્રીપ્રભુને અર્પણ કરેલું ઉપયોગમાં ન લેવું ? એવું નિષેધ વચન બીજા દાન માર્ગને માટે છે. એ વચનને બીજા લોકો દાન કર્યુ એમ સમજે છે. પરંતુ અત્ર દાનની સાથે કંઇજ સંબંધ નથી. પ્રભુને અર્પણ કરી, પ્રસાદી વસ્તુઓથી જીવે નિર્વાહ કરવો, એ પરમ ધર્મ છે. અને સર્વ વસ્તુ પર પ્રભુની સત્તામાની, પ્રભુના દાસ થઈ રહેવાનોજ અત્ર હેતુ છે.

નિવેદન, અર્પણ, અને દાન, એ ત્રણે શબ્દોના અર્થ જુદા જુદા છે. ૧ નિવેદન એટલે જેની વસ્તુ હોય, તેને જણાવવી માલિકને સોંપવી, તેનું નામ નિવેદન છે; અર્પણ એટલે પ્રભુની સર્વ વસ્તુ છે. તેવા વિવેક પુરઃસર પ્રભુને સમર્પણ કરવી અને તેઓશ્રીની પ્રસાદી વસ્તુઓથી તેમના દાસ થઈ નિર્વાહ કરવો. પ્રભુને સમર્પણ કરેલી વસ્તુ પ્રભુના બળ વડે પ્રભુરૂપ થયેલી હોવાથી, તે પદાર્થનો ઉપયોગ કરવાથી જીવના હૃદયમાં ભગવદીયત્વ સ્ફુરે છે.

જીવને ભગવદીયત્વની સ્ફુર્તી થાય ત્યારેજ, બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે. તેને જ અર્પણ કહેવાય છે.

અને દાન તો કોઇ દેશ, કાળ, અને સુપાત્રને આપવામાં આવે છે. વિશ્વના ભરણ પોષણ કર્તાને, અલ્પ જીવ શું દાન કરવાનો છે. દાનનું સ્વરૂપ એ જ પ્રકારનું છે કે આપેલું પાછું લેવાતું નથી.

ભકતજને ભગવાનને માટેજ કુટુંબાદિકને વિવેકથી સંપૂર્ણ રીતે જાળવવાં, અને ભગવત્કાર્યમાં ખલેલ ન પહોચે તેમ પ્રભુને સમર્પણ કરી, સર્વ કાર્ય કરવાં.

એમ કરવાથી પ્રત્યેક કાર્યોમાં ભગવત્સંબંધ છે, તેમ સમજાય છે તેથી પોતાના અહંકારની નિવૃત્તિ થઇ, સર્વ કંઇ ભગવાન પોતે સ્વેચ્છાથી મારા દ્વારા ઘરનો વ્યવહાર ચલાવે છે, એમ જાણવું. જો તે શ્રીપ્રભુ વ્યવહાર ન ચલાવતા હોય તો, હું પામર જીવનું શું ગજુ છે? ક્ષણમાં પક્ષાઘાત જેવું મહાન દરદ આવીને દેહ પર ચઢી બેસે તો હું જીવ શું કરવાનો છું: એમ વિચારતાં દીનતા પ્રાપ્ત થાય છે, એવી દીનતામાં પ્રભુ પ્રેમનો પ્રવેશ થાય તો તે દૈન્ય પ્રેમ વડે; ભગવદ્ભક્તિ સુદૃઢ થાય છે. દીનતા એજ પુષ્ટિ માર્ગનું મૂળ પગથીયું છે. તે ખોટા અભિમાનને ચકડોળે ચઢેલો જીવ કહે છે કે, હું કમાઉ છું ને બધા ખાય છે, હું ન હોઉ તો ઘરમાંના હાલ હવાલ જુદા હોય, એવા વૃથા મદીલાના દોષો વધતા જાય છે. માટે વૈષ્ણવે નિરંતર વિવેક ધીરજ ને સંતોષથી ભગવાનમાં ચિત્ત રાખી સુખદુઃખ લાભ હાનિના સર્વ પ્રસંગ પસાર કરવા (પદાર્થ પ્રાણીમાં પ્રભુનો સંબંધ જાણવાથી, જેમ પવીત્ર ગંગાજીના પ્રવાહમાં અતિ કુચિલ મળમૂત્રાદિ ભળે છે, તેને ગંગાજી તત્કાળ પોતાના સમાગમ વડે પવીત્ર કરે છે. તેવીજ રીતે સર્વ પદાર્થ સહિત જીવ પ્રભુને શરણે જતાં શ્રીગુરૂના કૃપાબળથી સર્વ દોષોની નિવૃત્તિપૂર્વક પરમ અલૌકિક આનંદ પ્રાપ્ત થાય છે તેમાં સંદેહ નથી.

એ પ્રમાણે શ્રી આચાર્યચરણે બ્રહ્મ સંબંધ મંત્રનું રહસ્ય અને પોતાના પુષ્ટિમાર્ગનો સિધ્ધાન્ત સમજાવ્યો છે. એમ ગોપાલદાસજી પત્રાવલંબે કહી સૂચવે છે. હવે આગળ અનેક દેશોમાં વિચરતા દૈવીજીવોને શરણ લેવા પોતાના ચરણારવિન્દથી દેશોદેશ અટણ કર્યું છે તે વર્ણવે છે.

મૂ૦ અનેક જીવને કૃપા કરેવા દેશાન્તર પ્રવેશઃ
કોમલપદ જ્યાં કમલ વિલસે, ધન્ય કહું તે દેશઃ ॥૧૩॥
અંગ બંગ કલિંગ કેકટ, મગધ મરુ સૂર સિન્ધ;
તે તામસના અઘહર્યા પ્રતાપ પદ રજ ગંધ ॥૧૪॥

શબ્દાર્થ–શ્રીમદ્ આચાર્યચરણ ઘણા દેશોમાં અનેક દૈવીજીવોનો અનુગ્રહ કરવા પધાર્યા છે; તેમના કોમલ પાદારવિન્દના સ્પર્શથી અંકાયલા દેશોને અહો ધન્ય છે. ૧૩

દક્ષિણ બંગાળા ગુર્જર, કચ્છ, કાઠીયાવાડ, મારવાડ, સુર અને સિંધ વિગેરે ભરતખંડના ઘણા દેશોમાં તામસ વડે વ્યાપી ગયેલા **પાપને** દૂર કરવા શ્રીમદ્ આચાર્યચરણે સ્વતઃ તે તે દેશમાં પધારી પોતાના ચરણ રજની સુગંધના પ્રતાપે ઉપર કહેલા પાપને દૂર કર્યું છે. ૧૪

વિવેચન–૧ આસુરીજીવોના સંબંધમાં આવવાથી દુઃસંગમાં ડુબેલા, દૈવીજનો, સ્વતઃ પોતે ભગવત્ પ્રેરણાથી, શ્રીમદાચાર્ય ચરણને શરણે આવે છે. તેને શ્રી આચાર્યજી પોતે કૃપા કરી, યથાર્થ બોધ આપી, સંસારમાંથી ઉધ્ધારી લે છે; અને ભગવદાનંદનું અદય દાન દે છે. એવા અનેક દેશમાં ગમન કરી અનંતને ઉદ્ધાર્યા છે.

૨. દેશોમાં પ્રયાણ કરવાનું પ્રયોજન, માત્ર જુદા જુદા દેશોમાં વિચરતા દૈવીજીવોને શરણ લેવાનું કામ તેમણે વધાર્યુ હતું. પોતાને શરણ લઈ, શ્રીપ્રભુને સોંપવા અને પરમાનંદ લેતા કરવા, એજ હેતુ આપશ્રીનો હતો. પૃથ્વી પરિક્રમણનું તો બાનુંજ બતાવ્યું છે.

૩. ત્રીજું કારણ એ છે જે દરેક દેશોમાં માયાવાદ વિગેરે મતોનું ખંડન કરી બ્રહ્મવાદનું સ્થાપન કરવું જ છે તેમજ શુદ્ધાદ્વૈત સિધ્ધાન્ત પ્રતિપાદન કરવો જ છે અને પરમકમનીય પ્રભુ યશના વિસ્તાર પણ તેવો જ કરવો છે તે બધુ વિચારેલું કામ પૂર્ણ કર્યું.

૪. જે જે દેશમાં આપશ્રી પધાર્યા, તે તે દેશનાં,

ભકત કવિ ગોપાલદાસજી ધન્ય ભાગ્ય ગાય છે, એટલું જ નહિ પણ સમગ્ર બુદ્ધિવાનો અહોભાગ્ય માને છે.

૫. શ્રીમદાચાર્ય ચરણે દક્ષિણ દેશમાં વિદ્યાનગરના કૃષ્ણદેવ રાજાને ત્યાં વિદ્વાનોની વાદ સભામાં અતિ તામસ માયાવાદનું ખંડન કરી બ્રહ્મવાદ સ્થાપી અનેક જીવ પર કૃપા કરી, ભજનાનંદનું દાન કર્યું છે.

ત્યાંથી રામેશ્વર શુકક્ષેત્ર, પંપાસરોવર કિષ્કિન્ધા, ઋષ્ય મુક્ વિગેરે સ્થલોમાં તામસથી સંચય થયેલાં પ્રાયશ્ચિત કરી, દૂર દૈવીજીવોને શરણે લઇ, તીર્થોને સનાથ કરી, આગળ કાર્તિક સ્વામીના આશ્રમે કુમાર પદ પધાર્યા ત્યાં કાપાલિકાદિ અનેક પંડિતો સાથે વાદ કરી, તેમને પરાસ્ત કર્યા. અને ત્યાંથી શ્રીશૈલ્ય પધાર્યા. ત્યાં ત્યાંના શૈવ વિદ્વાનોને જીતી, દૈવીને શરણ લઈ, **ત્રિપતિ** ગ્રામ પધાર્યા. ત્યાં કપિલધારામાં સ્નાન કરી, શેષાચળ, વેદાચળ, ગરૂડાચળ, વૃષભાચળ, અંજનાચળ, નારાયણાચળ, વિગેરે તીર્થ પર્વતો પર પધારી. તેમને આશ્વાસન આપી, વ્યંકટાચળ પધારી વ્યંકટાધિશનાં દર્શન કર્યા. ત્યારબાદ લક્ષ્મણબાલાજી કામકોષ્ણી, થઈ પ્રેમ પુરી પધાર્યા, એમ કરતાં દક્ષિણ યાત્રામાં વિદ્યાનગરથી રામેશ્વર અને ત્યાંથી કન્યાકુમારી, સુધીના દૈવીજીવોને કરૂણાથી શરણ લઇ, ત્યાંથી સુન્દરેશ્વર થઇ, સુબ્રહ્મણ્યક્ષેત્ર, અને ત્યાંથી પંઢરપુર નાશિક મથુરાજી વિગેરે સર્વ દેશોમાં શ્રીમદાચાર્ય ચરણ પધારી, દૈવીને શરણ લઈ તામસથી સંચિત થયેલાં

સર્વ પાપોને પોતાના ઉગ્ર પ્રતાપથીસમૂળ ઉખેડી નાંખ્યાં છે. ૧૩-૧૪

ઉપર મુજબ અનેકદેશોને પવીત્ર કર્યા છે. અને પોતાનો **મનો વૈરાગ્ય** તો વિદ્યાનગર કૃષ્ણદેવરાજાની સભામાં સેંકડો મણ સૂવર્ણના કનિકાભિષેકના પ્રસંગેજ પ્રકટ દર્શાયેલો છે. એમનું નામજ **સર્વોત્તમજીમાં સર્વત્યાગોપદેશક** પ્રસિદ્ધ છે. દૈવી દ્રવ્ય વિના બીજુ ગમે તેટલું કોઈ ભેટ કરે તથાપિ તે દ્રવ્ય નકામુ જાણી પોતે તેના પર દૃષ્ટિ પણ કરતા નહી તેમ ગોપાલદાસ ગાય છે.

કનક સ્નાન શતમણ સુવર્ણે કરાવ્યું મહિપાલ॥
તે મુકી વેગે ચાલીયારાય; દૃષ્ટિ ન પાછી વાળ॥૧૫॥

શબ્દાર્થ–કૃષ્ણદેવરાજાએ સો મણ સુવર્ણથી કનિકાભિષેક કર્યો પછી તે સુવર્ણ રાજાએ આપશ્રીને આપવા આગ્રહ અતિવ કર્યો. તથાપિ તે ગ્રહણ કર્યા વિનાજ ત્યાંથી ચાલી આગળ પ્રયાણ કર્યુ અને તે દ્રવ્ય પર પોતાની દૃષ્ટિ પણ જોડી નહી.

વિવેચન–કૃષ્ણદેવ રાજાની સભામાં એકંદર અઠ્ઠાવીસ દિવસ સુધી ભારે વાદ ચાલ્યો. તેમાં વિરૂધ્ધ મતવાલા આચાર્યો પંડિતોને જીતી, શ્રીવલ્લભાચાર્યે જય મેળવ્યો. એવો શ્રીઆચાર્ય ચરણનો પ્રતાપ જોઈ, સર્વ આચાર્યો અને વિદ્વાનોને ઘણોજ આનંદ થયો, અને કૃષ્ણદેવ રાજાને પણ અવર્ણનીય આનંદ થયો.

ઉપર પ્રમાણે વાદની સમાપ્તિએ આનંદ થતાં તરત રાજાએ શ્રીવલ્લભાચાર્યજીનો વિજય પ્રકાશ કરવા, વિજયનાદ કરાવ્યો. અને પોતાની સભામાં હાજર અન્ય રાજાઓ મંત્રીઓ અને સર્વ સભાગણો સહિત શ્રીમદ્ આચાર્યશ્રીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. અને તેઓશ્રીનો પરમોપકાર જણાવ્યો તે પછી આચાર્યશ્રીએ પોતાને મુકામે પધારવાની ઈચ્છા જણાવતાં તરત રાજાએ ચતુરંગિણી સેના તૈયાર કરાવી આપશ્રીને શિબિકામાં પધરાવવાની વિનંતી કરી. પરંતુ આપ તેમાં ન બિરાજતાં આપશ્રીની પાદુકા શિબિકામાં પધરાવી.

આપ સર્વ સભાગણો સાથે ચાલતા પધારવા લાગ્યા રાજા એ પ્રમાણે અત્યાનંદથી આપશ્રીને તેમના આશ્રમે પધરાવી પાછો ફર્યો.

ત્યારબાદ બીજે દિવસે રાજા પોતાનો મનોરથ સિધ્ધ કરવાને રાજા પોતાના નિત્યકર્મથી પરવારી પોતાના સામંતો મંત્રીઓને બોલાવી હુકમ કર્યો કે આજે આપણા આંગણામાં એક મનોહર મંડપ તૈયાર કરાવો. અને ત્યાં શ્રીઆચાર્યજીને કનિકાભિષેકની સર્વ તૈયારી કરો. તે પ્રમાણે મંડપ-ધ્વજાપતાકા તોરણ મણિમાલાઓ વિગેરેથી શણગારી તૈયાર કર્યો. શ્રીઆચાર્યચરણને કનિકાભિષેક માટે સર્વ સુવર્ણ પાત્રો પટ્ટા, પુષ્પો વિગેરે પદાર્થોની તૈયારી કરી.

કનિકાભિષેકનો નિશ્ચય સમય જણાવાને વ્યાસતીર્થ વિદ્યાતીર્થ વિગેરે વિદ્વાનો પાસે પોતાના રાજકુટુંબીઓ સામંતો સેનાધિપતિઓ હય ગજ રથ સહિત ચતુરંગિણી-

સેના સાથે સર્વેને ત્યાં જઇ, આમંત્રણ કરી., સર્વને મંડપમાં લઇ આવ્યા તેમનું યોગ્ય સન્માન કરી તમામ રસાલા સાથે રાજા શ્રીઆચાર્યચરણન પધરાવી લાવા તેમના મુકામે આવી વિનંતિ કરી આપ પધારો તે વખતે આપશ્રી રાજાની મનેચ્છા પૂર્ણ કરવા પાતાની પાદુકાજીન અને પુસ્તકજીને શિબિકામાં પધરાવી પોતે સામંતો સાથે ચાલતા પધાર્યા.

તે વખતની શોભાનું દર્શન દેવતાઓની સ્વારી કરતાં કોઇ અનેરૂ હતું. એ પ્રમાણે સર્વ ઉત્સાહભર્યા રાજમંડપમાં આવી પહોચ્યા. રાજાએ સામા આવી શ્રીઆચાર્યજીને યોગ્ય સન્માનથી વધાવી લઈ મનોહર મંચપર બિરાજવા વિનંતી કરી આપશ્રી બિરાજ્યા.

પછી કનિકાભિષેક માટે તૈયારી કરેલા કનકના પાટલાપર પધરાવ્યા. તે વખતે તમામ દેશ દેશના રાજાઓ વિદ્વાનો અને સર્વ આચાર્યો મળી પૂર્ણ પ્રેમથી મંત્રોની ધ્વનિ સાથે મહાભિષેક કર્યો, પીતામ્બર તીલકાદિ પુષ્પમાલાઓ ધારણ કરી સર્વેએ દંડવત પ્રણામ કર્યા. પછી

રાજાએ આપશ્રીને વિનંતી કરી કે અભિષેકની તૈયારીનાં કનકપાત્રો તથા આ રત્નભર્યા સુવર્ણ થાળો આપશ્રીને ભેટ છે. તે સ્વિકારો? તં વિનંતિ સાંભળી આપશ્રીએ સંજ્ઞાથી દામોદર દાસને પોતાનો અભિપ્રાય સૂચવ્યો તે મુજબ સર્વ સાંભળતાં રાજાને દામોદરદાસે જણાવ્યું કે આ સર્વ સરંજામ પાત્રો વિગેરે કનિકાભિષેકનાં ઉત્તરીય જલ જેવાંછે. એ સ્પર્શ કરવા યોગ્ય નથી.

વળી આચાર્યશ્રી, પોતાના શિષ્યો શિવાય કોઇની વસ્તુ ગૃહણ કરતા નથી, જેથી. બીજુ દ્રવ્ય પણ અર્પેલું ગૃહણ કરતા નથી.

એ પ્રમાણેનું દામોદરદાસજીનું વચન સાંભળી રાજા વિચારમાં પડયો, તે વખતે દામોદરદાસે રાજાને કહ્યું કે આ દ્રવ્ય સર્વ દૂરદેશથી આવેલા આશાવાનોને વહેંચી આપો એટલે રાજાએ પોતાના પુરોહિતાદિ સાથે પાત્રોના વિભાગો કરી વહેંચી આપ્યું તે લઈ સર્વ પ્રસન્ન થયા.

ત્યાર પછી વ્યાસતીર્થ વૈષ્ણવ સંપ્રદાયના હરિસ્વામી અને શેષસ્વામી વિગેરેએ મળી શ્રીવલ્લભાચાર્યજીને આચાર્ય સામ્રાજ્ય તીલક કર્યુ.

એ પ્રમાણે પોતાના અદભૂત ચારિત્ર્ય અને સામર્થ્યતાનાં કાર્યો સર્વેને બતાવી, ત્યાંથી પંઢરપુર પધાર્યા. અને ત્યાંકેવો અલૈાકિક આનંદ વર્તાવ્યો તે આગળ ગોપાલદાસજી કહેછે– જે વલ્લભાખ્યાનમાં શ્રીવલ્લભપ્રભુના સર્વ સામર્થ્યની રૂપરેખા દોરી. ગોપાલદાસ ન બતાવે તો બીજે કયાં બતાવે–વલ્લભી શ્રીવલ્લભ અને તેમના વંશના યશ ગાઇને પ્રસન્ન થાય છે. શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ અને તેમણે બ્રહ્મવાદનું સ્થાપન કરી

(સેવા રસાસ્વાદ ચખાડયો તે સેવકો ગાય છે.)

રાસ સ્ત્રી ભાવભર્યા વિગ્રહનું, મહાપ્રભુ શ્રીવલ્લભનામ
પુષ્ટિ પથ કેતુ કરૂણાર્ણવ, પ્રેમ દૈન્ય પીયષનું ધામ ૧

વેદ શ્રુતિ શ્રીભાગવત ગીતા, વ્યાસ સૂત્ર સમજાવ્યું રીત
કલિમાં કૃષ્ણ શરણુએક સાચું, સુદૃઢાવ્યું પૂરણ પ્રીત ૨
વિશ્વોદ્ધારક શ્રીપુષ્ટિ પથ, જેમાં પતિત પામ્યા પરબ્રહ્મ,
ભાવ પ્રચુરદા ભક્ત તારકા દેવદનુંજ મનુ તર્યાવણ શ્રમ ૩
મુનિ મહંત શ્રીમત ધિમંત સૌ, ભકિત ભાવદા થકી તર્યા
જગત્પિતા જગદીશ જગતગુરૂ, માણ્યા વિણ કર્મેડા મર્યા ૪
ભકત વત્સલપ્રભુ પતિત ઉદ્ધારણ, મહાકરૂણામય ગુરૂકૃપાલ
વલ્લભીવ્યાસને વરેણ્યવ્હાલો, અમિઝર અતુલઉદાર દયાલ ૫

શ્રીમદ્વલ્લભ ભૂતલ પ્રકટી, કંઇક કર્યાં ભડ સંગીન કામ;
કૃષ્ણ કૃપાના સુમાર્ગ દર્શક, મહાપ્રભુ આચાર્યજી નામ ૧
વેદ શ્રુતિનો શુદ્ધ અર્થ કરી, કીધો શુધ્ધ અદ્વૈત વિચાર;
સર્વ ગુણાતિત બ્રહ્મ ભાવદા, જીવઅંશ જણવ્યા નિરધાર ૨
એક બ્રહ્મ બ્રહ્માંડો કરીને, સ્થીરવે પોષે આપ પ્રતાપ;
જ્યાં જોઇએ ત્યાં તેવી સગવડ, સરલકરે શુભઆપોઆપ ૩
આપ વિના એકપાન ન હાલે,રવિશશિહરિહર અજકેઇન્દ્ર
ભકતવત્સલ ભગવંતને ભજતાંટળે વ્યાસભવભવની નિંદ ૪

રાસેશ્વર પથ પ્રકટ કર્તા, ભાગવત ભાષણના ધરનાર;
દૈવીજનને દિવ્ય દાનદઇ, બ્રહ્મ ધામમાં લઇ જનાર; ૧

પુષ્ટિ પથના કુળ ગુરૂવલ્લભ, માયાવાદ નિર્મુળ કરનાર
ભૂતલ બ્રહ્મવાદને સ્થાપી, શરણાંગતનીલઇ સંભાળ; ૨
શ્રીગુરૂવલ્લભ વિઠ્ઠલ વંશજ, એ સર્વે છે એકજ રૂપ
એઉના અંતર રોમરોમપ્રતિ, વ્યાસ રાજેશ્રીવ્રજનો ભૂપ ૩
અક્ષયજલ અક્ષર સરવરથી, અસંખ્ય લ્હેરનિકળેનિયમિત
અનંત પ્રભુથી કંઇ અવતારો પ્રકટયાને પ્રકટેજ અચિત ૪
પરમાનંદ સાગર પરમાનંદ, પરમાનંદ મય કૃષ્ણ સ્વરૂપ
વ્યાસ જાણીને માણે તે જન, કદા પડે નવ એ ભવ કૂપ ૫.

મૂ૦ ત્યાંથી દક્ષિણપ્રભુ પધારીયાપાડુરંગ શ્રીવિઠ્ઠલનાથ॥
નેત્ર મળતાં વાત કીધી, વચન દીધું હાથ ॥૧૬॥
વચનનિશ્ચે શ્રીનાથ માંગ્યું, કીધી વલ્લજી શું વાત॥
અમનતો ઇચ્છા એહ છે જે હું નન્દન તમો તાતા॥૧૭॥
તે પુરુષોત્તમ પ્રકટશે શ્રીવિઠ્ઠલ રુપ નિધાન;॥
નેત્ર કમલે નાના ભાવે, દેશે ભકત્તને સન્માન ॥૧૮॥

શબ્દાર્થ વિદ્યાનગરની દક્ષિણે પંઢરપુરમાં શ્રીવલ્લભપ્રભુ પધાર્યા. અને વિઠ્ઠલનાથજીનાં દર્શન થતાં તરત પ્રભુએ સામા પધારી શ્રીવલ્લભાચાર્યજીને હાથોહાથ વચન આપ્યું અને કહ્યું કે મારી પોતાની ઇચ્છા તમારે ત્યાં તમારા પુત્ર રૂપે પ્રકટ થવાનીછે. એવું નિશ્ચય વચન શ્રીનાથે શ્રીવલ્લભજીથી વાત કરતાં આપ્યું, ૧૭ એવું વચન દેનાર શ્રીપુરૂષોત્તમ શ્રીવિ-

ઠુલનાથજી પોતે તમારા પુત્ર સ્વરૂપે પ્રકટ થશે. અને પોતાના કમલનયનથી, નાના પ્રકારના ભાવોનું ભક્તોને દાન કરશે ૧૮

વિવેચન–વિદ્યાનગરથી વિજય કરી શ્રીવલ્લભપ્રભુ દક્ષિણે પંઢરપુર પધાર્યા. ત્યાં શ્રીવિઠ્ઠલનાથજીનાં દર્શન થતાંજ પરબ્રહ્મ પુરૂષોત્તમ શ્રીનાથજી શ્રીવિઠ્ઠલનાથજીના સ્વરૂપમાં બિરાજી તેમની દ્વારા નિશ્ચય વચન, શ્રીવલ્લભાચાર્યજીને દીધુ. અન એવી વાત કરી કે હવે **તમો** વિવાહ કરો! મારે ભૂતલપર તમારે ત્યાં પુત્રભાવે પ્રકટ થવું છે. અને પુષ્ટિભક્તિ રસનો ભક્તજનોને અનુભવ કરાવવો છે. અને તેનો પ્રચાર આપના વંશ દ્વારા ઘણા સમય સુધી કરવોછે. તેમજ દૈવી જનોને અદ્દયદાન દેવું છે. એ પ્રમાણે વાત કરી.

વળી વલ્લભાખ્યાનમાં સૂચવે છે કે **વચન નિશ્ચય શ્રીનાથ માંગ્યું** એટલે પંઢરપુરસ્થ શ્રીવિઠ્ઠલનાથજીના સ્વરૂપમાં શ્રીવલ્લભની દ્રષ્ટિ પડતાં તરતજ આવિર્ભાવે પ્રકટ થઈ અસ્પર્શ યોગવાળા રાસરસૈક લુબ્ધ શ્રીનાથજીએજ વચન માંગ્યું છે તેમાં જરા પણ સંશય નથી. અને આવાજ પ્રકારનો નિચેનો દાખલો ખુબ યાદ કરવા જેવો છે.

શ્રીવલ્લભાચાર્યજીનો ઉગ્ર પ્રતાપજ એવો છે કે–જેમાં અન જે પર જેવી દ્રષ્ટિ કરે ત્યાં તેવા રૂપેજ થાયછે; તેમાં જરા પણ આશ્ચર્ય નથી. (એક વખત શ્રીઆચાર્યજી મહાપ્રભુ કોઇ નગરના બજારમાં થઇને પધારતા હતા. ત્યારે વચમાં એક કંસારાની દુકાન આવી ત્યાં ધાતુનાં રમણિક સ્વરૂપો

ઉપર આપશ્રીની દૃષ્ટિ પડી અને શ્રીવલ્લભપ્રભુએ જરાક વિચાર્યું કે ગ્વાલ મંડલી ઘણી સુંદર બિરજી રહીછે. એટલામાં પેઢીમાં પંક્તિબંધ સજાવેલાં કય સ્વરૂપો તમામ શ્રીમહાપ્રભુજીની પાછળ પાછળ ચાલવા લાગ્યાં એવું ભક્તજનોની વાર્તામાં પ્રસિદ્ધછે. આ ઉપરથી ચોકશ સમજાય છે પરબ્રહ્મ પુરૂષોત્તમ મર્યાદાપુરૂષોત્તમનો અસ્પર્શ યોગ કરે તેમાં જરા નવાઈ જેવું નથી.

અસ્પર્શ યોગ એને કહેવાય છે કે રસાત્મક પુરૂષોત્તમ મર્યાદા–ધર્મ વિશિષ્ટ-સ્વરૂપમાં આવિર્ભાવે થઇ, તેની સાથે કામ જેટલોજ સંબંધ સ્વેચ્છા પૂર્વક કરી લઇ, ત્યાંથી અલગ થઇ જાયછે. તેને અસ્પર્શયોગ કહે છે.

ઉપર બતાવેલા શ્રીનાથ વિઠ્ઠલનાથ અને શ્રીમહાપ્રભુજી રૂપનિધાનછે. કારણ બન્ને સ્વરૂપ અંશકળા આવેશાદિ અવતારોના આધારરૂપ સાક્ષાત્ પરબ્રહ્મ વૃન્દાવનસ્થ ગોપીપતિજછે. સ્વેચ્છાથી લીલા કરવાને માટે ભિન્ન સ્વરૂપે થયાછે તેમાં સંશય નથી.

વળી ભક્તરાજ કવિ ગોપાલદાસે **નાના ભાવે** દાન દેવાનું મૂળકડીમાં જણાવ્યું છે, તે એમ સૂચવેછેકે જેવા ભાવની ભક્તિ ભક્ત કરે છે, તેવા ભાવનું આપશ્રી એ પ્રકારનું દાન કરેછે. ઉપર પ્રમાણેની વાત થયા પછી માનવલીલાનું દર્શન કરાવતા શ્રીમદાચાર્યચરણ તીર્થસ્વરૂપ શ્રીવિઠ્ઠલનાથજીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી ભેટ ધરી,

ચર્ણ સ્પર્શ કરી, આલિંઘન કર્યુ અને તેમને પંચામૃતથી સ્નાન કરાવી, પોતાની પાસેનાં વસ્ત્ર ભૂષણો ધરાવી, ભોગ સામગ્રી સમર્પી, સેવકોને પણ સંતોષ પૂર્વક સંતોષી પોતાને આશ્રમે પધાર્યા અને ત્યાં થોડો વખત વિરાજી વિષ્ણુસ્વામી સંપ્રદાયના જ્ઞાન દેવના શિષ્યોને ઉપદેશ લેવાની અભિલાષા જોઇ તેમને ઉપદેશ આપ્યો. તે પછી એકદિવસે રંગમહોવત્સનાં દર્શન કરવા શ્રીવિઠ્ઠલનાથજીના મંદિરમાં પધાર્યા હતા ત્યાંથી પોતાના આશ્રમે પધારતાં વચમાં પાંડુરંગ નામનો ભકત શ્રીમદ્ આચાર્યચરણને મળ્યો તેણે વિનંતિ કરીકે–હે ભકત મનોરથ પૂરક? હું બાર વર્ષથી વ્રજલીલાનાં દર્શનની અભિલાષાથી ફકત દુધ પીને વિરહાર્તી કરી નિર્વાહ કરૂં છુ તથાપિ હજુ તે વ્રજલીલાનું સ્વપ્ન પણ પામ્યો નથી જેથી હું આપને શરણ આવ્યો છું. માટે મારો મનોરથ પૂર્ણ કરો.

આ પાડુરંગભકતની વિનંતી આપશ્રીએ સ્વિકારી પોતાની સાથે પોતાના આશ્રમે લાવી, સ્નાન કરાવી નજીકની ગુફામાં લઇ જઈ, તેને દિવ્ય દૃષ્ટિ આપી, એટલે તેને દિવ્યલીલાનાં દર્શન બે મુહુર્ત સુધી થયા પછી દિવ્ય દૃષ્ટિ આપશ્રીએ આકર્ષિ લીધી ત્યારે પાંડુરંગે વિનંતિ કરીકે મને એ લીલામાંથી બહાર શું કરવા કાઢયો? તે વખતે શ્રીવલ્લભ પ્રભુએ આજ્ઞા કરીકે હવે તમો ચિત્ત લગાવી શ્રીવિઠ્ઠલનાથજીની સેવા કરો! અને જ્યારે તે લીલાનું ધ્યાન કરશો ત્યારે સુખથી દર્શન થશે એ વચનામૃત સાંભળી પાંડુરંગ બ્રાહ્મણ

પ્રસન્ન થતો. પયોવ્રત છોડી મન ચિત્ત દઈ શ્રીવિઠ્ઠલનાથજીની સેવા કરવા લાગ્યો.

ઉપર પ્રમાણે પંઢરપુરમાં અનેક ચારિત્ર્યો કર્યા છે તેનું વર્ણન કરતાં પાર આવે તેમ નથી. અનુભવી હૃદયોજ જાણી રહ્યાં છે. હવે પંઢરપુરથી વ્રજધામ શ્રીવૃન્દાવન પધાર્યા. ત્યાંનો અનુભવ ગોપાલદાસજી વર્ણવે છે.

મૂ૦ ત્યાંથી વૃન્દાવન પધારીયા, જ્યાં મધુપકરે ગુંજાર;।।
કુસુમ દ્રમ નવ મલ્લિકા, મકરન્દનો નહિ પાર. ।।૧૯।
તરૂ તમાલ અતિ શોભિતા, હેમ જુથિકા સંઘોડ; ।।
લલના તે સુભગા લટકતાં, હિંડે તે મોડા મોડ; ।।૨૦।।
તાન ધુનિ મુનિ મયૂરરૂપે, સાંભળે ધરી ધ્યાન; ।।
નિત્ય લીલા ગાન શ્રવણે, કરે તે મધુ પાન ।।૨૧।।
કુંજ સદન સોહામણાં, શોભા તણો નહિ પાર; ।।
વિવિધ રાસમંડળ રચનારચિ, ખેલે શ્રીનંદકુમાર ।।૨૨।।

શબ્દાર્થ–શ્રીમદ્વલ્લભાચાર્યજી પંઢરપુરથી શ્રીવૃન્દાવન પધાર્યા, ત્યાં અનેક ભ્રમરો મધુર નાદ કરી રહ્યા છે. વળી વિવિધ પ્રકારનાં પુષ્પો અને વૃક્ષલતાઓ સુગંધમય બિરાજી રહેલ છે. ૧૯

તમાલનાં વૃક્ષો પીળી ચંમેલીની કુંજો અને નવ પલ્લવિત સંઘોડનાં રમણિક લઘુ વૃક્ષો શોભી રહ્યાં છે, આવા રસિક વનમાં પરમાલ્હાદ આપનાર સૌભાગ્યવંતી વ્રજાંગનાઓનાં ટોળાં મનહર લટકથી ચાલતાં દર્શી રહ્યાં છે. ૨૦

ઉપર પ્રમાણે નિત્ય લીલાને નિરખતાં અને શ્રીકૃષ્ણ ગાન કરતા ભક્તોની મધુર ધ્વનિઓ સાંભળી, વ્રજમાં મયૂર રૂપે થયેલા મુનિયો અને ભક્ત રૂપે થયેલા ભ્રમરો એકતાન થઈ મધુરા નાદ અમૃતનું પાન કરી રહ્યા છે. ૨૧

ત્યાં આગળ કુંજ નિકુંજ મહાકુંજ ઉપકુંજોની શોભાનો પાર નથી. અનુભવથીજ જણાય તેમ છે; તે શોભાઓ જીભ્હાથી વર્ણન કરતાં નિવેડો આવે તેમ નથી. વળી એવા રસાળ વનમાં નંદરાયજીના પુત્ર શ્રીકૃષ્ણ વિવિધ પ્રકારના રાસ મંડળની રચના રાચી રમી રહ્યા છે. ૨૨

"વિવેચનમાં શ્રીવૃન્દાવનાષ્ટક પુષ્ટિ સૃષ્ટિનો મહારસ છે."

શ્રીવૃન્દાવન ધામ, વૃક્ષ વેલી અતિ રાજે;
સુંદર મણિ જડયા મહેલ, મહા મનહર છબી છાજે ૧
શ્રીયમુના અલબેલી અચળ વહે, હીરા તટ મધ્ય:
સુખદ સ્વચ્છ સુનિર, નિર્મલ નિત્ય છે નિર્વધ્ય. ૨
અનંત રત્નમય ગિરિ ગુલ્મ તરૂ વર દ્રુમ તે પર:
ચંપક બકુલ ગુલાબ, વલ્લરી ઝુલી ઝુલી વર. ૩
વહત વાયુ અખંડ, શીતલ મંદ મહા ઉન્મત્ત:
સર સરિતા સુ સરોજ, ભૃંગ ગુંજે નવ નવ ગત: ૪
કમલ લોચની લલના યુથ ગણ ગણ્યાં ન જાયે:
વિલસત સુંદર શ્યામ, સતત ઉર ઉમંગ ન માયે. ૫
લીલા અખંડા નંદ, અપ્રાકૃત અતિ અલૌકિક:
પુષ્ટિ સૃષ્ટિનો મહા રસ, નથી કો વસ્તુ ભૌતિક. ૬
કૃષ્ણાનનની કૃપા અપાર રસ રેલે હૃદયમાં:
વ્યાસ ન વરણ્યું જાય, વૃન્દાવન વાણી વદયમાં ૭

નિર્લેપ પ્રેમી સૃષ્ટિ શ્રીપ્રભુ અંગથી પ્રકટી.,
વદે વ્યાસજ્યમ વેલી વૃક્ષને વિલસે લપટી. ૮

—: આદ્ય વૃન્દાવનની લીલા :—

આદ્ય વૃન્દાવન વસ્તુ અલૌકિક, અનુભવે તે સુખ જાણે;
હરિ ગુરૂ હરિજન કૃપા વિનાકો, યત્ન પ્રયત્ને નવ માણે ૧
ચૌદ લોક બ્રહ્માંડની ઉપર, વ્યાપિ વૈકુંઠ સુંદર ધામ;
તેની ભીતર આદ્યવૃન્દાવન, છે અરૂપશી શુભ સુ ઠામ; ૨
ત્યાં આધાર સત્યના ઉપર, શ્રીમદ્ગોકુલનાથનું ગામ;
મણિમય રત્નજટિત રસમંદિર,ચૌકતિબારી ચિત્રિતધામ ૩
ધાતુ સકલ ગિરિરાજ કંદરા, સુભગ સુખદ અદભૂત સોહે
નિકટ પ્રવાહવહે શ્રમ સરિતા, ગતિવર કમનિય મનમોહે ૪
સુભગસુમન ફુલ્યાં દશોદીશ, સરવર ફુલ્યાં કુમુદ અર્વિંદ
અનંત સુખદ ભૂવચિત્તાકર્ષક, સહજ બની રહી મકરંદ ૫
ગુલ્મલતાદ્રુમ કુંજ મનોહર, ગહેવર પરિમલવહે વિશાલ
ગુંજે મધુપ નિત્ય નૌતનલીલા; ખટરિતુ સર્વસુખદ સુકાલ ૬
પીછવઈ ચંદવા નવનવરંગી, ગાદી તકીયા નવિના સાજ
રાજે ગોકુલનાથ રંગીલો, સરવેલીલા સહિત સમાજ ૭
અનંતસખીસહ શ્રીપ્રભુવિલસત,નિત્યપ્રતત્યાંશ્રીવલ્લભરાજ
મુખ્યસ્વામીની ઉપસ્વામિની સહચરીગણ અનંત સુકાજ૮
શક્તિ સાતઅરૂ અગાધ શક્તિયો, યુગલ મનોરથ પૂરકનીત
મુખ્ય ભક્તસંગ હાજર ઉભી, સૌ સૌભાગી સેવાનિમિત્ત૯
પ્રભુતા, કૃપા, જ્ઞાનને કારજ, ઈચ્છા, ને આનંદ, ભક્તિ;
માયા સમેત અનંત દાસીગણ, આજ્ઞા સુ તત્પરા શક્તિ ૧૦

ઝાંઝ મુરજ વાંસળી વાગે, સુરમંડળ કિન્નરી સુ ચંગ;
સારંગી સુર વેણુ મધુર ગતિ; સુંદર વાગે મૃદુલ મૃદંગ૧૧
રાસરમણ નિત્ય હોય, અનુક્ષણ નૃત્ય કરે ત્યાંમહારસનાર
તા થેઇ તત થૈ થન ગન તા થૈ; ઝાંઝર નેપુરના ઝનકાર ૧૨
ફરી ફરીને લીયે કુંદડી: મંડળ જોડે મંડલાકાર:
એ વિધ પ્રાણનાથ પુરૂષોત્તમ:દે સુખ વૃન્દાવન શણગાર૧૩
કોમલ કંઠ સરસ સુર વાણી: નિત્ય થાય નિર્મળ યશગાન
ખર્જરી ખર્જ સમ સુર બાંધી: કો મધ્યમ કોઉચીતાન૧૪
એણી પેર નિત નવલી લીલા: કોઈ ન પામે મહારસ પાર
શ્રીવૃન્દાવન વસ્તુ વર્ણંત પામે સકલ કવિ કુળ હાર ૧૫

શ્રીવલ્લભાચાર્યપ્રભુ પંઢરપુરથી વ્રજધામ શ્રીવૃન્દાવન પધાર્યા ત્યાં શ્રીમદ્‌ભાગવતાદિમાં વર્ણવાતી શ્રીકૃષ્ણ લીલાને પ્રત્યક્ષ જોવા લાગ્યા. અને એજ સર્વલીલાનું દર્શન કરતાં ગોપાલદાસ અક્ષરશ: કહી રહ્યા છે.

શ્રીવૃન્દાવનમાં ભ્રમરો મધુરનાદ કરી રહ્યા છે વટ પીપર આસો પલ્લવ, કુરબક કેતકી ચંપક બકુલ ગુલાબ ચંબેલી તમાલ સંઘાડ તુલસી યમુના ગિરિરાજ વિગેરે શોભી રહ્યાંછે.

વળી રમણપ્રેષ્ટ સાથે રમવા તૈયાર થઇ રહી હોય, તેવી અલ્હાદ ભરી રમણિઓનાં ટોળાં મનહર મલપતાંચાલી રહ્યાંછે, ત્યાં મયૂર રૂપે મુનિજનો અને ભ્રમરરૂપે ભકતો નિત્યલીલામાં એક રસ થઇ પરમ કમનિય નિકુંજોમાં આગળ રમી રહેલા રાસ રસિક નંદકુમારનું નેત્ર પુટે પાન કરી રહ્યાં છે.

રસોવૈસ :ની રાસલીલાનું સુખ કોણ વર્ણી શકે તેમ છે? (જેમ બાળક પોતાના પ્રતિબિમ્બ સાથે ક્રીડા કરે છે તેમ વૃન્દાંગનાઓ પોતાનું અંગ હોવાથી તેમની સાથે પ્રભુ રમી રહ્યાં છે. ક્રીડારસ અંતરમાં ઘણો ઉભરે ચઢેછે, પણ કાગળમાં કેમ સમાય)

તે વખતે વિમાસ્થ દેવો પોતાનું સ્વર્ગીય સુખતજી સ્ત્રીઓ સહિત પોતાનાં નેત્ર સફળ કરવા માટે આકાશે આવી રહ્યા છે. તેઓ દુંદભિનાદ સાથે પુષ્પ વૃષ્ટિ કરી રહ્યાછે.

ત્યાં શ્રીકૃષ્ણ સહિત ગોપિકાઓનાં કંકણ ઝાંઝર ઘુઘરીનો તુમૂલનાદ થઇ રહેયોછે. બે બે સુવર્ણ મૂર્તમાં નિલમણિ શોભે તેમ ભકતો સાથે ભગવાન શ્યામ સુંદર સોહાગથી શોભી રહ્યાછે તેમના ચરણની ચાલ, હસ્તની લટક, પગની પટક ભ્રકૂટિની મટક અને જાણે કટકાતો નહિ થઈ જાય તેમ નૃત્યમાં નમી જતી કૃશ કટિવાળી કામનીયો શોભી રહી છે

અને જેમના ગંડસ્થળમાં હિલોળે ચઢેલાં કુંડળો અને વાસુકીશો છુટી પડેલો અંબોડો શોભી રહ્યેા છે.

અરે. જેમ, ભગવાનને સ્પર્શ થવાથી ઇન્દ્રિયજનિત કામ મર્ણ પામેલો છે. અને અલૌકિક પ્રેમ જેમને પ્રકટ થઇ ગયોછે શ્રીપ્રભુના અનંત મનોરથને ઝોલે જેમનું મનચિત્ત બુદ્ધિ ઝુલેછે, એવાં રતિ સંગ્રામમાં પ્રીતિવાળાં પરમ પ્રેમાળ ગોપીજનો ઉંચા સ્વારથી મધુરગાન કરી રહ્યાંછે વિગેરે અનેક પ્રકારના વિલાસોથી રમતા રાસ રસિકમણિ નૃત્ય પરાયણને

જોઇને શ્રીમદ્વલ્લભપ્રભુ ચરણ અધિક આનંદવાળા થયા. અને પંઢરપુર વિઠ્ઠલનાથજીનું વચન યાદ કર્યું. વળી તે વખતે શ્રીવલ્લભને જે જે દિવ્ય સ્ફુરણાઓ થઈ તે સર્વ ગોપાલદાસજી યથાસ્થિત વર્ણવે છે.

વિશ્વધર્મવાળા શ્રીવલ્લભાચાર્યજીને અધિક આનંદ એમ થયોકે. પરમ સૌભાગ્યવાળાં દિવ્ય પ્રેમાળ ગોપીજનોને શ્રીગોવિંદનો ગહેરો ગુઢ રસ લઇને રમતાં જોયાં.

અને મનથી મનમાં વિચારવા લાગ્યાકે કયાં અસત્વાદી પાશવી ભોગ લંપટો સંસ્કૃતિની પરવા વગરના દુર્ગતિયા અને કયાં નિતાન્ત નિઃસાધન કેવળ કૃષ્ણધિન ગોપીજનો? રમણપ્રેષ્ઠથી રસ યોગે રમનારી આ અબળાઓને ધન્ય છે લાખો ધન્ય છે કહેતા પુષ્ટિપતિ આનંદવાળા થયા.

રંગેતે રમતા દીઠડા, બળદેવ શ્રીગોવિન્દા
એ પુત્ર ભાવે પ્રકટશે, મન ઉપનો આનંદ ॥૨૩॥
બલદેવ શ્રીગોપિનાથ કહિયે, શ્રીવિઠ્ઠલ નન્દાનન્દ;
એ વેદ પથ વિસ્તારશે, જન આપશે આનન્દ ॥૨૪॥

શબ્દાર્થ–શ્રીસ્વામિનીજી સહિત શ્રીકૃષ્ણ અને બળદેવને રમતા જોઇ; આનંદ એ થયો કે આ આનંદનિધિ ભવિષ્યે મારે ત્યાં પ્રકટ થશે. ૨૩ તેમાં શ્રીગોપીનાથ નામે બલદેવજી પ્રકટશે અને શ્રીવિઠ્ઠલનાથ નામે શ્રીકૃષ્ણ પ્રકટશે તેમાં પ્રથમ પુત્ર ગોપીનાથજી તે વેદનો પથ કહેતાં વેદના

માર્ગની મર્યાદા સ્થાપન કરશે. અને શ્રીવિઠ્ઠલનાથજી દૈવીજનો પર સ્વયં અનુગ્રહ કરી, આનંદનું દાન કરશે ૨૪

વિવેચન–શ્રીરાધિકા સહિત શ્રીકૃષ્ણ બળદેવ ભૂતલપર શ્રીગોપીનાથ શ્રીવિઠ્ઠલનાથ રૂપે પ્રકટ થઈ, દૈવીજનોપર સ્વતઃ અનુગ્રહ કરી, વેદપ્રતિ પાદિત પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તને પ્રકટ કરી બતાવશે તેવું પંઢરપુરવાળા શ્રીવિઠ્ઠલનાથજીનું વચન યાદ આવવાથી આ વૃંદાવનમાં ઉભા શ્રીવલ્લભપ્રભુને ઘણો આનંદ થયો. વળી શ્રીવૃન્દાવનમાં અનંતબળ મહાપરાક્રમી શ્રીબળદેવ અને પ્રમેયરૂપ શ્રીકૃષ્ણને રંગથી રમતા જોયા, શ્રીમહાપ્રભુજીએ મનમાં વિચાર્યું કે આ શ્રીબળદેવજી આ શ્રીકૃષ્ણ મારે ત્યાં કૃપાથી પ્રકટ થશે. શ્રીબલદેવ મારે ત્યાં ગોપીનાથ નામરૂપે અને શ્રીવિઠ્ઠલેશ નામ રૂપે આ શ્રીકૃષ્ણ પ્રકટશેઃ અને તેઓ શ્રીકાળબળે અનેક કંટકમય થયેલા વેદ પંથને નિષ્કંટક કરશે. દૈવીનું તમામ દુઃખ દૂર થશે એમ વિચારતાં આનંદ ઉદય થયો.

ત્યાંથી આગળ કેશીઘાટ, પધારી વ્યાસજીની સમાધિ ભાષારૂપ શ્રીમદ્ભાગવતની સપ્તાહ કરી સરસ્વતિનું દુઃખ દૂર કર્યું. તે કહે છે.

મૂ૦ ત્યાંથી કેશીઘાટ પધારીયા, કહિકથાતત્વ સમાધિા
રસપુંજ પુરુષોત્તમપ્રમાણ્યા,સરસ્વતિતજી આધિા૨૫॥

શબ્દાર્થ–શ્રીમદ્વલ્લભ વૃન્દાવનથી કેશીઘાટ પધારી વ્યાસજીની સમાધિભાષારૂપ શ્રીમદ્ભાગવતની સપ્તાહ કરી

તેમાંથી ગામ્ભિર્ય એ પ્રકટયું:– પરમ તત્વરૂપ રાસ રસૈક શ્રીકૃષ્ણ એજ જીવોને સેવન કરવા યોગ્ય છે. એવું સિદ્ધ કરી બતાવ્યું તેથી સરસ્વતિ-વિદ્યા-અને બુધ્ધિશાળી દેવીજનો તેમના તાપ ટળી ગયાં,

વિવેચન–કેશીઘાટમાં વ્યાસજીએ વેદ શ્રુતિઓના સારરૂપ શ્લોકોથી ગુંફિત કરીને પ્રકટ કરેલું, અને શ્રીકૃષ્ણમાં મન ચિત્ત બુધ્ધિના નિરોધ પૂર્વક અન્તઃકરણને એકાગ્રતા કરાવનારૂં શ્રીમદ્ભાગવતનું રહસ્ય, દેવીજનોના હૃદયમાં સંસ્થાપ્યું.

સમાધિભાષા એટલે **ભક્તિયોગે મનસા** અર્થાત્ જ્યાં ભગવાનના પૂર્ણત્વનું પરબ્રહ્મ પુરૂષોત્તમ સ્વરૂપે વર્ણન આવે, અને જ્યાં માયા ભગવાનને આધિન છે. તેમજ તે માયાએ કરેલા જીવના અનર્થને શાન્ત કરનારા ભક્તિયોગનું જ્યાં પ્રતિપાદન કરેલું હોય, ત્યાં **સમાધિભાષા** સમજવી. સમાધિ ભાષાને મતાન્તર ભાષા અને લૌકિક ભાષા એય બહત કરનારી છે, **પરંતુ અર્થનો નિર્ણય કરનાર તો સમાધિ-ભાષા જ છે.**

સમાધિભાષાની વિરૂદ્ધ લૌકિક ભાષા અને પરમત ભાષા આવે તો તે દોષરૂપ નથી. પરંતુ શ્રીમદ્ ભાગવતની અંદર રહેલી સમાધિભાષા એજ અત્યુત્તમ છે.

વેદમાં આદ્યંત શ્રીકૃષ્ણનેજ પરમતત્વ રૂપ માનેલા છે. એવું પ્રાણપતિ શ્રી પ્રભુનું સ્વરૂપ ચોકશ પ્રતિપાદન થવાથી માયાવાદીયોના ઉલટા અર્થથી મુઝાતાં સરસ્વતિ-વિદ્યા-અને

અને દિવ્ય બુધ્ધિશાળીજનો ઘણુ પ્રસન્ન થયા તેથીજ સર્વોત્તમ સ્તોત્રમાં **વાક્ પતિર્બુધેશ્વરઃ** એવું નામ પ્રકટછે.

વિશેષમાં ભગવદ્ ભકતોની ગાથામાં એક વાત સ્ફુટછે કે કોઈ માયાવાદીએ એક ઘડામાં સરસ્વતિ દેવીનું આવાહન કરી, જ્યાં ત્યાં પોતાના માયાવાદના મત પ્રમાણે બ્રહ્મનું પ્રતિપાદન કરતો હતો. આ પ્રસંગોપાત શ્રીમદ્વલ્લભાચાર્યજીનું ત્યાં પધારવું થયું; તે વખતે પૂર્વ વિધિ પ્રમાણે, માયાવાદીએ ઘડામાં સરસ્વતિનું આવાહન કરી, પોતાના પાખંડ ધર્માનુ-સાર, પ્રભુનુ સ્વરૂપ પ્રતિપાદન કરો એમ દેવીને વિનંતી કરી પણ દેવી પોતે સાક્ષાત્ પોતાના સ્વામી શ્રીવલ્લભાચાર્યજી સમિપ અસત્ય બોલી શકી નહી. અને એ સરસ્વતિએ શ્રીપ્રભુનું યથાર્થ સત્ય સ્વરૂપ વર્ણવી બતાવ્યું કે જગત્ સત્યછે જગત્ જીવ અન્તર્યામી, અક્ષરાદિનાં નિમિત અને ઉપાદાન કારણ શુધ્ધ નિર્ગુણ બ્રહ્મ શ્રીકૃષ્ણ પરમાત્માજછે. વળી જીવે અવિદ્યાથી કલ્પેલો અહંતાત્મક સંસાર તે મિથ્યાછે. જીવ અણુ છે. શુદ્ધ નિર્ગુણ બ્રહ્મનો અંશ છે. જીવ સ્વતઃ વ્યાપક નથી. તેમજ પરબ્રહ્મ પુરૂષોત્તમનું ધામ અક્ષરબ્રહ્મ તે ગણિતાનન્દ છે, અને સર્વોપરિ વેદાદિ શાસ્ત્રે પ્રતિ પાદિત પરમ કાષ્ટાપન્ન વસ્તુ શ્રીકૃષ્ણજછે. શ્રીકૃષ્ણની સેવા એજ જીવનો

મુખ્ય ધર્મ છે; એટલે વસ્તુતઃ શ્રીકૃષ્ણની સેવા અંશ જીવનો ધર્મ છે. જીવનો સ્વધર્મ શ્રીકૃષ્ણની સેવાજ છે. એથી આગળ વધી કહિએ તો આત્મનિવેદન અને પ્રભુ શરણ શિવાય અન્ય વિશ્વધર્મ હોઇ શકે જ નહી.

એ પ્રમાણે સરસ્વતિનું વચન સાંભળી, માયામતનું બણગુ ફૂંકતો બ્રાહ્મણ અને માયાવાદીઓ નિરૂત્તર થઇ શર્મિન્દા પડી ગયા.

(હવે આગળ શ્રીવલ્લભપ્રભુ ચરણને ઝાડખંડમાં શ્રીગોવર્ધનોદ્ધરણની આજ્ઞા થઇ હતી કે–તમો જલદિ પધારો હું ગિરિરાજ પર્વત પર પ્રકટ થયો છું. તે વચનામૃતના ધ્યાન પુરઃસર પોતે ગિરિરાજ પર્વત પર પધાર્યા."

મૂ૦ ગિરિરાજને આશ્વાસ દીધો, ધરી કોમલ ચર્ણ ।।
હરખે તે સામા આવીયા, શ્રીગોવર્ધન ઉદ્ધર્ણ ।।૨૬।।
હળી મળીને ચાલીયા, ચરણાટ, જ્યાં નિજધામ ।।
નવરંગ નાગર પ્રકટશે, મન પૂરવા બહુ કામ ।।૨૭।।

શબ્દાર્થ–ગિરિરાજ પર્વત પર શ્રીવલ્લભપ્રભુ પધારી, પોતાના કોમળ ચરણારવિન્દનો સ્પર્શ આપી, પર્વતરૂપે થયેલા હરિદાસ વર્યને ધીરજ દીધી અને ત્યાં પ્રકટ થયેલા શ્રીગોવર્ધનોદ્ધરણ શ્રીવલ્લભના સામા હરખભર્યા પધાર્યા. ૨૬

ત્યાર પછી શ્રીમદ્વલ્લભ અને ગિરિધર ઉભય આનંદ પામી હળી મળીને નિજધામ ચરણાટ તરફ પધાર્યા. તે ચરણાટમાં ભક્તાર્થી હર પ્રભુ શ્રીગોવર્ધનોદ્ધરણ ભક્તોના વિવિધ મનોરથને પૂર્ણ કરવા સાક્ષાત્ શ્રીવિઠ્ઠલનાથ સ્વરૂપે માનવ વપુથી પ્રકટ થયા. ૨૭

વિવેચન- ગિરિરાજ પર્વતને પોતાના ચરણારવિન્દનો સ્પર્શ આપી પરમ ધીરજ એ આપી કે–લીલા સામગ્રીરૂપ હરિદાસ વર્ય પ્રભુ ઇચ્છાથી પર્વતરૂપે ઘણા વખતથી ભૂતલપર પ્રકટ થયા છે. અને તેમનું સ્વરૂપ કોઇ જાણતું નથી. તેથી હરિદાસ વર્યને અત્યન્ત તાપ હતો. પરંતુ શ્રીપ્રભુએ વ્યક્તિરૂપે દર્શન આપવાથી આત્રી થઇ કે મારા સ્વરૂપનું ભાન દૈવીજીવોને આપશ્રી કરાવશે. એમ આનંદ માનતા, હરિદાસવર્યને ધૈર્ય પ્રાપ્ત થયું.

ઉપર પ્રમાણે વિયોગરસને અનુભવતા શ્રીગિરિધર પોતાના આસ્ય શ્રીવલ્લભને મળવા સામા પધારે તેમાં શું નવાઈ? ભક્ત વત્સલતા પ્રકટ કરવા, પોતાના સહસ્ત્ર હસ્તે પ્રભુ ધાઇને સામા આવી ભેટે તેમાં સંશય કરવાનું કંઇજ નથી. પ્રેમની પરાકાષ્ટા બતાવે છે.

શ્રીમદ્વલ્લભપ્રભુનો લીલા સૃષ્ટિમાંથી ભૂતલપર આવિર્ભાવ પોતાની ઇચ્છાથીજ થયેલો છે. અને શ્રીપ્રભુએજ ઝાડ ખંડમાં

આજ્ઞા આપી હતી કે તમો મારી પાસે હવે જલ્દિ પધારો. મારાથી મહદ્ ભક્તોનો વિરહ સહન થતો નથી.

આ આજ્ઞાને અનુસરી, શ્રીમદાચાર્યજી ગિરિરાજની તળેટીમાં પધાર્યા. તે વખતે ભકત વત્સલ ભગવાન સંયોગ રસોપભોગ કરવા, માટે પ્રકટ થઇ સામા આવી મળ્યા. તેજ પ્રભુ શ્રીવલ્લભની સાથે ચરણાટધામ પધારી. તેમના પુત્ર શ્રીવિઠ્ઠલનાથ સ્વરૂપે પ્રકટ થયા છે.–૨૬-૨૭.

આ શ્રીવલ્લભાચાર્યજીના પોતાના ચરિત્રના અક્ષરે અક્ષરમાં પરમ તત્વ રહેલું છે. તે પોતાના નિબંધાદિ ગ્રન્થોમાં પ્રસિદ્ધછે. તથાપિ ગોપાલદાસે આ દ્વિતીયાખ્યાનની અઠ્ઠાવીશમી કડીમાં અઠ્ઠાવીશ તત્વો સાથે, ચારિત્રો વર્ણવ્યાંછે, તેનું વૈષ્ણવો પ્રતિદિન પ્રાતઃકાળમાં ગાન અને શ્રવણ કરે છે.

ઉપર પ્રમાણેનું શ્રીમદાચાર્યજીનું વર્ણનકરી હવે તેમના પુત્ર શ્રીવિઠ્ઠલેશપ્રભુ ચરણને વર્ણવા પ્રભુને વિનંતી કરેછે.

મૂ૦ તત્વ સંખ્યા એ કહયાં પદ સાર માંહે સાર.
હવે તે કાંઇ એક સ્તુતિ કરુ, શ્રીવલ્લભ રાજકુમાર. ।।૨૮।।

શબ્દાર્થ–આ સંખ્યાબંધ તત્વોમાં શ્રીવલ્લભાચાર્યજીનું સ્વરૂપ નિરૂપેલુંછે, અને તેમના ચારિત્ર્યનો તત્વસારછે હવે પછી તેમના પુત્ર શ્રીવિઠ્ઠલનાથજીનું પ્રાકટય વર્ણવવા પ્રભુને વિનંતી કરે છે. ૨૮

વિવેચન–શ્રીમહાભકત ગોપાલદાસજીએ પ્રકટ કરેલો શ્રીવલ્લભાચાર્યજીના ચારિત્ર્યનો તત્વસાર અને પછી તેમના પુત્ર વિઠ્ઠલનાથ, એ બન્નેનું પ્રેમ પૂર્વક પ્રાકટય વર્ણન કરવા હે પ્રભુ! મને પરમ દૈન્ય અર્પો? હે નાથ! આપના અનુગૃહ વિના, અને આપના સ્વરૂપબળથી મારો ઉધ્ધાર થયા વિના મારા અંતઃકરણની શુદ્ધિ અને નિરૂપધિ ભકિત પ્રાપ્ત થવી દુર્ઘર છે.

શ્રીમદ્વલ્લભ પોતે એવા સમર્થછે કે પુષ્ટિભકિતને ભકતોના હૃદયમાં સ્થિર કરી, મર્યાદાભકતોને તેના આશ્રિત બનાવી દીધા અર્થાત્ રામાનુંજ માધવ નિંબાર્કે.શાંકર. વિગેરે આચાર્યોએ બ્રહ્મવાદીયે આચાર્ય પદવીનું તીલક કર્યું અને સર્વેએ મળી. શ્રીવલ્લભનો વિજય વર્તાવ્યો. કનિકાભિષેકનું દ્રવ્ય સૌને વહેંચી આપ્યુ આશાવાનોની આશીષ લઈ આપક્ષી વૃન્દાવનમાં બિરાજમાન થયા. ત્યાં ઉભા ઉભાજ પંઢરપુરસ્થ શ્રીવિઠ્ઠલનાથમાં શ્રીનાથ બિરાજમાન થઇ સામા આવી ભેટી નિશ્ચય વચન આપ્યું. તે યાદ કરી રહ્યાછે. અને અહી શ્રીવૃન્દાવન ગોકુળની અનેક લીલાનાં દર્શન પણ પ્રભુ પ્રત્યક્ષ

દેછે તે દર્શનાનંદ સાથે વિચારેછે કે આવા શ્રીપ્રભુ મારે ત્યાં પ્રકટ થશે અને એ પુષ્ટિપુરૂષોત્તમનો હું આચાર્ય હોવાથી મારા સેવકોને એ સત્ય પ્રતિજ્ઞક ભગવાન સુખ આપશે. અને સુદૃઢ શરણ રાખશે. તથા પ્રભુ પોતેજ પૂર્ણકૃપાથી સેવકોને ઐહિક પારલૌકિક સર્વ પદાર્થોમાંથી વિરકત કરી કેવળ પોતાનુંજ શરણ સિધ્ધ કરાવશે તેથી મારા ભકતોનું આ પ્રભુના અનુગૃહથી સર્વકલ્યાણ થશે. એમનું હું-મારૂં સર્વ ટળી જઈ નિશ્ચય ઉધ્ધાર થશે. એવી સર્વ ભાવના શ્રીઆચાર્યજીએ ઉભાંજ કરી લીધી.

વળી બીજી પણ ભાવના કરેછે તે જીવને જાણવા જેવી છે કે જો મારા સેવકો એવું માનશે કે આ શરીર મારૂંછે, એવી જો પ્રભુથી મળેલા શરીર વિષે મારાપણાની બુધ્ધિ થશે તો તે અધ્યાસ અસત્સંગ ગણાયછે. જો પ્રભુ કૃપા કરે અને જીવ એમ સમજે કે આ દેહતો પ્રભુ સંબંધનોછે. એનો ધર્મ તો પ્રભુની સેવાજ કરવાનોછે. એવું તદ્દીયત્વ પ્રકટ થાય તો એને પોતાના અંતરનોજ સત્સંગ મળ્યો ગણાય. એ સત્સંગ વડે અન્યાશ્રયાદિ અસત્સંગ તત્કાળ દૂર થઇ જાય. પ્રભુ તો પુષ્ટિસ્થ સ્વતઃકૃપાળુછે. કૃપાથીજ મારા તદ્દીયનાં અંતર પોતાના અનુરાગી કરશે. મારા સેવકોને શરણબળ શિવાય અન્ય સાધન કરવાંજ નહિપડે. એમ પણ વિચારી લીધું.

મારા સેવકો પોતે કેટલાક એવા પણ છે કે-અમે શ્રીઠાકોરજીને સર્વ સમર્પણ કર્યુછે હવે હું કેવી રીતે વર્તું છું? મારી કઈ કઈ કેટલી વસ્તુ પ્રભુ અંગીકાર કરેછે? મારી કેટલી ઇન્દ્રિયો પ્રભુથી વિમુખછે? અને કેટલી પ્રભુ સેવામાં જોડાઈ આસકિત પામેલીછે? હું કેટલા સમયથી પ્રભુના પરમ આનંદમય ધામમાંથી વિખુટો પડેલોછું? હવે મારા શ્રીગુરૂએ મને અંગીકાર કરેલો છે.

પ્રભુનો સાચો સંબંધ કરી આપ્યોછે. આવી આવી ભાવનાઓ કરનારા પણ મારા સેવકો ઘણા છે, તેમનો સમાગમ મોહમમતામાં દુઃખી થતાને થાયતો જરૂર તેઓ પણ શરણભાવ સિધ્ધ કરી ભગવદીયત્વ મેળવી. ભગવત્પ્રિય બની જાય. અને રસાનુભવી થાય. મારા શ્રીનાથ અતિ કરૂણા સાગર છે. જરૂર તેમ કરશે.

એવો મને વિશ્વાસ છે તે મારા સેવકપણાની સ્ફુર્તી-વાળાને વિશ્વાસ દૃઢ કેમ નહી થાય. જરૂર થશે. એવા પણ વિચારો ઉભા ઉભા કરી લીધા,

અને રંગે તે રમતા દિહડા બળદેવ શ્રીગોવિંદ તેમના રૂપ માધુર્યમાં આનંદ મગ્ન બની વળી અવનવા પરોપકારના એટલે સેવકોના ઉદ્ધારના વિચારો, વિશ્વવંદ્ય વિશ્વધર્મીને જરા બસતાજ નથી.

પોતાના નિકટ વર્તી તદ્દીયજનો જે દામોદર દાસાદિ તેઓ પણ શ્રીવલ્લભના કૃપાવિલાસી હોવાથી તેઓ પણ કહે છે કે હે કરૂણાવરણીય? હે અદયના દાતાર! આપશ્રીજ એવા

છોકે–આપને શરણે આવનારનું દુઃખ જરા પણ સહી શકેા તેમ નથી. પરંતુ આપની કૃપા કટાક્ષથીજ સર્વ દુઃખ દૂર કરી આનંદનુ દાન દેનારાછેા. કારણ જીવ જ્યારથી વિખુટેા પડી અનંત યેાનિમાં કંઈક કાળથી અગાધ દુઃખી હતેા. અપાર દુઃખ કલેશથી આપને ભુલેલેા છતાં જીવ આપ કૃપા બળે આપ સમિપ આવી આપનું શરણ પામ્યેા છે. હવે આપ તેા ભકતવત્સલ દયાવ છેા. સ્વતઃ સેવકની સંભાળ લેનાર છેા. જેથી આપના શરણુનેા બેડેા પાર છે. આપના કૃપા બળથી જરૂર પરમાનંદ પામશે. કૃષ્ણ વિયેાગની સ્ફુર્તિ થશે અને ફૂલ નજીક આવશે. કારણ આપને શરણ થયેલા જીવને શ્રી કૃષ્ણ પેાતે સ્વયં પેાતાના જાણે છે તેનું શું દુઃખ રહેશે ? પ્રભુ પેાતેજ ભકત હૃદયમાં સ્થીતિ કરનારા હેાવાથી એ હૃદયમાં અન્ય વાસના કે કેાઇ વિષયની ગંધ રહેતી જ નથી, આપ શ્રી સ્વતઃ પ્રાણ પ્રેષ્ઠ છેા. ગેાપીજનેાનેા પ્રેમપાઠ ભણાવી અનાદિ અનંત લીલાની સ્ફુર્તિ કરનારા અદયદાનદક્ષ છેા, એટલે આપના શરણુ અમેા, તેમને દુઃખનેા લેશ રહેશેજ નહિ આપની સ્મૃતિથી પરમાનંદનેાજ ભેાગ પામશું.

ઇતિ દ્વિતિયાખ્યાન
સમ્પૂર્ણમ્

(તૃતીયાખ્યાન કવિની પૂર્વ પીઠિકા સહ છે.)

તૃતીયાખ્યાનના આરંભે ભકત ગેાપાલદાસજી કહે છે કે હું પૂર્વ જન્મથી શ્રીપ્રભુના સ્વરૂપનેા અજ્ઞાન તદન અપરાધી હેાઇશ, જેથી હું જન્મથી મુગેા તદન નિઃસાધન તેના નજીક શ્રીવિઠ્ઠલેશપ્રભુ ચરણ પધારી, કરૂણાવિચારી, પરમ અનુગૃહ કરી, મારા મુખમાં ચર્વિત તામ્બુલ દ્વારા રસાત્મક ભકિત રસ રેડયેા તે હૃદયમાં પહેાંચતાંજ હૃદય દિવ્ય બની ગયું દિવ્ય વિચારેા ઉદ્ભવવા લાગ્યા અને મુગાપણું દૂર થયું, એટલુંજ નહિપણ આપશ્રીએ આપના જન્મ દિવસનું યથાર્થ દર્શન કરાવ્યું તેજ સમયે આપેાપ મધ્યાનેનેામે શ્રીનાથજી એ પ્રથમ કડીથી ગાવુ શરૂ કર્યું છે.

પૂર્વ જન્મથી શ્રીપ્રભુ સ્વરૂપનેા અજ્ઞાન અપરાધી હઇશ. તેનું દર્શન ઘણા ભાવુકેાથી એવું થાયછે તે લેખક લખેછે પૂર્વ જન્મે ગેાપાલદાસજી, નરસઇ મહેતા હતા તેઓ મર્યાદાભકત હતા. છતાં ભકિતની પરાકાષ્ટાએ પહેાચેલાહતા તેમને એક વખત એવેા વિકટ સમય આવ્યેા કે નરસૈની જ્ઞાતિ અને બીજા બ્રાહ્મણેા ઇર્ષા દ્વષથી રા'મંડળિક જુનાગઢના રાજા પાસે ફરીયાદ કરી કે આ નરસઇયેા ધર્મને બાને ઢેાંગ કરી, ભકિતને બાને ઢેડાઓને ત્યાં જાયછે તે મેાટેા અનાચારછે તેને આપ જેવા ધર્મવાન રાજાએ રાજમાં અધર્મ ન ફેલાય તે માટે શિક્ષા કરવી જોઇએ.

આવાં બ્રાહ્મણોનાં વચન સાંભળી ઈર્ષા દ્વેષવાળાના ભંભેરવાથી રાજા ગુસ્સે થઈ નરસૈંને પકડી મંગાવ્યો અને ભક્તિને બાને ઢોંગધતુરા ન કરવા સમજાવ્યો તેમજ ધમકાવ્યો છતાં મહેતો પોતાના સિધ્ધાન્તમાં ડગ્યોનહી અને તેને માટે રાજાથી વાદ કર્યો એટલે રાજાએ ક્રોધે ભરાઈ બેડીયો પહેરાવી અને કહ્યું કે તારો ભગવાન બધે છે, તે તને છોડાવશે.

આ દુનિયાની કોઈ સત્તામાં તાકાત નથી કે તને છોડાવે માટે હજુ પણ માનીજા તો હું પોતે બ્રાહ્મણને દંડ દેવામાંથી બચી જાઉ આવાં ક્રોધ ભરેલાં રાજાનાં વચનો સાંભળતાં અને બેડીયો પહેરેલીછે છતાં પોતાના નિશ્ચયમાં મક્કમ રહ્યો જેથી તેને રાજાએ સખત ચોકી પેરાની જેલમાં પુર્યો.

તેમ છતાં નરસઇયો મુખ મ્લાન થતાં પોતાના ધ્યાનના આનંદમાં રહી મહેતાએ શ્રીપ્રભુને કેદારા રાગમાં વિનંતી કરી જેથી તત્કાલ પ્રભુ ભક્તદુઃખ ભંજન પોતે પ્રકટ થઈ પોતાના શ્રીકંઠનો હાર મહેતાને પહેરાવ્યો. અને ભક્તવત્સલ પણાની ભગવાને પોતાની લાજ રાખી.

આ પ્રત્યક્ષ બનાવ જેલના પેરેવાનો જોઈ, દોડતા રાજા પાસે જઇ ખબર કરીકે તરત રાજા ગભરાઇ દોડતો હાંફતો જેલમાં આવી નરસૈંઇના ચરણમાં પડ્યો. અને પોતાના અપરાધની ક્ષમા માગી માનભેર નરસઇને જેલમાંથી છોડી દીધો. **ભક્તિનો પ્રતાપ કાન દઇ સાંભળવો.** વળી પ્રસંગ એથી અધિક છે ભક્તનો ભક્તિરસ રેલાતો છે.

ભકત નરસૈંઇને ત્યાં કુંવરીના શ્રીમંતનું મોમેરૂ પૂરવાવાનો સમય આવ્યો વેવાઈને ત્યાંથી બોળલો પંડ્યો વધામણી પત્ર લઇને આવ્યો. પત્ર નરસઇને વાંચી સંભળાવ્યો કુંવરીનો મંગળ દિવસ આવ્યો જાણી વૈકુંઠનાથ સમર્યા. અંતરમાં ભાવના કરવા લાગ્યા ત્રિકમજી ત્રેવડમાં રહેજો મોમેરૂ પુરવા દ્રવ્યનું કામછે પંડ્યાને જમાડી દક્ષણા આપી વિદાય કર્યો. મોમેરામાં સાથે લઈ જવા નરસઇએ સંત મંડલને બોલાવ્યું અને મોમેરાની જાણ કરી પછી પોતાને ઘેર જુની વ્હેલ જેનો મોચડો પૈડાં ઉધ જુંસરી ભાંગેલાં તે જોડ તોડ ભેગો કરી જોડી, કોઇનું એક બળદીયું કાણીયું તો કોઈનું એક નબળુ બેશી પડતું દુબળુ લાવી વ્હેલ જોતરી વ્હેલને પુઠીયે ચરણામૃતના પેંડા તુલસીની માળાનો કોથળો. ઝાંજ મૃદંગ ઘુઘરા વિગેરે ગાંઠડીયો બાંધી તીલકકંકુ છાપાંનો સાજ વિગેરે બાંધી, સંતોને રથમાં બેસાડી મહેતે વ્હેલને ચલાવી માંચડા પૈડાં વાંકાં વળી ચીચુડ ચિચુડ થાય વળી બાંધે બળધીયાં બેશીપડે પુંછડાં ઝાલી સંતો ઉભાં કરે ઠેલેને ચલાવે એમ કરતાં ઉના વેવાઈનું ગામ આવ્યું. (ભકતનો મહિમા ભવમાં ભટકતા ભકિતરસના હિન શું જાણે.)

મહેતાની થેકડી કરવા નાગરી ન્યાત અને થેકડીબોરો ગામને ગાંદરે આવેલા તે હસતા જાયને કહેતા જાય છે કે કુંવર વહુના કોડ પહોચી ગયા એકેકીમાળાને ચરણામૃતના પેંડાથી છાબ ભરશે ને બધાને વ્હેચશે.

કુંવરબાઇનો સસરો જમાઈ આવ્યા તે પણ તેમજ નરસઈની હાંશી કરતા ભેટી ગમે તેમ ચભડવા લાગ્યા અને મહેતાને ઉતારે લઈ જવા લાગ્યા. ઉતારો કેવો ઉત્તમ આપેલો કે માંકડ ચાંચડ જુવા જુની વળી ગયેલી ભીંતો જાણે હવડાં પડી જશે છાપરે નળીયાનું નામ નહી સડેલી વળીયેાએવા ઉતારામાં મહેતાને સંતો સાથે બેસાડ્યા.

એટલામાં કુંવરનાં સાસુ નણદલ આવ્યાં તે વળી જુદીજ બોલી કરેછે. વહુનાં બાપના દર્શનથી આપણું પાપ ગયાં. અહીં સંતોનું શું કામ હતું- વળી વહેલમાં નજર ફેરવી કહે છે અહી તુલસી ચરણામૃતનું શું કામ હતું. થોકા થોક નાગરાણીયેા પણ ભરાઇ ગઇ કહેવા લાગી મહેતા દેખાય છે તો હરિ ભગવાન જેવા પણ તેમના પર ત્રિકમજી રૂઠેલોછે એક કહેતી મુખ મરડતી વ્યંગ વચન બોલતી વહેલના બળદને બગાઇયેા બમણુતીનેતી કુંવર વહુનું દુઃખ ગયું મહેતો શંખ કુંકશે વગાડશે ચંગને નાગરીન્યાતનો રાખશે રંગ એમ મરમીલુ બોલતી કહેછે જોયું બાપનું હેત, નાગરીનાતને કરશે ફજેત, એવું નણદલને બોલતાં સાંભળી કુંવરીએ કહ્યું કે આવું મત્સર મદથી શું બકેાછેા ત્યારે નણદલે કહ્યું અહી વેરાગીયેાનું શું કામ હતું સાત પેઢીનું નામ લજવા નેાતુ આવવું આવા બાપથી તો ન બાપાં ભલાં. કુંવરબાઇએ કહ્યું મારા બાપ આવ્યા મારે ઘેર તે મારે એક કાપડુ તો સોનામહોર જેવુંછે જીવતા રહો!!

કુંવરીને માથે હાથ મુકી મહેતા કુશળ પુછતા કહેછે તારા ઘરનાં સૌ સુખરૂપ છેને? તારાપર બધાં સગાંનો સરખો પ્રેમ છે ને? તારો ફડો દિવસ જાણી મને ઘણો હર્ષ થયેા મોસાળુ તેા શ્રીહરિ કરશે.

એવી વાત કરતાં મહેતા નરસૈયાની દુઃખની અણી શ્રીગોપાલકૃષ્ણે જાણી પોતે થયા શામળશા શેઠ ને લક્ષ્મીજી થયાં શેઠાણી સુનંદ ગરૂડજી. વસ્ત્ર ઘરેણાં અને ઘણા રસાલાની ગાંઠડીયેા છડીદારો ઘણા વાણોતરો સાથે લઈ રથમાં બેશી કુવરબાઇના ઘરના મંડપમાં આવી રથમાંથી સૌ ઉતર્યા. નાગરીન્યાત ભરાયલી આ દિવ્યમંડલ રથમાંથી ઉતર્યું તે જોઈ ન્યાત કહેવા લાગી કે આ કોઇ નરસૈનેા વહેવારીયેા આવ્યેા છે.

શ્રીમંત જણાયછે શેઠના ઉંચી જાતનાં વસ્ત્રેા કેથર છાટેલેા કસણી બેસ, હીરામણી જટિત કડાં સાંકળાં વેઠ વીંટીયેા કમરે ઢળકતેા કુંદનનેા કંદોરેા મેાતીભર્યેા માથાનેા તોરેા લટકતેા પાઘ મણિજટિત મેાજડીયેા અને હાથમાં તેવીજ મનેાહર લાકડી અને તેવાંજ શેઠાણી રમા ઉમા લક્ષ્મીને પણ લજવી નાંખે તેવાંછે આપણી નાગરીન્યાતમાં આવું કોઇજ રમ્ય નથી વિશાળ લોચન. નકવેશર ચંપકવરણી વૈડુર્યમણિના ચાંદલા ભરેલી સાડી તેવેાજ કમખેા વિછુવા ઝાંઝર અણવટ બાજુ બેકાવળ દુલરી તીલરી તરકુલી નવશરહાર કોઇ અણુમુલેા ધારણ કરેલેાછે એવાં શેઠાણી રથથી ઉતરી કુંવર બાઇનેા હાથ ગાલ ચુંમી માથે હાથ મુકી ભેટી ભીડી, કહેવા

લાવ્યાં તું રાજીખુશી છેને? કયાંછે તારાં સાસુ નણદ બોલાવ. શેઠાણી કોકીલકંઠીનું મધુરૂ વચન સાંભળી પાસેજ ઉભેલાં કુંવરી અને શેઠાણીનું હેત જોતાં આભાં બનેલાં સાસુ નણદ બોલ્યાંકે અમો આપની પાસેજ છીએ. શેઠાણી કહે તમો શું મને કે શેઠને ઓળખો. તમો બ્રાહ્મણ અમે વાણીયા વહેપાર કાપડીયાનોછે. પણ અમારે મોટો આધાર બોય નરસૈયાનીછે તેમનું ધન લઈ વહેપાર કરી દિવસો નિર્વાહ કરીએ છીએ. મહેતાનું આ કામ કરવા અમો તેમના ગુમાસ્તા જેથી આવવું થયુંછે. તમો સર્વ ડાલી છાબો લઈ આવો અને જેને જેને અપાવવું હોય તે સર્વનો નોંધ જેવી જેવા પ્રકારનું જોઇએ તેવો કરી લાવો સંકોચાશો નહી પ્રથમ તો બધાંને નોતરો કોઈબાકી ના રહે તેમ અમારી પાસે બધાંને બેસવાના પાટલા કનકના કલશા પ્યાલા પહેરવાનાં પીતામ્બરો શેલાં શાલો અને વિવિધ પ્રકારનાં ભોજનો હાજર લાવ્યા છીએ તમો જરા સંકોચ પામ્યા વિના કોઈ કેટલા સગાવહાલા સર્વને નોતરી તેડી લાવો જમાડી સૌને ઘટતું આપી વિદાય કરો. તમને સૌ પ્રકારની છુટછે. એવું વચન શેઠ શેઠાણીનું નરસૈના વહેવાઈ વેવાણ અને નાગરીન્યાતે સાંભળી સૌને તેડી લાવી વિધવિધનાં ભોજનો જમાડી પાઘપોશાક લહેંગા સાડીયો અને દ્રેણાવભર્યા દાગીના આપી વિદાય કર્યા.

હરિ વિમુખ કર્મઠ મોહમાયા મુગ્ધ મુરખા અને પંડિત મન્યો આવાં કોટિ ભકતોનો ચારિત્ર. સાંભળે જુવે છતાં તેમને તેનો તલસ્પર્શ થતો નથી હરિવિમુખ. ભકત ભગવાનનો પ્રતાપ જાણતાજ નથી.

એજ નરસઇ મહેતો કેદારા રાગમાં ગાનારો તેનો અપરાવતાર ગોપાલદાસ કેદારા રાગમાં પ્રથમ વલ્લભાખ્યાનનો આરંભ કરનાર તેમણે પ્રથમ દ્વિતીય આખ્યાનમાં શ્રીવલ્લભ વિઠ્ઠલેશનું પૂર્ણ પુરૂષોત્તમત્વ સિધ્ધ કર્યું.

હવે તેમનું ચારિત્ર્ય વર્ણવતાં આરંભે શ્રીવિઠ્ઠલેશપ્રભુના જન્મ મહોત્સવનાં જે દર્શન સંવત ૧૫૭૨ના પૌષકૃષ્ણ નવમીએ હતાં તેજ દર્શન શ્રીપ્રભુ કૃપાથી કરાવેછે. ઇદમેવ સન્નિકર્ષે–જે પ્રત્યક્ષ દેખાડાતી હોય તોજ આ શબ્દથી વર્ણવાયછે. તે શ્રીવિઠ્ઠલેશજન્મ મહોત્સવનું પ્રકરણ ધન્યાશ્રી રાગમાં ગોપાલદાસ ગાય છે.

અથ તૃતીયાખ્યાન પ્રારભ્યતે

— રાગ ધન્યશ્રી —

મૂ૦ આ પોષ મધ્યાને નોમે શ્રીનાથજી,
અક્કાજી ઉર ઉપનો આનંદ
આ ચંદશ્રી વૃન્દાવન તણો પ્રકટીયો ॥ ૧ ॥

શબ્દાર્થ–પુષ્ટિમાર્ગ સાથે સંબંધ ધરાવતા પોષ મહિનાની નવમી ને દિવસે મધ્યાન્હ કાળે, માતાજી અક્કાજી શ્રીમહાલક્ષ્મીજીને અપરિમિત આનંદ થયો, અને તેજ સમયે શ્રીવૃન્દાવનના ચંદ શ્રીકૃષ્ણ પ્રભુ, શ્રીવિઠ્ઠલનાથ સ્વરૂપે પ્રકટ થયા.

વિવેચન–પોષ માસનો પુષ્ટિમાર્ગની સાથે સંબંધ એમ ઘટે છે કે :–(૧) પુષ–ભ્વાદૌ–પુષ્ટિ–પોષણ કરવું–પુષ્ટિ માર્ગમાં પોષણ કરવું એટલે, પોતાના ભકતો ઉપર અનુગૃહ કરવો શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ પુષ ધાતુને મળતો પોષ માસ પ્રસન્ન કરી, પોષ માસમાં પ્રકટ થયા છે.

૨–પુષ (ચુરાદૌ) ધારણ પોષ શબ્દમાં કહેલા પુષ્ ધાતુનો બીજો અર્થ "ધારણ કરવું" એવો થાય છે. તે એમ સૂચવે છે કે :–શ્રીવિઠ્ઠલેશ પ્રભુ માયાવાદ, બૌધ, રામાનુજ, વિગેરે અનેક મતોથી રક્ષણ કરી, પુષ્ટિમાર્ગ ને ધારણ કરનારા પોતે પોષ માસમાં પ્રકટ થયા.

ઉપર પ્રમાણે પુષ ધાતુનો અર્થ પુષ્ટિમાર્ગ, અને બીજા અર્થમાં તે પુષ્ટિમાર્ગને ધારણ કરનારા શ્રીવિઠ્ઠલેશ પ્રભુ ચરણ છે. એમ પોષ માસની વ્યાખ્યા કરતાં સ્પષ્ટ સમજાય છે.

ઉદયાસ્ત રહિત વૃન્દાવનનોચંદ જેમ પોતાના સુખદ કિરણોથી નિત્ય રાસ ને આનંદ આપેછે, અને સર્વલીલાઓની રસ વૃધ્ધિ કરેછે, તદ્વત્ શ્રીવિઠ્ઠલનાથજી પોતાની સુખદ પ્રભાવડે દેવીજીવોને રસપૂર્ણ નિત્યલીલાનું અદય દાન કૃપા દ્રષ્ટિથી કરવા લાગ્યા.

"પ્રાકટય સમયે સૌભાગ્યશાળીઓએ હળી મળીને ઉંચા સુરથી જે ગાન કર્યું તેનું વર્ણન નિચે પ્રમાણે પરમ ભક્ત ગોપાલદાસજી કરે છે."

મૂ૦ આ સૌભાગ્ય સુંદરી મળી ધવળ ગાયે,
સોહાયે રુડા કંઠ સુનાદ;
અલ્હાદ ઉપનો તે અંગો અંગ ઘણો. ॥૨॥

શબ્દાર્થ–આ શ્રીવિઠ્ઠલેશપ્રભુના પ્રાકટય વખતે સૌભાગ્ય શાળી સુંદરીઓ એકત્ર મળીને ધોળ વિગેરે ઉંચા સુરથી મધુર માંગલ્યો ગાઈ રહ્યાં છે. તે પરમ રસિક સુર સર્વને સર્વાંગે આનંદ દર્શાવી રહ્યો છે.

વિવેચના–આવા મંગલ મહોત્સવના દિવસે સૌભાગ્ય સુંદરીઓ કે જેમના અહોભાગ્ય હોવાથી શ્રીપ્રભુનાં દર્શન કરી, જેમને સૌભાગ્ય ચડી ગયું છે, તેવાં ભાગ્યશાળી શ્રીપ્રાણપતિના પ્રાકટય સમયે ઉંચા સુરથી સર્વાંગે આનંદ ભરી મધુરાં મીઠડાં ગાઈ રહ્યાંછે તે મંગલગાન સર્વને આનંદની મસ્તિ ચડાવે તેમાં શું આશ્ચર્ય! ૨

એ વિઠ્ઠલેશપ્રભુનું મંગલગાન, તે સમયના વલ્લભી વૈષ્ણવ હરિદાસ પણ એ શોભાને નિરખીને કરેછે તે નિચે પ્રમાણે છે.

ધોળ

પોષ નોમે શ્રીવિઠ્ઠલનાથજી,
હાંરે વ્હાલો પ્રકટયા શ્રીવલ્લભ દ્વારજો.
એમને જોવાને થઇ આતુરી,
હાંરે વ્હાલે કીધી સેવકની સાર જો. પોષ ૧.

પ્રથમ શ્રીનન્દ ગૃહે પ્રકટીયા;
હાંરે વ્હાંલે પુર્યા શ્રીયશોદાજીના કોડ જો;
રમતાં સખા સૌ સાથમાં,
હાંરે વ્હાલો હરિ હલધરજીની જોડ જો. ૨

હવે વલ્લભ સુત એ થયા,
હાંરે વ્હાંલો શ્રીગોપીનાથજીના ભ્રાત જો;
ગોદમાં લઇને હુલરાવતા,
હાંરે ધન્ય ધન્ય શ્રીઅક્કાજી માત જો. ૩

એહુનાં સુખ કોઈ કહી નવ શકે,
હાંરે એમ નિગમ વદે છે નેતિ નેતિ જો;
શેષ સહસ્ત્ર મુખ ઓચરે,
હાંરે ધન્ય ધન્ય શ્રીયમુનાજીની રેતિ જો. ૪

જ્યાં હરિ ધેનુ ચરાવતા,
હાંરે વ્હાલે કીધો છે રાસ વિલાસ જો;
વેણું વગાડી વૃન્દાવનમાં,
હાંરે વ્હાલે પુરી વ્રજ સુન્દરીની આશ જો. ૫

રસે વિંધાણી વ્રજવલ્લભા,
હાંરે શોભા નિરખી કહે છે હરિદાસ જો;
કરજોડીને કરૂ વિનતિ,
હાંરે મને આપો શ્રીવ્રજમાં વાસ જો. ૬

"વળી આ સમયે સુતિકા સદનનો એવો તો રળીયામણો દેખાવ છે કે તેનુ વર્ણન કરતાં ન પાર આવે. તે વર્ણવે છે."

મૂ૦ સુતિકા સદન સોહામણું,
શોભા રુડી લહેરડે જાય,
આ વાજીંત્ર વાજે તે સમે તણાં. ॥૩॥

શબ્દાર્થ–આ સમયે સુતિકા મંદિર મનોહર શોભવા લાગ્યું, અને તે સમયનાં વાજીંત્રો વાગવાથી સર્વને આનંદના ઉભરા છલકાવા લાગ્યા.

વિવેચન–અત્રે પ્રશ્ન થાય છે કે સુતિકા સદન સોહામણુ કેમ? તેનું રહસ્ય એ છે કે: ત્યાં લોકાયતિક–સંસારીજનો ની માફક પ્રસવ વિધિ થઈજ નથી એટલે કુચિલતા દુર્ગંધતા વિગેરે કંઈજ નથી. વળી મહાલક્ષ્મી માતાને નવમાસની ગર્ભાધાન વેદના વેઠવી પડીજ નથી. અત્ર લૌકિક વિધિ કંઈજ નથી. કેવળ અલૌકિક આનંદનેજ સૌભાગીજનો અનુભવી રહ્યાછે તે ગાન કરેછે. આ વાતના અજ્ઞાન મૂઢ જનો શું જાણે?

શ્રીવિઠ્ઠલનાથ પોતે પરબ્રહ્મ રસિકોના રસનું મૂળ છે અને પરમાનંદરૂપ હોવાથી, જ્યાં પધારે ત્યાં આનંદજ ઝલકે તેમાં નવાઇ શું? વળી વિવિધ પ્રકારના વાદ્યકારો શંખ, ઘંટા, થાળી, ઝાંઝ, મૃદંગ. સારંગી વિગેરે બજાવી રહયા છે. તે શોભા સમુદ્રની લહેરો રસિકોના હૃદયદેશને ભીંજવી પોતાના આનંદ રસમાં તરબોળ કરે તેમાં શું મણા રહે? "શ્રીવિઠ્ઠલનાથનું પ્રાકટય થયું સાંભળી શ્રીવલ્લભાચાર્યજીએ પોતાનું સર્વસ્વ દાન કરવા સંકલ્પ કર્યો તે ગોપાલદાસ ગાય છે."

મૂ૦ આ સર્વસ્વ દાન તેણે સમે;
કરે રે શ્રીવલ્લભજી ઉદાર;
સુકુમાર સુત ઉદયો શ્રવણે સુની. ॥૪॥

શબ્દાર્થ–મોટા મનવાળા શ્રીવલ્લભપ્રભુ મધુર અને મહા સુકુમાર પુત્ર પ્રાકટય સાંભળી તત્કાળ પોતાનું સર્વસ્વ દાન કરવા લાગ્યા.

વિવેચન–જેમની લક્ષ્મીજી ચાહના કરેછે. તે લક્ષ્મીપ્રિયે શ્રીવલ્લભપ્રભુ પોતાની પાસેનું આ આનંદ ઉપર પોતાનું સર્વસ્વ અર્પણ કરે તેથી તેમને શું ન્યુન્યતા આવવાનો સંભવ છે? જરા પણ નહિ જ, પોતે સર્વસ્વ દાન તો ત્યાં સુધી કર્યું કે પોતે દાનની સાથે ભકતોના હૃદયમાં જઈ વસ્યા.

તેથી ભકતો ગાય છે કે **બડોધન ભકતન વલ્લભ નામ** આ પ્રાકટયની સુગંધ બ્રહ્મલોક, રૂદ્રલોક, ઇન્દ્રલોક અને પાતાળે પહોંચતાં ત્યાંના સર્વ દેવતાઓ ગંધર્વો, અપ્સરાઓથી લઇ અન્તરિક્ષ. અનંત દેવગણ આવી આ આનંદનું દર્શન કરવા લાગ્યા. "તે બધીજ વ્યવસ્થા ભાગ્યશાળી ગોપાલદાસજીને પ્રભુકૃપાથી દર્શન થઇ જવાથી પોતાના સિન્ધુ સમ હૃદયમાંથી આનંદના ઉભરાઓએ કરી રસિકજનો સમિપ તે રસની રલંછેલ કરી રહ્યા છે."

"રસની રલંછેલ કરી રહ્યા છે."

મૂ૦ આ પાત્તાલે શેષ નાગ રીઝીયા;

ઉપર ઇન્દ્રાદિક દેવ

તત્ ખેવ સુણી નિશાન વગડાવિયાં ॥૫॥

શબ્દાર્થ–પાતાલમાં શેષજી અને સ્વર્ગમાં ઇન્દ્રાદિક સર્વ દેવો પ્રભુના પ્રાકટ્યથી હર્ષ પામી તત્કાલ નાના પ્રકારના માંગલિક નાદ કરવા લાગ્યા.

વિવેચન–શેષજી તે શબ્દશાસ્ત્રના આચાર્યજી કહેવાય છે. તેમને આનંદ એમ થયો કે પાખંડીયો વેદનો વિપરિત અર્થ કરી રહ્યા છે તેને હવે શ્રી વિઠ્ઠલેશ પ્રભુ ખંડન કરશે અર્થાત્ માયાવાદનું ખંડન કરી ભગવદાનંદનું દર્શન કરાવશે તેમ જાણી આનંદ પામ્યા. શ્રી પ્રભુના જન્મથી કોને આનંદ ન થાય? દેવી સર્વનેજ સરખો આનંદ થયો." ગીતાશાસ્ત્રમાં આજ્ઞા કરે છે કે,

यदा यदा हि धर्मस्य, ग्लानिर्भवति भारत ॥

અર્થાત જ્યારે ભૂતલ પર અધર્મની વૃદ્ધિ થાય છે અને ધર્મની ગ્લાનિથાય છે ત્યારે અધર્મનો નાશ કરવા પરમ રસિક ભક્તવત્સલ ભગવાન યુગે યુગે પ્રકટ થાય છે, ત્યારે એ સુત્રાનુંસાર જેવી રીતે કૃષ્ણાવતાર વખતે કંસાદિક અધર્મોનો અધિક ત્રાસ ભૂતલ પર પ્રસર્યો હતો અને

પ્રેમરસાત્મક ભકિત શિવાય રસિક ભકતો આતુર વિકલ ચિત હતા, ત્યારે પ્રભુ પોતે પ્રકટ થઇ ભૂમિનો ભાર ઉતાર્યો હતો. ભકિતનો પ્રગાઢ રસ વ્હેતો કરી શેષજીને પ્રસન્ન કર્યા હતા. તેવી રીતે પ્રચંડ માયાવાદ અને અનંત વિતંડાવાદી અધર્મોના અધર્મથી ભૂમંડલને ઉધ્ધારી લીધું. જેથી અધર્મનો બોજો શેષજી પરથી ઉતારી નાંખ્યો એવા શ્રીવિઠ્ઠલેશ પ્રભુ આ કલિયુગમાં પ્રકટ પુરૂષોત્તમથયા એ શેષજીને હર્ષ થવાનું બીજું કારણ છે.

વળી ત્રેતાયુગમાં પરબ્રહ્મ પુરૂષોત્તમ જેવીરીતે મર્યાદા પુરૂષોત્તમ શ્રીરામચંદ્રરૂપે પ્રકટ થયા હતા, ત્યારે સાથે શેષજી પણ લક્ષ્મણજીરૂપે પ્રકટ થયા હતા, તેમજ દ્વાપર યુગના અંતમાં પરબ્રહ્મ પુરૂષોત્તમ પરમ પુષ્ટિ સ્વરૂપ શ્રીકૃષ્ણ પ્રકટ થયા ત્યારે શેષજી સ્વરૂપે શ્રીબલદેવજી પ્રકટયા હતા. તેવીજ રીતે કલિયુગમાં પરબ્રહ્મ પુરૂષોત્તમ શ્રીવિઠ્ઠલેશ પ્રભુ પ્રકટ થયા ત્યારે શેષજી સ્વરૂપ શ્રીમદ્વલ્લભના જ્યેષ્ટ પુત્ર શ્રીગોપીનાથનામે પ્રકટયાછે- એ ગોપીનાથજી શ્રીવિઠ્ઠલેશના પ્રાકટ્યની રાહ જોતા હતા. તે શ્રીપ્રભુચરણ પ્રકટ થયા ત્યારે પ્રસન્ન થવાનું આ બીજુ કારણ શેષજીને મળ્યું. હવે બ્રહ્માદિ દેવો સર્વ હર્ષ પામ્યા તે કહે છે.

મૂ૦ બ્રહ્મા મહાદેવ મુનિ હરખીયા,

વરખીયા કુસુમ સમુહ

આમે ાહ ટાળ્યા જગતના જીવનો. ॥૬॥

સિદ્ધ ગન્ધર્વ ગુણી અપ્સરા;
ઉલટીયેા નૃત્યને નાદ;
અલ્હાદ ભર્યા શ્રીવલ્લભજીયે માનીયા. ॥૭॥

શબ્દાર્થ બ્રહ્મા મહાદેવ મુનિ અને કાંઇક ઋષિજનેા ગાનકારેા અપ્સરાઓ અંતરના નૃત્યઉલટથી ગાન કરતાં આવી રહ્યાં હતાં. અને તેમનું શ્રીમદ્વલ્લભ પ્રભુ ઘટતુ સન્માન કરતા હતા. ૬

શ્રીપ્રભુના પ્રાકટયથી હવે માયામતથી પીડાતા દૈવીજનેાનેા મેાહ કલેશ મટી જશે. એમ જાણી બ્રહ્મા રૂદ્ર મુનિજનેાને હર્ષ થઇ રહ્યોછે તેથી અંતરિક્ષ આનંદથી પુષ્પવૃષ્ટિ ઓ કર્યે જાય છે.

વિવેચન—બ્રહ્મા ઇન્દ્ર શેષ રૂદ્ર, ઋષિ, મુનિયેા, ગાન્ધર્વો, વિગેરે અત્ર થતી પરમદિવ્ય અવ્યકતલીલા જોઇ અધિક આનંદીત થાય તે વાસ્તવિક છે.

"વેદની શ્રુતિઓ અને અન્ય ભકતો પણ શ્રીપ્રભુ ચરણનું કેાઇ અનેરૂજ ગાન કરેછે, તે નિચે પ્રમાણે છે."

* વેદ શ્રુતિનું ગાન *

શ્રુતિ સુભગાઓ હૃદય વલ્લભની, રસ પ્રચુરલીલા ગાતી
મહા સેાહાગણ નયન નિતરતી, પળમાં પ્રગાઢ મદમાતી ૧
બ્રહ્મ ધ!મના અગમ આદેશેા, ઉકેલનાર આશ્રુતિ સ્વરૂપ;
પ્રેમ ભક્તિના પરમ તત્વને વાંટનાર શ્રીવલ્લભ ભૂપ. ૨

પૃથ્વી પરથાર ઉપર રસવરનાં, રસિક ગીતડાં ગાનારી
ભાગ્યવંતાં ભૂતલનાં તરવા, પરમ દિવ્ય રસ ઝરનારી ૩
કુમતિ કલુષિ માયાવાદીના, મદમત્તને હરનારી;
પ્રેમ ભક્તિના મહામકરંદેા, નિગમ પથમાં ધરનારી ૪
સર્વોત્તમ શુદ્ધાદ્વૈત સિધ્ધી, વચને વચને કરનારી;
કલિ કાલનેા દેાષ દાવાનળ, ભક્તિરસે બુજવનારી ૫
અજ્ઞાન રૂપમાં પડયા સડયાને, જ્ઞાન ગતિમાં ધરનારી
ઉંડા અલૌકિક રહસ્ય હૃદયમાં, પરમ કુશલ સિદ્ધ કરનારી ૬
શ્રીમદ્વલ્લભ વિઠુલ તીલક દ્વિજ, ભવને દ્વિજ વપુ ધરનારી
આનંદરૂપ રાસેધર રસધર, યશેાદાનંદન વરનારી ૭
ભક્તિ રસના અમૃત મેવલે, દિવ્ય હૃદય ભીજવનારી;
પૂર્ણાનંદ પૂર્ણેન્દુ પરમ ધન, વ્યાસ તણું સિદ્ધ કરનારી ૮

શ્રીવલ્લભ નંદન સૌજગવંદન, કેાટિ કલા શ્રીવિઠુલનાથ
વદનચંદ આનંદ કંદ વર, પ્રકટયા ભકત શિર દેવાહાથ ૧
વૃન્દાવન રસ સુખની પરમિત, શેષ, સુરેશ નવજાણે જરાય
સુરપતિ માન ઉતારી મહા સુખ, આપ્યું ગેાપગેાપીને જાયર
શેાભા સિન્ધુ ગતિ ગયંદ વર, શરણ જીવના છે વિશ્રામ
નિ:સાધનજન હેત પ્રકટયાછ, નિજજનનાં સાર્યાં સૌકામ ૩
નારદ શંકરસનક શ્રુતિસૌ અતુલ મહિમા યુગથી ગાય:
વલ્લભીવ્યાસ માતરનેા વાશી, શ્રીવિઠુલ ગાતાં ન ધરાય ૪

"વેદાનું સાર મત પ્રતિપાદન કરનારને જોઇ વેદેા પણ ગુણ ગાન કરી રહ્યા છે." ૮

મૂ૦ નિગમ સામ શાખા સહસ્ત્ર શું
કરે રે ભલા નિર્ઘોષ
આ ગોખપતિ ભગવદ્ભી ભેટતાં ॥૮॥

શબ્દાર્થ–આ સમયે સામ વેદને પણ ભગવાનનાં દર્શન થવાથી પોતાની હજારો શાખા વડે, પ્રભુનું ગુણ ગાન મનોહર ધ્વનિથી કરવા લાગ્યો છે. ૯

મુ૦ વેદ વિહિત કૃત સર્વે કીધાં;
દીધાં બહુ પેરે ગૌ દાન,
આ માનસુ સ્વજન સંતોષિયાઃ ॥૯॥

શબ્દાર્થ–વેદમાં જે વખતે જે વિધાન કરવા કહેલું, તેજ પ્રમાણે પુત્ર જન્મ સમયે સિદ્ધ હતું અને ગૌદાનાદિ કરી પોતાના જનોને પ્રસન્ન કર્યા હતા. ૯

વિવેચન–શ્રીમદ્ભાગવત ગીતા શાસ્ત્રાદિમાં કહ્યું છે કે સામવેદ એ મારી વિભૂતિછે. તો જ્યારે ભગવાનનું પ્રાકટય દર્શન થાય, ત્યારે ગુણ ગાન કરેજ.

વેદો મૂર્તિ માન છે- તેથી જ તેઓએ પુષ્પ વૃષ્ટિયો કરી છે. અને બ્રહ્માદિ દેવો એ પણ તેવાજ ઉત્સાહથી પુષ્પ વર્ષ્યાછે. શ્રીવલ્લભાધિશ પૂર્ણાવતાર હોવાથી તેમને વેદમાં કહેલાં કર્મો કરવાની જરૂર ન હતી, તથાપિ પોતે મનુષ દેહ ધારણ કરી વેદમાર્ગ ચલાવવોછે. તો જ્યારે પોતે વેદને અનુસરે

ત્યારે બીજા વેદનું માન્ય કેમ ન રાખે. અર્થાત્ પોતે જે કંઈ કરેછે તે પોતાને માટે નહિ પણ જગતના હિતને માટેજ કરેછે એવો આપશ્રીનો વિશ્વધર્મ છે. કે જે કરીને બતાવે, છે.

"ગીતાશાસ્ત્રમાં ભગવાન કહે છે."

યદ્ યદાચરતિ શ્રેષ્ઠ સ્તત્તદેવેત્તરોજનઃ
સ યત્ પ્રમાણું કુરુતે લોક સ્તદનુ વર્તતે॥ ૩-૨૧
ન મે પાર્થાસ્તિ કર્તવ્ય ત્રિષુ લોકેષુ કિંચન ॥
નાનવાપ્તમવાપ્તવ્યં વર્ત એવ ચ કર્મણિ ૩-૨૨
યદિ ત્વહું ન વર્તેયં જાતુ કર્મણ્યતન્દ્રિતઃ ॥
મમ વત્માનુવર્તન્તો મનુષ્યાઃ? પાર્થ? સર્વશઃ ॥ ૩-૨૩
ઉત્સીદેયુરિમે લોકા ન કુર્યાં કર્મ ચેદહમ ॥

અથાત્ લોકમાં જે શ્રેષ્ટ કહેવાતો હોય, તે જેવું જેવું આચરણ કરેછે તેને જોઇ તેવું જ બીજા કરેછે અને તેજ એને પ્રમાણ માને છે. તે બાબતમાં ભગવાન પોતાનો જ દાખલો આપી કહે છે કે

હે અર્જુન! ત્રણે લોકમાં મારે કંઇજ કર્તવ્ય નથી. મારે કંઇ મેળવવાનું બાકી નથી. કે જેને માટે કંઇ કર્મ કરવાં પડે. જો તે કારણથી હું આલસ્ય કરી કંઈ કર્મ ન કરૂં તો મારે રસ્તે ચઢી સૌ કર્મતજી દે. જો હું વર્ણવ્યવસ્થા ન સાચવું, તો લોક વર્ણથી ઉચ્છિન્ન થઈ જાય. છેવટે વર્ણસંકર પ્રજા થાય. તેથી લોક સંગ્રહાર્થ મારે સર્વ કર્મ કરવાં જોઇએ છે.

તેવી રીતે અહિં શ્રીવલ્લભાચાર્ય ચરણ પણ પરબ્રહ્મના મુખ રૂપ છે છતાં લોક સંગ્રહાર્થ કર્મ કરે છે.

શ્રીકૃષ્ણ પરબ્રહ્મ છતાં ગુરૂને ત્યાં વિદ્યાભ્યાસ માટે પધાર્યાં શિષ્યપણું સ્વિકાર્યું તેથી એમ જાણવું મોટાઓ જે કાંઈ કરે છે તે જગતના હિતને અર્થેજ કરે છે. ફલાશા રહિત ગોદાનાદિ સર્વ કર્મ કરે છે.

શ્રીવિઠ્ઠલેશપ્રભુના પ્રાકટય સમયનો જે આનંદ તે ભક્ત કવિયોએ તેજ સમયે કવિ મુકયોછે. તે નિચે મુજબ છે.

રાગ વિલાવલ

શ્રીવલ્લભ ગ્રહે પ્રકટ ભયે, શ્રીવિઠ્ઠલ પરમ ઉદાર;
પોષકૃષ્ણનવમી શુભદિન, શ્રીઅક્કાજી કુખ લીયેાઅવતાર
છંદ-અવતાર લીયેા તાપમીટે, દૈવી સુખ દીખાઇયાં;
આનંદ વ્યાપ્યેા દશેદીશમે; ઘર ઘર બજત બધાઇયાં;
બંદીજન બટ ભૂષણ દીને, દે આશિષ સુહાઇયાં;
શ્રીનંદ નન્દન વ્રજચંદ પ્રકટે, શ્રીવલ્લભ યશ ગાઇયાંર
વિમાન ચઢી બ્રહ્માશિવઆયે, કુસુમ બરખા બરખાઇયાં;
આંગન મોતીન ચૌક પુરાયે, મંગલ કલશ ધરાઇયાં,
છંદ-મંગલ કલશ ધરાય દ્વારે, બંદન બાર બંધાઇયા;
ભઇ ઐસી વ્હેન કબહુ, જેસી સબ વિધ પાઇયાં;
ભક્ત જનકે ભાગ્ય ઉદયે, મારગ રીત બતાઇયાં;
શ્રીનંદ નન્દન વૃજચંદ પ્રકટે, શ્રીવલ્લભ યશ ગાઇયાંર

ઢાળ રાસ રવન રસિક શિરોમણિ, પારન પાવે શેષનારદમુનિ
અન્યાશ્રય જે સબ ટારે, હતિત પતિત જીવ ઉદ્ધારે;
છંદ-ઉધ્ધાર કીને દૈવી જનકે, આવાગમન મિટાઇયાં:
અષ્ટાક્ષર ઉપદેશ લેકે, પરમ પદારથ પાઇયાં:
સેવા ફલ બતાય જીવકું, બ્રહ્મ સંબંધ કરાઇયાં:
શ્રીનંદ નન્દન વૃજચંદ પ્રકટે, શ્રીવલ્લભ યશ ગાઇયાંઙ
ઢાળ:-માયામત ખંડન જુ ગાઇ, ભકિત મારગ મંડનસુખદાઈ
પ્રફુલિતવદન કમલ સુખકારી સેવે સદાશ્રીગોવર્ધનધારી
છંદ-શ્રીગોવર્ધનધારી નિતપ્રત, સેવા રસ વિસ્તારીયાં:
સાત નિધિ દઇ સાત બાલક, ભકત જન મન ભાઇયાં
મનવાંચ્છિત ફલ દેત સબકું, બસેા દાસન કે હિયાં:
નંદ નંદન વ્રજચંદ પ્રકટે, શ્રીવલ્લભ યશ ગાઇયાંઇ

શામવેદની સહસ્ત્ર શાખાઓ વ્રજને વ્હાલેા જે શ્રીવિઠ્ઠલનાથ જે શ્રીકૃષ્ણ વદનાવતાર વૈશ્વાનરનેા લાડીલેા છે. તેનેાજ જયકાર ગાવા પ્રેરેછે જેની મુખાકૃતિ કેાટિ ચંદ્રના પ્રકાશને ઝંખવાણી પાડી લજાવે તેવીછે તેનું શ્રીઅંગ ઘનશ્યામછે. જરૂર નિજજનેા નેા પરમ વિશ્રામછે અને એમના વિશાળ નયન રસાત્મક રસે છલેાછલ ભરેલાંછે એવું કંઇક ભક્તેા કહેછે તેમ વ્યાસ પણ કવેછે.

સારંગનેા ઢાળ

વ્રજને વ્હાલેા વિઠ્ઠલનાથ વૈશ્વાનર લાડીલેા રે લેાલ,

જન સર્વે કરે જયકાર, ઉધ્ધારવા ચાડીલેા રે લેાલ. ૧
વદન છે કેાટિ વિધુની કાન્તિ સર્વાંગ ઘનસ્યામ છે રે લેાલ,
લજાવ્યા માયાવાદી અનંત, ભકત વિશ્રામ છે રે લેાલ ૨
ભગવન્ મહાદયાળ ઉદાર, ભૂતલ વ્દિજ વપુ ધર્યું રે લેાલ
દાસી દાસેાનું ભવ દુઃખ નિજાનંદ દઇ હર્યું રે લેાલ
સમ્પરણ સ્વારસ્વત કલ્પના કૃષ્ણ, એ અક્ષરધામના રે લેાલ
મહા કૃપાળછે ત્રિગુણાતિત, જેની જગ નામના રે લેાલ ૪
હા હે સ્વકિયાર્ત હર કરૂણ, કૃષ્ણાધર પાનદારે લેાલ
નુતન નિત્ય લીલા રસધ્યાન, કરાવે ધ્યાનદા રે લેાલ ૫
ભાવરસાત્મક અનેરાં ધક્ષણ, અમિઝર છલેાછલાં રે લેાલ
વદેશું વિકસ્યું વ્યાસનું ઉર; અખંડ રહેા કલાંકલાં રે લેાલ૬

શ્રીવિઠલેશના જન્મ મહેાત્સવનેા ઉત્સાહ શિક્ષાપત્રના કરનાર શ્રીહરિરાય ચરણ પણ રામકલીમાં કવે છે.

નવલ બધાયેા હેં સુનેારી આજે નવલ બધાયેા હેં
શ્રીવલ્લભ ગ્રહે પ્રકટ ભયે, પુરૂષેાત્તમ જાયેા હેં. સુનેારી ૧
નયન ન કેાફૂલ લેહેા સખીરી, ભયેા મનકેા ભાયેા હેં
ગિરિધરલાલ ફેર પ્રકટે, આનંદ દર્શાવ્યેા હે. ૨
મણિમાલા બંદનમાલા દ્વાર દ્વાર બંધાયેા હે,
શ્રીગેાકુલમેં ઘરન ઘરન પતિ આનંદ છાયેા હે. ૩
દ્વિજ કુળચંદ્ર ઉદિત સબ વિશ્વકેા. તિમિર નશાયેા હે
ભકત ચકેાર મગન આનંદિત, હિયેા શીરાયેા હે. ૪

મહારાજ શ્રીવલ્લભજી, દાન દેત મનભાયેા હેં,
જે જાકે મન હુતી કામના સેા તિન પાયેા હે. સુનેા ૫
જાકે ભાગ્ય ફલે યા કલિમેં તિન દર્શન પાયેા હે
કર કરૂણા શ્રી ગેાકુલ પ્રકટે, સુખદાન દીવાયેા હે. ૬
મર્યાદા પુષ્ટિ સ્થાપન કેા, આપ તેં આયેા હે;
અબ આનંદ બધાયેા હેરી દુઃખ દૂર બહાયેા હે. ૭
રાની ધન ધન ભાગ્ય સેાહાગભરી જન ગેાદ ખેલાયેા હે
રસિક ભાગ્ય તેં આપ પ્રકટભયે આનંદ દર્શાયેા હે. ૮

આ શ્રીવિઠ્ઠલેશ જન્માષ્ટક ગાઇને વિરમાતું નથી. ઘણાજ ભકતેા આવાં ગાન કરેછે. ગ્રંથ વિસ્તારનેા ડર લખવા દે તેમ નથી.

ત્યારબાદ પારિજતક પુષ્પેાની માલાએા પરસ્પરપર પહેરી પહેરાવી અનેસર્વત્ર નગરમાં પેાતે પેાતાને ત્યાં ઉત્સાહથી તેારણમાલા ચંદનાદિ ચેાક પુર્યા અને શ્રીવલ્લભના ગૃહ મંડપમાં શ્રીવિઠ્ઠલેશપ્રભુને પંચામૃતાદિસ્નાન થવા લાગ્યું તેની સુગંધ ગલીયેામાં ફેલાવાથી મકરંદ પ્રેમાળ ભ્રમરેાનાં ટેાળે ટેાળાં આવવા લાગ્યાં અર્થાત્ ભકત ભ્રમરેાની ભીડ અગાધ થઇ માનવ મહેરામણ ઉમડી ગયેા: અને બંદીજન ગાંધર્વો પરસ્પર મળી ગુણગાણેાત્સવ કરવા લાગ્યા તે સર્વ ગેાપાલદાસજી નિચે પ્રમાણે વર્ણવે છે.

મુ૦ આ કનક કચોલાં કુંકુમ ભર્યા
અક્ષતદુર્વા ભયા રે સુથાળ;
આ માળા પારિજાતની મહમહે ૧૦

આ તોરણ પરણ સહકારનાં,
ધરણીયે ચંદનતણાં નિર,
વિર શ્રીગોપીનાથ શ્રીવિઠ્ઠલ પ્રકટીયા ૧૧

આ દધિ દૂધ ઘ્રત મધુ માંડવે,
શેરડીએવહેરે સુગંધ;
સુગંધે મોહ્યા અલિકુલ આવિયા ૧૨

આ સુત માગધ સાધુ સર્વે મળ્યા,
મલીયા તે માંહોમાંહે;
ઉત્સાહ ભર્યા કો કોને જાણે નહી. ૧૩

શબ્દાર્થ– ત્યાં મનોહર થાલની અંદર સુવર્ણના કંકુમાવટામાં અક્ષત, દુર્વા, ચન્દન અને પારિજાતક પુષ્પની સુવાસિત માલાઓ, સુગંધમય સજાઇ રહી છે. ૧૦

આંબાના પાનનાં તોરણો અને ચન્દન જલનો છંટકાવ થઇ રહ્યોછે, આવા આનંદ ઉત્સવ સહિત શ્રીગોપીનાથજીના બંધવ શ્રીવિઠ્ઠલનાથ પ્રકટ થયા.

વળી ત્યાં દહીં, દુધ, ઘી, મધ અને શર્કરાદિનું શ્રીશ્રીવિઠ્ઠલજીને મંડપમાં પંચામૃતાદિ થવાથી, સુગંધની લપટો ગલી ગલીયે ફેલાવા વડે સુવાસિત લેવા ભ્રમરો પણ આવી રહ્યા છે. ૧૨

તેમજ આ ઉત્સવના સમયે વંદન કરનારા ભાટ, ચારણો વિગેરે એકત્ર થઇ પરસ્પર, અતિ ઉત્સાહથી, પોતપોતાનું જાતિ સ્વરૂપ ભૂલી, તે પ્રભુનું ગુણ ગાન કરી રહ્યા છે. ૧૩

વિવેચન—આ શ્રીવિઠ્ઠલનાથના પ્રાકટય વખતે મંગલ સૂચક તોરણ; નગરમાં ઘેર ઘેર બંધાઇ રહ્યાં છે. અને મોતીના ચોક પુરાયા છે. વળી શ્રીવલ્લભના મંડપમાં તેમજ શ્રીવિઠ્ઠલને પંચામૃત અને કેશર સ્નાન થઇ રહ્યું છે. દહી, દુધ, કેશર, સોંધાની સુગંધી ચારે તરફ પ્રસરી રહી છે. વળી તે સુવાસિત લેવા ભ્રમર રૂપી ભકતો પંકિત બંધ આવી પ્રસન્ન વદનથી ભકિતરસ દૃષ્ટિથી શોભી રહ્યા છે.

વળી બ્રહ્માદિથી લઈ, ભાટચારણ સુધી નિજ મંડપમાં આનંદનું પાન કરવાર્થ આવવાથી નિશ્ચય સૂચવે છે કે સાક્ષાત્ શ્રીવિઠ્ઠલેશ સર્વેશ્વર શ્રીકૃષ્ણજ છે. અને તેઓએ પોતાના અંગથી ઉત્પન્ન કરેલી પુષ્ટિસૃષ્ટિ તેની વિરહ પીડા હરવાર્થ અને ભગવત્સેવા શીખવી સ્વતઃ તેનો ઉદ્ધાર કરવાર્થ સર્વત્ર વ્યાપક શ્રીવિઠ્ઠલેશ સ્વરૂપે પ્રકટ થયા છે.

ભગવાનનું કર્તવ્ય આદ્યથી એજ છે કે ભકતોના મનો-

રથ પુરવા અને આસુર મતનું ખંડન કરવું. આવી દયાળતા નિત્ય છે તે પ્રગટ દર્શાવી રહ્યા છે.

ઉપર પ્રમાણે દૈવીસૃષ્ટિ સર્વ એકત્ર મલી દર્શન કરતાંજ પોતપોતાનું સ્વરૂપ ભૂલી પ્રભુચરણમાં નિરોધ પામી આનન્દમંગલ થઇ રહી છે. ૧૦–૧૧–૧૨–૧૩

(વળી ત્યાં શુકદેવ, ગર્ગાચાર્ય વિગેરે આવી રહ્યા છે. તે વર્ણવે છે.)

મૂ૦ આ શુકદેવ સમળ આનન્દિયા,
વન્દિયા શ્રીવલ્લભજીના ચરણ;
આ ગિરિધરણ શ્રી ભાગવત મારુ નિરખશે–૧૪
આ સકલ કલા તે કલિકાલમાં,
કલ્પદ્રુમ પ્રકટિયો આજ:
આ કાજ મન વાંચ્છિત પુરવા. ॥૧૫॥
આ તૈલંગ તિલક ત્રિભુવન ધણી,
મણિ મરકત ધનવાન;
આ સમાન રુપ નિરખતાં કોઈ નહિ. ॥૧૬॥
આ ગણિક ગર્ગાદિક આવીયા,
ભાવિયા દીયેરે આશીષ :
આ જગદીશ શ્રીવલ્લભગૃહે પ્રકટિયા. ॥૧૭

શબ્દાર્થ—ભકિતના બળવાળા શુકદેવજીને આનન્દ એ થયો કે હવે મારૂ શ્રીભાગવત સાક્ષાત શ્રીગોવર્ધનોદ્ધરણ જોશે એટલે હું કૃતાર્થ થઇશ, એમ કરી શ્રીવલ્લભચરણમાં વન્દન કરવા લાગ્યો છે. ૧૪

વિવિધ પ્રકારનું મોહક કલાકૌશલ્ય આ કલિમાં વધી પડયું છે. તથાપિ હવે શ્રીવિઠલનાથ કલ્પવૃક્ષ સમાન પ્રકટ થયા છે, એટલે ભકતોના સર્વ મનોરથ સિધ્ધ થશે.

તૈલંગકુળમાં સર્વોત્તમ અને ત્રિભુવનનાપતિ શ્રીવિઠલેશનું શ્રીઅંગ મણિમરકત અને સજલ વાદળના જેવું સૌંદર્ય છે, તેવી કાન્તિ કયાંય છેજ નહિ. ૧૬

આ માંગલિક સમયે જ્યોતિષશાસ્ત્રી ગર્ગાચાર્ય આવ્યા, તેઓ સાક્ષાત્ જગદીશનું પ્રાકટય થયું જાણી આશીર્વચનો વર્ષાવી રહ્યા છે. ૧૭

વિવેચન—હૃદયમાં ભરેલા કૃષ્ણભકિતના તેજસ્વી સિધ્ધાન્તો વડે શોભતા બલવાન શુકદેવજી; શ્રીવલ્લભવિકુલના પ્રાકટયથી આનન્દવાલા થયા છે. કેમકે કેવળ જીવોના નિરોધ માટે, અને શ્રીપ્રભુલીલાની પ્રાપ્તિ થવા માટે પ્રભુ ઇચ્છાથીજ રચેલું શ્રીમદ્‌ભાગવત તેનું રહસ્ય આજદિન સુધી પ્રકટ કરનાર ભૂતલ પર કોઇ નહિ હોવાથી, હવે આશા બાંધી કે "ભકિતરસથી ભરેલું ભાગવત તેનું શ્રીવલ્લભવિકુલ અવલોકન કરશે, તેથી મારો શ્રમ સફળ થઇ હું કૃતાર્થ

થઇશ અને અનેક જીવો કૃતાર્થ થશે" એમ જાણી શુકદેવને અધિક આનંદ થયો. ૧૪.

અધર્મના મિત્ર કલિયુગે આ સકલ પૃથ્વીને ઘેરી લીધી છે, તેણે સર્વને પ્રભુ પ્રાપ્તિનાં સર્વત્ર સાધન, (સત્ય, જપ, તપ, દયા, દીનતા, અને પવિત્રતા) વિનાની કરી દીધી છે, તેણે પોતાનું બલ એટલે સુધી ફેલાવ્યું છે કે સત્ પુરૂષોને અસત્ ભાષણ અને બુદ્ધિથી પાંગળા કરી નાખ્યા છે. શાણા અને ભાગ્યશાળીઓને, હિન ભાગી અને પાખંડ ધર્મમાં પ્રવૃત્તિથી પીડાતા રીબાતા કરી દીધા છે. જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિનો સાર ચુસી લીધો છે. અવશેષ એવું કર્તુત્વ તરતુ મુકયું છે કે–કુતર્કની કુશળતા, માનમર્તબો જાળવવો, લોભ, પૈસો તે પરમેશ્વર, નાસ્તિકતા, વિષય તૃષ્ણા, પાખંડ અને વિપરિત પરિણામી કળા કૌશલ્ય–આવું અગાધ બળ કલિયુગનું વાસ્તવિક છે.

શ્રીમદ્ ભાગવતમાં પણ કહ્યું છે કે—

કલૌતુ ધર્મહેતૂનાં તુર્યાંશોઽધર્મહેતુભિઃ
એધમાનૈઃ ક્ષીયમાણો હ્યન્તે સોઽપિ વિનક્ષ્યતિ॥ ૨૪-૩-૧૨
તસ્મિલ્લુબ્ધા દુરાચારા નિર્દયાઃ શુષ્કવૈરિણઃ
દુર્ભગા ભુરિતર્ષાશ્ચ શૂદ્રદાસોત્તરાઃ પ્રજાઃ॥ ૨૫-૩-૧૨

અર્થાત્—કલિયુગમાં એવી કલાઓ થશે કે–અવશેષ રહેલો ધર્મનો ચતુર્થાંશ પણ અધર્મના કારણોથી નાશ પામશે અને પ્રજાઓ લોભી, દુરાચારી, નિર્દય, નકામો

કલેશ–ઝઘડાર કરનારી, ભાગ્યહિન, બહુતૃષ્ણાવાળી અને શુદ્રની ચાકરી કરનારી, પ્રજા થશે. વિગેરે અનેક દોષો ભાગવતમાં વર્ણાવેલા છે, તે દોષોને દૂર કરવાને શ્રીશુકદેવજી કહે છે કે–

તસ્માત્ સર્વાત્મના રાજન્ હૃદિસ્થં કુરૂ કેશવમ્ ૪૯-૩-૧૨

આ કલિયુગ અનેક દોષોથી ભરેલો છે માટે હે પરિક્ષિત! તું કેશવ શ્રીકૃષ્ણપરમાત્માને હૃદયમાં સ્થિર કર? તેણે કરીજ સઘળા દોષોને તરી જવાશે તે શીવાય બીજો રસ્તો નથી.

આવા શ્રીશુકદેવજીના હૃદયમાં રહેલા શ્રીકૃષ્ણપ્રભુના સ્વરૂપ રૂપી આશયને પ્રતિપાદન કરવા સમગ્ર કલાના ભંડાર રૂપ વિઠ્ઠલેશપ્રભુ પ્રકટ થયા. અને પોતે ભાગવતના આશયો દૃઢ કરી શ્રીમદ્ભાગવતમાં કહેવા મુજબ સિદ્ધ કર્યું કે :—

(ચતુઃશ્લોકી)

સદા સર્વાત્મભાવેન ભજનીયો વ્રજેશ્વરઃ।
કરિષ્યતિ સ એવાસ્મ દૈહિકં પારલૌકિકમ્॥ ૧॥
અન્યાશ્રયો ન કર્તવ્યઃ સર્વથા બાધકસ્તુ સઃ।
સ્વકીયેષ્વાત્મભાવશ્ચ કર્તવ્યઃ સર્વથા સદા॥ ૨॥
સદા સર્વાત્મના કૃષ્ણઃ સેવ્યઃ કાલાદ્દિદોષનુત્।
તદ્ભક્તેષુ ચ નિર્દોષભાવનસ્થૈર્યમાદરાત્॥ ૩॥
ભગવત્યેવ સતતં સ્થાપનીયં મનઃ સ્વયમ્।
કાલોઽયં કઠિનોઽપિ શ્રીકૃષ્ણભક્તાન્ બાધતે॥ ૪॥

અર્થાત્–નિરંતર સર્વાત્મભાવથી વ્રજેશ્વર શ્રીકૃષ્ણનેજ સેવવા જોઇયે. તે આ લોક સંબંધી ધર્મ અર્થ ને કામ, તેમજ પરલોક સંબંધી મોક્ષ અને લીલા સ્વાદનો આનન્દ તેઓશ્રી જ આપશે.

કોઇપણ આ લોક કે પરલોકની આકાંક્ષા માટે અન્યાશ્રય કરવો નહિ. કેવળ શ્રીકૃષ્ણ પ્રભુને જ ભજવા. કારણ કે અન્યાશ્રય હંમેશાં બાધકરૂપ જ છે.

ભગવદ્દીયોમાં નિરંતર આત્મીયપણું રાખવું. કલિયુગના દોષોને દૂર કરવા પણ અન્યાશ્રયની આવશ્યકતા નથી, કેમકે કલિ વિગેરેના પ્રચંડ દોષોને દૂર કરનારા પણ શ્રીકૃષ્ણ પોતેજ છે. માટે તેમનું સર્વાત્મભાવથી સેવન કર્તવ્ય છે. અને સત્સંગમાં ભગવદ્દીય સાથે દોષ રહિત આદરથી રહેવું. તેમજ શ્રીપ્રભુમાં મન ચિત્ત સ્થિર કરવું. અર્થાત્ જેમ બને તેમ તેમનામાં વ્યસનદશાવત્ માનસીભક્તિ પ્રકટ થાય તેમ વર્તવું. કારણ કે–આ ઘોર કલિયુગ રૂપી વખત ઘણો કઠણ છે, આવો દોષથી ભરપૂર સમય પણ શ્રીકૃષ્ણની ભક્તિ કરનારા ભક્તોને બાધક થતો નથી. માટે કલિદોષની નિવૃત્તિ માટે શ્રીકૃષ્ણ પ્રભુનુંજ સેવન કરવું.

આવી રીતે પોતાના સેવકોના હૃદયમાં શ્રીમદ્ભાગવતનો આશય સ્થિત કરી શ્રીશુકદેવજીને પ્રસન્ન કર્યા, અને ભક્તોને કલિકાલના દોષોમાંથી તાર્યા; માટે મૂળમાં શ્રીગોપાલજી કહે છે કે–કલાના ભંડાર રૂપ કલિના દોષને હણનારા

શ્રીમદ્વિઠ્ઠલેશપ્રભુચરણ પ્રકટ થઇ શ્રીશુકદેવજીને પ્રસન્ન કર્યા, વાત તેઓશ્રીની ચતુઃશ્લોકી વિગેરે ઉપર દર્શાવ્યા મુજબ સિદ્ધાન્તોથી સિદ્ધ થાય છે.

તેમજ પ્રભાવશાળી ભક્તેચ્છા પૂરક ભગવાન શ્રીવિઠ્ઠલેશ કલ્પવૃક્ષરૂપે કલિયુગમાં પ્રકટ થવાથી તેમના કળા કૌશલ્ય વડે દૈવી જનોની પીડા દૂર કરી મનવાંચ્છિત ફલ પ્રાપ્તિ આપવાજ પોતે સ્વયં દયા વિચારી છે માટે કલ્પવૃક્ષ નામ તેમનું યથાર્થ છે.

શ્રીવલ્લભવિઠ્ઠલનું વેદશાસ્ત્ર સંપન્ન કલા કૌશલ્ય એવું છે કે તેના આગળ કલિયુગ બિચારો પાંગળો થઈ જાય છે.

શ્રીવલ્લભવિઠ્ઠલનું કળા કૌશલ્ય સર્વ અલૌકિક છે, રસાત્મક છે. ભાવાત્મક છે. આ દુનિયામાં કે ચતુર્દશ લોકમાં તેના સરણું કયાંય નથી. તેથીજ સુરદાસ કહે છે કે––

(શ્રીવલ્લભનખચન્દ્રછટા બીન સબ જુગમેંનુ અંધેરો.)

સાક્ષાત્ શ્રીકૃષ્ણાસ્ય પોતાના દૈવી જીવોદ્ધારાર્થ શ્રીવલ્લભ પ્રકટ થયા છે, અને તમણે અલૌકિક પુષ્ટિમાર્ગ પ્રકટ કર્યો છે. તેજ શ્રીપુરૂષોત્તમ પોતે સાક્ષાત્ સ્વરૂપ શ્રીવિઠ્ઠલ વપુ ધારણ કરી પોતાના પુષ્ટિમાર્ગનો પ્રકાશ કર્યો.

શ્રીવલ્લભવિઠ્ઠલનું કળા કૌશલ્ય, કલિયુગના જીવોની માફક ક્ષણભંગુર અનિત્ય નથી. પણ જે કલિયુગના પ્રભાવે કરી દૈવીજીવોના હૃદયમાંથી ભિન્ન છિન્ન થઈ ગયેલી

નિત્યસિદ્ધ પ્રભુની કળારૂપ લીલાની ભાવનાને પોતે પ્રકટ કરી છે, તે ભકત હૃદયેજ નિવાસ કરી રહી છે. (અભકત પામરને તેનું કંઈજ સુખ નથી. એટલે સિદ્ધ થયું કે પોતે એ સર્વ દૈવીજનોના માટેજ પરિશ્રમ લઇ જીર્ણોદ્ધાર કર્યો છે.)

શ્રીમદ્ભાગવતમાં વર્ણન કરેલી શ્રીકૃષ્ણલીલાઓને સેવાના અમલમાં મુકવાની વિધિનો લોપ થયો હતો, તે લીલાયુક્ત સેવાવિધિને પ્રકટ કરી જેમ કે—

શ્રીકૃષ્ણની બાલલીલા, દાનલીલા, માનલીલા, હોરી, ચોરી, વનગમન, ગોવર્ધનલીલા, વિગેરે લીલાઓ. તેમજ શ્રીવૃન્દાવન, શ્રીસ્વામિનીજી, શ્રુતિરૂપા, અગ્નિકુમારિકા, શ્રીયમુનાજી, ગોપીજન, ગિરિરાજ, વ્રજભુમિ વૃક્ષો, ગુલ્મ-લતા, ઔષધિ, નિકુંજ, પશુ, પક્ષી, (ગાય ખગાદિ) સર્વ પ્રભુનાં અલૌકિક સાહિત્ય અને ભકતો નિત્ય છે. વિગેરે,

એ પ્રમાણે ઉપર મુજબ શ્રીવલ્લભવિઠ્ઠલના પુષ્ટિમાર્ગના સેવા પ્રકાર પણ સર્વ નિત્ય અને અલૌકિક છે તેની ગમ્યતા ભકતનેજ છે, તે સેવાના સાહિત્યમાં ઉપયોગી વર્ષોત્સવ, નિત્ય સેવા, સામગ્રી, આભૂષણ, વસ્ત્ર, સિંહાસન, ખંડપાટ, ચોકી, પીછવાઇ, નિજ મન્દિર, મણિકોઠા, તિબારી, ડોલ તિબારી; રસોઈ ઘર, ફુલઘર, શાકઘર, પાનઘર, ભંડાર, ચોક, સેવક, કીર્તનીયા, પરિચારક, વિગેરે સર્વ પરમ અલૌકિક છે. જેને જેવી ભાવના તેને તેવા ફલરૂપે નિવડી ભાવનાના પ્રમાણમાં.

તેને દર્શન થાય છે. ઉપર દર્શાવેલી લીલાસામગ્રીમાં લૌકિક બુદ્ધિવાલા અપરાધી થઈ બહિર્મુખ થાય છે.

કલ્પવૃક્ષરૂપ શ્રીમદ્વલ્લભવિઠ્ઠલની પ્રકટ કરેલી અલૌકિક ભાવનામાં તેમના આશ્રિત કૃપાપાત્ર ભકતોને વિષમબુદ્ધિ નહિ થવાથી પોતે સર્વ વિષયોથી મુકત થઇ સેવાસદનમાં અનુદિન ઝરતો અમૃતરસ તેનું પ્રતિપૂર્વક પાન કરે છે. તેથી આ કલિયુગમાં શ્રીમદ્વલ્લભવિઠ્ઠલનો દ્રઢ આશ્રય એજ પરમ ફલરૂપ છે.

(ઉપર પ્રમાણે પ્રભુના પ્રાકટયનું અને પ્રકટ કરેલી વિશુધ્ધ ભગવદ્લીલાનું અનુદિન જીવ જો ગાન શ્રવણ કરે તો તેને જરૂર પ્રભુ લીલાની પ્રાપ્તિ થયા શિવાય રહેજ નહિ.)

મૂ૦ આ ધવલ ધન્યાશ્રી ગાન જે કરે,
ઉચરે શ્રીવિઠ્ઠલજી અવતાર;
આ સારસ્વત લીલા તે જન લહે ૧૮

શબ્દાર્થ—જેમાં શ્રીવિઠ્ઠલનાથજીના પ્રાકટયનું વર્ણન છે એવું ધન્યાશ્રી રાગનું આ ધોળ કોઇ પ્રેમપૂર્વક સમજીને ગાય તો, જરૂર તેને સારસ્વતકલ્પની શ્રીકૃષ્ણલીલાની પ્રાપ્તિ થયા શિવાય રહે જ નહિ.

અર્થાત પ્રભુનું કીર્તન કરનાર નિત્યજ કહેવાય છે. એ શ્રુતિનું પ્રમાણ છે.

(નરસૈયાને હાર આપ્યા પછી ભગવાન કહે છે)

હું તો પ્રેમે સુખીયો થાઉ, સંધ્યા વંદન કરે ત્યાં ન જાઉ
જેને વિદ્યાતણું અભિમાન, ત્યાં ન જાઉં કહે ભગવાન

મહેતામાં કૃષ્ણભક્તિની દિવ્ય જ્વાળા પ્રકટેલી હતી. તેનો પ્રકાશ ઠેઠ કાશ્મીરથી દક્ષિણમાં શ્વેતબંધુરામેશ્વર પૂર્વમાં જગદીશ અને પશ્ચિમમાં દ્વારકા સુધી પહોંચેલો હતો.

કુંવરબાઈનું મામેરું, પિતાનું શ્રાધ્ધ વગેરે તેના ચમત્કારો વિશ્વવંદ્ય છે:

મહેતાએ જ્ઞાન અને કર્મને વખોડી કાઢી કૃષ્ણપ્રેમ ભક્તિનાં પદો ઘણાં ગાયા છે. દૃઢ વિશ્વાસ, દૃઢાશ્રય એજ ભક્તિનાં અંગ છે. દરેક પદમાં તે પર ભાર મુકેલો છે.

૧૯ મી કડીમાં ગોપાલદાસ પોતાના ભાગ્યની વડાઈ કરતાં શ્રીવિઠલેશ પર જીવન વારી દીધું છે. તેમજ પુષ્ટિ-ભક્તો સર્વ, એવા જ આનંદમગ્ન ભક્તપ્રસાદ પામી થયેલા છે.

આ આખ્યાનમાં વિવિધ ભોગચતુર ભગવાન અને અનંતશુંગાર કલ્પદ્રુમ શ્રીવિઠલેશનું રસમયરૂપ જ્યાં ત્યાં વરણ્યું છે. તેમજ ભાવરસાવિર્ભાવે પ્રભુને પ્રસન્ન કરવાની ક્રિયા પણ તેવીજ વર્ણવી છે. તેમના સર્વેશ્વરપણાનું ભાન રીતસરનું કરાવ્યું છે. કવિતાએ અંતરપ્રેમની જલહલતી

જ્યોતિ પ્રગાઢ અગ્નિની આલાત જેવી છે. કેવા દુષ્ટ હૃદયમાં એ પ્રેમ જ્યોતિ પ્રવેશ કરે તેની દુષ્ટ વાસના સાથે કોટિકલ્પના પાપ પ્રલય કરે તેવી છે. ગોપાલદાસની વાણીજ ભક્તિમાર્ગનું પરમ સૌંદર્ય પ્રાપ્ત કરે છે. કોઇ કેવા અજ્ઞાનમાં આ વાણીનો પડઘો પડે તો કેવળ તેજ સમયે પરમાનંદ વર્તાવી દે તેમાં સંદેહ નથી. રસાત્મક, રસમય શબ્દ શ્રીપ્રભુના રસમાં જીવને જોડવા માટેજ વાપરેલો છે. રસોવૈસઃનો રસ કહેતાં આનંદ જેનામાં આવી જાય એજ પરમાનંદ પામે છે. જીવમાંથી આરંભથી આનંદ ગયો છે. જેથી જીવ આનંદનેજ શોધે છે પરંતુ ક્યાંય જડતો નથી. બધેજ અધુરો આનંદ હલકો આનંદ છે. જેથી શાન્તિ ક્યાંય થતી નથી. પૂર્ણાનંદ તો તો શ્રી વ્રજનંદકંદ શ્રીકૃષ્ણમાં જ ભરેલો છે. તેમને શરણ તેમનાં વદનાવતાર દ્વારા થનારને પૂર્ણાનંદ પ્રાપ્ત થાય છે.

પૂર્ણાનંદભર્યા ગોપાલદાસે તૃતીયાખ્યાન ગાયું. પછી છેલ્લી કડીમાં પોતાનું અહોભાગ્ય વરણી આખ્યાન સમાપ્ત કરશે.

આ-દાસનો દાસ જાયે વારણે, બારણે રહ્યો રે ઉત્સવ જુવે. કો એક ભગવાન તે સમે ॥૧૯॥

શબ્દાર્થ—હે શ્રીવલ્લભ વિઠલેશ પ્રભુચરણ ? હું આપનો દાસ આપના બારણામાં ઉભો આપનું દર્શન કરતો વારંવાર વારણા લઉં નેં ભાગ્યની વડાઈ કરું તેમાં વધારે પડતું શું છે ?

અહીં નરસૈ યાદ આવે છે:

ભગવાન પોતે કહેછેઃ હું ભકતનો દીન છું, ભકતાધિન છું. નરસઇને પાછલી અવસ્થામાં શુધ્ધાદ્વૈત સિધ્ધાન્તની ઝાંખી થવાથી તેણે પોતાની સકામ ભકિતના પશ્ચાતાપપુર્વક કોમલ ભકિતના ઘણા પ્રલાપ કર્યા છે અને પ્રેમરસાત્મક ભકિતની સ્ફુર્તિ સાથે વસમાવિરહે. પોતાનો પ્રાણ છોડયો છે તેજ ગોપાલદાસ છે. તેમણે પોતે દાસનો દાસ કહી ગાયું છે.

દયાપૂર્ણ વિઠલેશપ્રભુ, સાક્ષાત નંદનંદન જે જસોદાનું જીવનધન. તેને રાત દિવસ જે જન સેવે સ્મરે તેને અક્ષરધામી મળે અને પોતાનો પરમાનંદ ગોપીજન વત દે તેમાં નવાઇ શું ?

દેવગંધાર

નંદ નંદન જસોદાનું જીવન, જપે સેવે જે રજનિ પ્રાત;
દયા પૂર્ણ શ્રીકૃષ્ણ કૃપાળુ, અક્ષરધામી મળે સાક્ષાત્ !
કુળ મર્યાદ મુકી ગોપીજન, કૃષ્ણ કમલમુખ સન્મુખ ગઇ
માધવ મધુરોત્તમના દર્શે, પરમાનંદ સુખ લેતી થઇ-૨
રસમય રાસસ્થાના સ્વામી, ગુરૂ વલ્લભના સેવ્ય સદા
વલ્લભી વયસ શ્રીવલ્લભ સેવે, કૃષ્ણ કૃપા ના ડગે કદા-૩

શ્રી લક્ષ્મણ સુત વલ્લભ પદરજ, મેરો મન લપટાય રહેા
સબ ગુણ નિધિપૂર્ણ પુરૂષોત્તમ, છાંડી ન દુસરો દેવ ચહેા-૧

તન મન જીવન પ્રાણ શ્રીવલ્લભ,વિકુલ ગિરિધરમોમન એક;
ભવનાશક ભાવદ ગુરૂવલ્લભ, તામેં બની દૃઢ વ્યાસકી ટેક ૨

સારંગ

મેરે શ્રીવિકુલ પ્રાણ, મહાદાતાર દયાવર;
દૃઢ કર પકડી બાંહ સોંપે સદા શ્રીગિરિધર ૧
રેન દિવસ ઇન ધ્યાન; પુષ્ટિ પથ પતિ સરદારા,
ચિન્તન સંતત સદા, મન વિશ્વાસકી ધારા ૨
જસો હું તેસો આપ ચરણકો હોં હું ચેરો,
કરૂણા સિંધુ કૃપાલ, વ્યાસકો રાખીયે નેરો ૨

બિન વલ્લભ બકવાદ નરૂચે, તનમન એહી ધ્યાન,
મેરે ઘટમેં વલ્લભ ગાન ટકે૦ ૧
વલ્લભ કુળ અવતાર ન જાણ્યો, પડયો ગર્ભ પાષાન,
સુન્યોન્યો ષોડશ ગ્રંથ સુબોધિની, અન્ય વિષય લપટાન ૨
જાગત સોવત વલ્લભ વલ્લભ, જપમેં ઠાકુર વલ્લભ જાન;
માતરવાશી વ્યાસ ગુરૂ વલ્લભ, કૃપાલ કરૂણાવંત નિધાન ૩

ઇતિ તૃતિયાખ્યાનં
સમ્પૂર્ણમ્

અથ ચતુર્થાખ્યાન પ્રારભ્યતે

(ત્રીજા આખ્યાનમાં શ્રીવિઠ્ઠલેશપ્રભુનું પ્રાકટય વર્ણવ્યું. હવે ચોથા આખ્યાને તેમની સર્વગુણસંપન્નતા તથા તેઓશ્રીનું ઉદાર ચારિત્રનું વર્ણન કરે છે તેમાં પ્રથમ મંગલરૂપ શ્રીવિઠ્ઠલેશના ચરણને નમન કરી સ્તુતિ કરે છે. હે પ્રભુ? આપના નામના પ્રતાપ બળથીજ દૈવીજનોનું દ્વૈતાપત્તિરૂપી તિમિર દૂર થયું છે.

રાગ ભૂપ કલ્યાણ

મૂ૦ તે પદ વંદુ શ્રીવલ્લભ નંદજી,
ત્રિભુવન મંગળ પરમાનંદજી;
સકલ જીવનો ટાળ્યો દુઃખ દ્વંદજી;
જુગમાં વ્યાપ્યો, મુખ મકરંદજી ॥ ૧ ॥

શબ્દાર્થ–ત્રિભુવનને મંગળ કર્તા, પરમાનન્દ પ્રભુ શ્રીવલ્લભતનય વિઠ્ઠલનાથજી તેમના પાદારબિન્દને નમસ્કાર કરૂ છું. ૧

વિવેચન— દૈવીજનોને અસહ્ય દર્દકારો માયાવાદી ઓનો પ્રભુ વિષે રહેલો વેદ વિરૂદ્ધ દ્વૈતભાવ, તેને પોતાના શુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત વડે ખંડન કરી વેદનાં સૂત્રોથી બ્રહ્મવાદ સ્થાપન કર્યો.

ત્રિભુવનમાં મંગલરૂપ શ્રીવિઠ્ઠલેશ પ્રભુના પાદારબિંદને નમન કરતા દૈવીજીવોનું માયાવાદમાં ગુપ્તપણે રહેલાં દ્વંદ્વથી થતાં દુઃખને દૂર કર્યું.

દ્વંદ્વૈર્વિમુક્તાઃ સુખદુઃખસંજ્ઞૈર્ગચ્છન્ત્યમૂઢાઃ પદમવ્યયં તત્॥

માયાવાદ અદ્વૈતવાદિ કહેવાય છે, તથાપિ તેમાં દ્વત ભાવનું દર્શન સ્પષ્ટ થાય છે માયાવાદમાં પ્રમાણ, પ્રમેય, ફલ, સાધન, સર્વ શૂન્ય માને છે. અને વેદ પ્રમાણ તેને બ્રહ્મમાંથી માયા વડે પ્રકટ થયેલું માની પાછું તેને મિથ્યા માને છે.

આ વાત શું ઓછી ખેદજનક છે? કે વેદાદિ સર્વ અસત્ય માનવાથી, તે વેદોના વચનો પર કેવી રીતે શ્રધ્ધાપૂર્વક બ્રહ્મજ્ઞાન થઈ શકે?

બ્રહ્મવાદમાં

તો સાક્ષાત્ બ્રહ્મમાંથીજ વેદનું પ્રાકટય માનવામાં આવેછે. વેદોનારાયણ-સાક્ષાત્ એ સિદ્ધાન્તોનું તો પ્રતિપાદનજ છે.

આ શ્રીવલ્લભના બ્રહ્મજ્ઞાનવાદમાં ચતુષ્ટય પ્રમાણ જ મુખ્ય છે. પ્રથમ વેદ, દ્વિતીય શ્રીકૃષ્ણનાં વચનો, તૃતીય વ્યાસજીનાં સૂત્રો, અને ચતુર્થ વ્યાસજીની સમાધિ ભાષા રૂપ શ્રીમદ્‌ભાગવત એજ માનનીય છે.

એ ચાર પ્રમાણાનુસાર શુધ્ધાદ્વૈતજ્ઞાન થયા પછી જીવનો પદ, અક્ષર અને વાકય સર્વત્ર બ્રહ્મરૂપજ લાગે છે. અને વેદ બ્રહ્મરૂપ હોવાથી અદ્વૈતભંગ દ્વૈતની જરા પણ ગંધ આવતી નથી. માટેજ વેદનાં વચનો પર શ્રધ્ધા થતાં શુદ્ધાદ્વૈત બ્રહ્મજ્ઞાન થાય છે. (અત્ર જીવે અવિદ્યાથી માનેલો અહંતા મમતાત્મક સંસાર તેજ મિથ્યા છે.) તે વિના બીજું કંઇ મિથ્યા નથી. જગત્ જીવ અન્તર્યામી, અક્ષર ઇત્યાદિનાં નિમિત્ત અને ઉપાદાનકારણ શુદ્ધ નિર્ગુણ બ્રહ્મ શ્રીકૃષ્ણપરમાત્મા જ છે. જીવ અણુ છે, શુદ્ધ બ્રહ્મનો અંશ છે, તે વ્યાપક નથી. પરબ્રહ્મપુરૂષોત્તમ શ્રીકૃષ્ણનું ધામ અક્ષરબ્રહ્મ ગણિતાનંદ છે. સર્વોપરિ વેદાદિ શાસ્ત્રથી પ્રતિપાદિત પરમકાષ્ટાપન્નવસ્તુ શ્રીકૃષ્ણ જ છે. શ્રીકૃષ્ણની સેવા એજ અંશ જીવનો ધર્મ છે, એટલે વસ્તુતઃ સ્વધર્મ શ્રીકૃષ્ણની સેવા જ છે.

સાક્ષાત્ શ્રીકૃષ્ણોપદિષ્ટ આત્મનિવેદન એને પ્રભુ પ્રપત્તિ વિના અન્ય વિશ્વધર્મ હોઇ શકેજ નહિ. નિબંધમાં શ્રીમદાચાર્યે કહ્યું છે કે—

— અક્ષર, ક્ષરને પૂર્ણ બ્રહ્મ —

જ્ઞાન ક્રિયાસહ કૃષ્ણ સકલેશ્વર, રસમય ગોપી પ્રિય ગોપાલ;
પુષ્ટિપુરૂષોત્તમમુજસર્વસ્વ, દળ્યું વ્યાસનું ત્યાં દૃઢ વ્હાલ ૧

શ્રીકૃષ્ણનાં પ્રકટ રૂપ બે, સચ્ચિદાનંદ ને અક્ષર એક;
અક્ષરથી પર અક્ષર ધામી, એજ કૃષ્ણમાં વ્યાસની ટેક ૨

પૂર્ણાનંદ કૃષ્ણ સર્વેશ્વર, ગણિતાનંદ છે અક્ષર બ્રહ્મ;
સમ્પૂર્ણ બુદ્ધિ ભજી રાસેશ્વર, બીજે ભુજને પડે ન ગમ. ૩

ક્રીડાપાત્ર છે સકલ વિશ્વ આ, વ્રજ વ્હાલાનું લીલા રૂપ;
બ્રહ્મકાર્ય તે બ્રહ્મજાણીલ્યો, સદા સત્ય છે બ્રહ્મ સ્વરૂપ ૪

અંશ જીવ અગ્નિ તણખા સમ, સચ્ચિદાંશ અલ્પજ્ઞ સદા;
અનંતરૂપ પરબ્રહ્મ સનાતન, ન્યૂનાધિક નવ થાય કદા ૫

સચ્ચિદાંશ જીવોની મધ્યે, આનંદાંશ અનુગૃહી પુરે;
અહંતાત્મક અવિદ્યા છુટી, કૃષ્ણ વિરહ જીવ સદા ઝુરે ૬

સંસાર વ્હેરી કૃષ્ણ શ્રીવ્રજપતિ, શ્રીવલ્લભ વશવર્તી સદા
વલ્લભી વ્યાસને વલ્લભઆશ્રય, બીજે કામ નવ પડે કદા ૭

વેદ અને સર્વ શાસ્ત્ર વ્યાસ શુકદેવ વિગેરે જગત અને બ્રહ્મને સત્ય કરી રહ્યા છે. અસત્ય માનનારા માયાવાદીઓ આપત્તિના સમુદ્રમાં બુડેલાજ છે.

વેદાઃ શ્રીકૃષ્ણવાક્યાનિ વ્યાસસૂત્રાણિ ચૈવહિ ॥
સમાધિભાષાવ્યાસસ્ય પ્રમાણં તત્ ચતુષ્ટયમ—

આ પ્રમાણચતુષ્ટયને નહિ અનુસરનારા અને જગત્ તથા બ્રહ્મને અસત્ય માનનારા પાંગળા, મહાન્ આપત્તિ ભરેલા સમુદ્રમાંજ દુઃખી દુઃખી થઈ રહ્યા છે.

માયાવાદી બ્રહ્મને પ્રમેયરૂપ ગણે છે; અને શુદ્ધાદ્વૈતવાદી પણ બ્રહ્મને પ્રમેયરૂપ ગણે છે; પરંતુ માયાવાદીઓ હુંઠા બ્રહ્મને માનનારા છે—એટલે તેઓ બ્રહ્મને નિરાકાર નિર્ધર્મક નિર્વિશેષ, નિર્ગુણ વિગેરે પ્રકારે માને છે, અને બ્રહ્મના સર્વગુણ મિથ્યા માને છે. વળી બ્રહ્મને આનંદમય કહેતાં બિચારા લજ્જા ભરે છે. તેઓ આનંદમયબ્રહ્મને સગુણમાં ઉતારી, આનંદમય ઈશ્વરની પંક્તિ જુદી પાડી, બ્રહ્મને ઉપર ટપાવે છે. એટલે તેઓ માયાશબલઈશ્વરને સગુણ માની એક આસિસ્ટંટ બ્રહ્મ કરી કલ્પે છે. આવી રીતે બ્રહ્મનું દ્વંદ્વ બતાવી, અદ્વૈતવાદ માની બેઠેલા માયાવાદીઓ વિદ્યાના પણ બે ભેદ માને છે, અને બ્રહ્મમાં માયાવડે, જગત્ ભાસે છે, એમ ઘટાવે છે.

બ્રહ્મવાદમાં

અલૌકિકગુણવિશિષ્ટબ્રહ્મ - ભગવાન્ જે સગુણ છે, તેજ બ્રહ્મ લૌકિકગુણરહિત હોવાથી નિર્ગુણ છે. **આનન્દમયોભ્યાસાત્** વિગેરે સૂત્રોથી શાસ્ત્રો આનન્દમય આકારથી બ્રહ્મને સાકાર વર્ણવે છે અને તેજ બ્રહ્મ પ્રાકૃત આકાર

રહિત હોવાથી નિરાકારબ્રહ્મ **આનન્દમાત્રકરપાદમુખોદરાદિ** થઈ રહેલું છે. તેજ બ્રહ્મવાદની અદ્વૈતસિદ્ધિ છે.

બ્રહ્મવાદમાં આનન્દમય બ્રહ્મજ પ્રમેયરૂપ છે, વળી અપરાવિદ્યા કે પરાવિદ્યા; સગુણ કે નિર્ગુણ સાકાર કે—નિરાકાર, એવા બ્રહ્મના ભેદ કરી બ્રહ્મદ્વંદ્વ જરા પણ માનવામાં આવ્યુંજ નથી, શુદ્ધાદ્વૈતસિદ્ધાન્તમાં કેવળ સર્વ નિર્ગુણ દિવ્ય આનન્દમય સગુણ—સાકાર નિરાકાર બ્રહ્મ એકજ છે.

બ્રહ્મજ આ—સર્વ જગતમાં સમવાયિકારણથી ઘટમાં મૃતિકાની માફક પ્રકટ થઈ રહ્યું છે.

માયાવાદીઓ

જન્માદ્યસ્યયતઃ શાસ્ત્રયોનિત્વાત્ આ પ્રમાણે સૂત્ર, બ્રહ્મકર્તૃત્વનું મિત્ર થઈ રહેલું છે. બ્રહ્મવાદમાં ઉપર લિખિત પુર્ણાનન્દમય, અક્ષરાતિત, આધિદૈવીક, રાસરસૈક, રસમય, પુરૂષોત્તમ પરબ્રહ્મ પ્રમેય છે.

જગત્ને અસત્ય, અનીશ્વર, અને માયાથી પ્રતીત થતું માને છે, વળી અસત્યજગતનો સત્યબ્રહ્મમાં લય કરવા વારંવાર દ્વંદ્વનું દ્વંદ્વજ રાખે છે; અને વિષમતા નિર્દયતાનો દોષ બ્રહ્મમાંથી માયાનો આશ્રય કરી કાઢે છે, તેમજ **તત્ત્વમસિ** વાક્યમાં પણ સંસાર જગતનો ભેદ નહિ સમજવાથી, ભાગત્યાગ લક્ષણા કરી ગોટાળો વાળે છે.

વળી અત્યન્તનિર્ગુણ, અદ્વિતીય; અને અનિર્વચનીય; પાંગળું બ્રહ્મજ જગતરૂપે અવિદ્યાના સંબંધથી ફેરફાર રૂપ ભાસે છે. બ્રહ્મમાં માયાના સંબંધથી જગતરૂપની–જેમ રજ્જુવિષે સર્પની ભ્રાન્તિ અને છીપવિષે રૂપાની ભ્રાન્તિ થાય છે, તેમ બ્રહ્મમાં જગતની ભ્રાન્તિ થાય છે, એમ માયાવાદી કહે છે.

અને તેમના સિદ્ધાન્તમાં, જગતનું ઉપાદાનકારણ, બ્રહ્મને નહિ માનતાં, માયાને માને છે. માટેજ તે માયાવાદ કહેવાય છે.

બ્રહ્મવાદમાં તેવા દ્વંદ્વનો સ્પર્શમાત્ર નથી. કેવળ બ્રહ્મજ જગતરૂપે થયેલું છે, અને પોતેજ આ સર્વ વિસ્તાર કરે છે. તેમજ પોતે સંકેલી લેછે. છતાં તેમાં વિકાર થતો નથી.

જેમ મૃતિકામાંથી ઘડો પેદા થાય છે; અને ઘડાની અવસ્થામાં પણ મૃતિકા જ ઘડારૂપે નામ ધરાવી રહી છે. તેમ મૃતિકામાંજ તેનો લય થાય છે, છતાં વિકાર નથી. તેવી રીતે ત્રણે અવસ્થામાં બ્રહ્મ જ સર્વ રૂપે છે. તેથી માયાવાદીની માફક પાંગળી માયાનો આશ્રય કરવો પડતો નથી. જગતનું ઉપાદાનકારણ અને નિમિત્તકારણ બ્રહ્મજ છે. દૃષ્ટાન્તમાં જેમ કરોળીઓ પોતાની લાળ વડે જાળ પ્રકટ કરે છે, રક્ષણ કરે છે, અને પોતામાંજ લય કરે છે. વળી સુવર્ણનાં કુંડલ, કડાં વિગેરે થઈ રહે છે, છતાં તેમાં જેમ

વિકાર થતો નથી, વકૃતબ્રહ્મજ સર્વ અવસ્થામાં જગત્રૂપે છે. એજ પૂર્ણશુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત છે. એવી રીતે શ્રીવલ્લભવિઠલે નિરાકરણ કરવાથી દ્વંદ્વ-બે ભાવથી દૈવી-જનોને થતું દુઃખ દૂર કર્યું છે. માટે જ તેમને નામરત્નાખ્ય સ્તોત્રમાં કહે છે કે :—

અનેકમાર્ગસંક્લિષ્ટજીવસ્વાસ્થ્યપ્રદો મહાન્

અર્થાત્—શ્રીમદ્વિઠ્ઠલેશપ્રભુ, અનેક માર્ગને જોવાથી કલેશ પામતા જીવોને સ્વસ્થતા આપનારા છે.

(શ્રીવિઠ્ઠલનાથજીએ ભૂતલપર પ્રકટ થવાનો પરિશ્રમ ફક્ત દૈવીજનોને માટેજ લીધો છે, એમ આ પદની પ્રથમ કડીથી સ્પષ્ટ સમજાય છે, વળી આગળ પુષ્ટિમાર્ગને સ્થાપન કર્યો તે વર્ણવે છે.)

મૂળસુખદ વન્દુ શ્રીવલ્લભસુતના, પદામ્બુજ સુકુમાર;
નિગમરહસ્ય વિચાર કીધો, સકલજન નિસ્તાર. ૨

શબ્દાર્થ—શ્રીવલ્લભતનયશ્રીવિઠ્ઠલનાથના સુખકારી અને સુકોમળ પાદારવિન્દને નમસ્કાર કરી કહે છે કે–હે પ્રભુ! આપે દૈવીજનોને ભવદુઃખમાંથી ઉધ્ધારી લેવાને વેદવેદાંગના તત્વોનો જોઇયે તેવો વિચાર બહાર પ્રકટ કરી મુકયો છે.

"વેદનું રહસ્ય એ છે કે ભજનાનંદ રસવાળો નિરૂપાધિ ભકિત પ્રેમ તેજ પરમ તત્વ છે. એમ શ્રીકૃષ્ણ ગીતામાં અને

શ્રી વલ્લભાચાર્યજી અન્ત:કરણ પ્રબોધમાં કૃષ્ણાત્ પરં નાસ્તિ દૈવં વસ્તુતો દોષ વર્જ્યતમ્ શ્રીવિઠ્ઠલેશપ્રભુ વસ્તુત : કૃષ્ણએવ એ સૂત્રથી કહે છે માટે વૈષ્ણવ ભાવુકોએ કોઇ તડામારમાં ન પડતાં પરમ તત્વરૂપ યશોદોત્સંગ લાલિત શ્રીકૃષ્ણનેજ ભજવા સેવવા. એ વ્રજપતિ નિચે પ્રમાણે છે."

"શ્રીવ્રજપતિ વર્ણન" ધન્યાશ્રી

લોક વેદ પ્રથિત પુરૂષોત્તમ, મથુરા દ્વારાવતી રાજે;
વૃન્દાવનમાં પરમ રસાત્મક, પ્રભુ ભક્ત મંડલ ભ્રાજે ૧

ધર્મી રસ રૂપ વણવિકાર વપુ, યમુના તટ શિર મુકુટ ધરે;
પ્રેમલક્ષણા ભક્તિ રસ દ્રવ, કાલિંદીમાં કેલી કરે. ૨

ભક્તિ પ્રેમ નિમગ્ન પ્રેમીનું, જીવન શુધ્ધ શ્રીપ્રભુ ભર્યું
નિર્વિકાર નિર્લેપ વ્રજેશને, નિમિષે નિમિષે રહે વર્યું ૩

પ્રેમ રસિકને રૂપ મધુરતા, મનહર અંગો અંગવરી,
અધર વદન કર નયન માધુરી, પાદ પદમ મધુરાઇ ઠરી ૪

ગુંજા તીલક વેણુ દ્રગ માલા, નૃત્ય ગમનની જે મધુરાઇ;
વિવિધ ક્રિડન શ્રીકૃષ્ણરૂપનું, રસિક હૃદયે રહ્યું સમાઈ ૫

ગોપીજનનો ગૂઢ ભાવ તે; શ્યામ સુંદર રસપૂર્ણ પ્રત્યક્ષ;
વલ્લભી સદા સેવી સુખલુંટે, વારે સર્વસ્વ એજ સમક્ષ ૬

તનુ જાથી ઇન્દ્રિ મન વશ થઇ, વિત્તજા કરતી દૂર અનર્થ;
કૃષ્ણ સેવા રસ સ્વાદુ બનતાં, રહ્યુરે માનસી મહાસમર્થ ૭

વ્રજ સુ રીનો ભાવ એજ બી, કૃષ્ણ કલ્પકુમ કુલનું ફળ;
કૃષ્ણકમલ મુખ વ્યાસનેવ્હાલું, જોવા આતુરમન પલપલ ૮

આ રસાત્મક રૂપની લીલા ગુપ્ત થવાનું કારણ જે થયું છે તેનું કિંચિત્ સ્વરૂપ નિચે દોર્યું છે.

જ્યારે વેદના જ્ઞાનકાંડ કર્મકાંડ અને ભક્તિકાંડ ના અર્થના અનર્થ થયા અને શંકરાચાર્ય મતના લોકો પોતાને જ પરમેશ્વર કરીને માનવા લાગ્યા ત્યારે રામાનુજ, મધ્વ, અને નિંબાર્ક એ ત્રણે આચાર્યો ને એ વાત વિરૂધ્ધ લાગી, તેથી તેઓએ એ મતને જ્ઞાનકાંડ વિરૂધ્ધ સ્થાપન કર્યો છે જેથી કોઇપ્રકારે આ લોકો ભગવાનની ભક્તિ કરવામાં પ્રવૃત્તથાય એ વાત ઉપર તેઓએ લક્ષ આપી, વૈષ્ણવા ચાર્યોએ અલૌકિક સાકારસ્વરૂપ ભગવાનનું છે એવું સ્થાપન કરીને નિરાકાર શુન્યરૂપ પરબ્રહ્મનું સ્વરૂપ છે એવું જે શાંકર મતના લોકો માનતા હતા તે મતને તોડયો. અને અન્ય અવતારોથી ભગવાનની ભક્તિ શ્રેષ્ટ છે એવું સ્થાપન કરીને ભગવાનની ભક્તિમાં પ્રવૃત્ત કર્યા.

ત્યાર પછી શ્રીવલ્લભાચાર્યજી પ્રકટ થયા તેમને પૂર્ણબ્રહ્મ પુરૂષોત્તમે પોતેજ પોતાનું શુધ્ધસ્વરૂપ કેવું છે તે વેદ શાસ્ત્રથી સિધ્ધ કરી બતાવવા શ્રીવલ્લભને આજ્ઞા કરી,

જેથી શ્રીવલ્લભાચાર્યે વ્યાસસૂત્રમાં કીધા પ્રમાણે પોતે ભાષ્ય કર્યું અને શાસ્ત્રાર્થ શું છે તે બતાવવા સારૂં **શાસ્ત્રાર્થ પ્રકરણ નિબંધ** કર્યો–અને જીવ માયા કર્મ ઈશ્વર અને જગત એનું સત્યસ્વરૂપ દર્શાવા સારૂં **સર્વ નિર્ણય નિબંધ** પ્રકટ કર્યો–અને વ્યાસજીએ ભાગવતમાં વેદાર્થ શું કર્યો છે? તે ઉપર પ્રથમ સ્કંધથી દ્વાદશ સ્કંધ સુધી **"ભાગવતાર્થ નિબંધ"** કર્યો તેમાં સ્થાપન કર્યું કે આ જગતમાં જડજીવ અને અંતર્યામી એ ત્રણે બ્રહ્મના અંશથી પ્રકટ થયા છે માટે જગત સાથે બ્રહ્મનું શુધ્ધ રીતે અદ્વૈત સિધ્ધ છે. પોતે ભગવાને અંશે કરીને આ જગદાત્મક પોતાને રમણ કરવા સારૂં ઈચ્છાથી પ્રકટ કર્યું છે અર્થાત પોતે એક છતાં બહુરૂપ થઈ રમણ કરવાની ઈચ્છાથી પોતે આ સર્વ રૂપ થયા છે.

માટે જે લોક બીજાનો અપરાધ કરે છે તે તેને પોતાનેજ નડે છે માટે વિચાર કરીને જગતમાં જીવો સાથે વર્તવું ઘટે છે.

જગતના કર્તા ઈશ્વર છે માયા નથી માયા પ્રભુના સામર્થ્યનું નામ છે. તે ઈશ્વર પોતાના સામર્થ્ય વડે આ જગત રચે છે. અનંત દેવતા તથા રામાદિક અવતારો તે પરમેશ્વરના અંશ છે માટે મૂળ રૂપ પરમેશ્વર ને ભજવા તે પ્રભુ અલૌકિક સાકાર સ્વરૂપ છે તે શુન્યની પેઠે નિરાકાર નથી કેવળ આનંદનુ સ્વરૂપ છે એ રીતે સ્થાપન કર્યું અને સ્વરૂપાત્મક વેદ શ્રુતિ સ્વરૂપ તે અક્ષર

ધામમાં રહે છે તેણે જે ભકિત કરી તેજ ભકિતનો ઉપદેશ કર્યો તેજ ઉપદેશ પોતાના સેવકો અને વંશ ને કર્યો છે. વેદના ત્રણે કાંડમાં ભગવાનને પામવાનો ઉપાય તે પોતાના માર્ગમાં ચલાવ્યો છે. વેદ સ્મૃતિયોમાં કહ્યા પ્રમાણે આચાર વિચાર વિવેક એ પ્રમાણે આચાર્યશ્રીએ પોતાનું સર્વ કાર્ય સમ્પૂર્ણ કર્યું છે. જરૂર

નિગમ રહસ્યવિચાર કીધો સકળ જન વિસ્તાર ૨

એમ આ બીજી કડીમાં કહે છે તે સર્વ વેદનો સાર છે. પરંતુ, બ્રહ્મથી છુટા પડેલા જીવને શ્રીગુરૂથી જ્ઞાન અને ગુરૂકૃપાવિના શુધ્ધ બ્રહ્મનું જ્ઞાન થતું નથી.

— **ગુરૂ કૃપાની જીત** —

જીવ બ્રહ્મના અંશ ભૂત તે, છુટા પડીને ભુલ્યા ભાન;
શ્રુતિ વેદ ઉપનિષદ જોતાં, ગુરૂકૃપા વિણ થાય ન જ્ઞાન ૧
બ્રહ્મરૂપ આનંદ આકારે, રસ એ રસોવૈસહ રૂપ;
રસની વસ્તુ રસીલી રસમય, જોતા ભકતો તે તદ્ રૂપ ૨
આનંદ માત્ર કર પાદ મુખ શિર, આનંદમય રમવાનું ધામ;
આનંદ છકયાં ત્યાં અનંત વૃંદ છે, સૌના શિર મણિપૂરણ કામ ૩
આનંદમય ત્યાં સાજ સાજંદા, આનંદમય છે રાગને ભોગ,
કર્મઠ જ્ઞાની નિરાનંદીનો આનંદ ભૂવમાં નથી સંજોગ ૪
જીવ પોતાનું સ્વરૂપ સમજવા, પ્રયત્ન શીલ સદા જો થાય;
સાચી ચોટકો સમયે લાગે, ત્યારે પરમ પદે પળાય ૫

દિવસ રાત આનંદ રૂપની, અંતર પ્રકટે વિરહી આગ;
વિશ્વ સકલમાં ઝંખ્યો જલપે, પ્રપંચનો હૈયે નવ લાગ ૬
ગુરૂ કૃપા ત્યાં સર્વે સુર્લભ, મહા પાપી પણ પાવન થાય;
વ્યાસ વદે માતરનો વાશી, અંતર પરમાનંદ વર્તાય. ૭

વેદોનારાયણ: સાક્ષાત્

વેદ તે સાક્ષાત્ ભગવાનનું રૂપ છે અને ભગવાન તે સર્વનું મૂળરૂપછે–જગત્ તે તેમનું અંશ સ્વરૂપછે માટે મૂળ સ્વરૂપની આજ્ઞા પ્રમાણે ચાલતા શ્રીવિઠ્ઠલેશપ્રભુએ કહ્યું છે. જગત્ વિષે ભગવદ ભાવ રાખવાથી ભગવાનનાં દર્શન થાયછે

વેદ ભાગવત ગીતા વિગેરેમાં પ્રભુનો કૃપા માર્ગ છે. અને ભક્તિમાર્ગ છે એમ બે પ્રકાર છે તેમજ આ લોકમાં દૈવીસૃષ્ટિ ને આસુરીસૃષ્ટિ એ બે તરહેની સૃષ્ટિ ગીતામાં ભગવાને વરણી છે તેનું યથાર્થ સ્વરૂપ શ્રીવલ્લભાચાર્યના પુષ્ટિ પ્રવાહ મર્યાદા નામના ગ્રંથમા વર્ણવેલું છે. ત્યાં દૈવી આસુરીના ભેદ કૃપા અને ભક્તિના ભેદ સમજાશે.

(શ્રીવલ્લભાચાર્યજી જગદીશપુરી પધાર્યા ત્યારે ત્યાંના ભોજરાજાને એવા પ્રશ્નો ઉદ્ભવ્યા હતા કે:—)

૧—પરમાર્થના સાધનરૂપ મુખ્ય શાસ્ત્ર કોણ છે?

૨—જેને પરબ્રહ્મત્વ લાગુ પડે છે એવો સેવવા યોગ્ય દેવ કોણ છે?

૩—સંસારનું પુનરાવર્તન ટાળી નાંખનાર મંત્રકોયો છે?

૪—અને મુખ્ય કર્મ કયુ છે?

ભોજદેવ રાજા, ઉપરના ચારે પ્રશ્ન ત્યાંના શ્રૌત અને સ્માર્ત બન્ને મતના પંડિતોની સભા કરી પુછી રહ્યા હતા. તે વખતે તેઓ શ્રૌત–સ્માર્તબુદ્ધિની અનુસાર મન ગમતું કહેતા, અને પરસ્પર એક બીજાનું ખંડન કરતાં કલેશનો પ્રાદુર્ભાવ પ્રત્યક્ષ થઇ રહ્યો હતો; અને રાજાના મનનું સમાધાન જરા પણ થયું ન હતું. એટલામાં રાજાએ શ્રીમદ્વલ્લભાચાર્ય પોતાના નગરમાં પધાર્યાની વધામણી સાંભળી અને તેમનો પ્રભાવ પણ સાંભળ્યો. એટલે રાજા તુરત પોતાની સભામાં પધરાવી લાવવા અત્યાગ્રહથી નીકળી શ્રીવલ્લભપ્રભુના મુકામે આવ્યો અને સાષ્ટાંગદંડવત્ પ્રણામ કરી પોતાને ત્યાંનો સર્વ હેવાલ કહી સંભળાવ્યો. એ સાંભળી શ્રીવલ્લભપ્રભુએ આજ્ઞા કરી કે:— અમો તમારા પ્રશ્નચતુષ્ટયનું વેદશાસ્ત્રપ્રમાણોથી નિરાકરણ કરીશું. એવાં સુખદ વચનામૃત સાંભળી રાજા પ્રસન્ન થઇ પોતાના સભામંડપમાં શ્રીવલ્લભાચાર્યને સવિનય બોલાવી ગયો; અને સર્વથી શ્રેષ્ટ સિંહાસન ઉપર પધરાવ્યા. ત્યારબાદ શ્રીવલ્લભાચાર્યે સર્વપંડિતો સાથે થોડો ઘણો વાર્તાવિનોદ કરી તપાસી લીધું કે આ સભામાં પ્રૌઢ પંડિત તો છે તથાપિ તેઓ સર્વ નિરર્થક જીકરમાં ભરાયલા જોઈ વલ્લભે કહ્યું કે, કાંતો યથાર્થ વાદ કરો અને રાજાના મનનું સમાધાન કરો?

અને તેમ નહિ તો શ્રીજગન્નાથજી પ્રશ્નોના પ્રત્યુત્તર લખી આપશે તે અમારે સર્વને પ્રમાણ છે.

ઉપર પ્રમાણે સર્વનો મત શ્રીજગન્નાથ લખી આપે તે પ્રમાણ છે; એમ જાણી તુરત દ્વાતકલમ અને કાગળ મંગાવી, શ્રીજગન્નાથજીના સન્મુખ રાજા પાસે નિજ મન્દિરમાં પત્ર વિગેરે મુકાવી, કમાડ બંધ કરાવ્યા. આ સર્વ વિધાન રાજા પોતે કરી થોડી વખત બહાર બેશી, શ્રીવલ્લભની આજ્ઞા થતાં કમાડ ખોલાવી, રાજાએ સભામાં તે પત્ર લાવી સર્વને વાંચી સંભળાવ્યો. એ પત્રમાં શ્રીજગન્નાથજી એ નિચે પ્રમાણે શ્લોક લખ્યો હતો.

॥ શ્રીજગન્નાથપ્રભુવિરચિતશ્લોકઃ ॥

એકં શાસ્ત્રં દેવકીપુત્રગીતં એકો દેવો દેવકી પુત્ર એવ ॥
મંત્રોપ્યેકસ્તસ્ય નામાનિ યાનિ કર્માપ્યેકં તસ્ય દેવસ્ય સેવા॥૧॥

અર્થાત્—દેવકીપુત્ર શ્રીકૃષ્ણનાં વચનામૃતરૂપી ગીતા, એજ શાસ્ત્ર. ૧ શ્રીકૃષ્ણ એજ દેવ. ૨ શ્રીકૃષ્ણનું નામસ્મરણ, એજ મંત્ર. ૩ અને શ્રીકૃષ્ણની સેવા, એજ મુખ્ય કર્મ. ૪ આ ચાર ઉત્તર સાંભળી સર્વને સંતોષ થયો, તથાપિ અનીશ્વરવાદી બહિર્મુખ કોઇ એક વર્ણશંકર બ્રાહ્મણ તેને ઉપર પ્રમાણ નહિ રૂચવાથી શંકા કરી સભામાં બોલ્યો કે શ્રીજગન્નાથજીને હસ્ત નથી તો શી રીતે લખ્યું?

એ પ્રમાણે દુષ્ટબ્રાહ્મણનું વચન સાંભળી શ્રીમદ્વલ્લભાચાર્ય બોલ્યા કે; જ્યારે શ્રીજગન્નાથને શ્રીહસ્ત નથી, તો ભોગસામગ્રી શી

રીતે આરોગે છે? માટે શંકાનો પ્રત્યુત્તર પણ શ્રીજગન્નાથજીજ આપશે. જેથી પૂર્વવત્ દ્વાતકલમ અને કાગળ નિજ મન્દિરમાં મુકો!?

શ્રીવલ્લભપ્રભુનું વચન સાંભળી રાજાએ તુરત તે પ્રમાણે કર્યું, અને થોડીવાર થયે પત્ર બહાર લાવી સભામાં વાંચવા માંડયો.

શ્લોકઃ

યઃ પુમાન્ પિતરં દ્વેષ્ટિ તં વિદ્યાદન્યરેતસમ્
યઃ પુમાન્ ભગવદ્દ્વેષી તં વિદ્યાદન્યરેતસમ્ ॥ ૨ ॥

અર્થાત્—જે જન પિતાનો દ્વેષ કરે તે જારના વિર્યથી ઉત્પન્ન થયેલો છે એમ જાણવું; તેમજ ભગવાનનો દ્વેષ કરે તે પણ જારથી જન્મેલો જાણવો.

ઉપર પ્રમાણે શ્રીવલ્લભાચાર્યનો ઉગ્રપ્રતાપ જોઈ સર્વ સભાજનો આશ્ચર્યચકિત થઈ ગયા, અને કહેવા લાગ્યા કે:— દૈવીજીવોના હૃદયની ભ્રમરૂપી ગ્રંથીઓ ભેદવા સાક્ષાત્ ભગવાનેજ પ્રકટ થઈ દર્શન આપ્યાં છે; એવો વિશુદ્ધ ખ્યાલ કરવા લાગ્યા. અને નિન્દા કરનારો બ્રાહ્મણ બિચારો શર્મિન્દો થઈ; નીચુ ઘાલી ગયો. અને રાજાએ જાર વિર્યથી કેવી રીતે એ બ્રાહ્મણની ઉત્પત્તિ થઈ તેની શોધ કરી ખાત્રી કીધી; અને તેનો જ્ઞાતિબહિષ્કાર કર્યો.

એ પ્રમાણે રાજા ભોજદેવના પ્રશ્નચતુષ્ટયનું શ્રીવલ્લભાચાર્ય નિરાકારણ કરી; પોતાને મુકામે પધાર્યા. આ ચાર સિદ્ધાન્તોનો પ્રચાર કરવા શ્રીમદ્વિઠ્ઠલેશપ્રભુ પ્રકટ થયા છે. અર્થાત્ વેદવિરૂધ્ધદ્વૈતભાવથી થતા દૈવીજનોના દુઃખને શ્રીમદ્વલ્લભાચાર્યતનુજ શ્રીવિઠ્ઠલનાથે પોતાના શુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત વડે દૂર કર્યું છે. ૨

(તે શ્રીવિઠ્ઠલપ્રભુના મંગલકારી ચરણકમલનું વન્દન વેદની શ્રુતિઓ કરે છે. અને તેમની ચરણ રજને શોધે છે. કારણ? શ્રીવલ્લભવિઠલની કૃપાથીજ કૃપામાર્ગનું ફલ ભોગવવા જીવને અધિકાર પ્રાપ્ત થાય છે.)

મૂ૦—બ્રહ્મકુલ હરિ અવતર્યા તે, ટાળવા ભૂમિભાર;
શ્રીનાથ વિઠ્ઠલ નામનિરુપમ, વૃન્દાવન શૃંગાર. ૩
એકરસના કેમકહું, ગુણ પ્રકટ વિવિધપ્રકાર;
નિત્યલીલા, નિત્યનૌતન, શ્રુતિ ન પામે પાર. ૪
સકલ શાસ્ત્ર પ્રમાણ બોલે, સાર માંહે સાર;
તત્વમાં એ તત્વ ત્રિભુવન, ભક્તનો આધાર. ૫

શબ્દાર્થ—શ્રીવૃન્દાવનના શૃંગાર શ્રીગોવર્ધનોદ્ધરણના સ્વરૂપનું નિરૂપણ કરવા, અને પાખંડ ધર્મથી ભારે મરતી ભૂતલને આશ્વાસન આપવા, શ્રીવિઠ્ઠલપ્રભુ ઉત્તમ બ્રાહ્મણના કુલમાં પ્રકટ થયા છે. ૩

એ વિઠ્ઠલેશપ્રભુના પ્રકટગુણો અને વિવિધ પ્રકારની નિત્યનવિનલીલાઓનું વર્ણન કરતાં શ્રુતિઓ પણ પાર પામતી નથી. તો હું દીન જીવ, એક જીભથી શું વર્ણવી શકુ? ૪

વળી તે પ્રભુને, સર્વ શાસ્ત્રો, અને વેદો, ત્રિભુવનમાં પરમતત્વરૂપે અને ભકતોના આધારરૂપ; એમ કહે છે.

વિવેચન—'શ્રીવિઠ્ઠલ, શબ્દની વ્યાખ્યા પ્રથમાખ્યાનમાં કરી ગયા છીએ; ત્યાં વિઠ્ઠલનામનો પાઠ કરતાં લક્ષ ફેંકયું. બાદ અજ્ઞાનરૂપી અન્ધકાર દૂર કરી, દૈવીજનોને પરમાનન્દરસનું પાન કરાવા, અને ભૂતલનો ભાર હરવા; સાક્ષાત્ રાસરસૈકલુબ્ધ; વૃન્દાવનના ચન્દ્ર શ્રીકૃષ્ણ, નિઃસાધન જીવોના ઉદ્ધારાર્થે પોતાની શ્રીસ્વામિન્યાદિક લીલાસામગ્રી સાથે, શ્રીવિઠ્ઠલસ્વરૂપે બ્રાહ્મણના કુલમાં પ્રકટ થયા છે.' ૩

— શ્રીવિઠ્ઠલેશનું સર્વાંગ રસરૂપ મધુરોત્તમ છે —

ગો પાલક ગોપાવૃત ગિરિધર, ગુણ નિધાન હે ગોકુલ ઈશ;
સ્વાર્ત જનાશ્રય મંગલ કારી, નમો શ્રી પુષ્ટિ માર્ગ અધિશ ૧
મિષ્ટાલાપ સ્મિતાનન મધુરૂ, માયા મત ખંડક સતરૂપ;
શ્રીકૃષ્ણાસ્ય સ્વજન ઉર શોધક, હે અનંત હે અખંડ અનુપ ૨
ગોકુલ મંડન હે તાપાત્મા, અલૈાકિક વન્હિ હે નિર્પેક્ષ;
વિવિધ ભાવ રસાવૃત મૂર્તી, બાલ કૃષ્ણ સેવા આપેક્ષ ૩
દયાલ ઉદાર અદય આનંદઘન, ભકિત પ્રવર્ત્તક ફલ રૂપાય;
લાડીલેશ પ્રિય રતિપથ કેતુ, સ્વભકત તાણી કરતા રક્ષાય ૪

લસો કૃપા પૂર્ણાંય ભાવદા, અશરણ શરણ હે અતિસ્વતંત્ર;
જીતાત્મા હે સર્વ શકિતધર, સ્વજનો બાંધ્યા પ્રમેય મંત્ર ૫
મોહન મદનાધિક સુંદર વર, વિરજા રૂપ પ્રકાશક રાજ;
ટાળો તાપ અમાપ ભકતના, અખંડ બિરાજો મમ શિરતાજ ૬
રાસાદિ રસ મહા ઉદધિમાં, અંતરંગ ક્રીલતા કરતા;
વલ્લભી વ્યાસને જાણી આપનો, અમિરસ ખાસ રહો ભરતા ૭

શ્રીવિઠ્ઠલેશનું ચારિત્ર સર્વ દિવ્ય છે. જન્મકર્મ ચ મે દિવ્યં જેવું છે.

મૂળ સર્વ અંગોઅંગ રસભર્યા, રસભર્યા લોચન ચાર;
ચલણ વલણે બોધવ્યા, હૃદે ભાવ અનેક પ્રકાર. ૬
મુખ સુગંધે મોહ્યા અલિ સકલ તે, આવી કરેરે ગુંજાર;
સરસ વચન ઉચ્ચાર માત્રે સંશયનો પરિહાર. ૭

શબ્દાર્થ શ્રીવિઠ્ઠલનાથના સર્વાંગમાં મધુરરસ ભરેલો છે. અને તેમનાં મનોહર, રસભર્યા નેત્રોનાથી હૃદયમાં રહેલો કૃપારસ, રૂપભાવ નેત્રની હલન ચલનદ્વારા ઘણોજ દર્શી રહ્યોછે. ૬

તેમજ તેમના મુખારવિંદની લાવણ્યતા એવી મધુર છે કે જેની સુગંધનું પાન કરવા ભ્રમરો પણ મોહ પામી ગુંજાર કરતા આવી રહ્યા છે. વળી શ્રીમુખમાંથી નીકળતી વાક્સુધા તેનું ફકત પાન કરતાંજ સકલ શંકાઓ દૂર થઈ જાય છે. ૭

વિવેચન—શ્રીવિઠ્ઠલેશજીના સર્વાંગમાં રહેલો **રસો વૈ સ:** શ્રુતિમાં વર્ણવેલો રસકેવળ પરમાનન્દરૂપ છે. તે રસ તેમના હૃદયસંપૂટમાં એકત્ર થઇને તદ્ નેત્રદ્વારા વિવિધ પ્રકારે પ્રકટ થઈ રહ્યો છે, તેને ભકતજનો સ્વિકારી રહ્યા છે. એ શ્રીવિઠ્ઠલનાથના એક એક અંગમાં એકેક રસ છે એમ નથી, પરન્તુ પ્રત્યેક અંગમાં સર્વરસ છે, તથાપિ જે જે પ્રકારના અધિકારી જીવો તેને તે તે પ્રકારનો રસ દર્શી રહ્યો છે.

ગૌરશ્યામ વિરાજતે

તેમના નયન કમલમાં શ્યામરંગ શૃંગારરસને પ્રકટ કરે છે. શ્વેતરંગ શાન્તરસ પ્રકટ કરે છે. રકતરંગ રૌદ્રરસ પ્રકટ કરે છે. અને સુવર્ણરંગ ભયાનક તથા વિરરસાદિ પ્રકટ કરે છે તે સર્વત્રરસ ભકતોના રક્ષણનું કારણ અને નિર્ભયતા બતાવી રહ્યા છે.

વળી શ્રીવિઠ્ઠલનાથજીના શ્રીમુખનું સુધાપાન કરવા ભકતરૂપી ભ્રમરો ત્યાં આગળ આવીને પાન કરી મોહ પામી રહ્યા છે. અને શ્રીમુખમાંથી વાણિદ્વારા ઝરતો અમૃતરસ તેમાં તરબોળ થઈ ગયા છે.

વિશેષમાં જાણવાનું કે સર્વત્ર જીવો વેદવેદાંગના પારાંગત ન હોય તે વાસ્તવિક છે. એટલે શંકાના ચરખે ચડી તિવસંકટ ભોગવે તેમાં નવાઇ નથી, તથાપિ દૈવીજીવોનુ શંકારૂપી સંકટ ભાગવા શ્રીવિઠ્ઠલેશજી પોતે વેદવેદાંગના અનેક પ્રમાણ સાથે મધુર વચનામૃત વર્ષાવી રહ્યા છે; તેનું કોઇ

પણ જીવ કર્ણપૂટે પાન કરે તો, શંકારૂપી ચકડોળે ચડેલા અસ્થિરચિત્તને સ્થિર કરી, કર્તવ્યનું ભાન કરી શકે છે.

(હવે તે પ્રભુના સમિપ જવાનો સહેલો રસ્તો શ્રીગોપાલદાસજી કાવ્યમાં કવિ બતાવે છે.)

મૂ૦ નામવ્યાજે પ્રકટ કીધો, મુકિત શત્રુકાર;
ભુજદંડ સ્પર્શે ભયહર્યા, એવા નાથ અમિત ઉદાર.

શબ્દાર્થ—શ્રીવિઠલપ્રભુમાં એવી ઉદારતા છે કેઃ— એમનું નામસ્મરણ કરતાંજ જીવને અજ્ઞાનથી થતો ભય નાશ પામે છે. અને ભગવત્પ્રાપ્તિ કહેા કે મુકિતનેા શત્રુ જે અજ્ઞાન, તેને નામ નિવેદન રૂપ બોધશસ્ત્રે કરી તેનું મૂળ ઉખેડી નાંખે છે. તેમજ સેવકના મસ્તકપર પોતાનેા આશિર્વાદરૂપ શ્રીહસ્તકમલરૂપી દંડ ધરી સર્વનું કલ્યાણ કર્તા છે. ૮

વિવેચન—જીવ એ પ્રભુનેા અંશ છે અને તેને પ્રભુની સેવા કરવી એ મુખ્ય ધર્મ છે, તથાપિ પોતાના અનિત્ય દેહપર મમતા જોડી, તેની જ સારવાર કરતાં પોતાનું સ્વરૂપ શું છે, તેનું ભાન ભુલી ગયેા છે, એટલે શરીરને મુખ્ય તત્વ માને છે અને સ્ત્રી પુરૂષના યેાગથીજ સૃષ્ટિનેા કાર્યક્રમ સમજવા લાગ્યેા છે. આવા જીવને શ્રીવિઠ્ઠલપ્રભુ અનિત્ય દેહમાંથી મમતા છેાડાવી જીવ સાક્ષાત્ પ્રભુનેા અંશ છે તેથી બ્રહ્મરૂપ જ છે, એમ સ્પષ્ટ સમજાવી, પ્રભુના નામનું મહાત્મ્ય બતાવી આખ્યું. શ્રીપ્રભુ કહે છે કેઃ—

યે ભજન્તિ તુ માં ભક્તયા.

જે મારૂં ભજન કરે છે તે મારા છે અને હું તેમનો છું. વિશેષમાં પ્રભુના નામસ્મરણમાં સર્વત્ર તત્વ સમાયલું છે તેવું જ્યાં ત્યાં ઉપલબ્ધ છે. તેમ કીર્તનકારો પણ કહે છે.

રાગ નટ.

કૃષ્ણનામકી ઓટ બડી હૈ; કૃષ્ણનામકી ઓટ;
શરણ ગયે પ્રભુ છાંડ દેત નહિ, કરત કૃપા કે કોટ .બડીહૈ.૧
બેઠત સબે સભા હરિજુકી, કોન બડો કોન છોટ;
સુરદાસ પારસકે પરસે, મિટત લોહકે કોટ...બડી હૈ. ૨

બીહાગ

હૈ હરિ ભજનકો પરવાન;
નિચ પાવે ઉંચ પદવી, બાજતે નિશાન. ૧
ભજન કો પ્રતાપ ઐસો, જલ તરે પાષાન;
અજામિલ અરૂ ગીધ ગનિકા, ચઢી જાત વિમાન. ૨
ચલત તારે સકલ મંડલ, ચલત શશી ઔર ભાન;
ભકત ધ્રુવ કે અચલ પદવી, રામ કે દીવાન. ૩
નિગમ જાકો સુયશ ગાવત, સુનત સંત સુજાન;
સુર હરિ કો નામ સુમરત, રાખીયો ભગવાન. ૪

(ઉપર પ્રમાણે ભકતોને અભયપદ આપી લૌકિક આસક્તિ છોડાવી પોતાના સ્વરૂપનું ભાન કરાવ્યું તેનું વિશેષ વર્ણન શ્રીગોપાલદાસજી કવે છે.)

મૂ૦ સ્વ સ્વરુપ અર્થે પ્રોજ્યા, કૃત હુતા જે સંસાર;
રાજ કાજે જોડીયા, જન ઉચ્ચાવચ નરનાર. ૯

શબ્દાર્થ–શ્રીવિઠ્ઠલનાથજીએ હું અને મારા પણાના અભિમાનથી સંસારમાં સડતા જીવોને પોતાના સ્વરૂપનું ભાન કરાવી, પ્રભુની સેવા કરવાની અભિલાષવાળા કર્યા. અને બીજા ઉંચ નિચ સામાન્ય જીવોને પોત પોતાના કાર્યમાં જોડ્યા.

વિવેચન :–જીવનું સ્વરૂપ અને પ્રભુનું સ્વરૂપ શુ છે? તે દરેક વ્યક્તિને જાણવાની જરૂર છે. જીવ પરમાત્માનો અંશ છે. એ આત્મા અનિત્ય દેહની પેઠે વિવિધ રૂપે ઉત્પન્ન થતો નથી. પરન્તુ જેમ અગ્નિમાંથી તણખા વિખુટા પડે છે, તેમ પરમાત્માથી પ્રભુ ઇચ્છાનુસાર આત્મા-જીવ વિખુટો પડે છે. એટલે જેમ પ્રભુ નિત્ય છે; તેમ જીવ પણ નિત્ય છે. તેને જન્મ, જરા, કે મરણ કંઇ જ નથી. તેને નામ, રૂપ કે ગુણો સાથે કંઇ જ સંબંધ નથી. અનિત્ય શરીર નાશ પામે છે, દુઃખી થાય છે, તથાપિ તેમાંનું કોઇપણ કષ્ટ જીવને નથી. તેમ ગીતા શાસ્ત્ર પણ કહે છે.– **ન હન્યતે હન્યમાને શરીરે** શરીર હણી શકાય છે. પણ જીવ હણી શકાતો નથી. ભગવાન્ પોતેજ રમવાની ઇચ્છા થતાં, પોતાનામાંથી પૂર્ણાનન્દ સંકેલી લઈ સદંશચિદંશવાળું જીવ સ્વરૂપ ધારણ કરી જગત્રૂપે થાય છે. આ દેખીતું જગત્ બ્રહ્મની ક્રીડાજ સમજવી.

ઉપર પ્રમાણે જીવના સ્વરૂપનું ભાન કરાવી, અનિત્ય દેહ પરથી મમતા મુકાવી, શ્રીવિઠ્ઠલેશે કેટલાક જીવને પ્રભુના દાસ બનાવ્યા. અને કેટલાક રાજ્યકારોબારીઓએ, રાજાઓ કે જે ધનના મદ વડે અન્ધ બનેલા તથાપિ સદ્બોધ વડે સ્વરૂપનું ભાન થવાથી પ્રપંચની વિસ્મૃતિ થઈ રાજ્યવૈભવ સાથે પ્રભુસેવાનું અપરમિતસુખ લેતા કર્યા. એવા લૌકિકમાં નિમગ્ન કેવળ સંસારાસક્તિવાળા જીવોને પોતાના કૃપાકટાક્ષ વડે પ્રભુના શ્રીઅંગની સેવા અર્પણ કરી. એજ પુષ્ટિ-માર્ગની ઉત્તમતા. (ગૃહસ્થના ઉદ્ધારનો માર્ગ બાહ્યિક દૃષ્ટિએ જોઇએ તો પુષ્ટિમાર્ગજ છે.) કે જે માર્ગમાં મોહ-ભર્યા પ્રત્યેક વિષયો ખાવું, પીવું સુંઘવું, ઓઢવું, પહેરવું, દેશાટણ; દ્રવ્યસંચયાદિ અને રાગ ભોગાદિક તમામ પ્રભુને વિનિયોગ કરવામાં આવે છે. તેથી ગૃહસ્થની મમતા વૈભવ ઉપરથી કમી થાય છે.

ઉપર કહ્યા પ્રમાણે શુદ્ધ અન્તઃકરણથી વૈભવવાળી સેવા, કરનાર જીવની; મિથ્યા ક્રિયા, મિથ્યા ધ્યાન, મિથ્યા ભાષણ, અને મિથ્યાવિલાસ વિગેરે દૂર થયા શિવાય રહેતું જ નથી, તે આ વિવેચનથી સ્પષ્ટ સમજાય છે. તથાપી મૂઢ જીવો, પોતાનું કે સેવ્ય પ્રભુનું સ્વરૂપ જાણતા નથી– તોપણ લોકવેદ પ્રસિદ્ધ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ પૂર્ણતત્વ હોવાથી, અને તેજ શ્રીવલ્લભવિઠ્ઠલરૂપે પ્રકટ થવાથી, પોતાની અદ્ભુત શક્તિવડે ઉપર પ્રમાણે નિઃસાધનજીવોને ઉદ્ધારી લેછે તેવી અદ્ભુતશક્તિ અંશાવતારમાં હોતી નથી. કેવળ

પૂર્ણપુરૂષોત્તમજ કોઇનાથીનથઈ શકેતેવું કામપોતે કરી શકે છે.

(એ રીતે શ્રીવિઠ્ઠલપ્રભુનું પૂર્ણત્વ; અને જીવોને પોત-પોતાના સ્વરૂપમાં ચેાજના કરી તે દર્શાવી, આગળ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ સ્વરૂપે પ્રકટ થયા હતા. તેજ પ્રભુ શ્રીવલ્લભવિઠ્ઠલ રૂપે પ્રકટ થયા છે; તેમ ઘણી સરલતાથી શ્રીગોપાલદાસજી આગળ કહે છે.)

મુ०આગળ અંશે પ્રકટીયા, જે ગ્રન્થ કહ્યા બહુવાર;
શ્રીયશોદા ઉત્સંગ લાલિત પૂર્ણ અતિ સુકુમાર. ૧૦

અનેક ધર્મ કહ્યા પ્રભુજીયે, નિગમને અનુસાર;
ગિરિરાજધરનો તાપ ટાળ્યેા, શ્રીલક્ષ્મણસુત નિરધાર૧૧

પોતે તે પ્રકટ પોતા તણેા, રસ તણેા કર્યોરે ઉચ્ચાર:
પોતેતે અંગેા અંગ સુખદ શેાભા, સદન અંગીકાર. ૧૨

શબ્દાર્થ—પ્રથમ પરબ્રહ્મપુરૂષોત્તમ અંશાવતારથી ઘણી વખત પ્રકટ થયાછે. તેજ પ્રભુ પરિપુર્ણતાએ શ્રીય-શોદાના ઉત્સંગે, સુકોમલ વપુ સ્વિકારી પ્રકટ થયા છે. અને ત્યાંજ વિવિધ પ્રકારની રમતો, ભકતજનના હિતને માટે રમ્યા છે. ૧૦

વળી તે પ્રભુ શ્રીવિઠ્ઠલસ્વરૂપે પ્રકટી વિવિધ પ્રકારના

ધર્મને વેદાનુસાર વર્ણવી, વ્રજજનોને બોધ કર્યો છે, એ શ્રીલક્ષ્મણભટના પુત્ર શ્રીવલ્લભપ્રભુ પ્રકટવાથી શ્રીગિરિરાજ: ધરનો તાપ દૂર થયેા છે.

વિશેષમાં સ્પષ્ટ કહે છે કે:—એજ શ્રીકૃષ્ણ જેમ કલિ-યુગમાં દૈવીજનોના ઉદ્ધારને માટે શ્રીકૃષ્ણસ્યવલ્લભ રૂપે પ્રકટ થયા, તેમજ શ્રીપુરૂષોત્તમ પોતેજ દ્વિતીયસ્વરૂપ શ્રીવિઠ્ઠલનાથ રૂપ ધારણ કર્યું. અને ગુપ્ત રહેલેા ભક્તિરસ વાણિદ્વારા પ્રકટ કર્યો; એવા અતિ સુખદાયક શ્રીવિઠ્ઠલેશપ્રભુ સ્વઅંગથી ગૃહસ્થાશ્રમ સ્વિકારી બિરાજે છે. ૧૨

વિવેચન—મત્સ્ય, કચ્છપ, વરાહ, નૃસિંહાદિ અવતારો અંશ, વિભૂતિ અને કલાવતારો છે. તે સર્વ અવતારોનું વર્ણન પુરાણોમાં પ્રસિદ્ધ છે. તે અવતારો પુરૂષોત્તમના ખરા અને ભકતોના સંકટ હરવાર્થે પ્રકટ થયેલા ખરા. તથાપિ તેમનામાં પૂર્ણપુરૂષોત્તમ શ્રીકૃષ્ણના સરખું પૂર્ણત્વ નથી.

એતે ચાંશકલા પુ.સાં કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ

શ્રીકૃષ્ણનું પૂર્ણત્વ ભકતજનોએ ઘણા પદ્ધાએ કરી વર્ણન કર્યું છે. એટલુંજ નહિ પણ સાથે તે પ્રભુ પ્રતિ વાત્સલ્યરસ પણ તેટલેજ દરજે પ્રકટ કર્યો છે.

સુરદાસ કવે છે કે—

— રાગ આશાવરી —

દેખેા અદ્‌ભૂત અવિગતકી ગતિ, કેસેા રૂપ ધર્યો હું હેા
તીન લેાક જાકે ઉદર બસતહું; સેા સૂપકે કાને પર્યો હું હેા ૧

નારદાદિ બ્રહ્માદિ જાકો, સકલ વિશ્વશર સાંધે હો;
તાકો નાર છેદત વ્રજયુવતી, બાંદત ગાંસો બાંધે હો. ૨
જા મુખકો સનકાદિક લોચન; સકલ ચાતુરી હાને હો:
સોઇ મુખ નિરખતમહરિ યશોદા, દુધ લાર લપટાનેહો ૩
જન શ્રવણ સુનીગજકી આપદા, ગરૂડાસન બિસરાયેહો;
તિન શ્રવણકે નિકટ યશોદા, ગાવે ઔાર હુલરાવે હો. ૪
જન ભુજા પ્રલ્હાદ ઉબાર્યો, હરણ્યાકશ્યપ ઉરફારે હો
સોઇ ભુજ પકર કહત વૃજગોપી, નાચો નંક પીયારેહો ૫
અખીલલોકજાકીઆશકરતહેં, સો માખન દેખઅરેહેં હો
સોઇ અદ્‌ભુત ગિરિધર હુંતે ભારે, પલના માંઝ પરેહેં હો ૬
સુરનર મુનિજાકો ધ્યાન ધરતહેં, શંભુ સમાધિન ટારીહાં;
સોઈ પ્રભુ સુરદાસકો ઠાકુર; ગોકુલગોપ બિહારી હો. ૭

વળી શ્રીકૃષ્ણ પોતે ગીતાશાસ્ત્રમાં અર્જુનપ્રતિ ઉપદેશ કરે છે. તેમાં પણ પોતાનું પૂર્ણત્વ સ્પષ્ટ પ્રકટ કરી આપે છે.

સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ
અહં ત્વાં સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચ

અર્થાત્— સર્વ ધર્મોનો ત્યાગ કરી પોતાને શરણે થવાનું સૂચવે છે. અને નિઃશંકપણું એટલે સુધી બતાવે છે કે હું તને સર્વ પાપોથી મુકત કરીશ. માટે મારો થઇ જા. જો પોતે પૂર્ણબ્રહ્મ ન હોય તો સર્વધર્મ તજાવી પોતાને

શરણ આવવાનું કદાપિ કહેજ નહિ. એજ શ્રીકૃષ્ણ કલિયુગમાં શ્રીવલ્લભવિઠ્ઠલનો અવતાર ધારણ કરી સર્વધર્મોથી ભ્રષ્ટ અને ખલધર્મમાંજ પ્રવૃત્તિ પામેલા જીવોનો કોઇ પણ પ્રકારે ઉદ્ધાર થાય જ નહિ, તેમ છતાં પૂર્ણબ્રહ્મ શ્રીવલ્લભ સ્વેચ્છાથી તે જીવો પર દયા વિચારી સર્વદોષ પાપોથી મુકત કર્યા છે.

શ્રીમદ્વલ્લભસ્વરૂપે શ્રીકૃષ્ણને પ્રકટથવાનું એક ગુહ્ય કારણ એ પણ છે કે:– પોતે અવતારદશામાં, ભકતોને પોતાનું સર્વાંગસુખ આપવા પ્રતિજ્ઞા કરી હતી, પણ પોતાની ઇચ્છાના કારણથી તે પ્રતિજ્ઞા ઘણા લાંબા વખત સુધી નહિ પળવાથી, પોતાને હૃદયમાં તાપ થઇ આવ્યો, તેને નિવૃત્ત કરવા પોતે ઉભય સ્વરૂપે ભૂતલપર પ્રકટ થયા. એક તો ગિરિરાજ પર્વતપર શ્રીગોવર્ધનોદ્ધરણરૂપે અને બીજા શ્રીમદ્ અગ્નિસ્વરૂપ વલ્લભાચાર્યસ્વરૂપે પ્રકટ થયા. ત્યારબાદ આચાર્ય સ્વરૂપ શ્રીવલ્લભને બ્રહ્મસંબંધની આજ્ઞા આપી; તે આજ્ઞા થયા બાદ પોતે પોતાના દ્વિજાચાર મુજબ ગૃહસ્થાશ્રમ સ્વિકારી દિવ્યક્રીડાથી પોતેજ શ્રીવિઠ્ઠલસ્વરૂપે પ્રકટ થઈ ઉભયે મલી દૈવીજીવને ઉદ્ધાર્યો, અને પોતાનું સત્યપ્રતિજ્ઞાત્વ પાળ્યું. ત્યારબાદ બાકીના અનેક જીવોનું પોતાના વંશને દ્વારા કલ્યાણ કરે છે.

આ ઠેકાણે કોઇને શંકા થાય કે શ્રીકૃષ્ણવડે સર્વ જીવો સર્વ પાપમાંથી છુટી મુકત થાય છે, તો પછી શ્રીકૃષ્ણને

વલ્લભવિઠ્ઠલેશસ્વરૂપે ભૂતલપર પ્રકટ થવાનું પ્રયોજન શું ? તે શંકા નિર્મૂલ કરવા વિશેષ વર્ણવી કહેવામાં આવે છે કે–જો ભગવાનને સર્વનો ઉદ્ધાર કરવાની ઇચ્છા હોત તો પ્રકટ થઇ અમુક વખતમાં અન્તર્ધ્યાન ન થાત ? માટે દૈવી જીવોનો જ ઉદ્ધાર કરી, પોતે સ્વસ્થાન પધાર્યા હતા; અને પુનઃ દૈવીજીવોને માટે જોઇયે તેવા સ્વરૂપે પ્રકટ થયા છે, તે દૈવીજનોજ તેમનું દિવ્યસુખ લુંટે છે; શ્રીકૃષ્ણના પ્રાકટય સમયે પણ દૈવીજનોજ તેમનું દિવ્ય સુખ લુંટતા હતા. અને કંસાદિક દુષ્ટો જે નાસ્તિક આસુરબુદ્ધિના હતા, તેઓ તો શ્રીકૃષ્ણનાં વિષે દુર્મતિજ દાખવતા. તેમજ શ્રીરામચન્દ્રજીના વખતમાં વિભિષણાદિકતોજ તેમનું દિવ્ય સુખ લેતા અને દુર્મતિરાવણાદિકે પોતાની આસુર બુદ્ધિથી વર્તતા હતા. અત્રે વિશેષ શું લખવું દૈવીજીવોજ આ શ્રીવલ્લભવિઠ્ઠલનું દિવ્યસુખ ભોગવી રહ્યા છે.

આ પ્રસંગના ખુલાસામાં શ્રીકૃષ્ણે અવતારદશામાં કેટલાક જીવોને પોતાના સ્વરૂપબલથી ઉદ્ધાર્યા છે. અને કેટલાકને વ્યાસજીદ્વારા પોતાના નામનો યશ ગવરાવી નામ સ્મરણથી ઉદ્ધાર્યા છે, જેથી વ્યાસજીની સમાધિભાષારૂપ શ્રીમદ્ભાગવત ભગવાનના સ્વરૂપનું ભાન કરવા માટે સબળ સાધન છે; અને સર્વને તે સુખરૂપ કરનારૂં છે.

ત્યારે જો શ્રીમદ્ભાગવતજ સર્વનો ઉદ્ધાર કરવાને સમર્થ છે; તો પછી શ્રીવલ્લભસ્વરૂપે પૂર્ણબ્રહ્મને પ્રકટ થવાનું પ્રયોજન શુ ?

તેનું કારણ એ છે કે–આ વિપરિત કલિકાલમાં નાના પ્રકારના મતપ્રકટ થઇ રહ્યા છે, તે ભકતજનો પણ ગાય છે કે

નાનામતની તાણ્યમાં, ધર્મ યથા શતખંડ-

વિવિધ પ્રકારના મત વડે માનવોની બુદ્ધિ શાસ્ત્રના આધાર વિનાની થઈ ગઇ, અને અજ્ઞાને કરી શાસ્ત્રોને મનુષ્યનાં કહેલાં માનવ લાગ્યા; તેમજ નિચબુદ્ધિથી પુરાણોને વિષે ખોટો અર્થવાદ કરવા લાગ્યા; તેથી શાસ્ત્રને અસત્ય ઠરાવી કપોલ કલ્પિત યુકિતઓ જોડવા લાગ્યા.

ઉપર પ્રમાણે બુદ્ધિ બગડે તેમાં માનવનો દોષ નથી. જોઈએ તેવા જ્ઞાનનું સાધન મળે નહિ, અને ભગવાનમાં પ્રેમ થાય, તેવો ધર્મ જાણી શકાય નહિ. તેમ ધર્મ કંઇ નજરે જોઇ શકતો નથી. તે આચિન્ત્ય છે. એટલે સુખદ કલ્યાણકારી જ્ઞાન મળવાના અભાવે શાસ્ત્રનો મન ગમતો ખરો ખોટો અર્થ કરી, બુદ્ધિને ભ્રમિત કરવા લાગ્યા.

ઉપર પ્રમાણે ભ્રમિત બુદ્ધિવાળા, વેદ એને સ્મૃતિ એ બન્ને બ્રાહ્મણનાં નેત્ર છે, એમ જાણતા નથી. પણ શાસ્ત્રને વિષે તો એજ સ્પષ્ટ છે. જો એ બે નેત્રમાંથી કોઇ વિદ્વાન્ બ્રાહ્મણ એક આંખે જુવે તો કાંણો કહેવાય, અને વેદ સ્મૃતિ બન્ને છોડી ત્રિજીજ ગતિ કરતો હોય તો તેને આંધળો કહેવાય છે. વેદનાં ગૂઢતત્વોમાં સમજ ન પડે તે વાસ્તવિક છે; કારણ? આજકાલ જીંદગીનું પ્રમાણ ઓછું તેમાં આધિ વ્યાધિ અને ઉપાધિ વધી ગઈ છે, એટલે

ભણવા જોઈએ, તેટલો વખત પણ ન રોકી શકાય. તેથી પાંડિત્યપણું નજ મેળવી શકાય. કેમકે કોઇ તિવ્ર બુદ્ધિવાળોપુરૂષ બાર વર્ષની ઉમ્મરમાંથી ભણવા માંડે તો પ્રથમ વ્યાકરણ સારી રીતે ભણતાં બાર વર્ષ લાગે. ત્યાર બાદ કાવ્ય તથા અલંકાર ભણતાં છ વર્ષ જોઇયે. પછી ન્યાયશાસ્ત્ર માટે ચાર વર્ષ પછી મિમાંસા તથા ઉત્તરમિમાંસા ભણતાં બાર વર્ષ લાગે; ત્યાર પછી વેદનાં અંગો ભણતાં ચાર વર્ષ લાગે અને પછી વેદને વિચારતાં બાર વર્ષ જોઇયે; એ રીતે બાસઠ વર્ષે વેદમાં સમજ પડે. ઉપર પ્રમાણે હે જીવ! બ્રાહ્મણ પોતાના ષટ્કર્મસંયુકત રહી ગૃહસ્થાશ્રમનું ગુજરાન ઉદ્યમથી ચલાવતા, તેની જીંદગીમાં વિદ્યા માટે કેટલો વખત રોકી શકે? તેનો વિચાર કરતાં સ્પષ્ટ સમજાય છે કેઃ—એ કાર્ય જીવનું નથી. ટુંકી જીંદગીનાં માણસોથી પ્રભુતુલ્ય વ્યાસજી સરખું સમર્થ કાર્ય થઈ શકેજ નહિ; તેથી અજ્ઞાની લોકો પોતાની કલ્પનાથી શાસ્ત્રના ખોટા અર્થ કરી ભોળાજનસમૂહને ભમાવે છે. તે લોકોના અનર્થનું ભાન, આ ગ્રંથ વાંચ્યા પછી સ્પષ્ટ થશે. એટલે જે લોક શાસ્ત્રને સમજતા નથી, તેમના વચન પર વિશ્વાસ રાખવો ઉચિત નથી.

લોકના મનમાં એમ છે કેઃ—વેદ, પુરાણ વ્યાસજીના કરેલાં છે. પણ વેદ પુરાણ અનાદિ સિદ્ધ છે એવું વેદ પુરાણોમાં કહેલું છે. ખુદ ભગવાને વેદનું જ્ઞાન બ્રહ્માજીને કરાવ્યું અને બ્રહ્માએ પોતાના પુત્રોને તે જ્ઞાન આપ્યું, અને

તેમની પાસેથી બીજા ઋષિઓ ભણ્યા. અને ઋષિઓ દ્વારા વ્યાસજી ભણ્યા. પણ તે સમયમાં વેદ પુરાણ ઋષિઓને મુખ પાઠ હતા; તેનો લેખ કરેલો ન હતો, તેજ વેદ પુરાણો વ્યાસજીએ લખાવી વેદના વર્ણધર્મો પ્રમાણે વિભાગ કરી, અર્થ સમજવામાં કોઇને ગુંચવણ ન પડે તેમ સમજ પાડી, યજ્ઞ કેવીકેવીરીતે કરવા, વિગેરે અનેક રીતભાત બતાવી તેમાં વ્યાસજીએ જરા પણ પોતાની કલ્પનાથી નવા વિચાર લખાવ્યા નથી. શ્રીમદ્‌ભાગવતકાર વ્યાસજીનું સ્વરૂપ કેવું હતું તે આજકાલના નાસ્તિક લોકો સમજતા નથી, તેમાં વળી વેદશાસ્ત્રના ભણ્યા વિનાના આંધળાજનોની બુદ્ધિ કેટલી હોય?

એ શ્રીમદ્‌ભાગવતનો સ્પષ્ટ જોઇયે તેવો અર્થ સમજી શકાય નહિ અને દૈવીજનોનું દુઃખ જાય નહિ, તેમજ પોતાની સત્યપ્રતિજ્ઞતા સચવાય નહિ, તેટલાજ કારણને લીધે શ્રીકૃષ્ણ પોતે શ્રીવલ્લભાચાર્યસ્વરૂપે ભૂતલપર પ્રકટ થયા છે. અને એ શ્રીવલ્લભેજ વ્યાસજીનો શ્રીમદ્‌ભાગવત રૂપી શ્રમ સફળ કર્યો છે. વાણિના અધિપતિનું કાર્યજ એ છે કે- નાના પ્રકારના અસત્ મતનું ખંડન કરવું. તેમજ અગ્નિસ્વરૂપ નામને પણ એજ ઘટે છે કેઃ—મતાન્ધકારને તત્વરૂપી દીપવડે દૂર કરવું; એવું મહત્ કાર્ય બીજાથી બનેજ નહિ.

શ્રીમદ્‌વલ્લભ અને તત્પુત્ર શ્રીવિઠ્ઠલપ્રભુએ શ્રીગોવ-

ધર્મોદ્ધરણની આજ્ઞામુજબ સેવાની પ્રૌઢી ઘણા વખત સુધી ભૂતલપર ચલાવવા ગૃહસ્થાશ્રમ સ્વિકારી પોતાના વંશજો દ્વારા દૈવીજીવોને શરણ લઈ, સંસારાસક્તિથી મુક્ત કરવા વિચાર્યું છે.

શ્રીવલ્લભનો વંશ કેવળ પોતાના પરિકર સાથે પ્રભુને અનુસરી પોતાના સેવકોને બોધવે છે; અને તે પ્રમાણે સેવકો તન, મન, ધનથી સર્વેન્દ્રિય પ્રભુને અર્પણ કરી કૃતાર્થ થઇ જાય છે, એવા દયાલ શ્રીવિઠ્ઠલનું સર્વાંગ પરમ સુખકર છે.

(આ આખ્યાનમાં શ્રીકૃષ્ણ, વલ્લભ, વિઠ્ઠલ, ગિરિરાજધરણ; એ ચારે એકજ સ્વરૂપ છે, તથાપિ લિલાર્થ જુજવાં રૂપ છે એમ શાસ્ત્રાનુસાર ઘણી દીનતાથી પ્રતિપાદન કર્યું. તે પ્રતિપાદન કરવામાં ભક્તજનોની કૃપાજ મુખ્ય કરી ગોપાલદાસજી માને છે તેમ આગળ વર્ણવે છે.

મૂ૦ સ્કંધસંખ્યાએ કહ્યાં, પદ શ્રીભાગવત રસરાજઃ
ભક્તજન પદરજ પ્રતાપે, સકલ સરીયાંકાજ. ૧૩

શબ્દાર્થ—આ આખ્યાનનાં સર્વ પદો શ્રીમદ્ભાગવતને વિષે વર્ણવાતા પૂર્ણબ્રહ્મ શ્રીકૃષ્ણના ચારિત્રોનેજ પ્રકાશ કરવાવાળાં છે. જેવા શ્રીભાગતમાં દ્વાદશસ્કંધ છે, તેવાં અત્રે દ્વાદશ પદ છે. તેને વર્ણન કરવાની શકિત, પરમ ભાગ્યવાન્ વૈષ્ણવોના પાદારવિન્દની સેવાના પ્રતાપથીજ મલી છે.

વિવેચન— દ્વાદશસ્કંધ, મુજબ પદ કહેવાનું તાત્પર્ય એ છે કે:—એકેક પદમાં એકેકસ્કંધનો સાર પથરાયલો છે, તે તે જીવ, પોતાનું અન્તઃકરણ અર્પિ ઉંડો વિચાર કરે તોજ સમજાય તેમ છે. કારણ સર્વરસનું શીરોમણિ શ્રીમદ્ભાગવત, અને તેમાં રહેલો પરમતત્વ રૂપ શ્રીગોપીજનવલ્લભનો પ્રેમરસતેનો સ્વાદ, પ્રભુકૃપા શિવાય જીવથી ચાખી શકાય તેમ નથી. તે શ્રીભાગવતનું રહસ્ય જેમ શ્રીસુબોધિનીજી આદિ ગ્રન્થો વિગેરેથી પ્રકટ કરી શ્રીમદ્વલ્લભાચાર્યે દૈવીજીવોપર કૃપા વિચારી, સ્વાદ ચખાડી, કૃતાર્થ કર્યા; તેમ આ શ્રીવલ્લભાખ્યાનમાં રહેલું રહસ્ય શ્રીમદ્વલ્લભપ્રભુના કૃપા પાત્ર ભક્તોદ્વારા સમજી, તેનું સ્મરણ કરતાં કૃતાર્થ થવાય છે. શ્રીવિઠ્ઠલેશપ્રભુનું પુરૂષોત્તમત્વ ભક્તજનો કવિ ગાય છે કે:—

રાગ દેવગંધાર.

ચહું જુગ વેદ વચન પ્રતિપાળ્યો;
ધર્મગ્લાનિ ભઇ જબહી જબ, તબ તબ તુમ વપુ ધાર્યો ૧
સત્યયુગ સેત વરાહ રૂપધર, હિરણાક્ષ રીપુ માર્યો;
ત્રેતા રામરૂપ દસરથ ગ્રહ, રાવણ કુલ સંહાર્યો. ૨
દ્વાપર વ્રજ બુડત તેં રાખ્યો, સુરપતિ પાયન પાર્યો,
કંસાદિક દાનવ સબ મારે, વસુધા ભાર ઉતાર્યો. ૩
કલીયુગ શ્રીવલ્લભગૃહ પ્રકટે, માયાવાદ નિવાર્યો;
માણિકચન્દ પ્રભુ શ્રીવિઠ્ઠલ, પુરૂષોત્તમ રૂપ નિહાર્યો. ૪

રાગ બિલાવલ

શ્રીવલ્લભ કે નન્દન ફીર આયે;
વેદસ્વરૂપ વેહી ફીર ક્રીડા, કરત આય મન ભાયે. ૧
વે ફીર રાજ કરત શ્રીગોકુલ, વેહી રીત પ્રકટાયે;
વેહીશૃંગાર ભોગ છીન છીનકે, વેહી લીલા ગાયે. ૨
જે યશોમતિકો આનન્દ દીના, સો ફીર વ્રજમેં આયે;
શ્રીવિઠુલ ગિરિધર પદ પંકજ, ગોવિન્દ ઉરમેં લાયે. ૩

પુત્રભર્યો શ્રીવલ્લભકે ગૃહ, જય જયકાર ભયો ભૂવ ઉપર;
શ્રીવિઠુલયહનામ સુનતહી, મિટે મૂઢજીવનકે જીય ડર. ૧
મૃગમદ તિલક ભાવધર પ્રકટે, દૂર કીયે મનકે સંદેહ;
હરિઅવતાર સ્વરૂપ દીખાયો, લીલાફેર કરી નિજગેહ. ૨
તબ મારી પૂતના અવિદ્યા, અબ નિજ જનકી દૂર કરી:
તબ માર્યો બક દંભ હન્યો, અબ પાખંડકો લેશ હરી. ૩
તબ કાલી અધ્યાસ એકકો, દર્પ દલન કીનો નૃત્યત કર:
વેહી ફેર અબ ચારરૂપકો, દૂર કીયે કરૂણા ભકતન પર ૪
તબ રસ રસિક રાસમંડલમેં, વ્રજનારી અંગીકૃત કીની:
ચારવરણકીઅબનારીનકો, હરિકીર્તી અરૂ સેવાદીની. ૫
દાવાનલ તેં સખા બચાયે, સોચ અનલ તેં અબ ટારે:
તબ ગિરિધર રાખે વ્રજવાસી, અબ શિર ઉપર કરધારે. ૬

(રાગ રૂક્ષ્મણી લખી કાગળ મોકલેરે એ રાગ)

શ્રીવિઠુલેશ મહિમા

વ્યાસને વ્હાલા વિઠુલારે, છો વૈશ્વાનર નંદનાલલા રે;
ઓ ગિરધર ગોકુળ નાથરે સુંદર વર,
વ્યાસને વ્હાલા વિઠુલા રે.....ટેક.

કુળ દીપક વલ્લભ દેવનારે, નિત્ય આપો તમારી સેવનારે:
પરિપૂર્ણ પુરૂષોત્તમ આપરે સુંદર વર,
વ્યાસને વ્હાલા વિઠુલા રે.....૧

શ્રુતિ વેદ શાસ્ત્ર પ્રમાણીને રે, રૂપ રસાત્મક ચિતઆણીને રે:
રચ્યા અનેક સિદ્ધાન્તિ ગ્રંથરે સુંદરવર;
વ્યાસને વ્હાલા વિઠુલા રે.....૨

વર પુષ્ટિ ધર્મ દૃઢાવીયારે, માયિકને શીધો વળાવીયારે,
ઉચ્ચાર્યા શુદ્ધાદ્વૈત વાક રે સુંદરવર,
વ્યાસને વ્હાલા વિઠુલા રે.....૩

ગિરિધારી શ્રીવ્રજજન તારીયાંરે,
ગૌગ્વાલનાં કષ્ટનિવારીયાં રે;
ગર્વગંજન કીધો વાસવનો સુંદર વર;
વ્યાસને વ્હાલા વિઠુલા રે.....૪

છબિ લલિત શોભા ધામ છો રે,
વૈષ્ણવના પૂરણ કામ છો રે
નિરખી હરખી સ્વજન બલ જાયરે સુંદરવર,
વ્યાસને વ્હાલા વિઠ્ઠલા રે.....૫

જગદાત્મ આદિ અવિચલા રે,
છો કૃષ્ણવદન પૂરણ કલા રે,
સૌ વિશ્વ વિજય વર્તાય રે સુંદર વર,
વ્યાસને વ્હાલા વિઠ્ઠલા રે.....૬

અખંડ આપ અંતરની અદૃય ગતિ રે,
વરબ્રહ્મ તનતાજે સરસ્વતી રે
હું તો માનુ તમારે શરણ સુંદરવર,
વ્યાસને વ્હાલા વિઠ્ઠલા રે.....૭

રસ આપનો રસિકો સોઝીલે રે,
રવિદર્શ સરકમલો ખીલે રે
વલ્લભી વ્યાસનું ખીલ્યું દીલ રે સુંદર વર,
વ્યાસને વ્હાલા વિઠ્ઠલા રે.....૮

ઇતિ શ્રીચતુર્થાખ્યાન સમ્પૂર્ણમ્

અથ શ્રીપંચમાખ્યાનમ્ પ્રારભ્યતે

આ પંચમાખ્યાનમાં શ્રીવિઠ્ઠલના સ્વરૂપનું પ્રતિપાદનછે. ભક્તિમાર્ગમાં સ્વતંત્ર લીલાના કરતા સારસ્વત કલ્પિય શ્રીકૃષ્ણ પરબ્રહ્મ પુરૂષોત્તમ કેવળ પોતાની રાસાદિકલીલા-માંજ મગ્નછે એ રાસવિહારીનાં દર્શન ગોપાલદાસને શ્રીવિઠ્ઠલેશ પ્રભુના સ્વરૂપમાંજ થતાં જોઇ તે રાત્રીના સમયે ગાવા સરણ સામેરી રાગમાં તેઓશ્રીના નામ સ્મરણનું આખ્યાન ગાવા માંડ્યુ.

રાગ સામેરી

મૂ૰ શ્રીવિઠ્ઠલસુખકારી, નામેનિષ્પાપ થાય નર નારી
દુર્ગતિસકલનિવારી, પ્રકટેશ્રીવ્રજપતિરાસવિહારી॥૧॥

શબ્દાર્થ—રાસરમણમાં લુબ્ધ વ્રજજનના અધિપતિ શ્રીકૃષ્ણ શ્રીવિઠલેશ સ્વરૂપે પ્રકટ થયા છે તે નિરંતર ભક્તજનોને સુખકર્તા છે અને જીવની અસદ્ગતિ થતાં બચાવી લેનારાછે તેમજ તે શ્રીપ્રભુનું નામસ્મરણ કરતાં તત્કાલ સ્ત્રી વા પુરૂષ સર્વ પાપથી મુક્ત થાય છે ૧

રસમય રાસ રસિકમણિ નૃત્ય પરાયણ રાસ મધ્યસ્થા સાથે રમણ કરનારા રમણેશે પોતાનું મુખારવિંન્દ દ્વિજ સ્વરૂપે અતિ કૃપાથી ભૂતલપર પધરાવ્યું છે. તેઓશ્રી ભક્ત કવિ ગોપાલદાસના હૃદયમાં બિરાજ માન થઇ નિજજનોના સુખાર્થ અનંતલીલાનું દર્શન કરાવેછે તેમાં રાસાદિ લીલા મુખ્ય છે તેનું યત્કિંચિત દર્શન પદ્યમાંછે.

— માલવ —

મદનાદિકે મોહન સુંદર વર, ભાનુ સુતા તટ રાસ રમે;
નિર્મલ ચંદ શરદનો કુલ્યો, વેલી વૃન્દ કુલ્યાં તે સમે. ૧

લાગ્યાં કુસુમ ગુચ્છ લળીલટકે, અમંદ મારૂત મનહર વાય;
લહેરખડો નાદરદિમ્ નાચે, સારી ગમ સર સુર ભરાય. ૨

ચુમે કપોલ તાનની તિરપે, ઉરપ મુર્છના રસમય લેય;
નિર્ભય રસે છકયાં રસ રંગી, મધ્ય અંતરા આનંદદેય. ૩

લાખો ઉડુમાં થકયો ઉડુપતિ, થકી ભાનુજા ભાવદ ભેશ;
લક્ષ્મીપતિ અજ સુરનર મોહ્યા, બન્યો રતિપતિવરવાવેશ. ૪

ગાંધર્વ ગાય સુમનો સુરવરખે, રસિક અંતર રસ લ્હેરાય;
ધી મન્ય શ્રીમન્ય નથીકો અહિયાં, રાસા સકતો સદા સોહાય. ૫

પ્રેમ રસાત્મક રૂપ વિલસતાં વિથરી વેણી રૂદે રોળાય;
સકલ વૃન્દની સુખમા જોતાં અધિરાં અંતર તૃપ્ત ન થાય. ૬

વાકૃપતિ શ્રીવિઠ્ઠલપદરજ, ભાગ્યવાન પામે જન જેહ;
લાભે લાભ રસિક રસ ધરનો, ગુરૂકૃપાબળ વ્યાસજી એહ. ૭

'રાસ'

માલવની રાહ

ગોવિંદ ચંદ ગોપી તારાગણ, વૃંદાવન મધ્ય રચિયો રાસ,
તાલી દેતી તા થૈ કરતી, નાચે અધરામૃતની આશ. ૧

નીલાંબર નારી–અંગ રાજે, પીતાંબર પાતળિયે રે,
એકાવળને મુકુટ કાછની, મુદ્રિકા આંગળિયે રે. ૨

વેણુ વાય ને ગાય ગીતડાં, મહા રસ વાધ્યો ઉરમાં રે,
કામિનીએ કાછો કસી બાંધ્યો, નાચે પ્રેમના પુરમાં રે. ૩

કુસુમદામ છૂટી, લટ તૂટી, ગોવિંદ ગાઢ આલીંગ્યા રે,
રમણ શ્રેષ્ઠ સૌ રમણી કેરા; રસિક પ્રાણને વીંધ્યા રે. ૪

પ્રાણ - સ્નેહી - સૂત્રે પ્રોવાઇ, સુંદર શોભે શ્યામા રે,
'વ્યાસ' સ્વામિની વદે શું વાણી, ધન્ય ધન્ય વ્રજની વામા રે ૫

– 'વ્યાસપત્ની' (ગો વા રાધાબહેન)

અખંડ આનંદાકાર કોટિકંદર્પ લાવણ્ય રસાત્મક પુરૂષોત્તમ શ્રીવિઠ્ઠલેશ પ્રમેય પ્રમાણ માર્ગાધિશ સદાનંદ શ્રીકૃષ્ણજ છે. તેમનું સ્વરૂપને તેમના સેવકનું સ્વરૂપ તેઓશ્રીની ગુરૂ પરંપરાથી બહુ સુંદર સહેલાઇથી સમજાય છે.

—: ગુરૂ પરંપરા :—

દ્વિજકુલ મંડન શ્રીવલ્લભાધિશ, શ્રીવિઠ્ઠલેશના તાતચરણે કોઇનો માર્ગ સ્વિકાર્યો નથી. કોઈ વ્યકિતને ગુરૂ કર્યાનથી તેમ કોઇની ગાદી સંભાળી ત્યાં બિરાજમાન થયા નથી

આચાર્યશ્રી પોતેજ પોતાના "સિધ્ધાન્તરહસ્ય નામના ગ્રંથમાં કહે છે કે. ॥**સાક્ષાત્ ભગવતાપ્રોકતં તદક્ષર શ ઉચ્યતે**॥ મેં મારા ગ્રંથમાં સાક્ષાત્ ભગવાન વિના પ્રાર્થનાએ સ્વયં પ્રકટ થઈ જે આજ્ઞા કરી તેજ અક્ષરશ લખેલા છે મને સાક્ષાત્ પરબ્રહ્મ સર્વેશ્વર શ્રીકૃષ્ણેજ બ્રહ્મસંબંધનો ઉપદેશ કરેલો છે કેટલિક ઠેકાણે બિલ્વમંગળે આચાર્યશ્રીને મંત્ર દિક્ષા આપ્યાનું કોઇએ લખ્યુંછે તે તદ્દન ખોટુંછે કલિગ્રશિત કોઇ પંડિતે કપોલ કલ્પિતવાત આ શુદ્ધાદ્વૈતીય શુધ્ધ સ્વતંત્ર ચારિત્ર્યવાન સાથે જોડી દીધી છે તે વૈષ્ણવે તદ્દન ગ્રહણ કરવા યોગ્ય નથી. ઉપરના "સિદ્ધાન્ત રહસ્ય" ગ્રંથના વિરૂધ્ધછે. આ વાતનું સત્ય સ્વરૂપ સમજવા શ્રીવલ્લભાચાર્ય જીની ચોરાશી બેઠકોના ચારિત્ર્યમાં (૪૯મી વિદ્યાનગરની બેઠકનું ચારિત્ર પુસ્તકમાં જોતાંજ સ્પસ્ટ સ્વરૂપ છે તે સમજાઈ જાય છે કે આ વાત તદ્દન ખોટીછે.

વિદ્યાનગરમાં આચાર્યશ્રીનો કનિકાભિષેક થયા પછી બિલ્વમંગળે શ્રીવલ્લભાચાર્યજીનો પ્રતાપ જોઇ તેમની પાસેથી દિક્ષા માગીને લીધી તે પછી તે સ્વધામ ગયો છે.

મુખ્ય વાર્તાના પુસ્તકનાજ શબ્દો નિચે પ્રમાણે ટાંકયા છે (તબ બિલ્વમંગળને કહી મહારાજ કૃપાકરિકે મોકો નામ સુનાઇએ. ઔર શરણ લીજીએ તબ શ્રીઆચાર્યજીએ બિલ્વ મંગળકો નામ સુનાયો. તબ બિલ્વમંગળે સાષ્ટાંગદંડવત કરી તાહિસમય બિલ્વમંગળ સ્વધામકો પ્રાપ્ત ભયે."

મારા પરમ પુજ્ય શ્રીવલ્લભપ્રભુની ગુરૂપરંપરાને મારા કોટાન્કોટિ પ્રણામ સાથે યત્કિંચિત લખવા ઉમંગ ધરૂછુ. તે નિચે પ્રમાણે છે.

આવા વેદશાસ્ત્ર પ્રમાણસિધ્ધ પુષ્ટિમાર્ગને આધુનિક નવો પંથ છે તેવું કહેવાના ડરથી કોઇ વિદ્વાને આદિ પુરૂષોત્તમ, નારદજી વેદવ્યાસજી, અને તેમના શિષ્ય બિલ્વમંગળને શ્રીવલ્લભાચાર્યજીના ગુરૂ તરિકે માનવાનો યત્ન કર્યો છે.

પરંતુ તેઓ કેવા વિદ્વાન હોા છતાં સિધ્ધાન્ત રહસ્યના તાત્પર્યને સમજ્યાવિનાજ એ બધો વૃથાશ્રમ લીધોછે. તેમની ગુરૂપરંપરાનીવાત તદ્દન કપોલ કલ્પિત જુઠી છે વલ્લભી વૈષ્ણવ માત્રે માનવા યોગ્ય નથી.

શ્રીવલ્લભાચાર્યજી પોતેજ પોતાના "સિધ્ધાન્ત રહસ્ય" ગ્રંથમાં કહે છે કે **શ્રાવણ શ્યામલે પક્ષે એકાદશ્યાંમહાનિશિ**॥**સાક્ષાત્ ભગવતા પ્રોકતં, તદક્ષરશઃ ઉચ્યતે** ॥૧॥

સાક્ષાત્ પરબ્રહ્મપ્રભુ પોતે પોતાના વદનાવતાર શ્રીવલ્લભાચાર્યજી સન્મુખ સ્વેચ્છાથી પ્રકટ થઈને ગુરૂરૂપ પોતે બની મહામંત્રનું દાન કર્યું છે અને પ્રભુએ આજ્ઞા કરી કે તમો પુષ્ટિમાર્ગને પ્રકટ કરો?

"પુષ્ટિમાર્ગનો ભાવક્રિયા ફલ ને સાધન" એ સર્વ પુષ્ટિ-

માર્ગીય સેવકો જાણે છે તેથી અત્ર લખવાની જરૂર નથી માર્ગીય ઘણા ગ્રંથોમાં જોઇ લેવું.

આધુનિકતાના ડરથી આ માર્ગમાં કોઇનો પણ પ્રવેશ થાય તેમ નથી એ ડર અત્ર છેજ નહી. બ્રહ્મા ના સો વર્ષે શિવજીનો એક દિવસ થાય છે અને શિવજીના સો વર્ષે વિષ્ણુની એક નિમિષ થાય છે. તેથી એ પણ આધુનિકજ છે તેથીપૂર્ણ પુરૂષોત્તમ પરબ્રહ્મના વિષયમાં શિવ બ્રહ્મા વિષ્ણુ વિગેરે ઘટાવવા વ્યાજબી નથી. એ સૌ આધુનિકજ છે.

મૂળ પુરૂષ પરબ્રહ્મ પુરૂષોત્તમ એ સર્વેશ્વરના પ્રસંગમાં આધુનિકના ડરથી અન્યને અત્ર ગુરૂતરિખે ગોઠવીદેવા ઠીક નથી

શિવજી ગુણાવતાર, આવેશાવતાર છે. પૂર્ણાવતાર નથી. અને પરબ્રહ્મ શ્રીકૃષ્ણ પોતે જ્ઞાનશકિત ક્રિયાશકિત બન્ને શકિત યુકત પૂર્ણાવતાર છે. એમ શ્રીવલ્લભાચાર્યજી પોતાના નિબંધાદિ ગ્રંથોમાં સ્પષ્ટ જણાવે છે.

॥ જ્ઞાન ક્રિયાભ્ય યુત : કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ ॥

શ્રીવિટ્ઠલેશપ્રભુચરણ વલ્લભાષ્ટકમાં લખે છે કે

॥ માગ્નત્વં વર્ણતંતે કવિભિરપિ સદા વસ્તુત: કૃષ્ણએવ ॥

એવા આવેશાવતાર પૂર્ણ બ્રહ્મની સમાનતા કેમં કરી શકે શિવજિ સગુણછે નિરંતર માયા સહિત છે. પૂર્ણપુરૂષોત્તમની વિભૂતિ છે. એમના ભજનથી વિભૂતિફલ પ્રાપ્ત થાય છે.

શિવજી મર્યાદા માર્ગના આચાર્ય છે–એ પરબ્રહ્મના અનુગૃહ માર્ગના નથી અહીં શિવજીની નિન્દાનો યોગ જરાપણ નથી. નિન્દા બધાજ માર્ગમાં અનુચિત તજવા યોગ્ય છે શિવજી સાક્ષાત્ ઇશ્વર છે નિત્ય મુકત પરમ વૈષ્ણવ છે તેમનો દ્વેષ કરનારા પશુ સમાન છે. ભગવદીયોએ તો સર્વેમાં ભગવદ્ બુધ્ધિરાખી સૌને બે હાથ જોડી નમન જ કર્તવ્ય છે.

નારદજી તેઓપણ ધર્મીનિર્પેક્ષ હોવાથી નિરંતર ગુણ ગુણગાન નિમગ્ન રહે છે એ અંગી સૃષ્ટિના જીવ નથી જેથી શ્રીપુરૂષોત્તમ પરબ્રહ્મના શ્રીઅંગની સેવા ઇચ્છતા નથી તેથી તેઓ મર્યાદા માર્ગીય છે પુષ્ટિમાર્ગના એ આચાર્ય નથી તેમજ શેષ, વ્યાસજી, મારૂત, નારદ મૈત્રેય વિગેરે પૂર્ણ ભગવદીય ખરા પણ જલ ભેદ ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી કહે છે કે–

॥ પૂર્ણા ભગવદીયા શેષ વ્યાસાગ્નિ મારૂતા ॥
જડ નારદ મૈત્ર્યા ઘાસ્તે, સમુદ્રા પ્રકીર્તિતા ૧॥

શ્રીમહાપ્રભુજી પોતે એમ આજ્ઞા નહી કરે જે હું પોતે વ્યાસજીનાથી શ્રેષ્ટ છું.

વસ્તુત : તેઓ ભગવત્સ્વરૂપમાં આસકત ખરા પરંતુ ભગવાનનો સેવા રસાસ્વાદ તેમને નથી ભગવાનની સેવામાં આસકિત રહિત છે. લોકવેદ ગુણમિશ્રપણે હરિના ગુણનું વર્ણન કરનારા અમૃતના સમુદ્ર જેવા ખરા, ભગવાનના ગુણનું વર્ણન કરનારા ખરા, તેઓની વાણીના અમૃતનું એક

બિન્દુ પણ દુર્લભ જ છે એવી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે.

છતાં પુષ્ટિમાર્ગીય ભગવતત્સેવા રસાસ્વાદુ શ્રીઆચાર્ય ચરણનું અને સેવા રસા સ્વાદિનું તારતમ્ય કૃપા પાત્ર વલ્લભી પુરે પુરૂ કરી શકે છે.

શ્રીસુબોધિનીના આરંભમાં શ્રીવલ્લભાચાર્યજી પોતેજ આજ્ઞા કરે છે કે.

અર્થંતસ્ય વિવેચિતું નહિબિભુર્વૈશ્વાનરાદ્
વાક્પતે રન્યસ્તત્ર વિધાય માનુષ તનું મા
વ્યાસ વક્ષી પતિ :

અર્થાત્–શ્રીભાગવતના અર્થનો નિશ્ચય કરવા માટે વાણિનો પતિ જે અગ્નિ તેના વિના અન્યનું સામર્થ્ય નથી.

ભગવાને માનવ વપુ ધારણ કરી જેવી રીતે વ્યાસજીને શ્રીભાગવત પ્રકટ કરવાની આજ્ઞા કરીછે તેમજ શ્રીવલ્લભાચાર્યજીને પણ સાક્ષાત્ શ્રીપ્રભુએ શ્રીભાગવતના અર્થનું નિરૂપણ સુબોધિનીજી સ્વરૂપે પ્રકટ કરવાની આજ્ઞા કરી છે,

વ્યાસજીને શુકદેવવત્ ફક્ત ભાગવત શબ્દાત્મક પ્રકટ કરવાની આજ્ઞા કરીછે. અર્થાત્મક પ્રકટ કરવાની આજ્ઞા તો શ્રીવલ્લભાચાર્યજી અગ્નિકુમારનેજ કરીછે પરમ રસાત્મક સ્વરૂપનું જ્ઞાન જેવું સ્વયં પોતાને હોય છે તેવું અન્યને હોતું નથી.

જેથી–શ્રીભાગવતનો અર્થ પૂર્ણપુરૂષોત્તમ શ્રીનાથજી સદાનંદ

શ્રીકૃષ્ણજછે તેથી શ્રીકૃષ્ણ વદન શ્રીઆચાર્યજીએ પ્રકટ થઇને સુબોધિનીજી કરેલ છે.

શ્રીગીતાજીમાં પણ કહે છે કે–

નહિ તે ભગવાન વ્યકિતં વિદુર્દેવાનદાનવાઃ
સ્વયં સેવાત્મા નાત્માનં વેત્થત્વં પુરૂષોત્તમ. ॥૬॥

ભગવાન શ્રીકૃષ્ણના સ્વરૂપને માનવ દેવો કોઈ જાણતા નથી. આપશ્રીનાં સ્વરૂપને આપજ જાણેછે. અન્યનું ગજુજ નથી. જેથી તાત્પર્ય એ છે કે–

શ્રીભાગવત શ્રીમહાપ્રભુએજ પ્રકટ કર્યું. વ્યાસજીએ શબ્દાત્મક ભાગવત પ્રકટ કર્યું અને શ્રીવલ્લભે અર્થાત્મક ભગવત પ્રકટ કર્યું છે–વ્યાસજીનો સિદ્ધાન્ત વલ્લભી માત્રે સ્વિકારવા યોગ્ય છે તેઓ શ્રીપુજ્યછે તેમને અનુમત્યર્થ ગુરૂ કહ્યાછે એમનો એવા મહાનુભાવ કૈટિન્ય અને ગોપીજનોને પણ શ્રીવલ્લભે પોતાના 'સન્યાસ નિર્ણય' ગ્રંથમાં ગુરૂ કહ્યાછે તેથી કંઈ ગુરૂ પરંપરામાં લીધા નથી કારણ વ્યાસજી પુષ્ટિમાર્ગ પ્રવર્ત્તક નથી શુકદેવજી પણ આત્માનંદમાં વિહરવાવાળાં છે. તેમનો પણ પુષ્ટિમાં પ્રવેશ નથી. એટલે નિરોધલીલાનું અનુસંધાન નથી.

શુકદેવજી ભગવાન સહિત છે જેમના અન્તઃસ્થિત ભગવાન થાય તેને નિરોધ સિદ્ધ થાય છે. ગોપીજનના અન્તસ્થિત ભગવાન થયેલા હતા. વસ્તુતઃ શ્રીવલ્લભાચાર્યજી

ના પુષ્ટિમાર્ગમાં હરિ હર કોઇનો પ્રવેશ નથી. વલ્લભાખ્યાને ગોપાલદાસજી ગાય છે કે

॥એવોમાર્ગ શ્રીવલ્લભવરનોરે જ્યાંનહી પ્રવેશવિધિ હરનોરે॥

(ભાવરસાત્મક લગવદલીલા અને ગુરૂ પરંપરા)

ભાવ રસાત્મક ભગવદલીલા, સર્વભાવ રસમય જાણો;
અનુભવી ભાવનિપૂણે પર્વે, અધુના ભાવ રસે માણો. ૧
ભાવરસિકરા રસ પ્રચુરત્તરતે, સ્વામિની હૃદયે ભાવસ્વરૂપ
તેના આસ્યરૂપ શ્રીવલ્લભ, પુષ્ટિપથ પતિ આપ અનુપ ૨
ભાવુક સૃષ્ટિ સૌ શ્રીઅંગની, લીલા સંપદા રસધર સિદ્ધ;
વિરહદા સર્વત્યાગ ઉપદેશક, સ્વત: પુષ્ટિ સેવક સાનિધ્ય ૩
અન્ય વિભૂતિ આચાર્યતણોઅહી, પુષ્ટિ પથમાં નથી પ્રવેશ
રૂદ્ર અજ નારદ બિલ્વાદિની, પુષ્ટિ પથે ગતિ નથીજલેશ ૫

ગુરૂ પરંપરા સિદ્ધ જોતાં, વૈશ્વાનરના ગુરૂ પૂરણબ્રહ્મ:
પ્રસ્થાન ચતુષ્ટયમાં નથીબીજે, ગુરૂ પરાત્પરવણકો મર્મ ૫
કેવળ આનંદરૂપ શ્રીવલ્લભ કૃષ્ણસેવાદધિ છલકાવ્યો:
દ્વિજવરરૂપધરી ભૂતલપર, સેવીસ્વાદ હરિ મલકાવ્યો. ૬
ભાવ માર્ગની ભાવ ભરી વાતો, ભાવ પૂર્ણ ભક્તને રૂચે:
પ્રીતિ શુન્ય મહા દુષ્ટોને, એ વાતો અંતરે ખુંચે. ૭
વાકૂપતિની કામનાવાળો, વિદ્યા ભણીને શું કરશે:
વદે વલ્લભી વ્યાસ માતરનો, વલ્લભ વચને તે ઠરશે. ૮

"પુષ્ટિમાર્ગ સ્વરૂપ નિર્ણય અને ગુરૂ પરંપરા"

પુષ્ટિ માર્ગનો સ્વરૂપ નિર્ણય, શ્રીગુરૂવલ્લભ આપ કરે:
તેને અનુશરણ થઇ રહેતો, પૂરણ પરમાનંદ ઠરે. ૧
લક્ષ્મી માધવ રામાનુજ શંકર બિલ્વમંગળ વિષ્ણુસ્વામી
ગુરૂપરંપરાથી ત્યાગી, રહો વલ્લભપથ શિરનામી ૨
શ્રીકૃષ્ણના આસ્યરૂપ શ્રીવલ્લભ, વૈશ્વાનરને જેહ વર્યા:
શુદ્ધ નિર્ગુણ પુષ્ટિપથપતિને, શરણ થયાનાં કાજ સર્યા ૩
શ્રીકૃષ્ણના હૃદય પ્રદેશે, બિરાજતાં લક્ષ્મી શોભી:
તેમ શ્રીવલ્લભ હૃદય રસપી ભક્તિ પુષ્ટ બની થોભી. ૪
અનંત પુષ્ટિ ભક્તિ વિલાસો, લીલાક્ષિરાબ્ધિહૃદયવિષે:
પુષ્ટિમાર્ગના આચાર્ય શરણે, સ્વત: થયાને સિદ્ધ દીસે. ૫
અતિ વિલક્ષણ કૃપામાર્ગછે, સ્વરૂપ દઢવું મહા દુર્લભ.
વદે વ્યાસ માતરનો વાશી, ગુરૂ કૃપામાં સૌ સુર્લભ. ૬

॥ યન્નામાર્કો દયાત્પાપ ધ્વાંત રાશિ: પ્રશામ્યતિ॥

વિવેચન–શ્રીવિઠ્ઠલેશપ્રભુના નામરૂપી સૂર્યના ઉદયથી પાપરૂપી અંધકારનો સમુહ નાશ પામે છે. માટે જીવે હંમેશા તેઓશ્રીના નામનું સ્મરણ કરવું એજ ઉત્તમ છે.

સર્વ શાસ્ત્રમાં વર્ણવાતો શ્રીપ્રભુનો મહિમા છે જીવને શ્રધ્ધા વિશ્વાસ સિધ્ધ થાય તો જીવનું સર્વ પ્રકારનું કામ થઈ જાય,

જો તેમના નામનો મહિમા હૃદયમાં દૃઢ નિવાસ કરે તો જરૂર દુઃખદ સંસારની વાસના સમૂળ દૂર થઈ જીવને ખરા કર્તવ્યનું ભાન થાય તે ભાન વડે પ્રભુમાં ભાવની વૃધ્ધિ પામી પ્રપંચ માત્રની વિસ્મૃતિ થઇ સર્વ ઇન્દ્રિયો પ્રભુથી પ્રીતિકરી મસ્તાન બને– જીવની સર્વ ક્રિયાઓ શ્રીકૃષ્ણને અર્થે થાય. તેમાટે શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે કે:–

स्मर्तव्य सर्वदाःकृष्णो विस्मृतव्यः जगत् पुनः
प्रपंच स्मरणे कृष्ण स्मृतिर्नैव भवे दिति.॥
प्रयतेत ततोजीव स्तद्दभावाय सर्वथा।
कृष्णार्थं ता भावनेन गृहादेर्विस्मृति र्भवेत्॥

જીવને સર્વદા કરવા યોગ્ય કર્તવ્ય શ્રીકૃષ્ણનું સ્મરણજ છે. અને વિસ્મરણ કરવા યોગ્ય પ્રપંચ છે. પ્રપંચનું સ્મરણ હોય છે, ત્યાંસુધી શ્રીકૃષ્ણની સ્મૃતિ થતી નથી. માટે જીવે પ્રપંચની વિસ્મૃતિને માટે નિરન્તર પ્રયત્ન કરવો. કારણ ગૃહાદિકની વિસ્મૃતિ; પૂર્વક જીવની ક્રિયાઓ શ્રીકૃષ્ણને અર્થેજ થાય તેવી ઉત્તમ ભાવના કરવી. તેમજ શ્રીમદ્ભાગવત અષ્ટમ સ્કંધમાં શુકદેવ કહે છે કે;

ते सभाग्या मनुष्येषु कृतार्था नृप निश्चितम्॥
स्मरन्ति स्मारयन्ति ये हरेर्नाम कलौ युगे

અર્થાત કલિયુગમાં જે હરિના નામનું સ્મરણ કરે છે, કે તેમનું સ્મરણ કોઇને કરાવે છે; તે સુભાગ્યવાન્ અને કૃતાર્થ

થાય છે. માટે શ્રીકૃષ્ણનું સ્મરણ કરવું, એજ દુઃખદ સંસારનાની વિસ્મૃતિ કરવાનું સબળ સાધન છે. કૃષ્ણ પ્રપંચના કારણરૂપ છે અને તેને હર્તા શ્રીકૃષ્ણ છે. માટે પ્રપંચ કરતાં જીવને પ્રભુ સ્મરણ એજ ખરૂં કર્તવ્ય છે. ગૃહાદિકની અહંતા મમતાની વિસ્મૃતિમાટે અને પ્રભુમાં ભાવની વૃદ્ધિ માટે જીવે પોતાના દેહથી થતી સર્વ ક્રિયાઓ કૃષ્ણાર્પણજ કરવી. અને તેમ કરતાં ઉત્તમ પ્રભુ જીવની કનિષ્ટ ઇચ્છાઓનો ક્રમે ક્રમે નાશ કરી પોતાને લાયક કરેછે.

મૂળમાં"નરનારી" શબ્દવડે એમ સૂચવે છે કે:–સ્ત્રીઓને વૈદિકકર્મો કરવા અધિકાર નથી. એટલે તે અધિકાર વિના તેનું જીવન રદ્દ જાય છે. અને મનુષ્યાવતારમાં કરવા સરખું જીંદગીને સફલ કરવાનું કાર્ય કરી શકાતું નથી.

આ ભક્તિમાર્ગમાં પ્રત્યેકને કહેતાં દ્વિજ;સ્ત્રી અને શૂદ્ર સર્વને સરખો અધિકાર છે. તેથી સર્વોત્તમસ્તોત્રમાં શ્રીવલ્લભનું નામ **स्त्रीशूद्राद्यधृतिक्षम;** એમ છે.

વેદવિહિતકર્મ ન બનવાથી ઘણાકાલથી અનાથની પેઠે ભટકતા, અને અનેક કલેવર ધારણ કરતા, પ્રભુથી વિમુખ બનેલા, જીવોપર દયા કરી, અને પોતાને શરણે લઈ ભક્તિમાર્ગમાં આસક્તિ જોડાવી, અનેક પ્રવૃત્તિના પાપમાંથી ઉદ્ધારી લીધા. રાસવિહારી રસપૂર્ણ શ્રીકૃષ્ણની અનેક લીલાઓનું દર્શન, પાન કરાવી, સકલ સંતાપની નિવૃત્તિપૂર્વક અગણિત સુખ આપ્યું છે. માટે જીવે તેમને શરણે જવું. સ્ત્રી,

બંધુ, પુત્રાદિક તથા દેશ, જે કૃષ્ણની સેવામાં બાધક હોયતો, તેનો ત્યાગ કરવાની તૈયારી કરવી, અને અખંડ અદ્વૈત–સર્વત્ર સર્વોપરી શ્રીકૃષ્ણજ બિરાજે છે, એમ જાણીને જ્યાં ત્યાં શ્રીકૃષ્ણનીજ ભાવના કરવી. અને પ્રેમનો આવેશ શ્રીપ્રભુમાં યોજવો. જેમ અજ્ઞાની લૌકિક જીવો, પોતાનું મન ગૃહ કુટુંબાદિકના પોષણમાંજ અર્પણ કરે છે અને તેમાંજ રચ્યા પચ્યા રહે છે. પરંતુ વૈષ્ણવોએ શ્રીવિઠ્ઠલનાથજીના અનુગ્રહથી શ્રીપ્રભુની સેવા મેળવી; પોતાના સર્વ પ્રેમાવેશથી આઠે પ્રહર તેમાંજ રચી પચી રહેવું. તે કેવી રીતે? કે :—

શ્રીપ્રભુમાટે અમુક વાગો જોઇયે, અમુક સામગ્રી જોઇયે, અમુક ઉત્સવ આવનાર છે, માટે અમુક જોઇશે તેની તૈયારી કરો? પ્રભુ કેમ કેવી રીતે પ્રસન્ન થશે. વિગેરે વાતો ગૃહાદિકથી હળી મળી કરતાં, આ પ્રાપંચિક પદાર્થોમાં પ્રભુલીલાની ભાવના કરવી; એમાં પણ એવો વિચાર રાખવો કે; જે પદાર્થો શ્રીપ્રભુને વિનિયોગ થાય છે; તે સર્વ પ્રભુસ્વરૂપાત્મક છે, અને જે પ્રભુમાં ઉપયોગ નથી આવતા તે કેવળ દોષવાળા અને આસુરસંબંધી છે. ઉપર પ્રમાણે ફલ પ્રાપ્તિનો સઘળો આધાર "શ્રીકૃષ્ણઃ શરણં મમ" એ મહામંત્ર ઉપર છે. માટે નિરન્તર શ્રીકૃષ્ણ કહો કે વિઠ્ઠલ કહો, તેમનું જેણે નામ સ્મરણ કર્યું તે તો બધા મંત્રો સિધ્ધ કરી ચુકયો જ સમજવો. એ શ્રીપ્રભુનું નામ શ્રુતિના સારરૂપ છે. માટે તે નામ નિરન્તર જીવો એ તો ભુલવુંજ નહિ.

શ્રીહરિરાય પ્રભુ કહે છે–

ન ગૃહિતં હરેર્નામ નાત્માદ્યખિલમર્પિતમ્ ।।
ન કૃષ્ણસેવા વિહિતા વૃથા તજ્જન્મ ભૂતલે ।।

અર્થાત્–શ્રીહરિનું નામ સ્મરણ જેને કર્યું નથી. તેમજ આત્મા, પ્રાણ, ધન, વિગેરે સર્વ કંઈ પ્રભુને અર્પણ કર્યું નથી, અને કૃષ્ણસેવા જેણે કરી નથી, તેનો જન્મ આ ભૂતલપર વૃથાજ છે.

શ્રીમદ્ભાગવતમાં કહે છે કે :–

સર્વેષામપ્યઘવતાં ઇદમેવ સુનિષ્કૃતમ્ ।।
નામ વ્યાહરણં વિષ્ણોઃ

અર્થાત્– બધા પાપ વાળા માણસોને પાપમાંથી છુટાવાને માટે ખરો ઉપાય–વિષ્ણુનું નામ સ્મરણ કરવું એજ છે.

શ્રીવિઠ્ઠલપ્રભુ અષ્ટાક્ષર નિરૂપણમાં કહે છે કે–

સદા સ્મરેત્તુ યઃ કૃષ્ણં યમસ્તસ્ય કરોતિ કિમ ।
ભસ્મીભવંતિ તસ્યાશુ મહાપાતકરાશયઃ

હંમેશાં જે શ્રીકૃષ્ણનું સ્મરણ કરે છે તેને યમરાજા પણ શું કરવાનો છે? તેના સઘળા પાપના ઢગલા તત્કાલ ભસ્મ થઇ જાય છે.

વેદવાક્યે મહાવાક્યં પુરાણે ભારતે તથા ।
શ્રીવલ્લભવાક્યાર્થં શ્રીકૃષ્ણઃ શરણં મમ ।।

વેદમાં પુરાણમાં અને ભારતમાં સર્વ ઠેકાણે શ્રીવલ્લભના વાકયના અર્થરૂપ **"શ્રીકૃષ્ણ: શરણં મમ" મંત્ર છે.**

ભગવાન કહે છે કે :–**મદ્ભક્તિયુકતો ભુવનં પુનાતિ**

મારી ભકિતવાળો જન આખા ભુવનને પવિત્ર કરે છે.

માટે આ સંપ્રદાયનો આચાર એવો છે કે :–પ્રથમ શ્રીઆચાર્ય દ્વારા શ્રીકૃષ્ણને સર્વાર્પણ કરી, શરણમંત્ર ગ્રહણ કરવો, અને તેનું તાત્પર્ય વિચારી નામ સ્મરણ કરવું; તેમ કરવાથીજ પ્રભુ ફલરૂપ થાય છે.

સર્વનામોમાં મુખ્ય, સર્વપાપોને નિવારનારૂં શ્રીકૃષ્ણવિઠ્ઠલેશનું નામજ છે. શ્રીકૃષ્ણવિઠ્ઠલની સરખાઇ પાછળ કરી ગયા છીયે, ત્યાં જોવું એટલે વાંચકને તેમાં શંકા ઉદ્ભવશે નહિ. પછી નાસ્તિક તો બિચારો, શંકાના ડુંગર-તળેજ દટાઇ ગયેલો છે, તેને માટે આ ગ્રંથજ નથી.

"દૈવીજીવોને વિશ્વાસ દૃઢ થવા શ્રીગોપાલદાસજી વારંવાર શ્રીવિઠ્ઠલેશનો ભૂતલપર આવિર્ભાવ થવાનો પ્રકાર વર્ણવે છે."

મૂ૦ માયિક મત્ત જેણે ખંડયો;
ભકિત માર્ગ જેણે બહુ પેરે મંડયો।।
ઉત્પથ જન સર્વે દંડયો;
મુરખ હેતુ કુશબ્દ વિતંડયો. ।। ૨ ।।

શબ્દાર્થ— શ્રીવિઠ્ઠલેશપ્રભુ ભૂતલ પર પ્રકટ થઇને માયામતનું ખંડન કરી; વિવિધપ્રકારે ભક્તિમાર્ગને સ્થાપન કર્યો છે. તથા વેદવિરૂદ્ધ વિતંડાવાદીને પંથે પળી ગયેલા મુર્ખજનોને શિખામણ આપનારા છે.

વિવેચન—માયાવાદીઓ બ્રહ્મથી જગત્ને ભિન્ન માની અસત્ય ઠરાવી બેઠા હતા. અને માયાના સંયોગથીજ જગત્ પ્રકટ થયું છે. એમ સમજાવતા માયાવાદીઓ જગત્ને ભગવદ્રૂપ સમજતા નથી. તેવા માયાવાદીઓના સન્મુખ ચોગ્યવાદ કરી, સ્વસિદ્ધાન્ત બતાવી, વિતંડા વાદીઓને પરાસ્ત કર્યા, અને ભક્તિમાર્ગનું સ્થાપન કર્યું આ માયા-વાદનું વર્ણન પાછળ સંક્ષેપ ઘણા વિસ્તારથી વર્ણવવામાં આવ્યું છે; ત્યાં જોવાથી સુગમતાથી સમજાશે. વેદવિરૂદ્ધ ખોટા પંથે ચઢીજનાર માયાવાદી વિગેરેને શિક્ષા કરી સન્માર્ગ બતાવ્યો. અને વેદવિરૂદ્ધ મૂર્ખાઓને બોલતા બંધ કર્યા; શ્રીમદ્વલ્લભપ્રભુએ શુદ્ધાદ્વૈતસિદ્ધાન્તથી જગત્ સત્ય એમ સમજાયું છે. જો જગત્ અસત્ય હોય તો, સૂત્રકારો બ્રહ્મ જગ-તની એકતા સિદ્ધ કરેજ નહિ. તેમ વેદમાતા ગાયત્રી પણ **सवितुः** શબ્દથી જગત્ સત્ય છે, એમ બતાવે છે. અને સત્ જગત્ પ્રસિદ્ધ પુરૂષોત્તમ (तत्) ચતુર્વિધ પુરૂષાર્થ સિદ્ધ્યર્થ જગત્ને પ્રસવ કર્તા **(सवितु)** નિર્દોષ સુન્દર ઉત્તમ **(वरेण्यम)** સ્વરૂપસ્ફુર્તિમાત્રથીજ પ્રમેયબળવડે સર્વ અવિદ્યા ભંજક **(भर्गः)** સર્વજ્ઞ **(देवस्य)** નું ધ્યાન કરી શકાય છે. તેવું વર્ણવે છે.–વળી જગત્માં સ્થિતિ પણ

શ્રીકૃષ્ણનીછે તે સૂત્રથી જોતાં પણ જગત્ મિથ્યા કહી શકાય તેમ નથી. કારણ મિથ્યા જગતની અંદર સ્થિતિ કરવા શ્રીકૃષ્ણ પધારેજ નહિ, પણ તેમ અસત્ય છેજ નહિ. વસ્તુતઃ બ્રહ્મ એકાકી રમણ કરતાજ નથી. દ્વિતીયની ઈચ્છા રાખે છે. એજ આત્મા (એતાવાન) આ જગત્ રૂપે થયા છે. એ પ્રમાણે પોતાનો બ્રહ્મવાદ સર્વથી શ્રેષ્ઠ છે; તે સિદ્ધ કરી બતાવ્યું.

(હવે શ્રીવિઠ્ઠલપ્રભુના શ્રીઅંગનું વર્ણન કરે છે.)

મૂ૦ વદન સુધાકર જ્યોતે,
વચન રસિક રસ રાસ ઉદ્યોતે;
નવજલધન વપુ પોતે,
ભક્તિસરસ કીધાં પ્રભુ હોતે ॥ ૩ ॥

શબ્દાર્થ—શ્રીવિઠ્ઠલેશપ્રભુનું શ્રીમુખ, ચન્દ્રની કળા સરખું પ્રકાશ વાળું છે. અને વચનસુધા મધુરસથી પુર્ણ રાસોત્સવના આનન્દ જેવી પ્રકટછે. વળી તેમનું શ્રીઅંગ નવિન મેઘથી ભરેલાં વાદળના સરખું ઘનશ્યામ છે એ શ્રીવિઠ્ઠલેશપ્રભુ પોતાના તાતચરણે પ્રકટકરેલા અનુગ્રહ-માર્ગને દૃઢ કરી, નિજજનોને ભક્તિરસનું દાન કરનારાછે.

આ પુષ્ટિમાર્ગ છે તેમાં ભગવાન સ્વતઃ કૃપા કરે ત્યારે જીવની લોક વેદથી બુધ્ધિ બહાર થાય છે. ત્યારે તે જીવને

લૌકિકફળ કે વૈદિક ફળની ઈચ્છા (પુષ્ટિમાર્ગના—એટલે ભગવાનની કૃપાવાળા જીવને) થતી નથી તેથી કરી લોક વેદનો ત્યાગ કરવાનું કહેતા નથી. પરંતુ કર્મમાર્ગથી અને વેદ માર્ગથી ભગવાનની કેવળ કૃપાના રસ્તે પળેલા ભક્તો જુદાજ પડે છે એ શાસ્ત્રસિધ્ધ વાત છે.

ભગવાન પોતે કહે છે કે :—

(વશેકુર્વન્તિમાં ભક્ત્યા સત્સ્ત્રિયઃ સત્પતિં યથા ॥)

મારા પ્રેમાળ ભક્ત મને ભક્તિવડે વશ કરીને રાખે છે જેમ પતિવૃતા સ્ત્રીને સત્યવાદી પતિ વશ થઈને રહેછે તેમ ભક્ત મને સ્નેહથી વશ કરે છે.

અસત્ પતિની સેવા પતિવૃતા પોતાના પ્રાણ પાથરીને કરે છતાં પતિના લેખામાં આવતી નથી. ભગવાન કહે છે હું તેવો પતિ નથી. હું તો શુધ્ધ પ્રેમાળ ભક્તની પ્રેમ ભીની સેવા જોઈને કેવળ પ્રેમવશ બની જાઉ છું

જેથી પુન્જમાર્ગીય કહો કે મર્યાદામાર્ગ કહો તેમાં ભગવાન પ્રતિ વાત્સલ્યતાજ નથી. તેમની ભગવત્સેવા અને પુષ્ટિમાર્ગી ભક્તોની પ્રેમરસાવિષ્ટ સેવામાં ઘણો ભેદ છે.

ભગવાન પોતેજ પ્રેમરૂપી મજબુત દોરથી ભક્તોના સર્વાંગને બાંધી રાખે છે તેથી તેને કેવાં વિધિ વચનો નડતાં નથી અને ભક્તિના શિખરે ચઢેલો પડતો નથી. કાલાદિક તેને બાધ કે ભ્રષ્ટ કરી શકતા નથી ભગવાન દશે દીશાથી ભક્તનું રક્ષણ કરે છે.

હિરણ્યા કસ્યપુ એ પ્રલ્હાદને મારવાના ઘણા પ્રયત્ન કર્યા પણ વાંકો વાળ પ્રલ્હાદનો કરી શકયો નહી પરંતુ ભગવાન શ્રીનરસિંહ રૂપે પ્રકટ થઇ વિઘ્ન કરનારને મારી નાંખ્યો.

શુદ્ર રાજા જડભરતજીને પુરૂષ પશુ ગણીને ભદ્રકાળી દેવીને ચઢાવા માટે લઈ ગયો. ત્યાં ભદ્રકાળીના પુજારીઓ તેને મારવાને ઉઘાડી તરવારો લઈ ઉભા થયા. તેજ વખતે ભદ્રકાળીની મૂર્તી ફાટી તેમાંથી દેવી બહાર નિકળ્યાં. અને જડભરતને મારવાનાં હથીયાર વડે જ પુજારી વિગેરેને મારીને તેઓના રૂધીરનું પાન કર્યું ભક્તની પ્રતિષ્ઠા ભગવાન કેવા વિકટ સ્થાને પણ વધારે છે.

દૂષ્ટ દુર્યોધને સતિ દ્રોપદીની લાજ લેવા પોતાના યત્નથી પાછો પડયો નથી પરંતુ જેનો ગિરિધર પક્ષ કરેછે તેને કોઇ કેવો કૃતાન્ત કાળ જેવો પણ કંઇ કરી શકતો નથા. ઉલટો પોતે મહાપાપી બની ભક્તની કીર્તીમાં વૃદ્ધિરૂપ થાય છે.

ભકિત ભગવાનના અનુગ્રહથીજ સિદ્ધ થાયછે અને અનુગ્રહ આત્મામાં રહેલો છે. સાધન સિદ્ધ નથી

"પુષ્ટિમાર્ગ વિષયની ગંધ રહિત તદ્દન નિરાલો છે."

— પદ —

શ્રીમદ્વલ્લભકિતમાર્ગને, દિવ્ય શિરમણિ કીધો સ્પસ્ટ
અતિવિમલ વિષય ગંધ હિન, ભગવદાનંદી ભાવ ઉત્કટ ૧
શુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત પ્રદીપ, કામાખ્ય દ્વેષ દુસંગ વિજ્ઞાન
શિક્ષા પત્ર સમજે સદ્ભાગી, સર્વે ગ્રંથનું કરી સન્માન ૨

વિષયાંધથકી વ્હેવાતાં બચવા, આચાર્યની આજ્ઞાઓ અનુપ
કલુષિ કૃતકી વિશાળ વિવાદી, ઢાંગી પડે સૌ રૌરવ કૂપડ
વ્યાસ સૂત્ર શ્રીભાગવત ગીતા, નિષ્કામ પ્રેમ ભકિત ભાંખે
પ્રમાણ ચારના પ્રકારો જોતાં, સત્ય જુવે અંધી આંખે ૪
શૃંગાર રસીલો શ્રીહરિસમર્યે, લોક વિષય ભવ ભટકણજાય
લીલા ભાવ પરમાનંદ પામી, પ્રેમ હેન્યનું દાન પમાય ૫
આનંદમાં પરબ્રહ્મ બિરાજે, શ્રીમદ્ ગુરૂ શ્રીવિદ્ વદે
વલ્લભી વ્યાસ વધુ શું વરણે, કરે છે જેને જેવું સહે ૬

વિવેચન—ચંદ્ર જેમ પોતાનું અમૃત, કિરણોદ્વારા વર્ષાવી, સૂર્યના તાપથી તપ્ત થયેલા માનવો અને વનસ્પતિનું પોષણ કરે છે; અને સાથે અન્ધકારને ભેદી નાખે છે; તેમજ શ્રીવિઠ્ઠલપ્રભુ ભકિતમાર્ગના ચન્દ્રરૂપ હોવાથી પોતાની પ્રભાવડે ભકિતરસનું પોષણ કરી, જીવોના હૃદય મન્દિરમાં થયેલા અજ્ઞાનરૂપી અંધારૂં, તેનો નાશ કરનારા છે. તેથીજ શ્રીમદ્વલ્લભનું નામ અજ્ઞાનાન્ધકાર; કરી વર્ણવે છે. અને શ્રીવિઠ્ઠલેશ સ્વરૂપે બિરાજમાન થયા છે. એટલે એમના સ્મરણથીજ માનવ ભકિતયુકત થાય છે.

"એ પ્રકારે દેવીજીવોને ઉપદેશી ભકિતમાર્ગને દૃઢ કરી, નિજજનોને પોતાની લીલામાં અંગીકાર કરવા લાગ્યા તેવું હવે પછી ગોપાલદાસજી વર્ણવે છે."

મૂ૦ ભક્તિપક્ષ દૃઢ કીધો,
વચન સુધારસ જનશ્રુતિ પીધો;
અર્થ સકલ તેનો સીધો,
તે લીલા માંહે તાણીને લીધો. ॥ ૪ ॥

શબ્દાર્થ—જીવોએ પોતાના કાનદ્વારા, શ્રીવિઠ્ઠલેશ પ્રભુનાં વચનામૃતનું પાન કર્યું તે વચનામૃત એવાં સરલ અને સકલ અર્થ સાધક છે કે, તે વચનામૃતરૂપી કૃપાપ્રસાદદ્વારા એકા એક પ્રભુની લીલામાં જીવનો અંગીકાર થાય છે તેવા રીતે ભક્તિ પક્ષ પણ દૃઢ થાય છે.

વિવેચન—શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ; પોતાના વચનામૃતરૂપી ઉત્તમ ગ્રંથોવડે, ભક્તિમાર્ગની મર્યાદાને સુદૃઢ કરી; તે પ્રતાપવડે કઠોર અને નાસ્તિકજનોના સમાગમથી, શાસ્ત્રપર શ્રદ્ધારહિત થઇ પીડાતા દૈવીજનોના સંશયને ટાળી નાંખી, તેમની આન્તર દ્રષ્ટિ ખોલી એકદમ ભગવદ્લીલાનો અનુભવ કરાવ્યો. એવાં શ્રીવિઠ્ઠલપ્રભુના રસથી પૂર્ણ, સરલ અને શાસ્ત્રના નિચોલાર્થરૂપ સુગમ વચનામૃત છે. હવે, જે જીવમાં બીલકુલ ભક્તિનું બળ ન હતું, તેવાને પણ, શ્રીવિઠ્ઠલનાથજી પોતાનું રમણીય પુરૂષોત્તમત્વ બતાવવા; સંસાર સમુદ્રમાંથી જીવોને પોતાના કૃપા બળે ઉદ્ધારી લીલારસનું પાન કરાવ્યું. તેમ પૂર્વે શ્રીકૃષ્ણે પણ, ભક્તિનાબળથી રહિત ગાય, ગોપ, ગોપી વિગેરે નિઃસાધનજીવોને ફળની સિદ્ધિ આપી છે. અજ-

મિલને પુત્રના નામથી તારી, પોતાનું પુરૂષોત્તમત્વ બતાવ્યું છે. તેમજ પુષ્ટિમાર્ગમાં કેવળ નિઃસાધન સ્ત્રી, શૂદ્રવિગેરેનો શ્રીવલ્લભવિઠ્ઠલની કૃપાદૃષ્ટિએ સકલકાર્યની સિદ્ધિ પૂર્વક ઉદ્ધાર થાય છે.

વૈષ્ણવે નિરન્તર સમજવું કે—આપણામાં કંઈજ સામર્થ્ય નથી. જ્યારે પ્રભુ કૃપા કરી સામર્થ્ય અર્પે છે, ત્યારેજ કોઈ પણ કાર્ય કરી શકાય છે. પૂર્વે રાસપંચાધ્યાયીમાં કહ્યા મુજબ સર્વત્ર પ્રતિબંધની નિવૃત્તિ પૂર્વક ગોપીજનોને પ્રભુ પાસે જઇશકાયું, અને તેઓને શ્રીપ્રભુની વિશુદ્ધલીલાનો લાભ થયેલો, તે કેવળ શ્રીપ્રભુના કૃપાપ્રસાદવડેજ સમજવું. પુષ્ટિમાર્ગમાં તમામ કાર્યોનું કારણ પ્રભુઇચ્છાજ છે. તે પ્રભુઇચ્છા પ્રતિકૂળ હોયતો, તેમના અનુભવરૂપી ફલમાં પણ વિક્ષેપ થાય છે. અને વૈષ્ણવ દીન થઈ પ્રભુની ઇચ્છાને આધિન વર્તેતો પ્રભુ દયા કરે છે. કેમકે પ્રભુ દયાળુ અને **દીન વત્સલ** હોવાથી દીનજનોપર દયાકરી, પોતાનું દયાલુત્વ બતાવવા ઇચ્છા અનુકૂળ કરે છે. એટલે દીન ભક્તને કંઈજ કાર્ય દુર્લભ નથી. (જુઓ આપણે લૌકિક દૃષ્ટિથી જોઇએ છીએ કે:—દીનતાવાળા મનુષ્ય ઉપર સર્વ કોઈ દયા કરે છે માટે દીનતા એજ સર્વોપરી પ્રભુને પ્રસન્ન કરવાનું સાધન છે. અને એમાંજ નિઃસાધન તત્વ સમાયેલું છે. **ન દૈન્યં પરંમ યસ્ય વૃથા તજજન્મ ભૂતલે** ભલે જીવો, હું બ્રહ્મ છું, એમ કરી માનનારા અભિમાની, બ્રહ્મ થવાના સાધનના

ચરણે ચડી રહો? તથાપિ આપણે વૈષ્ણવે તો શ્રીવિઠ્ઠલગુરૂનાં બતાવેલાં દૈન્યમય દાસભાવનાં સાધનો કર્તવ્ય છે. અને તેથીજ પ્રભુ પ્રસન્ન થાય છે. એવું દયારામ કવિ પણ કહે છે કે–

દીનતા ભાવ અન્તરમાં સ્નેહ,
પ્રભુ પ્રસન્તાનું કારણ એહ,
નિશ્ચય માનજો નહિ સંદેહ
તો દેહ દમો શા કારણેજી. ॥

માટે દૈન્યભાવ પ્રભુ કૃપાકરી હૃદયમાં પ્રકટાવે, તેને પરમ નિધિરૂપ જાણી તેની રક્ષા કરવી. એ દૈન્યભાવવડેજ ગોપીજનને ગોવિન્દ મળ્યા છે; અને મર્યાદામાર્ગમાં કૌડિન્યઋષિને અનન્ત? અનન્ત? નામને દીનતાવડે પોકારવાથી પ્રભુ મળ્યા છે. તે શ્રીવલ્લભાચાર્ય પોતાના સન્યાસનિર્ણય ગ્રંથમાં કહે છે કે :–

કૌડિન્યો ગોપિકાઃ પ્રોકતા ગુરવઃ સાધનં ચ તત્
ભાવો ભાવન યા સિદ્ધઃ સાધનં નાન્ય દિષ્યતે ॥

માટે રસિક સુબુદ્ધિશાળીએ નિરન્તર દીનભાવવડે શ્રીમદ્વલ્લભવિઠ્ઠલ કહો કે–કૃષ્ણ કહો, તેમને શરણે થઈ રહેવું, એમનો આશ્રય એજ પરમ શાન્તિનું સ્થાન છે;

એવું સૂત્ર જાણવાવડે, જેમ પ્રભુ પ્રલ્હાદનો પક્ષ કરી બ્હારે ધાયા, તેમ ભકતવત્સલ ભગવાન હૃદયમન્દિરમાંથી ભાવાર્તિવડે, બ્હાર પ્રકટ થઈ, એક ક્ષણમાં અનુભવ કરાવી સકલ કાર્ય સિદ્ધ કરે છે.

(શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ પોતાની કૃપાના બલથી વિચારે તોજ જીવોને પ્રભુનો અનુભવ થવાનો છે; તે શિવાય થવાનો નથીજ તે નિરૂપણ થયું. હવે ભકતોના ભાગ્યની દશા વર્ણવે છે.)

મૂ૦ જે લીલામાં અંગીકૃત કરીયેરે,
તેનો સકલ તાપ નિસ્તરીયેરે,
જેને શ્રીવિઠ્ઠલનાથ વિચારે રે,
તેને પ્રકટ પદારથ ચારે રે. ॥ ૫ ॥

ઉપરાન્ત ભજન ફલ આપે રે,
વ્રજમંડલ સ્થિર કરી સ્થાપેરે;
તેને દેવ મુનિ સર્વે ગાયેરે,
તે તો સર્વે ઉપરાન્ત સોહાયેરે. ॥ ૬ ॥

તેને કાલ કર્મ નવ બાંધેરે,
યમ તે શિર ધનુષ ન સાંધે રે;

એવો માર્ગ શ્રીવલ્લભવરનોરે,
જ્યાં નહિ પ્રવેશ વિધિ હરનોરે ॥ ૭ ॥

શબ્દાર્થ—જેને શ્રીમદ્વિઠ્ઠલપ્રભુ પોતાની લીલામાં અંગીકાર કરે છે. તેના તમામ તાપ નિવૃત થાય છે. અને તેને પોતાનો કરી જાણે છે. એટલે તેને ધર્મ, અર્થ, કામ, મોક્ષાદિ ચારે પુરૂષાર્થ સહજ સિદ્ધ થાય છે. ૫ તેથી અધિકમાં તે જીવને ભજનાનન્દ વાળુ, પોતાનું નિવાસસ્થાન જે વ્રજ, તેમાં નિવાસ કરતા ભક્તોના મંડળમાં નિરન્તર વાસ આપે છે. એવા પ્રભુનું દેવો, અને મુનિઓ ગુણગાન કરે છે. તે પ્રભુ સર્વથી શ્રેષ્ટ સુખરૂપે શોભે છે. ૬

એ શ્રીવિઠ્ઠલનાથના શરણવડે વ્રજમાં નિવાસ પામેલા જીવોને કાળ કે કર્મ બાધી શકતું નથી. તેમજ યમરાજાનું પણ તેમના ઉપર કોઇ પણ પ્રકારનું બળ ચાલી શકતુ નથી. એવો શ્રીવલ્લભાચાર્યનો પવિત્ર પુષ્ટિમાર્ગ છે. કે જેમાં બ્રહ્મરૂદ્રનો પણ પ્રવેશ નથી. એટલે તેમને જે ભક્તજનો સુખ વિલસે છે તે સુખ સ્વપ્નને પણ નથી. ૭

વિવેચન—જેના ઉપર શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ અનુગ્રહથી ઢળે છે, તેના ધર્મ, અર્થ, કામ, મોક્ષાદિ પુરૂષાર્થચતુષ્ટય

સહજ સિદ્ધ થાય છે; અને શ્રેષ્ટ જે પ્રભુસેવા, મળવામાં જરાપણ વિલંબ થતી નથી. પુષ્ટિમાર્ગમાં મર્યાદામાર્ગથી પુરૂષાર્થચતુષ્ટય જુદા પ્રકારનું છે. તે વૈષ્ણવે જાણવાની જરૂર છે. વૈષ્ણવના પુરૂષાર્થચતુષ્ટય,

૧ સર્વાત્મભાવનાથી હંમેશાં વ્રજાધિપશ્રીકૃષ્ણની સેવા કરવી એજ ધર્મ

૨ અર્થ નામના બીજા પુરૂષાર્થનો ભાવાર્થ એ છે કે—ધન પેદા કરવું. યોગક્ષેમને માટે તૈયારી કરવી. યજ્ઞ વિગેરે કરવા સામગ્રી મેળવવી—વિગેરે જે જે અર્થમાં સમાવેશ થાય છે. તે સર્વ પ્રભુની સેવા કરનાર ભગવદીયનું ભગવાનજ સિદ્ધ કરી લે છે. અર્થાત્ અર્થમાં પણ ભગવાન્ ઉપર વિશ્વાસ રાખવો એજ—**અર્થ યોગક્ષેમં વહામ્યહમ્**

૩ સર્વાત્મભાવથી શ્રીગોકુલાધિશપ્રભુ હૃદયમાં ધારણ થાય તો પછી ભગવદીયને આ લોકનો અને વૈદિક કર્મોનો કયો મનોરથ બાકી રહે છે? કોઇ નહિ—અર્થાત્—પ્રભુને હૃદયમાં ધારણ કરવા એજ **કામ.**

૪ પુષ્ટિમાર્ગમાં ભક્તિ એ સાધન છે. અને તેજ ફલ છે. માટે વ્રજાધિપતિ શ્રીકૃષ્ણના સ્મરણ ભજનરૂપી ભક્તિ સિદ્ધ થાય, એજ પરમ ફલરૂપ **મોક્ષ પુરૂષાર્થ** છે.

એ બધા પુરૂષાર્થ શ્રીવિઠ્ઠલપ્રભુની કૃપા હોય તોજ સુલભ છે. તેમની લીલામાં જેમને અંગીકૃત કર્યા છે તેમના આધિ, વ્યાધિ, ઉપાધિ, ત્રિવિધ તાપ કહેતાં આધિક, વાચિક, અને માનસિક ત્રણે તાપ સાથે જન્મ જન્મના દોષો દૂર થાય છે. કે જે દોષો જે પ્રભુસમિપ જવા પ્રતિબંધ કરતા હતા.—એવી રીતે શ્રીવિઠ્ઠલપ્રભુના આશ્રિત વૈષ્ણવને સદાનન્દનું દાન કરેલું છે. શ્રીવિઠલેશપ્રભુનું સ્વરૂપ નિ:સાધનભકતોના તાપને હરનારૂં છે.

तापं हरति भक्तानां तदानन्दपदाम्बुजम् ॥
यदंगुलिनखानन्दचन्द्रशैत्यं सदा हृदि ॥

અર્થાત્—તેમના એકેક નખની છટાજ એવી રમણિક છે કે: તેના આગળ કોટિ ચન્દ્રમાની કલાઓ પણ લજ્જા પામે છે. એવી દશાંગુલિમાં દશનખચન્દ્ર છે. એ નખ ચન્દ્ર જે વૈષ્ણવોએ પોતાના હૃદયમાં ધારણ કર્યા તેના સર્વ તાપ અને સંતાપ નિવૃત થઇ પરમ શાન્તિ જેને કહે છે તે પ્રાપ્ત થાય છે. તેમ દેવતાઓ અને મુનિજનો પણ ગાઇ રહ્યા છે. ૬

વળી તે પ્રભુના લીલાસ્થાનમાં ગયેલા જીવને કાલ કે કર્મ બંધન કરી શકતા નથી, અને યમરાજાનો જરાપણ અલ્લાઓ તેના પર પહોંચતો નથી. પણ, વેદમાં સંપૂર્ણ કીર્તિત થયેલા સત્યલોક બ્રહ્મલોકાદિ સર્વોપરિ પદાર્થ કહેવાય છે. તેનાથી પણ અધિક ફળવાળા પ્રભુના અધરામૃતનું પાન કરવાનો લાભ શ્રીવિઠ્ઠલપ્રભુની કૃપાથી મળે છે.

તેથી જે કોઇ વૈષ્ણવ શ્રીકૃષ્ણની સેવામાંજ સર્વદા સ્થિત થઇ રહેતા હોય તેમણે તો ભૂલે ચુકે પણ અન્યાશ્રયરૂપી દોષ કાળજીપૂર્વક જાળવવો જોઇએ. અને દૈન્યભાવમાં સ્થિરતા કરવી જોઇયે. તેવી દૃઢાશ્રયસિધ્ધિ શ્રીવિઠ્ઠલના ગ્રન્થોનો બોધ થવાથીજ થાય છે. અને આશ્રયસિધ્ધિવડે સર્વોત્તમસ્તોત્રમાં કહ્યા મુજબ, શ્રીકૃષ્ણના અધરામૃતની સિધ્ધિ પ્રાપ્ત થાય છે. તેમાં જરા પણ સંશય નથી. "**कृष्णाधरामृतास्वाद सिद्धिरत्र नसंशय**" માટે શ્રીવિઠ્ઠલે પોતાના ગ્રન્થોમાં બતાવ્યા હોય તેજ ધર્માચાર દીનતાથી કરવા; તદુપરાન્ત બીજા કોઇ પણ સાધનની અપેક્ષા પ્રભુ રાખતા નથી. પ્રભુ પોતે સર્વભવન સમર્થ હોવાથી, દૈવીજનની દૈન્યસેવાથીજ પ્રસન્ન થઇ, સર્વમનોરથ પૂર્ણ કરેછે. અને પોતાની લીલામાં નિરન્તર વાસો આપે છે.

એટલે તે અલૌકિક લીલામાં શું આ લૌકીક દેહ હોય છે? ના—તેમ હોતુ નથી. ત્યાંતો દેહ પણ અલૌકિક એટલે પ્રભુ પોતેજ હોય છે. અને તેને ભોગવવાનું બધું અલૌકિક અનન્દમય પ્રાપ્ત થાય છે. આવા અલૈકિક લીલાના સ્થળમાં અખંડ શું થાય છે? તે કહે છે.

મૂ૦ જ્યાં નિત્ય રાસ બહુ પેરે રે,
મધ્ય નાયક નૃત્યત ઘેરે રે;
જ્યાં રત્ન જટિત તટ સરિતારે,
નવ પલ્લવ ભૂમિ હરિતારે. ॥ ૮ ॥

જ્યાં રત્ન ધાતુ ગિરિરાજે રે,
વાજિંત્ર વિવિધ ધ્વે રે વાજે રે;
જ્યાં યુવતિ યુથ બહુ માંહે રે,
શ્રીજીશ્યામલ વર્ણ સુહાયે રે. ॥ ૯ ॥

એણી પેરે શ્રીગોસાંઇજીને જાણો રે,
જાણી અહર્નિશ ગાઇ વખાણો રે;
જે જીવ જાત હોય કોઇરે,
તેને તતક્ષણ સર્વે સુખ હોઇ રે. ॥ ૧૦ ॥

શબ્દાર્થ—એ પ્રભુના લીલા સ્થાનમાં વિવિધ પ્રકારથી રાસરમણ થાય છે. અને સર્વપ્રકારના રમણમાં શ્રીપ્રભુના આગળ ભક્તનું આધિપત્ય છે. એટલે પ્રભુ સર્વ ભક્તોને ઘેરી નૃત્ય કરે છે. વળી ત્યાં શ્રીયમુનાજી મનોહર રત્નોથી જટિતથયેલા કીનારાવડે શોભી રહ્યાં છે. અને ત્યાં ભૂમિ પણ નવિન વૃક્ષનાં પલ્લવવડે હરિયાળી દર્શી રહી છે. તેમજ શ્રીગિરિરાજજી પણ રત્નસુવર્ણમય બિરાજી રહ્યો છે. વિશેષમાં વિવિધ પ્રકારનાં વાદ્યોનો મધુર નાદ થઈ રહ્યો છે. આવા રમણિક સ્થાનમાં ગોપીજનોનાં ટોળા વિષે, સર્વના નાથ શ્રીકૃષ્ણ, શ્યામસુન્દર રંગથી શોભી રહ્યા છે. ૮–૯.

એ શ્યામસુભગરંગથી શોભતા શ્રીકૃષ્ણ, એજ શ્રીગોસાંઇજીનું સ્વરૂપ સમજવું. તેમને શરણે કોઇ પણ જાતનો જીવ જાય તો, તેને તત્કાલ સર્વપ્રકારનું સુખ પ્રાપ્ત થયા શિવાય રહેજ નહિ; તેમાં જરા પણ સંશય નથી. ૧૦

વિવેચન—એવા નિત્યરાસલીલાના સ્થાનમાં, વિવિધરસભોગચતુરરસિકપુરૂષોત્તમસાથે, રાસમંડલ મંડન ભગવદ્દીય સર્વકામભોગ કરે છે.

શ્રુતિ કહે છે કે—

સોઽશ્નુતે સર્વાન્ કામાન્ સહ બ્રહ્મણા વિપશ્ચિતા

રાસમંડન

આરંભમાં શુધ્ધપુષ્ટભગવદ્દીયોપર, જ્યારે પ્રભુ કૃપા કરે છે; ત્યારે પરમરસિકપ્રભુ; બ્રહ્માનન્દમાંથી ઉધ્ધાર કરે છે. **બ્રહ્મવિદ્ આપ્નોતિ પરમ્** અને ત્યારેજ ભક્તને લીલોપયોગી અલૌકિકદેહપ્રાપ્ત થાય છે. ત્યારપછી અપ્રાકૃત લીલાયોગ્ય, આનન્દમય, બ્રહ્મમય, એવા ભગવદ્દીયનાં દ્વાદશ અંગો સાથે પ્રભુ લીલા કરે છે, ભક્તોને એ અલૌકિક અંગની પ્રાપ્તિ થતાંજ, પ્રભુ સાથે, સંભાષણ, આશ્લેષ, ક્રીડા વિગેરે અનેક રસભોગવવાની ઇચ્છા થાય છે. તે ઇચ્છા થતાં તુરત ભગવદ્દીયનું મન અને વાણી એકત્ર થઈ ભગવદ્રસમય થઈ જાય છે. એ પ્રકારે સર્વેન્દ્રિયો પ્રભુથીજ રતિ જોડી રહે છે. તે

વખતે પરમરસિકભક્તને, બાહ્યાભ્યન્તર પ્રેમ, પ્રેમ ને પ્રેમ-નીજ જ્યોતિ પ્રકટિ રહે છે. અને રસિકપ્રભુને મેળવવા માટે "ત્રુટિર્યુગાયતે ત્વામપશ્યતામ" એમ પ્રભુના દર્શનશિવાય એક પળ પણ યુગસમાન માને છે. નિરૂપાધિસ્નેહશિવાય એક પળ પણ તે ભક્તને રુચતું નથી. ભગવદ્રસ એજ રસિકભક્તનું જીવન, અંગ અને સંપત્તિ છે. રસશાસ્ત્રોક્ત દૃગ્ભંગ, મનઃસંગ, સંકલ્પ, જાગરણ, કૃશતા, રતિ, લજ્જા, ત્યાગ, ઉન્માદ, મૂર્છા, પૂર્ણપ્રેમ, આસક્તિ, વ્યસન, એ શિવાય અનેક વિપ્રયોગરસના મહાનુભવ આ ભક્તમાં પ્રકટ થઇ રહે છે, એ વિરહ કલેશ સહન નહિ થઈ શકતાં હે પ્રભો! હે રમણ! ક્વાસિ? ક્વાસિ? એ પ્રમાણે પુનઃ પુનઃ પ્રિલાપ કરેછે.

વિકલત્વં તથાઽસ્વાસ્થ્યં પ્રકૃતિઃ પ્રાકૃતં ન હિ। સ૦ નિ૦

વિરહમાં થતી વિકલતા અને અવ્યવસ્થતા, તે સ્વ-ભાવિક અને અલૌકિક છે.

પરમભક્ત વિકલ બની અસ્વસ્થ થાય છે. વિરહમાં થતી વિકલતાઓને અસ્વસ્થતા તે સ્વાભાવિક અને અલૌકિક છે. એટલે બ્રહ્માનન્દની અધિકતાને પણ કોરે મુકે એવા પુર્ણા-નન્દરૂપ વિપ્રયોગથી આ ભગવદીયોના પ્રાણો, જેમ ખીલે બાંધેલું બગ કોઇ પણ સ્થાનનો આશ્રય નહિ કરતાં, સૂત્રબધ્ધ બીલાનોજ આશ્રય કરે છે–તદ્વત આ ભગવદીયની દેહેન્દ્રિયને બીજા કોઇનું સ્થાન પ્રિય નહિ હોવાથી, પોતાના પ્રાણને વ્હાલા રસિકપ્રભુનોજ આશ્રય પ્રિય છે: વિપ્રયોગદશાથી આ ભગવદીય મરણને શરણ થવા બરોબર થાય છે.

"કઃ હિ એષ અન્યાત્ કઃ પ્રાણ્યાત્ એષઃ
આકાશઃ આનન્દઃ ન સ્યાત્ એષ એવ આનન્દયતિ"

ભગવાન રસ રૂપ છે. આ ભગવાનના રસને મેળવીને વિરહીજીવ આનન્દી થાય છે. જો આનંદમય અને આકાશ રૂપ ભગવાન્ શ્રીકૃષ્ણ ન હોય તો જીવને (આ વિરહ-દશાના તાપમાંથી કોણ જીવાડે? કોણ આનન્દ વડે પૂર્ણ કરે? આ પરમાત્માજ જીવને આનન્દ રૂપ કરે છે.

શુદ્ધાદ્વૈતમાર્તંડમાં કહે છે કે—

ઉદ્ભૂતૌ પરમક્લેશૌ વિરહાનલસંભવઃ ।
યદા દેહાદિનાશાય સમર્થૌ જાયતે તદા ।।
નિજં શ્રીમત્કૃષ્ણચન્દ્રઃ સ્વાધિકારાનુસારતઃ ।
પરમાનન્દલીલાં તાં અનુભાવયિતા પ્રભુઃ ।।

અર્થાત્—જ્યારે જીવને વિરહરૂપી અગ્નિથી થએલો પરમક્લેશ દેહ વિગેરેને નાશ કરવા તૈયાર થાય ત્યારે શ્રીમદ્શ્રીકૃષ્ણચન્દ્રપ્રભુ તે જીવના અધિકારને અનુસાર પરમા-નન્દ લીલાનો અનુભવ કરાવે છે.

શ્રુતિઓ પણ કહે છે કે:—જો પૂર્ણાનન્દપ્રભુ પ્રકટ ન થાય તો, આવી વિરહાત્મક દશામાંથી કોણ બચાવે? આ વિરહી ભક્તના સાક્ષાત્ લીલોપયોગી દેહ થઈ જાય છે. વધારે સ્ફુટ કરી કહિયે તો, ભક્તના અન્નરૂપ પણ પ્રભુજ થાય છે.

પ્રાણરૂપ, વાયુરૂપ, શ્રોત્રરૂપ, નેત્રરૂપ, ત્વચારૂપ, અને આત્મા રૂપ પણ પ્રભુ પોતેજ થઈ પ્રત્યેક ઇન્દ્રિયોરૂપ પોતે પ્રકટ થાય છે. ભકતનો વિયોગ તો એટલો બધો બલિષ્ટ થાય છે કે:– જ્ઞાનનો પણ તિરોભાવ થઈ જાય છે. આ પરમભકતને ભગવાનનું મહાત્મ્યજ્ઞાન તે પણ બાધકરૂપ નિવડે છે. શ્રીહરિરાયમહાપ્રભુ આજ્ઞા કરે છે કે–

જ્ઞાનં સકલં દોષાણાં દાહકં પરિકીર્તયેત્ ।।

તથાપિ ભગવત્પ્રાદુર્ભાવાય પ્રતિબંધકમ્ ।।

તિરોહિત પામેલા જ્ઞાનની અન્દર વિજ્ઞાનમય પરમાત્મા પોતેજ પ્રવેશ કરે છે. આ પ્રમાણે વિરહાવસ્થામાં આકુળ વ્યાકુળ થયેલા ભકતને પ્રકટદર્શન આપવા પ્રભુ ઇચ્છા કરે છે. અને પ્રકટ થઈ ભકતની સર્વેન્દ્રિયનું પોતાની મુખ સુધાથી પોષણ કરે છે. **રસો વૈ સ:** રસરૂપ, પૂર્ણાનન્દ, લીલૈક ચાતુર્ય એવા શ્રીકૃષ્ણને મેળવી પરમભાગ્યવાન્ વિરહિભકત પરમાનન્દને પ્રાપ્ત કરે છે, તેમ તે વખતે રસિકભકતને રસિકપ્રભુ સાથે વિવિધ પ્રકારે રમણ કરવાની ઇચ્છા થાય છે; તે પૂર્ણ કરે છે. વળી તે રાસસ્થલીમાં શ્રીયમુનાજી, નિકુંજ, મંડપો, ઉપવન, ગુફાઓ; ગિરિરાજાદિપર્વતો, ભૂરી, શૃંગીગાયો, અને અનેક અવ્યકતપક્ષિયોથી આવૃત પરમ રમણિક સ્થાન છે. આ સ્થાનમાં ભકતજનો પોતાના દ્વાદશ અંગોથી પ્રભુસાથે આઠ પ્રકારે આનન્દનું પાન કરે છે. ત્યાં

રસાત્મકપુરૂષોત્તમસાથે અનેકાનેકરમણિય શૃંગાર રસનો આશ્રય કરી, રસનું પાન કરે છે. શ્રુતિ કહે છે કે—

સ અશ્નુ તે સર્વાન્ કામાન્ સહ બ્રહ્મણા વિપશ્ચિતા

પરમ ભાગ્યશાલી વિરહયુકતભકત રસભોગચતુર રસિક-પુરૂષોત્તમ સાથે સર્વ કામ ભોગવે છે.

વિવિધરસ ભોગવવામાં વિલાસી રસિક રાસશિરોમણિ શ્રીપુરૂષોત્તમસાથે રાસમંડલભૂષણભકતો, નિત્યલીલા કરે છે. ભકતની ઇચ્છા એજ પ્રભુની ઇચ્છા હોય છે. ભકતેચ્છાનુસાર વર્તવું, એજ એમનું ભૂષણ છે. **ભકત્યા વશે કુર્વન્તિ માં ભક્તયા** વળી **અહં ભકત પરાધિન:** એવું પ્રભુનું વાકયજ છે.

(એવી રીતે નિત્યલીલામધ્યપાતિ પરમભાગ્યવાન પુષ્ટિ-માર્ગીયભકતો, પ્રભુના અધરામૃતરસનું પાન કરી રહ્યા છે. અને એ રાસરસિકલુબ્ધ, શ્રીકૃષ્ણ એજ શ્રીવિઠ્ઠલનાથ જાણવા, એ બન્નેમાં જરાપણ ભેદાભેદ માન્યા શિવાય હરકોઈ વૈષ્ણવ ભાવથી ભજે તો તેને, પરમશ્રેષ્ટ શ્રીકૃષ્ણાધરામૃતરૂપી ફલ પ્રાપ્તિ થતાં જરાપણ વિલંબ થતી નથી.

તથાપિ તે શ્રીમદ્વિઠલાધીશના પરમ કલ્યાણકારી સ્વ-રૂપને સમજી બેશી રહેવાથી ઉપરનું ફલ પ્રાપ્ત થતું નથી; પણ જેમ બસોબાવન ચોરાશી વૈષ્ણવે પોતાની દૈહેન્દ્રિયને પ્રભુસેવામાં વશ વર્તાવી સર્વસ્વ અર્પણ કરી, પ્રભુના થઈ રહ્યા હતા. તેમ શ્રીવિઠલપ્રભુનું ગુણગાન કરી, તેમના

સ્વરૂપના સ્મરણમાં અને સેવામાં એકતારવૃત્તિ કરે, તોજ ઉપરનું ફલ પ્રાપ્ત થાય છે.

પરમભાગ્યશાળી શ્રીગોપાલદાસજી મૂળમાં સર્વ જાતના જીવ અંગીકાર કર્યાનું કહેતાં કેવળ વિપ્રયોગનો ભાવ દર્શાવે છે અને અન્તઃકરણમાં કહે છે કે:—હે પ્રભુ! હું આપનાદાસનો દાસ છું. તેને આપનાથી થયેલો વિયોગ કયારે નિવારશો?

મૂ સેવકજન દાસ તિહારોરે, તેનો રુપવિયોગ નિવારોરે૧૧

શબ્દાર્થ—હું આપનો સેવક છું-' પણ મને મારા સ્વરૂપનું ભાન નથી. તે ભાનકરાવી તથા આપનો વિયોગ કૃપા કરી દૂર કરો.

વિવેચન—શ્રીગોપાલદાસજી વિપ્રયોગશબ્દવડે એમ સૂચવે છે કે—હે કમલનયન! હેચપલનયન! ! હે વિચિક્ષણ વિઠલ!!! ભક્તજનોના તાપને હરનારાં આપનાં શીતલનયન કમલોનું દર્શન કયારે આપશો? અને હું આપનો દાસ છું. તેમ આપના સ્વરૂપનું દર્શન કરવા માટેની ઉત્કૃષ્ટ આર્તિ તે કયારે પૂર્ણ કરશો! મને કર્તવ્યવિમુખ થતાં અટકાવી, હે વૃન્દાવનભૂષણ! સદાનન્દરૂપ એકરસ જે આપનું સ્વરૂપ છે, તેનું સાક્ષાતકાર સુખ કયારે આપશો? હે વિઠલ! મને વિરહસમુદ્રમાં ડુબતાં તમોજ તારી લેવા સમર્થ છો. એટલે મારી વિયોગાર્તિને હવે જલ્દી હરો. તમો નિઃસાધનભક્તોના અધિપતિ છો. અને હું વિરહવ્યાકુલ દેહેન્દ્રિયમનાદિકથી શિથિલ થઈ, દર્શનાર્તિથી

વ્યગ્ર થઈ રહ્યો છું; તેમજ હું આપ વિના બધાં સાધનથી રહિત છું. માટે હવે આપના સ્વરૂપનું દર્શન આપી, આર્તિ હરવાનું કામ આપનું છે, તે કરો. શું આપ મારા અન્તઃકરણની વાત જાણવાને અસમર્થ છો? કે જેથી મારે પ્રાર્થના કરવી પડે? તથાપિ અધિર છું. હું સર્વનો આશ્રય છોડી, તમારેજ શરણે થયો છું. હવે તમારા વિના મને બીજે કંઈ સુજતુ નથી. માટે આંધળાની લાકડીરૂપ પણ તમોજ છો.

હે શ્રીવિઠ્ઠલ! આપ શરણે લ્યો છો તોજ જીવને સંસારના દુઃસહદુઃખથી રીબાતાં બચી, જવાય છે અને જીવનકર્તવ્યનો માર્ગ સૂઝે છે. માટે હવે મારી સર્વેન્દ્રિયો આપના સન્મુખ રાખવાજ વિચારશો.

"પુષ્ટિ માર્ગીય ભક્તોની કપરા કાલપર જીત છે."

—: પદ :—

લક્ષ્મણ ભટના પુત્ર થઇ, કરી કપરા કાલપર જીત;
વિદેશી વિધર્મી અધર્મીયોની, ભસ્મ સાત કરી. ભીત ૧
આનંદ આર્યા વર્તમાં, ઉદયો અતુલ પ્રતાપ;
શમાવ્યા દૈવીજનનાતાપ, મિટાવ્યા માયાવી સંતાપ. ૨
પૂર્ણ ભાવ કૃષ્ણાનના, સ્થાયિભાવ રસ રૂપ;
આવિ દૈવિક ફલ રૂપા, કેવલ વિરહી સ્વરૂપ. ૩
વલ્લભીયોનું પરમ ધન, સર્વ ભૂવન સુખકારી;
નિષ્કંચનને નવિન સુખદા, સર્વાત્મ ભાવદા ભારી. ૪

અત્યુદાર દયાળ મહાનિર્મલ, હૃદય વિશાળ બ્રહ્મવાદી;
સ્વધર્મે જીત્યા સૌ માયાવી, બુદ્ધિ નિષ્ઠા વેદ સાદી. ૫
પ્રેમ ભક્તિની પ્રચંડ પતાકા, અક્ષર ભવને ફરકે;
ભજનાનંદનો અનુભવ કરીને, ભક્તો પ્રેમરસમાં ગરકે. ૬
ત્રિગુણાત્મક માયાથી અનેરો, ત્રિગુણાતિતનો ખેલ;
દૈવનો ખેલ તે દૈવી જાણે, જાણે ન આસુરી બેલ. ૭
ભર્ત ભૂમિની દિવ્ય સંપદા, આનંદમાં રસ મગ્નહતી;
પરમ અલૌકિક સુખડાં લેતી, મદન મોહન માતી ફરતી. ૮
શુધ્ધાદ્વૈત બ્રહ્મવાદ ભવનપર, કીર્તી કલશ ઝગમગતો;
વ્યાસપ્રકટ પુષ્ટિ પથ સૌરભ, દૈવી દીલ રહે મંઘ મંઘતો. ૯

"શ્રીમદ્વલ્લભવાક્યાર્થ (શ્રીકૃષ્ણઃશરણં મમ"

(શ્રીવલ્લભ વિઠલેશ અષ્ટાક્ષર મહામંત્રનો પ્રતાપજ અજબ વર્ણવે છે અને તેનું જ સ્મરણ સેવન કરવા ભક્તને પ્રેર્યા કરેછે.)

—: રાગ ચિન્તનનો :—

શ્રીલક્ષ્મણસુત શ્રીવલ્લભપ્રભુને, પ્રેમ ધરીને પ્રણમુજી,
જ્ઞાન શુન્યને શિક્ષા કારી ગુરૂ શ્રીવિઠલ વરણુજી. ૧
કૃષ્ણ કૃષ્ણ શ્રીકૃષ્ણ નામનું સ્મરણ પલછીન કરીયેજી,
પરમ ધામનું સૌ સુખ માણી, શ્રીવ્રજપતિને વરીયેજી ૨
સદા રટણ શ્રીકૃષ્ણ નામનું, યમ તેનાથી હારેજી;
પાપ પુંજ એક પળામાં પ્રજળે, નામ પ્રતાપ છે ભારેજી ૩

મહા મંત્ર આઠ અક્ષરનો, શ્રીકૃષ્ણ શરણું મમજી;
પલકે પલકે ભજનારાનો, ભાગે ભવ ભય ભરમજી. ૪
શ્રી સર્વ સૌભાગ્યની દાતા, પાપ શોધક કૃ કહિએજી;
ણ શબ્દતે સર્વ તાપ હર, સમરે શ યોનિ ન લહિએજી. ૫
ર એ ભગવદ્જ્ઞાનનો દાતા, ણું ભક્તિ રસ ભરતોજી;
મ કાર ગુરૂ રતિ વર્ધક પહેલો, બીજો મ સાપુજ્ય કરતોજી. ૬
શ્રીવિઠ્ઠલપ્રભુ અષ્ટાક્ષરનું જ્ઞાન કરાવે પુરૂજી;
પ્રતિક્ષણે જપતાં પર સુખડુ, જરા ન રહે અધુરૂજી. ૭
સદાનંદ શ્રીકૃષ્ણ શરણથી કોય દેવ નવ પીડેજી;
યમ ભય ભૂત પ્રેત પીશાચા, ભક્ત થકી દૂર હીડેજી. ૮
શત્રુ સંકટ વ્યાઘ્ર ચૌરાદિ, ભક્ત સમિપ ન આવેજી;
સદાનંદ કૃષ્ણાસ્ય જે હૃદયે, તેને કૃષ્ણ રસ ભાવેજી, ૯
વરેણ્ય વિઠ્ઠલ વરે જે જીવને, તે જીવતર ધન્ય ધન્યજી;
વલ્લભીવ્યાસ માતરનો વાશી, અષ્ટાક્ષરે અનન્યજી, ૧૦

ઇતિ શ્રીપંચમાખ્યાનં સમ્પૂર્ણમ્

અથ શ્રીષષ્ટમાખ્યાનમ્ પ્રારભ્યતે

ઉપરના આખ્યાનમાં ગોપાલદાસે વિપ્રયોગ દૂર કરી સંયોગ મેળવવાની અભિલાષા દર્શાવી. હવે રસવિશિષ્ટ પરબ્રહ્મ શ્રી યશોદોત્સંગ લાલિત સ્વરૂપના રૂપ તથા સંબોધન સંયુકત રાત્રીના ત્રીજા પ્રહરમાં પરજ રાગથી ગવાતું આખ્યાન વિનયથી વર્ણવે છે.

પ્રાણીમાત્ર જ્યારે ગાઢ નિદ્રાને વશ થાય છે, ત્યારે તેના પ્રાણનું ઉત્પત્તિસ્થાન, પરબ્રહ્મને વિષે નિત્યપ્રવેશ થાય છે, પણ તે જીવ હોવાથી પ્રભુના અનુગ્રહ વિના પોતાના સ્વભાવનો વિજય કરવા અસમર્થ છે. એટલે ગાઢનિદ્રામાંથી મુકત થયો, કે તુરત પ્રભુની દુસ્તરમાયાના પ્રભાવે કરી, અનિત્ય સંસારના આવરણ વાળો થઈ જાય છે. આવી રીતે છાંદોગ્યઉપનિષદ્રમાં શ્વેતકેતુવિદ્યાના પ્રકરણમાં અને બૃહદારણ્યકાદિક બીજા ઉપનિષદોમાં પ્રસિદ્ધ છે. શ્રીવલ્લભાચાર્યે પણ પોતાના અણુભાષ્યમાં ઈક્ષત્યધિકરણ અને શ્રીસુબોધિની આદિ ગ્રન્થોમાં સ્ફુટ કરી બતાવેલું છે. જીવ માત્રને નિત્ય ઉપર પ્રમાણે થાય છે. તેનું શ્રીવિઠ્ઠલના અનુગ્રહથી ગોપાલદાસજી સમજતા હતા. તેથી રાત્રિનો તૃતીયપ્રહર એકાન્તિક, આવરણરહિત, ભગવત્સ્મૃતિ કરવામાં પ્રતિબંધ વિનાનો છે. એમ નકકી કરી, તે સમયને અનુકૂળ પરજરાગમાં છઠું આખ્યાન ગાવાને શરૂ કર્યું.

રાગ પરજ.

મૂ૦સગુણસ્નેહીશ્યામળાવ્હાલા,અહર્નિશદર્શનઆપોજી
પરમસુખદેવાનેકાજે; વ્રજમંડલસ્થિરકરીસ્થાપોજી.૧

શબ્દાર્થ–હેષડ્ગુણસંપન્નશ્યામસુંદર? પ્યારા પ્રભુ! તમો મારા સ્નેહી છો; માટે આઠે પ્રહર દર્શન આપવા કૃપા કરો અને દર્શન કરતાં પણ જો અધિક સુખ આપવા અનુગ્રહ કરવા ઈચ્છતા હો તો મને આપનું નિવાસસ્થાન જે વ્રજ: તેમાં અખંડ વાસો આપો. ૧

વિવેચન–ઐશ્વર્યાદિષદ્ગુણવાળા એટલે જેમને આનન્દમયોભ્યાસાત્ આ સૂત્રથી પરમાનન્દમય સગુણ કહેતાં જરાપણ હરકત આડી પડતી નથી. સગુણ એટલે લૌકિક ગુણોથી અલગ. એવા પ્રભુના સર્વત્ર આનન્દમય ગુણોને સમજી, જે જન ગુણોનું વર્ણન કરે છે; તેજભકત અમૃતના જળ જેવા શ્રીવલ્લભે જલભેદમાં વર્ણવ્યા છે. તેમનીજ અમૃતરૂપી વાણીનું પાન વૈષ્ણવને કરવા યોગ્ય છે. ભગવાન કૃપાપાત્રભકતો, ભગવાનને લૌકિકગુણોથી અતીત જાણે છે. પ્રાકૃત–લૌકિકપ્રકૃતિના ગુણ પ્રભુમાં ન હોય તે વાસ્તવિક છે. કેમકે નિર્ગુણપ્રભુમાં પ્રકૃતિ અને તેના સત્ત્વ રજ, તમસ્ વિગેરે ગુણો બાધકરૂપ હોઈ શકે નહિ. પ્રભુના અલૌકિક ગુણ છે, તે તો પ્રભુરૂપજ છે. પ્રભુથી અલગ હોઈ શકે જ નહિ, એવા અપ્રાકૃત, અલૌકિક ગુણ એ છે કે–સર્વજ્ઞતા

સર્વકર્તૃત્વ; ઇશાનતા, વશિત્વ, અધિપતિત્વ, વિગેરે સર્વ-ગુણો પ્રભુમાં હોવાથી સગુણજ છે. અને પ્રાકૃતદૃશ્યગુણો નહિ હોવાથી પ્રભુ નિર્ગુણ પણ કહેવાય છે. ભગવાનના નામ, રૂપ, અને ધર્મ, સર્વ ગુણાતીત હોઇ સચ્ચિદાનન્દરૂપ છે.

પરમભકતગોપાલદાસજી સગુણ શબ્દ વડે સૂચવે છે. શ્રીપ્રભુને તો કોઇ પણ પ્રકારે ભજવામાં આવે તો ભજનના પ્રમાણ કરતાં અધિક કોઇ ન આપી શકે તેવો બદલો આપી દે છે; તેવા પ્રભુ ગુણીયલછે. જેને બદલો આપ્યો તેનાં નામ ટાંકીયેતો ગ્રન્થ વિસ્તાર પામે. તથાપિ કંસને, પૂતનાને, તૃણાવર્તને, શીશુપાળને, દંતવકને, રાવણને કુંભ કરણને, હિરણ્યાક્ષાદ્રિ અને પ્રેમીલાં ગોપીજનો; વિગેરે કોઇને પ્રભુ બદલો આપવાનું ચુકયા નથી,

કામં ક્રોધં ભયં સ્નેહું ઐકયં સૌહૃદમેવ ચ
નિત્યં હરૌ વિદધતો યાન્તિ તન્મયતાં હિ તે ।।

કામ, ક્રોધ, ભય, સ્નેહ, ઐકય, મિત્રતા, હંમેશાં શ્રીહરિમાં યોજે તો પોતે શ્રીહરિરૂપ થાય છે.

માટે (સાચાસ્નેહી નન્દકુમાર) એ ટુંકા પદ ને અનુસરવું અત્યુત્તમ છે. તેથી ગોપાલદાસજી કહે છે કે:– હે શ્યામસલુણા, ગુણીયલ, મારા જન્મજન્મના સ્નેહી પ્યારા પ્રભુ! મને દિવસ અને રાત્રિની પળેપળ દર્શન આપ્યા કરો, તમો સગુણસ્વરૂપે હોવાથી મારા ભજનનો બદલો તો આપ્યા વિના રહેવાનાજ નથી. તથાપિ હું અધિર છુ; એટલે

પ્રાર્થનાથી કહું છું કે, ફકત દર્શન આપો? હે પ્રભુ! તમો સર્વત્ર હાથ પગ વાળા છો તમારા સર્વત્ર ગુણો અલૌકિક અપ્રાકૃત છે. મન બુદ્ધિને સમજ ન પડે તેમાં નવાઇ સરખું કંઇજ નથી. પણ જ્યારે આપ કૃપાકરીને આપના સ્વરૂપનો અનુભવ કરાવો. ત્યારેજ આપનું અત્યુત્તમ સગુણશ્યામલસ્નેહમયસ્વરૂપતે સમજાય છે, અને દર્શન પણ ત્યારેજ થાય છે. પણ જો દર્શનથી પણ અધિક પરમ સુખ આપવા વિલંબ કરતા હોતો. હું જેને પરમ સુખ સમજુ છું. તે એજ કે, આપના વ્રજમંડલમાં અખંડવાસ આપજો. મને એ વિના અવર પ્રસન્નજ નથી. વળી વધારે વિનંતી કરી કહું છું કે:–રાસરમણમાં ગોપીજનોને પરમ સુખ આપ્યું હતું તેજ આપજો. બીજાની ઇચ્છાજ નથી. ભલે ઘણા લોકો ગમે તેને સાચું સુખ કહે, પણ મારે તેની જરૂરનથી. માટે સાચું સુખ સાંભળો :—

—:પદ:—

સાચા સ્નેહી નન્દકુમાર;
ઓર નહિ કોઇ દુ:ખકો બેલી; સબ મતલબકે યાર.
માત; પિતા,ભગિની,સુત,દારા રતિ ન નિભત એક સાર;
તાતેં એક રસ તુમહિ નિભાવો, રસિક ન પ્રાણઆધાર.૨

માટે હે વ્હાલા ? કૃપા કરીને અહર્નિશ દર્શન આપો. હું આપનો છું. મારી હૃદય ગુહારૂપી વ્રજધામ, તેમાં

હાલતો આપ રમો છો. પણ વ્હાલા બહાર પધારો? મને ભલો જાણો કે બુરો જાણો પણ તમારો છું કૃષ્ણ **તવાસ્મિ ન ચાસ્મિ પરસ્ય** તમારી રાખીજ મારી લાજ રહે તેમ છે. તમારા પ્રતાપબલ આગળ બધું તુચ્છ સમજુ છું. હે શ્યામરંગવિશિષ્ટશૃંગારરસના ભૂષણ ! વ્હાલા ! ! વ્હાલાંને સંભાળો ? અને અખંડ આપનો કરો.

આ છઠા વલ્લભાખ્યાનમાં જ્યાં જ્યાં પુષ્ટિ સૃષ્ટિની વાત છે અને તે પ્રભુના શ્રીઅંગથી પ્રકટ થઈ છે. તે પ્રભુના શ્રીઅંગ નુંજ સુખ ઇચ્છે છે. અને તે સગુણ છે.

સૃષ્ટિ શ્રીઅંગથી પ્રકટ થઇ એવું શાસ્ત્રમાં કયાં લખ્યું છે! એવો કોઇ પ્રશ્ન કરે તો ઉત્તરમાં પ્રલયકાળે ભગવાન એકલાજ પોતાના આત્મા સાથે રમણ કરતા હતા તેમને જગત્ રૂપે રમવાની ઇચ્છાથી આપ બહુ રૂપે થયા છો તેવું વેદ શ્રુતિયોમાંજ કહે છે કે **એકોહં બહુ શ્યામ** વેદમાં ગોપાલતાપની ઉપનિષદમા તથા વેદની શ્રુતિઓમાં ગોલોકધામની લીલાનું વર્ણન ગોપી ગ્વાલ ગાયો. વૃન્દાવનાદિ વર્ણન ન કરેલું છે તે સૃષ્ટિ સર્વે પોતાના આત્મામાંથી પ્રગટ કરેલી છે.

એ સૃષ્ટિ બ્રહ્માજીથી ઉત્પન્ન થયેલી નથી. એ સૃષ્ટિ બ્રહ્માજી પ્રકટ થતાં પ્રથમની ભગવાનના શ્રીઅંગમાંજ હતી તે ઇચ્છાથી પ્રકટ કરી છે.

એ સૃષ્ટિનું દર્શન બ્રહ્માજીને ભગવાને બ્રહ્માએ તપ કર્યા પછી કરાવ્યું છે.

તે બ્રહ્માજીએ ભાગવતમાં નારદજીને કહી બતાવ્યું છે. તેમ બ્રહ્મવૈવર્ત પૂરાણમાં કૃષ્ણ જન્મ ખંડમાં સારી રીતે વર્ણવેલું છે.

કે બ્રહ્માજી આદિ દેવો રમા વૈકુંઠમાં ગયા હતા તેમણે ત્યાંની રચના ભકતો રહિત દીઠી હતી. તેણે બ્રહ્મદનારદીય પુરાણ તથા બ્રહદ્ વામન પુરાણમાં બ્રહ્માજીથી પ્રથમ અને જગત ઉત્પન્ન થયાની પ્રથમ વેદની શ્રુતિઓને ભગવાને ગોલોકધામની લીલાનાં દર્શન કરાવેલાં છે. તે લીલા બ્રહ્માજીએ ભૃગવાદિ ઋષિઓને કહી સંભળાવી છે.

એ રીતે બધાજ પુરાણોમાં આત્મ સૃષ્ટિ કહો કે શ્રીઅંગની સૃષ્ટિ કહો તેજ પુષ્ટિ સૃષ્ટિ છે.

એજ સૃષ્ટિ શ્રીકૃષ્ણાવતાર સમયે ભગવાનની સાથેજ ભૂતલપર પ્રકટ થયેલા છે. એ સૃષ્ટિ બ્રહ્માજીથી થયેલી નથી.

એ પ્રમાણે વેદશાસ્ત્રમાં વાત પ્રસિધ્ધ છે. છતાં આસુરયોનિ આપન્ન. માયિક મૂઢ જનો કપોલ કલ્પિત ગમે તેમ બણગાં ફુંકે છે.

ભગવાન નિરંજન નિરાકાર છે. શુન્ય છે. આકાશ પેઠેછે એમને રહેવાનું ધામ વિગેરે કંઈજ નથી. એવી બધી શાસ્ત્ર વિરૂદ્ધ વાતો વલ્લભીયોએ કદાપિ વાંચવી નહી સાંભળવી નહી કે સાંભળી જવાય તો માનવી નહી એવો

મહદ્ પુરૂષોનો મત છે. હું લેખક તો એ મહાનભાવીઓના મતનોજ છું તેમનાજ કૃપા પ્રસાદનો નિરંતર ભુખ્યો છું તેને બીજાની વાત શું ગોઠે.

મને તો હરિ ગુરૂ અને ભાવુકોના કૃપા પ્રસાદ રૂપજ વાત ગોઠી છે તે વાત છણીને કહી છે ને હજુ એક પદ્યથી પણ કહું છું. ધ્યાન દઈ વાંચનારને સ્પષ્ટ સમજાશે.

સગુણ—પ્રલયકાળમાં પૂર્ણ બ્રહ્મતે”

પોતાના લીલાસ્થાનમાં રહી પોતાના રસપ્રચુર પ્રેમાળ ભકતોથી પ્રતિક્ષણ વિલસે છે.

પ્રલય દશામાં પૂર્ણબ્રહ્મ, તે રસમય રહે છે તેને નિત્ય લીલાસ્થ રિસકો વિલસે છે

પદ્ય

પ્રલય દશામાં પૂર્ણ બ્રહ્મ તે, નિરૂપધિ લક્ષણ રહે છે;
નિઃસંદેહ રૂપે સો શ્રુતિયો, અનંત લક્ષણો હરિ કહે છે. ૧

પૂર્ણ બ્રહ્મના પૂર્ણ સોહાગી, પૂર્ણ બ્રહ્મને રહે વળગી;
વદે વ્યાસ માતરનો વાશી, જેની ગઈ વ્યાધિ અળગી. ૨

સૌનું આધિ દૈવી રૂપ તે, બ્રહ્મ કૃપા બ્રહ્મમાંજ જણાય;
મિથ્યાબ્રહ્મ કહેનારનું જીવ્યું, જન્મ્યુજગમાંવ્યર્થ ગણાય ૩

અનંતકાળથી આવી અવિદ્યા, જેના કાળજમાંય વશી:
કેવી પંડિતઇ મેળવતાં, જરા ખેસવી તે ન ખસી. ૪

સગુણ નિર્ગુણ રૂપ નિરૂપતાં, ભકતોને નથી જરાય વાર;
અસ્તિચર્મવણનુંતનનિર્ગુણ,આનંદમયસગુણનિરધાર ૫
આનંદમયથી પ્રાણી પ્રકટયા, આનંદરૂપ થકી પાલન;
શુદ્ધ નિર્ગુણ આનંદમય હરિ, શ્રી યશોદાજીનો લાલન. ૬

જીવ બ્રહ્મના અંશ દીનહિન, યશ શ્રી વિર્ય વૈરાગ્ય રહિત
સકલ ગુણ કળા સ પૂરણ, શ્યામ સલુણો ભકત સહિત ૭

અસત જગ કહેનાર અસતનાં, વેદ સાધનો સર્વ અસત:
વદે વલ્લભીવ્યાસ માતરનો, જીવતાં મુવા માયાવી મૃત ૮

—અલૈકિક સામર્થ્યવાળા ભાકતો—

અલૈકિક સામર્થ્ય સમજવા, અનંત ભકતના અનંત પ્રકાર;
તદપિ એક લક્ષણ ત્યાં એવુ, તેનો સૌને છે આધાર. ૧

પરમ દિવ્ય સામર્થ્ય વડેવશ, ભકતોને ભગવન થાયે;
ભકતાધિન ભગવાન બનીને, ભકતોની પાછળ ધાયે. ૨

જ્યાં દોરવે ત્યાં દોરાય, નાચો કહે ત્યાં નાચે આપ;
ભેટો કહે ત્યાં ભેટી પડતા, ભકતોના ભાગે સંતાપ. ૩

કૃષ્ણ ભકતના ગૂઢ હૃદયનો, દુન્યવી નવ પામે પાર;
જસોદા ખોળે જગપતિ બેસે, સમજે ના માયાવી સાર. ૪

ગોકુળનાથને ગાડે બાંધે, ગોપી નચવે વિધવિધ નાચ;
સોટી લઈ માતા પુછે કયમ, માટી બાધી બોલો સાચ. ૫
અનંત ભકતો અનંત પ્રકારે, ભાવભકિત રહે ભગવન સાથ;
કરે છુટથી ધપ્પા ધપ્પી, રમી જમી જોડવતા હાથ. ૬
પરમધામથી ઉતરી પોતે, મુગ્ધ બાલ થા પ્રભુ ફરે;
દાસ રક્ષકને મિત્ર પુત્ર થઈ, ભકતો સાથે રમ્યાકરે. ૭
ભગવદ ગુણ પરમ આકર્ષક, પરમાનંદ એ ગુણથી થાય;
પ્રભુની લીલા જેને ભાવે, તે તે ભકતનાં કાજ સધાય. ૮
ગુણગાની એ રસ સ્વાદાળા, દિવ્ય મહાત્મ્ય ગાઇ દિવ્ય બને,
અનંત દૂર રહેતા ભગવાનને, ક્ષણ ક્ષણ ભેટે ભાવ પણે. ૯
પરમાવધિ દૂર રહેતા પ્રભુજી, પળમાં પ્રાણ નિકટ આવે;
પ્રેમ મંત્રને વશ થઇ વ્હાલો, સૌથી સરખો થઈ ભાવે. ૧૦
બ્રહ્મા વિષ્ણુ ભેદ ન જાણે, માણે ભકતો બહુ મોજે;
અક્ષર બ્રહ્મનોધામી ઈશ્વર, રમે નંદ આંગણ રોજે. ૧૧
ધન્ય શ્રી વલ્લભ ધન્ય શ્રી યમુના, આપ અનુગૃહ સૌ સુર્લભ;
આપ શરણ વિણ સ્વતંત્ર ભકતને, એ સૌ મુખડાંછે દુર્લભ. ૧૨
ગોપી પતિ ગોવિંદ શ્રી ગિરિધર, વન્હિ સુતનો વર પોતે;
શ્રી રાધેશ રાસેસ રસિવર, વ્યાસ વર્ચો શંકા બોતે. ૧૩

"હવે આવતી કડીમાં સગુણ શ્યામસુન્દરશ્રીકૃષ્ણ તે કહે છે કે ભૂતલપર હું બ્રાહ્મણના સ્વરૂપે પ્રકટીશ ભકતેચ્છા પૂર્ણ કરીશ, તે વર્ણવે છે."

શ્રીવલ્લભકુંવરકોડામણા,તમારું નામનિરન્તરલીજે જી;
રુપસુધારસ માધુરી તે, લોચન ભરી ભરી પીજે જી. ૨

શબ્દાર્થ—હે શ્રીવલ્લભતનયવિઠ્ઠલ! આપ આપના દાસના મનોરથ પૂર્ણ કરવાવાળા છોઃ તેમ જાણી હું તમારું નામ સ્મરણ નિત્ય અખંડકરું: એવો મનોરથ કરું છું કે આપના સ્વરૂપામૃતનું જે મધુરપાન, તે મારાં નેત્ર-પૂટોએ ભરી ભરીને કયારે પીઉં? એ મનોરથ પણ આપના નામ સ્મરણના પ્રતાપથીજ કરું છું. ૨

હે શ્રીવલ્લભાચાર્યજીનાપુત્ર શ્રીવિઠ્ઠલનાથ! આપને આપના ભકતસમાન બીજું અધિક પ્રિય કંઈજ નથી. ખરેખર પ્રભુને એથી અધિક શું પ્રિય હોય? ગીતાશાસ્ત્રમાં આપ શ્રીમુખેજ કહો છો કેઃ—ભકતાસ્તેતીવ મે પ્રિયા;

યે ભજન્તિ તુ માં ભકત્યા મયિ તે તેષુ ચાપ્યહમ ॥
સાધવો હૃદયં મહ્યં સાધુનાં હૃદયં ત્વહમ ॥
મદન્ય-તે ન જાનન્તિ નાહું તેભ્યો મનાગપિ ॥

ઇત્યાદિ શ્લોકમાં સ્ફુટ જણાવે છે કે, ભગવાનને પોતાના ભકત શિવાય અન્ય અધિકપ્રિય કંઈજ નથી. તો પ્રિય ભકતના પ્રભુ મનોરથ પૂરે તેમાં શું નવાઈ આશ્ચર્ય! આપનું નામ સર્વોત્તમસ્તોત્રમાં પણ તેવુંજ છે. ભકતેચ્છાપૂરકઃ હું આપનીજ ભકિત કરું છું તો મારા પણ કોડ પુરશો. હે પ્રભુ! મારા દુઃખદસંસારને હરનારી પરમજીવન રૂપ, અને વિદ્વાનો એ વખાણેલી આપની રૂપમાધુરીનું, મારાં

બન્ને નેત્રચાતકને પાન કરાવો ? હું એ માધુરી લટકને વારંવાર ધારી ધારીને મારાં નેત્રથી જોઉં છું, તથાપિ એ લાવણ્યામૃત પીતાં તૃપ્તિ થતીજ નથી.

પૂર્વે પરમભકત ચતુર્ભુજદાસને પણ તેવુંજ કષ્ટ થયેલું છે તેનું જોઇયે તેવું ચિત્ર નીચેના પદમાં છે.

રાગ રામકલી

મનમૃગ વિંધ્યો મોહન નયન બાણસો;
ગુઢભાવકીસેંન અચાનક, તકિ તાન્યો ભ્રુકુટિ કમાનસો. ૧
પ્રથમનાદબલઘેર નિકટલે મોરલીસ્વર સાતક બંધાનસો;
પાછે બંક ચિતે મૃદુહસકે, ઘાત કરી ઉલટી સુઠાનસોં. ૨
ચતુર્ભુજદાસ પીર યહ તનકી મિટતન ઔષધ આનસો;
વ્હેહેં સુખતબહીઉર અન્તર, આલિંગન
ગિરિધરન સુજાનસોં. ૩

હે પ્રભુ ? આપે અંગીકૃત કર્યા છે તે જીવોને જરાપણ કષ્ટ નથી. જેવા આપ સદાનન્દ છો; તેવાજ તમારા ભકતો પણ છે હું ભકત થવા અભિલાષા વાળો છું એટલે મારે આનંદપૂર્વક નિત્ય આપની સ્મૃતિજ કરવી ઘટે છે. વળી આપ વિયોગાગ્નિથી સંતપ્ત થયેલા દૈવીજનને જોઇ તત્કાલ પ્રાદુર્ભાવ પામો છો. માટે મારે આપની સ્મૃતિજ કરવી ઉત્તમ છે.

શ્રીહરિરાય મહાપ્રભુ વિજ્ઞપ્તિ કરતાં કહે છે કે;—

ત્વદુપેક્ષાવશાદેવ કાલકર્માદયોઽખિલા:
વિદિત્વા નિર્બલાનસ્માન્પીડયન્તિ ક્ષણે ક્ષણે
॥ મોપેક્ષા વિષયાન્ કૂરુ ॥

આપ અમારી બેદરકારી કરો છો. ત્યારેજ અમને કાલ કર્મ વિગેરે સમગ્રદોષો બાધ કરે છે. કારણ કે તેઓ આપના વિમુખતાથી અમને નિર્બલ જુએ છે; માટે હે પ્રભુ ! અમને શરણે લ્યો ?

હે પ્રભુ હું સંસારમાં સંતપ્ત થવાથી આપનું સ્વરૂપ ભૂલી ગયો છું; એટલે દુ:ખદમાયામાં અથડાઉં છું. તેથી હે શ્રીવલ્લભવિઠ્ઠલકૃષ્ણ ? તમો ભકતવત્સલ, દુ:ખ ભંજક હોવાથી, મારાં નેત્રને આપના દર્શનનું પાન આપો, મને એજ સુધા પીવાની લાલસા છે. હે પ્રભુ ! હવે મને ખાનપાન દેહના સુખના ભોગવિલાસો ભોગવવાનો મનોરથજ નથી, માટે એ વિલાસો પ્રત્યે મારી ટુંકી બુદ્ધિને પ્રેરશો નહિ. હવે તો એ બંધનમાંથી ઉદ્ધારી લઈ આપના રૂપ સુધારસનો અનુભવ કરાવો, હે પ્રાણપ્રિય આપના ભકતોને આપની આપેલી બુધ્ધિવડે, વ્યવહાર પણ સાચવી લે છે, અને આપના અનુભવમાં પણ સરસા રહે છે, તેમજ તેઓ પરમાનન્દરૂપ રસાસ્વાદ તે પણ ભોગવે છે, એ રસાસ્વાદની ગમ તે ભકતોનેજ છે. **"પરમાનન્દ રસિક રસ જાને, રસકી બાઢત રેલે"** એ પરમાનન્દ રસની આ સામાન્ય

જગતને જરા પણ ગમ નથી. હે પ્રભુ ! તમો પોતે જ ભકતની હૃદયભૂમિમાં એ આનન્દ રસનું ગુપ્ત ઝરણ વ્હેવરાવો છો. એટલે એ રસ ગુપ્ત છે. અને સર્વત્ર છે; તે નિર્વિવાદ છે.

આપનાં દર્શન કોઇ કોઇ જીવને કયારે કયારે આપની કૃપાથી થાય છે; તે બધી વાતો સંસારથી ગુપ્ત છે— પર છે. માટે હે ગુપ્ત ! હે પર ! પ્રકટ થાઓ: અને દર્શનપાન આપો. જે જન અત્યન્ત તરશો હોય, તેજ વારંવાર પાન કરવાની અભિલાષા આગળ કરી બતાવે; અને સમય મળે પાત્ર ભરી ભરી રસને પીયે પણ ખરો. તેમજ હું મારી ઇચ્છા બતાવી રહ્યો છું. ૨

"ઉપર કડીમાં પ્રભુ દર્શનની લાલસા, નામસ્મરણની મહત્તા વિગેરે વર્ણવ્યું. હવે આગળ શ્રી વિટ્ઠલ પ્રભુનાચરણ કમલનું દર્શન કયારે થશે? એવા વિપ્રયોગના અધિક ઉદ્ગારથી કવે છે."

મૂલ તે પદ કયારે દેખશું જે ગોધન પૂંઠે ધાયેજી;
વ્રજસુન્દરી મુખ સુખ પામીને, વારંવાર અધાયેજી ૩

શબ્દાર્થ – હે શ્રી વિટ્ઠલપ્રભુ! આપના કોમલચરણારવિન્દનિત્ય જે ગાયોની પાછળ દોડાવો છો, તેનાં દર્શન મને કયારે આપશો ? અને જે મુખ સુધાથી ગોપીજનોને પરમ સુખ પ્રાપ્ત થયું છે. અને તેમણે તે સુધા વારંવાર પીધી છે; એ મધુર સુધારસથી પૂર્ણ, આપનું શ્રીમુખ કયારે દર્શાવશો?

વિવેચન — હે પ્રભુ! આપના કોમલચરણારવિન્દનું સ્મરણ કરતાં જીવના સર્વ સંતાપ દૂર થાય છે. શ્રી હરિરાયપ્રભુ પણ કહે છે કે :– **નિધાય ચરણામ્બુજં હૃદિ હરેઃ સુખં સંભિશ** પ્રભુના ચરણારવિન્દને હૃદયમાં ધારણ કર ! આપનું દર્શન કરનાર વ્રજવાસી અહોભાગ્ય છે. કેજે અહોભાગ્યને સુરદાસ સરખા ભકત કવિ પણ ગાઈ રહ્યા છે.

રાગ ગોરી

કોન સુકૃત ધન વ્રજવાસીનકો, વદત વિરંચિશિવ શેષ;
શ્રી હરિ જાકે હેત પ્રગટે માનવ વેષ. ટેક

જયોતિરૂપ જોગધામ જગતગુરૂ, જગત પિતા જગદીશ;
યોગ યજ્ઞ જપ તપ વૃત દુર્લભ, સોગ્રહ ગોકુલ ધશ. ૧

એક એક રોમ કુપ વિરાટ સમ, અનન્ત કોટિ બ્રહ્માંડ;
લીયે ઉછંગ વાહિ માત યશોદા, અપને નિજ ભૂજદંડ. ૨

જાકે ઉદર લોક ચય જલથલ, પંચતત્વ ચહું ખાન;
બાલક હોય ઝુલત વ્રજપલના યશોમતિ ભવન નિધાન. ૩

અનુદિન શ્રવત સુધારસ પંચમ, ચિન્તામણિસી ધેન;
સોતજ યશોમતિકો પય પીવત, ભકત ન કો સુખ દેન. ૪

કરત હરન પ્રભુ દાતા ભુકતા, વિધંભર જગ જાનિ:
તાહિ લગાય માખનકી ચોરી, બાંધ્યોહે નન્દરાનિ. ૫

રવિ શશી કોટિકલા સમલોચન, ત્રિવિધતાપ મિટ્જાત:
અંજન દેત હેત સુતકે ચખ, લેકર કાજર માત. ૬
કમલા નાયક વૈકુંઠ દાયક, સુખ દુ:ખ જાકે હાથ;
કાંધ કામરી કર લકુટ, નગ્ન પદ, વન વછરૂનકેસાથ. ૭
વેદ વેદાન્ત ઉપનિષદ ખટરસ, અર્પંત ભુકતત નાહિ:
ગોપ મંડલિ મધ્ય મોહન, હસ હસ જુઠન ખાહિ. ૮
ક્ષિતિ નાપી ત્રિપદ કરૂણામય, બલિ છલ દીયો પાતાર,
દહુરી ઉલંઘ સકત નહિ સો, પ્રભુ ખેલત નન્દ દ્વાર, ૯
બકી બકાસુર શકટ તૃણાવર્ત, અઘધેનુક વૃષભાસ:
કંસ કેશીકો યહ ગતિ દીની, રાખે ચરણકે પાસ. ૧૦
ભકતવત્સલપ્રભુ પતિત ઉધ્ધારન રહે સકલ ભરપુર:
મારગ રોક પર્યો હઠદ્વારે, પતિત શીરોમણિ સૂર. ૧૧

અરે! વ્રજભકતોએ શું સુકૃત કર્યા હશે? કે:-જેથી તેમનાં ભાગ્ય ખુલી ગયાં? અને ભગવાનને અધિનકરી લીધા?

અરે મન? આવા ગાંડા શું વિચાર કરે છે, ? એ પ્રભુ તો કોઈના આધિન કર્યા થતા નથીઃ પણ તેમને દીન ભાવ અત્યન્ત પ્રિય હોવાથી, ગરીબ ગાયો, ગોપીજનો, ગોવાળો, વૃક્ષની લતાઓ અને વ્રજભૂમિ એ બધાં ભકતો હોવાથી તેમના મનોરથ પૂરવા દીનવત્સલને તે સમૂ-

હમાંજ વસવાનું જ ભાવ્યું છે, વળી ગાયોની ખરીયોથી ઉડતી રજ તેને શ્રીઅંગે લેપન થતાં જે સુખ માન્યુ તે વડે વૈકુંકુંનું સુખ વિસરાવ્યું તે પ્રતિ છીતસ્વામી એક પદથી કહે છે.

રાગ પૂવી.

આગે ગાય, પાછે ગાય, ઇતગાય ઉતગાય,
ગોવિન્દકો ગાયનમે વસવોઇ ભાવે:
ગાયન કે સંગ સધાવે, ગાયનમે સચુ પાવે,
ગાયનકી ખુરરેણુ, અંગ લપટાવે. ૧
ગાયન સેાં વ્રજ છાયેા વૈકુંઠુ વિસરાયેા,
ગાયન કે હેત ગિરિ, કરલે ઉઠાવે;
છીત સ્વામી ગિરિધારી, વિઠુલેશ વપુધારી,
ગ્વારિયાકો ભેખધરે, ગાયનમેં આવે.

હે શ્રીવિઠુલપ્રભુ! આપ આપની સુધા વડે અજ્ઞાનીને પણ જોઇયે તેવું જ્ઞાન આપનારા છેા; અને આપના પરમપાવનકારી ચરણકમલ, તે સર્વ સંતાપને હરનારા છે, મને તે ચરણ કમલનું સ્મરણ કાયમ રહેવા દર્શન આપેા, એટલે બસ. પરમભકત ગોવિન્દસ્વામીઃ પણ એજ પ્રકારે દીનતાથી વિનવે છે.

પદ રાગ હમિર

શ્રી વલ્લભ લાડીલે હો, તિહારે ચરણ કમલ શરણ ટેક
પાવનત્રૈલોક કરણ, જનમન સંતાપ હરણ;
દર્શન સુખ રોમ રોમ, પરસત અઘ હરણ. ૧
સુરનર મુનિ નયન ચકોર, નિરખત મુખ ચંદ ઓર;
કરત અમિપાન ધ્યાન, એક ટક નહિ ટરન. ૨
ગોવિન્દ પ્રભુ શ્રી ગોકુલેશ, રાજત શ્રી વલ્લભ ગ્રહ;
પ્રકટ ભયે શ્રી વિઠ્ઠલેશ, ગોવર્ધન ધરન. ૩

હે શ્રી વલ્લભતનય! તમો સાક્ષાત્ ગોવર્ધનોદ્ધરણ જ છો. માટે તમને વિનતિ કરૂં છું કે મારૂં જો ગાય ગોપીજનો જેવું દીનહૃદય ન થયું હોય? અને તેથી આપ દર્શન આપવામાં વિલંબ કરતા હો તો—મારૂં તેવું હૃદય કરવા સાધનરૂપ આપજ છો, માટે તેમ વિના વિલંબે કરી, હે શ્રી ગોવર્ધનવાશી શ્યામસુન્દર! દર્શન આપો, મને હવે તમારા દર્શન વિના કળ પડતી નથી. તમારા શ્રીમુખનું દર્શન તેને જ હું મુખ મુખ કહું છું. હવે તો મારાં નયનરુપી મચ્છ, આપના શ્રીમુખ સરોવરમાં કુદી પડી તૃષાને બુજવા તલ્પિ રહ્યાં છે. તે અરજ હે શ્રી ગોવર્ધનોદ્ધરણ સાંભળો?

કંપ્રાર્થયેયુઃ કૃપણાઃ પતિં ત્વદન્યમખિલેશ્વરમ્

આપના શિવાય બીજા કોની પ્રાર્થના કરીએ? આપ સર્વ વિશ્વના ઇશ્વર છો સ્વામી છો.

(રાગ ગોરી)

શ્રી ગોવર્ધનવાશી સાંવરે!

લાલ તુમ વિન રહ્યો ન જાય હો! વજરાજ લડે તે લાડીલે૦
બંક ચિતે મુસિકાયકે લાલ, સુંદર વદન દીખાય;
લોચન તલફેં મીન જ્યો લાલ, પલ છીન કલ્પ વિહાય. ૧
સપ્તક સ્વર બંધાનસોલાલ, મોહન વેણુ બજાય;
સુરત સુહાઇ બાંધકે, નેક મધુરે મધુરે ગાય. ૨
રસિક રસીલી બોલનીલાલ, ગિરિ ચઢ ગૈયાં બુલાય;
ગાંગ બુલાઈ ધુમરી, નેક ઉચી ટેર સુનાય. ૩
દૃષ્ટિ પરિજા દિવસ તેં લાલ, તબતે રૂચૈન આન;
રજનિ નિંદ ન આવહી, મોહિ વિસર્યો ભોજનપાન. ૪
દર્શનકો નેંના તપે લાલ, વચન સુનનકો કાન;
મિલિવેકો હીયરા તપે, મેરે જીયકે જીવન પ્રાણ, ૫
પુરણ શશી મુખ દેખ કે લાલ, ચિત્ત ચોંટયો વાહીઓર;
રૂપ સુધારસ પાન દે લાલ, સાદર કુમુદ ચકોર. ૬
મન અભિલાષા વ્હે રહી લાલ, લાગત નયન નિમેષ;
એક ટક દેખું આવતો પ્યારો, નાગર નટવર ભેખ. ૭
લોક લાજ કુલ વેદકી લાલ છાંડ્યો સકલ વિવેક;
કમલ કલી રવિ જ્યોં બઢે લાલ, છિન છિન પ્રીતિ વિશેષ. ૮
કોટિક મન્મથ વારને લાલ, દેખત ડગમગીચાલ;
યુવતિ જનમન ફંદનાલાલ, અંબુજ નયન વિશાલ. ૯
કુંજ ભવન કીડા કરી લાલ, સુખ નિધિ મદન ગોપાલ;
હમ શ્રી વૃન્દાવન માલતિ, તુમ ભોગી ભ્રમર ભૂપાલ. ૧૦

યહ રટ લાગી લાડીલે લાલ, જેસે ચાતક મોર;
પ્રેમ નિર ઘરણા કરો લાલ, નવઘન નન્દ કિશોર. ૧૧
યુગ યુગ અવિચલ રાખીયે લાલ, યહ સુખ શૈલ નિવાસ;
શ્રી ગોવર્ધનધર રૂપપેં, બલ જાય ચતુર્ભુજદાસ. ૧૨

પૂર્ણપ્રેમથી વિકાસ પામી હૃદય કપાટ ખુલી જઈ તેમાં નિરન્તર નિવાસિત ગુપ્ત રીતે રહેલા પ્રભુનાં સુખદુઃખ અનુભવતા ભકતજનો સંસારમાં મસ્ત જીવોને જનાવર સરખાજ જાણે છે. કારણ ? **નમાં દુષ્કૃતિનો મૂઢાઃ પ્રપદ્યન્તે નરાધમાઃ** મનુષ્યના સાચા સ્નેહી શ્રી નન્દકુમારના પ્રેમની અવધિ આગળ, દુનિયાના શુષ્ક પ્રેમનો શું હીસાબ ? પ્રેમના તપાગ્નિથી તપી, જીવ પ્રભુ કૃપા વડે દિવ્યઇન્દ્રિયો પ્રાપ્ત કરે, અને પ્રભુ સાથે સર્વ કામભોગ માણે, તેમાં શું કહેવું ? પ્રેમ એજ સર્વ કાર્યમાં વિજયી છે. પ્રેમના બલ આગળ પશુઓ પણ પોતાના મુખમાંથી કોળીયો કાઢી નાંખી પ્રેમીને નેત્રપૂટે પીએ છે. વળી પ્રેમને પ્રેમી શિવાય કોઇની પરવા હોતી નથી. તેમ હે ભગવાન ! આપ વિયોગ જનિત મારા ઉદ્‌ગાર સાંભળજો ? મને વિક્ષિપ્ત ચિત્ત-વાલા સંસારી જીવમાં ગણી કાઢશો નહિ. હું તો એકજ સૂત્ર સમજું છું. આપના વિરહથી તપ્ત જીવને જ્યાં સુધી આપનાં દર્શન ન થાય, ત્યાં સુધી પોથાં ઉથાંમતા પંડિતોના જીવનમાં પણ ધૂળ પડી તેમ સમજું છું. એટલે પંડિતાઇ પ્રાપ્ત કરવા કરતાં, આપના વિષે પ્રેમ વિના મને બીજું કંઈજ રૂચતું નથી. કારણ કે—

સર્વ પ્રકારે પ્રભુમાં વ્યસનરૂપે થયેલા પ્રેમને પલટાવવા આ દુનિયામાં ભકિત શિવાય કોઇ વસ્તુજ નથી. ધન્ય છે પ્રેમ ! તારી ચુસ્ત સાંકળે બંધાઈ કેટલાક મરણને શરણ થયા; અને કેટલાક પરમાનન્દને પ્રાપ્ત કરી, અમૃતના ઘુંટડા ભરતા થયા. ગોપીજનોને હે પ્રભુ ? આપની સાથે કેવો પ્રેમ હશે ? તેને એકાન્તિક સમયને અનુકૂળ પરજ રાગથી આપની પ્રાર્થના કરતાં કંઈક ભાન થયું છે.

ન હિ સાધન સંપત્યા હરિસ્તુષ્યતિ કસ્યચિત્ ॥
ભકતાનાં દૈન્ય મેવૈકં હરિ તોષણ સાધનમ્

કોઇ સાધનથી શ્રીહરિ સંતોષ પામતા નથી. ભકત દૈન્ય અને પ્રેમ જ પ્રભુને પ્રસન્ન કરે છે.

ગોપીજનોને પંડિતાઇની કંઇજ જરૂર ન હતી. કારણ ? તેમનું ચિત્ત કેવળ પ્રાણપતિ શ્રીના વિરહમાં ધીકી પરમાનન્દનો અનુભવ કરતું હતું. એ વિરહ વેદના યુકત હૃદયથીજ જોગી જતિ જપિયા તપિયા સન્યાસીને જે આનન્દ ન મળે, તે અપરિમિત આનન્દરસના ઘુંટડા તો તેમણેજ પીધા છે. એવા ભકતોને વ્યાસજી અને શ્રી શુકદેવ નારદ નિત્ય ગાયા કરે છે. માટે એ વ્રજ સુન્દરીઓને જે મુખસુખ આપ્યું, તેજ મને આપો.

વિરહ પીડીત ભકતોની દશા.
પદ રાગ ધન્યાકી.
બાત હોગલકી કહાસો કહિયે ટેક.
સુનરી સખી વ્યવસ્થા તનકી,

સમજ સમજ મન ચુપ કર રહિયે, ૧
મરમી બીના મકેા જાને,
યહ ઉપહાસ જાન જગ સહિયે;
ચત્રભુજ પ્રભુ ગિરિધરનમિલે જબ,
તબહિ સબ સુખ પૈયે. ૨

"હવે ગૌચારણમાટે પ્રાતઃકાળે વ્રજથીવનમાં પધારી સાયંકાળે વ્રજમાં પધારતા સુધી, વ્રજભક્તોને જે વિયેાગ વેઠવેા પડે છે. તેનેા તથા ગ્વાલ મંડલીના મધ્યમાં પ્રભુને રમણ કરતા જોઇ વ્રજજનેા સુખ પામે છે: તેનેા અનુભવ શ્રીગેાપાલદાસજી પેાતે અનુભવીને કવે છે."

મૂ૰દિવસ સૈા શ્યામા મળી, રસરુપ તણેા યશ ગાયજી:
ગેાપમંડલી મધ્ય દેખીને; વારંવાર સુખ થાયજી, ૪

શબ્દાર્થ—વ્રજની સર્વત્ર વનિતાએા ટેાળેમળીને; પેાતાના પ્રાણાધીશપ્રભુના યશનું અને તેમની રૂપમાધુરીનું ગાન કરે છે. અને ગ્વાલમંડલીમાં બિરાજતા પ્રભુને જોઇ ઘણેા આનન્દ પામે છે. ૪

વિવેચન—પરબ્રહ્મપુરૂષેાત્તમનું રસરૂપત્વ આ ગ્રન્થમાં પૂર્વે ઘણાં પ્રમાણેાથી વર્ણવેલું છે. એ શ્રીપુરૂષેાત્તમપ્રભુ, ભક્તજનેાના સુખાર્થે વનગમનકરી ગૌચારણાદિ લીલા કરે

છે ત્યારે વ્રજસુંદરીએા ટેાળાં મળી મળીને પ્રભુના વિમલ યશનું અને તેમની રૂપલાવણ્યતાનું ગાન કરી અને આખેા દિવસ વિરહાર્તિમાં નિર્ગમે છે. વળી વનથી જલ્દી વ્રજમાં પધારી દર્શન આપવા વિનય કરે છે. પ્રભુ વ્રજમાં પધારી જ્યારે દર્શન દે છે ત્યારે વારંવાર નિહાળી નિહાળીને સુખી થાય છે. એ સર્વત્ર લીલાના કરવાવાળા હે શ્રીવિઠ્ઠલ આપજ છેા. માટે મારૂં નિઃસાધનપણું જોઇને ગુપ્ત રહી રહી ખુશી ન થતાં મારી દીર્ઘકાળથી પ્રકટ થયેલી દર્શનની આર્તિ દૂર કરેા ? એટલે દર્શન આપેા. એ પ્રમાણે સર્વાંગનાએાએ પ્રાર્થના કરી છે. શ્રીહરિરાયપ્રભુચરણના પદથી પણ સમજાય છે.

"હવે આખેા દિવસ વિયેાગાર્તિમાં નિર્ગમન કરતી વ્રજવનિતાઓને, પ્રભુ ગાયેા ચરાવી સાયંકાળે વ્રજમાં પધારતા દર્શન આપે છે તે વખતે વિપ્રયેાગમાં ઝુરતી સુભગાઓ તાપકલેશની શાન્તિ કેવી રીતે કરે છે. અને તેમના ઇચ્છિત મનેારથ પૂર્ણ કરી પ્રભુ કેવી રીતે દર્શદાન દે છે. તે વર્ણવે છે. "

મૂલ૰ વાસર નિર્વાહ એમ કરે, સખી સાયંકાળે પેખેજી;
અલક મુખખુર રજલાગીતે, કમલ ભ્રમર વિશેખેજી. ૫
ગેાપ બાલક મંડલી મધ્ય, રંગ અનેક ઉપજાવેજી;
મત્ત ગજ ગતિ મલપતા તે; શ્રી ગેાકુલમાં આવેજી. ૬

લોચન મૃંગ પીયે ઘણું તે; પ્રકટ મુખ મકરન્દજી,
કમલપત્રશીઆંખડી તે, જોઇજોઇ ટાળ્યો દુઃખદંદ્વજી.૭

શબ્દાર્થ — ઉપર વર્ણવ્યા પ્રમાણે દિવસ વ્યતિત કરતી વ્રજ વનીતાઓને સાયંકાળે પ્રભુનાં દર્શન થાય છે, ત્યારે ગાયોના મંડળમાં ગોવાળ તરીકે આવતાં ગાયોની ખરીયોમાંથી ઉડતી રજ, પ્રભુના શ્રીમુખ પર લપટાયછે. તે શોભે છે. અને અધિકમાં તેમની શ્યામકેશાવલી પણ શ્રીમુખરૂપી કમલ પર ભ્રમરોની માફક શોભાને ધારણ કરી રહી છે. પ વળી બાળગોવાળોના ટોળામાં વિવિધ પ્રકારની રમત પ્રકટ કરી રહ્યા છે, એવી આનન્દદાયક સ્થિતિમાં મદોન્મત્ત હાથીની ચાલથી મન્દ મન્દ ચાલતા વનમાંથી શ્રી ગોકુલ તરફ પધારે છે. ૬ એ પ્રમાણે પ્રત્યક્ષ સુંગધ યુકત, શ્રીમુખકમલની શોભા સાથે આવતા જોઇ; વ્રજભકતના નેત્રરૂપી ભ્રમરો એકી ટકે ઘણી પ્રકારે મકરન્દનું પાન કરવા લાગ્યા, વળી તેમના કમલના પત્ર સરખાં નેત્રનું દર્શન થતાંજ બે ભાવવાળુ દુઃખ તે દૂર થયું.

વિવેચન — આખો દિવસ ઉપર વર્ણવ્યા પ્રમાણે વિરહમાં વ્યતિત કરીને; સંધ્યાકાળના સમયે, જ્યારે પ્રભુનાં દર્શન થયાં ત્યારે; તેમના ગોપલેખની સ્થિતિનું વર્ણન કરે છે. આરંભમાં પ્રભુના કેશની લટ, ગાયોની ખરીથી ઉડેલી રજવાળા શ્રીમુખ પર લટી રહી છે, તે વર્ણવે છે. પ્રભુ આપના કેશપાશમાંથી લટકી પડેલી લટ; આપના શ્રી મુખ પર એવી તો કુંચિત થયેલી શોભે છે કે–જાણે અવ્યકત કમળ પર ભ્રમરની

પંકિત રસ લેવાને આવી બેઠી ન હોય? વળી ખુરરેણુ લપટાવાથી શ્રીમુખ એવું શોભે છે કે જાણે સહજ વાદળાંએ પૂર્ણચન્દ્રને ન છુપાવ્યો હોય? તેમજ આપના રસાત્મક શ્રીઅંગનું રૂપ જોતાં તત્કાલ મૃતક શરીરોમાં પ્રાણ આવી પ્રફુલિત થાય તેમ; પ્રીતિથી પોતાના નેત્રને વિકસાવી એકી ટસે ભગવાનને સઘળી ગોપાંગનાઓ જોવા લાગી.

એ વ્હાલાનો વેષ કેવો શોભે છે? જાણે નાટકની ભૂમિમાં બહુરૂપવાળો નૃત્યકાર શોભતો ન હોય? તેમ પ્રભુ આપ ગોપ ગાયના સમુદાયમાં શોભે છે. વળી એ આપના શ્રીહસ્તમાં ધારણ કરેલી મોરલીને પણ ધન્ય છે, કે જે સ્વેચ્છાપૂર્વક આપના અધરામૃતનું પાન કરે છે. જાણે એણે એવાં શું પૂર્વે પુણ્ય કર્યા હશે? કે એણે આપના અધરને આધિન કરી લીધું છે.

વળી હેશ્રીવિઠ્ઠલેશ કૃષ્ણ! આપ એક કાલાવચ્છિનમાં આપની અનેકલીલાનાં દર્શન ભકતને કરાવો છો. તેવું આપ કૃત પલનામાં **માનિની માન હરણ** પદ વડેગાઇ બતાવ્યું છે. એવું આપનું સર્વ ચારિત્ર હું સમજું છું.

વળી હે પ્રભુ! આપ સમાનવયના ગોપબાલકો સાથે નાના પ્રકારની રમતથી રમો છો; તે પણ મારા જાણવામાં આવ્યું છે. પણ આપ આ સાયંકાળે મદોમત્ત હાથીની ચાલથી ચાલ્યા ગોકુળ તરફ આવો છો. તે વખતે તો એવા શોભો છો કે:–ઉન્મત્તહાથીનીહાથિણી ગુમ થઈ જવાથી

તેની શોધ કરતો હાથી ન આવતો હોય ? તેમ શ્રીગોકુળમાં આગમન કરતા દીસો છો એ આપની માતીલી લટક જોઈ, હે પ્રાણાધીશ! અમારાં હૃદય પ્રફુલ્લ થયાં છે. અને આપના શ્રીમુખનો સુગંધી રસ તેને અમારાં નયન ભ્રમરો બહુ પ્રકારથી પી રહ્યાં છે. વળી આપનાં કમલ નયન કમલદલના સરખાં શીતલ છે. તેને નિરખતાં અમારો દ્વૈતભાવ દૂર થયો છે.

આ પદાનુસાર શ્રીમદ્‌ભાગવતમાં પણ બાળલીલાનું વર્ણન કરતાં નિચે મુજબ શ્રીશુકદેવજી વર્ણવે છે.

કૃષ્ણઃ કમલપત્રાક્ષઃ પુણ્યશ્રવણકીર્તનઃ
સ્તૂયમાનાઽનુગૈર્ગોપૈઃ સાગ્રજો વ્રજમાવ્રજત્ ૪૧
તં ગોરજશ્છુરિતકુન્તલ બદ્ધબર્હ
વન્યપ્રસૂનરુચિરેક્ષણચારુહાસમ્
વેણું ક્વણન્તમનુગૈરનુગીતકીર્તિ
ગોપ્યો દિદૃક્ષિત દૃશોઽભ્યગમન્સમેતાઃ ॥ ૪૨ ॥
પીત્વા મુકુંદમુખસારઘમાક્ષિ ભૃઙ્ગૈસ્તાપં
જહુર્વિરહજં વ્રજયોષિતોઽહ્નિ ॥
તત્સત્કૃતિં સમધિગમ્ય વિવેષગોષ્ઠં
સવ્રીડહાસવિનયં યદપાઙ્ગમોક્ષં ॥ ૪૩ ॥

શ્રી. ભા. દશમ પૂ. ૧૫.

પુણ્યરૂપ જેમનું શ્રવણ ને કીર્તન છે. એવા કમલપત્રાક્ષ શ્રીકૃષ્ણપ્રભુ, બળદેવ અને ગોપગણોની સાથે જ્યારે વનમાંથી

વ્રજમાં આવતા ત્યારે; ગાયોની રજથી વ્યાપ્ત કેશવાળા થયેલા તેમજ મયુર, પીચ્છા, જંગલનાં પુષ્પ અને સુન્દર નેત્ર હાસ્યથી તેમનું શ્રીમુખ શોભી રહેતું. વળી આવતા ગાયગણોની સાથે વેણુને વગાડતા હતા. આવા શ્રીકૃષ્ણને જોવાને તલસી રહેલાં ગોપીજનો ભેગાં મળી પ્રભુની પાસે જઈ બેઠાં અને પ્રભુના શ્રીમુખમાં રહેલા મધુને નયન રૂપી ભ્રમરો વડે પીને દિવસે થયેલા વિરહના તાપને ત્યાગ કરી શાન્તિ આપતાં હતાં. તેમજ ગોષ્ટમાં પ્રવેશ કરી પ્રભુની સાથે લજ્જા હાસ્ય અને વિનયપૂર્વક કટાક્ષો કરી વિનોદ કરવા લાગ્યાં.

બહાલા ! આપના રૂપનો અને યશનો વિસ્તાર શું કહિયે ? આપના શ્રીકંઠમાં કુંઠિત થયેલી મુકતા માલે મારા મનને પરમ આલ્હાદક કરી નાંખ્યું છે. વળી બીજી વિવિધ પ્રકારની માલાઓ અમો ભકતના ભાવને આદરથી વધાવી, પ્રેમથી ધારી રહ્યા છો. તે માલામાંની એકમાં વક્ર વ્યાઘ્રનખ પદક એવું તો બિરાજે છે કે તેનું દર્શન કરતાં ભકતનું જો વાંકુ હૃદય થયું હોય તો તત્કાળ શીધુસટ થઇ જાય છે. વિશેષમાં આપના બન્ને ભુજની મધ્યમાં શ્યામ રેશમનાં ફેંદનાં રત્ન જટિત બાજુબંધથી જોડાઇ એવાં તો શોભી રહ્યાં છે કે જાણે હાથીની સુંઢ પર અવ્યકત વિશાળ ભ્રમરો તો ન હોય ? અને હાથે કડાં, પોંહોચીઓ, વેઢ, વીંટીઓ વિગેરે વિવિધ પ્રકારની શોભાને ધારણ કરતાં શોભે છે.

હવે ઉપર પ્રમાણે પ્રભુ, વનમાંથી વ્રજમાં લટકતી ચાલથી

ચાલતા પધારતા, તે વખતે આખા દિવસનાં વિરહી ભકતો જરા દર્શન કરી તૃપ્ત થાય તેવું બનેજ નહીં. માટે સર્વત્ર ગોપીજનો વાસર વિરહની શાન્તી કરવા અનેક ઠામે પોતાની ગૌશાળામાં પ્રભુને પધરાવી દિવસનો વિરહ કહી સંભળાવી, કેવી રીતે સુખી થયાં તે ગોપાલદાસજી કહે છે.”

મૂ૦ જોતાંતૃપ્તિનઉપજે પ્રભુ, અધરસુધારસપાયેજી;
ભુજલતાભીડીભામિનીત્યારેદિવસતાપબુન્નયેજી ૮
પુરણસુખદઇગોષ્ટમાંપ્રભુ, આધેરાપાઉ ધારેજી,
યશોમતિ લે ભાંમણાં ને રાઇ લુણ ઉતારેજી.

શબ્દાર્થ—પ્રભુનાં દર્શન કરી સન્તોષ નહિ થવાથી ગોપીજનોને પોતાના અધરામૃતનું પાન કરાવા લાગ્યા અને તેમનાં આખા દિવસનાં વિરહ પીડિત અંગોને ઘણા જોસથી ભેટીને શાન્ત કરવા લાગ્યા. ૮

એ પ્રકારે ગૌશાળામાં ગોપાંગનાઓને સર્વ સુખ આપી, પ્રભુ પોતાના ઘર તરફ ગમન કરે છે; અને ત્યાં પરમ વાત્સલ્યથી શ્રીયશોદા રાઇ લુણ લઇ દૃષ્ટિ દોષ નિવર્તક વારણા લે છે. ૯

હે આર્તીહર!

રાગ ગોરી

ખીટળીયાળા કેશ ગુચ્છથી, વિંટયલું છે કમલ વદન;
ગોરજથી ધુસુરૂ પડયું જોવા, મનમાં વળી વળી પ્રકટે મદન ૧

મનાર્તીહર શ્રી પ્રભુ પ્રણમું, આવ્યો આરત આપદ કાળ;
આર્ત અગ્નિ ધિક્યાંને છોડવા, આપજ જગમાં કૃષ્ણ કૃપાલ. ૨

પરમ પાવનકારી પદ્મપદ, મારા હૃદયે મુકો નાથ;
અનંત દુઃખ સુખ ભુલાવનારૂં, અધરામૃત દ્યો રાખી સાથ. ૩

સદા શોક નાશક મુખ સુખ વિણ, અન્ય વાસનાનો નથી વાસ;
અલબેલુ અમિઝર આંખે પીવા, મટે ન વ્યાસને લાગી પ્યાસ. ૪

શું યશોદાનું પ્રેમદ્રગ્ દૃઢડતું વાત્સલ્ય? જેની હદ આંકી શકાય તેમ નથી. એક વખત સરખા ગોપ મંડલમાં અનંત કલા શ્રી કૃષ્ણ ગેડી દડાની રમતે રમતાં દડો કાલિંદીમાં પડી પડી ગયો. તે કાઢી લાવવાને માટે કોઇ તૈયાર થયું નહી. પરંતુ શ્રી યશોદાનો લાડીલો ધીર છતાં ઉદ્ધત્ત થઈ કાલિંદીના અગાધ જળમાં કુદી પડયો. તે જોઇ ગોપા મંડળ જોનારા સર્વ કલ્પાન્ત કરવા લાગ્યા તે વાત શ્રી યશોદા સુધી પોહોંચી જતાં યશોદા છાતીફાટ રૂદન કરતાં પડતાં આખડતાં કાલિંદીના કીનારે આવ્યાં શ્વાસ સમાતો નથી, કહેવા લાગ્યાં.

(રાગ રસીયો રસે ભર્યો રે) એ

હું અપરાધણી રે કહી કહી મુકે યશોદા શ્વાસ રે;
કાલિંદી કાલી વસે રે, કુંવરને આપશે કુડો ત્રાસ રે. ૧

ઉછેર્યો ઉમળકેરે ખવાડયાં માખણ પુરી દૂધ રે;
રસ ને હરિ ગયો રે, થયો છે વસમા વિરહે શુદ્ધ રે. ૨

નકવેશર નુપુર ધર્યાં રે, કંદોરડો કટી પીતામ્બર કેશ રે;
મસ્તક મુકુટ ધર્યો રે, હવે કયાં નિરખીશ એવા વેષ રે. ૩
મુરલી મુખે ધરે રે, વગાડી વશ કરતો વ્રજધામ રે;
પેટ દેખાડતો રે, મા હું ભુખ્યો તારો શ્યામ રે. ૪
રમતો રમકડેરે, રમાડતી છોડી ઘરનું કામ રે,
આ ગાય આ મોર છેરે, કહેતી રમકડાંનાં નામ રે. ૫
યાદ શું શું કરૂં રે, અગનિ લાગી અંગોઅંગ રેઃ
હું કયમ જાવું અરે રે ! રંગમાં પાડી ગયો તું ભંગ રે. ૬
કુદી હાથે પડ્યો રે, ગહેરૂ ગંભિર જોયુ ન નિર રે;
શોધી કો લાવશે રે, નથી તુ સરખો શૂરવિર રે. ૭
કલેજું હું કઠણ રે, તેથી કુમળા છે પાષાણ રે;
પડી તું શોધમાં રે, નથી કયમ કાઢતી મારા પ્રાણ રે. ૮
બાંધ્યો તે ઉખલો રે, તને હું પાપણીએ હાય હાય રે;
મરી શી ગોપી પડી રે, મરી શી પડી છે ધવળી ગાય રે. ૯
વ્યાકુળ વ્રજ બધુ રે, વિલપતાં ધિકે સૌનાં અંગ રે;
વલ્લભી વ્યાસ ધિકે રે, લખતાં વ્રજનો વિરહી પ્રસંગ રે. ૧૦

પ્રેમના ઉત્કર્ષથી પરવશ થયેલાં, વ્રજ ભકતોનાં વૃન્દો-એ, પોતાના હોઠ પીશી ભ્રૂકુટિ ચડાવી, કટાક્ષ પ્રહાર દેવાની પેઠે, તેમનો ગોચારણનો વેષ જોતાં હતાં. અને પ્રભુના કમલ મુખનું નેત્ર પૂટે પાન કરી તૃપ્ત નહિ થવાથી, અનેક

બહાના કરી, પ્રભુને રહસ્ય સ્થળમાં પધારવ્યા. અને દિવસના વિરહથી રોમાંચ થયેલા સર્વાંગથી ભેટી, સુખી થતાં પરમાનન્દમાં મસ્ત થયાં. એટલે જેમ તત્વજ્ઞાનીઓને પામી, સંસારી જનો તાપ નિવૃત કરે છે, તેમ તાપને દૂર કર્યો. વિપ્રયોગ પછી થયેલી સંયોગાવસ્થા ભૂષણ રૂપ થાય છે. કેમકે;—

નાવિના વિપ્રલભેન સંભોગાઃ પુષ્ટિ મશ્નુત વિપ્રયોગ શિવાય સમાગમ અવસ્થા કદી ખીલતી નથી. આ નિયમ પ્રમાણે, ગોચારણમાં પ્રભુ પધારેલા હોવાથી, દિવસના થયેલા વિરહને પ્રભુને ભેટી શાન્ત કરે છે. શૃંગારની સમાગમ અવસ્થામાં, ચુંબન પરિરંભણ (ભેટવું) એ તેના મુખ્ય ભેદ છે. માટે જ વિરહતાપને શાન્ત કરવા મૂલમાં પરિરંભણનું વર્ણન છે. શ્રીભાગવતમાં કહ્યું છે કે, ભગવાનના કોટિકન્દર્પ લાવણ્ય સ્વરૂપને, ગોપીજનોએ બાહુ લત્તામાં બદ્ધ કરી વિરહતાપને નિવાર્યો છે. અને **નિષ્કામ પ્રભુઃ સંતજ્ય સર્વ વિષયાન્** એવા સર્વ વિષયોનો ત્યાગ કરી, ભજતાં ગોપીજનોને ભેટી, તેમના કામની પૂર્તિ નિષ્કામતાથી કરી; તેઓને અત્યાનન્દ આપી નિષ્કામ બનાવ્યાં એજ અત્ર સમજવા યોગ્ય ઉત્તમ સિદ્ધાન્ત છે. = એ પ્રમાણે પ્રભુ પોતાની ભુજલતાથી ગોપીજનોને ભેટી; તેમનો તાપ દૂર કરી, નન્દાલય તરફ પધારે છે. ત્યાં માતા યશોદાજી વાત્સલ્યભર્યા પ્રેમોદ્ગારથી પુત્રનાં વારણાંવારી વધાવી લે છે, શ્રીભાગવતમાં—**ત્રયો યશોદા રોહિણ્યો પુત્રયાઃ પુત્ર વત્સલે ॥ યથા કામ યથા કાલં વ્યધત્તાં**



પરમા શિષ; ॥ ભા. દ. ૧૫ વારંવાર એ પ્રમાણે આશિર્વાદ આપે છે. 'હવે પછી શ્રીયશોદા અધિક વાત્સલ્ય વિચારે છે. તે શ્રીગોપાલદાસજી આગળ વર્ણવે છે. ?

મૂ૦ વસ્ત્રાંચલમુખરજપોંછીને, રુપસકલનિહાળેજી;
ઉભીથાયરોમાવલી,કરકોમલઅંગસંભાળેજી ૧૦
ફરીપેરપેરે વારણાંસુતનેસદનમાં પધરાવેજી;
સુન્દરીગૃહકારજમિષેવલીનિરખવાનેઆવેજી ૧૧
ઉષ્ણોદકસોંઘોભેળીવલી, અંગઅંગોળકરાવેજી
અંગવસ્ત્રકરીસ્વચ્છવપુને,પાછેતેલલગાવેજી ૧૨
અનેકસુગંધવસનભૂષણ, રૂંલઅંબોડે ફાવેજી;
રૂણુઝુણુતોવ્હાલોલાડકોડાતે,ભોજનશાળાએઆવેજી૧૩

શબ્દાર્થ—શ્રીયશોદાજીનો પ્રભુમાં પ્રકટ પુત્ર ભાવ હોવાથી, પ્રભુના શ્રીમુખપર લાગેલી રજ, પોતાની સાડીના છેડાથી લુછી નાંખીને, તેમના સર્વાંગના સ્પર્શ કરતાં પુલકિત થઇ રૂપ માધુર્ય નીરખે છે. ૧૦ = વળી ફરીફરીને શ્રીયશોદાજી અલાબલા વારી વારણાં લેતાં, પ્રભુને નિજ ગૃહમાં પધરાવી જાય છે, અને તે વખતે ગૌશાળાનું સુખ સંભાળતાં ગોપીજન અનેક બાનુ કાઢી નન્દભવનમાં આવી પ્રભુનું શ્રીમુખ નીરખે છે. ૧૧ = અધિકમાં શ્રીયશોદાજી તાતા જલમાં વિવિધ પ્રકારનો સુગંધી પદાર્થ અત્તર વિગેરે મિલાવી પ્રભુના તમામ શ્રીઅંગને મરદન કરી સ્નાન કરાવે છે, અને

સુન્દર વસ્ત્ર વડે શ્રીઅંગને ઓંછે છે, ત્યાર બાદ સુગંધી તેલ લગાવે છે, ૧૨ = વિવિધ પ્રકારના અત્તર, તેલ, વસ્ત્ર, આભૂષણ વિગેરે ઋતુ અનુસાર, અંગીકાર કરાવી શ્રીયશોદાજી પ્રભુની ચોટી ગુંથે છે, એ પ્રમાણેનુપૂરના રણકારા કરતા વિવિધ ભષણોથી ભૂષિત થઈ પ્રભુ ભોજનગ્રહમાં પધારે છે. ૧૩

વિવેચન — શ્રી યશોદાજી પોતાની સાડીના છેડાવતી, લાડીલાને લાગેલી ગોરજ, પરમ વાત્સલ્યથી પોંછીને કોમલ શ્રી અંગ પર, કોમલ હસ્ત ફેરવતાં પ્રભુના સૌંદર્યનું દર્શન કરે છે. વળી તે વખતે પુત્ર સ્નેહ હોવાથી વિવિધ પ્રકારના વિચાર પણ કરે છે. 'અરે ! આ સુકોમલ બાળકને વનમાં ગાયો ચરાવવાનું કામ આપતાં કેમ મન થાય? અરે! તેના સુકોમલ ચરણમાં ગાયોની પાછળ દોડતાં કાંકરા લાગતા હશે ? તાપ સહેવો પડતો હશે ! દોડતાં થાકી જતો હશે ! વળી વરસાદના દિવસોમાં ભીજી પણ જતો હશે ! ઠંડ પણ લાગતી હશે ! અરેખર ! ભુખ્યો તો થતોજ હશે ? વારંવાર મૈયા મૈયા કહી માખણ માગે કે વિવિધ મિષ્ટ પદાર્થ ફલાદિક માગે છે. જો હું તે આપું છું તો તે બહાર જઈ વાંદરાંના ટોળાં ભેગાં કરી ખવરાવી મુકે છે. ઘરમાં બોલાવી ઘરકામમાં લાગુ છું ત્યારે, દહિં, દુધ વિગેરેનાં વાસણ ભાગી ફોડી નાંખે છે. તેને કંઇ જરા પણ કહેવાતું નથી. જો જરા કહું તો એવી રીસ કરે છે કે—જમિન પર આળોટે છે, માથું કુટે છે. અને મનાવ્યો કોટિ ઉપાયે માને પણ નહિ. શું કરૂં ? ઘડીમાં ચન્દ્ર માગે છે તો ઘડીમાં ખીલવાણું માગે છે. જો જરા આપતાં વિલંબ થાય તો ક્રોધ

કરે છે, મોંઘી અને મહાકીમતી વસ્તુ આપે કોઈ વખત મનાતો નથી, અને કોઇ વખત સ્વલ્પ સસ્તિ વસ્તુ આપે સન્તોષ માની રાજી રાજી થઈ મારા આગળ નાચવા પણ લાગે છે. અરે! આ બાળકને તે હું શું કહું? વનમાં ગાયો ચરાવવાનું તેનાથી શી રીતે થતું હશે.” એ પ્રમાણે પ્રેમોદ્ગારભર્યાં શ્રી યશોદાજી પ્રભુનાં સર્વાંગ પર પોતાનો કોમલ હસ્ત ફેરવતાં રોમાંચ થઈ જાય છે. એ પ્રમાણે શ્રી યશોદાનું રસિક હૃદય કરવામાં કુશળ શ્રી કનૈયાલલજીનું અન્તઃકરણ ઘણા ગૂઢાશયવાળું છે.

શ્રી પ્રભુનો ગૂઢ અભિપ્રાય એ છે કે વ્રજમાં શ્રી યશોદાજીને માટે જ પધાર્યો છે તેમ નથી; પણ સાથે શ્રીયશોદાજીના વાત્સલ્યનું અનુકરણ કરનારા વ્રજ ભક્તોનું કલ્યાણ કરી, સુખ દેવાનું તાત્પર્ય તેમાં તરે છે.

વળી શ્રી યશોદાજી પુત્ર સ્નેહથી પ્રભુને પોતાના મન્દિરમાં પધરાવી; આખા દિવસના વિયોગની તાપાર્તિ કરી; સંયોગ સુખવડે હર્ષજલથી ભીજતાં ગદ્ગદ કંઠે બાલુડાને પુછે છે, હે તનય! હારા સર્વાંગ પર વારી જાઉં. મને વિસારીને વનમાં તે આવડી અવેર કરતા હઈશું? તે વખતે પ્રભુના પરમ કમનિય ચતુરતા ભરેલાં વચનામૃત બોલે છે કે—

રાગ ગોરી

મૈયા યાતે ભઇ અવેર;
આવત ભાજે ગઇ એક ગૈયા, જાય બચ્યો વન ફેર. ૧

દોરે ગ્વાલ સબ વાકે પાછે, પકરનકી કર આસ;
ચઢ કદંબ પીતામ્બર ફેર્યો, આય ગઈ મેા પાસ. ૨
મેં ચુચકાર પીઠકર ફેર્યો, લહેડે લઇ લગાય;
બતિયા સુનત રસિક પ્રીતમકી, મન ફુલી યશોદા માય. ૩

એ પ્રમાણે વ્હાલીડાનાં વચન સાંભળી પ્રસન્ન થતાં શ્રી યશોદાજી, સ્નેહાતિશયથી સંધ્યા સમય આર્તિ કરી, સર્વના કારણરૂપ પ્રભુને લાડ પૂર્વક તન, મન, ધન અર્પિ લાલન પાલન કરતાં, પ્રેમ સ્વરૂપને પોતાનાં લોચન ભરી ભરીને પી રહ્યાં છે. સાયંકાળે ઉપર પ્રમાણે પ્રકટ થતા ભાવને શ્રીમદ્વલ્લભાચાર્ય ચરણના પુષ્ટિમાર્ગમાં, સંધ્યાર્તિ કહે છે. તે સંધ્યાર્તિનું વર્ણન આગળ વર્ણનમાં આવશે.

એ પ્રમાણે પ્રભુમાં, ભાવ અને વિરહાર્તિ વડે, જીવ, અનેક અધ્યાસમાંથી મુકત થઈ, તેનુ મન ભકિતભાવમાં નિરોધ પામી, પ્રભુના ચરણકમલમાં સ્થિર થાય છે. માટે વૈષ્ણવે મન લગાવી પ્રભુસેવા કરવી, અને સેવાના અનવસરમાં પ્રભુનું ચિન્તવન કરતાં વિરહ પરાયણ થવુ.

વૈષ્ણવે ઉપર પ્રમાણે વર્તન કરવાથી; પૂર્વે વ્રજભક્તોને જે શ્રી પ્રભુના ચરણ કમલમાં નિરોધસિદ્ધ થયો હતો; તે જરૂર થાય છે. માટે વ્રજભક્તોના સંયોગ વિપ્રયોગની સિદ્ધિના અભિલાષાવાળાએ; ખરા અન્તઃકરણથી પ્રભુસેવા અને વિયોગાર્તિ બન્નેમાં હૃદય જોડયું રાખવું. શ્રીભગવદાવતાર

શ્રીમદ્વલ્લભપ્રભુચરણે પણ નિરોધનું લક્ષણ દૈવી જીવોને વિદિત કરવા; નિરોધલક્ષણનામક ગ્રન્થ પ્રકટ કર્યો છે. તેના શ્લોકે શ્લોકમાં નિરોધના કારણરૂપ વિપ્રયોગ રસજ ઝલકી રહ્યો છે તે સેવાના અનવસરમાં જોવા જેવો ગ્રન્થ છે.

નિરોધલક્ષણ નામના ગ્રન્થમાં કહ્યું છે કે—

યચ્ચ દુઃખં યશોદાયા નન્દાદીનાં ચ ગોકુલે।
ગોપિકાનાં ચ યદુઃખં તદુઃખં સ્યાન્મમ કચિત્ ॥ ૧ ॥

અર્થાત્—શ્રી ગોકુલમાં યશોદાજીને અને નન્દજી વિગેરેને તેમ જ શ્રી ગોપિકાઓને જે દુઃખ થયું છે તે દુઃખ હે પ્રભુ! મને ક્યારે થશે? એ પ્રમાણેની ભાવના થઇ દૈવીજીવોનો પોતાની લીલામાં પ્રવેશ થવા માટે, વળી દૈવીજનોની જ્ઞાન માર્ગીય નિરોધમાં પ્રવૃત્તિ ન થવા માટે; પ્રભુ પ્રાપ્તિમાં મૂલ કારણરૂપ વિરહ દુઃખ હોવાથી આ ગ્રન્થના પ્રથમ શ્લોકારંભથીજ વિપ્રયોગ વર્ણવે છે. અને આગળ નિરોધ થવા સારૂં સંયોગની સંભાવના, ભક્ત સમાગમની ઇચ્છા, મોટાની કૃપાથીજ પ્રભુમાં ભાવસિદ્ધિ, ભગવદીયોની સાથે કરેલા કીર્તનની સુખરૂપતા, જ્ઞાનીના આનન્દ કરતાં કીર્તનાનન્દની અધિકતા, વિરહી ભકતના કલેશને જોઇ પ્રભુને સહન ન થતાં પ્રકટ થવું, ઇન્દ્રિયોને સંસારના આવેશથી મુકત કરી; પ્રભુમાં યોજવા વિષે, પ્રભુના ગુણ ગાન કરનારને સંસાર કલેશ ન થવા વિષે, પ્રભુના સ્વરૂપનું ધ્યાન કરવા વિષે, અને ઇન્દ્રિયોના દોષો પ્રભુથી જ નિવૃત્ત થાય છે. વિગેરે જાણવા માટે નિરોધલક્ષણ ગ્રન્થ પ્રકટ કરેલો છે.

તેમાં ઉપરનાં તત્વો તો ચોકસ વિદ્યમાનજ છે. વળી શ્રીમદ્ભાગવતના દશમસ્કંધમાં વર્ણવેલી નિરોધલીલા છે, તે પણ સેવાના અનવસરમાં વિચારવી.

—વૈષ્ણવે સેવા કરતા પહેલાં પોતાને કયું સ્વરૂપ સેવનીય છે તે ખાસ સમજવાની જરૂર છે શ્રીપ્રભુના સ્વરૂપમાં પણ ભેદ છે તેનું ભાન કરી, ભગવદ્દાતાર શ્રીમદ્વલ્લભપ્રભુચરણપ્રકટિત પુષ્ટિમાર્ગમાં જે યશોદોત્સંગલાલિત સ્વરૂપ છે, તે સ્વરૂપની ભાવના પોતાના સેવ્યસ્વરૂપમાં કરી; તેમને પ્રાણેન્દ્રિયાન્તઃકરણ અર્પવું. કારણ શ્રીમથુરામાં વસુદેવને ત્યાં જે સ્વરૂપ પ્રકટ થયું તે સ્વરૂપ કેવળ રસાત્મક નથી. પણ ભૂમિનો ભાર હરવાર્થ મોક્ષાદિદાનદાનાર્થ, તેવા અનેક કારણાર્થ પ્રકટ થયેલું છે. તે સ્વરૂપ અનુગ્રહમાર્ગીયને કેમ સેવનિય નથી કે—તેવાં મોક્ષદાનાદિ કારણાર્થ તો દરેક કલ્પમાં દ્વાપરયુગ આવે છે; અને તે દ્વાપરયુગમાં નન્દયશોદાજી અને કૃષ્ણનું પ્રાકટ્ય થાય છે, તેમ શ્રીહરિરાયચરણ દ્વિતીય શીક્ષાપત્રમાં વિદિત કરે છે. (ત્યાં વિશેષ વિસ્તારથી જોવું,) એટલે યુગેયુગમાં અનેક પ્રભુસ્વરૂપ કાર્યકારણાર્થ થયા કરે છે, તે સ્વરૂપો પરબ્રહ્મ શ્રીકૃષ્ણનાં અંશ, કલા; આવેશ, વિભૂત્યાદિ છે. અને સારસ્વતકલ્પમાં જે સ્વરૂપ પ્રકટ થયું છે, તે અંશ, કલા, અને આવેશ વિભૂત્યાદિરૂપે નથી; પણ સાક્ષાત્ સ્વયં પરબ્રહ્મ પોતેજ રસિકભકતોને ભાવરસ પોષવાર્થ, શ્રીયશોત્સંગલાલિતરૂપે પ્રકટ થયા છે. તેજ સ્વરૂપ વૈષ્ણવને પરમાદરથી

સેવનીય છે. માટે પોતાના ઘરમાં બિરાજતા પ્રભુમાં તે સ્વરૂપનીજ ભાવના કરવી અને તેમાંજ સંયોગવિયોગાર્તિનું સેવન કરવું સેવનીયસ્વરૂપ માટે શ્રીહરિરાયપ્રભુ સ્વમાર્ગ મૂલનિરૂપણ નામના ગ્રન્થમાં લખે છે કે :—

પ્રભુનું ભાવાત્મક સ્વરૂપ વ્રજમાં વ્રજસ્થ ભક્તોસહ રહેલું છે "**ભાવાત્મકસ્વરૂપસ્ય ભાવાત્મનો વ્રજસ્થિતા:**" સારસ્વતકલ્પમાં શ્રુતિઓને અને અગ્નિકુમારને આપેલા વરદાનને સફલ કરવા, અને તેમને ફળ આપવાની ઇચ્છાથી અને મુળલીલાને પ્રકટ કરવાની ઇચ્છાથી; પોતે ભાવાત્મા વ્રજજનોને પ્રકટ કર્યા, અને ત્યારબાદ વાસુદેવજીને ત્યાં "**સંયોગાત્મા સ્વયંજાતો વસુદેવગૃહે તત: ॥ નન્દગેહે સમાગત્ય ભાવાત્મા વ્રજ સંશ્રયમ**" ચતુર્વ્યૂહસહ પ્રકટ થયા આ સ્વરૂપ સેવનીય નથી પરંતુ શ્રીનન્દરાયજીને ત્યાં આવી ઉપર જણાવ્યા મુજબ ભાવાત્મા સ્વરૂપે થઇ ગોપિકાના ભાવરૂપ પોતાના આત્માને પ્રકટ કર્યો અને પોતાના ભાવાત્મક સ્વરૂપથી હંમેશા વ્રજમાં રમ્યા કરે છે, તે ભાવાત્મક ધર્મી સ્વરૂપ કે જે—

"**સ્વસ્થિતેન સ્વરૂપેણ સતતં રમતે વ્રજે**"

આજ સ્વરૂપ સેવનીય છે.

ગૃહસ્થાશ્રમી કે વિરક્ત વૈષ્ણવને લૌકિક વૈદિક કાર્યો કેવળ લોકને દેખાડવા માટે જ કરવાનાં છે. એટલે તેમાં આસક્તિ રહિત થઇનેજ કરવાનાં છે. માટે પ્રભુસેવાના

સમયને સંકોચાવ્યા શિવાય અન્ત:કરણનો પૂર્ણ સ્નેહ પ્રભુસેવામાંજ અર્પવાનો છે. પ્રભુસેવાનો વખત સંકોચાવી અન્ય કોઇ કાર્યમાં ટુકા જીવનમાં આસક્તિ જોડવી ઘટતી જ નથી. એ પ્રમાણે અન્ત:કરણ પ્રભુને અર્પણ થાય તો જે શ્રી યશોદાજી વ્રજભક્તો અને બસેં બાવન ચોરાશી વૈષ્ણવોને ફલ પ્રાપ્તિ થઇ, તે થવામાં જરા પણ વિલંબ ન થાય. અધિકમાં ચંચળ મન એકજ કાર્યમાં આસક્તિ જોડી શકે તેવું હોવાથી, બીજા અનેક કાર્યોમાં મન દોડાવાથી દુકું જીવન વૃથા ખેંચાઇ જઈ; જીવના અન્તનો સમય આવી પડી, ઇચ્છિત ફલ મેલવવામાં વિઘ્ન થાય છે, માટે માન, મતબો, મોટાઇ વિગેરે મેળવવામાં ટુક જીવન ગુમાવી નાંખવું ઠીકજ નથી.

હે મન ? તું બધો બોજો શ્રી પ્રભુ પર નાંખી દે છે, અને કહે છે કે; પ્રભુને કરાવવું હોય તે કરાવે. પણ શું તારે પ્રભુની આપેલી બુદ્ધિ અનુસાર કંઇ ન કરવું જોઇએ ?

કૃતપ્રયત્નાપેક્ષસ્તુ આ સૂત્રમાં પણ લખે છે કે :—

ભગવાન ફલ આપવામાં જીવના કરેલા કર્મની અપેક્ષા વાળા છે, માટે જીવનો જેવો આગ્રહ જુએ છે, તેવાં કર્મ કરાવી ફલ આપે છે.

જો ઉપરના બસો બાવન ચોરાશી વૈષ્ણવના સરખું સુખ પ્રાપ્ત કરવું હોય તો; શ્રી પ્રભુમાં પુત્ર ભાવ કે પતિભાવ રાખી, સેવા કરવી જ ઠીક છે. પછી સેવામાં આલસ્ય, પ્રમાદ, લજ્જા

દાખવી વાતોનાં ટાયલાં કે પંડિતાઇ મેળવી આખું જીવન વ્યતિત કરું, તેથી શું વળે?

શ્રી યશોદાજી વિરહથી ગદ્‌ગદિત થઈ સંધ્યાર્તિ કરે છે. તે વખતે અનેક બાનાથી ગોપીજનો પ્રભુની મધુરાકૃતિનું દર્શન કરી વાસરવિરહ નિવૃત્યર્થ આવે છે. અને ગાયો ચરાવી વ્રજમાં પધારતાં શ્રી ગોકુલની ગલીયો; અટારીઓ, તિબારીયો વિગેરે સ્થળે ઉભાં રહી, પ્રભુદર્શનની તૃપ્તિ ગોપીજનને નહિ થવાથી તેઓ નિકટ આવી નયન ભરી ભરીને નિરખે છે.

ત્યારબાદ શ્રી યશોદાજી, પોતાના રસિકડાને; આખો દિવસ ગાયોની પાછળ દોડતાં થયેલા શ્રમનું નિવારણ કરવા; વ્હાલીડાનો શૃંગાર શ્રી અંગ પરથી–ઉતારીને; ગરમ જલમાં અત્તર ચન્દન વિગેરે સુગંધી વસ્તુઓ મેળવી; આમતેમ બાલ વિનોદથી સરકી જતા બાલુડાને પકડી રાખી, વિવિધ વચન વચન સંભળાવતાં યશોદાજી, શ્રી અંગ પર લાગેલી રજ પોંછી પાટલા પર પધરાવી; સ્નેહથી સ્નાન કરાવે છે. ત્યારબાદ અંગવસ્ત્ર કરી, સ્વચ્છ થયેલા શ્રી અંગ પર સુગંધી સોંઘા વિગેરે લગાવી; સુગંધીથી સમારેલાં, સુંદર વસ્ત્ર અને આભૂષણ ધરાવે છે. તેમજ શ્રીમસ્તકના કેશ વિવિધપુષ્પથી સમારે છે. ત્યારબાદ ભોજનગૃમાં પધરાવી વિવિધરસથી પૂર્ણ તૈયાર કરેલો પાક (જે ગુમરસગ્રન્થમાં વિસ્તારથી વર્ણવેલો છે) તે આરોગાવે છે.

ઉપર પ્રમાણેની લીલા ભકતજન સુરદાસજી ગાય છે:–

રાગ ધમન

સાંઝ ભઇ ઘર આવહુ પ્યારે;
દોરત કહાં ચોટ કહુ લાગે, પુનિ ખેલેગે સકારે. ૧
આપહી જાય બાંય ગ્રહીલાઇ, રહે કંઠ લપટાઇ;
ધૂર ઝાર તાતેં જલલાઇ, તેલ પરસજ્યુન્હવાઇ. ૨
સરસ વસન તન પોંછ શ્યામકો, ભીતર લઈ લિવાઇ;
સૂરશ્યામ કછુ કરો બિયારૂ, પુનિ રાખુ પોઢાઇ. ૩

"એ શ્રીપ્રભુ લાડથી માતાજીના મનોરથને પૂર્ણ કરી આનન્દ આપવા ભોજનગૃહમાં પધારે છે; નહિતર તે પ્રભુને બધાં ભકતોમાં સ્નેહાતિશય પ્રિય શ્રીરાધિકાજીના અધરામૃત શિવાય અન્ય કંઈ પ્રિયજ નથી. વળી પ્રાતઃકાળે ગોધનસંગ વનગમન કરવું, અને સાંયકાળે વ્રજમાં પધારવું. એ સર્વ-લીલા વ્રજભકતોને નૂતન પ્રીતિ પ્રકટ કરવાને માટે છે. તેવું ગોપાલદાસજી નીચેની કડીયોમાં વર્ણવે છે"

મૂલ૦રાધાઅધરસુધાવિના(પિયુનેબીજુકાંઈનવભાવેજી;
પ્રાતઃપધારેનેનિશાયેઆવે(વ્હાલો)પ્રીતિનવીઉપજવેજી
માતાનું મન રંજવા પ્રભુ, આરોગ્યા બહુ સ્વાદેજી;
સુગંધ બીડી કરધરીને, ઉઠયા નુપૂરને નાદેજી૦૧૫

શબ્દાર્થ—શ્રીપ્રભુને શ્રીરાધિકાજીના અધરામૃત વિના,

અવર કંઈ પ્રિયજ નથી. પ્રાતઃકાળે વનગમન કરવું, અને સાયંકાળે વ્રજમાં પધારવું એ ફકત ભકતજનોને નૂતન પ્રીતિ ઉપજાવાનુંજ કારણ છે. ૧૪

વળી એ શ્રીપ્રભૂ માતા યશોદાજી આગળ તેમને આનંદ આપવા ઘણા સ્વાદથી જમ્યા, તેમજ સુગંધી બીડાં શ્રીહસ્તમાં ધારણ કરી નુપૂરના નાદ કરતા શયનમન્દિર તરફ પધારે છે ૧૫.

વિવેચન—વિશુદ્ધ પ્રેમી અનન્યભકિત કરનારા પ્રેમ-સંભોગી ભકતોને પ્રભુના અધરામૃતાદિસ્વાદ શિવાય અન્ય પ્રિયજ હોતું નથી એટલે તે પ્રેમસંભોગી સર્વાત્મ ભાવીયોમાં રહેલો રસિક પ્રેમ માતાપુત્રના વચમાં રમતા પ્રેમની હદને ટપી આગળ વધે છે.

એવાં, રમણશ્રેષ્ઠ શ્રીપ્રભુનાં અનન્યભકત; શ્રીરાધિકા-જીને પોતાના પ્રાણપ્રિયતમના અધરામૃતના પાન શિવાય સર્વ કંઈ અપ્રિય છે. તેમજ શ્રીપ્રભુને પરમસુકોમલ જીગરી પ્રાણપ્યારી ભ્રમુભાનજીની લલીના અધરામૃત શિવાય કંઈ પ્રિયજ નથી. જો શ્રીપ્રભુને પૂર્ણ સ્વાદ આવતો હોય તો કેવળ શ્રીરાધિકાજીના અધરામૃતનોજ. શ્રીપ્રભુ માતૃનું મનરંજન કરી તેમને મોહવૃદ્ધિ કરવા ભોજનના સ્વાદની સરાહના કરે છે.—એવી સરાહના સાંભળી આનંદ પામતાં ભોળાં માતૃ, નિત્ય વનગમન કરી શ્રમિત થયેલા પુત્રપર વાત્સલ્ય વધારતાં લાલનપાલન કરે છે. શ્રીપ્રભુ પોતાના

શ્રીહસ્તમાં, સુગંધી બીડાં લઈ, હર્ષથી નુપૂરના નાદ કરતા, ઉતાવળા ઉઠી બીડાં આરોગ્યા શિવાય, શયનગૃહ તરફ પધારે છે. તેમાં ઉતાવળા શયનગૃહ તરફ પધારવાનું પ્રયો-જન એજ છે કે—પોતાનાં પરમપ્રિયસંયોગસાલિલાધિણી શ્રીરાધિકાજીના શ્રીહસ્તે બીડાં આરોગી અધિકસ્વાદ લેવા પધાર્યા છે. અને શૃંગારરસનું સૂચન કર્યું છે.

વિશેષમાં ભોજન કરાવવું એ માતૃઅધિકાર છે, અને બીડી આરોગાવવી, એ પ્રિયાજીનો અધિકાર છે. એટલે શ્રીપ્રભુએ જ્યાં જેવા અધિકારી ત્યાં તેવા રસનું દાન કર્યું છે.

અત્ર શ્રીપ્રભુની વાતોમાં શૃંગારરસ શબ્દ વાપરવાથી શુષ્કમાયિકવિષયરસને પ્રકટ થવાનું સ્થાન એક પણ નથી. તે ચોકકસ જાણવું.

દિવ્યપ્રેમજનિત સર્વાત્મભાવ તે—માતા પિતા, ભાઈ બેનના નિર્મળપ્રેમને પણ દબાવી આગળ વધે છે. એ પ્રેમની કોટિ કોઈ ન્યારીજ છે, અનુભવૈકહૃદયથી લભ્ય છે.

અરે શું—સ્ત્રી પુરૂષની ઉત્પત્તિ પ્રભુએ શુષ્કવિષય ભોગા-ર્થજ કરી છે? ના, સર્વથા શાસ્ત્રનો તેવો હેતુજ નથી. પણ પ્રભુએ આપેલી દેહેન્દ્રિયો અનન્યવ્રતથી પ્રભુના સાન્નિધ્ય પ્રેમાસકિત અને વ્યસન રૂપે કરી નાંખવી. તેમજ પ્રભુકૃત-સૃષ્ટિ માતાએ પુત્રને, ભાઈએ બ્હેનને, અને પુરૂષે સ્ત્રીને પરસ્પર ખરા અંતઃકરણના પ્રેમથી પ્રભુસેવા ભાવમાં મદદ કરવી અને જીવન પ્રભુપરાયણ કરવું, એ શિવાય શાસ્ત્રોમાં અવર

ધર્મ જ જીવને પ્રભુએ બતાવ્યો નથી. સર્વધર્માન્ પરિત્યજ્ય એ ગીતાજીના ટુંકા સૂત્રથી પણ સમજાય છે, માટે સ્ત્રીએ પુરૂષમાં અને પુરૂષે સ્ત્રીના અનિત્ય શરીરમાં પરસ્પર મિથ્યા પ્રેમાસક્તિ ન જોડતાં; ઉત્તમ પ્રભુ લાયક જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિવાળું મનુષ્યજીવન વૃથા ગુમાવવું ન જોઇયે. અનિત્ય શરીર પર સ્ત્રી પુરૂષે પ્રેમ જોડવો, એ અજ્ઞાનનું જ કારણ છે. પ્રભુથી એવો પાસ ફડાવી જીવો ભૂતલપર આવ્યા નથી કે: જેથી જીવોને પરસ્પર અન્યથા ભોગ ભોગતાં પરિણામે પ્રભુ પ્રસન્ન થાય? માટે દરેકે જ્યાં જોઇયે તેવી એક બીજાને પ્રભુ સેવારૂપી ધર્મ ક્રિયામાં સહાય કરતાં; પ્રભુસેવા પરાયણ જીવન વ્યતિત કરવું. અને પરમાનન્દ મેળવી, આ અનિત્ય દેહ છોડયા પછી રસિક ભકતોના સમાન નિત્યસુખ, નિત્ય-પૂર્ણાનન્દ મેળવવો. એજ જીવને ઘટે છે.

રસિક શ્રી રાધિકાજીના સમાન પ્રેમને જ ભકતો પરમ પુરૂષાર્થ કહે છે, માટે તે પ્રેમ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો.

ઉપરનું વર્ણન તે રસિક ભકતોની કોટિ મેળવવા જ વર્ણવેલું છે. બાકી શ્રી રાધિકાજી એ કંઈ માયિક જગતના જીવો સરખો જીવ નથી, પણ શ્રીકૃષ્ણ પૂર્ણતમ પરબ્રહ્મ છે, અને શ્રી રાધિકાજી પૂર્ણતમ શ્રીકૃષ્ણનું અંગ છે.

પ્રભુ શ્રી કૃષ્ણચન્દ્રે આ સંબંધમાં બ્રહ્મવૈવર્તપુરાણમાં વિસ્તારથી કહેલું છે. તે ભકતજનોને અવગાહન કરવા યોગ્ય છે.

—શ્લોક—

त्वं मे प्राणाधिका राधा प्रेयसी प्रेयसी परा ।
यथाहं च तथा त्वं च भेदहि यावयो ध्रुवम् ॥ १ ॥
यथा क्षीरे च धावल्यं यथाग्नौ दाहकं सति ।
यथा पृथिव्यां गंधश्च तथाहं त्वयि सत्तमम् ॥ २ ॥
विना मृदा घटं कर्तुं विना स्वर्णेन कुण्डलम्
कुलालस्वर्णकारश्च नहि शक्तः कदाचन ॥ ३ ॥

ઇત્યાદિ અનેક શ્લોકોથી ભગવાન આજ્ઞા કરે છે કે:—

હે રાધિકા! તું મને પ્રાણથી પણ અધિક પ્યારી છે. અને આ જગતમાં મંગલ કરનારી છે. જેવી તું છે, તેવોજ હું છું. ખરેખર આપણા બન્નેમાં જરાપણ ભેદ નથી. જેમ દુધમાં સફેદી છે, અગ્નિમાં દાહક શક્તિ છે, અને પૃથ્વીમાં ગંધ વિગેરે નિત્ય રહે છે; તેમ હું તમારામાં અને તું મારામાં એમ નિરંતર છે. એ પ્રમાણે વર્ણન કરી એમ સૂચવે છે કે:—હું પોતે ભકતોના વિલાસ સાથે યુગલ સ્વરૂપે અખંડ બિરાજું છું. તેવું મને મારા રસિક રસપ્રચુર ભકતો જ જાણે છે, પણ માયાના આવરણથી મુઝાઇ અજ્ઞાનરૂપી અંધકારમાં અથડાતા વિષયાન્ધો અમારૂં યુગલ તત્વ શું છે, તે જાણતા નથી.

અજ્ઞાની ગમે તેમ સમજે, ગમે તેમ પ્રભુ શ્રી કૃષ્ણ રાધાના સંબંધમાં બકે, પણ દૈવીજનને તો એજ શ્રી રાધિકાજી અને ગોપિજનના વિમલ પ્રેમનું તત્વ અનુકરણ કરી પોતાના શુષ્ક

વિષયને છોડી વિમલ પ્રેમને પ્રકટ કરી, દુઃખદ વિષયનો નાશ કરવો એજ કર્તવ્ય છે.

દ્વિદલાત્મક સ્વરૂપનો ગરબો

રાગ "આવો આવોની સલુણા પ્રભુ શામળા જી"

શ્રીમદ્ રાધિકા શ્રીકૃષ્ણ વસ્તુ એક છેજી,
દેવા ભક્તને સુખ યુગલ વપુ વિવેક છેજી. ૧
આદ્યે એક રૂપ બ્રહ્મશ્રુતિ ગાય છેજી,
તેઓ બે મળીને એક કહેવાય છેજી. ૨
એમાં અનુભવીને તો સુધી સમજ પડેજી,
તો પણ અજાણ્યાને મન આશ્ચર્ય અડેજી. ૩
તે માટે કહું દૃષ્ટાંત યુક્તિ જોડીનેજી,
સાંભળતામાં સહ સંશય નાંખે તોડીનેજી. ૪
ત્વચા સહ ચણો જેમ એક ભાષ્યમાન છેજી,
અન્તરમાં સમાન દ્વિદલ વિદ્યમાન છેજી. ૫
હવાં કહું પૃથક્ પ્રકટ થવા તણી વિધિજી,
ઘનશ્યામ થકી શ્યામા આનન્દનો નિધિજી. ૬
શ્રીજી સાગરને લહેરી ભાનું નન્દિનીજી,
ઇન્દુ અલબેલો અલબેલી ચારૂ ચન્દ્રિનીજી. ૭
વિકુલ વન્હિને કીર્તિ કન્યા જ્વાલિકાજી,
સૂરજ શ્રી વ્રજેશ કાન્તિ કન્યા બાલિકાજી. ૮

રૂપ રસિક વર છબીલી છાયા તે તણીજી,
પુરૂષ પુરૂષોત્તમ રામા રાધિકા ભણીજી. ૯
કૃષ્ણ આત્મા રાધા, રાધા, કૃષ્ણનો સહીજી,
એમાં અધિક ન્યૂન કોઇ કહેવાવે નહીજી. ૧૦
પરસ્પર શોભા એક એકની ભણુંજી,
એકલાં ન શોભે કહું દૃષ્ટાંત તે તણુંજી. ૧૧
કેસરી અરણ્ય જેમ ચન્દ્ર જામિનીજી,
શિર્ષ કેશ, દેહી દેહ મેઘ દામિનિજી. ૧૨
પરસ્પર ઉભય એકેકમા વ્યાપી રહ્યાંજી,
પ્રીતમ પ્રિયા, પ્રિયા પ્રીતમ સંભવે કહ્યાંજી. ૧૩
અનલ દહનતા, જેમ ઘંટ વિષે નાદ છેજી,
સલિલ શીતલતા સુધા વિષે સ્વાદ છેજી, ૧૪
એ વિધે સ્વરૂપ લાડ લાડિલી તણુંજી,
એ બે થકી લીલા સર્વ અપર નહિ અણુંજી. ૧૫
સદા રસમય સંભોગી રસ રાસનાજી,
યુગલ રૂપ એ સર્વસ્વ કૃપા દાસનાંજી. ૧૬

વિષય એ હળાહળ વિષ મેળવેલું મધ છે, પ્રભુ પ્રેમ એ અમૃતનો કુંપો છે, વિષય એ અખંડ દુઃખ છે, પ્રેમ એ અખંડ સુખ છે. વિષયમાં અજ્ઞાનવૃત્તિની તૃપ્તિ છે,

અને પ્રભુ પ્રેમમાં તન્મયતા, આત્મસમ્પૂર્તિ, સુન્દરતા અને શુષ્કવિષયનું વિસ્મરણ છે.

ગોપીજનોએ પ્રભુમાં વિમલ પ્રેમ વડે જ સર્વવિષયનું વિસ્મરણ કર્યું હતું. અધિક કહીયે તો પૂર્વે તે ઋષિઓ હતી, અને કેટલાંક તપોએ કરી પ્રભુમાં સ્વરૂપાસક્તિ મેળવી હતી, અને વરદાન પામ્યાં હતાં., પ્રભુ : પૂર્ણેશ્વર હોવાથી તેમની આ પૂર્વકથા જાણતા હતા; ગોપીજનો પણ પ્રભુ પ્રાકટય સમજ્યાં હતાં, એટલે પ્રભુએ પોતાનું ખરૂં સ્વરૂપ ગોવર્ધનપર્વત ધારણ કરતી વખતે બતાવ્યું હતું; તેથી તેમને આત્મપ્રીતિ થઇ હતી, તે આત્મપ્રીતિવડે સર્વ જગતમાં પતિ પુત્રાદિમાં પ્રેમ છે, તેમ તેઓના જાણવામાં આવ્યા પછી; આનંદમય પ્રભુને કહેવા લાગ્યાં કે; હે પ્રભુ ! જ્યારે સર્વના હૃદયમંદિરમાં આપ જ બિરાજેલા સર્વાત્મા છો, ત્યારે તમોને તજી દુઃખદાયક પતિ પુત્રાદિમાં પરમાત્માની કલ્પના કરવાની તડામારમાં શા માટે પડીયે ? ડાહ્યા પુરૂષોયે તો નિરંતર હે વિશ્વંભર ! આપનેજ પોતાના પ્રિયાત્મા જાણવા જોઈયે, અને આપનાથી પ્રેમ સંભોગ કરવો જોઇયે. (આપ તો ગિરિવરધરણ છો.)

ગીતી

ગિરિવર ધરીયો જેણે, રાસવિલાસી છતાંજ બ્રહ્મચારી,
તે શ્રીકૃષ્ણ કૃપાનિધિ, નવપદ કમલે રહો મતિ મારી. ૧
કૃષ્ણ કહું આરંભે, એથી અધિક તો જગમાં શું બીજે,
કૃષ્ણમય ન બધી દુનિયા, માટે હે મન તું કૃષ્ણકૃષ્ણ કીજે. ૨

દયારામ કવે છે કે –

પાયો પ્રેમરસ પ્રાણ જીવન રે, દીન થઇ યાચુ રે:
મુક્તિ મારગીને આપજો જ્ઞાન રે, હું તો નવ રાચુરે. ૧
રીઝે રાખડી થકી ગરીબ લોકરે, ભોગીને ન ભાવેરે;
અમો રાજના ખાસા ખવાસ, મુક્તિ મન ન આવેરે. ૨
નિત્ય નિરખીએ નટવર રૂપરે, હોંસ હૈયામાંથીરે;
મન માન્યું મળે સૌ સુખરે, તે એકતામાં કયાંથીરે. ૩
દિવ્ય રૂપ છો સદા સાકારરે, આનન્દના રાસીરે;
બોલે અનુચિત માયિક મુઢરે, નરક નિવાસીરે. ૪
દુષ્ટ જીવને કહે છે બ્રહ્મરે, બ્રહ્મજીવ લેખેરે;
છતે સ્વામીએ સોહાગિણીનું સુખ, સ્વપ્ને નવ દેખેરે. ૫
આપ સ્વામી સદા હું દાસરે, એ નાતો નિભાવોરે;
રૂચે આપને કરો તેવી ટેવ, પણ અન્ય નવ ભાવોરે. ૬
વિના લાલનનું લાલ મને વ્હાલરે, અચલિત આપોરે;
વિષય વાસના પ્રપંચની પ્રીતરે, કૃષ્ણ મારી કાપોરે. ૭
અનન્ય સેવા અખંડ સત્સંગરે, મનોહર માગું રે:
દયા પ્રિતમજી આપો મને એહરે, પાયે લળી લાગું રે. ૮

" એ પ્રમાણે ગોપાલદાસજીએ શ્રી રાધાકૃષ્ણનું તત્વ અને ઉત્કટ પ્રેમ સૂચક અધરનું પાન બતાવી, આગળ વ્રજભકતોને પણ તેજ પ્રમાણે સુખ આપ્યું છે તે વર્ણવે છે. "

મૂ૦સકલવ્રજમાંપોઢીયા, ૦હાલોવિવિધરસસુખદાનજી
એ લીલા મારે મન વસોને, ભકત માગે માનજી ૧૬

શબ્દાર્થ—હે પ્રભુ ! આપ વ્રજમાં બધા ભકતજનોના ભાવાત્મક સ્વરૂપે પોઢીને ભકતોને અનેક પ્રકારના રસથી સુખદાન કરો છો. એવી જે આપની લીલા, તે મારા મનમાં સ્મરણ થતી નિત્ય રહો. તેવું મારૂં માગણું સ્વિકારી આ જીવનો મનોરથ પૂર્ણ કરો ? એમ ગોપાલદાસજી વિનંતિ કરે છે.

વિવેચન—જે ભકતજનો જે જે રસના અધિકારી છે તેમને તે પ્રકારના રસનું દાન કરે છે. શ્રી યશોદાજીના ભાવ પોષણાર્થે બાલલીલા કરે છે. કુમારિકાના ભાવ પોષણાર્થ અને ગોપીજનના ભાવ પોષણાર્થે રાસલીલા કરે છે. કેવું વિરૂદ્ધર્માશ્રયપણું શ્રી પ્રભુમાં ઝલકી રહ્યું છે કે; એક કાલાવચ્છિનમાં ઉપરની સર્વ લીલા કરે છે. તેવું કામ પ્રાકૃત મનુષ્યથી કદાપિ બને જ ખરૂં ? = ઉપરની બતાવેલી વિવિધ પ્રકારની લીલા, ભગવદાવતાર શ્રીમદ્વલ્લભાચાર્યચરણ પ્રકટિત પુષ્ટિમાર્ગમાં સેવા પ્રકરણને વિષે વર્ષોત્સવાદિ પ્રકારે પ્રકટ છે. જે હોરી, હીંદોલા, દાન, માન, રાસ, જન્મ લીલા વિગેરે નિત્ય લીલાઓ ભકત જનને અનુભવ કરવા પ્રકટ છે માટે વૈષ્ણવે સેવા કરતાં નિરન્તર એ નિત્ય લીલાનો ભેદ સમજીને ભજન સેવન કરવું, એજ કર્તવ્ય છે.

હે શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ ! હું જીવને પણ ઉપરના રસનું

દાન કરશો એમ ગોપાલદાસ વિનવી કહે છે કે; હે પ્રભુ ! મારો આપની લીલામાં અંગીકાર કરો ? મારા દ્વારા આપે આપની નિત્યલીલાનું વર્ણન કૃપા કરી કરાવ્યું છે. અને મારી રસના પવિત્ર કરી છે. તેમજ આપની નિત્ય લીલામાં મારો અંગીકાર કરી મારૂ સર્વાંગ સફળ કરો ? હે શ્રીવિઠ્ઠલેશ સ્વામી ! આપ સાક્ષાત્ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ જ છો—આપની લીલા અપાર છે; અને આપ દીનવત્સલ છો, ભકતેચ્છા પૂરક છો. આપ હું સરખા પામર જીવોને દુઃખદ સંસારમાંથી કૃપા-બલવડે ઉદ્ધારી લેવાજ ભૂતલપર દ્વિજ વર સ્વરૂપે બિરાજમાન છો. વિશેષ શું વિનવું, મારે માથે હાથ ફેરવનાર આપ એકજ છો.

હે આત્મારામ ! આપને મારાં સરખાં અનેક છે. હે શ્રીવલ્લભતનય ! આપે આ જીવપર કૃપા વિચારી જે પ્રેમ પાથર્યો છે; તે હવે પછી સંકેલી લેવા ઇચ્છા કરશો તો હું જાણું છું કે; સજ્જનની પ્રીતિ તેવી ક્ષણભંગુર હોતી નથી, તો આપની તો તેમ હોય જ કેમ ? આપ તો સજ્જનોના સ્વામી છો; ગોપાળદાસજી અધિરાઈથી ગદ્ગદિત થતા હૃદયે આગળ વર્ણવે છે.

મૂ૦શ્રીવિઠ્ઠલદ્વિજરુપતમારી, લીલાએણીપેરેઝાઝીજી
ઓળવે કેમ ચાલશે જે, પ્રીત અમશું બાઝીજી ૧૭

શબ્દાર્થ—હે શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ ! આપની ઉપર પ્રમાણે અનેક લીલા છે; તથાપિ હાલ આપ દ્વિજવરરૂપે

પ્રકટ છે. પરન્તુ હું પામરને આપનો ગણી દર્શન કરાવ્યાં છે; તો હવે આપ જો મારાથી આપની લીલા છુપાવશો તો તે દર્શનવિના મારાથી એક ક્ષણ પણ રહી શકાશે નહિ. ૧૭

વિવેચન— હે નિઃસાધનજનોદ્ધારક શ્રીવિઠ્ઠલેશપ્રભુ ચરણ ? આપને શરણ આવનાર જીવને આપ સર્વદા આનન્દનુંજ દાન કરો છો. દુઃખનો લેશ પણ સ્પર્શ થવા દેતા નથી. જરૂર આપ સંસારવ્હેરી શ્રીકૃષ્ણ જ છો. હું મૂઢ છતાં આપનું નામ લેતાં સંસારી વાસના રહિત થયો છું. હે શ્રીકૃષ્ણ! સ્વતઃ આપ દૈવીજીવને દીર્ઘકાળના દુઃખમાંથી મુક્ત કરવાજ શ્રીમદ્વલ્લભાચાર્ય સ્વરૂપે અગ્નિમાંથી પ્રાદુર્ભૂત થયા છો. તે આપની લીલાનાં દર્શન કરાવી મને કૃતાર્થ કર્યો છે, તો હવે પછી મારાથી તે લીલા છુપાવશો નહિ. મારા નિર્વાહમાં, પોષણમાં, રક્ષણમાં, અન્નમાં, પ્રાણમાં અને સર્વાંગમાં આપ જ રમી રહ્યા છો માટે આપના દર્શનવિના મારા તત્કાલ પ્રાણ જશે. ૧૭

હે શ્રીલક્ષ્મણનન્દ નન્દન! હું આપના વિના એક નિમિષ પણ રહી શકું તેમ નથી. એમ હું મારા ખરા અન્તઃકરણથી કહું છું. હવે તો આપના શ્રીમુખ સમિપ અખંડ જીવન ગળાવો. આપે મને લીલાનાં દર્શન આપતાં કોઈ અજબ નયનનું બાણ માર્યું છે. તેથીમારૂં મન મૃગ વિંધાઈ ઘાયલ થયું છે. તે દર્દ અન્ય ઔષધોથી દૂર થાય તેમ નથી. ફકત આપના આલિંગનરૂપી ઔષધ જ મારા દર્દને પથ્ય

છે. હે શ્રી વિઠ્ઠલગોવિન્દ ! મારૂં મન આપનામાંજ માની રહ્યું છે. જેથી જાગનાં નિદ્રામાં અને ઘડી પળે અહારવિહારાદિ સર્વ દેહ સુખ તજી, આપનેજ મળવાની ઉત્કંઠા કરી રહ્યું છે.

રાગ રામકલી

મનસા વાચા ઔર કર્મણા, હીતકી તોસોં કહું. ૧
જો કછુ કહો સોઇ શિર ઉપર, સોહોં સબે સહુ;
સદા સમિપ રહું ગિરિધરકે, સુન્દર વદન ચહું. ૨
યહ તન અર્પણ હરિકો કીનો, વહ સુખ કહાલહું;
પરમાનન્દ મદન મોહનકે, ચરણ સરોજ ગહું. ૩

મેરો મન ગોવિન્દ સોં માન્યો, તાતેં ઔર ન જીય ભાવે;
જાગત સોવત યહ ઉત્કંઠા, કોઉ વ્રજનાથ મિલાવે. ૧
બાઢી પ્રીતિ આન ઉર અન્તર, ચરનકમલ ચિત દીનો;
કૃષ્ણ વિરહ ગોકુલકી ગોપી, ઘરહી મેં વન કીનો. ૨
છાંડ અહાર વિહાર દેહસુખ, ઔર ન ચાહત કાહું;
પરમાનન્દ બસત હે ઘરમેં; જેસેં રહત બટાઉ. ૩

ઇતિ શ્રી ષષ્ઠાખ્યાનં સમ્પૂર્ણમ્

અથ શ્રીસપ્તમાખ્યાનમ્ પ્રારભ્યતે

ગયા છઠ્ઠા આખ્યાનમાં ગોપાલદાસજીએ શ્રીમદ્વિઠ્ઠલેશ પ્રભુચરણ અને શ્રીકૃષ્ણની અનન્યતાનું દર્શન કરાવી, પ્રભુનો ગુણાનુવાદ પ્રકટ કર્યો. હવે આગળ સપ્તમાખ્યાનમાં તેવીજ પદ્ધતિને અનુસાર "**યસ્ય દેવે પરા ભક્તિ: યથા દેવે તથા ગુરૌ**" એ શ્રુતિનું શાક્ષાત્ દૃષ્ટાંત આપવા ઇચ્છા કરીએ તો, શ્રી ગોપાલદાસજીને વિષે તે ભકિત જોઇયે તેવી તરી રહી છે. એમનામાં ગુરૂભકિતનું આધિકય એટલે સુધી બલવત્તર છે કે; તેમનાં આખ્યાનો વાંચતાં વાંચક કવચિત્ સંશયગ્રસ્ત થાય છે. અને વિચાર કરે છે કે; આતે શ્રીમદ્વિઠ્ઠલેશ્વરનું વર્ણન કરે છે કે; શ્રીકૃષ્ણનું ? વસ્તુત:ભકત કવિનું એવું લખવું છે કે; શ્રીકૃષ્ણનુંજ રૂપાન્તર આ દ્વિજકુલભૂષણ શ્રીમદ્વિઠ્ઠલેશપ્રભુચરણ છે, અર્થાત્ સ્વરૂપ બન્ને એક છતાં ભકતજનના વિલાસાર્થ–રૂપભેદથી લીલા કરે છે, તેથી કવિશ્રી કવચિત્ શ્રીકૃષ્ણનું અને શ્રીવિઠ્ઠલાધીશનું વર્ણન કરે છે. અનુભવ વિનાના જીવોને ઉકત સ્વરૂપમાં ભિન્નતા ભાસે, તથાપિ ભકતકવિશ્રી અને તે પ્રભુના અનુભવીઓની દૃષ્ટિમાં બન્ને એક જ છે. એટલે કવિશ્રીએ તો સર્વત્ર શ્રીવિઠ્ઠલેશ

પ્રભુનું જ વર્ણન કર્યું છે. હવે આગળના આખ્યાનના આરંભની બે કડીમાં શ્રીગોસાંઇજીની કૃતિને કવિ વર્ણવે છે.

મૂલ૦ આપ સેવા કરી શીખવે શ્રીહરિ, ।
ભકિતપક્ષ વૈભવ સુદૃઢ કીધો; ॥
આપની લીલા તે વદન પોતે કહી.
ઉચ્ચાર આનન્દ અધિક દીધો. ૧

શબ્દાર્થ–શ્રીહરિ પોતેજ શ્રીવલ્લભવિઠ્ઠલેશ સ્વરૂપે પ્રકટ થઇને, પોતાની સેવા પોતે જ કરી ભકતોને શીખવાડી છે. અને પોતાની દિવ્યલિલાનો વિસ્તાર પોતે જ શ્રીમુખે વચનામૃતદ્વારા કરી ભકતોને અત્યાનંદ આપી, ભકિત-માર્ગનો પક્ષ ખેંચી માર્ગને સુદૃઢ કરવા વિસ્તારથી વર્ણવ્યો છે. ૧

શ્રી મહાપ્રભુજીના સિદ્ધાન્તાનુસાર ભગવત્સેવા તન મન ધનથી કરતાં કરતાં પ્રભુના અનુગૃહથી ચિત્ત પ્રભુમાં પરોવાઈ જાય તેને માનસી સેવા કરવા વખત આવે છે. તેવું શ્રી વલ્લભાચાર્યજી સિદ્ધાન્ત મુકતાવલીમાં કહે છે.

"કૃષ્ણ સેવા સદા કાર્યા, માનસી સા પરામતા।
ચેતસ્તત્પ્રવણં સેવા, તત્સિધ્યૈ તનુ વિત્તજા. ॥

તન મન ધનથી પ્રભુ સેવા દૈન્ય અને પ્રેમ વડે કરનાર ઉપર પ્રભુ પ્રસન્ન થાય છે. જેનામાં પ્રભુની કૃપા મેળવવાનો પ્રેમ

અને દીનતા હોય તેમાંથી ખોટુ અભિમાન ખશી જાય છે. અભિમાનની નિવૃત્તિ થવાથી કેાટિ જન્મેાનાં પાપનેા પ્રભુ નાશ કરે છે તેમ ગીતા શાસ્ત્રમાં ભગવદ વચન છે.

મામેકં શરણું વ્રજ અહંતાં સર્વપાપેભ્યેા મેાક્ષ યિષ્યામિ માશુચ

હે જીવ! તું મારે એકલાને જ શરણે આવી જા તેથી હું પેાતેજ તને સર્વ પાપથી છુટેા કરીશ, અને તારી રક્ષા પણ હું જ કરીશ.

એ પ્રમાણે શ્રી વલ્લભાચાર્યજી દેહપ્રાણ ઇન્દ્રિય અને અન્તઃકરણ સાથે આત્માને શ્રી કૃષ્ણનેા સંબંધ કરાવે છે, તેને જ બ્રહ્મ સંબંધ કહેવામાં આવે છે. બ્રહ્મનેા સંબંધ થયા પછી શરણ થયેલા જીવે પેાતાની સર્વ ક્રિયા ખાનપાન ધંધેા રેાજગાર ટંટેા ફિસાતથી લઇ સર્વ પ્રભુને જણાવી કરવું પ્રભુના ધ્યાન પુરઃસર સર્વ કરવાથી તમામ કાર્ય દિવ્ય બની જાય છે.

દિવ્ય સામર્થ્યવાળા ભકતેાના તમામ કેાડ નંદનેા કેાડામણેા કુમાર શ્રી કૃષ્ણ પેાતે પૂર્ણ કરે છે. તેવાં દિવ્ય ભક્તો ભગવાન શ્રી કૃષ્ણના સાનિધ્ય ઉભા એમ પણ કહે છે કે તમેા તમારી બધી વડાઈ મુકી દેા. મારૂં માખણ ખાઇને તેા આવડા મેાટા થયા છેા. નંદના કુંવર તમેા ન કરેા વડાઈ મેાટા થયા મારૂં માખણ ખાઈને, નંદના કુંવર તમેા બહુ રંગ રસીયા, અમારે કારણ વ્હાલા વ્રજમાં વશીયા. એવા અનંત પ્રેમ રંગીલાં મીઠા વચનેા ભકતેા કહે છે — આ પુષ્ટિમાર્ગ તે પ્રેમનેા માર્ગ છે તેમાં આંત્તર ભાવાત્મક છે. તેમાં બાહ્ય ક્રિયાની બહુ જરૂર નથી,

માત્ર હૃદયના પ્રેમ વડે જ પ્રભુ પૂર્ણ પ્રસન્ન છે.

વર્ણાશ્રમના લૌકિક વૈદિક ધર્મ બાહ્ય છે, ભક્તિ આન્તર ધર્મ છે. હૃદય ધર્મની મુખ્ય અવધારણા રાખી યથાશકિત બાહ્ય લૌકિક વૈદિક ધર્મનું આચરણ કરવું.

આન્તર ધર્મની વિસ્મૃતિ થઇ બાહ્ય વર્ણાશ્રમ ધર્મનેા આદર કરવામાં આવે તેા અત્યાચાર થાય તેથી તેમાં દુઃખજ છે. વર્ણાશ્રમ ધર્મ તેા સેવામાં વિરેાધી ન થાય તે પ્રમાણે યથાશકિત પાળવા માટે શ્રી આચાર્યજીએ નિબંધમાં આજ્ઞા કરી છે. અને બીજા ગ્રન્થેામાં પણ બહુ રીતે સૂચનાઓ છે વિવેક ધૈર્યાશ્રય અને કૃષ્ણાશ્રયમાં પણ કહે છે કે દરેક વિષયમાં અધર્મ અને ધર્મ થવાનેા સંભવ છે કે નહિ તેનેા વિચાર કરી, ઇન્દ્રિયેા વશ રાખી પાખંડ માત્ર તજવું. યથાશકિત સ્વધર્મ જ પાળવેા, વિધર્મથી તેા દૂરજ રહેવું, એમ વર્તવાથી તમામ દેાષેા પ્રભુના કૃપા બળથી નિવૃત્ત થશે.

આત્મ નિવેદન નિત્ય કરવું જેથી આપણેા બ્રહ્મની સાથેનેા અંશાંશી સંબંધ છે તેની સ્ફુર્તી રહેશે, અને શુદ્ધ અદ્વૈત સિદ્ધાન્તની સમજ પણ સિદ્ધ રહેશે, 'અને હું પ્રભુનેા દાસ છું, પુત્ર છુ, મારૂં સર્વસ્વ પ્રભુ જ છે, હું પ્રભુને આધિન છું, પ્રભુ જ મારા અધિપતિ છે' એમ થવાથી જ જીવને દૈન્ય સ્ફુરેલું રહે છે.

આ શ્રીકૃષ્ણના કૃપા–માર્ગનેા ખરેા સિધ્ધાન્ત તેની ઝાંખી શ્રીઆચાર્યજીએ, પંચશ્લેાકીમાં બહુ રૂડી રીતે કરાવી છે. તે પેાતાના તમામ ગ્રંથેાનું દેાહન છે.

ગૃહં સર્વાત્મના ત્યાજ્યં, ન ચૈત્યકર્તું ન શક્યતે
કૃષ્ણાર્થે તત્પ્રયુંજીત કૃષ્ણો નર્થસ્ય મોચકઃ ॥૨॥

સદાસર્વદા સર્વેશ્વર શ્રીકૃષ્ણના સંબંધી બની જવાની ઉત્કટ ઇચ્છાવાળાએ સર્વાત્મના ઘરને ત્યજવું: જો તેમ કરવું ન બને તો ઘરનાં સર્વને શ્રીકૃષ્ણના અર્થમાં જોડવાં. જેથી શ્રીકૃષ્ણ પોતે જ અનર્થ–મોચક–દૂરકરનાર હોવાથી બધું સુગમ થશે.

વળી સર્વાત્મના, સંગ માત્રને ત્યજવો, જો તેમ ન બને તો સંતોનો સંગ કરવો: એ સંતો જ અન્યથા આસક્તિના ઔષધરૂપ છે. તેઓ, સંગથી થતા રોગની નિવૃત્તિ કરશે. ૨=જો સ્ત્રી પુત્રાદિ અનુકુળ હોય તો તેમની પાસે પ્રભુ સેવા કરાવવી, અને ઉદાસીન હોય તો તે સેવા પોતેજ કરવી. અને તેથી પણ તેઓ વધુ પ્રતિકુળ હોય તો ઘર ત્યજવું= જેઓ પ્રભુ વિમુખ હોય તેમને ત્યજવાને દુષણ નથી=પ્રભુ પ્રાપ્તિમાં અનુકુળ વિષયનીજ કલ્પના કરવી ઠીક છે.–અર્થાત્ પ્રભુસેવામાં સર્વ પ્રાપ્તનો વિનિયોગ કરવો અને પ્રતિકુળનો તદન ત્યાગ કરવો.

આત્મ નિવેદન કર્યા પછી જીવે એમ માનવું કે મારૂં પોતાનું કંઈજ નથી. બધું પ્રભુનું છે. પ્રભુ જ મારૂં રક્ષણ કરશે, મારા પાલક પ્રભુ જ છે. એવા દૃઢ વિશ્વાસથી દીનતા પૂર્વક પ્રભુની શરણાગતિ ધારણ કરવી.

ગૃહત્યાગ–એટલે આ ઘર ભગવાનનું છે તેમ પાખંડ

રહિત જાણી એ ઘરમાં સેવકભાવે રાત દિવસ બનતી, શકત્યાનું સાર શ્રીપ્રભુની સર્વ નાની મોટી સેવા કરી જીવન વહેવું= શ્રીપ્રભુમાં અનુકુળ પદાર્થ પ્રાણી માત્રનું ગૃહણ કરવું પ્રતિકુળનો તદન ત્યાગજ કરવો.= આ ઉપર બતાવેલાં સૂત્રો જેનો શ્રીપ્રભુમાં સુદૃઢ વિશ્વાસ હોય, અને આત્મનિવેદન પૂર્વક શ્રીપ્રભુના રૂપ ગુણની સ્ફુર્તી સહજ સિધ્ધ રહે, તેને જ દીનતા અંતર સ્નેહ સાથે રહે છે.

એવા દૈન્ય પ્રેમાળ ને શ્રીપ્રભુ અલૌકિક સામર્થ્યનું દાન કરે છે. અલૌકિક સામર્થ્ય એટલે આખા વિશ્વમાં કે કોઈ લોકમાં એવું સામર્થ્ય જોવામાં ન આવે એવું દિવ્ય ચમત્કારિક કામ દૈવીથી બને છે. એક ભકતે કોઇ મોટો ગંગાસાગર તરી પાર જઇ સુરમુરા લાવી પ્રભુને સમર્પ્યા. તો કોઇ ભકતે મોટી પાષાણની શીલા પડતી ઝીલી રાખી. તો કોઇએ પ્રભુ અર્થે દહીને માટે સાધારણ જીવને મુક્તિ આપી. ઘણાં દૃષ્ટાંત લખવાં નથી.

અલૌકિક સામર્થ્યનાં કાર્યો લૌકિક સાધનોથી બની શકતાં નથી. દિવ્ય ભકતો બે પ્રકારના છે, એક શ્રીપ્રભુમાં પરિણામ પામી જનારા છે=અને એક એ સોહાગી વિવિધભોગ ચતુરનો તમામ ભોગ કરનારા છે.= માનવરૂપ ધારણ કરનાર માત્રનું અન્તઃકરણ દોષ ભાવ વગરનું થાય ત્યારેજ પરાત્પર પરમ પુનિત પ્રગાઢ પ્રેમનો ધોધ તેના અંતરમાં અખંડ વહ્યાં કરે છે.

—: પ્રસ્તુત :—

કેટલાક શાસ્ત્રઅભ્યાસીઓ તત્વ દર્શકો પોતાના લેખો

બહુ આકર ભાષામાં લખી ગંભિર અભિપ્રાયો દર્શાવે છે. તેનો વાંચકો વિજય વર્તાવે છે. અને કેટલાક અંતરના શુધ્ધ વિચાર દર્શાવનારા પંડિત નથી હોતા, પરંતુ તેમના અભિપ્રાય તત્વજ્ઞોના જેવાજ સરળ શબ્દોમાં હોય તેને કેટલાક હસી કાઢી કનિષ્ટ પંક્તિમાં ગણે છે તે સર્વ પ્રકૃતિ સાધ્ય છે અહં ઓછુ થાય તેનેજ સમભાવ રહે છે.

પ્રેમ

પ્રેમ દેવ મારો શ્રીનાથ, નાથે પકડયો છે મુજ હાથ;
પ્રેમ દેવાધિ દેવ શ્રીકૃષ્ણ, વ્યાસ અવર ના બીજી તૃષ્ણ. ૧
પ્રેમ વિના પ્રભુજી ન પમાય, કોટિ જન્મો એળે જાય;
પ્રેમ એ પરમ અનેરૂ રૂપ, પ્રેમ શુન્ય પડે ભવ કૂપ. ૨
પ્રેમ તત્વને પહોચે ન વેદ, નેતી નેતી કહિ કરે ખેદ;
પ્રેમ મંત્રને વશ પરબ્રહ્મ, વણ પ્રેમીને જરા ન ગમ. ૩
પ્રેમ દાન દે પ્રેમ સ્વરૂપ, મહા મંગલમય પ્રેમી રૂપ;
પ્રેમી ગુરૂ વૈશ્વાનરરાજ, શ્રી યમુના ગિરિધર ગિરિરાજ. ૪
પ્રેમી લેખકના એ શિરતાજ, અદ્દય દાન દઈ સાર્યો કાજ;
પ્રેમાળ રસિકડુ ગોકુળ ગામ, પ્રેમી વ્યાસનો ત્યાં વિશ્રામ. ૫
પ્રેમી પ્રભુની અનંત સંપત, ગુરૂ કૃપા તે પ્રભુ પદ લંપટ;
પ્રેમ રસાત્મક રસમય કૃષ્ણ, માણ્યા તેની ભાગી તૃષ્ણ. ૬
પ્રેમ પ્રવાહ વ્યાસ જે ઉર, કપટ વિષય પડે પાછા શૂર.

પ્રેમ દેવની જેને સેવા, કોટિ વૈભવે લેવા ન દેવા;
પ્રેમ રાજનો રસિક ખવાસ, દેવ દેવીનો બને ન દાસ. ૧
પ્રેમી પરમાનંદે વ્હાલ, તેથી રહે કૂર સા જંજાલ;
પ્રેમી પ્રાણેશે પૂરણ પ્રીત; ટકે ન ત્યાં પાખંડી રીત. ૨
પ્રેમી અનન્ય પ્રભુમાં મસ્તાન, ભવ વિષયનું જરા ન ભાન,
પ્રેમાગ્નિથી પ્રકટયું પ્રભુ મુખ, ગયું વ્યાસ એ શરણે દુઃખ. ૩
પ્રેમી પ્રભુ વિણ મિથ્યા તર્ક, શીધ્રા સુવાડે રૌરવ નર્ક;
પ્રેમ લક્ષણ ભકિત પ્રકટે, ત્યાંથી વિષય વાસ ના સટકે. ૪
પ્રેમી તન્મય પ્રેમ અભિલાષ, તેના દુષ્ટ વિષય સૌ નાશ;
પ્રેમી રસિક પુરંદર નાથ, પ્રેમી ભકતનો પકડે હાથ. ૫
પ્રેમ રસાત્મક પૂરણ પરબ્રહ્મ, અગણિત આનંદ વેદ ન ગમ;
પ્રેમ રસીકડો રસમય છેલ, ભકતો તેથી કરતા ગેલ. ૬
પ્રેમાળ પ્રભુનો વ્યાસ જે જીવ, શ્રીવલ્લભ શરણ જતાં થયું શીવ

પ્રેમ રસાત્મક પ્રભુની સેવા તથા ભકિત માર્ગીય વૈભવપૂર્વક લીલાભાવ શ્રી હરિ પોતેજ શીખવે છે. તે આગળ પ્રથમ કડીના વિવેચનથી સમજાય છે.

વિવેચન—સાક્ષાત્ સર્વના પાપના હર્તા શ્રીહરિએ જગતમાં પોતાની પ્રસન્નતા મુજબ સેવા ન થતી જોઈને, પોતેજ પોતાના વદનારવિન્દરૂપ, શ્રીમદ્વલ્લભવિદુલ સ્વરૂપે પ્રકટ થઈને પોતાને મન પ્રસન્ન સેવા અને દિવ્યલીલા પ્રકટ

કરી છે. પૂર્વે આપે શ્રી કૃષ્ણાવતારમાં ગોવર્ધન પૂજાના પ્રસંગે આપના મન પ્રસન્ન સેવા વિધિ, પ્રિયજનોને દ્વિતીય સ્વરૂપે પ્રકટ થઇને શીખવી હતી, તેમ હમણાં અમોને શીખવે છે, જેથી અમારા ભાગ્યનો પાર નથી. પાખંડીઓ ભકિતમાર્ગનો ભેદ જાણ્યા વિના ગમે તેમ બકે છે; પણ ભકિતમાર્ગના ભેદને આપે જોઇયે તેવા રૂપમાં વિસ્તારીને વર્ણવ્યો ન હોત તો, કલિના પાખંડીજનોના સંગમાં આવૃત્ત થયેલા અમો જીવને ભકિતમાર્ગનું બીજ સુદૃઢ થાત નહિં.

જગતમાં પણ એવોજ પૂર્વાચાર છે કે; જે મોટાઓ કરે છે તે નાનાઓ કરવા ચહાય છે. એ ન્યાયે આપે આપની સેવાનું આચરણ કરીને શીખવ્યું છે, અને વિશેષ જાણવાને માટે શ્રી સુબોધિનીજી તત્વદીપ, અણુભાષ્ય, ષોડશગ્રન્થ, વિગેરે અનેક ગ્રન્થોદ્વારા વિસ્તારથી ભકિતનું તત્વ વર્ણવી, લૌકિકનિષ્ઠાથી વિરકત થવા વિષે, મિથ્યાજ્ઞાન મિથ્યા ક્રિયા અને મિથ્યા વાણિનો રોધ કરવા વિષે, અસમર્પિત વસ્તુથી દેહ પોષણ ન કરવા વિષે, અન્યાશ્રયના ગંધનો પણ ત્યાગ કરવા વિષે, જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ અને ભકિતમાર્ગના ફલ વિષે, અહંતા મમતાત્મક સંસારની વાસના ટાળવા વિષે, ભગવદ્ ભકતોના સમાગમ વિષે, ભગવત્સેવા વિષે, નિત્ય રાસાદિક લીલાઓના તત્વ વિષે. રસપ્રચુર પરમાનન્દમય રસિક ભકતોના સુખની અધિકતા વિષે, અને આપશ્રીના વિરૂદ્ધ ધર્માશ્રય વિષેનું રહસ્ય આપના શ્રીમુખે વર્ણવી ભકિત માર્ગને સુદૃઢ કર્યો છે. તેમજ મનુષ્યનું કર્તવ્ય, સેવાવૈભવ; અને નામસેવા તેમજ સ્વરૂપ

સેવાના ભેદ વિગેરે વર્ણવવા શ્રી આચાર્ય ચરણોએ જરા પણ બાકી રાખી નથી.

હે શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ ! મને ચોક્કસ ખાત્રી થઈ છે કે: આપનામાં, તાતચરણમાં અને શ્રીકૃષ્ણમાં જરા પણ ભિન્નતા નથી. તેવું આપની કૃપાથી ભકતો જાણે છે. પૂર્વે પણ તેમજ હતું: શ્રીકૃષ્ણ, રામચન્દ્ર વિગેરેનું પ્રભુત્વ તેમના ભકતોજ જાણતા, અને કંસ રાવણાદિક માયિકપણાથી મદ કરી, પ્રભુ સામી બાખડી બાંધી એટલું બધું અજ્ઞાન આગળ કર્યું છે કે:– વર્ષો પર વર્ષો વ્યતિત થઇ ગયાં, તથાપિ તેઓનાં અજ્ઞાનની વ્યાખ્યા આજ સુધી જ્યાં ત્યાં વિદ્યમાન છે.

"હવે જે સેવામાર્ગનું રહસ્ય પ્રકટ કર્યું છે, તે વેદાન્તની બહારના તાર્કિક વિષયનું નથી; પણ વેદના નિષ્કર્ષરૂપ જ છે. તે આગળ ગોપાલદાસજી વર્ણવે છે."

મૂલ૦–વેદ દધિ મધ્ય નવનિત જે ભજન રસ,
મથિત માધુરી જીવે શ્રવણ પીધો;
તક્ર સમ કર્મ પથ સ્નેહ રસ હિન જે,
શ્વેત જાણી વિમુખ તાણી લીધો ॥૨॥

શબ્દાર્થ–શ્રીમદ્વલ્લભપ્રભુચરણે, વેદરૂપી દહિંને વલોવી, ભકિતરસરૂપી માંખણ કાઢી મુકયું છે. તેનો ઉપયોગ દૈવી-રસિકજનો કરે છે, એટલે એ ભકિતરસને પોતાના કાનદ્વારા પીએ છે. ત્યાર બાદ વેદરૂપી દહિંને વલોવતાં અવશેષ

કર્મરૂપી છાશ રહી તેને ભગવદ્વિમુખજનો; દુધ સમાન સફેદ રંગ જાણીને તેમાં મોહિત થઈ ઉપયોગ કરે છે. દૃષ્ટાન્ત કે જેમ માખણ કાઢી લીધેલી છાશમાં જરા પણ તત્વ હોતું નથી. ફકત દુધનો સફેદ રંગ હોવાથી તે રંગનું છાશમાંઅસ્તિત્વ હોય છે. તેવી નિરસ છાશરૂપ કર્મમાર્ગ-માંજ પ્રભુવિમુખો મોહ પામી ગયા છે.

વિવેચન–કહેવાનું એ કે: જેમ છાશમાં તત્વરૂપ માખણ હોતું નથી. તેમ કર્મમાર્ગની ક્રિયાઓમાં માખણ કહેતાં પ્રભુપ્રેમ હોતો નથી. ઉકત ભગદ્વદનાવતાર શ્રીઆચાર્યચરણે વેદને મથી મથીનેભકિતપ્રભુપ્રેમરૂપીજ તત્ત્વ કાઢયું છે. તેનો ઉપયોગ રસિકજનો પરમાલ્હાદથી કરે છે. અને કર્મજડ જીવો, કર્મનેજ પ્રભુ જાણી કર્મનાં સુકાં કઠોર તત્વોનો ઉપયોગ કરે છે.

(ઉપરના મૂળ શ્લોકવડે ગોપાલદાસજી પ્રેમનું સ્વરૂપ ખડું કરે છે.)

નવનિત કહેતાં માખણ તેનું બીજું નામ, સ્નેહ–પ્રેમ-ભાવ–રસ વિગેરે છે. તો એવા સ્નેહાત્મક, ભાવાત્મક રસા-ત્મકમાર્ગનેજ પુષ્ટિમાર્ગ કહેવામાં આવે છે. એ પુષ્ટિમાર્ગમાં પ્રભુપ્રતિ પ્રેમના પ્રાચુર્યરૂપ માખણ–સ્નેહ શિવાય છાશના ખાટા જલરૂપી કર્મનો આભાસ પણ હોતો નથી. એ આ રસાત્મક માર્ગમાં પ્રેમ પ્રેમ ને પ્રેમ, એજ પરમ પુરૂષાર્થરૂપી ફલ છે, એ ભગવત્પ્રેમાવિર્ભાવ માટે શ્રુતિ સ્મૃતિ પ્રમાણુચતુષ્ટય વિગેરે પ્રભુની રસાત્મક સેવાનું જ નિરૂપણ કરે છે. પ્રભુમાં

સુદૃઢ પ્રેમને માટે તત્વમસ્યાદિ વાકયોમાં આત્મત્વ કહે છે, એટલે જીવ અને પ્રભુનું ઐકયત્વ બતાવી પ્રેમનું પ્રતિપાદન કરે છે; તેવી રીતે શ્રીમદ્વલ્લભાચાર્યચરણ પોતાના ગ્રન્થોમાં પણ કહે છે—

માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ સુદૃઢઃ સર્વતોઽધિકઃ।
સ્નેહો ભકિતરિતિ પ્રોકતસ્તયા મુકિતર્ન ચાન્યથા॥

અર્થાત્—માહાત્મ્ય જ્ઞાનપૂર્વક પ્રભુમાં સુદૃઢ સર્વથી અધિક પ્રેમ થાય છે; તેનું નામ ભકિત. ત્યારે એ પ્રેમભકિત વડે મુકિત થાય છે. તેથી અન્ય એક પણ ઉપાયથી થતી નથી.

શ્રી પ્રભુને પોતાના આત્મા જાણવા વડે; પ્રભુમાં પ્રેમ અને માહાત્મ્યજ્ઞાન બન્ને સહજ સિદ્ધ થાય છે. એટલે પ્રભુમાં ફલાશારહિત નિરૂપાધિ પ્રેમ થાય છે.

એ વિશુદ્ધ પ્રેમ ઉપાધિ રહિત છે, એટલે કોઇ પણ વિષયની તેમાં તૃષ્ણા હોતી નથી; કેવળ પ્રભુ પ્રત્યે પ્રેમનું જ ઝરણ વહે છે—એવા પ્રેમાળ ભકતોના હૃદયમાં વખતોવખત, એવા ઉચ્ચતર સુખની ઇચ્છાઓ થાય છે કે; જેણે કરી શુષ્ક વિષયવાસના તો ભસ્મસાત જ થઈ ગઈ હોય છે. એવા રસિક ભકતો કોઇ વખત પ્રભુનું કિશોરાદિલીલાનું સુખ ચ્હાય છે, તો કોઈ વખત પૌગંડલીલાનું સુખ ચ્હાય છે. અને કોઈ વખત યશોદાદિક બાળલીલાનું સુખ તો, એટલા બધા વાત્સ-લ્યથી ચ્હાય છે કે, તેના આગળ અવધિ જ. એઓ ભાવાત્મક

રસાત્મક પ્રભુને પુત્રભાવે લેખી, એવા ઉદ્‌ગાર ઉદિત કરે છે કે અરે! એ મારા નાનકડા લટુડાને ઠંડ લાગતી હશે! ભુખ્યો થયો હશે! તાપ લાગતો હશે! ખ્યાસો હશે! મારા કઠીન હાથ તેના સુકોમળ શ્રીઅંગમાં કરડા લાગતા હશે? લાવ! ત્યારે રજઈ ઓઢાવું, અંગીઠી ધરાવું, ખીલવણાં આપું, બારિક વસ્ત્ર પહેરાવું, અરે! નવિન પ્રકારના વિવિધ રસપાક તો કરું? વિગેરે પ્રકારે સ્નેહાતિશય માહાત્મ્યજ્ઞાન પણ તેટલા જ બધા પ્રમાણથી હૃદયમાં રમતું હોવાથી, ભક્તો જીવન મુકત દશા ભોગવતાં, પ્રભુનો નિત્ય લીલા સ્વાદ મેળવી, અખંડ પરમાનન્દ રસનું પાન કરે છે.

પ્રેમરસથી હિન, કર્મમાર્ગીયને ઉપરનું એક પણ સુખ મળતું નથી. તેઓ પ્રભુ સ્વરૂપનિષ્ટ નહિ હોવાથી, જપ, તપ, યજ્ઞાદિ કરીને વિવિધ ભોગની તુચ્છ આશાઓ બાંધી, સર્વાત્માધીશને શ્રમ આપ્યાં કરે છે. અને પોતાના અનિત્ય દેહ સુખને માટે, ગમે તેવી વેઠ, વિભુને કરાવે છે. એ પ્રમાણે વિભુને જ્યાં વેઠીયાજાણે, તેમાં સ્નેહનું ઝરણું ક્યાંથીજ ઝરે? આપણે લોક ન્યાયે જોઈએ કે વેઠીયા મજુરથી કામ લેતાં સ્નેહ કે દયા જરાપણ કરતા નથી. તેમજ સર્વભવનસમર્થ પ્રભૂ પર તો જીવ શું દયા કરવાનો હતો; પણ તેમના ઉપર સ્નેહને બદલે, માનના બદલે, અને શ્રધ્ધાને બદલે ઉલટો જરા તરા નજીવી વસ્તુઓની માગણી કરી, ઐહિક બદલો લેવાય તેટલો લઈ લે છે. ભગવાન્ પણ મનોરથપૂરક હોવાથી શુષ્ક ભોગ ભોગવી નહિ ધરાયલાને શુષ્કભોગ આપે છે.

વાસ્તવિક છે કે, પ્રેમશૂન્ય નિરસદેહાધ્યાસીઓને તેમના પ્રમાણમાં આપ સુખદાન કરે છે.

નિર્દોષ, પૂર્ણગુણ, આનન્દમય, કરપાદમુખોદર વિગેરે અવયવવાળા પરબ્રહ્મ શ્રીકૃષ્ણમાં પ્રેમાસક્તિ પામેલાં ગોપીજનો ઉધ્ધવજીને ભ્રમરગીતમાં સ્વરૂપનિષ્ઠા માટે, જે વચનો કહે છે, તે અત્ર ગાહ્ય છે.

રાગ વિલાવલ.

ભ્રમરગીત

સખાસુત શ્યામકે. ટેક૦

કોન બ્રહ્મ કો જ્યોતિ, જ્ઞાન કહાસો કહો ઉધો;!
હમારે સુન્દર શ્યામ, પ્રેમકો મારગ સૂધો
નયન બેન મુખ નાસિકા, મોહનરૂપ દીખાય;
સુધ બુધ સબ મુરલિ હરિ, પ્રેમ ઠગોરી લાય ૮ સખા-
જો મુખ નાહિન હતો કહો કીન માખન ખાયો;
પાયન વિન કહો, ગૌઅન સંગ કો' બનબનધાયો.
આંખનમેં અંજન દીયો, ગોવર્ધન લીનો હાથ;
નન્દ યશોદા પૂત હૈ, કાન્હ કુંવર વ્રજનાથ. ૧૦
તાહિ બતાવો યોગ યોગ યુકિત જહાં પાવો.
પ્રેમ સહિત હમ પાસ, નન્દનન્દન ગુન ગાવો
નયન બેન અરૂ પ્રાણમેં, મોહન ગુણ ભરપૂર;
પ્રેમ પિયૂષ હિ છાંડ કે, કોન સમેટે ધૂર. ૧૨

કર્મ ધૂરકી બાત, કર્મ અધિકારી જાને;
કર્મ ધૂર કયેાં આન, પ્રેમ પિયૂષ મેં સાને.
તબહીલગ સબ કર્મ હેં, જબલગ હરિ ઉર નાહિં;
કર્મબંધ સબ વિધકે, જીવ વિમુખ વ્હેં જાહિ. ૧૪

કર્મ પાપ અરૂ પુન્ય, લેાહ સેાનેકી બેરી,
પાયન બંધન દેાઉ કરે, માનેા બહેાતેરી.
ઉંચ કર્મ તેં સ્વર્ગ હે, નિચ કર્મ તેં ભેાગ;
પ્રેમવિના સબ પચમરે, વિષયવાસના રેાગ. ૧૬

યેાગિ યુક્તિહિ ભજે, ભક્ત નિજરૂપહિ જાને;
પ્રેમપિયૂષે પ્રકટ, શ્યામસુન્દર ઉર આને.
નિર્ગુણ તે ગુણ પાઇયે, લેાગ કહત યે નાહિં;
ઘર આયે નાગ ન પૂજીયે, વામિ પૂજન જાય. ૧૮
જો ઉનકે ગુન નહિ, ઔર ગુણ ભયે કહાંતે;
બી જ વિના તરૂ જમે, મેાય તુમ કહેા કહાં તે.
વા ગુણકી પરછાંહિરી, માયા દર્પણ બીચ;
ગુણ તે ગુણ ન્યારે ભયે, અમલવાર જ્યેાં કીચ. ૨૦

વેદહુ હરિકે રૂપ, શ્વાસ મુખ તેં નિસરે;
કર્મ ક્રિયા આસકિત સબે પિછલી સુધ વિસરે.
કર્મ મધ્ય ઢુંઢે સબે, કિનહુ ન પાયેા દેખ;
કર્મ સહિત નહિ પાઇયે તાતેં પ્રેમ વિશેખ. ૨૨

તરણિ અકાશ પ્રકાશ તેજ મેં રહ્યો દુરાઇ;
દિવ્ય દૃષ્ટિહિ ભલે, રૂપ વહ દેખ્યેા જાઈ.
જીનકી વેઆંખેં નહિં કયેાં દેખે વે રૂપ;
તિને વિશ્વાસ કયેાં ઉપજે, જે પરે કર્મ કે કૂપ ૨૪
જો હરિકે નહીં કર્મ, કર્મ બંધન વ્હૈ આવે:
તેા નિર્ગુણ વ્હેં વસ્તુ, માત્ર પરમાણુ બતાવે
જો ઉનકે પરમાણ હેં તેા પ્રભુતા કછુ નાહીં;
નિર્ગુણ હેં અતિતિસેાઇ, સગુણ જગતકે માંહી. ૨૬
નાસ્તિક હેં જો લેાગ, કહાજાને તિન રૂપહિં;
પ્રકટ ભાનુ કેા છાંડ, ગહેફિર છાયા ધૂપહિં.
હમારે બિન વહરૂપહી, ઔર ન કછુ સુહાય:
જો કરતલ આભાષકેા, તું કહિ બ્રહ્મ દિખાય. ૨૮

ઉપર પ્રમાણે ગેાપીજનનાં પ્રભુ પ્રતિ પ્રેમનાં વચન સાંભળી, ઉદ્ધવજીનેા અજ્ઞાનાભાવ કહેતાં દ્વૈતભાવ દૂર થયેા. અને પ્રેમભક્તિની પ્રસંશા કરતા રસિક ભક્તોની ચરણ રજને ઇચ્છવા લાગ્યા. અરે ! વધુ શું કહેવું ? એ પ્રભુ વિના કેાઈને છુટકેા જ નથી ? ?

મૂ૦—એ ચરણ શરણ વિના લેાક દશ ચારમાં
કહેાને કેાનેા કંઇ અર્થ સીધેા;
શું કહું ચતુર થઇ થઇ અને વિસ્તરે
ભજે નહિ પશુ જેમ વિષય પીધેા. ૩

શબ્દાર્થ—એ શ્રીવિઠ્ઠલેશપ્રભુનાચરણશરણ થયા વિના ચતુર્દશ લોકમાં કોણ કહે છે કે કોઇનો અર્થ સિદ્ધ થયો ? વધુ તો શું વર્ણવું; પણ સુજ્ઞ પુરૂષો કહેવાઇ ભલે પોતાના ડહાપણનો વિસ્તાર કરે ! તથાપિ પ્રભુના ભજનાનન્દ વિના વિષય મસ્ત પશુના જેવું જ જીવન સમજવું. ૩

વિવેચન— મર્યિકજનો વિવિધ પ્રકારના ભોગથી તૃપ્ત નહિ થયેલા હોવાથી, મોહને લીધે ઘણી ચતુરાઇથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષની વાતો લાંબી લાંબી વધારી વિવિધ પ્રકારથી કરે છે. તથાપિ તેઓ ભલે, ગમે તેવા જ્ઞાની હો; ચતુર હો; પણ પરમાનન્દરૂપ પ્રભુનું સેવનસ્મરણ છોડી, ટુંકા જીવનમાં ઐહિકઅર્થના સાધકો, પશુતુલ્ય વિષયમસ્ત કહેવાય છે.

પશુને આહાર, મિથુન નિદ્રા અને ભય શિવાય અન્ય હોતુ નથી–ઉપર પ્રમાણે ભગવત્સેવન સ્મરણ તજી, ઐહિક અર્થમાં આસક્ત ભલે ચતુરાઇથી બુધ્ધિના બાં થઈ ફરતા હોય: તથાપિ તેમના જીવનમાં ભગવત્પ્રાપ્તિ નહિ હોવાથી ધિક્કારવા યોગ્યજ છે. તેમ શ્રીમદ્ભાગવતમાં આજ્ઞા કરે છે કે:–

આયુર્હરતિ વૈ પુંસામુદ્યન્નસ્તં ચ યન્નસૌ ॥

તસ્યર્તે યત્ક્ષણોનીત ઉત્તમશ્લોકવાર્તયા ॥ ૨–૩–૧૦

તરવઃ કિં ન જીવન્તિ ભસ્ત્રાઃ કિં ન શ્વસન્ત્યુત॥

ન ખાદન્તિ ન મેહન્તિ કિં ગ્રામપશવોઽપરે॥ ૨ ૩–૧૮

અર્થાત—શ્રીપ્રભુની વાર્તાશિવાય એક પળ પણ ગાળવામાં આવે તો; તે પણ આયુષ્યમાં વૃથા ગયેલી માનવી.

શું ઝાડ જીવતાં નથી ? શુ ધમણો શ્વાસ લેતી નથી ? શું ગામ પશુઓ આહાર નિદ્રા લેતાં નથી ? માટે જેના કર્ણમાં ભગવાન્ શ્રીકૃષ્ણનું પરમ કલ્યાણકારી નામ નથી, તે ઉપર વર્ણવેલા પશુના સમાન જ છે. જેના કર્ણમાં શ્રીકૃષ્ણનું નામ નથી, તે કર્ણ નથી પણ દર છે. જેની જીભ પ્રભુ નામ નથી લેતો તે દેડકાની જીભ સમાન છે. જેનું મસ્તક પ્રભુને નમતું નથી, તે વૃથા પાઘડી ધારવાના ખોળારૂપ છે. જેના હાથ પ્રભુસેવા કરતા નથી તે હાથ, ભલે સુવર્ણ કંકણથી શોભતા હોય તથાપિ તે મૃતકમાનવના હાથ સરખા જ છે. જેનાં નેત્રો ભગવાનનાં દર્શન નથી કરતાં તે મયૂરના પિચ્છમાં રહેલાં ચાંદાં જેવાં ફોગટ રળીયામણાં છે. જેના પગ, પ્રભુના મન્દિરમાં જતા નથી, તે ઝાડના થડીયાં જેવા છે. જે માણસ પ્રભુના ચરણરેણુની અભિલાષા નથી રાખતો તે માણસ જીવતાં મુવા સમાન છે. હૃદય ભગવદ્નામ લેતાં પિગળી નથી જતું, અને નયનમાં જળ નિકળી ગાત્રપુલકિત થતું નથી, તેનું હૃદય પથ્થર સમાન છે.

અર્થાત્–ભગવત્ પાદારવિંદથી વિમુખ થઇ ભલે ચતુરાઇથી વિષયમાં નિમગ્ન થાય, પણ તે જીવોને પશુ તુલ્ય જ ગણવા યોગ્ય છે એમની ક્રિયાને પણ ધિક્કાર છે, અને તેમના ફલને પણ ધિકાર છે કે, પ્રભુના કલ્યાણકારી ચરણનું શરણ તજી વિમુખ બુધ્ધિ કરે છે–વિશેષ આગળ શ્રીભાગવતમાં જ કહે છે:—

વિપ્રાદ્દ્વિષટ્ગુણયુતાદ્વિન્દનામ
પાદારવિંન્દ વિમુખા ત્શ્વપચં વરિષ્ટમ

અર્થાત્–ભલે દ્વાદશ ષટકર્મ યુક્ત ઉત્તમ બ્રાહ્મણ હો, તથાપિ તે જો ભગવાનના ચરણકમલથી વિમુખ હોય તો; તેના કરતાં ભગવાનની ભક્તિવાળો શ્વપચ પણ ઉત્તમ છે.

ભક્તિમાર્ગમાં પ્રવેશકરી જે અર્થ સાધવાનો છે, તે શ્રીગોપાલદાસજી વૈષ્ણવને આસ સહેલા સૂત્રથી બતાવે છે કે; માનવને પ્રભુના ચરણને શરણ થયા વિના કોઇનો અર્થ સિદ્ધથતો નથી, માટે તે ચરણશરણ થવું. **મામેકં શરણં વ્રજ** એમ ગીતામાં કહ્યુ છે.

વળી–ગોપાળદાસજી આ વિશ્વમાં વિવિધ પ્રકારની સૃષ્ટિ જોઇ, પોતાના મનને બોધવે છે કે; લ્હારે, કોઈ પણ ભોગની કે અર્થની ચિન્તા કરવી નહિ. કેમકે એ સર્વ મોહના કારણરૂપ છે. વૃથાચિન્તારૂપી છિદ્ર જો તહારા હૃદય પાત્રમાં પડશે તો, કાંણા કલશની માફક, ગુરૂકૃપાથી મળેલો ભક્તિરૂપી રસ નીકળી જશે. વળી કાંણા કલશમાંથી જેમ ભરેલું પાણી પળે પળે ઘટી જાય છે તેવી રીતે નિત્ય કમી થતા જીવનવાળા, દેવોને પણ દુર્લભ આ મનુષ્ય દેહથી ભગવાનના ચરણ શરણરૂપી અર્થ સાધી લે? હવે તહારે ભગવદ્ રસના વિરોધિ, દુનિયામાં જેઓ ડાહ્યાપુરૂષ ગણાતા હોય; તોપણ તેમનો વિના વિલંબે સંગ ત્યાગી દેવોજ ઉત્તમ છે. ચોકસ જાણવું કે; પ્રભુના ચરણશરણ વિના ચૌદલોકમાં કોઇનું જોઇયે તેવું કલ્યાણ થયું જ નથી થવાનું પણ નથી. અર્જુન પણ ભગવાનને શરણે જઇ કહેવા લાગ્યો કે:— **કરિષ્યતે વચનં તવ**– માટે મનુષ્યદેહ ક્ષણભંગુર જાણી

ભગવદ્ધર્મનું આચરણ બાલ્યાવસ્થાથીજ કરવું. કેમકે પ્રથમ તો આ દેહ જ દુર્લભ છે. અને જીવન અડધું ગયું હશે, પોણું ગયું હશે કે પુરૂ થવા આવ્યું હશે, તેની ગમ પડતી નથી. એવું ફટકીયું જીવન જાણી મકતજન ધ્રુવે અને પ્રલ્હાદે પણ કૌમાર અવસ્થાથી જ પ્રભુનું શરણ સાધ્યું હતું, સમાન વયના બાળકો સાથે વિદ્યાભ્યાસ કરતાં પ્રલ્હાદજીએ વચન કહ્યાં છે કે:—

કૌમાર આચરેત્ પ્રાજ્ઞો ધર્માન્ ભાગવતાનિહ।
દુર્લભં માનુષં જન્મ તદધ્યધ્રુવમદર્થદમ્॥

અર્થાત્—ડાહ્યાપુરૂષે તો મનુષ્યજન્મ દુર્લભ જાણી ભગવદ્ધર્મનું આચરણ બાલ્યાવસ્થાથી જ કરી, વિચક્ષણપણે શ્રી કૃષ્ણના ચરણકમલમાં ચિત્તને સ્થાપન કરવું. તેમાં વિચક્ષણપણું એ વાપરવું કે:–મર્યાદાભક્તિ અને પુષ્ટિ ભક્તિનો વિચાર કરવો. આ પ્રમાણે વિચાર કરી સિદ્ધ કરવું કે:—મારે કેવા પ્રકારથી પ્રભુનું સેવન સ્મરણ કરવાનું છે? હું વૈષ્ણવ છું અને ભગવદાવતારશ્રીમદ્વલ્લભવિઠ્ઠલેશ પ્રભુ ચરણનો સેવક છું, તો મારે તેમના પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તને અનુસાર વિધિથી પ્રભુનું સેવન સ્મરણ સર્વાત્મભાવથી કરવું જોઇયે. અન્ય વિધાન મારે કર્તવ્ય નથી, તેવું યાદ રાખવું.

વળી બીજું વિચક્ષણપણું એ કે કોઈ દંભી ભક્તિભાવનો ડોળ કરી, ભોળાને ખેતરનાર કીર્તનાદિકમાં રસનું

કુપ્રાધાન્ય દર્શાવી પોતે વિષયાસકત બની ધર્મને લુંટનાર એવા જનોના સંગથી દૂર રહેવું. અને અકસ્માત્ તેવો સંગ આવી મળે, અને વિષયનું દર્શન થાય તો તુરત યાદ કરવું કે: ભગવદ્ધર્મમાં કદાપિ વિષયની ગંધ હોય જ નહિં. અને તેમ છતાં દર્શન થાય તો તેનામાંથી ભગવદ્ધર્મ અલગ થયો છે, તેમ માની ત્યાંથી દૂર થવું. ભગવદ્ભકતોને પ્રભુના પ્રેમ શિવાય અન્ય કંઇ હોતું જ નથી. ભકત કામ પણ પ્રભુથી કરે છે; ક્રોધ પણ પ્રભુથી કરે છે. પ્રેમ પણ પ્રભુથી કરે છે; ઐકયતા પણ પ્રભુથી કરે છે, ભય પણ પ્રભુનો કરે છે; અને તન્મયતા પણ પ્રભુ સાથે જ કરે છે. એટલે તેમનામાં દંભ ડોળ પ્રપંચ કે લૌકિકાસકિત હોતી જ નથી.

માટે ભગવાનને વ્હાલા થવાની ઇચ્છાવાળાએ જરૂર સંસારની આસકિત રહિત થઇ પ્રભુથી પ્રીતિ જોડી તેમના ચરણનું સેવન કરવું. એજ અર્થસિધ્ધિ છે. ૩

"હવે શ્રીમદ્વલ્લભાચાર્યચરણના ચિરંજીવી શ્રીવિઠ્ઠલેશ-પ્રભુનું, નામસ્મરણ કરતાં, તત્કાલ સર્વઅર્થ સિદ્ધ થાય છે; અને દુઃખદસંસારને તરી જવાય છે, તેવી તેમની લીલાનો બ્રહ્માદિદેવો પણ પાર પામતા નથી; તે આગળ વર્ણવે છે."

મૂ૦-બોલ વલ્લભ સુવન વિમલ વાણી ।
જેની ગતિ બ્રહ્માદિ દેવે ન જાણી ॥

ગૂઢરસતત્વ જે વેદની વાણી ।
તે પ્રકટ કીધી ભકતહેત જાણી ॥૪॥

શબ્દાર્થ—હે મન! તું શ્રીમદ્વલ્લભાચાર્યના ચિરંજીવી શ્રીવિઠ્ઠલેશપ્રભુનું નિર્મલનામ નિરન્તર સ્મરણ કર? એ પ્રભુની અપાર લીલા છે. તે લીલાની ગમ બ્રહ્માદિ દેવોને પણ પડી નથી.—એટલે તેમની લીલા ચતુરાઈ કે યત્ન સાધ્ય નથી, પણ કેવળ ભકિત સાધ્ય છે—એ શ્રીવિઠ્ઠલેશપ્રભુ ભકતના કલ્યાણ માટે વેદની ગૂઢવાણીમાં રહેલા તત્વરસને પ્રકટ કરનારા છે. ૪ ×

વિવેચન—અત્ર ગોપાલદાસજી એમ સૂચવે છે કે:

× વ્રજભાષામાં ટિકાવાલા (ગોસ્વામી શ્રીજીવણલાલજી કૃત વલ્લભાખ્યાનમાં આ સાતમા આખ્યાનની ચોથી કડી અડધી છે. અને તેનું અનુકરણ કરી બીજા પ્રકાશકોએ પણ તેમજ અડધી કડી મુકેલી છે. તથાપિ શ્રીયદુનાથજીના પ્રસિદ્ધ સેવક, ઠાકોરદાસ સુરદાસની દેખરેખ નિચે; શા. ગોપાળદાસ ગોવિન્દરામે પ્રકાશ કરેલા શ્રીવલ્લભાખ્યાનમાં ચોથી કડી સમ્પૂર્ણ છે. તથાપિ તે અડધી કડી ભાગીબોબરી પદબંધ નહિ હોવાથી; શંકા થતી કે; ગોપાળદાસજીએ શ્રીવલ્લભાખ્યાન ગાતાં આ કડી પુરી ગાઈ હશે કે કેમ? પણ એટલામાં એક જુની પ્રતમાં તે કડી જોઇયે તેવા રૂપમાં પુરેપુરી મલવાથી; પ્રસન્નતાપૂર્વક અત્રે પુરી મુકી છે. તથાપિ વાંચકને યોગ્ય ના લાગેતો—તે કડી તજી આગળ વધવું. એમ મારી નમ્ર પ્રાર્થના છે.

પ્રભુના ઘણા અવતાર થયા છે; તથાપિ ત્રણ કુળનીજ શ્રેષ્ઠતા પ્રસિદ્ધ છે. ત્રેતામાં રઘુકુળ, દ્વાપરમાં યદુકુળ, અને કલિયુગમાં વલ્લભકુળ, તથાપિ તે કુળ ત્રિપુટિમાંથી શ્રેષ્ઠ છાંટી કાઢવા ઇચ્છા કરીયે તો, કેવળ નિઃસાધનજનોદ્ધારક શ્રી મદ્વલ્લભકુળ જ છે. એ શ્રી વલ્લભકુળમાં શ્રીમદ્વલ્લભવિઠ્ઠલ પરબ્રહ્મ પોતેજ ભૂતલપર દ્વિજ સ્વરૂપે બિરાજ્યા છે. એ પ્રભુ અન્ય અવતારોની મુજબ, અંશ, કલા, આવેશ કે વિભૂતિ રૂપે પ્રકટ થયા નથી. એવા પરબ્રહ્મ શ્રી વિઠ્ઠલેશ પ્રભુ ચરણનુ સ્મરણ કરવાથી–બ્રહ્માદિ દેવોને દુર્લભ એવા પરમાનન્દરસનું પાન મળે છે. અને પ્રેમની ગતિનું જ્ઞાન થાય છે. એ સર્વ પ્રભુ ભકિત સાધ્ય છે તેમનું કોઈ પણ ભાવે નામ સ્મરણ કરીયે તો પોતે સર્વજ્ઞ–સર્વેશ્વર–અને સકરૂણ હોવાથી સ્વતઃ કૃપા કરી અજામિલાદિકની માફક ઉદ્ધાર કર્યા શિવાય રહે જ નહિ. એમના નામસ્મરણનો પ્રતાપ જ મોટો છે. તો પછી સપ્રેમ તેમના સિદ્ધાન્તને અનુસરનારનું તો કામ થઈ જાય તેમાં શું નવાઈ?

માટે હે મુસાફર! તું સ્વભાવથી દુષ્ટ છું? હું મારૂં કરનાર અજ્ઞાની છું? પ્રભુસ્મૃતિ રહિત છું? માટે આ બધા દુઃખદાયક મળેલા સંયોગમાંથી મુકત થવાઃ શ્રીમદ્વલ્લભવિઠ્ઠલને ભજ? એમનાથી કોઇ પણ કૃતિ દુનિયામાંગુપ્ત નથી. એ તહારી દૈન્ય અરજ સર્વ રીતે સ્વતઃ સાંભળશે. ૪

" આટલેથી ભકતકવિ સન્તોષ ન માનતાં શ્રીવિઠ્ઠલેશપ્રભુના હૃદયમાં સ્ફુરેલું અધિકમાહાત્મ્ય વર્ણવે છે. એ

પ્રભુ જેના પર કૃપા કરે તેને જ સર્વ સહેલું છે. નહિતર બ્રહ્માદિદેવો અને પરિક્ષિત જેવા રાજાને પણ પ્રભુનો પરમાન્દ દુર્લભ થઈ પડયો છે. શુકદેવજી સરખાને પણ પ્રભુની રસરૂપલીલામાંથી એકાર્ધ દિવસનોજ આનન્દરસ મલ્યો છે. તે આગળ કહે છે."

ભૂ૦ નન્દનન્દન રુપે રાસલીલા કરી.
પોતે ઉચ્ચરી છાની રાખી;
દિવસ એકાર્ધની ઉત્તરાકુંવર પ્રતિ,
વ્યાસનન્દન વિમલવદન ભાખી. ૫

શબ્દાર્થ–હે શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ! આપેજ પૂર્વે નન્દનન્દન સ્વરૂપે પ્રકટ થઈને શ્રીરાધિકાદિગોપીજનસાથે રાસાદિલીલા કરી છે. અને તે હિનભાગીયોથી છાની રાખી છે: કે જેનો આનન્દ શુકદેવજી સરખા મહાન્ પુરૂષોને પણ એકાર્ધ દિવસનોજ થયો છે. તે રસ પોતે ભગવત્કથાના આર્ત પરિક્ષિતને સંભળાવી પ્રકટ કર્યો છે. ૫

॥ શ્રી વલ્લભ: ॥

હે શ્રી ગોપીજન વલ્લભ! આપતો ઘણી વખત આપના દૈવી જીવોને આજ્ઞા કરો છો કે મારી સેવાથી પૂર્ણ ભકતો સાલોકયાદિ ચતુર્વિધ મુકિતને પણ ઇચ્છતા નથી, એવા મારા સેવા રસાસ્વાદુ ભકતો છે.

ભગવદ્વચન ફકત મારી ઇચ્છાથી જ આ લોકમાં જન્મ પામેલા ભકતો છે. તેમને આ લોકનો વ્યવહાર તદ્દન વિપરિત અને અનિષ્ટ લાગે છે = મૃત્યુ લોકની વ્યવહારિક ઘટના જ ઉંધી અવળાં કર્તવ્ય કરાવનારી છે. એમ જાણી મારા સ્વરૂપાસકતો આ મળેલા અંગને જીવતાં જ મનથી ખંખેરી, વ્યવહારથી વેગળા થઈ, મારા અવિનાશી પદ કમલને વળગી, મારામાં જ પ્રેમરસાવિષ્ટ બન્યા રહે છે. એ પ્રમાણે પ્રેમસાગરમાં કુદી પડવું સહેલું નથી માટે જેને સમ્પૂર્ણ બળ હોય છે. તેનાથીજ મનના માયાવી બધા સંકલ્પો-ભય લજ્જા માન અહં સર્વ તજી મારામાં ચિત્તસ્થિર કરી મત્પરાયણ થાય છે. તેઓ જ સમ્પૂર્ણ નિષ્કામ કાલ અબાધિત છે. એમનું પરમ તત્વ શ્રી કૃષ્ણ શ્રી આચાર્ય મહાપ્રભુજી શ્રી વિઠ્ઠલેશ પ્રભુ ચરણ અને શ્રી યમુનાજી જ છે.

પરમ રસાત્મક શ્રી સ્વામિનીજી જે મહા રસરૂપ કેવલ ફલરૂપ વિરહાત્મક સ્વરૂપ છે તેજ નિજ જનોને વિરહનું દાન કરવાને અર્થે જ (વિરહાનુંભવૈકાર્થ સર્વત્યાગ ઉપદેશક શ્રી વલ્લભ) ભૂતલપર બિરાજમાન થયા છે. તેવિરહનો અનુભવ પ્રકટ કરીને દેખાડે છે.

શ્રી સ્વામિનિજીના વિરહ-સંયોગનું સ્મરણ

(રાગ ધન્યાશ્રી હરિગીતમાં વા સોરઠીમાં)

પ્રભુના વિરહ તાપે તપેલી, હે સખી! કોને કહું,
અંતર બિકે અંગાર ના રહેવાય, કંઇ સહેવાય ના. ૧

તેલાળી કમનિય કાંશકીથી, કેશ બેશ સમારતી;
દેખીશ કયારે દિન તે, રહેવાય ના સહેવાય ના. ૨
જે કેશના બે ભાગ પાડી, ચટુલ ગુંથ્યો ચોટલો,
તે સમય કયારે આવશે, રહેવાય ના સહેવાય ના. ૩
વિવિધ પુષ્પો પ્રોવી પ્રમુદિત, શિશ ફુલ સમારતી,
મુકતાલરો ત્યાં બાંધતી તે, આ વિરહ સહેવાય ના. ૪
ચિત્ર્યાં કમલ પત્રો કપોલે, કસ્તુરીનાં કરી બિન્દુલાં,
કેશર કપોલે ચર્ચતી તે, આ સમય સહેવાય ના. ૫
સેંથે પુરી સિંદુર ચારૂ ભાલ દેતી ચાંદલો;
નયન અંજન આંજતી તે, આ સમય સહેવાય ના. ૬
કાજર બિન્દુ ભ્રૂ તટે દઇ, નાક નથની પહેરતી,
આ રકત રસ રચિયા અધરતે, આ સમય સહેવાય ના. ૭
કંઠ ભૂષણ કંઇ ધર્યાં, ધરતી કનક તન કંચુકી;
સ્થિરાવતી સ્તન ઉભય કરતે, આ વિરહ સહેવાય ના. ૮
ઉભય ઉરજ મધ્ય ધરતી, પૂર્ણ ચંદ્ર સમાં પદક;
નિલ કંકણ કર ધર્યાં તે, આ સમય સહેવાય ના. ૯
વેઢ વીંટી હાથ સાંકળ રત્ન કંકણ પહેરતી;
પહેર્યો ધુઘરીયો ઘાઘરો તે, આ સમય સહેવાય ના. ૧૦
લહતી ધરી કટી મેખળા, ચરણ નેવર ધારતી;
મંદી રસે ચિત્ર્યા ચરણ તે, આ સમય સહેવાય ના. ૧૧
પુષ્પ માલા પહેરતી, વ્હાલા સમીપ વિભાવથી;
હતી શ્યામ વનમાં વીજળીતે, આસમયસહેવાય ના. ૧૨
સુમન સંગ મળી વિણ્યાં, મુજ વેણી ગુંથી એ ગયા;
રાજીવશાં નયનો રડે તે, આ વિરહ સહેવાય ના. ૧૩

હું કંજમાં એ ભ્રમર ભગવન, ધસીને ધવળા થયા,
ભેટ્યાં ઉભય મુખ ચંદ્રશાં તે, આ સમય સહેવાય ના. ૧૪
મુજ હૃદય રૂહે પ્રભુ હૃદય, ભીડાવતા ભડ ભાવથી;
છોડાવતી કર કમલ દંડે, આ સમય સહેવાય ના. ૧૫
પ્રભુના વદન વર ચંદ્રનું સામિપ્ય મુજ નયને થતું:
તે ચંદ્ર વિણ તલફે ચકોરી, આ સમય સહેવાય ના. ૧૬
મુજ કમલદલ શા મુખ પર, હરિવદન ચંદ્રકિરણ પડી;
સંઘર્ષણે ઝરતી સુધા તે, આ સમય સહેવાય ના. ૧૭
હા, હે સખી ! વિહાર શ્રમ, દર્શાય ઈન્દુ અર્ધ બહુ,
હું સારસી છુટી પડી તે, આ સમય સહેવાય ના. ૧૮
પ્રેમ મૂર્તી પેખતી પળ પળ પ્રગાઢ પ્રમોદથી,
તે દિન કયારે આવશે હા? આ સમય સહેવાય ના. ૧૯
હું વિજળી એ શ્યામ ઘનમાં; છુપતી વારે ઘડી,
અલબેલડો અદ્રશ થયો તે આ સમય સહેવાય ના. ૨૦
હું કારિણી ને એ કરિ, જલમાં રમ્યાં સંગે મળી;
ધિકુ વિરહની આંચથી, હા નાથ ! કંઇ સહેવાય ના. ૨૧
પરસ્પર રસ મગ્નતા, સંપૂર્ણ જે સરખી હતી;
એ પ્રાણપ્યારા વિણ ગુરૂ, એ વ્હાલી! કંઇ સહેવાય ના. ૨૨
પ્રત્યક્ષ ને પલકાન્ત રે, જ્યાં પ્રેમ અગ્નિ ધિકતો;
વિરહાનુભવની આ કથા વિણ, વ્યાસને સોહાય ના, ૨૩
સર્વ ત્યાગ ઉપદેશ કરતા, કૃષ્ણ મુખ અગ્નિ સુતું;
એ રસિક રાધા શરણ વિણ કંઇ વ્યાસને સોહાય ના. ૨૪
તુચ્છ મુક્તિ રિદ્ધિ સિદ્ધિ, ત્રય લોક વૈભવ તુચ્છ છે;
શ્રી કૃષ્ણ રાધા શરણ વિણ કંઇ વ્યાસને સોહાય ના. ૨૫

લીલાનું ભવની સ્ફુર્તી પ્રેમની પુર્તી શ્રીવલ્લભ કરે.
એ રાજ વિણ હલકુ બધુ, કંઈ વ્યાસને સોહાયના.. ૨૬

વિવેચન—શ્રીપ્રભુ; રસિક ભકતોની સાથે અત્યન્ત રસાવિષ્ટ થઇને જે રાસલીલા કરે છે તે નિત્યરાસાદ્વિ લીલાના બે ભેદ છે. એક અવતારલીલા અને બીજી મૂલ લીલા. તેમાં મૂલલીલાનું વર્ણન પૂર્વે રાસના પ્રકરણમાં કરી ગયા છીયે. અને અવતારલીલાનો ક્રમ એવો છે કે; પ્રમાણુ, પ્રમેય, સાધન અને ફલ, એવી રીતે અનુક્રમે છે.

હવે પ્રભુના પ્રાકટય પહેલાં શ્રુતિઓએ અને ઋષિ-ઓએ એટલે ગોપીજનોએ અને કુમારિકાઓએ; પૂર્વે માગણી કરી ત્યારે પ્રભુ પ્રકટ થઈ, પોતાના પ્રમેયબલનું દર્શન કરાવી વરદાન આપ્યું હતું; તે બધી વાત દેવકીજીને ત્યાં વ્યૂહ સ્વરૂપે પ્રકટ થઈને બતાવી છે અને ત્યારબાદ પ્રમેયબલ પ્રકટ કરી, વેણુગીતપર્યન્તની અનેકલીલા કરી તે શ્રીમદ્ભાગવતમાં સ્ફુટ છે. તે પછી પ્રભુને મળવાના વિરહથી, કુમારિકાઓએ કાત્યાયનીવ્રતનો આરંભ કર્યો. ત્યાંથી લઇ સર્વ વ્રજભકતોને ગોવર્ધનોત્સવ વખતે પુષ્ટિસ્વરૂપનું દર્શન કરાવ્યું.

ઉપર પ્રમાણે પ્રમાણ, પ્રમેય, સાધનનાં દર્શન કરી પરિપકવદશાને પહોંચેલા ભકતોને ફલરૂપલીલાનાં દર્શન આપવા પ્રભુએ વેણુનાદ કર્યો. એટલે વિવ્હલ થઈ ફલરૂપ રાસલીલાનો રસાસ્વાદ લેવા સર્વ ગોપીજનો પોતાનું સર્વસ્વ

છોડી પ્રભુ પાસે ગયાં, અને રસાવિશિષ્ટ રાસલીલામાં નિમગ્ન થયાં. એ રાસલીલા શ્રીમદ્ ભાગવતમાં લખે છે કે:–છ માસ સુધીની લાંબી રાત્રિ વધારી. આ રાસલીલાનું દર્શન કરતાં શારદીયચન્દ્ર, દેવો, મુનિયો, વૃક્ષલતાઓ, સ્થાવર ચૈતન્ય નદિઓનાં નિર પણ સ્થિર એક ચિત્ત થઈ, દર્શનાનન્દ અનુભવતાં હતા, તે છ માસની રાત્રિના આનન્દમાંથી જે શુકદેવજીને અનુભવ થયો હતો તે દર્શનાનન્દના અનુભવનું દાન શુકદેવજીએ હૃદયમાંથી અલગ પાડી, શબ્દોમાં પરિક્ષિતરાજાને આપ્યું.

તે રાસલીલાનો સમ્પૂર્ણ અનુભવાનન્દ ભગવદાવતાર-શ્રીમદ્વલ્લભાચાર્યચરણે પોતે જ શ્રીસુબોધિનીજી આદિ અનેક ગ્રંથમાં પોતાના રસિકભકતોના વિલાસાર્થ પ્રકટ કર્યો છે. તે રસિકોના હૃદયદેશમાંજ રમણ થઇ રહ્યો છે. અનુભવથીજ જાણ્યો જાય તેમ છે. ગ્રન્થોમાં તો ઘણું વર્ણન છે પણ શ્રી વલ્લભની કૃપા વિના તે રસાનન્દનું દર્શન કરવા આ નેત્ર આંધળા જ સમજવાં.

જેવી આદિ અવિચ્છિન રાસાદિલીલા, તેના ભેદ શ્રીઆચાર્ય શ્રીએ રસિકોને જણાવ્યા છે તેવાજ, વૈકુંઠ શબ્દના ભેદ પણ તેઓશ્રીએ જણાવ્યા છે.

અક્ષરબ્રહ્મધામમાં વ્યાપિ વૈકુંઠ છે તેમાં રસાત્મક શ્રીપ્રભુ બિરાજે છે. જે લોકાલોક પર્વતની પાર છે જ્યાં શ્રીકૃષ્ણે અર્જુનને લઇ જઈ દર્શન કરાવ્યાં હતાં એજ સર્વનું મૂળ છે.

વ્યાપિવૈકુંઠ સર્વમાં વ્યાપક છે તેની ભીતર શ્રીપ્રભુ બિરાજે

છે. જેમ મંદિરની અંદર પુષ્ટિ પ્રભુબિરાજી સર્વલીલાનો અનુભવ કરાવે છે તેમજ આ છે.

રમાવૈકુઠમાં લક્ષ્મીજી સહિત વિષ્ણુભગવાન બિરાજે છે તે પૂર્ણાનંદનું વિભૂતિસ્વરૂપ છે. તે સર્વ શ્રીગુરૂએ ભેદ જણાવ્યા છે.

એ કૃપા મેળવવા ગોપાલદાસજી શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ સમિપ દીનતા કરે છે.

"હે શ્રીવલ્લભતનય! આપ કૃપા જેના પર કરો છો તેને સર્વ કંઇ સહેલું સટ્ટ છે.પૂર્વે અતિ તામસ ગોપીજનો પણ આપના પ્રમેયબલથી તરી જઈ, સમ્પૂર્ણ આનન્દને પ્રાપ્ત કરી અને નિર્ગુણ થયાં છે."

અત્ર શંકા થાય કે; શુકદેવ સરખા મહાનુભાવોને પૂર્ણાનન્દનું પાન ન થયું, અને વનમાં વિહરનારી તામસગોવાલણોને આનન્દ પ્રાપ્તિ થઈ, એ શું ઓછું આશ્ચર્ય છે,

તેના સમાધાનમાં જેમ નદિયોનો વેગ સમુદ્ર તરફ વહ્યા કરે છે તેમ ગોપીઓનો પ્રેમ અખંડ શ્રીકૃષ્ણ તરફ વહેતો આ લોકમાં કંઇ જાણતાં ન હતાં. એવો ઉત્કટ વિપ્રયોગ સિધ્ધ થઇ ભગવદાસક્તિ ગોપીજનોનેજ થઇ હતી. તે પ્રમેયબલથી થયેલો વિપ્રયોગ પોતેજ ધર્મિરૂપ છે એવો ધર્મિસ્વરૂપનો વિપ્રયોગ કોઇ દેવોને કે મર્યાદાભકતને પ્રકટ થયોજ નથી. તેથીજ કરી રાસલીલાનો રસાત્મક અનુભવ પાત્રશિવાય કરવા લાયક નથી. એમ ભગવાને માન્યું હશે.

હે શ્રીવિઠ્ઠલેશપ્રભુ ચરણ! એવો વિપ્રયોગ તો પૂર્વે આપે કૃષ્ણાવતાર વખતે ગોપીજનને કર્યો હતો કાં તો હાલ આપના સેવકોને સેવ્યસ્વરૂપ પધરાવી આપીઃ તેમાં ધર્મિ

સ્વરૂપના વિરહાવેશને ભ્રમરકિટ ન્યાયે પ્રકટ કરી આપી, સાક્ષાત્ સ્વરૂપનાં દર્શન કરાવી. રાસાદિલીલાનો સર્વ સુખાનન્દ આપ્યો છે.

જરૂર આપની કૃપાવિના જીવનો જીવનમાં બધો શ્રમ વૃથાજ છે. વધુ શું વખાણીયે આપની અદ્ભુત લીલાને ધન્યવાદજ ઘટે છે.

(હવે બ્રહ્માથી લઈ સકલ દેવતાઓ ખરા, પણ પોત પોતાના કર્મમાં મસ્ત હોવાથી, જોઇયે તેવો ભક્તિ-રસ પામ્યા નથી. એવું ગોપાલદાસજી આગળ કહે છે.)

મૂ૦ બ્રહ્માદિ મહામુનિ અતિજ્ઞાન પારંગતા,
તે મધુસિન્ધુની કહિયે માખી;
ન કોઇ હુવો ન હોય એ રૂપ સમ,
તેના સકલ નિજ નિગમ સાખી. ૬

શબ્દાર્થ—બ્રહ્માથી લઈ સકલ દેવતાઓ અને મોટા મુનિશ્વરો જ્ઞાનથી પારંગત થયેલા ખરા, તથાપિ ભક્તિરૂપી અમૃતરસના સમુદ્ર પર ઉડતી માખીના જેવા છે. અને ભક્તિસ્વરૂપ શ્રીવલ્લભવિઠ્ઠલેશ જેવો અવતાર ભૂતલપર થયો નથી, છે નહિ, અને થશે પણ નહિ. એમ વેદ અને પ્રભુનું પ્રત્યક્ષ સુખ અનુભવતા ભક્તોનાં ચરિત્રોજ સાક્ષી પૂરે છે. ૫

વિવેચન—બ્રહ્માથી લઈ સકલ દેવતાઓ અને મહા-મુનિશ્વરો ભક્તિરૂપી અમૃત રસના સમુદ્રનું પાન કરતા

ભક્તોને જોઇ આનન્દ પામી એ રસ લેવા તરફડીયાં તો ઘણાં મારે છે, તથાપિ તેમને અભ્યાસ જુદી પ્રકારનો હોવાથી ભક્તિરસનું પાન કરી શકતા નથી,સમુદ્રના તિરે ઘુમતી માખી જેમ રસનો સ્વાદ લઇ શકતી નથી, અને બિન્દુ લઈ પાછી પલાયન થાય છે, તેમ આ દેવો પણ તે રસના અધિકારી નહિ હોવાથી પોતાના અધિકારની ન્યૂનતાને ધિક્કારતા ભક્તિના આનન્દ સમુદ્રપર પુષ્પાદિવૃષ્ટિ કરી, આનન્દની ઝાંખીરૂપ સુગંધ લઇ પોતપોતાનાં ભગવદ્દત્ત કાર્યમાં મશગુલ થાય છે. તેથીજ ગોપાલદાસજીએ તેમને માખીની ઉપમા આપી છે.

વામનપુરાણમાં બ્રહ્મા ભૃગુઋષિને કહે છે કેઃ—

ષષ્ટિવર્ષસહસ્રાણિ મયા તપ્તં પુરા તપઃ ।
તથાપિ ન મયા પ્રાપ્તાસ્તાસાં વૈ પાદરેણવઃ ॥

અર્થાત્—સાઠ હજાર વર્ષો સુધી મેં પહેલાં તપ કર્યું, તો પણ તે ગોપીજનોના ચરણની રજ મને પ્રાપ્ત થઇ નહિ.

નાહં શિવશ્ચ શેષશ્ચ શ્રીશ્ચ તાભિઃ સમાઃ ક્વચિત્ ॥

હું બ્રહ્મા, શેષજી, શિવ, લક્ષ્મીજી વિગેરે કોઇથી તે ગોપીજનની સમાનતા પ્રાપ્ત કરી શકાય તેમ નથી.

હે શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ! આપના સરખો દ્વિજવર્ણમાં કોઇ અવતાર થયો નથી; છે નહિ; અને થનાર પણ નથી. કારણ? કોઇમાં પાંડિત્ય હોય છે તો, તેની વેદમાં ગતિ હોતી નથી; કોઇની વેદમાં ગતિ હોય છે તો, તદનુસારક્રિયા નથી હોતી. કોઇની ક્રિયા સાચી હોય છે તો હરિના માર્ગમાં પરિચય હોતો નથી. અને વળત-

પર પ્રભુના માર્ગમાં પરિચય હોય છે તો, સાક્ષાત્ પરબ્રહ્મ પુરૂષોત્તમ વ્રજાધીશપ્રભુમાં જોઇએ તેવી ઉત્કટ પ્રીતિ નથી હોતી, તે સર્વ વિધાન આપનામાં પૂર્ણાંશે પ્રકટ છે. કેમકે આપ પરબ્રહ્મ પુરૂષોત્તમ છો. ભક્તિમાર્ગનું અનુકરણ કરી સેવકોને ભક્તિ શીખવવા પ્રકટ થયા છો. માટે ખાત્રિપૂર્વક કહું છું કેઃ આપના સમ કોઇ થયો નથી, છે નહિ, અને થશે પણ નહિ. એમ મને વેદનાં અને સાક્ષાત્ અનુભવવાળા ભક્તોનાં પ્રત્યક્ષ પ્રમાણોથી પણ દૃઢ થાય છે.

ભાગવતના એકાદશ સ્કંધમાં કહ્યું છે કે:—

" मयि संजयते भक्तिः कोन्योर्थोस्यावशिष्यते "

અર્થ—મારામાં ભક્તિ થાય છે તેને બીજુ શું ફળ મળવું બાકી રહે છે ?

" ते हि धन्या मनुष्येषु येषां भक्तिरधोक्षजे ।

અર્થ—જેમની ભક્તિ ભગવાન શ્રીકૃષ્ણમાં થઇ છે. તેમને ધન્ય છે.

ધન્ય છે આપના કૃપાપાત્ર ભક્તોને; ભૂતલપર એમનુંજ જીવતર કહેવાય; કે જેમણે જીવતરનો ફેરો મજરે લાવી મુકયો છે. હજી આપ વંશદ્વારા અન્તરીક્ષ કૃપા કરી આપનાં સેવ્ય ધાર્મિક સ્વરૂપોની વિપ્રયોગાર્તિ અર્પો છો, અને સેવકોને અતિસ્નેહાસક્ત કરી સર્વેન્દ્રિયનો પ્રભુચરણકમલમાં નિરોધ કરાવો છો; અને વખતો વખત શ્રધ્ધાની સાખીતિ પણ આપો છો; એ અમારા ભાગ્યની બલિહારી અને આપની કૃપાથી સેવ્ય સ્વરૂપોનાં સેવન દર્શનનોજ પ્રભાવ અમોને

ફલરૂપ થયો છે. એ શિવાય અન્ય ઉત્તમ વસ્તુ કંઈજ નથી. અરે! વધુ શું કહું? આપની કૃપાદૃષ્ટિની બલિહારી તો કોઇ નવિનજ છે.

શ્રીરઘુનાથજી કહે છે કે:—

महामोहदृग्घोपि कालाग्निदृग्घो
विदृग्घो भवेत्स्नेहदृष्टयापि यस्य ॥

અરે! એ પ્રભુસ્વરૂપના સેવન વડે આનન્દરસના સમુદ્રનું પણ પાન થાય છે. અને સકલ વિશ્વમાં ભ્રાતૃભાવ વૃધ્ધિ પામી, અંતરનો પરમાનન્દ ભર્યો દીલાસો મળે છે. એ સ્વરૂપસેવનવડેજ સ્વભાવથી દુષ્ટ જીવના અહંકાર છુટી, જગતને આત્મારૂપ જોતાં, પ્રભુના ચરણકમલને વશ થાય છે! એ પ્રભુસ્વરૂપના સેવનદર્શનવડેજ પાપીયો પાપ મુક્ત થઇ સત્ય વસ્તુને મેળવતા થાય છે. એ પ્રભુસ્વરૂપના સેવનદર્શન વડેજ કપટ રહિત પોતાના જીવન પર્યન્તના અપરાધો નિવારવા અભિલાષાઓ, ખુલ્લી રીતે પ્રકટ થાય છે! એ પ્રભુ સ્વરૂપના સેવનદર્શનવડેજ જીવનમુકતદશા પ્રાપ્ત થાય છે! અને એ પ્રભુના સેવનદર્શનવડેજ ધર્મિસ્વરૂપમાં સર્વાત્મભાવપૂર્વક વિપ્રયોગ, વ્રજભકતોના સમાન પ્રકટ થાય છે. એટલે પરમાનન્દ પ્રાપ્ત થાય છે.

શ્રી હરિરાયપ્રભુ સેવાફલ નિરુપણમાં કહે છે કે:—

तेनैव प्रभुणा सर्वं लीलानुभवतो हृदि ॥
रसात्मकस्वरूपस्य स्थितिस्त्रैकालिकी भवेत् ॥

પ્રભુના વિપ્રયોગથી રસાત્મક સ્વરૂપ પ્રકટ થાય છે, અને તે પ્રભુ વડેજ હૃદયમાં સર્વ લીલાનો અનુભવ થાય છે— વળી રસાત્મક સ્વરુપની ત્રિકાળસ્થિતિ થાય છે કે જે સ્થિતિ શ્રી સ્વામિનીજીના હૃદયમાં છે,

વિરહીભકતને અન્નમાં પ્રભુ, જલમાં પ્રભુ, બોલવામાં પ્રભુ, વિલાસમાં પ્રભુ અને સર્વાંગમાં પ્રભુ શિવાય કંઇ સુઝતુંજ નથી. એવા સ્વરૂપસેવનની મઝા અધિક શું વર્ણવી શકીયે. અનુભવ કરવોજ ઠીક છે.

—હે શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ ! આપનાં સેવ્યપ્રભુ-સ્વરૂપના સેવનની મઝા કોઈ જુદીજ છે: તેમાં મહાન શકિતઓ કોઈ અવનવિજ છે. તેમાં અધિકાર કોઇ અવનવોજ છે. તેમાં વિરતા કોઇ ઉત્તમ પ્રકારનીજ છે. કે જેણે સેવનદર્શન કર્યાં તે કૃતાર્થજ થઇ ગયો.

—પાપી, ચોર, લુચ્ચો, લબાડી, પ્રપંચી મુર્ખો, દંભી, લોભી, રૂપમદાન્ધ, દ્રવ્યમદાન્ધ, બલમદાન્ધ, અધિકાર મદાન્ધ સર્વને એક શ્રીમુખના દર્શનરૂપી શસ્ત્રથી પરાજય કરી, આધિન કરી લીધા છે. અરે ! બસેંબાવન ચોરાશી વૈષ્ણવ તરફ લક્ષ ખેંચતાં ઉપરનાં નામ તમામ તરી આવેછે.

વ્હાલા મન ! હવે વધુ તો કંઇજ કહેવાનું નથી, પણ સ્વરૂપસેવનથી શાન્તિ તો એ ઉત્પન્ન થઈ કે; હવે મથેથી બધો બોજો ઉતરી ગયો; અને બધુએ પાપ હલકુ કુલ; અને શાન્તિ

શાન્તિ. પરમાનંદ પરમાનંદ છાઇ રહ્યોછે. કારણ ? માયિક દુનિયામાં મોટમ મેળવવાના હાયવલુરા કરવા મટી ગયા ? વૃથા વેદના કરી ભેદાઇ ગયેલા હૃદયને પણ ભકતોનું અમૃતરૂપી ઉત્તમ ઔષધ પથ્ય આવવાથી શાન્તિ શાન્તિ થઇ ગઇ છે. અને એમ નિશ્ચય થયો કે, પ્રભુજ સર્વ કંઇ સર્વત્ર લોકમાં કરે છે તે થાય છે. તેમાં વળી ભકતના તો બેલીજ હોવાથી તેનું તો સર્વ કંઇ સ્વતઃજ સંભાળી લે છે. એટલે હવે ફકત પ્રેમભાવથી સેવન, સ્મરણ અને શરણવિના કંઇપણ કર્તવ્ય યોગ્ય નથી.

" હવે—ભાગ્યહીન જીવોને દેવતાઓ ધિક્કાર આપે છે, તે આગળ વર્ણવે છે. "

મૂ૦—એ પ્રભુ રસ પુંજ ભૂમિપર રુચિકરી,
ભાગ્ય હિન જીવ જેણે કણિકા ન ચાખી;
તેને ઉપર રહ્યા દેવ ધિક્કાર બોલે,
મન્દમતિ કહિ અને નિન્દા દાખી. ૭

શબ્દાર્થ—ઉપર વર્ણવી ગયા એવા રસના સમુદ્રરૂપ શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ, ભૂતલપર સ્વતઃ ઇચ્છા કરી પધાર્યા છે; છતાં ભાગ્યરહિતજીવોએ તેમનો દર્શનાનન્દરૂપી સ્વાદ પણ ચાખ્યો નથી. એવા ભાગ્યહિનજીવોને અન્તરિક્ષ દેવતાઓ મન્દમતિ કહી, તુચ્છકાર આપી ધિક્કારે છે.

વિવેચન—રસના સમુદ્રરૂપ આનન્દઘનપ્રભુ દ્વિજવર-વપુ ધારણ કરી ભૂતલપર સ્વયં ઇચ્છાથી પ્રકટ થયા છે, તથાપિ ટુંકી બુધ્ધિવાળા કહો કે અનધિકારી ભાગ્યહિન કહો? એવા જીવો પરમાનન્દપ્રભુનો દર્શનાનન્દ પણ લઈ શક્યા નથી. તેમના ઉપર તિરસ્કાર લાવી અન્તરિક્ષ દેવો ધિક્કાર આપે છે. દેવો તિરસ્કાર એમ લાવે છે કે; આ પામર જીવો તરસ્યા તો છે, તથાપિ બુદ્ધિના હિણા હોવાથી ગંગાના કિનારે કૂવો ખોદી તૃષા બુજાવાનો યત્ન કરતા દુર્મતિજન જેવા છે. ઘડીમાં તે દેવો ઉપર પ્રમાણે વિચાર કરે છે તો ઘડીમાં ભક્તોનાં ગાન યાદ કરે છે. "પ્રકટ ભાનુ કો છાંડ, ગહે ફિર છાયા ધૂપહિ;" એમ વિવિધ પ્રકારે વૃથાશ્રમ કરતા જીવોપર દયા લાવી છેવટે ધિક્કાર આપે છે.

ભાગવતના દશમસ્કંધમાં કહ્યું છે કે:—

धिग्जन्म नस्त्रिवृद्विद्यां धिग्व्रतं धिग्बहुज्ञताम् ।
धिक्कुलं धिक्क्रियादाक्ष्यं विमुखा ये त्वधोक्षजे ॥

અર્થાત—આપણે ભગવાનથી વિમુખ થયા તેથી ત્રણ પ્રકારના જન્મને ધિક્કાર છે, આપણી વિદ્યાને ધિક્કાર છે, વ્રતને ધિક્કાર છે, કુલને ધિક્કાર છે અને બહુ જાણવાપણાને પણ ધિક્કાર છે.

એવા ભાગ્યહિન ભક્તિમાર્ગના કટ્ટાશત્રુઓ અહંકારથી

પોતાને જ્ઞાની માનતા માનવો, સત્યા સત્યનો વિચાર કર્યા શિવાય અંધાધુન્ધ નજીવા વિષમબુદ્ધિથી આક્ષેપ કરે છે. તેઓ પ્રભુસેવાને પણ ગમે તેમ બકે છે; ભક્તિના અંગ રૂપ માળાતિલકને પણ ગમે તેમ બકે છે; પ્રભુના પ્રસાદને ગમે તેમ બકે છે; પ્રભુના પ્રેમાલ સેવકોને ગમે તેમ બકે છે. અને ભક્તિના મૂળ તત્વગુરૂને પણ ગમે તેમ બકે છે. વિશેષમાં જમાનામાં કેટલીક અગવડતાને લીધે પોતાનાથી નહિ બની આવતા તમામ ભક્તિના વિષયને હલકો ઠરાવે છે. અને પોતાનો કક્કો ખરો કરવા વિવિધ પ્રકારનાં પરમાર્થતત્વો બતાવે છે, તેમને ભાગ્યહિન કહેવા.

ભાગ્યહિન જનો; ભગવદનાવતાર શ્રીમદ્વલ્લભાચાર્ય ચરણના સબળ સિદ્ધાન્તથી અજાણ્યા છે. ભક્તિમાર્ગના નિત્યાચાર તેઓથી બનતા નથી. અને પરમશાંતિ ધારણ કરી જગતથી જોઇએ તેવો ભ્રાતૃભાવ જોડી અહમ્ બુદ્ધિ પણ ત્યાગ કરતા નથી. એટલે જનસમાજપર પ્રભુ કરાવે તેટલો ઉપકાર કરવાનો બાજુપર મુકી ત્રીજીજ ગતીનું તેમના હૃદયમાં પ્રાકટય થાય છે. એટલે તેઓને માન, મોટાઈ, ઇર્ષા, જ્ઞાતાપણું, અને જ્યાં ત્યાં વિષમ દૃષ્ટિ થાય છે.

એમના ઉપર વૈષ્ણવે જરાપણ દ્વેષ ના કરતાં અંતઃકરણથી એમ જાણવું કે, સ્વતઃ ભગવાને કોઈ વ્યક્તિ-દ્વારા, મારાથી કોઈ પ્રકારની ભૂલ ન થાય, તેને માટે સાવચેત કરવા, લીલાસૃષ્ટિમાં પ્રભુનો આ ઉદ્યમ હશે? એમ માની કર્તવ્યપરાયણ થવું. પરિક્ષા અર્થ કદાશ્રીજી

ચિત્તશુંજી એ હિતવચનોને યાદ કરવાં, અને શ્રીમદ્વલ્લભ-લ્લાર્યચરણના સિદ્ધાન્ત સર્વથી શ્રેષ્ટ; વેદ, ગીતા, શાસ્ત્ર, ભાગવતાદિ આધારવાળા પ્રમાણરૂપ અને શ્રેયસ્કર છે એમ સુદૃઢ જાણવું.–રસના સમુદ્રરૂપ શ્રીવલ્લભસંપ્રદાયના સિદ્ધાન્ત વિષે આરંભમાંજ પ્રભુસેવન સ્મરણ અગ્રગણ્ય છે. એ સેવાને આસુરો નિંદે છે; તેથી જરાપણ પ્રભુસેવાથી લુલા પડી વૈષ્ણવે, શંકાને સ્વાધિન ન થવું. આસુરની વાકચચાતુરી અને નિન્દાની તડામાર આજ નૂતન પ્રકટ થઈ નથી. પરંતુ ત્રેતાયુગથી આજસુધી લક્ષ ફેંકીયે તો દૈવીઆસુરીસૃષ્ટિના ભેદ માલુમ પડે છે. તેઓ અનુભવ વિના ગમે તેમ બકે; તે પર લક્ષ આપી જરાપણ ચિત્તમાં ખેદ કરવો નહિં. મર્યાદાભકતના શબ્દોમાં મૂર્તિસેવા કહો કે વૈષ્ણવના શબ્દમાં સ્વરૂપ સેવા કહો. એ કંઈ નાનીસુની વાત નથી એ પ્રભુસ્વરૂપનું સ્મરણ તે ભાગ્ય વિના બનતું નથી એ પ્રભુસ્વરૂપનું સેવન તે ઢીંગલા ઢીંગલીનો ખેલ નથી, માલમિષ્ટાન ઉડાવાના સાધન રૂપ નથી, પોતાના ગુજરાનનો ઉદ્યમ નથી, કે સેવાને બ્હાને લોકોના માલ ઝુટી લાવી એશઆરામનો હેતુ નથી, પણ ઘણાં કાળથી કટાઈ ગયેલી જ્ઞાનશક્તિયોને ખીલવાનો સહેલો અભ્યાસ છે. જગતના કલ્યાણનો વિષય છે, મૂળાતત્વો અને પરમાર્થ જાણવાની કુંચી છે? અને એ સકલધર્મના પ્રાણરૂપ આદ્યન્ત અગ્રગણ્ય અંગ છે? એ સ્વરૂપસેવાને કોટયાવધિ આસુરજનો નાબુદ કરવા મરી મથ્યા તથાપિ, વૃથા શ્રમિતજીવન ગાળી, પામરો મરણને શરણજ થયા છે. માટે પરમ

આદરથી શ્રીપ્રભુસ્વરૂપના સેવનને આચરવું એજ કર્તવ્ય છે.

શ્રીહરિરાયપ્રભુ શિક્ષાપત્રમાં કહે છે કે:—

तत्संबंधकृतं दुःखं न हि मंतव्यमुत्तमैः ॥
प्रतिबंधनिवृत्यर्थं हरिं शरणमाव्रजेत् ॥ २६-१२

અર્થાત્—દુષ્ટ માણસોના તથા શરીર વિગેરેના સંબંધથી થતા દુઃખને ગણકારવું નહિ, જો તે દુઃખથી સેવામાં બાધ આવતો હોય તો તેની નિવૃત્તિ માટે શ્રીહરિને શરણે જવું.

જો કે સ્વરૂપ સેવનવિના કોઈને છુટકો જ નથી. ફકત અભિમાનને ચક્કરે ચડેલા જ, વૃથા ઉહાપોહ કરી, પ્રભુથી વિમુખ થઈ, જીવન રદ ગુમાવા યત્ન કરી રહે છે.

માટે વૈષ્ણવે તો અવશ્ય પ્રભુના સેવનપૂર્વક શ્રીપ્રભુની લીલાનું ચિન્તવન, વિપ્રયોગની વેદના, દૈન્યભાવ, દેહાધ્યાસનો ત્યાગવૃત્તિ કરવો ઉત્તમ છે.

ઉપર પ્રમાણે જ, ભગવદ્વદનાવતાર શ્રીમદ્વલ્લભવિઠ્ઠલનો વેદશાસ્ત્ર સંપન્ન સિદ્ધાન્ત છે.

(હવે દેવતાઓ જ્યારે અન્તરિક્ષ રહી ભાગ્યહિનોને ધિક્કારે છે ત્યારે પોતે સેવન કરવા ભૂતલપર કેમ આવતા નથી? એ શંકાનું સમાધાન અને શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણની સેવાનું વર્ણન આગળ કરવામાં આવે છે.)

મૂ૦ વિબુધ વાંચ્છે વાસ વસુમતિ ઉપરે,
શ્રીવલ્લભ કુવરની ટહેલ કરવા;

ઘોષથી વેગે પાઉં ધારિયા ગિરિમણી, શ્રીગિરિરાજધરણનો તાપ હરવા. ૮

શબ્દાર્થ—શ્રીમદ્વિઠ્ઠલેશપ્રભુચરણ વ્રજમાંથી શ્રીગિરિરાજ પર્વત ઉપર, શ્રીમદ્ગોવર્ધનોદ્ધરણનો તાપ નિવારવા, ત્વરાથી પધારે છે તે પ્રભુની સેવા કરવા દેવતાઓ પણ ભૂતલપર વસવાની અભિલાષા કરે છે. ૮

વિવેચન—વિવિધ પ્રકારના સ્વર્ગીયવૈભવોનો ભોગ કરતા, દેવતાઓ પરમતત્વરૂપ શ્રીપ્રભુનું સેવન કરતા ભક્તોને જોઇ આનન્દ પામતા, તેઓ પોતાનું સ્વર્ગીય સુખ તુચ્છગણી શ્રીપ્રભુનો સેવાનન્દ લેવા, ભૂતલપર આવી વસવાની ઇચ્છા કરે છે. કારણ ? તેઓને પોતાના સ્વર્ગીય સુખાનન્દ કરતાં, અધિક હરજજે પ્રભુસેવાનન્દ શ્રેષ્ઠ અને પરમ કલ્યાણકારી લાગ્યો છે. તેમજ તેઓના સ્વર્ગલોકમાં પ્રભુસેવાનો પ્રકારજ નથી. તે પ્રભુસેવનનો રસાત્મકભાવ, જોઇ ભક્તોના ભાગ્યની બલિહારી ગાતા દેવો પ્રભુ સેવાનન્દ લેવા, ભૂતલપર આવી વસવાની ઇચ્છા કરી રહ્યા છે.—તથાપિ તે દેવોને શ્રી પ્રભુએ એવાં ભોગવિલાસ સુપ્રત કરેલા છે, કે—તેમાંથી નિવૃત્ત થઈ વિપશ્ચિતબ્રહ્મની ભક્તિ મેળવી શકતા નથી; અને તેમનો આગળ અધિકાર વધતો પણ નથી. એટલે તેઓ ફક્ત અન્તરિક્ષ રહ્યા શ્રી પ્રભુનાં દર્શન કરતાં આનન્દ માની પોતાના પ્રભુ સેવન વિનાના જીવનને ધિક્કારે છે. તેમજ ભૂતલના મોટા યાજ્ઞિકો પણ પરમતત્વરૂપ વસ્તુનું

ભાન થતાં, પોતાનું પ્રભુ વિમુખ જીવન થયેલું તેને ધિક્કાર આપે છે અને ભક્તજનોની ભાગ્યદશા વર્ણવે છે. આ વિષયને સુરદાસજી એક પદ કરી વર્ણવે છે.

રાગ સારંગ તાલચર્ચરી.

હમહિ મન્દ ભાગ્ય, ભગવાન તેં વિમુખ ભયે, ધન્ય વે નાર, ગોવિન્દ પૂજે; મુંદ રહે નેંન, હમ સબે ઉલુકલેાં, ભાનું ભગવાન આયે ન સુઝે. ૧ સંગ ગોધન લગે, ખેલ રસમેં પગે, ભોરકે નિકસ ભુખેંહિ આયે; દેહું તુમ ભાત, કર જોર ગ્વાલ ન કહ્યાં, હમે ભૂદેવ તુમપેં પઠાયે. ૨ કમલ કર ના ઢરન, બ્રાજભોજન કરન, નિગમહું અગમ મહિમા બખાને; દેખો પ્રભુકીરચન, હમહિ મદકી મચન, દેહકી દચન કછુ કહિન આવે. ૩ ધિક્ જનમધામ. કુલક્રિયા સ્વાહા, સબે, યોગયજ્ઞ તપ સબે ધિક્ હમારે; જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ, અરૂ, કર્મ, સબ, વે પ્રભુ વિમુખ આરંભ સારે. ૪ સ્વચ્છ આચાર ગુરૂકુલ ન સેવા કછુ, કુટિલ કરકશ હિયો બુદ્ધિ હીનિ; દેખો ધન ત્રિયનકો ભાગ્ય આ જગતમેં, સચ્ચિદાનન્દ કે રંગ ભીનિ. ૫ ત્રિયા કોટિક મીલી, કાહુ જાનીન પરી, કમલા જો નહિ કોઉ મન્નલાવે; શેષ ત્રિપુરાર સનકાદિ બ્રહ્માદિ સબ, ચરનકી રેણું લે શિર ચઢાવે. ૬ ઉમંગ પહુલેં ગઇ, પાર સંસારકે, સાંવરો કુંવર મનમાંહિ પ્રોયો; ધરરહે મુઢસૂરલોક આશા અલપ, પાવેનહિં આશ અમૃત નિચોયો. ૭ જદપિ નારાયણઅવતાર યદુકુલ વિષે, સુન ભલી ભાંત ચિતન લાયે; દેખો કો દેવકી માયા અતિ મોહની. દ્વેદ્વગ કરી હમહિ ભૂલાયે. ૮ જુઠો સંસાર આકાર ધુતિ સંભવે, મરિચિમૃગ જ્યોં અતિ ઉલમલાયો; સત્યકહેસૂરહરિ વિમુખ જડમેં બડે, બુજ્યો દીપક જેસેં બડો કહાયો. ૯

ઉપલ પ્રમાણે દેવતાઓ અને પોતાની ધર્મપત્નિઓનું અહોભાગ્ય માનતા ઋષિઓ, ભગવાને ભાત માગવા મોકલેલા ગોવાળોને, ભાત નહિ આપવાથી પોતાને ધિક્કારતા વિમુખ જીવનનો ખેદ કરે છે.

વળી શ્રી વિઠ્ઠલેશ પ્રભુ ચરણ ઘણી ત્વરાથી ગિરિરાજ-ધરણનો વિયોગ દૂર કરી, તાપ શમન કરવાનું શ્રી ગોપાલ-દાસજી સૂચવે છે; તે કેવળ નિજજનોને પોતાનું અનુકરણ કરાવી પ્રભુના વિરહ જનિત દુઃખ અને સંયોગ સુખનો અનુભવ કરવા માટે છે. નહિતર ઉભય સ્વરૂપ એક જ છે. તથાપિ પોતે પોતાના જીવો માટે સંયોગવિયોગાનુભવ ભૂતલપર પ્રગટ કરવા, તે રસનો ભક્તજનોને પ્રત્યક્ષ અનુભવ કરાવે છે. તેથી ભક્તજનો પોતાના મોદાર્થ તે અનુભવ સ્વરૂપને રસના દ્વારા હૃદય મન્દિરના મનોહર ભાગમાંથી આકર્ષી કીર્તનના સ્વરૂપમાં બહાર પ્રકટ કરી, વારંવાર તેનું દર્શન કરતા હર્ષ માને છે.

"શ્રીમદ્ગોવર્ધનોદ્ધરણ અને શ્રીવિઠ્ઠલેશની પ્રીતિ ગાય છે."

રાગ સારંગ

ઐસી પ્રીતિ કહું ન દેખી;

યશોમતિસુતશ્રીવલ્લભસુતજેસી, શેષસહસ્રમુખજાતનલેખી
આજ્ઞા માગ ચલે ગોકુલકોં, ફીર ફીર ઝાંખ ઝરોખન પેખી
સુનીયત કથા જલદ ચાતકકી, કુમુદિની ચંદ્ર ચકોરવિશેખી ૨
ઇનકો કીયો સબે જીયભાવત, કરત શૃંગારવિચિત્રવિષેખી;
ગોવર્ધનગિરિધરપેં માગત, વિછુરોપલછીનઅર્ધ નિમેખી ૩

"ઉપર પ્રમાણે શ્રીમદ્વિઠ્ઠલેશપ્રભુ શ્રીમદ્ગોવર્ધનોદ્ધરણની જે પ્રકારે સેવા કરતા, તે તથા તેઓશ્રીને અંગીકાર કરાવવા જે વસ્તુઓ સાથે પધરાવી જતા, તે ગોપાલ-દાસજી આગળ કડીમાં વર્ણવે છે."

મૂ૦ ફૂલફેંટભર્યાવસનવાગાતણા
વિવિધભુષણતેઅંગધરવા
તુરંગ ચાલ્યો વાયુવેગે ઉતાવળો,
જાણે નૌકા ચાલી સિન્ધુ તરવા ॥૯॥

શબ્દાર્થ—શ્રીમદ્ગોવર્ધનોદ્ધરણને શ્રીઅંગે ધરાવવા માટે, વિવિધ પ્રકારનાં પુષ્પો, સુન્દરવસ્ત્રો, અને વિવિધ પ્રકારનાં આભુષણો ઓલિકામાં ભરી લઈ, શ્રીવિઠ્ઠલેશ પોતે (જેમ સમુદ્રને જલ્દિ તરી નાવિક હોડીને ઉતાવળથી વાયુના વેગે ચલાવે), તેમ આપશ્રીએ ઘોડાને જલ્દિ શ્રીગિરિરાજ તરફ ચલાવ્યો. ૯

વિવેચન—શ્રીવિઠ્ઠલેશપ્રભુ અતિ ત્વરાથી ઘોડાને ચલાવી પધાર્યા, એટલેથી જ વિરહાર્તિનું સ્વરૂપ પ્રકટ કરી બતાવ્યું છે. તેઓશ્રીને શ્રીનાથજીનો રાત્રિ વિષે થયેલો વિયોગ દૂર કરી, સંયોગ સુખની અભિલાષા જ થઇ એવું ગોપાલદાસજી મૂલકારિકામાં પ્રકટ કરે છે.

"વળી શ્રીવિઠ્ઠલેશ ઘોડારૂપી નૌકા પર બિરાજી વિયોગ-રૂપી સમુદ્ર ત્વરાથી તરી, સામી પાર, શ્રીમદ્ ગોવર્ધનો-

દ્ધરણનું શ્રીમુખ નીરખી, વિપ્રયોગાગ્નિ બુજાવ્યાનું પણ કથે છે. ૯

"શ્રીવિઠ્ઠલેશ નિરન્તર શ્રીનાથજીનું સેવન દર્શન કરે છે. તો પછી ઉતાવળા પધારી વિરહનું વર્ણન કરે છે તે કેમ સંભવે ? તેનો ખુલાસો સ્વતઃ આગળની કારિકામાં કથે છે."

મૂ૦ દિવસ એકાર્ધનો વિરહતે યુગસમો,
નિરાંજન મિષે રુપ હૃદય ધરવા;
જીવને એ કૃત નિત્ય પ્રતિક્ષણ ક્ષણ,
શ્રી વિઠ્ઠલનાથ એવા ઉચરવા. ૧૦

શબ્દાર્થ—શ્રીમદ્ ગોવર્ધનોદ્ધરણનું રૂપ માધુર્ય એવું છે, કે—તેમનું સેવન કરનારને; માત્ર અર્ધા દિવસનો વિરહ કહેતાં, રાત્રિનો વિયોગ થાય છે. તે પણ જાણે વચમાં યુગ ન ગયો હોય ? તેમ વિરહ થાય છે. તે વિરહને આર્તિના બાને, શ્રી પ્રભુની રૂપરસમાધુરી, વિરહાગ્નિથી હૃદય સંપુટમાં પધરાવી શાન્ત કરે છે. જ્યારે એ પ્રમાણે શ્રી વિઠ્ઠલેશ પ્રભુ ચરણ કરે છે, તો પછી દૈવી જીવો તો પ્રભુના સેવક હોવાથી તેમનું તો નિરન્તર પ્રતિક્ષણ એ પ્રમાણેનું કર્તવ્ય જ છે. તેથી વિશેષ કરી પ્રતિક્ષણે શ્રી વિઠ્ઠલેશ પ્રભુનુ સ્મરણ કરવું એજ યોગ્ય છે. ૧૦

વિવેચન—શ્રીમદ્વિઠ્ઠલેશ પ્રભુ સાક્ષાત્ પૂર્ણપુરૂષોત્તમાવતાર છતાં પુષ્ટિ માર્ગમાં સેવાનું સ્વરૂપ કેવું છે, તે પોતે આચરણમાં મુકી જીવોને દર્શાવે છે, શાસ્ત્રનો નિયમ એ છે કે :—મોટા પુરૂષો જે પ્રમાણે વર્તે છે, તે જ પ્રમાણે લોકો અનુસરે છે.

અહિંયાં પોતે બે વર્તન કરી બતાવ્યાં છે.

૧— શ્રી પ્રભુનો વિરહ કયે સમયે કેવી રીતે કરવો ?

૨—અને આરાર્તિક સમયે પ્રભુના સ્વરૂપને કેવી રીતે હૃદયમાં ધારણ કરવું ?

૧—શ્રી પ્રભુનો વિરહ સેવાના અનવસરમાં થાય છે. અને સેવામાં ભગવત્સન્મુખ હોઇએ ત્યારે સંયોગાત્મક લીલાનો અનુભવ કરવો. અને શ્રી પ્રભુને સામગ્રી, વસ્ત્ર, વિગેરે અંગીકાર કરાવતાં તેનો ભાવ વિચારવો.

૨—જ્યારે સેવા પરવારી અનવસરમાં હોઈએ ત્યારે વિયોગનો અનુંભવ કરવો. જેવી રીતે વ્રજભક્તો ભગવાન ગોચારણલીલા કરવા પધારતા ત્યારે, યુગલગીતથી ગાતાં કહે છે કે :—હે સખી ! વ્રજની ગાયોને વ્હાલા. અને રસ્તામાં વૃદ્ધથી નમસ્કાર કરાતા, શ્રી કૃષ્ણ દિનાન્તે ગોધનને લઈ વનમાંથી વ્રજાગમન કરે છે, ત્યારે કેવી શોભા આપે છે ? તે વખતે અપર સખી પ્રત્યુત્તર આપેછે કે:—હે સખી ! ધુલીથી છવાયલી વનમાલાવાળા, અને શ્રમનાં બિન્દુ શ્રી મુખ પર લાગેલાં છતાં દૃષ્ટિને આનંદ આપનારા શ્રીકૃષ્ણ જ્યારે

ગોચારણલીલા કરી વ્રજમાં પાછા પધારે છે ત્યારે, વ્રજમાં વ્રજસિમન્તિનીઓના મુખરૂપકુમુદિનીઓ ખીલી રહે છે અને વિરહપિડિત હૃદયથી એવા ઉદ્‌ગાર બહાર લાવે છે કે:– કે; હે સુન્દર! કમલના કરતાં પણ કોમલ આપના ચરણાર વિન્દ ગોચારણલીલામાં વિચરતાં, કંટક અને કાંકરા વડે પીડાય છે, એવું જાણી અમારૂં હૃદય ઘણું દુઃખી થાય છે.

ત્રુટિર્યુગાયતે ત્વામપશ્યતામ અને હે પ્રભો! તમને એક નિમિષ પણ નહિ જોતાં, તે નિમિષ અમને યુગના સમાન લાગે છે. હે નાથ! શ્રેષ્ઠ? હે રમણ? એમ વિરહાર્તિ કરતાં વ્રજભક્તો દિવસ નિર્ગમન કરે છે. આવીજ રીતે સેવાના અનવસરમાં થવાના વિરહને સહન કરવા માટે, રાજભોગ શયનાર્તિ કરી; આરાર્તિકના મિષથી, નિજજનોના હિતાર્થ સેવકભાવ દર્શાવતા શ્રીવિઠ્ઠલેશ, પોતાના હૃદયમંદિરમાં શ્રીપ્રભુના રમણિક સ્વરૂપને પધરાવી લે છે.

ભગવાન્ શ્રીમદ્‌પૂર્ણપુરૂષોત્તમાવતાર શ્રીવિઠ્ઠલેશજી, મંગલાર્તિ સમયે શ્રીપ્રભુના સ્વરૂપને ધારણ કરતાં કહે છે કે:–

* ૧–હે મંગલનામરૂપશ્રીકૃષ્ણ! વિરહજનિત પીડાથી પીડાતા જનોના તાપને દૂર કરનારા હે પ્રભુ! આપનું

× શ્રીગુસાંઈજીકૃત મંગલાર્તિ, રાજભોગાર્તિ, શયનાર્તિ અને સંધ્યાર્તિ ઉપરથી વિવેચન કર્યું છે.

મનોહર નાસાપુટ, મંગલહાસ્ય મંગલનયન, મંગલભાષણ, વિગેરેથી વ્રજમાં આનંદ વર્ષી રહ્યો છે વળી કોમલાંગુલીથી

ગન્તવતા વેણુના નાદથી સમગ્ર વૃન્દાવન મોહ પામી રહ્યું છે. હે મંગલમય ગોવર્ધનોદ્ધરણ! નિજદાસનું પાલન કરો.

એમ શ્રીવિઠ્ઠલેશજી મંગલાર્તિ કરતાં, રાત્રિના વિરહથી પીડાતા દુઃખિત હૃદયને સંયોગરસાનન્દ વડે શાન્તિ વળવાથી શ્રીપ્રભુને મંગલમય દેખે છે.

૨–તેમજ આગળ રાજભોગ આરાર્તિક કરતાં હવે અનવસરરૂપી વિરહ થવાનો પ્રસંગ નજીક આવ્યો છે; એમ જાણી શ્રીપ્રભુના સ્વરૂપને ત્વરાથી હૃદયમાં ધારણ કરતાં શ્રીવિઠ્ઠલેશ કહે છે કે:–હે પ્રભુ! આપ વ્રજમાં બિરાજવાથી વ્રજ સર્વોત્તમ થઇ રહ્યું છે (અને વિરહ થવાના ભયથી થયેલી ઉતાવળમાં પ્રભુના સમગ્ર શ્રીઅંગનું વર્ણન એકી વખતે કરી દે છે. **વરણીય મનોહર રૂપ ધરે॥** હે પ્રભુ આપનું આખું સ્વરૂપ વર્ણન કરવા લાયક છે, અને મનોહર છે, હે પ્રભુ! આપનું હાસ્ય મારી વિરહાર્તિને દૂર કરનારૂ છે. અને ગમન કરતાં થયેલા સમાગમથી જ ભૂતલનો તાપ હરાઇ ગયો છે. તેમજ દિવસે મિત્રોનો તાપ દયાથી હરો છો. એવા હે પ્રભો! મારા દિવસના વિરહ તાપને આપ હરણ કરશો. હે વ્રજરાજસુત! આપના રૂપ સૌંદર્યમાં મારું મન જોડાઈ રહો. એમ વિનતિસહ રાજભોગ આરાર્તિક કરતાં શ્રીપ્રભુને હૃદયમાં પધરાવી લેછે.

૩—હવે સંધ્યાર્તિ વખતે, સમાગમસુધા પ્રાપ્ત થતાં પોતે વર્ણન કરે છે કે:–હે પ્રભુ! ભક્તિસુધાને આપ વૃદ્ધિ

કરનારા છો (અને આખા દિવસના વિરહતાપવડે દીન થઈ જવાથી પોતે કહે છે કે:—

પદ્વન્દિતપાવનપાપજને ॥

ચરણકમલમાં નમન કરતા પાપીજનોને પાવન કરનારા આપ છો. હે કમલનયન! આપ જ્યારે વનમાંથી વ્રજમાં પધારો છો, ત્યારે આપનું ગમન મદોમન્ત હાથીના માનને પણ હરણ કરે તેવું લાગે છે વળી આગમન સમયનો આપનો વેણુનાદ, તે પણ ઘણો મધુર લાગે છે. હે મદનમોહન! કામદેવને પણ મોહ પમાડે એવો આપનો વેશ છે. એવા આપશ્રીમાં મારી પ્રીતિ નિરન્તર રહો.

આવી રીતે સંધ્યા સમયે આરાર્તિક ઉતારતી દીપકની જ્યોતિવડે, શ્રીપ્રભુના સ્વરૂપ સૌંદર્યવિષે નયનને એકતાર કરી, તદ્દ્વારા પ્રભુશ્રીને હૃદય મન્દિરમાં પધરાવી લે છે.

૪—હવે શયનાર્તિ વખતે વિરહ થવાનો સમય જાણી પોતે ઘણી વ્યાકુળતાથી કહે છે કે—હે પ્રભુ! આપનો વિયોગ મારાથી સહન નહિ થઈ શકે, પરન્તુ આપ શરણે આવેલાંની કોઇ પણ પ્રકારની ભીતિને દૂર કરનારા છો.

વળી ગોપીજનોના કુંચકુંકુમથી આપનું વિશાલહૃદય વ્યાપ્ત થઇ રહ્યું છે. આપ શયન કરો છો તથાપિ આખુ વ્રજ આપના હૃદયમાં રહેલું છે. અને ગોપીજનોના સમૂહથી આપ આવૃત થયેલા છો. હે પ્રભુ! આપ સંપૂર્ણ ભક્તોના શરણરૂપ છો. અને **ફલહેતુવિમર્દિતદુષ્ટ ખલ** ફલ આપ-

વાને માટે તો આપે દુષ્ટ અને ખલ પ્રાણીઓનો નાશ કર્યો છે. એવા હે ઘોષાવ્રજધિપતિ ભગવન! હું તમને નમસ્કાર કરૂં છું.

એ પ્રકારે શયનાર્તિ કરતાં વિનય પ્રકટ કરી, અતિ દીનતાથી, શ્રીપ્રભુને હૃદયમાં ધારણ કરે છે.

તેમજ ઉપર પ્રમાણે ભાવનો વિચાર કરવો. પુષ્ટિમાર્ગીયભકતનું અધિકકર્તવ્ય એજ છે કે—જેમ નદીઓ સમુદ્રને મળવા અતિ ઉમંગથી દોડે છે. તેમ ભકતે, પોતાનો પ્રેમપ્રવાહ શ્રીકૃષ્ણરૂપસમુદ્રનું પરમસુખ લેવા ઉત્કટ આતુરતાવડે, મનસાવાચા અને કર્મણાથી દોડવવો જોઇયે; અને તેમને મળી સ્વરૂપ સૌંદર્યનું સુખ લેવું જોઇયે. માટે ભકતે પોતાના સ્વામી શ્રીકૃષ્ણના સુખની અપેક્ષા કરી; તેમને વિષે ભક્તિભાવ વધારી, લોક અને વેદના ભયને ત્યજી દઇ, સમગ્ર ખટપટોથી બચી જઇ; પોતાના સેવનીય ભાવાત્મકપ્રભુ સ્વરૂપમાં વિરહતાપ કરી, અહોરાત્ર નિર્ગમન કરવુંજ ઉચિત છે. એમ શ્રીવિઠ્ઠલેશપ્રભુ શ્રીગોપાલદાસજીદ્વારા આજ્ઞા કરે છે.

તો હવે સેવનીય સ્વરૂપ વિષે સંયોગ વિયોગ જનિતતાપ પ્રકટ કરી બતાવનારા **શ્રી વિઠ્ઠલેશનું** સંસ્મરણ હમેશાં કરવું એજ જીવનું કર્તવ્ય છે. કારણ કે:—રસાત્મક શ્રી કૃષ્ણાનનરૂપ શ્રી વલ્લભાચાર્ય પ્રકટિત અનુગ્રહ માર્ગના ગૂઢાશય પ્રકાશક શ્રી વિઠ્ઠલેશ પ્રભુ ચરણનું અન્યમતાચાર્યોની માફક વિભૂતિ કે અંશ કલાદિ રૂપે પ્રાકટય નથી. પરંતુ સાક્ષાત્ પૂર્ણાવતાર શ્રી કૃષ્ણનું જ પ્રાકટય છે. છતાં પોતે પોતાના ભક્તિમાર્ગનો

પ્રચાર કરવા જીવોને આરાર્તિકનું અનુકરણ ઉપર પ્રમાણે કરી બતાવે છે, તેથી જીવો પર તેઓશ્રીએ પરમોપકાર કરેલો છે. જુઓ પૂર્વે શ્રી કૃષ્ણ પરમાત્માએ પણ શ્રી ગોવર્ધનપૂજન કરી, ભક્તિમાર્ગનો આચાર બતાવ્યો છે. માટે એ શ્રીવિઠ્ઠલેશ: પ્રભુનો પરમ ઉપકાર કહો? કે કૃપા કહો? તેના બદલામાં આપણે જીવોએ તેઓશ્રીનું સંસ્મરણ કરવું અને પોતાનાં દુરિત દૂર કરવાં એ જીવનું પરમ કર્તવ્ય છે. એમ શ્રી ગોપાલદાસજી મૂલકારિકામાં સૂચવે છે.

આરાર્તિકના ભાવ વિચારમાંજ પૂર્ણ તાપાત્મક પુષ્ટિ પ્રભુ બિરાજે છે.

પૂર્ણ તાપાત્મા પુષ્ટિ શ્રી પ્રભુ,
તન મન તપ્યા વિણ પ્રાપ્ત નથી,
પુજા માર્ગની અહી નથી સેવા,
ઉત્કટ સ્નેહના વિકટ કથી. ૧

પ્રેમ પરાકાષ્ઠા પન્ન વ્યાપે,
પ્રેમાત્મક પ્રભુ પ્રકટે આપ;
માગે ભક્તથી વિધવિધ રીતે,
અનંત જન્મના ટાળે તાપ. ૨

પ્રેમ રસાવિષ્ટ શુદ્ધ પ્રેમાળા,
અતિ વિલક્ષણ સેવક સર્વ;
પરમ રસાત્મક રૂપના રસધર,
પ્રેમ દૈન્યભર જરા ન ગર્વ. ૩

શ્રી યશોદા ઉત્સંગ લાડીલો,
દ્વાદશ નિકંજ નાયક નાથ,
રસથી રસદે તદ્દન તપાવી,
લાયક કરીને રાખે સાથ. ૪

પ્રેમીનો પ્રભુ થાય પરાધિન,
અખિલ ભૂવનનો અધિપ આપ
વદે વ્યાસ માતરનો વાશી,
ભીડી ભેટી પ્રભુ કરે પ્રલાપ. ૫

શ્રી ગોપીજન વલ્લભ

ગોપ શ્રીમંતિની હૃદય પ્રદેશી,
ગોપી વલ્લભ કૃષ્ણ કૃપાલ
પૂર્ણ રૂપ પૂર્ણ પુરૂષોત્તમ,
વલ્લભી સર્વનો દીન દયાળ. ૧

વેણુ ગીતે સાક્ષાત અનુભવ
વ્રજાંગના ને કરાવના ર;
શ્રીવલ્લભનો પ્રીતમ પ્યારો,
યશોદા નંદન નંદકુમાર. ૨

અનંત સ્વામિની રૂપે રાજતા,
ભાવ રસિક મહા રસ રૂપ;
પુષ્ટિ પથ પતિ વરણ વિનાના,
નવ જાણે કો હરિ હર ભૂપ. ૩

વલ્લભી વંશથી બ્રહ્મનો સંબંધ,
પામ્યા વિણ પરબ્રહ્મ નથી;
વાંચી વિચારી વલ્લભી વ્યાસે,
ગુરૂ કૃપાથી વાત કથી. ૪

તેઓશ્રીની આરાર્તિકના ભાવ ઉપરથી એવો હેતુ સમજવાનો છે કે:—ઉપાસના વિગેરે માર્ગની માફક પાંચ સાત પ્રજ્વલિત બાતીઓના આંટા ફેરવ્યાથીજ આરાર્તિકની સફળતા પ્રાપ્ત થતી નથી.

માટે આરાર્તિક ઉપરથી ખાસ સમજવાનું છે કે—ભાવાત્મક રસપૂર્ણ સ્વરૂપની સેવાથી થયેલી સુન્દરતાને આરાર્તિક ઉતારતાં, જેમ લોહને ચુંબક પકડી આધિન કરી લે છે; તેમ ભકતજનોએ પોતાના ભાવરૂપી ચુંબક વડે સિંહાસન ઉપરથી શ્રી પ્રભુ સ્વરૂપને આકર્ષી લઈ; નયનરૂપી દ્વારે થઈ હૃદય મન્દિરના મનોહર ભાગમાં પધરાવી લેવા. અને સંયોગ વિયોગાનન્દમાં તરબોળ થઈ, નયનકપાટ બન્ધ કરવું. એ પ્રમાણે શ્રી પ્રભુ સ્વરૂપની આરાર્તિકનો ભાવ, જીવોને માટે શ્રી વિઠ્ઠલેશ પ્રભુએ પ્રકટ કર્યો છે.

“ હવે શ્રીમદ્વલ્લભનન્દન આરાર્તિક કરતાં; શ્રી પ્રભુ સ્વરૂપને નિહાળી; સર્વાંગે ગદ્ગદિત થાય છે; તેમ કરવાનો તેઓશ્રીનો એજ હેતુ છે કે:—પોતાના શ્રીઅંગમાંથી, આવિર્ભૂત થયેલા, અને અનન્ત પરિવત્સર અપરિમિત કાલે કરી; પોતાનાથી ભિન્ન થયેલા, અનન્તલીલા સૃષ્ટિસ્થ જીવો આ ભૂતલપર આવી, અનેક માર્ગમાં પ્રવૃત્તિ પામવાથી સ્વરૂપજ્ઞાન શૂન્ય થઈ, કિલશ્યમાન થયેલા હોવાથી; અને રસવિશિષ્ટ આનન્દાત્મક પ્રભુસ્વરૂપની પ્રાપ્તિ. એજ પરમ ફલરૂપ છે, એવું ઉત્તમ સૂત્ર ભલી ગયેલા જીવોને જોઈ; તેમનો ઉદ્ધાર કરવા, આપશ્રીએ સ્વયંસેવક ભાવ સ્વિકારી,

સેવાનું સ્વરૂપ પ્રકટ કરી બતાવ્યું છે. બાકી ખાસ પોતે સેવક; અને સેવ્ય સ્વરૂપ, ઉભય એક જ રૂપ છે. તેમ આગળ નિરૂપણ કરે છે.

મૂ૦ રુપ બેઉ એક તે ભિન્ન થઈ વિસ્તરે,
વિવિધ લીલા કરે ભજનસાર;
વિવિધ વચનાવલી નેંન સેને કરી,
સંજ્ઞા સૂચવે નિશિ વિહાર ॥૬૧॥

શબ્દાર્થ—શ્રીમદ્ગોવર્ધનોદ્ધરણ પોતેજ ભજનાનુસાર માર્ગની ભાવાત્મકલીલા પ્રકટ કરવા માટે, પોતે એક જ છે, તથાપિ શ્રીવિઠ્ઠલેશસ્વરૂપે ભિન્ન થઈ, વિવિધભાવ વિશિષ્ટાત્મક લીલાઓ કરે છે. અને રાત્રિના ગુપ્ત વિહારની ગાથાઓને, બન્ને સ્વરૂપ પોતાના કટાક્ષની સમશ્યાદ્વારા અને વાણીના વિનોદદ્વારા પ્રકટ કરી બતાવે છે. ૬૦

વિવેચન—શ્રીપ્રભુ પોતેજ પોતાના વિવિધ પ્રકારના રમણને પ્રકટ કરવા દ્વિજવરરૂપ શ્રીવિઠ્ઠલેશસ્વરૂપે શ્રીકૃષ્ણની સેવા કરે છે, અને જીવોને તે પ્રમાણે ભજનના સારરૂપ પ્રભૂસેવા શીખવે છે. તેમજ ભાવાત્મક શ્રીકૃષ્ણ પરમાત્મા ઉપર, મન વાણી અને કર્મથી જીવોને પ્રેમભાવ કરાવે છે.

જો આપશ્રી પોતે જ કૃપા કરી, જીવપર એવી દયા ન વિચારે તો, સ્વભાવથી દુષ્ટ જીવ, પોતાની મેળે કંઈજ કરી શકે તેમ નથી.

આ પરમ અલૌકિક મહાગહન વિષય છે. તેને શ્રીવિઠ્ઠલેશપ્રભુનો કૃપાપ્રસાદ પામેલા દિવ્યહૃદયવાળાઓ જ જાણી શકે છે.

શ્રીપ્રભુ વિષે સ્વામીભાવ સાધનોથી પ્રકટ થતો નથી. પરન્તુ જ્યારે શ્રીપ્રભુ પોતે જ પ્રમેયબલથી પ્રેમભાવનું દાન કરે છે, ત્યારે જ ઉદય થાય છે. માટે શ્રીવિઠ્ઠલેશપ્રભુએ શ્રીકૃષ્ણ અને સ્વામિનીજી આદિ સખીજનોના રમણનો ગૂઢભાવ પ્રકટ કરેલો છે. તેમાં પૂર્ણપીતિ કરવાથી શ્રીપ્રભુ પ્રસન્ન થાય છે.

તેથી વિઠ્ઠલેશશ્રીપ્રભુના આશ્રયમાં રહી, તેઓશ્રીએ પ્રકટ કરેલી સેવાવિધિને જીવ અનુસરે તો, આપશ્રી તે જીવોને જોઈએ તેવા ભાવનું દાન કરે છે. અને ભાવનું દાન થવાથી, ભાવાત્મક સ્વરૂપાનન્દરસને અનુભવતાં પુષ્ટિમાર્ગના પરમફલની પ્રાપ્તિ થાય છે.

શ્રીપ્રભુપર પતિભાવ પ્રકટ કરવા, અને તેમનું સંયોગ વિયોગાત્મક સુખ લેવા; ભાવાત્મક રસાત્મક અને સતત વિરહતાપનિશિષ્ટાત્મક પુષ્ટિમાર્ગનું નિરૂપણ શ્રીમદાચાર્યે કરેલું છે. તેને અનુસરી જીવે વારંવાર પ્રભુદર્શનની, ઉત્કટ વિરહાર્તતા કરવી. વિરહાર્તતા એ જ આ માર્ગમાં કલ્યાણકારી સાધન છે.

ગોપીજનો પણ પુર્ણવિરહાવસ્થાથી પ્રભુને પ્રાપ્ત કરી શકયાં છે–મહાનુભાવી શ્રીહરિરાયજી વિરહાવસ્થાનું વર્ણન કરે છે કે:—

વિપિને વિપિને વૃક્ષ-તાદ્રિષુ વિશેષતઃ ।
પરિભ્રમતી વિરહે વિકલા ગોપબાલિકા ।।
વિસ્રસ્તવસના શુષ્કરસના રસનાયિકા ।
વિકીર્ણકેશા સદ્વેષા નાથનાથેતિ વાદિની ।।

(શ્રીમદ્પ્રભોશ્ચિંતનપ્રકારઃ)

અર્થાત્—વિરહમાં આકુલવ્યાકુલ થયેલી ગોપબાલિકાઓ વનેવને અને વૃક્ષલતાઓમાં ભમે છે–તે વખતે અંગવસ્ત્ર પણ ખસી ગયું છે.–જીભ સુકાઇ ગઇ છે. માથાના વાળ વિખરાઈ ગયા છે. આવી સ્થિતિમાં આવેલાં રસનાયકા–ગોપીજનો હે નાથ! હે નાથ!! એ પ્રમાણે વારંવાર ઉચ્ચાર કરવા લાગ્યાં. આવા વિરહવિકલ ગોપીજનોને સાક્ષાત્પ્રભુ પ્રકટ થઇ લીલામૃતનું પાન કરાવ્યું.

માટે જ વિરહજનિત ભાવનાઓને શ્રીવિઠ્ઠલેશજી અધિક વિસ્તારે છે. તે દ્વારા શુધ્ધપ્રેમની પિયપ્રભુમાં; સંયોગ વિયોગાત્મકભાવનાની વ્યાકુળતા, રસપ્લુત હૃદયના વિસ્તૃત પ્રદેશમાં એટલી બધી છવાઈ જાય છે કે–તેનું નિરૂપણ કરવા, અત્યાર સુધી કોઇની કલમ ચાલી શકી નથી. તથાપિ તેને મહાનુભાવીઓ અનુભવથી જ જાણે છે. હે અન્તઃકરણ! તારે શુદ્ધવિરહાવસ્થાનું વર્ણન પરમફલરૂપ જાણવું. અને તેનું સ્વારસ્ય હૃદયારૂઢ કરી, ફલરૂપ વિપ્રયોગને અનુભવી, દૈન્યભાવપુર્વક, પુષ્ટિમાર્ગિયમુક્તિના સ્વરૂપનો પરિચય કરવો; અને તેણે કરી, હૃદયમાથી પ્રાકૃત-

કામવાસનાઓ નિર્મૂળ થઇ, અલૌકિક કામાંકુરો પ્રકટી, ઉકતલીલા પ્રાપ્ત થશે. શ્રીયુગલસ્વરૂપે નિશવિહાર કહેતાં રાત્રિમાં શ્રીસ્વામિનીજી આદિ સખીઓ સાથેમળી પ્રભુથી રમણ કરે છે. એ લીલાવિષે ચંદ્રાવલ્યાદિ સખીઓનો મુખ્ય ભાગ છે, તેઓની સલાહ મુખ્યત્વે કરી લેવાય છે. અને શ્રીવિઠ્ઠલેશ પ્રભુ પોતે લીલાસૃષ્ટિમાં ચંદ્રાવલીજીના સ્વરૂપે પણ થયા છે, તેમજ રાત્રિએ આપશ્રી ચંદ્રાવલીસ્વરૂપે સંકેત કરી ગોપીજનોને પોતાના મન્દિરે પધારવાનું સૂચવે છે. તે પ્રમાણે શ્રીપ્રભુ અનેક મિષથી ત્યાં પધારે છે. અને અનેક રસલીલા કરે છે. ત્યારબાદ સંકેત સ્થાનથી પાછા ગૃહગમન કરે છે ત્યારે મંગલાસમયે ગવાતાં ખંડિતા વિગેરે પદમાં બતાવ્યા મુજબ, પોતાની રહસ્યલીલા વિવિધ વચનવડે ગોપન કરે છે. તેમ કરી એક બીજા ભકતોના સંકેત ગુપ્ત રાખે છે. એમ અપરસખીના સંકેતસ્થાનમાં પ્રભુ પધારે છે ત્યારે; શ્રીસ્વામિનીજી પોતે વિરહ ધારણ કરે છે. અને અગાધ સ્નેહનું સંસ્મરણ પુનઃ પુનઃ કરી, વિરહાગ્નિની જ્વાળાથી બળાતાં સુકાઈ જાયછે. શ્રીપ્રાણપતિશ્રીની વિયુક્ત વિયોગ અવસ્થામાં સર્વ લીલા વિશિષ્ટ પ્રિયસંગમનું ધ્યાન કરીને, માનસિક વ્યથા સમર્પનાર, શોકાશ્રુને દૂર કરવા; પ્રભુ સંબંધી જે જે જલ્પના શ્રી પ્રિયાજી કરે છે; તે શૃંગારરસમંડનાદિક રસગૂઢ ભાવાત્મક શ્રીમદાચાર્યજીના સાંપ્રદાયિક ગ્રન્થોમાં સારી રીતે વર્ણન કરેલું છે. અત્ર વિશેષ જોઇએ તો, શ્રીમદ્વલ્લભાચાર્યચરણ વિરચિત કૃષ્ણ પ્રેમામૃત ગ્રન્થ જ બસ છે. તે ગ્રન્થમાં શ્રીમદા-

ચાર્યે શ્રી રાધિકાજીને પ્રિય શ્રીકૃષ્ણથી થયેલો વિપ્રયોગજ વર્ણવેલો છે.

એકદા કૃષ્ણ વિરહાદ્ધ્યાયન્તી પ્રિયસઙ્ગમમ્।
મનોઽાપ નિરાસાય જલ્પન્તીદં મુહુર્મુહુઃ ॥ ૧ ॥

અર્થાત્— જ્યારે શ્રીકૃષ્ણ અન્ય ગોપિકાઓના નિકુંજમાં બિરાજ્યા હતા, ત્યારે શ્રી રાધિકાજીને, અત્યન્ત વિરહ થવાથી, હૃદય ભરાઇ આવ્યું; તે હૃદયના તાપને દૂર કરવાને માટે, શ્રીકૃષ્ણ પ્રેમામૃતમાં લખેલા નામનું સ્મરણ કરવા લાગ્યાં.

નિઃસીમ પ્રેમની પરીક્ષા વિરહાવસ્થામાંજ થાય છે. અને આ—સ્નેહ માર્ગ—પુષ્ટિ માર્ગ કહો કે ભકિતમાર્ગ કહો ? તેમાં નિરૂપધિ પ્રેમ શિવાય અન્ય સાધનની અપેક્ષા જ નથી.

નિરૂપધિ પ્રેમનું સ્વરૂપ કેવું છે ?

અહહ પ્રિયસંગેન વિના કથમહં ક્ષણં જીવિષ્યે,
વલ્લવીવૃન્દ વલ્લભસ્ય વિયોગતઃ

(સ્વપ્નદર્શનમ્)

અરેરે ! પ્રિય પ્રાણપતિ શ્રીકૃષ્ણના સંગમ વિના ક્ષણવાર પણ કેવી રીતે જીવી શકીશ ? ગોપીવૃન્દના વહાલા પ્રભુના વિયોગથી પળ પણ કેમ રહી શકાશે ?

ઇતિ ચિન્તાસન્તાના બુદ્ધેઃ પારંગતા ગોપ્યઃ।

આવી ચિન્તાને વારંવાર કરતાં ગોપીજનો બુદ્ધિને પારંગત થઇ ગયાં.

ખરો વિશુદ્ધ નિરૂપધિપ્રેમ કોઇપણ અવસ્થામાં અસ્ખલિત થતો નથીજ. ખરા પ્રેમના ઉન્માદમાં સંકોચ, લજ્જા, ભય, વગેરે કંઈ રહેતું નથી. આવી અવસ્થા પ્રાપ્ત થતાં જ શ્રીકૃષ્ણ પ્રેમામૃતનો અનુભવ થાય છે. અને શ્રીપ્રભુની સકલ લીલાઓ હૃદયમાં પ્રકટે છે.

આ વિશ્વમાં નિરૂપધિ નિઃસીમ અખંડ પ્રેમ; વ્રજ-સીમંતિનીઓ અને તેમાં પણ મુખ્યત્વે કરી, શ્રીસ્વામિની-જીમાંજ ઉદ્ભવ્યો છે. તેવો શુદ્ધ પ્રેમ જો કોઇ ભગવદ્દીય ધારે તો પ્રભુ કૃપાથી પ્રકટાવી શકે અને તુરત ભાગ્યશાળી થઈ જાય. માટે જ શ્રીમદાચાર્ય આજ્ઞા કરે છે કે:—શ્રીસ્વા-મિનીજીના ચરણકમલની રજમાં 'હું' કયારે જન્મુ? શ્રીસ્વામિનીજી પ્રાણપ્રિયતમના રૂપની વિશેષ ભાવના કરનારાં છે. વળી સ્વકીય પ્રિયતમના સ્વરૂપાન્તરમાં વિરહ કલેશ ધારણ કરનારાં છે. આ વિરહ ભાવનું ભૂષણ કેવળ વિરહા-વસ્થા છે. એ શૃંગારરસ બે પ્રકારનો છે. પ્રથમ સંયોગાત્મક અને બીજો વિયોગાત્મક છે. જ્યારે શ્રીપ્રભુ શ્રીપ્રિયાજીના નિકુંજમાં બિરાજી લીલા કરે છે ત્યારે; સંયોગાત્મકરસ કહેવાય છે. અને જયારે, પોતે અપરસખીઓના મન્દિરે પધારે છે, ત્યારે શ્રીસ્વામિનીજીને થતો વિરહ, તેને વિપ્ર-યોગાત્મકવિરહ કહેવાય છે. તે વિરહમાં **હા નાથ! રમણ! પ્રેષ્ઠ? કવાસિ? હે નાથ! હે રમણ! જુઓ? આપ કયાં છો? કયાં છો?** એવી રીતે રસાત્મકપ્રભુના સંગમ માટે અહર્નિશ સ્વતઃ તાપકલેશ કર્યા કરે છે. અને દેહાનુસંધાન ન રહેતાં

વૈકલ્યને પ્રાપ્ત થાય છે. એટલું જ નહિ પણ અસ્વાસ્થ્ય-પણામાં સ્થિતિ કરે છે આવી વિયુકત અવસ્થામાં શૃંગાર રસાત્મક અવલંબન વિભવરૂપ શ્રીસ્વામિનીજીની પૂર્ણવ્યાકુળ દશામાં **રસો વૈ સઃ** એવા પૂર્ણપુરૂષોત્તમ પ્રાપ્ત થશે એવી આશાના આધારે, પ્રાણાદિ સર્વભાવો સ્થિત રહે છે. તેમજ પ્રિયતમના વિરહમાં સ્વપ્રાણેશનું સ્વરૂપ લલિતાદિ સખીદ્વારા સંસ્મરણ કરીને હૃદયમાં ધૈર્ય ધારણ કરે છે.

(શ્રીપ્રભોશ્ચિન્તનપ્રકારઃ)

નિત્યલીલાશ્રયા નિત્યં રતિસેવનતત્પરા ।
પરમાર્દ્રતમપ્રેમકિલન્નહૃત્પંકજાદરા ॥૯॥
ભાવનીયા નિત્યમેવં ભૂતામત્સ્વામિની હરેઃ ।
તદેકહૃદયસ્થાયીતદ્ભાવઃ કૃષ્ણ એવ હિ ॥૧૦॥

હંમેશાં ભગવાનની લીલાનો આશ્રય કરતાં અને હંમેશાં સ્થાયિભાવાત્મક રતિનું સેવન કરવામાં તત્પર, પ્રભુના બહુજ પ્રેમથી ભીંજાયલા હૃદયકમળવાળાં શ્રીસ્વામિનીજી છે. તેમના હૃદયમાં જે સ્થાયી ભાવાત્મક નિરંતર રહેનારો ભાવ છે તેજ શ્રીકૃષ્ણ છે

વળી શ્રીમદ્વલ્લભાચાર્યે શૃંગારસનામકગ્રન્થમાં ઉપરના ભાવને ઘણોજ સ્ફુટ કર્યો છે. હે અન્તઃકરણ! જરૂર તારે શ્રીસ્વામિનીજીના વિરહની ભાવના રાત્રિ દિવસ કરવી. તે વડે તારા હૃદયમાં જોઇયે તેવી ભાવ સ્થિતિ થશે. અને પ્રેમવશપ્રિયતમ, પ્રિયાજીના ભાવની ભાવના કરવાવડે

પોતાના સ્વરૂપનો સર્વ અનુભવ કરાવશે એ સર્વોપરિ સિદ્ધાન્ત મુખ પાઠ કરી અમલમાં મુકવોજ અત્યુત્તમ છે. ૧૧

"હવે આગળ જે પ્રમાણે શ્રીવિઠ્ઠલેશપ્રભુ મંગળાથી લઇ શ્રીપ્રભુનું સેવન કરે છે તેનું સ્વલ્પ વર્ણન કરી; પ્રભુ એક સ્વરૂપ છતાં લીલાઓ ન્યારી ન્યારી હોવાથી, થતો ભ્રમ નિવારણ કરી; પરમ ભાગ્યશાળી ગોપીજનોના યુગલ સ્વરૂપની રહસ્ય લીલાનું દર્શન કરી, ભકતો ચિત્રવત્ થઈ જાય છે, ને અને પ્રભુ ભકતવત્સલ હોવાથી પોતાનું વચન પાળી પ્રકટ દર્શન આપી આનન્દ પમાડે છે, તે વર્ણવે છે."

મૂ૦ રત્ન મુક્તાવલી પાટસૂત્રેકરી,
ગલસરી શોભિતા કરે શૃંગાર;
વિવિધ કુસુમાવલિ ગ્રથિત હાથે કરી,
એક એકને કંઠે આરોપે હાર. ॥૧૨॥

વિવિધ મેવા ભોગ મધુર મિષ્ટાન્ન રસ,
ધસમસ્યા અર્પે તે બહુ પ્રકાર;
વિવિધ બીડાં સુગન્ધ કર્પૂર એલચી,
લવંગ પૂંગી અને ખેરસાર. ॥૧૩॥

વ્યંજન શીતલ વાયુ મુકુર કરકમલ ધરી,
દેખાંડતાં મોહે સકલ સંસાર;

૧ એહ સેવા રસ પ્રકટ પોતે કરી,
નિજ સેવક તણી કીધી સાર. ॥૧૪॥
એ અહર્નિશ ધ્યાન શ્રીવિઠ્ઠલાધીશનું,
સકલ કલિમલ દૂરિત કોટિક્ષાલે;

શબ્દાર્થ—શ્રીમદ્ગોવર્ધનોદ્ધરણના શ્રીકંઠમાં શોભે તેવી, શ્રી વિઠ્ઠલેશે, રેશમના દોરે પરોવેલી રત્ન તથા મોતીની માલાઓ; અને પોતાના શ્રીહસ્તે ગુંથી સિદ્ધ કરેલી પુષ્પની માલાઓ, એક બીજાના (પરસ્પર) શ્રીકંઠમાં ધરાવે છે. ૧૨ તેમજ ઘણી જાતના સુકા તથા લીલામેવા, અને દુધ, ઘૃત; ખાંડ, વિગેરેની મધુર સામગ્રીઓ: સાથે આમ રસાદિ અઢારપ્રકારના રસાલ પાક પણ પ્રભુને પ્રેમપૂર્વક ઘણા આતુર ભાવે ધરાવે છે, અને ભોજન કર્યા બાદ, અનેક જાતના સુગન્ધી પદાર્થો; બરાસ, ઇલાયચી, લવંગ, સોપારી, કાથો વિગેરે મિશ્રિત બીડાં અરોગાવે છે. ૧૩

ત્યારબાદ ઋતુનેઅનુસાર શીતલ પંખા વિગેરે ઢોળી આખા વિશ્વને મોહિત કરનાર શ્રીવિઠ્ઠલેશનું સંસ્મરણ કરવાથી, કોટિ પ્રકારનાં સમગ્ર પાતક દૂર થાય છે. ૧૪

---

૧ એહ સેવારસ પ્રકટ પોતે કરી—આ કડી પાટણવાળાના વલ્લભાખ્યાનમાંથી લીધી છે તે જાણશો.

જીવણલાલજી તથા ધંધુકાવાળા તથા માતરવાળા તથા હરદાસ ઝવેરદાસવાળા વલ્લભાખ્યાનમાં આ કડી અડધી નથી.

વિવેચન—શ્રી પ્રભુનું પતિભાવથી સેવન કરતા શ્રી વિઠ્ઠલેશ; (ભક્તજનોને, પ્રભુમાં પતિભાવ સુદૃઢ કરવા) પોતે સર્વ શૃંગાર શ્રીહસ્તે તૈયાર કરે છે. અને શ્રી પ્રભુને અંગીકાર કરાવે છે. તેમજ ભક્તપ્રિયતા પ્રકટ કરવા માટે, શ્રીપ્રભુ પણ શ્રીવિઠ્ઠલેશજીને શૃંગાર અંગીકાર કરાવે છે. ૧૨

વળી વિવિધ પ્રકારની સામગ્રી, સુગન્ધી બીડાં વિગેરે સિદ્ધ કરી, શ્રી પ્રભુને અરોગાવે છે. ૧૩–૧૪.

ત્યારબાદ ઋતુ અનુસાર વાયુ વિગેરે ઢોળી પ્રાણપતિશ્રીના વિષે પ્રેમની વૃદ્ધિ કરે છે.

એ પ્રમાણે કર્તવ્ય કરી બતાવનાર શ્રીપ્રભુવદનાવતાર તનુજશ્રીવિઠ્ઠલેશના નામનું સંસ્મરણ, જીવનાં કોટિશઃ પાપને દૂર કરનારૂં છે. ૧૪

મૂ૦ એ પ્રભુ ભૂમિ પ્રકટ વિપ્રવર તનુધરી,
દીઠડે ત્રિભુવન તણાં ચિત્ત ચાલે; ॥૧૫॥
હાવભાવાદિક કોટિ કોટિ કરે,
મદન જ્વર વ્યથા તે વેગે ટાલે
જલરંધ્રે સખી જાણે ચિત્રે લખી,
વાંચ્છિતાં નાથની છબી નિહાળે; ॥૧૬॥
કમલ ખંજન મીન મધુપ જ્યાં ત્યાં થકી,
વક્ર લોચન પ્રાન્ત પાછા વાલે;

શબ્દાર્થ—દ્વિજવર અંગને ધારણ કરી પૃથ્વી ઉપર પ્રકટ થએલા શ્રીપ્રભુના દર્શન માત્રથી ત્રિભુવનના જનોનું

ચિત્ત ચળે છે. અને તેમની અનહદ કામચેષ્ટાઓનું દર્શન કરતાં, જીવના કામજ્વરનું કષ્ટ, દૂર થાય છે. ૧૫

સખી (ગોપીજન) પોતાના મનમાં વાંચ્છિત કરેલા સ્વામી શ્રીકૃષ્ણની છબીને નિકુંજના જાળીયામાંથી જોતાં ચિત્રમાં ચિત્રેલી હોય એમ જડ બની જાય છે. તે સખીઓ અને પ્રભુનાં નેત્ર કમળ પર ખંજનપક્ષી, મીન ભ્રમર જાણે ત્યાં ફરતા હોય ? તેમ જણાય છે. આ સખીઓના નેત્રને પ્રભુ કટાક્ષપૂર્વક જોઈ, જાણે ન જોયું હોય, એમ જણાવીને પોતાનાં નેત્રને પાછાં વાળી લે છે.

વિવેચન—નિષ્કામપ્રભુની કામચેષ્ટાઓનું દર્શન કરતાં કોના હૃદયનો કામજ્વર નાશ ન પામે? વળી ગોપીજનો સાથે રમણ કરતાં, પોતે અનેક કામ ચેષ્ટાઓ કરી, તેમના હૃદયના કામને દૂર કર્યો.

"કામાભાવેન પૂર્ણસ્તુ નિષ્કામઃ સ્યાત્ ન સંશયઃ"

ભગવાને પોતે નિષ્કામલીલા કરી, સોલ હજાર ઋષિઓના અને શ્રુતિઓના કામજ્વરોને દૂર કર્યા છે.

ભગવદ્દીઓ પણ ભગવાનમાં પોતાનો પ્રેમ જોડી; તેમની નિષ્કામલીલા હૃદયમાં ધારણ કરી; પોતે નિષ્કામ બન્યા છે. હવે ટુંકામાં શ્રીસુબોધિનીજી વિગેરેથી શ્રીમદ્વલ્લભ વચનાનુસાર કહીએ તો—

ભગવચ્ચરિતં સર્વં યતઃ નિષ્કામ મુચ્યતે।

ભગવાનનું સમગ્ર ચારિત્ર નિષ્કામ છે. તે નિષ્કામ ચારિત્રવાન પોતે જ દ્વિજવરવપુ શ્રીવિઠ્ઠલસ્વરૂપ ધારણ

કરી, ભૂતલપર પોતે નિષ્કામ ચારિત્ર કરે છે. તેનું જો દર્શન કરવામાં આવે તો તુરત નિષ્કામ થવાય, તેમાં જરા પણ સંશય નથી. ૧૫

—આ ૧૬ મી કારિકામાં ત્રણ લાભ સમાયલા છે.

૧ શ્રીકુંજવિહારી કૃષ્ણના નયનકમલની રસિકતા આપણા હૃદયમાં સ્થિર થાય છે.

૨ ગોપીજનો પોતાના નિઃસીમભાવથી ભગવદ્વિયોગ સહન કરી શકતાં નથી. તે વિપ્રયોગનું અનુકરણ કરી પ્રભુનો વિરહ કરવા માટે શ્રીગોપાલદાસજી ભાન કરાવે છે.

૩ પ્રભુના દર્શનથી ભકતના શરીરની ગદ્‌ગદ સ્થિતિ કેવી થઈ જાય છે? તે અનુભવ પ્રાપ્ત થાય છે.

હવે પ્રથમ નેત્રનો વિચાર કરતાં, ભગવાનના નેત્રને ચતુર્વિધ પ્રકારે ઉપમા આપી વર્ણવ્યાં છે.

૧ કમલ, ૨ ખંજન, ૩ મીન, ૪ મધુપ; એમ ચારેની ઉપમા આપી છે.

૧—કમલમાં લાલશ, આમોદ, અને શીતલતાના ગુણ રહેલા છે. તેવી રીતે ભગવાનના નેત્રમાં ગુણ છે. અન્યાસકત થયેલા દૈવીજનોને અન્યાસકિત છોડાવી પોતામાં જોડવારૂપી ગુણ પ્રભુમાં છે, તેથી તેમનું નેત્ર આરકત છે. ૧

શરણે આવેલા ભકતોને અત્યન્ત આમોદ (હર્ષ) આપવારૂપી ગુણ પ્રભુના નેત્રમાં રહેલો છે. તેથી તેમના નયનમાં આમોદ (સુગન્ધી) છે. ૨

વિરહતપ્ત થયેલા દૈવીજનો પ્રભુના શીતલ નેત્રનાં દર્શન

કરી, વિરહથી તપી ગયેલા હૃદયને શીતલ કરે છે. એવો શીતલગુણ પ્રભુના નેત્રમાં રહેલો છે. ૩

૨—હવે ખંજનની ઉપમા આપી એમ સૂચવે છે કે:- ખંજન પક્ષી ચપળ અને સુન્દર હોય છે. તેવી રીતે પ્રભુનાં નેત્ર ચપળ અને સુન્દર છે.

૩—મીનની ઉપમા આપી એમ સૂચવે છે કે:—ચપળતામાં મીન ઘણુંજ અગ્રગણ્ય છે. તેવી રીતે ભગવાનના નેત્રની સમાન કોઇ ચપળ જ નથી.

૪—મધુપ જેમ અનેક રસવાળા પદાર્થોનું પાન કરી એક પદાર્થનો રસ લઇ બીજે જાય અને બીજેથી ત્રીજે જાય તેમ; પ્રભુનું નેત્ર મધુપ અનેક ગોપીજનના હૃદયમાં રહેલા મધુર પ્રેમરસને ચુસતું અનેક નિકુંજોમાં ડોલે છે. એવો પરકીયરસ લેવાનો મધુપનો ગુણ પ્રભુના નેત્રમાં છે.

હવે જ્યારે યુગલકિશોર નિકુંજમાં લીલા કરે છે ત્યારે; નિકુંજનાં છિદ્રોમાં રહ્યાં ગોપીજન ગુપ્ત રીતે દર્શન કરે છે. અને દર્શન કરતાં ત્યાં ને ત્યાંજ ચિત્રની માફક જડ જેવાં થઈ દેહાનુસંધાન ભૂલી જાય છે. એ પ્રમાણે ભાન ભુલતાં ગોપીજનો, જાણે નહિ તેમ, પ્રભુ: નિકુંજમાં રહ્યા તેમની ચેષ્ટા નિહાળે છે.

(હવે દર્શનાતુર વિરહસંતપ્ત ગોપીજનને દર્શન આપવા નિકુંજની બહાર પધારી, તેમના ત્રિવિધ પ્રકારના હૃદયના તાપને દૂર કરવારૂપી વચનનું પાલન કરે છે. એમ આગળ વર્ણવે છે.)

મૂલ૦ દાસનો દાસ ભણે સકલ સજ્જન સુણે,
શ્રીવિઠુલ આપનું બિરદ પાલે ॥ ૧૭ ॥

શબ્દાર્થ—પ્રથમ ભગવાને આપેલાં વચન; નિઃસાધન-જનોદ્ધારક શ્રી વિઠ્ઠલેશ સ્વરૂપે પ્રકટ થઈ પાળે છે. વિશેષમાં દાસ જે ભાઈલા કોઠારી તેનો દાસ હું ગોપાલદાસ કહું છું અને બધા સજ્જનો સાંભળે છે; કે તેમના ભકત અણુમાત્ર અપ્રમાણિક નથી. તેઓને ભકત જે કહેવા ઇચ્છે તે સ્પષ્ટ કહિ દે છે. કે શ્રી ગોસાંઈજી પોતાનું વચન–પ્રતિજ્ઞા તેનું પાલન કરે છે.

વિવેચન—આ કડીમાં દાસના દાસ તરીકેનો ભાવ પ્રકટ બતાવે છે, તે બરાબર છે. ભગવદ્ ભકતના દાસ થવાથી જ ભગવાન પ્રસન્ન થાય છે. એમ શ્રીમદ્ભાગવતાદિ પાડવગીતાદિ અનેક ઠેકાણે આજ્ઞા કરી છે.

દાસાનુદાસો ભવિતાસ્મિ ભૂયઃ ।
ત્વદ્ભૃત્ય ભૃત્ય પરિચારક ॥
ભૃત્ય ભૃત્ય ભૃત્યસ્ય ।
ભૃત્ય ઇતિ મામવ લોક નાથ૦ ॥

હવે પાછળ કહિ ગયા મુજબ આનન્દમયપ્રભુનો વિપ્રયોગ નહિ સહન કરી શકાતાં ચિત્રવત્ જડ સ્થિતિએ પહોંચી જતાં ભકતોને જીવાડી. જો પ્રભુ પોતેજ વચનનું પાલન કરી, આનન્દનું પૂર્ણ દાન કરે નહિ તો, બીજુ કોણ કરે ? શ્રૂતિમાં આજ્ઞા કરે છે કે—

કો હ્યેવાન્યાત્ કઃ પ્રાણ્યાત્ યદેષ આકાશ આનન્દો ન સ્યાત્ એષ હ્યેવાનન્દયતિ

શ્રુતિદ્વારા પોતાનો આનન્દ આપવાની પ્રતિજ્ઞાને પ્રકટ કરે છે. વળી ભગવાન પોતે સત્યપ્રતિજ્ઞ હોવાથી, સતત પોતાનું વચન પાળે છે. એમ ગોપાલદાસજી જણાવતાં સૂચવે છે કે—બ્રહ્મસંબંધ લીધા પછી જીવને કોઇપણ પ્રકારની ચિન્તા કર્તવ્ય નથી. કારણ કે—

સત્યં સંકલ્પતો વિષ્ણુર્નાન્યથા તુ કરિષ્યતિ
આજ્ઞૈવ કાર્યા સતતં સ્વામિદ્રોહોઽન્યથા ભવેત્ ॥

અર્થાત્—ભગવાન સત્યપ્રતિજ્ઞ હોવાથી, કોઈ કાળે ફૂલ દેવામાં વિલંબ કરતા નથી. માટે ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તવું. બ્રહ્મ શ્રીકૃષ્ણની એજ પ્રતિજ્ઞા છે કે, બ્રહ્મ-સંબંધ લઈ મારે શરણે આવેલાનું મારે રક્ષણ કરવું. એમ ગીતાશાસ્ત્રમાં પણ કહે છે. મારે શરણે આવેલાને કોઈ પણ જાતનો ભય રહેતો નથી. ભગવાન પોતેજ જીવની સકલ ચિન્તા અને દુરિત દૂર કરવા શ્રીવિઠ્ઠલેશસ્વરૂપે પ્રકટ થઈ, પોતાનું સેવકપણું સ્વિકારી, જીવને શીખવાડે છે. અને પોતાનું મૂલ યુગલસ્વરૂપની લીલા પોતેજ ગોપાલદાસજી દ્વારા પ્રકટ કરે છે.

સિખઇ સેવા આપ કૃપા કરી, હુરિધરી વિઠુલ રૂપઃ।
કહિ સમમ આખ્યાન ફીર લીલા યુગલ સ્વરૂપ.
સપ્તમે વિઠુલેશાનાં સેવ્ય સેવકભાવતઃ ।
શિક્ષણં મૂલરૂપં ચ લીલાભિર્વિનિરૂપિતમ્॥

—શ્રી વલ્લભ પંચાસર—

ગોપીપતિ! હા હે કૃષ્ણાનન?
હે વિરહાનલ? કૃપા ની ધી;
સ્વાનંદ ભોગી અનંત અલૌકિક,
મમાચાર્ય તવ શરણે છું. ૧

મિત ભાષી કૃષ્ણાધર રસથી,
પરિપૂર્ણ શ્રી અંગ ભર્યું;
શ્રી ભાગવત રસ ભાવ રસાબ્ધિ,
વૈધાનર તવ શરણે છું. ૨

દિવ્ય રસરૂપ રસાત્મક રસની,
ભાવાર્તી સેવા દર્શક;
ક્ષિતિ મંડલે પ્રાપ્ત પાદ રૂહ,
દેવોદ્ધાર તવ શરણે છું. ૩

તદ્દિય જનનાં તત્ક્ષણ અઘહરિ,
કરૂણ દૃષ્ટિના કરનારા;
જીતાત્મા નિઃસાધન જનપતિ,
દીન દયાલ તવ શરણે છું. ૪

મધુરાનન હે દૃગાગ્ય મધુરતા,
કવિ કુલથી નવ વરણી જાય;
હા મધુશેષ્ટ સર્વાંગ મધુર,
સર્વજ્ઞ સદા તવ શરણે છું. ૫

રાત્ર દિન દૈન્ય પથ બોધક,
માત્ર દૈન્યથી પ્રસન્ન થતા;

જાણુ દીનતા પૂરણ હૃદયિ,
મહોદાર તવ શરણે છું. ૬

અંગીકાર જનના અપરાધો,
પરિહાર કર એો સમરથ!
બાંહ્ય ગહ્યાની લાજના રક્ષક,
વેદ પારગ તવ શરણે છું. ૭

ભક્ત સમગ્રે સેવ્યા કમલ પદ,
અદ્વય ફલદા લક્ષ્મણ નંદ;
વ્યાસ વર્યો સર્વાત્મ ભાવથી,
અખિલ અઘહર તવ શરણે છું. ૮

'મારા સ્વપ્નમાં...'

[આવો આવોને નંદના લાલ માખણ ખાવાને—એ રાહ]

મેં જોયા શ્રીજમુના ઘાટ, શ્યામ મારા સ્વપ્નામાં. (ટેક)
છૂટી વેણી શિર મુકુટ બિરાજે, મુરલી મનોહર હાથ રે,
ગોપીવૃંદમાં ઘેલા થઈ ઘૂમતા, રમે રાધાસંગ રાસ....શ્યામ. ૧
પીળું પીતાંબર ખેંચ્યું સોહામણું, કટિ કંદોરડો ઢળતો રે,
ઘનક નાચતાં ઘૂઘરા ઘમકે, મુરલી-તાન સુર મળતો....શ્યામ. ૨
આતુર અંતર ઝાલ્યું ઝલાય ના, તાલાવેલી તન ભારી રે,
ઘેલછા વ્યાપી ઘૂમવા લાગી, દીધી ત્રિકમજીએ તાળી....શ્યામ. ૩
ઝબકી જાગી ઝુરતી ઝાઝું, ઝળહળે વિરહી આગ રે,
સ્વપ્ને પામી 'વ્યાસ-સ્વામિની' સુંદર શ્યામ-સુહાગ....શ્યામ. ૪

— 'વ્યાસપત્ની' (ગો. વા. રાધાબહેન)

ઇતિ શ્રી સપ્તમાખ્યાન સમ્પૂર્ણમ્

અથશ્રીઅષ્ટમાખ્યાનમ્ પ્રારભ્યતે

"પરબ્રહ્મ પુરૂષોત્તમ દ્વિજવરાવતાર શ્રીમદ્વિઠ્ઠલેશપ્રભુ-ચરણ; આ ભૂતલ પર પ્રકટ થઇ, ભક્તિમાર્ગપ્રદીપ પ્રકટ કર્યો. અને માયાવાદીઆદિ અન્ધકારો અસેડયા. વળી કોટિકન્દર્પ લાવણ્ય મદનમોહન સ્વરૂપ ધારણ કરી; અસુર લોકોની દૃષ્ટિને અંજાવી દીધી. તેમ પોતાનું પ્રમેયબલ પ્રકટ કરી, પતિતપાવન પ્રભુએ પાપમાં પડેલા પ્રાણીઓનો ઉદ્ધાર કર્યો. અને પોતાની કૃપારૂપી કલ્પવૃક્ષની છાયા નીચે દૈવીજનોને રાખી, આનન્દ પમાડયા છે. તે સર્વ લીલા શ્રીગોપાલદાસજી અષ્ટમાખ્યાનમાં વર્ણવે છે."

—રાગ ધન્યાશ્રી—

મૂ૦ ललित मनोहर श्रीवल्लभ सुवन सुजाण,
नख शिख सुन्दर व्रजजन जीवन प्राण. ।१।
वदन कान्ति जाणे उदया कोटिक भाण
द्विज कुल मंडन प्रकटया पुरुष प्रमाण ।२।

શબ્દાર્થ:—હે પરમ રમણિક ચિત્તાકર્ષક શ્રીમદ્વલ્લભ-

તનય વિઠ્ઠલેશ! આપ સર્વજ્ઞ નખથી શિખા પર્યન્ત રળીયામણા અને અમો વ્રજજનોના પ્રાણજીવન છો? ૧ આપનું શ્રીમુખ જાણે કોટિસૂર્ય પ્રકટ થયા ન હોય? તેવું તેજ પ્રકાશી રહ્યું છે. અને બ્રાહ્મણના કુળશિરોમણિરૂપે આપ પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રકટ થયા છો? ૧

વિવેચન—ઉપનિષદ્, ગીતા, વેદ, ષટ્શાસ્ત્રના જાણનાર પરમ કમનીય શ્રીમદ્વલ્લભસૂત ભક્તજનોના પ્રાણનાથ છે. વળી માયાવાદરૂપી અન્ધકારને દૂર કરવા એઓશ્રીના શ્રીમુખની કાન્તિ કોટિસૂર્યના પ્રકાશ સમાન દર્શી રહી છે, તેમજ દ્વિજકુલ શિરોમણિ શ્રી વિઠ્ઠલેશ પ્રભુના પ્રાકટયને વેદ; ઉપ-નિષદ્ અને શાસ્ત્ર વિગેરે પરબ્રહ્મ પુરુષોત્તમ તરીકે જ નિરૂપણ કરી રહ્યાં છે. ૧–૨

"એ શ્રીમદ્વલ્લભકુંવરનું નામ સ્મરણ કરવાથી જે પરમ અલૌકિક ફલ પ્રાપ્ત થાય છે; તે શ્રી ગોપાલદાસજી આગળ વર્ણવે છે."

મૂલ૦ નામ નિરુપમ ઉચરે સકલ કલ્યાણ
તેના સાખી ચારે વેદ પુરાણ. ॥ ૩ ॥
અસુર હણેવા બ્રહ્મવાદ કરપાણ,
ભક્તિ કરે સૌ વાજંતરે નિશાણ. ॥ ૪ ॥
વૈષ્ણવ જનને આપે પદ નિર્વાણ,
મારગ મુકતો કોય ન માગે દાણ. ॥ ૫ ॥

શબ્દાર્થ—હે શ્રીમદ્વિઠ્ઠલેશ પ્રભુચરણ! આપનું નામ સ્મરણ પરમ અલૌકિક ઉપમા રહિત છે. અને તેનો ઉચ્ચાર કરતાંજ સર્વ પ્રકારના કલ્યાણને કરનારૂં છે. એ પ્રમાણે ચારે વેદ અને પુરાણો શાખ પૂરે છે. ૩ વળી માયાવાદીરૂપી અસુરોનો નાશ કરવા, બ્રહ્મવાદ (શુદ્ધાદ્વૈત) રૂપી ખડ્ગ પ્રકટ કર્યું છે. તેથી નિઃશંકપણે વૈષ્ણવો વાજતે ગાજતે ભકિત કરવા લાગ્યા છે. ૪ અને તે પ્રભાવે કરી પુષ્ટિમાર્ગીય મોક્ષ જે ભગવચ્ચરણકમલની પ્રાપ્તી રૂપી નિર્વાણપદનું દાન આપે છે. તેમજ ભગવચ્ચરણ કમલાનુરાગી ભકત પર કોઇનો કોઇ પણ પ્રકારનો હુક્ક કે કર લાગતો નથી. તે આપશ્રીનો પ્રતાપજ છે.

વિવેચન—એ પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીકૃષ્ણવિઠ્ઠલને વેદમાં અને શુદ્ધાદ્વૈતમાં એક અદ્વિતીય પરાત્પર અક્ષરથી પર કહ્યા છે. અને એજ પરબ્રહ્મમાંથી ભિન્ન ભિન્ન સૃષ્ટિનો આવિર્ભાવ થાય છે. એજ બ્રહ્મ સૃષ્ટિની સ્થિતિ રાખે છે. અને એજ બ્રહ્મ તેનો સંહાર કરે છે. સર્વ કર્તૃ છે, એજ સર્વ શકિતમાન્ છે. એજ આત્મતંત્ર છે. એને જ વશ માયા છે. એમ વેદ પુરાણો એમના નામની સાખ પૂરે છે.

એવા શ્રીમદ્વિઠ્ઠલાધીશના ઉપમા રહિત નામનો ઉચ્ચાર કરવા માત્રથી જીવનું સર્વ પ્રકારે કલ્યાણ થાય છે. ૩

માયાવાદીઓ વિવિધ પ્રકારે બ્રહ્મને કલ્પતા અને સ્ત્રી

પુરુષના યોગથી સૃષ્ટિ પ્રકટ થઇ છે, તેમજ જગત્ અસત્ય છે, એવું વૃથા બકનારા માયાવાદરૂપી આસુરોના મતનો નાશ કરવા શુદ્ધાદ્વૈતસિદ્ધાન્તરૂપી ખડ્ગ પ્રકટ કર્યું છે. અને સાબિત કર્યું કે શ્રુતિ; બ્રહ્મસૂત્ર, ગીતાજી, શ્રીમદ્ભાગવત વિગેરેના પ્રમાણોથી જે બ્રહ્મવાદનો સિદ્ધાન્ત છે તે ખરો છે. અર્થાત્ બ્રહ્મના આનન્દાંશસ્વરૂપવડે અન્તર્યામી રૂપે પ્રકટ થાય છે. અને અન્તર્યામીમાં બ્રહ્મ સત્ ચિત, આનન્દ એમ ત્રિવિધ પ્રકારના અંશ છે. (જેમકે જીવમાં સત્ અને ચિત્ત છે, પણ આનન્દનો તિરોભાવ છે; (પ્રકટ આનન્દથી) જડ પદાર્થમાં સત છે; તેમાં ચિત્ તથા આનન્દનો તિરોભાવ છે.

વિસર્પિ ગુણચૈતન્યોજીવોંશી હરેઃ સ્મૃતઃ જડે ચિદાન્દયોસ્તુ ચિત્યાનન્દસ્ય સર્વશઃ શુ૦ મા૦

ભગવદંશ જીવમાં અને જડમાં ભગવદ્ ઇચ્છાથી જ આનન્દાંશના ઐશ્વર્યાદિ છ ધર્મો કહેતાં શ્રી, યશ, જ્ઞાન, વૈરાગ્ય, વિર્ય, ઐશ્વર્ય અને સાથે ભગવદ્ધર્મનો પણ તિરોભાવ થાય છે, તેથી જીવ, પરાધીન વિર્ય વિનાનો થઇ અનેક કષ્ટ ખમે છે. અને પછી આત્મામાં અનાત્મ બુદ્ધિ, વિષયાસકિત એ પ્રમાણે સંસારમાં નિત્યબદ્ધ થાય છે, જ્યારે જીવનાં આનન્દાંશ પ્રકટ થાય ત્યારે, બ્રહ્મનું વિભુત્વ જીવમાં પ્રકટ થાય છે. જીવ બ્રહ્મને ઓળખે ત્યારે જીવ બ્રહ્મ જ થાય છે વ્યાપકત્વ જીવનો ધર્મ નથી, પણ ભગવદાનન્દ પ્રકટ થતાં

ભગવદાવેશ થાય છે, ત્યારે જીવમાં વ્યાપકત્વ આવે છે. સર્વનાં કારણરૂપ મૂલપુરુષ પરબ્રહ્મ સ્વયં રમણાર્થજ વિવિધ વૈચિત્ર્ય અનન્ત જગત રૂપ થયા છે.

રમણાર્થં ભિદં સર્વં બ્રહ્મૈવ સ્વેચ્છયા ભવેત્ શુ૦ મા૦

તત્વરૂપ પરબ્રહ્મમાં ચિત્ત તલ્લિન કરી રાખવાથી જ તેમની ઉત્કૃષ્ટોત્કૃષ્ટભકિતવડે તે જાણી શકાય છે, કેવળપ્રેમ ભાવનાથી જ તેઓ ગમ્ય અને ગોચર છે. બ્રહ્મ આત્મશકિત પ્રધાન છે; સર્વત્રમાં રહેલાં છે. પ્રાણિમાત્ર તેનાથી ઉત્પન્ન થાય છે એ બ્રહ્મ આ બધુ પ્રકટ કરે છે, ધારણ કરે છે, અને પાછુ ગળી પણ જાય છે. એ બ્રહ્મમાં પ્રાકૃત ધર્મોનો અભાવ છે. તેથી નિર્ગુણ પ્રાકૃત શરીર રહિત છે. વેદમાં નિરાકાર અને દિવ્ય અપ્રાકૃત આનન્દાકાર એટલે સાકાર વર્ણવે છે.

એ બ્રહ્મને બુદ્ધિથી; ઘણું શ્રવણ કર્યાથી કે યોગ યુકિતથી પામી શકાતું નથી. પરન્તુ તેઓશ્રી પોતે સ્વતઃ વિચારી કૃપાથી વરે છે ત્યારે તેમના આનન્દઘન સ્વરૂપનું દર્શનદાન કરે છે.

" નાયમાત્મા પ્રવચનેન લભ્યો ન મેધયા ન બહુના શ્રુતેન યમેષ વૃણુતે તેન લભ્ય; "

આ પ્રમાણે બ્રહ્મવાદરૂપી તલવાર વડે, આસુરમતનું ખંડન કરી, બ્રહ્મવાદના સંસ્થાપનપૂર્વક, પરમકૃપાળુ શ્રી-કૃષ્ણની ભકિતરૂપી વિજયઘોષ ગજાવી, પોતાના વૈષ્ણવોને

સ્વરૂપ દાન કરી, સેવામાં પ્રવૃત્ત કરનાર શ્રીમદ્વિઠ્ઠલાધીશ પોતે જ બ્રહ્મરૂપ છે. તેઓશ્રી નિર્વાણપદ કહેતાં જેના પર કોઈ દેવનો કે રાજાનો અલાખો ન રહે તેવું પોતાના ચરણકમલનું દાન કરનારા છે. ૪–૫

શ્રીમહાપ્રભુજીની શિક્ષા

શ્રીમદ્આચાર્યચરણ સંન્યાસ લઇ કાશીપુર આય,
ત્યાં શ્રીગોપીનાથ, શ્રીવિઠ્ઠલ, સૌ સેવક સાનિધ્ય સોહાય. ૧
સેવક-શિરમણિ વિઠ્ઠલપ્રભુએ દંડવત્ કરી વિનતિ કીધી;
'કર્તવ્ય અમારું કહો, તાત!' તવ તે જ ક્ષણે આજ્ઞા દીધી. ૨
હરિસન્મુખતાનાંજેલક્ષણ-અનર્પિતઅન્યાશ્રયઅસદ્લાપ
દુસંગ મોટું દુઃખ કરતા-એ ચારે ચિત્તથી સમૂળ ઉથાપ. ૩
આજ્ઞા ચતુર્વિધથી સાવધ તે કદા હરિથી વિમુખ ન થાય,
આ ભવ પરમાનંદ માણીને પરભવ પરમપદે સોહાય. ૪
બહિર્મુખતાને બધા ફિટકારે કાલપ્રવાહ પણ તાણી જાય,
સદાકાળ પ્રભુ સન્મુખ, તેના વિઘ્નો પાછાં પડી પળાય. ૫
સર્વ સમર્થ સર્વાધીશ કેરી સર્વભાવ સેવા કરવી,
આ શિક્ષા આચાર્યચરણની દૃઢતાથી ઉરમાં ધરવી. ૬
ગોપીશમાં વિશ્વાસ છે જેને, કૃતાર્થપણું બાકી નથી લેશ,
આ પ્રાપ્ય વસ્તુ વિના સાધને, વિશ્વાસયોગે મળે હંમેશ. ૭
ગોપીજનવલ્લભવર તેમાં વિશ્વાસ–એ વશીકૃર્ણી મંત્ર,
એ વિણ સર્વે સાધન નબળાં 'વ્યાસ' વદે ફીકાં સૌ જંત્ર. ૮

—મુખિયાજી ભાઇલાલ છગનલાલ વ્યાસ

"એ પ્રમાણે અલૌકિક વસ્તુનું દાન કરનારા શ્રીવિઠ્ઠલેશપ્રભુએ જે દૈવીજીવોને કૃપાનું દર્શન કરાવ્યું છે તે વડે જ તેમનું અલૌકિક ચારિત્ર્યમય માહાત્મ્ય; કોણ કોણ નિરન્તર ગાય છે. તે આગળ કહે છે."

મૂલ૦ ચરણ ચાખડી, વન્દે રાણા રાણ ।
સરસ થયા તે હૂતા જે પ્રેત પાષાણ ॥૬॥

હતિત પતિતનું, જુવો તમે પ્રકટ એ ધાણ; ।
શેષ સહસ્ર મુખ, ઉચરે જેહના વખાણ ॥૭॥

ચૌદલોકમાં, વરતે જેહની આણ ।
ત્રાસ તિમિરનું, જાણે સકલ વિહાણ ॥૮॥

અધર્મ સકલનું, પેરે પેરે કીધું વિત્રાણ ।
ધર્મ સકલનું, પ્રભુજીયે કીધું ત્રાણ ॥૯॥

સન્મુખ કીધા, જે હુતા ભ્રષ્ટ અજ્ઞાણ ।
નિર્ભય કીધા, શિરપર ધરી નિજપાણ ॥૧૦॥

શબ્દાર્થ:—એ શ્રીમદ્વિઠ્ઠલેશપ્રભુચરણની પાદુકાઓને રાજાઓ અને રાણાઓ નમન કરે છે. તેમજ તે પાદુકાઓના સ્પર્શ વડે, ભૂત અને પાષાણ તેઓ પણ ભક્તિવાળા થયા છે. આ દૃષ્ટાંત હતિત અને પતિત નામના પ્રેતોની

વાર્તામાં સુપ્રસિદ્ધ છે. શેષજી પણ પોતાના સહસ્ત્રમુખ વડે તેઓશ્રીના ગુણગાનને ગાય છે. તેમજ તેઓશ્રીની ચૌદ્વે-લોકમાં વિમલકીર્તિ પ્રસરી રહી છે, તેણે કરી માયાવાદરૂપી અન્ધકાર અને યમનો ત્રાસ તેમના શરણમાં રહેનારા જીવોનો દૂર થયો છે. ૭–૮

હે શ્રીમદ્વિઠ્ઠલેશપ્રભુ! આપે વેદવિરૂધ્ધમાયામતરૂપી અધર્મનો કમે કમે નાશ કર્યો છે; અને ધર્મનું જોઇયે તેવું રક્ષણ કર્યું છે. તેણે કરી અનિત્યસંસારમાં આસક્ત થઈ ધર્મભ્રષ્ટ થયેલા, અજ્ઞાનમૂઢ જનોને પણ, શ્રીપ્રભુના અભિમુખ કર્યા છે. અને તેઓ નિઃસાધન જીવોના મસ્તક પર આપશ્રીએ પોતાનો હસ્તકમલ ધરી અભયપદ આપ્યું છે. ૯–૧૦

વિવેચન—શ્રીમદ્વિઠ્ઠલાધીશ્વરે દૈવીજીવોના ઉદ્ધારાર્થ અનેક પ્રકારે તેઓને ભગવદાસક્તિ કરાવી, આસુરોના સંબંધથી હૃદયમાં થએલું અજ્ઞાનરૂપી અન્ધારૂ દૂર કર્યું! ભગવત્સ્વરૂપ શ્રીવિઠ્ઠલની પાદુકાઓ રાજા અને રાણીઓએ પધરાવી લીધી છે. તે પાદુકાઓને તેઓ પોતાના ઇષ્ટ સમજી સેવન નમન કરે છે. અને તેમને નમન કરવા વડે કઠણ પથ્થર જેવા હૃદયવાળા અને કેવળ અહંતામમતાના ચરખે ચડી રહેલા, તેમજ મન્દ ભાગ્ય બનેલ એ શ્રીવિઠ્ઠલેશજીની કૃપાથી ભક્તિ રસનો સ્વાદ લેતા થયા છે વળી દૃષ્ટાન્તમાં હતિત અને પતિત નામના જીવો પોતાના કૃત્યોએ કરી પ્રેત પાષાણ યોનિને પામેલા, તેઓને શ્રીવિઠ્ઠલાધીશ્વરના ચરણનો સ્પર્શ થવાથી ઉદ્ધાર થયો હતો પૂર્વે જેમ—શ્રીરામચન્દ્રજીના ચરણનો સ્પર્શ થવાથી

શલ્યારૂપ થયેલી અહલ્યાને ઉદ્ધાર થયો હતો તેમ–અત્ર શ્રીની પાદુકાઓના સ્પર્શસેવનન મનવડે મદ અભિમાનાદિ સર્વ વિટંબણામાંથી ઉદ્ધાર થયો છે, અને સર્વોપરિ ભક્તિરસનો સ્વાદ લેવાને તત્પર થયા છે. એ પ્રમાણે અપરિમિત સુખદાયક કૃપા આ વિશ્વમાં શ્રીવિઠ્ઠલપ્રભુ શિવાય અન્ય કોણ કરનાર છે?

આવા શ્રીવિઠ્ઠલેશજીના અનેક ચારિત્રોનું ગુણગાન શેષજી પોતાના સહસ્રમુખે નિરન્તર ગાય છે. તથાપિ અગાધ ગુણનો પાર લહિ શકતા નથી. આપશ્રીની કીર્તિ ચૌદેલોકમાં પ્રસરી રહી છે. તેનું સ્વભાવથી દુષ્ટ જીવ પોતાની એક જીવ્હાથી શું વર્ણન કરી શકે? ફકત તેઓશ્રીને શરણ થઈ જાય એટલે બસ છે. ચરણથીજ સર્વ પ્રકારનો ત્રાસ–કામ ક્રોધાદિ અને આલોક, પરલોક વિષે મળવાનો દુઃખરૂપી ત્રાસ નાશ પામી જાય છે.

यः सस्मृतकलेशदशेषमस्तं करोति सुस्थं निजभृत्य वर्गम
तदुःख विध्वंस कृतोधमःसदा तं वह्निसुतं शरण प्रपद्ये. ५

જે શ્રીવિઠ્ઠલપ્રભુનાં સ્મરણ માત્રમાંજ પોતે પોતાના ભક્તોના સમગ્ર કલેશને દૂર કરી સ્વસ્થ કરે છે. અને તે ભક્તોના બધા કલેશોનો નાશ કરવા તૈયાર રહે છે. એવા શ્રીવલ્લભના પુત્ર શ્રીવિઠ્ઠલપ્રભુને શરણે જાઉં છું.

શ્રીવિઠ્ઠલેશપ્રભુ ગમે તેવા જીવ પર કૃપા વિચારતાં તુરત વિવિધ પ્રકારના પ્રતિબન્ધો દૂર કરી પોતાના શરણમાં રાખી, અભય અને અદેય દાન કરે છે. અને ત્યાં સુધીના

અધર્મનું નિવારણ કરે છે કે–જે કામાન્ધ કહેતાં વિષયમાં આક્રાન્ત થયેલાના હૃદયમાં તો પ્રભુ પધારેજ નહિં, અને અધર્મ ટળે જ નહિં તથાપિ તેઓશ્રીએ નિઃસાધનજીવોના સકળ અધર્મનું નિવારણ કર્યું છે. એટલે કે ક્રોધથી ભરેલ; સંસારમાં કુટુંબ ઘર વિગેરે દેહ સંબંધીઓના ભરણ-પોષણમાં આસકત થયેલા; લોભથી જેનું હૃદય ભરાઈ ગયું છે એવા. દ્રવ્યાદિમાટે આપઘાત, કરનારા ચોરી કરી દ્રવ્યનેજ સર્વસ્વ સમજનારા; દેહ અને સંબંધીઓમાં મમતા રાખી ધન માટે ધર્મનો ડોળ કરનારા; પારકાનું દુઃખ દેખી પ્રસન્ન થનારા નિર્દય, હિંસક, ભક્તદ્રોહી, નિરન્તર ધાન્યાદિક મેળવવાજ હાયવલારાના કરનારા, વ્યાકુળ; નિર્વાહની ચિન્તાવાળા; રાજભય, દુષ્કાળભય, દેહભય, ચોરભય કરી; શોકમાં ગરકાવ થઈ; આખો જન્મારો શોકમાં ગુજારનારા, નિત્ય અન્યાશ્રયમાં પ્રવૃત્ય રહેનારા મૂર્ખાઓ, અને સર્વ પ્રકારે અધમ જીવો છતાં પોતે પોતાના પ્રમેયબળથી તેમના સર્વદોષનું નિવારણ કરી ઉદ્ધાર કરે છે એટલે તેઓનું અજ્ઞાનપણું, અધર્મપણું, ભયપણું, સર્વ દૂર કરી તેમનામાં ધર્મનું સંસ્થાપન કર્યું છે.

(ભકત કવિઓએ શ્રીવિઠ્ઠલેશપ્રભુને નિઃસાધનજનોદ્ધારક કરીનેજ વર્ણવે છે.)

રાગ સારંગ

અગ્નિકુલ પ્રકટ શ્રીવિઠ્ઠલાધીશ્વર
પુષ્ટિ માર્ગ સુગમજન દિખાયો,

ભાવભાવિતસકલ ગોપિકાપ્રકટ ભૂવિ,
તાહિકો હેતુ જીન શ્રુતિન ગાયો. ૧
નિત્યલીલાલલિત, ગોકુલાધીશકી,
આપ, સેવા વિવિધ કરબતાયે.
સ્વીયજનહેત, અજ્ઞાનહારક સબન,
કપટપટ દૂરકર સુકૃત લાયે. ૨
સાખશ્રુતિસ્મૃતિનમેં, કહિકહ્યોસારયહ,
નન્દગૃહ પ્રકટ જીયસબન ભાયો!
તેઈઅબવલ્લભાધીશ પથ પ્રકટકો,
સરસરંગી સબેરંગ છાયો. ૩

"ઉપર પ્રમાણે અધર્મના નાશપૂર્વક ધર્મનું સંસ્થાપન કરી; દૈવીજીવોને અદ્વૈયદાન દઈ પોતાના કરીને જણ્યા. અને હવે વેદનો સાર ભક્તિરસ પ્રકટ કર્યો તે વર્ણવે છે."

મૂ૦ નિગમ તત્વરસ, યશભર્યા અમૃત સંધાનઃ
રુપ સુન્દરતા, શું કહું નહિકોઈએ સમાન. ૧૧
કૃપા કરી હરિ, રાખી બહુ વિધ કાનઃ
સેવક જનને, રાખી લ્યો એહ લહાણ ॥૧૨॥

શબ્દાર્થ—હે શ્રીવિઠ્ઠલાધીશ! આપ વેદતત્વનો સાર અમૃતરૂપ ભક્તિરસ, તેના યશનો વિસ્તાર કરી, સુજ્ઞ શ્રેષ્ટ; અને અજ્ઞાની સર્વને તાર્યા છે. એવું આપના રૂપરસમાધુર્યનું હું જીવ શું વખાણ કરું?

વસ્તુતઃ વિચાર કરતાં આપના સમિપ ઉપમા આપવા લાયક કોઈ વસ્તુ જ નથી. માટે હે હરિ? આપે આપના બિરદની બહુ કાની રાખી છે. તેમજ હું દીનદાસ પર કૃપા કરી, આપનો જાણી લ્યો. એ શિવાય મને અન્ય એક પણ અત્યુત્તમ લાભ નથી.

વિવેચન—વેદ, ઉપનિષદ્, ગીતા, શ્રીમદ્ભાગવત, વ્યાસસૂત્ર, સ્મૃતિવિગેરેના સારરૂપ જે પ્રભુભક્તિરૂપી અમૃતરસ, તેના ગુણયશનું કથન હે વિઠ્ઠલાધીશ! આપે કર્યું છે.

यः कृष्णसेवार्थमगाधबोधं जगाद शास्त्रं भगवत्प्रणीतम्
निश्चित्य तम्दावमनन्यभावं तं वल्लिसूनुं शरणं प्रपद्ये ॥

આપના સ્વરૂપસૌંદર્યનું વખાણ કરતાં મને કોઈ ઉપમા જડતી નથી. તથાપિ આપના શરણની અભિલાષા કરી, મનોરથપૂર્ણ થયેલો હું તેને આપ આપના બિરદની ટેક વડે આપનો કરી લ્યો, એ સિવાય બીજો અધિક લાભ હું સમજતો નથી.

એમ દીનતા કરતાં શ્રી ગોપાલદાસજી વૈષ્ણવોને એવું વિદિત કરે છે કે—દીનતા એજ પુષ્ટિમાર્ગનું મુખ્ય કર્તવ્ય છે. એણે કરીજ શ્રીમદાચાર્યની કૃપા મેળવાય છે. અને પ્રભુ શ્રીકૃષ્ણના સ્વરૂપપ્રતિ સેંકડો મનોરથવાળું હૃદય થાય છે.

જરૂર એ દીનતા વડે શુધ્ધ પ્રપંચરહિત થવાય છે. શ્રીમદાચાર્યનો દૃઢાશય અને શ્રીકૃષ્ણલીલાનું ચિન્તવન અહોરાત્ર રહ્યું રહે છે. અનન્ય ભક્તોની સેવામાં નિષ્ઠા

બની રહે છે. અન્ય ધર્મોના રસને ઉલંઘી કેવળ ભગવદ્ રસમાં ભીંજાઈ રહેવાય છે. શ્રીકૃષ્ણલીલાના સેંકડો મનોરથ કરતું લોચન આકુળવ્યાકુળ થઈ વિરહાર્થી બન્યું રહે છે અને એ જ દીનતા વડે શ્રીકૃષ્ણના સંયોગરસનું પાન કરતાં જીવનું સાર્થક થઈ જાય છે.

એટલે કે—**આચાર્યચરણૈરુક્તં દૈન્યં ત્વ-તોષસાધનમ્**॥ સુબોધિનીજીમાં કહ્યા પ્રમાણે શ્રીપ્રભુને સન્તોષવાનું સાધન દીનતા વિના અન્ય નથી.

વિશેષમાં ગોપાળદાસજી પોતે દીનતા કરતાં એમ પણ જણાવે છે કે—હે શ્રીવિઠ્ઠલાધીશ્વર ! અમો દાસલડાંનું કંઈજ સામર્થ્ય નથી, પરન્તુ આપ જ અમારી અવિદ્યા દૂર કરી આપનું સામર્થ્ય અર્પો છો તેથી અમારા ભગવદ્ધર્મનીઆડે આવતા પ્રતિબન્ધ દૂર થઈ જાય છે; અને આપની નિકટ આવી આપનો અનુભવ કરી શકાય છે. માટે કૃપળુ ! હે દયાળુ ! ! નિઃસાધનજનોદ્ધારક ! ! ! આપના બિરદને યાદ કરી નિરન્તર મારાપર અનુગ્રહ કરશો. એજ મને મોટામાં મોટો લાભ છે. ૧૧–૧૨.

' ઉપર પ્રમાણે જ આગળ શ્રીવિઠ્ઠલેશનું ગુણગાન કરે છે.'

મૂ૦ એવા તે ગુણ નિધિનાથ ગાતાં,
બ્રહ્મ હત્યાદિક અઘ ટળે;
લીલાં તે લહરી સિન્ધુ ઝીલે,
રાસ રસિકને જઈ મળે, ૧૩

શબ્દાર્થ—હે નિઃસાધનજનોદ્ધારક ગુણસાગર પ્રાણનાથ ! આપનું ગુણગાન કરતાં અમારા બ્રહ્મહત્યાદિક પ્રખર પાપનું નિવારણ થાય છે. અને અમારા અન્તઃકરણની પ્રેમ સરિતાની લહેર, પરબ્રહ્મ રાસરસિક પ્રભુના આનન્દાબ્ધિમાં હિંડોળા ખાતી તેમાં જોડાઈ રહે છે. ૨૩

વિવેચન—જેમ સમુદ્રને વિષે મોજાઓ ઉઠે છે, અને પાછા સમુદ્રને જોડાય છે. તેમ શ્રીવિઠ્ઠલેશપ્રભુના કૃપાપાત્ર જનોના અન્તઃકરણમાં શ્રીપ્રભુને પ્રસન્ન કરી તેમના આનન્દમાં જોડાવા માટે સેંકડો મનોરથરૂપી લહેરો ઉઠે છે; અને તે પ્રભુનું સર્વાંગસુખ લુંટતી પ્રભુથી જોડાઈ રહે છે. ૧૩

મૂ૦ નિઃસાધનજન હિત કરેવા, શ્રીનાથવિઠ્ઠલઆવીયા;
વ્રજમાંતે હીંડે મલપતા તે, વ્રજસખી મન ભાવીયા.૧૪

કમલ નેણે ને અમૃત વેણે, વાકયમાધુરી રેડતા;
વેદધ્વની મીષે હસ્ત ચલણે, શોભે સૌને તેડતા. ૧૫
ભાંતીભાંતીલીલા કરેપ્રભુ, સાત સ્વરૂપ સોહામણાં
એક એકથી અધિક શોભે વ્રજ સખી લે ભામણાં ૧૬

શબ્દાર્થ—હે રૂક્મણિરમણ ! આપ નિઃસાધજનોદ્ધારક હોવાથી તમો સાધનરહિતનું કલ્યાણ કરવા જ પ્રકટ થયા છો. હે પ્રભુ ! આપ વ્રજમાં એવી મનોહર લટકતી ચાલથી ચાલતા હતા કે તેનું દર્શન કરી, વ્રજજનોને અત્યાનંદ થતો હતો.

(અર્થાત્ આપ એવી ચાલથી ચાલો છો, કે જેથી અમારા મનમાં ભાવી ગયા છો).

હે ચપળનયન ! અમો નિઃસાધનોના હૃદયપાત્રમાં વચનામૃતરૂપી રસ રેડતી વખતે આપનાં કમળ સરખાં પરમ કમનીય નેત્રની સમશ્યાએ અમોને રસ ઝીલતાં ઘણી સહાય કરી છે. તેમજ આપ વેદોચ્ચાર કરતાં શ્રીહસ્તની હાલતી લટક જાણે અમો ભકતવૃન્દને બોલાવી રહી ન હોય ? તેમ લાગે છે.૧૫

અને એજ પ્રમાણે આપના સાતે બાલકો પણ એકએકથી ભિન્ન પરમ અલૌકિકલીલાઓ કરે છે. તેનું દર્શન કરી અમો ભકતજનો વારંવાર વારણાં લઈએ છીએ. ૧૬

વિવેચન—શ્રીનાથવિઠ્ઠલ શબ્દથી અત્ર એ સૂચવે છે કેઃ- શ્રી એટલે શ્રીસ્વામિનીજી—રૂક્ષ્મણિજી; અને નાથ એટલે શ્રી રૂક્ષ્મણિજીના નાથ શ્રીવિઠ્ઠલાધીશ, તેઓ નિઃસાધનજનોના હિતને માટેજ પ્રભુ પોતાના જીવો પર અનુગ્રહ કરી અને નિઃસાધનના સાધનરૂપ થવા પધાર્યા છે.

ઉપર પ્રમાણે નિઃસાધન ભકતોના સાધનરૂપ શ્રીવિઠ્ઠલેશ-પ્રભુ પોતેજ હોવાથી; તેમના ભકતને કોઈપણ સાધનની અપેક્ષા રહેતી નથી.

કારણ ! સાધન વડે જ પ્રભુ પ્રાપ્તિ થાય છે એવું જરા પણ નથી.—પ્રભુ પ્રાપ્તિ સાધન શકય નથી. પરન્તુ પ્રભુ પ્રાપ્તિ થવા ફકત પ્રભુનો અનુગ્રહજ સાધન છે. શ્રી પ્રભુના અનુગ્રહ બળવડે, અસાધન પણ સાધનરૂપ થઈ જાય છે.

આ ઉપરથી શ્રીગોપાલદાસજી એવું સૂચવે છે કે—હે નિઃસાધનજનોદ્ધારક, નિઃસાધનજનહિતકર, શ્રીવિઠ્ઠલેશ-પ્રભુચરણ ! આપ અમારા મનમાં એમ ભાવી ગયા છો કે—આપની મલપતી ચાલ, કટાક્ષ, વચનામૃતઃ વેદધ્વનિ વખતની આપના શ્રીહસ્તના હલન ચલન દ્વારા થતી સમશ્યા, અને વિવિધ પ્રકારે લીલા કરવા સાત બાળકો પ્રકટ કરી, તેમનાથી ભિન્ન ભિન્ન લીલાઓનો વિસ્તાર કરવો; વિગેરે જોઈ અમો જીવ આપનામાં મોહ પામી ગયા છીએ. અને જરૂર આપ જેનું વરણ કરો છો, તેનું જ કામ થઈ જાય છે. (પ્રભુપ્રામિથાય છે.) એ સિધ્ધાન્ત છે. એવી મને ખાત્રી થઇ છે.

જે લોકો અનુગ્રહને સાધનથી સાધ્ય માને છે, તેમની ભૂલ છે. પ્રભુનો અનુગ્રહ સાધનથી પ્રાપ્ત થતો નથી. પરન્તુ અનુગ્રહ એ પ્રભુનો ધર્મ છે. એ તો તેમને શરણે જવાથીજ મળે છે. એટલે તે જીવ કૃતિથી લભ્ય થતો નથી. શરણે જવાથી જે પ્રાપ્ત થાય તે ફલરૂપ ભકિત છે ટુંકુ સૂત્ર તો એ સમજવાનું છે કે—પ્રભુના અનુગ્રહ વિના પ્રભુપ્રાપ્તિ થતીજ નથી. અને તે અનુગ્રહ કરવાજ આપશ્રી અજ્ઞાન ભેદક શ્રીવિઠ્ઠલસ્વરૂપાભિધાનથી ભૂતલપર પધાર્યા છો. અને પોતે સ્વતઃ નિઃસાધન જીવોપર કૃપા કરી, પોતે પૂર્વે કરેલી વ્રજલીલાનું ભાન કરાવે છે. તેમજ શ્રીગોપાલ-દાસજી ૧૫–૧૬–૧૭મી કડી ગાતાં સૂચવી રહ્યા છે કેઃ- હે શ્રીવિઠ્ઠલાધીશ ! આપ જ્યારે ગૌચારણાર્થે વ્રજથી વનમાં

પધારતા ત્યારે સર્વ વ્રજાંગનાઓને મોહ પ્રકટ થતો; અને તે વખતે આપ કમળ સરખાં નેત્રની કટાક્ષોએ કરી, તથા વચનામૃતવડે જે રસ સિંચતા, અને વેણુના રંધ્રોપર શ્રીહસ્તાંગુલીઓને નચાવી, તેમાંથી મધુર ધ્વનિની સમશ્યા દ્વારા વ્રજાંગનાઓને બોલાવતાં હતા. તેજ આપ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ,–એક વખત શ્રીનાથજીના સ્વરૂપે પ્રકટયા છો અને પુનઃ સાતસ્વરૂપધરી ભિન્ન ભિન્ન લીલા કરી છે. તેજ આજ શ્રીવિઠ્ઠલસ્વરૂપ અને સાતબાલકસ્વરૂપે ભિન્ન ભિન્ન લીલા કરતા શોભો છોઃ એ શોભાએ તો હદજ વાળી છે.

આપ સ્વતઃ અનુગ્રહ કરો તોજ જીવને આપના ગોચારણવેશનું કોટિકન્દર્પલાવણ્યરૂપનું દર્શન થાય છે. એ દર્શનની ઘડીના સુખની તો, અવધિજ વર્ણવી શકાય તેમ નથી. એ શોભાનાં તો વારણાજ લઈ નિરન્તર જીવન ધન્ય રહે તો બસ છે.

હે પ્રભુ! આપશ્રીએ નિઃસાધન જીવોને, સાધન અને ફલ એકજ કરીને બતાવ્યું છે. તે અનુગ્રહનું સ્વરૂપ અન્ય માર્ગોથી વિપરિત છે. અનુગ્રહમાર્ગમાં શ્રીપ્રભુસેવા અને ફલ બન્ને એકજ છે. એટલે ફળમાં પણ સેવા અને સાધનમાં પણ સેવા બતાવી છે. તેમજ તે સેવા કરતાં દીનતાનો ઉદય થવાથી દરેક કાર્યમાં નિઃસાધનતા પ્રકટ થાય છે. ૧૪-૧૫-૧૬ (શ્રીમદ્ગોવર્ધનનાથજીએ સાત સ્વરૂપ કેવાં કેવાં ધારણ કર્યા તે એક પદથી વર્ણવે છે.)

રાગ સારંગની ધુન.

શ્રી વલ્લભદેવકી જે, પ્રાણ પ્યારેકી જે; ટેક૦
મોહભાવ ગિરિવર ધર્યો; શ્રી નવનીત પ્રિયબાલ;
શ્રી મથુરાનાથ નિકુંજમે; શ્રીવિઠ્ઠલેશ રસાલ. શ્રીવલ્લભ. ૧
શ્રીદ્વારકેશ તદ્ભાવમેં, શ્રી ગોકુલેશ વ્રજભૂપ;
અદ્ભુતગોકુલચન્દ્રમા, શ્રીમદનમોહનસુખરૂપ. શ્રીવલ્લભ ૨
માટલીયે માખણલીયે નુપુર બાજે પાય;
નરતત નટવરલાલજી, હરખત યશોદામાય. શ્રીવલ્લભ. ૩
ઝુલત પલના મોદમેં, શ્રીબાલકૃષ્ણ રસરાય. શ્રીવલ્લભ. ૪

ઉપર પ્રમાણે પ્રત્યેક સ્વરૂપે ભિન્નભિન્ન લીલા કરી છે. તેથી ચોખ્ખુ માલુમ પડે છે કે :–મૂલ શ્રીનાથજી એકજ અદ્વિતીય સ્વરૂપ છે. તથાપિ જેવા જેવા વખતે જેવી જેવી લીલા કરી, તેવાં તેવાં જુજવાં રૂપ ધરી જુજવાં નામથી લીલા સુપ્રસિદ્ધ કરી છે. ૧૪–૧૫–૧૬

: એ પ્રમાણે શ્રીવિઠ્ઠલાધીશ્વરના પરિવારની વૃદ્ધિ થઈ અને નિત્ય નૂતન માંગલિક થવા લાગ્યું તે વર્ણવે છે. '

મૂ૦ પેરપેરે પરિવાર સોહે, દેવ મોહે નિરખતાં;
ઉત્સાહઆનન્દઅધિકવાધ્યો, કુસુમવરખેહરખતાં. ૧૭

શબ્દાર્થ—હે શ્રીમદ્વિઠ્ઠલેશપ્રભુ ! આપનો પરિવાર વિવિધ પ્રકારે શોભે છે. અને દિનપરદિન આનન્દની વૃદ્ધિ થતી જાય છે. તે જોઇ દેવતાઓ મોહપામી પુષ્પની વૃષ્ટિઓ કરી, હરખ પામે છે.

વિવેચન—શ્રીવિઠ્ઠલેશપ્રભુનો પરિકર લાલજીઓ, બેટીજીઓ વહુજીઓ વિગરે વૃદ્ધિ પામવાથી તેઓની વર્ષગાંઠના દિવસો ઘણા આવતા લાગ્યા, અને તેણે કરી શ્રીપ્રભુ આગળ મંગલ-મહોત્સવ અધિકાધિક થવા લાગ્યા, તેમજ તે મહોત્સવોનું સુખ ભકતજનો પણ લેવા લાગ્યા.

'એ પ્રમાણે આપશ્રીએ ગૃહસ્થાશ્રમ અંગીકાર કરી, આનન્દ આપ્યો છે તે વર્ણવે છે.'' ૧૭

મૂ૦ રંગે તે રમતા રસ ભર્યા, પ્રભુ ઘોષમાં લીલા કરે;
અધિકઅધિકપ્રતાપપૂરણ, યશદશોદિશ વિસ્તરે. ૧૮
અન્તઃપુર લીલા કરે પ્રભુ, સકલ જન સન્તોષતાં;
જાણે તે મત્ત માતંગ છુટયા, નુપૂરને નિર્ઘોષતાં. ૧૯
હાર કંકણ કર્ણ ભૂષણ, નાદ નાના હિંડતા;
ગાનગાયેને સ્વર સોહાયે, શ્રીનવનીત
પ્રિયાજીને પોઢતાં. ૨૦

શબ્દાર્થ—હે શ્રી વિઠ્ઠલેશપ્રભુ ! આપનો સ્નેહાતિશય

પરિકર, પરમ અલૌકિક શૃંગારરસ પૂર્ણ બની વ્રજમાં લીલા કરી રહ્યો છે. તે આપનો સુયશ દશે દિશામાં પ્રસરી ગયો છે. વળી આપ અન્તપુરમાં ગૃહસ્થાશ્રમાદિ લીલા કરો છો, તે પણ અમો ભકતના સંતોષને માટે જ છે. અને સેવા-સદનમાં આપનો પરિકર વહુજી બેટીજીઓ પ્રભુની સેવા કરતાં તેમના નૂપુરનો નાદ એવો મધુર થાય છે કે–જાણે મદોન્મત્ત હાથીઓ ભિતર ઘુમી રહ્યા ન હોય ? તેમ લાગે છે. વળી તે શ્રીવહુજી બેટીજીઓએ ધારણ કરેલા હાર, કરમાં કંકણ, કાનમાં કરણભૂષણ, વગેરે આભૂષણોમાંથી નિકળતો મધુર અવાજ સાંભળી, શ્રીનવનીતપ્રિયાજીને પોઢતાં ઘણો હર્ષ થાય છે. ૧૮–૧૯–૨૦.

વિવેચન—શ્રીવિઠ્ઠલેશપ્રભુના સર્વ પરિકરની શ્રીપ્રભુ પ્રતિ રસપ્રચુર ભકિત વડે સાજ, સામગ્રી, આભુષણ, ઘોળ પદ, ગ્રન્થો વિગેરે શ્રીનવનીતપ્રિયાજીને અત્યન્ત પ્રિય લાગે છે. ૧૮–૧૯–૨૦.

''હવે શ્રીપ્રભુની કેવી રીતે સેવા થાય છે, તે વર્ણવે છે.''

મૂ૦ સંધ્યા સમે શૃંગાર નૌતન, પુલ ગુંથે સૌમળી;
સદનશોભાનિરખતાંતે, લક્ષ્મી મન પામ્યાં રળી, ૨૧
વાસ વાંચ્છે વ્રજ વસેવા, એણીપેરે સુખ પામવા
શ્રીપુરૂષોત્તમ ઉત્તમવરને, સમે જોઇ શિરનામવા. ૨૨

શબ્દાર્થ—હે શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ ? આપનો પરિકર સાંયકાલે હળીમળી સપ્રેમ શ્રીપ્રભુને માટે વિવિધ પ્રકારના આભૂષણો ગુંથી તૈયાર કરે છે; એ પ્રમાણેની અન્તઃપુરની પરમ અલૌકિક શોભાનું દર્શન કરી શ્રીલક્ષ્મીજી પણ હર્ષને ધારણ કરતાં, આવું નિત્ય દર્શન સુખ મળવા માટે વ્રજમાં વસવાની ઇચ્છા કરે છે. અને ઉપર પ્રમાણે દર્શનનો સમય લક્ષ્મીજીને શ્રીપ્રભુએ મેળવ્યાથી, વારંવાર દંડવત પ્રણામ કરતાં લક્ષ્મીજી વિનવે છે કે હે પ્રભુ ! મને આવું આપનું નિત્યસુખ આપો. ૨૧–૨૨

વિવેચન:—શ્રીવિઠ્ઠલેશપ્રભુ પોતાના પરિકર સાથે સાયંકાલે શ્રીપ્રભુસેવા કરે છે. તે સેવાનું સ્વરૂપ શ્રીગોપાલદાસજી વર્ણન કરતાં તાત્પર્ય એ સૂચવે છે કે;– ભાવરૂપ શ્રીકૃષ્ણનું ભજન સેવાભાવવડેજ પ્રાપ્ત થાય છે અને શ્રીકૃષ્ણમાં પ્રવણ ચિત્ત તેનુંજ નામ સેવા એવું નિરૂપણ કરેલું છે. એમ શિક્ષાપત્રમાં પણ ૯–૩૦ શ્લોકમાં આજ્ઞા કરે છે.

ભજનં ભાવ રુપસ્ય ભાવેનૈવોપપદ્યતે
ચેતસ્તત્પ્રવણં સેવા હ્યત એવ નિરુપિતા

ભાવ વિના પરિણામે માનસીસેવાની ફલ પ્રાપ્તિ થતી નથી. માટે પ્રથમ તનુજા વિત્તજા સેવા કરવામાં આવે છે, અને તેના ફલરૂપ માનસીસેવા સિદ્ધ થાય છે.

માટે હે અન્તઃકરણ ! તહારે શ્રીકૃષ્ણની સેવા ભાવપૂર્વક

કરવી? તેણે કરી ચપળચિત્ત, શ્રીકૃષ્ણ પ્રવણ એકાગ્ર થઇ રહેશે. શ્રીકૃષ્ણમાં ચિત્ત પ્રવણની વાત શું કહું જેનું મન ચિત બુધ્ધિ અને સર્વાંગને શ્રીકૃષ્ણ શિવાય અન્ય કંઇ રૂચતુ જ નથી તેને રાત્ર દિવસ શ્રીકૃષ્ણના અંતરમાં ઉલાળા આવ્યા કરે છે સ્વપ્નેપણ એજ શ્રીકૃષ્ણના સંયોગનું સુખ અને વિયોગનું વસમુ દુઃખ તેનો ભોગ કરી મહાન્ ભક્તો વ્રજવાસ ઇચ્છે છે. અને તેમજ વિવિધ પ્રકારની સામગ્રીઓનું ગુપ્તરસાદિગ્રન્થમાં શ્રીવિઠ્ઠલેશે વર્ણવ્યા મુજબ પ્રત્યક્ષ સંકેતથી **અસ્મદીય** પદાર્થો પ્રાણેશને અંગીકૃત કરાવી અહોરાત્ર સુખી થાય છે. જે મહાન્ ભક્તો પ્રાણ પ્રિયતમનાજ સુખે સુખી થનારાં છે. તે સર્વની એકજ ગતિ છે.

(સુન સુર સબનકી યહ ગત જે હરિચરન ભજે)

વિવિધ પ્રકારના અધિકારી ભક્તો અધિકારાનુંસાર કોઇ પુષ્પકુંજમાં સેવા કરે છે તો કોઇ અન્તપુરમાં સેવા સ્વાદ લે છે.

શ્રીવલ્લભવિઠ્ઠલેશ અને સાતે બાલકવૃન્દના પ્રસંગો.
—તે પ્રત્યેકનું સ્વરૂપદર્શન છે—

—શ્રીમહદ ભક્તનુ-સ્વપ્ન દર્શન—

શ્રીવિઠ્ઠલેશ— શ્રુતિ રૂપાની યુથ્થ નાયકા શ્રી ચંદ્રાવલીજી કહે છે વ્હાલી ? સ્વપ્નમાં થયેલા સુખની અને સ્વપ્નદર્શનના વિરહ દુઃખની શું વાત કહું ? હૈયું હાથ નથી. એ સ્વરૂપની પ્રેમસુધાના ભરથી ભરાઇ ગયેલી ગદ્ગદ કંઠી હું એકદમ બોલીને

કહી શકતી નથી. મારાં નયન એના વિરહે નિતરતાં અટકતાં નથી.

શ્રીચંદ્રાવલીજી—હે મમ સર્વસ્વ? તમો ધીરજ ન છોડો ચિન્તા ન કરો?? હે સખી? એનો શ્રીહસ્ત સુંદર પુષ્ટ ગજરાજની સુઢ જેવો હતો. તેમાં બાળ કમળ સરખી નનકડી આંગળીયો તે પર લોહબાણ શા દેખતાંજ તિક્ષ્ણ એવા અર્ધ ચંદ્રશા નખ હતા. એની ઉંચી ભુજા અને શ્રીઅંગનો મને સ્પર્શ કરી અનંતદાન કર્યું, અનંગવાન કરી અને નખના સ્પર્શથી સર્વાંગ જીતી લીધું. કપોલની કાન્તિથી ત્રિભુવન પ્રકાશતું હોય તેવી હતી.

એણે સાત્વિક રાજસી તામસી ત્રિવિધ ભક્તના મન, ધીરજ, લજ્જા વિવેક વગરના મારી પેઠે કર્યાં હોય તેવો મનોહર મેં જોયો—એના ચિબુકે અધર જીતેલું હતું. તેથી અધર રસ ભીનું એ અનુપમે આશ્વાસન દીધેલું દેખાતું હતું.—અનેક આરકત રેખાથી રંજીત થયેલું અધર છટાદાર હતું. સરસ્વતી નદીનો પ્રવાહ ત્યાંથી પ્રકટ થઇ ઉર ગિરિ પર થઈ નાભી હ્રદમાં જતો હોય તેમ જણાતું હતું—એનું નાશા પૂટ શ્વાસ લેવાના સંબંધ વડે ચંપાની કળીશું વળી તલના પુષ્પની શોભાનું હરણ કરતું શોભી રહ્યું હતું. એનું વેશરનું મોતી જે સ્વામિનીજીનો ઉજ્વલ સ્નેહ તે અધર સુધાધિન હતું....ઉર્ધ્વ મુખે તપ્યાનો ફલભોગ કરતું હતું.—એના નયન કુપિત થયેલા રામના બાણ જેવા અણીયાળા હતાં અને ક્રોધારકત પણ તેવાંજ હતાં જાણે અખિલ

અંડ બ્રહ્માંડને જીતી લેવા તત્પર થયેલાં હોય તેવાં હતાં. વળી લાલ કમલદલની મધ્યમાં ભ્રમર ઘુમી રહ્યો હોય તેવાં શ્યામ શ્વેત લાલ દેખતાં દ્રષ્ટિ ધરાય નહી તેવાં હતાં, એ નયન બાણે મારા કોમળ કલેજાને કોરી નાંખ્યું છે. વીંધી નાખ્યું છે કેવા ઉંપાયે ઠેકાણે આવે તેમ જણાતું નથી—એની ભ્રોંહુકમાન કામદેવના ધનુષ જેવી વક્ર હતી. ઉભય ભ્રકૂટિની મધ્યમાં કેશર મળેલાં ચંદનનું તીલક હતું તેની મધ્યમાં શ્યામ કસ્તુરીની બેંદી હતી. અર્થાત્ ભ્રોંહુ૧ ધનુષ૨ નયન૩ તીલક૪. તે ચતુર્વિધ ભક્તનાં યુથપતિ શ્રીસ્વામિનીજી તેની સ્નેહવતી સખીના વૃન્દ પર આ આયુધો ચલાવી તેમનું સર્વાંગ વ્યાકુળ કરી વશ વર્તાવા ધારણ કરી દર્શન દેતા હોય તેવા હતા.

હે સખી! એના વાંકડા કેશ વેષ્ટિત મુખ કમળ મંદહાસ્ય વાળુ હતું. એ ખીલેલા કમળની મકરંદ લેવા ભ્રમરો આવીને બેઠા હોય તેવા કુંચિત થયેલા વાંકડીયા કેશ મનોહર હતા. તેણે મારી ધીરજ હરી લીધી છે, એ સ્વરૂપ સુંદર વિના બેચેન દુઃખી વ્યાકુળ છું.

(એવા શ્રીવિટ્ઠલેશાનુરાગી અધુના ભક્તોને પણ ફલદાન થાય છે)

(રાગ—આવો આવોને નંદના લાલ માખણ ખાવાને)

મેં જોયા શ્રી જમુના ઘાટ,

શ્યામ મારા સ્વપ્નામાં, (૨) ટેક૦

છુટી વેણી શિર મુકુટ બિરાજે,
મોરલી મનોહર હાથ રે;
ગોપી વૃંદમાં ઘેલો થઇ ઘુમતો,
રમે રાધા સંગ રાસ. ૧
સુંદર સોહામણું પીળુ પીતામ્બર,
કટી કંદોરડો ઢળકેરે;
થનન થેકરે ઘુઘરા ઘમકે,
મુરલીને તાન સુર મળતો. ૨
આતુર અંતર ઝાલ્યું ઝલાય ના,
તાલાવેલી તન ભારી રે,
ઘેલછા વ્યાપિ ઘુમવા લાગી,
દીધી ત્રિકમજીએ તાળી. ૩
ઝબકી જાગી ઝુરતી ઝાઝુ,
જલહલે વિરહી આગ રે;
સ્વપ્ને પામી વ્યાસ સ્વામિની,
શ્યામ સુંદરનો સોહાગ. ૪

શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણની સ્વપ્નદર્શનની વાત સાંભળી દામોદરદાસજીએ મનથી મન સાથે સ્વરૂપાર્તીપૂર્વક જલપવા માંડયું કે જીવને નયન મળ્યું તો શું થયું અને ન મળ્યું તો શું થયું ? મારી વ્હાલીના વ્હાલાના રૂપની વાત સાંભળી હું તો એના સોહામણા રૂપસાગરમાં ડુબી જવાની તૈયારીમાં ન હોઉં તેવો આદેશ મારી આંખ આગળ તરે છે

એ વ્હાલી સખી લલિતા મારે કહેવાની વાત તો તને કહીજનહી. જ્યારે એ રસોમન્તના સ્વપ્ન દર્શનથી એવીદશા થઇ તો પ્રકટ દર્શન પછી તો જાણે શું કરશે! આ સ્વપ્ને એણે લલિત ત્રિભંગાકૃતરૂપને દર્શાવ્યું એટલે એના ડાબા ચરણમાં રહેલું તલનું મહા શોભાયમાન ચિન્હ એવું તો અનિર્વચનીય દેખાયું કે દક્ષિણ ચરણપર ચરણને વેષ્ટિત કરી કટિ ગ્રીવા અને ચરણની ભગ્નાકૃતી દર્શાવી એવી રીતે રસદાન કર્યું કે નીચેના પાત્રમાં ઉપરનું પાત્ર નમાવી રસથી પાત્ર ભરે તેમ એ પરમ રસપૂર્ણે મારામાં રસ રેડયો રસ પડતાની સાથે સ્વપ્ન સ્વરૂપ સંપાદિત થઈ ગયું રસાર્તી વધી પડી આરત હરણ કયાં છુપાઈ ગયો, અને સ્વપ્ન ઉડી ગયું, પછી શું સુઝે કેમ રહેવાય ? કેમ કળ પડે ? હું દર્શન દુઃખીની વાત સાંભળવાને, ધારણ કરવાને, તું કુશળ છું હું દુઃખણીએ પ્રેમગેલછા ભરી કથા કહી છે. ભકતો ભગવાનને પણ ધીર આપે તેવાં લીલા મધ્યપાતિ સ્થાયિભાવવાળા હોય છે.

શ્રીવિઠ્ઠલેશના અન્તઃપુરમાં શ્રીવહુજી બેટીજીઓથી લઇને સર્વપરિકર લીલા રસાવિષ્ટ સેવા રસાસ્વાદુ અલૈાકિક આનંદપૂર્ણ છે તેઓ પોતાના સેવ્ય શ્રીનવનીતપ્રિયાજીને મહા પ્રિય છે. હજુ આગળ કેવી રીતે ભાતે છે, તે વર્ણવે છે.

વિવેચન શું કરાય, શ્રીવિઠ્ઠલેશનો પરિકર હળીમળીને વિવિધ શૃંગાર સામગ્રી વિગેરેનો અલૈાકિક આનંદ લઈ રહ્યા છે તે સુખ શોભાનું દર્શન અહર્નિશ કરવા લક્ષ્મીજી પણ હર્ષને ધારણ કરે છે. જેવી સેવા પુષ્પાદિ હાર વેણી મુકુટ તીપારા

કુંજ નિકુંજ બંગલા વિગેરે સેવા તેવીજ વિવિધ સામગ્રીની સેવાનો સર્વ પ્રકાર શ્રીસ્વામિનીજીની મુખ્ય સખી શ્રીચંદ્રાવલીજી તેમણે પ્રાણેશ પ્રસન્ન કરવા પ્રકટ કરેલો છે.

તે અત્ર શ્રીવિઠલેશપ્રભુચરણે ગુપ્તરસ નામક ગ્રંથમાં નવે રસપૂર્ણ ભાવ રસાત્મક નાયકાભેદ સંયૂત રસપૂર્ણ ભકતોના દિવ્ય શ્રીઅંગ માધુર્યની સમશ્યાવાળો અલૌકિક સામગ્રીઓનાં સ્વરૂપ દર્શાવતો આ ગ્રંથ ભાવવાહી સર્વાત્મભાવી ભકતોને માટે પ્રકટ કર્યો છે. દુન્યવિમોહ છુટેલાને માટે આ ગ્રંથ છે. નિકુંજોમાં નિત્ય સિદ્ધ બિરાજમાન યુગલ સ્વરૂપ રાસ રસિક-મણિ નૃત્ય પરાયણનો મહારસ છે.

આ કૃષ્ણરસનું કર્ણ પુટે પાન કરનાર ભોગીને અંગે-અંગમાં આનંદની લહેરો ચડી સદાઆનંદ મગ્ન ફરે છે. તે ભગવાન પૂર્ણ પુરૂષોત્તમ પ્રાકૃત ધર્મ કર્મ રહિત પુર્ણ આનંદ રૂપ છે. તેમનો પરમ કમનીય રસ. કુટિલ કામ રોગી, ઇન્દ્રિય-લોલુપ, અસ્થિર, સ્મતિભ્રમ, વિવિધ વિષય સંમોહી બુધ્ધિભ્રતને માટે આ રસ નથી.

શ્રીવિઠ્ઠલેશપ્રભુ કહે છે.

હે કમલ નયન ? **'અસ્મદીય પદાર્થોનાં'** હું આપની વ્રજભકત છું હું વિનંતી ન કરું તો મારૂં બીજું શું બળ? જરા પ્રેમ ઉમળકાથી જણાવું છું કે હે રાજ? મારી પાસે બે પદાર્થ છે એક ગૃહ સંબંધી દુધ, દહી, ઘ્રત વિગેરે છે તેનો ભોગ કરવા લાયક આપ છો અને બીજો પદાર્થ મારા દિવ્ય સર્વાંગમાં મુખ નયન ભ્રકૂટિ કપોલ વક્ષ

સ્થલ પાદ વિગેરે અવયવો છે. એ ઉભય પદાર્થનો ભોગ કરનાર આપ શિવાય અખિલ બ્રહ્માંડમાં અન્ય કોઈ યોગ્ય નથી. અનુગ્રહ માર્ગમાં એવી પ્રેમ પ્રતિજ્ઞા પુર્વક પૃથા છે કે ભકતને જે કંઇ કૃપાથી અંતરાત્માએ આપ્યું હોય તેનો અંગીકાર આપે જ કરી ભકત હૃદયને શીતલ કરવું જોઇએ. વ્હાલા હું શું વિનવું. દેહ અને દેહના ધર્મ તથા દેહને જે કંઇ આપ કૃપાથી આવી મળ્યું હોય તે સર્વના અધિપતિ આપ જ સર્વાત્મા છો.

"લોક વિગીતં નાથ"—શ્લોકમાં—કોઇ લોકની આગળ મેં મારો અભિપ્રાય જણાવ્યો નથી. મારા પ્રાણ પ્રિયતમ આપ છો જેથી નિશ્ચય કરી રાખેલી વાત આપને કહું છું—હું ઘણા કાળથી વિરહતાપાગ્નિથી ધિકી જતીને ભીડી ભેટી અધર અમૃતનું પાન આપી શીતલ કરો. વળી પણ "દુગ્ધમધ્યે હેમપાત્રે" હે મારા પ્રાણવલ્લભ ? એટલુ દુધ તેમાં ઇલાકર્પૂરાદિ સુગંધી મીલાવેલુ સુવર્ણના કટોરામાં ધરેલું છે તેમાં સુક્ષ્મ આપ લાયક સુવર્ણની નાની કટોરી તરતી મૂકી છે તે વડે આપ નિશંકપણે, વણશ્રમે સસ્નેહ પાન કરો. આપ અમારા પ્રાણ પ્રીતમ છો કહીને એમ સમશ્યા કરી કે હે વ્હાલા ગોપીજન વલ્લભ ? સુવર્ણ વરણા પરમગૌર પુનિતભાવી વ્રજભકતનું અધરામૃત હાજર છે, તેનું કૃપાથી પાન કરો.

ઉપર પ્રમાણે વિવિધ ભોગ ચતુર ભગવાનને વિવિધ પ્રકારે વિનંતી કરી સર્વભાવે સર્વાત્મા નિવેદન કરતાં અહો

રાત્ર અને યુગો વીતી જાય તે ન જણાતાં રસની રીતથી ભક્ત સેવ્યને સેવે છે.

આ વલ્લભાખ્યાન છે તેમાં ગુપ્તરસ બધો પ્રકટ થઇ ન શકે.

કૃપા માર્ગના કપરા ત્યાગી,
સંયોગ વિયોગનો તેને સ્વાદ,
સેવ્ય રૂપ પર સર્વસ્વ વાર્યું,
ફલ તાપાત્મક રૂપ અલ્હાદ ૧
પ્રેમાત્મક પ્રભુ પ્રેમ વધારી,
ભુલવે ભક્તને ભવનું ભાન,
નિર્ભિક નિર્મળ કરે નિજ લાયક,
અનુગ્રહી દે અમૃત પાન. ૨
સેવક સેવ્યને પ્રત્યક્ષ જાણી,
સેવે સ્નેહથી રૂડા સ્વાદ;
પ્રેમીલા ઉર પ્રભુ બિરાજી,
તદન તજાવે દુન્યવી નાદ. ૩
પ્રત્યક્ષ પ્રકટે શ્રી પરમાત્મા,
જેના જેવા જેવા ભાવ;
કોઇથી માગે મુકુટ કાછની,
કોઇને વિરહ ઝુરાવે હાવ. ૪
કોયના વિવિધ ભોગ ને ભુકતે,
અન્યા રહે પ્રભુ રસ સંભોગ;

ભક્ત ચોરાશી બસો ભાવનનો,
સૌનો જોતાં જુદો યોગ. ૫
આસુરને આ વાત છે અવળી,
સરે ભક્તનું સુણતાં કામ;
વલ્લભી વ્યાસને હૃદયે રાજ્યું,
વલ્લભ વિઠ્ઠલ યમુનાં નામ. ૬

પરમકૃપાળુ શ્રીવિઠ્ઠલેશપ્રભુએ કરેલા બોધને વિષે સુદૃઢ વિશ્વાસ થઇ જશે. એટલે તેઓશ્રીનાં વચનામૃતનો મનઃકલ્પિત અર્થ ન કરતાં, શ્રીગુરૂ અને અનુભવીઓ જેવો અનુવાદ કરે છે, તેવી અર્થભાવના કરવા નિરન્તર સમય મલશે.

અરે ! જરૂર વૈષ્ણવેતો કલિકાલનો વખત છે એમ વિચારી, નિઃસાધનપણામાં દીનતાથી પ્રભુસેવા કરવી જ યોગ્ય છે. તેણે કરીજ શ્રીમદાચાર્યજીના ચરણકમલનો દૃઢાશ્રય થાય તેમ છે. અને જેમ જેમ શ્રીમદ્‌ગુરૂબોધના અભિમુખ રહી શ્રીકૃષ્ણની વિશુધ્ધ લીલાનું સંસ્મરણ થાય છે: તેમ તેમ શ્રીકૃષ્ણનું સેવન, સર્વોત્કર્ષભાવે પ્રિય થાય છે તેમજ એ પ્રમાણે સેવન પ્રિય થવાથી પરમ દૈન્ય પ્રાપ્ત થઇ દુનિયામાં માનવ જન્મ ધારણ કરી કરવા સરખું સકલ કાર્ય સિધ્ધ થાય છે.

એ પ્રમાણે શ્રીપ્રભુ વિરહથી પ્રકટિત દૈન્યસ્ફુર્તિના વખતેજ શ્રીલક્ષ્મીજીની માફક શ્રીપ્રભુને શિર નમાવાનો

સમય જાણી, શ્રીપ્રભુની વિરહાર્તિ થતાં તુરતજ વારંવાર તેઓશ્રીને વિનવી, તેમના વ્રજધામમાં અખંડ વાસની યાચના કરવી.

શ્રીલક્ષ્મીજીએ પણ શ્રીહરિભગવાનના ચરણકમલનું સુખ છોડી વ્રજવાસની ઇચ્છા કરી છે. તે સૂત્રને દયારામ પણ પૂરતી કરી સૂત્રને સુદૃઢ કરે છે.

ઘોળ.

વ્રજ છોડીરે વૈકુંઠ નહિં આવું,
મને ના ગમે રે ચતુર્ભુજ થાવું
ત્યાં નંદ કુંવર કયાંથી લાવું. ટેક૦

ઝાઈએ લલિત ત્રિભંગ મારે ગિરિધારી
સંગે સોહિયે જહાં રાધે પ્યારી;
તે વિના આંખ ન ઠરે મારી. વ્રજ૦ ૧

ત્યાં શ્રીયમુના ગિરિવર છેજ નહિ,
મુને આસકિત છે અતિ એહ સહિ;
તે વિના મુજ પ્રાણ પ્રસન્ન નહિં. વ્રજ૦ ૨

તહાં શ્રીવૃન્દાવન રાસ નહિં,વ્રજવનિતા સંગવિલાસ નહિં;
વિષ્ણુ વેણુ વાયાનો અભ્યાસ નહિં. વ્રજ. ૩

વૃક્ષે વૃક્ષે વેણુકાધારી, પત્રે પત્રે હરિ ભુજ ચારી,
એવા વ્રજ રજે ચો મુકિત વારી. વ્રજ. ૪

વ્રજવસવાશિવસખીરૂપથયા, હજીઅજવ્રજને તલસતારહ્યા
થયા ઉદ્ધવ તે ત્રણ કૃષ્ણ મયા. વ્રજ. ૫

સુખ સ્વર્ગનું કૃષ્ણ વિનાકડવું, મને ગમે ન બ્રહ્મસદન અડવું;
ધિક્ સુખ જેને પામી પડવું. વ્રજ. ૬

શું કરૂં શ્રીજી હું સહુપુજ્ય પામી, નથી મારો કોઇ
ભવનસ્વામી; મારા દાસ પણે શું રહી પામી વ્રજ. ૭

વ્રજજન વૈકુંઠ સુખનેઇ વળ્યાં,નાગમ્યું બ્રહ્મસદનમાંહે ભળ્યાં
અમો રહિશું સ્વરૂપાનન્દે મળ્યાં. વ્રજ ૮

ગુરૂબળે ગોકુલવાસી થઇશું, શ્રીવલ્લભ શરણે નિત્ય રહિશું;
દયા પ્રીતમ સેવી રસ યશ ગઇશું. વ્રજ. ૯

"સાતકુંવરના સાતેઘરમાં ઉપર પ્રમાણે લીલાઓ ગવાઇ રહી છે તેમજ આગળ ગાય છે."

મૂ.પ્રતિસદનશોભા અતિઘણી,ભણીવેદવદને ન જાય;
મકરન્દ માતા ભ્રમર ગુંજે, પક્ષીનાદ સોહાય. ૨૩
લીલાને અનુસાર કલરવ, કુજતા દ્વિજ શોભતા;
સ્વસ્વભાવત્યાગી ધ્યાનરાગી,કોઇકિભાવે લોભતા.૨૪

શબ્દાર્થ—શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણના સાતકુંવરના દરેક ઘરની અતિ ઘણી અલૌકિક શોભાનું વર્ણન વેદ પણ કરી શકતા નથી.

વળી તેઓશ્રીના મન્દિર આગળ, વિવિધ પ્રકારની મત્ત સુગન્ધ ફેલી રહેવાથી, તેની લપટ લેતા ભ્રમરો ગુંજાર કરી રહ્યા છે. તેમજ વિવિધ પક્ષિઓ પણ શ્રીપ્રભુની જેવી

જેવી લીલા તેને અનુસાર મધુરગાન કરતા શોભી રહ્યા છે. એટલુંજ નહિ પણ તેઓ પોતપોતાનો જાતિ સ્વભાવ તજી દઈને શ્રીમત્પ્રભુચરણના ગાન ધ્યાનમાં મોહ પામી તદ્રૂપ બની ગયાં છે.

વિવેચન—આ સાત બાળકોના સાતે ઘરમાં ભિન્ન ભિન્ન પ્રકારની લીલાઓ છે. તે લીલાઓનું શ્રદ્ધાપૂર્વક દર્શન ધ્યાન કરનારને જાતિ સ્વભાવ જરાપણ બાધ કરતો નથી. જ્યાં પક્ષિઓના સ્વભાવ બદલાઈ શ્રીપ્રભુની લીલાને અનુસરે છે; તો પછી જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ સંયુક્ત માનવોના જાતિ સ્વભાવ પલટાઈ પ્રભુલીલાને અનુસરે તેમાં નવાઇ શું ? ૨૩–૨૪

હે નિઃસાધનના ધનરૂપ પુષ્ટિપથપતિના ચિરણજીવી ! અને આપ નિકુંજસ્થલીયોમાં શ્રીયંદ્રાવલીરૂપ બિરાજો છો એવા આપનું સૌભાગ્ય ગૌરવ સ્વાધિન પતિકા સમાન સહજ સિદ્ધ છે. લીલા રસાવિષ્ટ પ્રીતમ પ્યારો નંદનંદન, અલબેલો નવેલો લલિત વિરોધ્ધ-ત્ આપશ્રીને વશ વર્તી છે. આપ શૃંગાર રસમય સાક્ષાત્ શ્રીકૃષ્ણજ છો જેથી શ્રુતિઓ રસોવૈસઃ કહી વર્ણવે છે.

આપ પુષ્ટિપુરૂષો-તમ કેવળ પ્રમેયરૂપ છો, રસિક ભક્તોના રસપ્રચુરત્તર ભાવ આગળ ભક્તાધિન છો આપનું મહાનસ્વરૂપ ભુલી જાવ છોઃ ભક્તાધિન બની ભક્તોના અનંત મનોરથો પૂર્ણ કરો છો આપ કોટિકન્દર્પ લાવણ્ય ઉપર કોટિ કામદેવ વારીએ તો પણ ઓછા છે. આપની અમૃત દૃષ્ટિની રસવૃષ્ટિ

કમનીય ભક્તોની કુંજ નિકુંજો પર થયાજ કરે છે જેથી ભક્તોના હૃદય કમલ કલકલાં રહેછે તે અણુભાષ્ય પાદ ચોથામાં "વાક્મનોધિકરણમાં કહે છે કે "વાઙ મનસિ દર્શનચ્છબ્દાચ્ય"

—: પુષ્ટિ ભક્ત :—

ભગવદાનંદનો અનુભવ કરતાં, મનમાં દર્શન દે શ્રીનાથ;
વેણુનાદનું શ્રવણ થતામાં, વાણી કરે શ્રીપ્રભુનો સાથ. ૧
વાક્પતિને વાણી વરતાં, ઇન્દ્રિયો તે સાથે જાય;
પ્રાણની મધ્યે મન પ્રવેશતાં, પ્રાણ પ્રભુમાં રસમય થાય ૨
પુષ્ટિનો મોક્ષ કેવળ સ્વરૂપાનંદ, મર્યાદા મોક્ષને જોવો નથી;
ભજનાનંદનો પૂર્ણ અનુભવ, શ્રીવલ્લભ જણવ્યો વેદમથી ૩
પુષ્ટિ તત્વ તે સુક્ષ્મ અતિગૂઢ, ગુરૂકૃપા તેને સમજાય;
વસમા વિરહે ઝુરતા ભક્તનું, અનુકરણ અનુભવીથી થાય ૪
આનંદાત્મક ધર્મપ્રભુનો, વિકટ વિરહી ભક્તમાં નીતઃ
દુઃખનું સ્વપ્ન નથી ત્યાં જરાયે, પૂર્ણાનંદી વહે છે પ્રીત ૫
પ્રગાઢ વિરહ પ્રાણ હરતદર્પિ. પ્રાણ ન જાય પરમાનંદ થાય;
પૂર્ણરૂપ દે પકટ સુખ ત્યાં, અગાવલીલા સ્વાદ પમાય ૬
પ્રથમ સાસારે જતાં નવવધુ, જેવી આનંદથી હુલસાય,
જીવમાં ત્યમ આનંદ પરસતાં, સ્વામી શ્યામ સુખદદર્શાય ૭
આનંદમયદેશેપદાર્થ આનંદમય, સાજસાજંદાઆનંદપુષ્ટ;
વ્યાપિ વૈકુંઠે અક્ષરધામી, રાસરસિક રહે રસથી જુષ્ટ ૮
નિર્દોષ રંગીલો રસથી રસદે, ત્યાં ન ઉભી રહે મુક્તિ રાંક:
વદે વલ્લભી વ્યાસમાતરનો, ભગવન્ ભોગે ભક્ત નિશાંક ૯

કેવલ રસાધિપ હે મહા સૌદર્યના મેરૂ ? શ્રીવિઠ્ઠલેશ કહુ કુ શ્રીચંદ્રાવલીજી કે; "વસ્તુતઃ કૃષ્ણ એવ" કહુ આપની હલન ચલન પ્રત્યેક વચનોની ઉઠાન ભ્રોંહ મરોર સમસ્યાઓ વેદની ધ્વનિઓ સહ પ્રત્યેક લીલા કમનીય છે.

તેનો અનુભવ દર્શનાતુર સેવકો પુષ્ટિમાર્ગીય મંદિરોમાં પ્રતિદિન નવીન નવીન પ્રકારનો કરે છે. હોરીના દિવસે હાનના દિવસો રાસના રંગીલા રસદાર દિવસો, હીંડોળાના દિવસો શ્રીયમુના કીનારે અનંત પ્રકાર કુંજ નિકુંજ ઉપકુંજ મહા-કુંજોમાં પક્ષીગણો ન્હાવ ખેલ સાંજી છાક લાલા અન્નકુટોત્સવ નંદમહોત્સવ માન ગાન ધ્યાનાદિ અનંત રસલીલાના રસિકો રસથી દર્શન કરતાં રસાધિપ ને વંદતા તૃપ્ત થતા નથી.

જરૂર આ ભકતો કેવાં છે. કોઇ ઉત્કંઠિતા પ્રીતમને મળવાની ઉત્કંઠતા દાબી દબાય ના અનુક્ષણે આતુરતા વધે તેવા કંઈક પ્રકારના અનુપમ અલૌકિક મનોરથવાળા ભકતો છે.

શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણનો પરિવાર રસરોળ રસ ભરેલોછે. કુંજ નિકુંજમાં અનંત શોભાને ધારણ કરનારી સુંદર મુખી કૃષાંગ્યા શ્રીચંદ્રાવલી તેનો પરિકર કેવો હોય? તેની દશા કેવી હોય? એ મલકતા મુખાબ્જુજી, કોટિ મન્મથનું માન હરનારા મદનાતિ મનોહર દ્રાક્ષ નિકુંજ નાયકની મન હારિણી શ્રીરાધિકા, તેની પ્રિયમાં પ્રિય સખી છે. તેનો પરિકર પણ પ્રત્યેક નિકુંજની મહદ્ નાયકારૂપજ હોય, તેમાં સંશયને સ્થાન નથી.

એ પરમ અલૌકિક સ્વરૂપાનંદનિમગ્ન પરિકર હાલ પણ કંઈક સુખ આપ્યા કરે છે

(જેન અંતરમાં જેવું તાન તેને તેવું માન છે.)

કેવળ મહા અલૌકિક આનંદ પરમાનંદની લહેર પશુ પક્ષીથી લઈ જ્ઞાની ધ્યાની જડ કોઇને પણ ચડે તો જરૂર ઉપર કહી ગયા તેવા સર્વ મનોરથોથી મન મગ્ન થઇ ફરે છે. કૃપા માર્ગમાં ચઢેલા કૃપા પાત્રોને યુગ પ્રભાવી પીળીયા રોગથી ગ્રશિત પરખી શકતા નથી.

શ્રીવિઠલેશનો શું શું અનુભવ આપુ એમને કેમ કેમ કેવી પ્રકારે વરણવવા ? ગુપ્તરસ, નામક ગ્રંથ જોતાં સ્વપ્ન દર્શન ગ્રંથ જોતાં, વિજ્ઞાપ્તિયે જોતાં અગાધ રસરૂપ છે. આ શ્રીચંદ્રાવલીજીના અંતરના આનંદની લહેર જેને ચડે તેની નિદ્રા, કામ, ક્રોધ, અન્યથા મોહ, લોભ કોઇ નસમાં ઉભો ન રહે તેવો એમનો પ્રગાઢ પ્રતાપ છે. પ્રેમ ગાભરી વસમા વિરહ વિકલથી વિલાપતી, વૃન્દાવન ભૂષિણીની કથા તો યથીજ સાંભળવા જેવી છે. શ્રીલલિતાજી રૂપ વૈષ્ણવ શિરોમણિ દામોદરદાસ તેમની દ્વારા ભાવુકોનાં ભાગ્ય ખુલ્યાં છે. સર્વ કથા રસ ત્યાંથી રેલ્યો છે. શૃંગારકલ્પદ્રુમ શ્રીવિઠલેશપ્રભુના હૃદયમાંથી રસીલી રસદાર વાતને કઢાવનાર દામોદરદાસ જેવા પ્રભુએ પ્રકટ ન કર્યા. હોત તો અનંત યોનિના આવેશને લઈ આવેલા જીવો શું જાણત?

—શ્રીવલ્લભવિકુલના શ્રવણ ભકિતવાન વિરલા—

શ્રીવલ્લભાચાર્યજીએ શેઠ દીનકરદાસને શ્રોતામાં અગ્રગણ્ય ગણ્યા છે.—શ્રીમહાપ્રભુજી કથા કહેતા ત્યાં જઇ દીનકરદાસ નિત્ય કથા સાંભળતા.

એક દિવસ શેઠ દીનકરદાસ રસોઇ કરતા હતા. તેમાં ચુન બાંધીને ભાખરી તૈયાર કરી રાખી હતી. એટલામાં શ્રીમહાપ્રભુજીનો જલધરીઓ જળ ભરવા જતો જોયો તેને દીનકરદાસે પુછયું, શ્રીમહાપ્રભુજી શું કરે છે ? તેણે કહ્યું પોથી ખોલી છે; હવે કથા કહેશે એ સાંભળી દેવતા તૈયાર છતાં અંગાખરી બરાબર શેકી નહી અને કાચીજ ઉતારી શ્રીઠાકોરજીને ભોગ ધરી સરાવી ખાઇને હાથ ધોઈ બીડી લઈ વસ્ત્ર પહેરી તરતજ કથા સાંભળવા શ્રીમહાપ્રભુજી પાસે ગયા—તે વૃત્તાન્ત જલધરીયાએ જોયું હોવાથી જલધરીએ શ્રીમહાપ્રભુજીને કહ્યુ કે જે રાજ શેઠ દીનકરદાસ કાચી અંગાખરી શ્રીઠાકોરજીને ભોગ ધરી ખાઇને આપશ્રી પાસે કથા સાંભાળવા આવ્યા છે. શ્રીવલ્લભાચાર્યજીએ દીનકરદાસને પુછયું કેમ શેઠ કાચી અંગાખરી ખાઇને આવ્યા ? અને ઠપકો દીધો કે જેને તમારા શ્રીપ્રભુ માનો છો તેમને કાચી રસોઈ કેમ ધરાય ? એવી ઉતાવળ કરી અહીં કથા સાંભળવા આવવુ એ ઠીક ન ગણાય. કથામાં શ્રીહરિના ગુણનું ગાન છે એ ગાન સાંભળવાને માટે શ્રીહરિનેજ કાચુ ખવરાવી અપરાધ લેવો ઠીક નથી.

શેઠે વીનંતી કરી અંગાખરી તો નિત્ય આવાની છે, પરંતુ આપશ્રીના વચનામૃતનું પાન કરવાનું મલ્યું છે તો કરી લેઉ, એજ ભાવના મારી વધી પડી.

તે વખતે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે મારી કથાના મુખ્ય શ્રોતા તમોજ છો જેથી જ્યારે તમો રસોઇ કરી ભોગ ધરી ખાઇ પરવારી આવશો ત્યારે પોથી ખોલીશ

તમારા આવ્યા વિના કથા શરૂ નહી કરીએ, માટે નિશ્ચિતતાથી પહોચીને આવજો, તે દિવસથી શેઠ સતત શ્રીમહાપ્રભુજીના સાનુકુળ સમયે આવવા લાગ્યા.

" શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણનો સેવક શ્રોતા "

અલિખાન પઠાણ જ્યારે કથામાં આવતા ત્યારે શ્રીવિઠ્ઠલેશ પ્રભુ ચરણ પોથી ખોલતા, તેથી બીજા શ્રોતા કહેતા કે આ યવન આવે છે ત્યારે આપશ્રી કથા કહે છે. આપ અન્તર્યામીએ બધા ભાવિકોને કાલનો પ્રસંગ શું હતો તેમ પુછયુ કોઇએ જવાબ ન આપ્યો અલિખાન સામી નજર કરી તેણે કહ્યું કે રાજ કાલનો પ્રસંગ કહું કે જ્યારથી આવું છું ત્યારથી માંડી કહું. બધા ભાવુકો સજડ થઇ ગયા, મહંત પુરૂષો જે કરતા હશે તે સમજીને જ કરતા હશે—શ્રોતા તેજ કે વકતાથી મળતો એક શબ્દ નકામો ન જવા દે. પોતાના હૃદયમાં છાપી રાખે.

— ચૌદ પ્રકારના શ્રોતાઓ આ લોકમાં છે —

૧ **માટી**૨, ચાલની૨, પાડો૩, પોપટ૪, ઘોડો૫, બીલાડી૬, કાગડો૭, મચ્છર૮, જળો૯. કાણોઘડો૧૦, પશુ૧૧, સર્પ૧૨, શીલા૧૩, હંસ૧૪.

૧ મલીન કે સારા પાણીએ માટી પલળે, પણ પાણી સુકાયે માટી પથરા જેવી કઠણ થાય તેમ કેટલાક શ્રોતા સાંભળે ત્યાંસુધીજ નરમ, પછી કઠણ પથરા જેવા.

૨ ચાલની અનાજ ભરી હોય ત્યાંસુધી ભરેલી લાગે, પણ ચાળવા માંડતાં નાનું મોટું બધું નિકળી જાય ફકત થોથાં સ્થુલ રહે તેમ શ્રોતામાંથી પણ સાંભળેલું નજીવું રહે બીજું જતું રહે.

૩ પાડો૩ પાણીમાં પડયો શાંત લાગે બહાર નિકળતા પાગલ થાય, તેમ શ્રોતા સાંભળવા બેઠા ત્યાંસુધીજ ભગત જેવા દેખાય. ત્યાંથી બહાર નીકળે કે તરત તેનું રૂપ પ્રકાશે.

૪ પોપટ૪ પઢો પોપટજી શ્રીભગવાન તેમ બોલે પણ કંઇ સમજે નહી તેવા શ્રોતા સમજ વગરના ઘણા હોય છે તેને સમજાવ્યું પણ વ્યર્થ છે.

૫ ઘોડો૫ સવારને આધિન ત્યાંસુધી સખણો રહે, લગામ છુટી કે રખડવે ચડે, તેમજ શ્રોતા કથા મંડળમાં હોય ત્યાંસુધી ઠીક બેસે બહાર નિકળે કે ભટકવે ચડે, સાંભળેલાનો વિચારજ નથી કરતા.

૬ બીલાડો૬ આંખ મીંચીને બેસી રહે પણ ઉંદર મલ્યો કે તરાપ મારી ઝડપી લે. તેમ શ્રોતા આંખ્યો ઢાળીને કથામાં બેસે પણ કંઇ સ્વાર્થની વાત સાંભળી આવતાં તરત ઉંઠી જાય.

૭ કાગડો૭ ઉત્તમ પદાર્થો ખાધા પછી પણ વિષ્ટામાં ચાંચ બોળે છે–તેવોજ શ્રોતા કથામૃત પીધા પછી પણ અનેક વિષય વિષ્ટા ચુંથે છે.

૮ મચ્છર૮ લોહી તરસ્યો રહે છે. કાન આગળ ગણગણે છે તેમજ બબડાટીયો શ્રોતા કથામાં સૌના કાન ખાઇ જાય, કંટાળો આપે છે.

૯ જળો૯ બીજાનું લોહી ચુશી જાણે છે પરંતુ પચાવી શકતી નથી. તેમ શ્રોતા વકતાનો કસ કાઢે છે પણ કથારસ હૃદયમાં સ્થિરાવી શકતો નથી.

૧૦ કાંણોઘડો૧૦ ખુબ ભરાય પણ તરત પાણી નિકળી જાય તેમ કાણા ઘડા જેવા શ્રોતા કથા રસ ભરે પણ તરત બલવઇ કોરા ધાકોર થઇ જાય છે.

૧૧ પશુ૧૧ ગમે તેટલું ભણાવો પણ ભેંશ આગળ ભાગવત જેવું, તેવો શ્રોતા પશુ જેવો હોય છે. તેને કંઇ ગમ નથી.

૧૨ સર્પ૧૨ ને કેવું અમૃત પાવ પણ તેનું ઝેરજ થવાનું, તેમ કાળા નાગ જેવો ઝેરીલો શ્રોતા ગમે તેવું કથા અમૃત પીએ છતાં એનું હૃદય ઝેર વેરથીજ છલકાતુ રહેવાનું.

૧૩ શીલા૧૩ તેના પર ગમે તેટલું પાણી રેડો પણ પલળશે નહીં, તેમ પથ્થર જેવો દુર્જન તે કદી શિક્ષાથી સજ્જન થશે નહી એનો ઉપાય ભૂતલમાં નથી.

"દુર્જન સજ્જને કર્યું મુપાયો નહિ ભૂતલે."

૧૪ હંસ૧૪ જેમ પાણી છોડી દુધ પી જાય છે તેમ તત્વના પ્યાસા શ્રોતા ભગવદ્ રસનું જ પાન કરે છે બીજુ બધું જ તજી દે છે ભગવદ્રસ ભક્તોનું પરમ ધન છે,

"રૂડા હંસલે દુધનો સાર કાઢી,
ભુંડા કાગડા ચાંદુ શોધે અનાદી."

(શ્રીવિઠલેશ–શ્રીવલ્લભ તથા તેમનો પરિકર મળી યશોદોત્સંગ લાલિતના યશને ગાયછે) સાતે ઘરમાં શ્રીવહુજીઓ અને બેટીજ્યો મળી સર્વ વલ્લભીયોને ગવરાવે છે અને વિવિધ પ્રકારે ગુનગાન કરે છે તે નિચે પ્રમાણે છે.

શ્રી ઘનશ્યામાય નમઃ

(રાગ ચિન્તનનો)

નવીન અશાડી મેઘશા મનહર, કમલ નયન બંસીવાલા;
શ્રીગોપીજન વલ્લભ તમને, વ્યાસ કરે કાલાવાલા. ૧
મુકુટ બાજુબંધ ધરેલા, કંઠે મણિમાલા ધારી;
કનક કુડલ લોલ ચમકતાં, વ્યાસ એ દર્શન પર વારી. ૨
સુર વનિતા યુથ સેવી રહ્યું છે, કમલવદનની હસ્તિ કાન્તિ;
ત્રિલોક વિમોહન ગોપીવલ્લભ,જોઇથાય ભવ વ્યાધિ શાન્ત.૩
રત્નાકર મહાકલ્પ દ્રુમાશ્રય, કનક ભૂષણે ગોપીવૃન્દ;
તે મધ્યરાજે વ્યાસનો વહાલો,ગોપીપ્રીતમ શ્રીનંદનન્દ.૪
શ્રી વત્સ ને રોમ રસ રંજીત, કૌસ્તુંભ માલા ઉર રાજે:
કમલ કેશર શુ ધર્યુ પીતામ્બર, સદા વ્યાસના શિરતાજે.૫
દિવ્યાંગુલી પર વેદ વીંટીયો, મયૂર પિચ્છવાળા મનહર;
વનમાલા શ્રી અંગે શોભે, એજ વ્યાસનો વ્રજપતિ વર.૬
મુનિ મંડળે સ્તુતિ કરાયલા, ગોવર્ધનવાળા ગોકુળનાથ;
આપો પરમ કૃષ્ણામૃત સિદ્ધિ,કૃપાલ વ્યાસને રાખી સાથ.૭
પાપ સમુહે અંધ તે સામા, ભકત ચિન્તામણિ સર્વસમર્થ;
સર્વ રોગનું અનુપમ ઔષધ,ગોપીજનગુરૂ વ્યાસનું ગર્થ.૮

—૦—

રસિક સનેહી દીનતા ભજન અનન્યતા જુષ્ટ
દયા વૈરાગ્ય ઉદારતા તે જન કહિએ પુષ્ટ.

શ્રી વિઠ્ઠલેશાય નમઃ

હે શ્રીવલ્લભ લાલ લાડીલા, દિવ્ય સ્વરૂપે દીલથી મોહી;
અવર ઉપાધિને સૌ તૃષ્ણા, રૂપ સરોવર નાંખી ધોઈ. ૧
મહા મુગ્ધ હું અતિ અજ્ઞાની, તે પર કરૂણા દૃષ્ટિ જોઇ;
આપ કૃપાના તાંતે મારૂં, સઘળુ જીવન રાખો પ્રોઇ. ૨
હવે ન છોડુ પકડ્યો પલ્લો, વણ સંજોગે રહિ છું રોઇ;
વ્યાસપતિ રાધાદાસીનું, આપ વિના નથી વિશ્વે કોઇ. ૩

શ્રી ગુરૂભકિતની અધિકતા એટલી બધી બળવાન છે કે આખ્યાનો વાંચતાં વાંચકો સંશયગ્રસ્ત થાય છે કે આ તે શ્રીવિઠ્ઠલેશનું વર્ણન કહે છે કે સદાનંદ શ્રીકૃષ્ણને કહે છે? એમ ઘણાજ ભકતો ભગવાન અને શ્રીગુરૂરાજને એકજ કરી વર્ણવે છે તે નિચે છે.

પ્રિય નવનીત પાલને ઝુલે, શ્રીવિઠ્ઠલનાથ ઝુલાવે હો;
કબહુક આપ સંગ મિલ ઝુલે, કબહુક ઉતર ઝુલાવે હો.

તેવાં પદ ભકતોના ઘણાં છે. પરંતુ અત્ર તો લલિતલાલની મનોહરતાનું વર્ણન છે. તેમનું વિવિધ પ્રકારનું ગાન છે.

— પાલનું ધન્યાશ્રી —

ઝુલો પાલ ને નંદ નંદ (૨) ટેક૦
નંદ આંગણે આનંદ વાંધ્યો, વ્રજમાં થઇ સૌ જાણુ;
લાડસ ઘેલો લ્હેરી ઝુલે, શ્રીગોપીજન પ્રાણુ. ઝુલો. ૧
ઘર ઘરથી ગોપીગણ મળીને, આવે થોકા થોક;
હરખી નિરખી વ્હાલીડા પર, વારે ઉદે લોક. ઝુલો. ૨
કોટિચંદ સમ ચારૂ મુખડુ, પંકજ દલ શાં નેન;

દીપ જ્યોતશી નિર્મલ નાશા, વણુ દેખ્યે ના ચેન. ઝુલો. ૩
કોમળ અધર અરૂણ અનુપમ, રંગે રાતા ચોળ;
સર્વાંગ કાન્તિ શ્યામ મનોહર, ભ્રુકૂટિ વંક રસ રોળ. ઝુલો. ૪
કરિ અંકુશ શા વાળ વાંકડા, ઝુમે ભાલ કપોલ;
ઉભય દંતુલી હીરા કણશી, નાશા મુકતા લોલ. ઝુલો. ૫
કુંકુમ આડ લીલાટ ચાંદલો, કંઠ મરકત મણિ માલા;
પદ્મ અંગુષ્ટ ધાવે પરમાનંદ, કાજળ ટપકુ ગાલ. ઝુલો ૬
નવે રત્નથી રચ્યું પાલનું, ઝુમણાં ઝાકમ ઝોળ;
કનક કલશે હીરામણિ જડીયા, ચોકી રત્ન અમોલ. ઝુલો ૭
મુકતા ગુંથી કુમતાળી દોરી, ખેંચી ગાય હાલરડાં;
ઘુઘરા ઘમકે ઝાંઝર ઝમકે, ચુંટકી ઝાંઝ ઝાલરડાં. ઝુલો ૮
હંસ મોર કારંડ કોકીલા, પોપટ મેના પપૈયા;
પ્રીરકી ગાય કેહરિ કરિ, ઢોલ મૃદંગ કિન્નરીયા. ઝુલો ૯
કૃષ્ણજી કન્યા લાવશું કાલે, પરખી મોટા ઘરની;
ઘોડે ચઢાવી લાડણી લાડો, કરૂં પરકમા નગરની. ઝુલો ૧૦
રસ ઘેલા તું રમવા જાતાં, માખણ મીશ્રી દઈશ;
જમવા વેળા આવીશ નહિ તો, સોટી લઈને ધઈશ ઝુલો ૧૧
શંકર શેષ તારો યશ ગાવે, ધરે નિરજ મુનિ ધ્યાન;
સ્વપ્ને વ્યાસ શ્રીહરિને ન આવે, ધ્યાને કરે રસ પાન. ઝુલો ૧૨
પ્રેમ રસાત્મક કૃષ્ણ શ્રીવિઠલ, કો થી વરણ્યા ન જાય;
વલ્લભી વ્યાસ માતરનો વાશી, ગુરૂ કૃપા ગુણ ગાય. ઝુલો ૧૩

શ્રીવલ્લભ:

પદ

હરિ વદન લાવણ્ય દ્વિજવર, આધિ દૈવિક વ્રજેશ્વરી
ભ્રમ્બુ ભાનજા કીર્તીકુમારી, પુષ્ટિ પ્રવર્ત્તક પથેશ્વરી–૧
પરાત્પર રસમૂલ પરબ્રહ્મની, મહા રસિક રાસેશ્વરી
સંયોગ વિયોગ રસથી વેષ્ટિત, રાસસ્થાની રસેશ્વરી–૨
ગોપી પ્રીતમ પૂર્ણ રસ નિધિ, પૂર્ણ રસમય પ્રાણેશ્વરી
યુગ્મરૂપથી પ્રકટ તૃતીય ફલ, સર્વાંગ શુદ્ધ અગ્નેશ્વરી–૩
સ્ત્રી પુંભાવ ભર્યું રસવિગ્રહ પ્રાકૃત રહિત પર ઈશ્વરી
સચ્ચિદાનંદ પરબ્રહ્મ પરમગૂઢ, સ્ત્રીભાવ પૂર્ણ દ્વિજેશ્વરી–૪
મહા કૃપાલ રસરૂપ ભકિતદા, વરણ કરણ વરદેશ્વરી
માતરવાશી વલ્લભી વ્યાસની, સંપદા શ્રીકૃષ્ણેશ્વરી–૫

શ્રીવિઠ્ઠલેશ

રસિકવર તું હૈયાનો હાર કે મુજ મનમાં વસ્યો રે લોલ;
તારૂં મહા મનોહર રૂપ, મદન જોઈ પાછો ખસ્યો રે લોલ. ૧
ભવ્ય કોઈ ભ્રુકૂટિ ધનુષ કમાન ૦હાલથી વળી જતી રે લોલ;
વિકટ કંઈ મારે મદનનાં બાણ, કટાક્ષની અજબ ગતિ રે લોલ. ૨
કમનિય કુંદ કલિશા દંત, કપોલ સંપૂટ ધરે રે લોલ;
અહા શું અધર તણી અરૂણાઈ સૂરજ સુરખી હરે રે લોલ. ૩
કહું શું કુંણા ગાલના ગાડ,, ઘાવ ત્યાં દંતના લોલ;
હલેતા હસતાં પુછુ હેત કે. કોણ ગુણવંતના રે લોલ. ૪
સચિકણુ કંઈક વાંકકા કેશકે, કરિ અંકુશ વસે રે લોલ;
જાણે અનંત વાસુકી બાલ પતાલ, તજ મેરૂ ધસે રે લોલ. ૫

વારી જાઉં વિમલ વદનની કાન્તિ કે, પૂરણ ચંદ્રશી રે લોલ
હીરામણિ મુકુટની ઝલક વિશાલ કે, અનંત મયંક શી રે લોલ ૬
ભાનુ શાં ભૂષણ કર્ણે ભવ્ય કે, પ્રચંડ પ્રકાશતાં રે લોલ;
કપોત શા કંઠે નવશર હાર કે, રત્નો વિકાશતાં રે લોલ. ૭
રવિજાશી હૃદયે રોમની ઝરણી, નાભી હૃદમાં મળે રે લોલ
બલવિરના બાજુ બંધે કુદનાં, ભ્રંગ શાં ભુજે ભમે રે, લોલ. ૮
નનકડાં જાણે મયૂરનાં બાળ કે, કલ્પ વૃક્ષ ડાળે રમે રે લોલ
કંદોરડો પીતામ્બર પર સોહે, ચપળા ચમકારે ભળે રે લોલ. ૯
નટવર પદ નુપુર ઝનકાર કે, મોરલી સુરે મળે રે લોલ;
હરિવર હરખે ઢેલે સાથ કે, વેચાણાં વિન મૂલે રે લોલ. ૧૦
રસીલા તારા રૂપની રાસ, નિચે હું દટઈ ગઇ રે લોલ;
નિભાવજો માતરવાશી વ્યાસ, રસની હેલી થઈ રે લોલ. ૧૧

—૦—

હે નિ:સાધનજનોદ્ધારક ગુણસાગર પ્રાણનાથ! આપના સાતે ઘરમાં કેવળ જ્યાં ત્યાં મંગલગાન મધુર કંઠી માનનિયો અને વહુજી બેટીજીથો મળી કરે છે. કોઇ પલને ઝુલતાં ગાય છે તો કોઇ એ મનોહરના રૂપને હૃદયમાં ધારણ કરતી ગાય છે એ સર્વના મનોરથ પણ શ્રીવિઠ્ઠલેશ પ્રભુ કરે છે.

"હવે પ્રભુ પોઢયા પછી તેમના ગુણાનુવાદ કરવા ભકતજનો ભેગા થાય છે તે આગળ વર્ણવે છે."

મૂ૦ સહચરી રત્ન સુકુંડ નાદે, ગાન સુયશ પ્રકાર;
રસિક જન સૌ સંગ મલીને, કરે તે ઉચ્ચાર. ૨૫

એણી પેરે લીલા કરે, શ્રીવલ્લભરાજ કુમાર;
ભકતજનના કોડ પૂરો, આપો ચરણ વિહાર. ૨૬

શબ્દાર્થ—શ્રીવિઠ્ઠલાધીશનાં શ્રીવહુજી તથા બેટીજીના જનાનામાં રહેનારી સહચરીઓ, તેમાં પણ અત્યુત્તમ મધુર કંઠવાળીઓ પોતાના રસિક સ્વરથી, શ્રીમદ્વલ્લભપ્રભુના વંશનો ભૂતલપર સારી રીતે પથરાયલો યશ, તેનું ગાન કરે છે. અને બહારનું વૈષ્ણવ મંડળ, ભીતરથી સરી આવતા, મધુરા અને ગંભિરઆશયવાળા યશને ઝીલીને ગાઇ રહ્યા છે.

એ પ્રમાણે શ્રીમદ્વલ્લભકુંવર—શ્રીવિઠ્ઠલેશ, સાતે સ્વરૂપ પ્રકટ કરી, પરમ અલૌકિક અને અનીર્વચનિય લીલા કરે છે. તેનું દર્શન કરી, પરમ ભાગ્યવાન શ્રીગોપાલદાસજી દીનતાપૂર્વક વિજ્ઞાપન કરે છે કે—હે શ્રીવિઠ્ઠલાધીશ! હું ભકતજન તેનો મનોરથ એ પૂર્ણ કરો કે:—મારા અન્ત:કરણની આસકિત કેવળ આપશ્રીના ચરણકમલમાં નિરન્તર રહે, તેવી કૃપા કરો. ૨૫–૨૬

વિવેચન—શ્રીવિઠ્ઠલેશ્વરપ્રભુચરણના સાત લાલજીઓના સાતે ઘરમાં, જે સપ્રેમ રૂડી રીતે શ્રીપ્રભુસેવા થાય છે, તેવી ભાવપૂર્વક સેવા કરવાનો નિશ્ચય રાખવા, વૈષ્ણવોને ભકત કવિ શ્રીગોપાલદાસજી સૂચવે છે. કારણ કે—શ્રીકૃષ્ણની સેવા એજ વૈષ્ણવનું કર્તવ્ય છે; અને તદનુકરણ ભાવને લીધે, પ્રભુમાં પ્રપત્તિ વૃદ્ધિ પામે છે તેમજ પ્રભુ પણ સેવા વડે સંતુષ્ટ થઈ સર્વ મનોરથ સિદ્ધ કરે છે.

પુષ્ટિમાર્ગની રીતિ પ્રમાણે શ્રીપ્રભુ સેવા કરનારા ભકત તો સેવાનેજ પૂર્ણ માને છે. શ્રીમદ્‌ભાગવતમાં સ્કં. નવમામાં ભગવાને આજ્ઞા કરી છે કે—

મત્સેવયા પ્રતિતં ચ સાલોક્યાદિ ચતુષ્ટયમ્।
નેચ્છન્તિ સેવયાપૂર્ણાઃ કુતોઽન્યત્કાલ વિપ્લુતમ્॥

અર્થાત્—મારી સેવાથી જેમને સાક્ષાત્કાર થયેલો છે, એવા ભકતજનો સાલોક્યાદિ ચતુષ્ટય મુકિતઓને પણ ઇચ્છતા નથી. કેમકે તેઓ મારી સેવાથીજ પૂર્ણ છે. તો પછી કાલમાં ડુબી જતા સ્વર્ગાદિક રાજ્ય વિગેરેના સુખની ઇચ્છા કરેજ શાના ? જરૂર ન કરે તે વાસ્તવિક છે.

જુવો ભગવાનનેા કૃપાળુ સ્વભાવ તો જુવો ? દુષ્ટ પૂતનાએ પ્રભુને મારવાને કાલકૂટ ઝેર (સ્તનમાં ભરીને) પાયું હતું તથાપિ તેને માતાની ગતિ આપી. શું પ્રભુશ્રીની કૃપાળુતા છે ? જરૂર એઓશ્રીને શરણ થનારના અને એમનું સેવન કરનારનાં ભાગ્યની દશા વર્ણવી શકાતીજ નથી. ઉપર પ્રમાણે માહાત્મ્ય જાણીને ભકત કવિશ્રી કહે છે કે—

હે રૂક્ષમણિરમણ ! આપની કૃપા થાય તેવું દૈન્ય મારામાં જરા પણ નથી માટે આપેા ? અને મારા કેાડ એજ પુરવાના કે આપ મારા જન્મજન્મના સંગાતી પ્રાણપતિ શ્રીપ્રભુ આપના સંગમ વિના સર્વ મારા મનેારથ વ્યર્થ છે. જેથી હે પ્રભુ ! હું જીવ,ચિત્તથી, વચનથી, કાયાથી, ક્રિયાથી, જ્ઞાનથી અને ભજન વિગેરે સર્વ પ્રકારથી રહિત દુષ્ટ છું. મારા

અપરાધનેા વિચાર કરશેા તેા, પાર આવે તેમ નથી માટે દેાષ ન વિચારતાં મારા કેાડ પુરશેા. મારા દેાષેા ઘણા બળવાન છે તથાપિ આપની કૃપા આગળ કેવળ દુર્બળ છે.

કુસેવકા નામ ભવન્ત્યેવ નાહું સ્વામિ તથા વિધ:
માવિચારયચિત્તેસ્મદ્‌દોષાન્દીનદયાનિધે (વિજ્ઞપ્તિ)

હે પ્રભેા ! સેવકેા કુસેવક થાય છે–પરંતુ સ્વામી કુસ્વામી થતા નથી, માટે હે દયાનિધિ ! અમારા દેાષેાને આપ ચિત્તમાં ધરશેા નહિ, અને અમારેા ઉદ્ધાર કરેા કેમકે કૃપા કરવી એ ઐશ્વર્ય ધર્મ છે, અને દેાષ કરવેા એ જીવ ધર્મ છે, એટલે ઈશ્વરની કૃપારૂપ ધર્મ આગળ જીવના દેાષનું શું ગજુ ?

હવે તેા મને આપના દર્શન વિના એક પળ પણ જીવવું હે નાથ ! યુવાવસ્થાની હિનભાગી વિધવા સ્ત્રીની માફક વ્યર્થ જ લાગે છે. **સાન્નિધ્યમેવવાઞ્છામ: સ્વાચાર્ય ચરણાશ્રિતા: ।। દૂરસ્થિતા કથંનાથ સ્થાસ્યામેા વિધવા ઇવ. (વિજ્ઞપ્તિ)**

માટે હું મહા દુષ્ટ છું. અને આપ પ્રભુ છેા ! અને મારેા શ્રીમદ્‌ભગવદ્રદનાવતાર શ્રીમદાચાર્ય પ્રકટિત પુષ્ટિ-માર્ગમાં સંબંધ થયેા છે. માટે આપ અમારા સ્વામી છેા તેમ છતાં અમે વિધવાની માફક કેમ દૂર રહીએ તેથી મારા ઉપર કૃપા કરી, નિરન્તર આપના ચરણકમલમાં વિહ-રવું કાયમ રહે તેમ કરેા.

આપની નિત્યલીલામાં મારો નિવાસ આપ કૃપાથી કરો એજ માગુ છું.

— શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણ —

પદ

અનંત ગુણ નિધાન શ્રીવિઠ્ઠલ, ગાતાં પ્રેમભક્તિ પ્રકટાય;
કેવળ નિત્ય લીલાનો હૃદયે, કૃપાલ કૃષ્ણનો રસ લહેરાય. ૧

ભક્તિમાં ત્રણ ગુણ છે એવા, પુણ્ય મેળવે પાપો જાય;
વિષય વાસના વિરાગ પામી, અખંડ હરિરસ લેતો થાય. ૨

સ્નાને શુદ્ધિ દેહની જાણો, સત્સંગ સેવ્યે પ્રજળે પાપ;
પ્રભુ નામના ગાન ધ્યાનથી, જાયે જન્મમરણ સંતાપ. ૩

નિજ સેવા અર્થે સૌ ઇન્દ્રિ, આપી પ્રભુએ કૃપા કરી;
દિવ્ય બુદ્ધિનું દાન ઉપરથી, દીધુ કરૂણ દૃષ્ટિ ભરી. ૪

પ્રભુ કૃપાના દુરૂપયોગથી, જીવ જન્મારો હારી જાય;
ચેતી ચાલ્યે પ્રભુ સંભાળે, તે જણ અવની ના અટવાય. ૫

અન્તર્યામી અલબેલાની, જેના ચિત્તમાં સ્ફુર્તી થાય;
અનંત જન્મનાંપાતક પ્રજળી, સુકૃત સામટાં શિઘ્ર ફળાય. ૬

કમલનયન શ્રીકૃષ્ણ ભક્તિએ, કંઈક કુટીલોને તાર્યા;
સ્વરૂપાનંદ પામ્યા તે જનના, વિપરિત વિષયો સંહાર્યા. ૭

કૃષ્ણ કટાક્ષ જે કાળજ ગડીયું ભેટ્યા જે મધુરોત્તમરૂપ;
વણ સાધન પરમાનંદ પામ્યા, વ્યાસ રંક કે કેવા ભૂપ. ૮

આ અષ્ટમાખ્યાનમાં શ્રીવિઠ્ઠલેશનું મહાત્મ્ય ચરિત્ર અને સાતે બાલક પરિવારની પાપહારિણી કથાનું વર્ણન કર્યું. અને સાત કુંવરના સદ્ગનની શોભા સુધી વર્ણવ્યું. અને તેમના સુયશનું ગાન કરતાં નિત્યલીલા નિવાસની યાચના પણ કરી લીધી છે.

— શરણાષ્ટક —

શરણુ ને સંભાળી રાખવા, વ્હાલા વિપત શું ? કહો અમને;
અમો અધવચ્ચ રવડી પડશું તો, લાજ બધી અડશે તમને. ૧

સત્ વચની સત્ સ્વરૂપ આપનું, સત્ય આધારે સૃષ્ટિ સર્વ;
સત્યના સ્થંભે આભ ઉભું છે. અસતે ગયો સુરપતિનો ગર્વ. ૨

એક આધાર આપનો અમને, સમર્થ વ્હાલા સૌ ગુણનાથ:
જળ વિણ મિનને કેવો આનંદ, કહો પુછુ બેઉ જોડી હાથ. ૩

વૃક્ષ વાડ વિણ વેલ કયાં વિથરે, નોંધારાના હે આધાર ?
શરણુ માતરવાશી વ્યાસની, સંભાળ લેશો વારંવાર. ૪

ગતિ મતિ શક્તિના દાતા, પંચ તત્વની પુતળી હું;
નચવો ત્યમ નાચુ રાચુ છું, નિત્ય ખેલાડી વ્હાલો તું. ૫

તારા સ્મરણને શરણ પ્રતાપે, સૌનાં સૌ સંકટ ભાગે;
ભવમાં ભીતિ તારી ભર્તા, જણ સૌને સરખી લાગે. ૬

મુજને તારો પુરણ આશ્રય, શ્રીગુરૂ વલ્લભ તણા પ્રતાપ;
શરણું વ્યાસ સંભાળી રાખવા, વિવેકે વિનવું વારંવાર. ૭

નથી ત્રિગુણાત્મ દેવ તમો કોઇ, વાંકુ પડશે જાણી ડરૂં;
ભાઇલાલ છગન વ્યાસ માતરનો, સેવું સ્નેહથી વળી સમરૂ. ૮

ઇતિ શ્રી અષ્ટમાખ્યાનં સમ્પૂર્ણમ્

અથ શ્રી નવમાખ્યાનં પ્રારભ્યતે

આ છેલ્લા રસિક આખ્યાનના આરંભમાંજ મહાનુભાવ ભકતકવિશ્રીગોપાલદાસજી પોતાની જીવ્હાને અન્તઃકરણ વડે ઉપદેશ કરે છે કે:—હે રસના! તું નિરન્તર પ્રતિક્ષણ, પરબ્રહ્મપ્રભુવદનાવતાર શ્રીમદાચાર્યજીના પરિકરનું નામસ્મરણ કર! એજ આ કલિકાલમાં મુખ્ય કર્તવ્ય છે. એમ કહી પ્રાતઃકાલમાં ગવાતા બિભાસ રાગથી મીઠુ ગાવાનું શરૂ કરે છે.

રાગ બિભાસ.

મૂ૦ નિત્ય પ્રતિ ક્ષણુંક્ષણું સમરીયે,
શ્રીવલ્લભનો પરિવાર રે રસના
શ્રીપુરુષોત્તમ પ્રકટિયા જગત, કરેવાઉદ્ધારરે રસના.૧
કલિમાંકારણએહછે બીજું, સર્વે ભૂમિનો ભારરે રસના;
એવિનાબીજું સર્વે બાદલું, ચૌદલોકનોશણગારરેરસના.૨

શબ્દાર્થ—હે જીવ્હા! તું નિરન્તર અને પળેપળ શ્રીમદ્વલ્લભાચાર્યજીના પરિકરનું નામસ્મરણ કર? કારણ કે એ પરબ્રહ્મપુરુષોત્તમના શ્રીમુખરૂપછે. અને એમના કુલમાં

દૈવીજનોના ઉદ્ધારને અર્થે સાક્ષાત્ શ્રીપુરુષોત્તમ પ્રકટ થયા છે. ૧ એ પ્રભુ ચૌદલોકના શૃંગારરૂપ છે, અને આ કલિયુગનાં દુસ્તર, આવરણોને તરી, સુખસેવ્ય પ્રભુને શરણ થવા સબળ સાધનરૂપ, એ શ્રીવિઠ્ઠલેશજીના પરિકરનું નામસ્મરણજ છે. એ વિના બધા સાધન બાદલાં–દમ વિનાનાં છે, ૨

વિવેચન—આરંભની બન્ને કડીથી પ્રતિપાદન થાય છે કે–શ્રીમદાચાર્ય દૈવોદ્ધાર પ્રયત્નાત્મા છે. અને એ શિવાય તમામ સાધન તણખલાને તુલ્ય છે. એટલે બધાં સાધન બાદલાં દમ વગરનાંજ છે. માટે જીવે નિરન્તર પળેપળ ઘડીએ ઘડી, એએાશ્રીના પરિકરનું નામસ્મરણ કરવું એજ કલિકાલરૂપી સમુદ્રને તરવાનું સાધન છે.

ન સાધનૈસ્ત્વદીયાઃ સ્મઃ કિન્તુ અનુગ્રહતસ્તવ ।
સાધનં વા ફલં વાપિ કેવલાચાર્યસંશ્રયઃ ॥વિજ્ઞપ્તિઃ॥

હે શ્રીવલ્લભ! સાધનથી અમે કદાપિ તમારા વહાલા થવાના નથી, પરંતુ આપના અનુગ્રહથીજ અમે તમારા વહાલા ભકત થઇ શકીશું. માટે અમો જીવના, સાધનમાં ફકત આપનો (શ્રીવલ્લભનો) આશ્રય–શરણ એજ સાધન છે. બીજા સાધન બાદલાં છે. અને તે આપનો આશ્રય દૃઢ થાય તો પછી અમારે બીજા ફળની દરકાર પણ નથી.

એ પ્રમાણે ભકત કવિ શ્રીગોપાલદાસજી પોતાની રસનાને બોધવતા વૈષ્ણવોને પણ સૂચવે છે.

શ્રી વલ્લભનો પરિવાર

રાગ ભૈરવ (ધોળ)

પ્રથમ પ્રભાતે શ્રીગુરુ, વલ્લભનું લ્યો નામ;
પુરુષોત્તમ પૂરણકામ શ્રીમહાલક્ષ્મી પતિજી;
શ્રીલક્ષ્મણ રાજકુમાર, શ્રીઇલમ્માપુત્ર ઉદાર
શ્રીવલ્લભ પ્રાણ આધાર, ચરણે રાખો રતિજી. (૧)

શ્રીગોપીનાથ નિધાન, એ છે પુરણ પુરુષ પ્રમાણ;
જોગીજનને ધ્યાને ધરવા દોહેલા રે;
શ્રીવ્યાપક વિશ્વાધાર, સુખદાયક નંદકુમાર:
અક્ષરબ્રહ્મ અખંડ તે, કયાં થકી સોહેલાજી. (૨)

શ્રીગોવર્ધન ઉદ્ધરણ, શ્રીરાધિકા રમણ;
એ વ્રજજીવતી સુખકરણ, સેવીને સુખ માણજો રે;
શ્રીરુકિમણીરમણ, શ્રીપદ્માવતી પ્રાણજીવન રે;
શ્રીવિઠ્ઠલ તન-મન-ધન, તે અધિકા જાણજો રે. (૩)

કૃષ્ણ પ્રિયેશ્રીયમુનાજી, શ્રીમહારાણીજી નામ રે;
એ સરવે સુખના ધામ, શ્રીકાલિંદીજી કહિયેજી;
શ્રીનવનીતપ્રિયલાલ, શ્રીમથુરાનાથ કૃપાલ;
શ્રીવિઠ્ઠલનાથ દયાલ, દયા સમુદ્ર લહિયેજી. (૪)

શ્રીગોકુલપતિ દ્વારકાનાથ, ગુણનિધિ સૌ ગુણ ગાત;
એ અનાથના નાથ, શ્રીગોકુલચંદ્રમાજી;
શ્રીમદનમોહનજી કોટિ મનમથ મદન સદન રે;
શ્રીબાલકૃષ્ણજીના વદન તણી શી ઉપમાજી. (૫)

શ્રીગિરિધરજી ગુણવંત, જેનો કોઇ ન પામે અંત;
શ્રીરાણી વહુ આનંદદાયક ભાવિયાજી;
જે જે શ્રીગોવિંદ, એ છે પુરણ પરમાનંદ;
શ્રીભામિની વહુજીના ચિત્ત વિશે ભલા ભાવિયાજી. (૬)

શ્રીબાલકૃષ્ણ રસરુપ, એ છે સુરુપ તણા જ સુરુપ;
એ કમલાકંત અનંતની ઉપમા કો નહીં જી;
શ્રીગોકુલેશ શુભનામ, જેણે માળા રાખી હામ;
શ્રીદ્વારવતીપતિ કામના પુરણ છો સહીજી. (૭)

શ્રીરઘુપતિ તેજ ભંડાર, એમના ગુણ-જસનો નહીં પાર;
શ્રીજાનકી જીવન પ્રાણ, ભકત ચિંતામણિજી;
શ્રીજદુપતિ જગજીવન, જેનાં પ્રફુલ્લિત પ્રસન વદન;
શ્રીમહારાણી વહુંજી ધન,જે શિર એ ધણીજી. (૮)

શ્રીઘનશ્યામજી ગાઓ,પુષ્ટિ ફલ પુરણ ચહાઓ:
શ્રીકૃષ્ણાવતી વહુજીના હૃદે વસોજી;
શ્રીરુકિમણી સતભામા, શોભા યમુના કમલા દેવકા
એ બેટીજી સહિત, પરિકર સમરિયેજી. (૯)

શ્રી દામોદરદાસ, મહાપ્રભુ પદ પંકજ નિવાસ;
સુરદાસ જકત પ્રકાશ, પરમાનંદદાસ છે જી;
અતિ અનન્ય કુંભનદાસ, કૃષ્ણદાસ રસરાસ;
એ ચારે મુખ્ય, શ્રીવલ્લભચરણ નિવાસ છે જી. (૧૦)

લીલા શ્રીગિરિવરધારી, લો ચારે જુથ સંભારી;
વૈષ્ણવ લેને વિચારી, વસ્તુ અશેષ છે જી;

શ્રીગોવર્ધન ગોકુલ ધન્ય, શ્રી મથુરા મન આનંદઃ
શ્રી વૃંદાવન વખાણો, વ્રજ સહુ દેશને જી. (૧૧)
ચોરાશી સંભારો, વૈષ્ણવ બસેં ભાવન ધારો;
શ્રીવલ્લભી સૃષ્ટિ વિચારો, ક્ષણ પલ દિન પ્રતિ જી;
શ્રીવલ્લભનો પરિવાર, સહુ સૃષ્ટિ શિરોમણિ સાર;
સમરો સહુ વારંવાર, ઘડી પલ નેમશું જી. (૧૨)
હું માગું વ્રજરાજ, મુને એ સમરણ નિત થાયઃ
જેના દયારામ જશ ગાય, નહીં ઘડી પળની તૃપ્તિ જી. (૧૩)

—o—

હે શ્રીવલ્લભ!

સારંગ

શ્રીઇલંબા અંક સોહાગે ઉછર્યા, કૃષ્ણ વદનવર વલ્લભ રૂપ
વિયોગભાવાગ્નિ અહો આર્ત હર, પરબ્રહ્મ પરાત્પર સુખદ સ્વરૂપ ૧
વિશાલ નયના પ્રફુલ્લ વદના, સુંદર નાશા શોભે અનુપ
કેશાવૃત મુખ અધર સુધાળુ, રહો સમિપે વ્રજવર ભૂપ ૨
નિજજનના આધાર દયાળુ, હૃદય પીગળ્યા, રાજ કૃપાલ;
નિર્ધનનું ધન સ્વકીય સર્વસ્વ, દરસે દૃષ્ટિ મધુર માયાળ ૩
ભાવ આર્તીદા ભકતના, પોષક, રાજે હૃદયે રસિક રસરૂપ
અન્તર્યામી સ્વકીય વિંટયલા, કરો છો તદીય સદા તદરૂપ ૪
કામજીત પરમાનંદ પૂરણ, અદય દાતા છો અગ્નિ સ્વરૂપ
માતરવાશી વ્યાસે ભજતાં, ખોયુ જન્મ જઠરનું સૂપ ૫

॥શ્રીવૈશ્વાનરાય નમઃ॥

કાનરો

મેરે ઘટમેં વલ્લભ ગાન,
બિન વલ્લભ બકવાદ ન રૂચે, તન મન એહી ધ્યાન, ૧
વલ્લભ કુલ અવતાર ન જાન્યો, પડયો ગર્ભ પાષાન;
સુન્યો ન ષોડશ ગ્રન્થ સુબોધિની, અન્ય વિષય લપટાન ૨
જગત સોવત વલ્લભ વલ્લભ, જપ મેં ઠાકુર વલ્લભ જાન;
માતરવાશી વ્યાસ ગુરૂ વલ્લભ કરૂણાવંત નિધાન ૩

આ પુષ્ટિમાર્ગમાં ભગવત્સ્મરણ વિષે શ્રીમદાચાર્યજીએ કૃષ્ણચૈતન્ય સાથે ભકિતમાર્ગ સંબંધી વાતચીત કરતાં તેના આરંભમાંજ એ આજ્ઞા કરી બતાવી છે કે–પ્રથમ તો અમારા પુષ્ટિમાર્ગમાં ગાયના શ્રૃંગ પર રાઈનો કણ ઠરે તેટલી વખત પણ ભગવદ્ નામ ભૂલે તો અસુરાવેશ થઈ જાય. આ પ્રમાણેનું શ્રીવલ્લભજીનું વચન સાંભળી કૃષ્ણ ચૈતન્ય પોતાના મર્યાદા માર્ગથી પુષ્ટિમાર્ગની ઘણીજ ઉત્કૃષ્ટતા આંકતા સરાહના કરવા લાગ્યા. વળી પરિવાર કહેતાં વંશદ્વારા દૈવીજીવોનો ઉદ્ધાર કરવા, દૈવોદ્ધાર પ્રયત્નાત્મા મનથી વિચારી, શ્રીમદાચાર્યે પોતાના વંશમાં પોતાનું સંપૂર્ણ માહાત્મ્ય દાખલ કર્યું છે. તેમ સર્વોત્તમસ્તોત્રમાં આજ્ઞા છે.

ભૂવિભક્તિ પ્રચારૈક કૃતેસ્વાન્વય કૃત્પિતાઃ
સ્વવંશે સ્થાપિતા શેષઃ સ્વમાહાત્મ્ય સ્વયાપહઃ

તેમજ આ પુષ્ટિમાર્ગ ઉપાસનાદિમાર્ગથી જુદાજ પ્રકારનો છે. **પ્રથક્ શરણમાર્ગેપદેષ્ટા** શ્રીકૃષ્ણહાર્દવિત્ આ માર્ગમાં શ્રીપ્રભુનું નામસ્મરણ અને સેવા એજ પ્રભુ પ્રાપ્તિનું સાધન છે **કલૌકેશવ કીર્તનાત્** મહાનુભાવી કવિવરો પણ કવે છે કે–

(શ્રીવિઠ્ઠલનાથ નામરસ અમૃત, પાન સદા તું કરરે રસના !)

કલિકીર્તન પરમાનરે મન ! કલિકીર્તન પરમાન;
હરિકીર્તન સન્તનકી સેવા,ઔર ધર્મકી આન રે મન. ૧
કહા ભયો જો જપ તપ કીનો, કહા ભયો દીને દાન;
તીરથવ્રત બહોત કછુકીનો,નહિ હરિનામસમાનરેમન. ૨
સુન્દરશ્યામ મનોરથ પૂરણ, અધમ ઉદ્ધારન જાન;
સુરદાસપ્રભુરસિકશિરોમણી,સન્તનકેધન ખાનરે મન. ૩

"હવે શ્રીમદ્વલ્લભાચાર્યજીના પ્રતિનિધિ જ્યેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથજીનું વર્ણન કરે છે"

મૂ૦ શ્રીગોપીનાથજી સોહામણા
નવજલ ઘન તન ભાણરે રસના
સુખદાતા લઘુ ભ્રાતના, પૂર્ણ પુરુષ પ્રમાણરેરસના ૩

શબ્દાર્થ—શ્રીમદ્વલ્લભતનુંજ શ્રીવિઠ્ઠલેશ્વરના જ્યેષ્ઠબન્ધુ શ્રીગોપીનાથજીના શ્રીઅંગની કાન્તિ, અત્યન્ત રમણિક નૂતનમેઘના સરખી ઘનશ્યામ છે. અને એઓશ્રી સાક્ષાત્

વેદ સ્વરૂપ શેષજી કહો કે બળદેવજી કહો ? એજ પોતાના નાન્હાભાઇને સુખ આપવા પ્રકટ થયા છે. ૩

વિવેચન—શ્રીગોપીનાથજી સાક્ષાત્ વેદસ્વરૂપ બળદેવજીનો જ અવતાર છે. જેમ શ્રીબળદેવજીએ શ્રીકૃષ્ણના સ્વરૂપનું યથાર્થ નિરૂપણ કરી દેવીજીવોને ભાન કરાવ્યું હતું તેમજ અત્ર શ્રીગોપીનાથજીએ સાધન દીપકનામક ગ્રન્થમાં અને કેટલાંક પદોમાં વિઠ્ઠલેશનું નિરૂપણ કર્યું છે.

તેઓશ્રીએ અન્તર્ધાન લીલા કર્યા પછી, તેઓશ્રીનાં ધર્મ પત્નિ પોતાના તૈલંગણમાં જઇને વશ્યાં હતાં. એટલે તદ્રચિત સઘળા ગ્રન્થો અને પદો વિગેરે સાહિત્ય, તેઓશ્રીની સાથે તે દેશમાં ગયું. વળી તેઓશ્રીનાં એકલાલજી શ્રીપુરુષોત્તમજી હતા, તે પણ બાલ્યાવસ્થાથીજ અન્તર્ધાન થયા હતા: એટલે તેઓશ્રીના વંશની ત્યાંથીજ ઈતિશ્રી થઈ છે. ૩

વિવેચન—શ્રીગોપીનાથજીનો જન્મદિવસ સં. ૧૫૯૭ના ભાદરવા વદ ૧૨ નો છે, અને સં. ૧૬૨૮ની સાલમાં શ્રી જગદીશની યાત્રાએ પધાર્યા ત્યાં શ્રીબળદેવજીના મુખારવિન્દમાં સમાઈ ગયા છે. શ્રીવિઠ્ઠલેશપ્રભુ અને શ્રીગોપીનાથનો પરસ્પર પ્રેમ પ્રસંશનીય છે. શ્રીમહાપ્રભુજી અંતિમ સમયે પોતાના સંપ્રદાયનો અને ઘરનો બધો ભાર શ્રીગોપીનાથ પર ધર્યો હતો. શ્રીમહાપ્રભુજી સન્યાસ દીક્ષા ધારણ કરી કાશી ગંગાજીના પ્રવાહમાં અંતર્ધાન થવા પધાર્યા ત્યારે શ્રીગોપીનાથજી શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ સાથે બાળકો દામોદરદાસાદિ સેવકો હાજર હતા. તેમને સાડાત્રણ શ્લોકથી અંતિમ શિક્ષા દીધી.

તે શ્રીગોપીનાથજી વિગેરેએ સંપૂર્ણ ધારણ કરી છે.

એજ શિક્ષા આ નવાખ્યાનમાં છે. ૦૩

"હવે શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણનું પ્રસ્તુત ગ્રન્થમાં વર્ણન કર્યું છે. તેજશ્રીનું ભક્તકવિશ્રીપુનઃસ્મરણ કરે છે. અને પોતાની જીવ્હાને બોધવે છે"

મૂ.કમલલોચનકરુણાભર્યાં,શ્રીવિઠ્ઠલસુખરાસરેરસના;
દીહડે તાપત્રિધિટળે, સ્મરણમાત્રે અઘનાશરે રસના. ૪

શબ્દાર્થ—હે જીવ્હા તું સુખના સમૂહરૂપ શ્રીવિઠ્ઠલેશ્વર પ્રભુચરણનું નામસ્મરણ કર? એ પ્રભુનાં નયન કમળના સમાન રળીયામણાં અને કૃપારસથી ભરેલાં છે. તેમનું દર્શન કરતાં માત્રમાંજ જીવનાં સકલ પાપ દૂર થાય છે. ૪

વિવેચન—શ્રીમદ્વલ્લભાચાર્યજીના દ્વિતીય પુત્ર શ્રીવિઠ્ઠલેશ-પ્રભુચરણનું પ્રસ્તુત ગ્રન્થમાં જોઈએ તેવું વર્ણન થયું છે. માટે ટુંકામાં એટલું જ કથન બસ છે કે, તેઓશ્રી આનન્દ-ઘન છે અને ભક્તજનોને સુખના સમૂહરૂપ છે. નિત્ય છે. કમળ સરખાં લોચનવાળા છે. તેમજ તેમનું સ્મરણ કરનાર ભક્તનાં સકલ પાતકને હરનારા છે. એવી રીતે ભક્ત કવિ શ્રીગોપાલદાસજી પોતાની જીવ્હાને બોધવતા વૈષ્ણવોને જણાવે છે કે–જેમ શ્રીકૃષ્ણે સઘળા વ્રજભક્તોને અન્યાશ્રય છોડાવી પોતે શ્રીગિરિરાજદ્વારા તેમની સેવા અંગીકાર કરી આરોગ્યા છે; અને અંબિકા પૂજનાદિક કરવાં જતાં શ્રીનન્દરાયજી વિગેરેને યથાર્થ દંડ દઈ અન્યાશ્રયથી મુકત કર્યા છે; તેમજ

શ્રીવિઠ્ઠલેશ્વર પોતાની કૃપાભરી દૃષ્ટિવડે પોતાના સેવકોને અન્યાશ્રયથી મુકત કરી, શ્રીકૃષ્ણનેજ શરણ કર્યા છે.

શ્રી વિઠ્ઠલેશ પ્રભુ

સારંગ

અહો શ્રીવલ્લભ સુત વિઠ્ઠલેશ, ભવ ભય ભંજના;
લીનો ભક્તન હિત અવતાર, નિજ જન રંજના. ૧
પોષ કૃષ્ણ નવમીકો શુભદિન, પ્રકટે પૂરણ બ્રહ્મ;
મહારસ મૂરત પરમોદાર હરિ, નંદકો નંદન પરમ. ૨
પુષ્ટિ પથ મર્યાદા સ્થાપન, ભૂતલ પ્રકટે આપ;
સેવા શૃંગાર રસના દાને, હર્યો ભક્ત સંતાપ. ૩
જય જયકાર ભયો ત્રિભુવનમે, દરસે આનંદરૂપ;
મહા બડભાગી માત અક્કાજી, જિન જાયે વ્રજભૂપ. ૪
અન્ય દોષ મિટાય દાસનકો, અનન્ય ભક્તિ રસ દીનો;
વલ્લભીવ્યાસ માંતર વાશીકો, સ્વતઃ આપનો કીનો. ૫

(અત્ર શ્રીકૃષ્ણ કે શ્રીવિઠ્ઠલ કહો? ઉભય એકજ છે.)

એ શ્રીવિઠ્ઠલેશપ્રભુના કૃપા પ્રવાહની નદી દૈવીજીવોને માટે તેઓશ્રીના વંશદ્વારા અને ગ્રન્થોદ્વારા નિરન્તર વહ્યા કરે છે. માટે તેમનું નામસ્મરણ કરવું એજ જીવને યોગ્ય છે.

શ્રીમદાચાર્યજીનું સેવ્યસ્વરૂપ શ્રીનાથજી છે, અને શ્રીવિઠ્ઠલેશ્વરનું સેવ્યસ્વરૂપ શ્રીનવનીતપ્રિયાજી છે. અને હાલ

તે સ્વરૂપ શ્રીનાથદ્વાર બિરાજે છે. આ ઉભય સ્વરૂપના સેવનનો સર્વ વંશને અધિકાર છે.

'શ્રીવિઠ્ઠલેશપ્રભુ' ચરણ નો જન્મ ૧૫૭૨

શ્રીગોસાઇજી સં ૧૬૬૪ આસોવદી ૨ ના દિવસે શ્રીનાથજીની રાજભોગ આર્તી પછી શ્રીનાથજીને વિનંતી કરી કે બાળા આ આપનો સ્વવંશ છે. તેમની લાજ આપના હાથમાં છે. તે વખતે શ્રીનાથે કહ્યું કે ઉંધે હાથે કરશે તો પણ છતા હાથે કર્યું માનીશ. શ્રીવિઠલેશે પોતાના બધા બાલકોને શિક્ષા આપી કે શ્રીજી સન્મુખ રહેજો પીઠ ન દેખાડશો બધા હળીમળીને સેવા સ્મરણ કરશો પછી આપે શ્રીનાથજીએ દીધી માલા તે પહેરી બીડા લઇ દંડવત કરી બધા બાલકો અને ચતુર્ભુજ દાસાદિ સેવકો સહ શ્રીગિરિધરજીનો હાથ પકડી શ્રીવિઠ્ઠલેશજી પુજનિલીલા પર પધાર્યા ત્યાંથી ઓલવું બંધ કરી આગળ નિકુંજના દ્વારે શ્રીનાથજી શ્રીસ્વામિનીજી સાથે ગલબાહી કરી બિરાજે છે તે દર્શન બરાબર કરીને શ્રીનાથજીના સ્વરૂપમાં લિન થઈ ગયા. શ્રીગિરિધરજીએ કહ્યું કે આપે આ શું લીલા કરી તે વખતે શ્રીજીએ આજ્ઞા કરી કે આ ધોતી ઉપરેણા લઇ જાવ અને લૌકિયતિક કાર્ય કરો.

'શ્રીવિઠ્ઠલેશ્વરના જ્યેષ્ટ પુત્ર શ્રીગિરિધરજીનું સંસ્મરણ કરવા ભકત કવિશ્રી રસનાને ઉપદેશ કરે છે."

—૦—

મૂ૦ શ્રીગિરિધર નર ભૂષણ,
ભ્રાત સકલ ધુરીધારરે રસના;

વકતા વેદ શાસ્ત્ર તણા,
શ્રી ભામિનીજી ભરથારરે રસના. ૫

શબ્દાર્થ—શ્રીવિઠ્ઠલેશપ્રભુના જ્યેષ્ટ પુત્ર શ્રીગિરિધરજી સકલ પુરુષોના ભૂષણરૂપ પરમ અલૌકિક માધુર્યવાળા વેદશાસ્ત્રના ઉપદેશક, અને મહાધુરન્ધર વિદ્વાન છે. વળી શ્રીભામિનીજી વહુજીના ભરથાર છે, તેઓશ્રીનું હે રસના! તું સ્મરણ કર!

રાગ સારંગ

શ્રીવલ્લભ રાજકુમાર શ્રીગિરિધર,
અવલોકન મનભયો આનન્દ;
વેદ પુરાન સજ્ઞાન સાધ્ય સબ,
કલિયુગ ઉદ્ધરણ આનન્દ કન્દ. ૧
વિમલ શરીર નામ યશ નિર્મલ,
વિમલ વદનકી મુસકનિ મન્દ;
ગોવિન્દ પ્રભુ પ્રકટિત સન્તન હિત,
લીલારૂપ ધર્યો ગોવિન્દ. ૨

એઓશ્રીનું સેવ્ય સ્વરૂપ શ્રીમથુરેશજી છે. અને તે શ્રી કોટામા બિરાજે છે.

પ્રથમપુત્ર શ્રીગિરિધરજી ઉપનામ ગોવર્ધન ગૌરસ્વરૂપ કૃશ છે સાત્વિક ષટ ગુણસંપન્ન ધર્મીસ્વરૂપ છે. શ્વેત ધોતી

ઉપરણા તથા સુક્ષ્મ આભુષણાદિ ધરે છે. તેઓશ્રીનો જન્મદિવસ સંવત ૧૫૯૭ના કાર્તિક સુદી દ્વાદશીનો તેમનાં સ્વામિનીજી શ્રીભામિનીજી વહુજી છે. અને ત્રણ પુત્રો છે–એમને માથે શ્રીમથુરાનાથજી શ્રીઠાકોરજી બિરાજે છે, તે સ્વરૂપ શ્યામ, ગોળપીઠકવાળા ચાર ભુજામાં શંખચક્ર, ગદાપદ્મ ધારણ કરેલાં છે. એવા પરમ મનોહર શ્રીઠાકોરજી જમનાજીના કરાડામાંથી પ્રકટ થયેલા તે સમયે તાડનાવૃક્ષ જેટલા ઉંચ-ઈમાં હતા તેમને શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે કલિના ટુંકા કદના માનવો તમારી સેવા શી કરી શકશે! એટલું સાંભળતાજ કરૂણાસાગર શ્રીમથુરેશજી શ્રીમહાપ્રભુજીની ગોદમાં દાઢી સુધી ઉંચાઈવાળા થઇ બિરાજી ગયા. આ શ્રીગિરિધરજી શ્રીમથુ-રાજીના શૃંગાર કરતી વખતે તેમના સ્વરૂપમાં સદેહ પ્રવેશી ગયા છે. તેમનું અગાધ ચારિત્ર છે એ શ્રીગિરિધરજી અને શ્રીયદુ-નાથજીનો વંશ હાલ ભાગ્યવાન વલ્લભી માથે બિરાજે છે.

(શ્રીગિરિધરલાલ પદ પદ્માયનમઃ)

પદ સારંગ

મેરે શ્રીગિરિધરલાલ કૃપાળ, મહા દાતાર દયાવર
દૃઢ કર પકડી બાંહ, સૌંપે શ્રીગોવર્ધનધર ૬
રેન દિન ધ્યાન, પુષ્ટિ પથ પતિ સરદારા
ચિન્તત સંતત સદા, મન વિશ્વાસકી ધારા ૨
જેઓ હું તેઓ આપ ચરનકો, હોં હું ચેરો
માતરવાશી વ્યાસકો રાખીયે તવ પદ નેરો ૩

' હવે શ્રીવિઠ્ઠલેશપ્રભુના દ્વિતીય પુત્ર શ્રી ગોવિન્દરાયજીનું સ્મરણ કરવા રસનાને પ્રેરે છે. "

મૂ૦ શ્રીગોવિન્દ આનન્દમય,
ધર્મ સકલનું ધામરે રસના;
શ્રો રાણીજી રંજન રુડલા,
ભકત સકલ વિશ્રામરે રસના. ૬

શબ્દાર્થ—નિરન્તર આનન્દથી પૂર્ણ વિકસેલું જેમનું શ્રીમુખ છે. અને શ્રીમદાચાર્યે પોતાના વંશમાં પોતાનું માહાત્મ્ય પ્રેર્યું છે. તેમાં આ શ્રીગોવિન્દજીમાં સકલ ગુણ સંપન્નતા સ્થાપન કરી છે. અને તે તે ગુણ તે તે બાળકમાં લસી રહ્યો છે. તેથી તેઓશ્રી એ ધર્મના તો ધામરૂપજ છે. તેઓશ્રીનું સેવ્ય સ્વરૂપ શ્રીવિઠ્ઠલનાથજી છે. ને તે હાલ શ્રીનાથદ્વાર બિરાજે છે.

રાગ સારંગ

જયતિ ગોવિન્દ આનન્દમય સર્વદા,
સકલ વ્રજ ઈશ સેવે વિહારી;
ગોપિકા ભાવ ઉદ્બોધ નિજદાસ કર,
દૈવીજન હિત નિજ દેહધારી. ૧
સુર સબ ઇસકો માન મર્દન કરન,
સુરભિપદ પૂજત પ્રકટ ચારી;
ભકત સુખકરન દુઃખ દલન સંસારકૃત,
સરસ સુખરાસ રૂપ રંગકારી. ૨

"શ્રીગોવિંદલાલ ચરણ કમલેભ્યો નમ:"

ભજો શ્રીવિઠ્ઠલ સુત ગોવિંદ
ધન ચરનકો આશ્રય જાકો, છુટે કલિ દુ:ખદ્વંદ ૧
અન્ય સંબંધ અધિક ભયકારી, મેરે યહ શિર તાજ
વલ્લભી મેરે પ્રાણ તે પ્યારે, વલ્લભી મેરો સાજ સમાજ ૨
પાખંડ પાતક ભવકે ભંજન ભકતમન રંજન ગોવિંદ આપ
વ્યાસ ભાઇલાલ માતરવાશીકે, દૂર કીયે અખ તાપ ૩

તેમનો જન્મ દિવસ સં. ૧૫૯૯ માગસર કૃષ્ણ ૮. એમનું ઘર નામ રાજીજી હતું. તેમનામાં ઐશ્વર્ય ગુણ પ્રકટ હતા. બીજા ગુણ ગુપ્ત હતા. તેઓ હંમેશ એવા સેવા રસાસ્વાદી હતા કે લોકાયતિક કાર્યોને તદ્દન ગૌણ માનતા, અને વિવાહ પ્રસંગાદિમાં પણ શ્રીવિઠ્ઠલેશપ્રભુની સેવામુક્ત થતા નહી. એવા જ રસાસ્વાદનું દાન પોતાના અન્તરંગોને કરતા હતા તેમનું સ્વરૂપ સ્થલ, ગૌર શૃંગાર સુક્ષ્મ ધરતા. પિતૃભાવના પૂર્ણ હોવાથી સાતે સ્વરૂપના ભાગ પડતી વખતે શ્રીગોસાંઇજીને વિનંતી કરી કે મને તો આપનીજ સેવા કરવાનું મન છે. તેથી તેમને માથે શ્રીદ્વારકાધીશ પધરાવાનું વિચાર્યું હતું તેને બદલે સ્વસ્વરૂપ શ્રીવિઠ્ઠલેશરાયજી શ્રીસ્વામિનીજી સાથે પધરાવી આપ્યા.

'એ પ્રમાણે શ્રીગોવિન્દરાયજીનું સંસ્મરણ કરીને ભકત કવિશ્રી, તૃતીય પુત્ર શ્રીબાલકૃષ્ણજીનું સ્મરણ કરવા જીહ્વાને પ્રેરે છે."

મૂ૦ શ્રી બાલકૃષ્ણજી બાલુવા,

સુન્દર ભીનલે વાનરે રસના;
કમલ લોચન કમલાપતિ,
છબિકો નહિ એ સમાનરે રસના.

શબ્દાર્થ—તૃતીય પુત્ર શ્રીબાલકૃષ્ણજીનું ઘનશ્યામ સ્વરૂપ નિરન્તર બાલકના સમાન રમણિક લાગે છે. તેમજ તેઓશ્રીનાં કમલના સરખાં મનોહર નયન છે; વળી તેઓ શ્રીકમલાવતી વહુજીના કંથ છે. એટલુંજ નહિ પણ એઓ શ્રીના સરખી રૂપલાવણ્યતા કોઇનામાં નથી. એવા શ્રીબાલકૃષ્ણજીનું સ્મરણ હે રસના ! તુ કર ?

ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણલાલજી—શ્રીઅંગ શ્યામ પુષ્ટ શૃંગાર ભારી નાભી સુધી ધરતા કમલદલશાં નયન ધોતી ઉપરેણા કેસરી, શ્રીસ્વામિનીજી શ્રીકમલાવતીજી તેમના છએ પુત્રો કોટિકન્દર્પલાવણ્ય કામદેવ લજ્જાઇ જાય તેવા છે.

તેમનો જન્મ દિવસ સંવત ૧૬૦૬ આસો સુદી અષ્ટમી

એક સમયે શ્રીગોસાંઇજીએ શ્રીનાથજીનાં અલંકાર સમરાવા કારીગરને બોલાવી કહ્યું કે અમારા ત્રીજા પુત્રઆ શ્રીબાલકૃષ્ણના નયન પ્રમાણે શ્રીનાથજીનાં નેત્ર તૈયાર કરી લાવ. તે આજ્ઞા પ્રમાણે કારીગર કરી લાવ્યો તે જોઈ આપ પ્રસન્ન થયા તે દિવસે શ્રીનાથજીને શૃંગાર શ્રીબાલકૃષ્ણલાલજીએ કર્યા. તે સમયે સેવ્ય અને સેવક સમાનરૂપે દરસાવા લાગ્યા એ અલૌકિક આનંદનો ભોગ કરનાર ભાગ્યવાન ભકતોના ભાગ્યની શું કહીએ.

ભકતો કીર્તનમાં ગાય છે કે—

બાલકૃષ્ણ મનરંજન ખંજન અંબુજ નયન૦ વળી બીજા પદમાં—બાલકૃષ્ણ મુખચંદ્ર પંકજ નયન વિશાલ૦ વળી વલ્લભાખ્યાને–કમલલોચન કમલાપતિ છબીકો નહિ એ સમાન.) વળી એક સમય શ્રીબાલકૃષ્ણજી પોતાને ત્યાંનંદ મહોત્સવ વખતે શ્રીયશોદાજીનો સર્વાંગે શૃંગાર ધરી શ્રીનવનીતપ્રિયાજીને પલને ઝુલાવતા હતા અને શ્રીગોસાઇજી તથા બધા બાલકો અને ભાવુકો મળી નંદ મહોત્સવનું અગાધ સુખ લેતા હતા તે વખતે પલનાનું કીર્તન (તુમ વ્રજરાની કે લાલા એ પદમાં જ્યાં બહોર્યો લીયે જનનિ ગોદ કરી, અસ્તન ચલે ચુચાય એ ટુક સાંભળતાંજ શ્રીબાલકૃષ્ણલાલજીમાં શ્રીયશોદાનો સંપૂર્ણ આવેશનો પ્રાદુર્ભાવ થયો. તત્ક્ષણ માતૃવાત્સલ્યથી પોતાના સ્તનમાંથી દુધની ધારા છુટી તે શ્રીનવનીતપ્રિયાજીના મુખારબિન્દમાં પ્રવેશી અને શ્રીઠાકોરજીને તરત ગોદમાં લઈ લીધા. આ જોઇ શ્રીગોસાઇજીએ શ્રીઠાકોરજીને પાછા પલનામાં પધરાવ્યા—આ સમયે પુત્ર વાત્સલ્યના આવેશથી શ્રીબાલકૃષ્ણલાલજીને ત્રણ દિવસ દેહાનું સંધાન ન રહ્યું ચોથે દિવસે સાવધાન થતાં જ શ્રીગોસાઇજીએ આશિર્વાદ આપ્યો કે તમને અને તમારા વંશપરંપરાને નંદ-મહોત્સવનું સુખ દર વર્ષે આવું અલૌકિક ઝાકમઝોળ રહેશે. તેજ પ્રમાણે અદ્યાપિ પર્યંત કાંકરોલી શ્રીદ્વારિકાધિશના નંદ-મહોત્સવના આનંદની પરમાવધી વરણી જાય તેમ નથી. જેમાં પ્રકટ વિર્ય ગુણ છે તેવાજ તેમના વંશજો વિર્યગુણ વેષ્ટિત છે.

—બાલકૃષ્ણમુખ પકજ દલ પદ્મદલ નયના.

॥ શ્રીબાલકૃષ્ણલાલ પદ પદ્માયનમઃ ॥

શ્રીબાલકૃષ્ણ મુખચંદ ચટુલ અતિ,
દર સે નલિન દલસે નયન;
આસો કૃષ્ણ ત્રયોદશી પ્રકટે,
દૈવી જન સુખ દેન. ૧

શ્રીવિઠલનાથ દેખ મન ફુલે,
ફુલે ગુણી જન સબ મીલ ગાય;
કુંકુમ ચંદન ચોક પુરાયે,
મોતી ન તોરણ દ્વાર બંધાય. ૨

પ્રેમ ભકિત પ્રતિપાલ પુનિત યશ,
ચરિત્ર અદ્ભુત વરણે ન જાય;
વલ્લભી વ્યાસ માતર કો બાસી,
વલ્લભવંશ દેખત હર્ષાય. ૩

વિવેચન—શ્રીબાલકૃષ્ણજીનાં નયન કમલ દલ સરી બાજ હતાં તેથી શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણે શ્રીનાથજીનાં નેત્ર સિધ્ધ કરનાર કારીગરને સૂચવ્યું હતું કે "તું નેત્ર અમારા તૃતીય પુત્ર શ્રીબાલકૃષ્ણજીના નયન સરખાં રળીયામણાં કરી લાવ ? એમ પોતેજ સરાહના કરી છે તે પ્રસિદ્ધ છે.

રાગ સારંગ

ભયોશ્રી વિઠ્ઠલકે મનમોદ;
પૂર્ણ બ્રહ્મ શ્રીબાલકૃષ્ણ પ્રભુ, ધાય લીયે સબ ગોદ. ૧

વારંવાર વિધુ વદન વિલોકત, ફુલે અંગ ન સમાય;
બાલ દશાકી સહજ માધુરી, અચવત દ્રગ ન અઘાય. ૨
યહ સુખ દેખેહી બની આવે, જાને રસિક સુજાન;
દોઉ ઓર મુખ શોભા બાઢી, વિષ્ણુદાસ કે પ્રાણ. ૩

એઓશ્રીનું સેવ્યસ્વરૂપ શ્રીદ્વારકાધીશ છે. તે હાલ શ્રીકાંકરોલી બિરાજે છે.

"હવે આગળ ચતુર્થ પુત્ર શ્રીગોકુલનાથજીનું સંસ્મરણ કરવા શ્રીગોપાલદાસજી જીવાને સૂચવે છે."

શ્રીગોકુલપતિ અતિ ગુણનિધિ
તાત તણો પ્રતિબિંબ રે રસના
પાર્વતિપતિ પ્રેમશું,
શોભા સકલ કુટુંબરે રસના. ॥ ૮ ॥

શબ્દાર્થ—શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણના ચતુર્થ પુત્ર શ્રીગોકુલનાથજી સર્વ ગુણ સંપન્ન અને શ્રીમદાચાર્યજી કહો કે શ્રીવિઠ્ઠલેશ કહો? તેમના પ્રતિનિધિજ છે. હળી શ્રીપાર્વતિ-વહુજીના પતિ છે; પ્રેમસ્વરૂપ છે. તેમજ શ્રીમદ્વલ્લભકુલની શોભાને દેદિપ્ય કરનારા છે

વિવેચન—આ ચતુર્થ પુત્ર શ્રીગોકુલનાથજીનાં પરાક્રમોથી ભાગ્યેજ કોઈ વૈષ્ણવ અજાણ્યો હશે? અને જો કોઇ વૈષ્ણવ અજાણ્યો હોય તો તેઓશ્રીનાં જ્યાં જ્યાં અને જેટલાં જેટલાં ચારિત્ર્યો મળે તે વાંચવાં અને તેમના સેવકો તથા તેઓશ્રીની ધર્મ દૃઢતાનું અનુકરણ કરી ધર્મચુસ્ત થવું.

એઓશ્રીએ પોતાના પ્રતાપ બળથી જહાંગીર અને ચિદ્રૂપ જેવા ધર્મ શત્રુઓના સન્મુખ જોઇતા પ્રમાણમાં સ્વધર્મ માટે ટક્કર ઝીલી તીલક માળાનો ધર્મ રાખ્યો છે. અને દશદિગન્ત પુષ્ટિમાર્ગનું ઢાશયનું પ્રતિપાદન કરી સ્વધર્મનું સંસ્થાપન કર્યું છે.

આ સર્વ બીના એઓશ્રીના માલાપ્રસંગમાં વિદ્યમાન છે. એ ગ્રન્થનું સ્વારસ્ય સાંભળતાંજ જીવના હૃદયમન્દિરમાં વિશુદ્ધપ્રેમભક્તિનું ઝરણ ઝરવા લાગે છે. અને ધર્મ શું? માલાતીલક શાને માટે ધરવાં? વિગેરે સ્પષ્ટ માલુમ પડે છે. પછી તેને માટે શંકાનો જન્મ રહેતોજ નથી. જરૂર એ શ્રીગોકુલનાથજી વલ્લભકુલની શોભારૂપજ છે.

રાગ સારંગ
જયતિ ગોકુલનાથ પ્રાણપતિ જનનકે,
માલ મુદ્રા ધર્મ સબનદીને;
વે શંકા ખાય સંન્યાસ દંડીયનકો,
ભૂપ દિલ્લીશ ગૃહ દંડ કીને. ૧
સકલભૂવન મંડલાધીશ ચૂડા નમ્યો,
જાન માહાત્મ્ય ગુણશરણ આયે;
જાન અપરાધ જીય મૂઢનિજ વેશકો,
આતમ વંચક કપટિ દૂર ધાયો. ૨
જયતિ જયદેવતિહું લોકમેં ધુનભઇ,
કિરતિ વિખ્યાત જગમાંહિ છાઇ;
સરસ રંગી પ્રભુ ઇશકે ઇશકી,
શરણ કીયે મહા સિદ્ધિ પાઈ. ૩

શ્રી ગોકુલેશનો પ્રતાપ

ચિદ્રપ સન્યાસી જેવા દુષ્ટ અસાધુના દુષ્ટ કૃત્યો સામુ પણ **શ્રી ગોકુલેશ** સાધુપણાથી જોઇ, દૈવીજનો પર આવતા કષ્ટનું નિવારણ કર્યું છે. માળા તીલક પ્રસંગે આપશ્રીએ સર્વ ત્યાગ શ્રી ગોકુળની સંપત્તિ છોડીને દર્શાવ્યો છે નીતિ તત્વોનું પણ તેવુંજ ગૌરવભર્યું દર્શન કરાવ્યું છે.

આપશ્રીએ ચિદ્રુપને અનેક વખત નિરૂત્તર કર્યો છે છતાં નકટે પોતાની નકટાઇ છોડી નથી. તેના સામે પણ ચૌદલોક ચિન્તામણી શ્રી ગોકુલેશે સંતોષથી સ્વધર્મ રક્ષા કરી આસુરનું પણ કલ્યાણ ઇચ્છયું છે—જેમ કંસે શ્રીકૃષ્ણનું કાસળ કાઢવા વિચાર્યું. અનેક પાપ કર્મ કર્યાં. તેને પણ જોઇતી શિક્ષા કરી મુકિતનું દાન કર્યું. પુતના સ્તનમાં ઝેર ભરી કૃષ્ણના પ્રાણ હરવા આવેલી તેને યોગ્ય શિક્ષા કરી માતાની ગતિ આપી મુકિતનું દાન કર્યું. હિરણ્યાક્ષે પ્રલ્હાદને ઘણું પીડયો પણ ભકત પ્રલ્હાદનો વાંકો વાળ કરી શકયો નહી પોતેજ હણાઈ ગયો અને પ્રભુને હાથે મુકત થઇ ગયો. એવા શ્રી ગોકુલેશ હિતકારી હતા.

શ્રી ગોકુલેશ પ્રભુ એક વખતે આગરે પધાર્યા, ત્યારે આપશ્રીએ બિરબલ સાથે બાદશાહને ખબર કરાવી, જો અમો અહીં આવ્યા છીએ તમારે કંઈ પુછવું હોય તો પુછો. બાદશાહે કહ્યું, આવતી કાલે બોલાવીશું—ત્યાં જે ચુગલીખોર હતા તેમણે વિચાર્યું કે હવે આપણી વાત રહેશે નહી તેથી તે લોકોએ બાદશાહને સમજાવ્યા કે આપણે પુરો ચમત્કાર

લેવો ચુગલીખોરોએ અસ્તિનો ચોતરો કરી તે પર સફેદી બિછાવી ગાદી તકીયા ગોઠવી તેના પર તેમને બેસાડવા. એમ વિચાર્યું બાદશાહે તે વાત કબુલ કરી, તેપ્રમાણેની ગોઠવણ કરી ગોકુલેશજીને પધરાવી લાવ્યા. તેઓશ્રી ગાદી તકીયા પર બિરાજ્યા બાદશાહને બોલાવી લાવ્યા. અંતર કપટી બાદશાહ દર્શન કરતાં જ મહા તેજ પુંજ જોઇ નમી પડયો. અને આપશ્રીએ આશિર્વાદ દીધો. બાદશાહે કહ્યું કે આપ ગાદી તકીયા પર બિરાજો છો તેની નિચે શુ છે. તરત આપશ્રીએ આજ્ઞા કરી ચંબેલીના પુષ્પ છે. બાદશાહ મુસકાઈ મહેલમાં ગયો અને મહારાજશ્રી મુકામે પધાર્યા, પછી બાદશાહે ચોતરો બોદાવ્યો. તેમાં ચંબેલીનાં કુલ ટોપલાનાં ટોપલા ભરાયા છતાં ઘટે નહી તેટલાં જોઇ આ સુગંધીદાર પુષ્પોની માળાઓ કરાવી કચેરીના કામદારો અને બાદશાહે પહેરી આશ્ચર્ય પામ્યા. ચુગલીખોરના મોઢાં કાળાં પડી ગયાં. શ્રી ગોકુળનો વૈભવ છોડી આપશ્રી સોરમ બિરાજતા હતા, ત્યાંથી શ્રી ગોકુળમાં આનંદપૂર્વક બિરાજવાની બાદશાહે વિનંતી કરાવી એવા મહાપ્રતાપ પૂર્ણ શ્રીગોકુલેશ દ્વિતીય વલ્લભનું અનંત ચારિત્ર છે. "માલા તીલક વાદ" માં જોનારને ઘણું દિવ્ય ચારિત્ર મળશે.

શ્રીગોકુલનાથજીનો સેવક શ્રીવૃન્દાવન જતો ત્યારે એક મર્યાદા માર્ગીય અનન્ય ભકતને ત્યાં મુકામ કરતો આ ભકતનું નિત્ય રટણ એવું હતું કે હજુ સુધી કોઇ એવું

મલ્યું નહી કે શ્રીપ્રભુથી વાતો કરાવી તેમનો દર્શનાનંદ આપે.

આ ભકતની આવી વાત સાંભળી શ્રીગોકુલેશજીના સેવકે કહ્યું કે ભાઇ તેવા શ્રીગુરૂ તો શ્રીગોકુલ બિરાજે છે. તેમની પાસે જાઉં તો તારો મનોરથ સિધ્ધ થાય.

આ વાત સાંભળી મર્યાદા માર્ગીય ભકતદીન થઈ તેમના ચરણમાં પડી વિનંતી કરી કે;–મને હમણાં ને હમણાં જ શ્રીગોકુલનાથજી પાસે શ્રીગોકુળ લઈ ચાલો હવે વિલંબ ન કરશો આ દેહ ક્ષણભંગુર છે, કહેતાં રડી પડયો.

તે જોઇ શ્રીગોકુલેશના સેવકને દયા આવી શ્રીગોકુળ શ્રીગુરૂ પાસે લઇ આવ્યો. તેને બહાર બેસાડી પોતે શ્રીગોકુલેશ પાસે જઈ દંડવત પ્રણામ કરી ઢીલા મુખે બેસી ગયો. આપશ્રીએ પુછયું કેમ ઉદાસ છે? શું દુઃખ છે? તરત સેવકે વિનંતી કરી હું મારી સાથે શ્રીપ્રભુને મળવાની અતિ આર્તવાળાને લઈને આવ્યો છું. મારી લાજ આપના હાથમાં છે. આપશ્રીએ આજ્ઞા કરી કે શ્રીયમનાજીમાં સ્નાન કરાવી અપરસમાં લઈ આવો. તે પ્રમાણે અસપર્શમાં લઈ આવ્યા અને નામ સ્મરણ કરાવી બ્રહ્મ સંબંધ કરાવ્યું મહા મંત્રનું દાન થતાંજ ભગવદાનંદ સર્વાંગમાં વ્યાપિગયો. મૂળ આર્તવાન પરાદશાએ પહોચેલો તેને શ્રીગોકુલનાથજીનો કૃપા પ્રસાદ મલ્યો પછી શું બાકી રહે, પરમાનંદ વર્તાઇ ગયો, જે મનોરથ હતો તે પૂર્ણ થયો. ૨

સાધુ પુરૂષોના સામાં અવળાંકૃત્ય કરનાર બુધ્ધિ ભ્રષ્ટનો જય છે જ નહી. પોતે ગમે તેવો સારા નઠારાનો વિચાર કરવા શકિતવાળા હોઇએ છતાં પોતાની શકિતના આધારે ન રહેતાં શ્રીપ્રભુના કૃપા પાત્રો, જે સંપૂર્ણ પૂર્ણ અવધિએ પહોચેલા શુદ્ધ બુધ્ધિવાન, પરમાર્થી શ્રીગોકુલેશ જેવાના શરણમાં પોતાનું જીવન સોંપી દેવું અને આજ્ઞા પાલક થવું. તેથી નિષ્કામ બુદ્ધિપૂર્વક ભગવદ્ભકિત પ્રાપ્ત થાય છે.

કુલાભિમાન, ધર્માભિમાન, જાત્યાભિમાન દ્રવ્યાભિમાન, વિદ્યાભિમાન, કે ત્યાગાભિમાનાદિ અભિમાન માત્ર, ભકિતના માર્ગે જનાર ભકતને બાધક છે. કેવળ પ્રેમ અને દીનતાજ શ્રેયસકર છે.

૫૬

શ્રીગોકુલનાથ પ્રતાપ વિમલયશ, માલા તીલક ધર્મ મતિપાલ
તેસેહિ સેવક અડગ અનન્ય સગ, મહામંગલમય ચિત્ત રસાલ ૧
સહત ધર્મ સંકટ સુધીર સો, પ્રાણનોછાવર કરત ન ડરે
એકતાન એકરસ ગુરૂ સેવક, પ્રભુ ભકતન કે પક્ષહિ કરે ૨
વચન સુધામૃત નિતપ્રત બરખત, પીવત પ્રેમ સો નરનારી
માતર વાશી વ્યાસ સુની યશ, ફુલે અંતર અતિ ભારી ૩

શ્રીગોકુલેશજીના સેવ્ય શ્રીઠાકોરજી શ્રીગોકુલનાથજી છે તેમની કીશોરલીલા છે. ભાવ સ્વરૂપ છે તેમનાં બે સ્વામિનીજી છે. તેમાં એકના શ્રીહસ્તમાં ચમર છે બીજાના હસ્તમાં બીન છે તેઓશ્રીએ શ્રીગિરિરાજ ધારણ કરી શ્રીગોકુલ અને વ્રજની રક્ષા કરી છે પુજા વિધિ પણ એમણે જ શીખાવી છે. અને ઇન્દ્રનું માનભંગ પણ તેઓશ્રીએ જ કર્યું છે.

આ ચતુર્થ પુત્ર ગોકુલનાથજીના પરાક્રમનો જેટલો વિસ્તાર કરીએ તેટલો ઓછોજ છે. તાતચરણ મદ્વિઠુલાધીશ્વરની જરાવસ્થામાં ગૃહનો સર્વ કાર્યતંત્ર તેઓશ્રી પોતેજ ચલાવતા હતા. એઓના આદર્શરૂપ તાતચરણ અન્તર્ધાન થયા પછી પણ તેઓશ્રીજ ગૃહકાર્યનો તંત્ર ચલાવતા. એઓએ અનેક ગ્રન્થો પર સંસ્કૃત ટીકાઓ કરી છે. હાલ તે ઉપલબ્ધ છે. શુદ્ધ પુષ્ટિમાર્ગનું તત્વ એઓના પછી વિદ્યમાન દર્શન થતું જોતા હોઈએ કે જોવા મનોરથ કરીએ તો, શ્રીહરિરાયમહાપ્રભુમાંજ તેમના વચનામૃતોદ્વારા ઝલકી રહ્યું છે.

એઓશ્રી શ્રીગોકુલનાથજીનું સેવ્યસ્વરૂપ શ્રીગોકુલનાથજી (શ્રીકૃષ્ણ) છે. એ સ્વરૂપેજ શ્રીગોવર્ધન પર્વત તોલ્યો છે. તેથી તેમને શ્રીગોવર્ધનનાથજી પણ કહેવામાં આવે છે. તે હાલ શ્રીગોકુળ બિરાજે છે.

"એ પ્રમાણે ચતુર્થ પુત્રનું સંસ્મરણ કરીને ભક્ત કવિશ્રી પંચમપુત્ર શ્રીરઘુનાથજીનું ગુણગાન કરવા જીવહાને બોધ આપે છે."

મૂ૦ શ્રી રઘુપતિ અતિ ગજગતિ,
રતિ પતિ કરું બલિહારરે રસના !
જાનકી જીવન એ સદા,
મધ્ય મણિ રત્નમય હારરે રસના ! ૯

શબ્દાર્થ—શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણના પંચમ પુત્ર હે શ્રી રઘુનાથજી ! આપની ચાલ હસ્તિના સમાન છે; અને આપશ્રીના મુખલાવણ્યપર કામદેવનું ન્યોચ્છાવર કરું તોપણ ઓછું છે. આપશ્રીજાનકી વહુજીના સ્વામી છો, એટલુંજ નહિ પણ જેમ રત્ન જટિત હારમાં મધ્ય મણિ શોભે; તેમ સુંદર શોભો છો; તેથી મારી રસનાને એજ બોધવું છું કે, તું તેઓશ્રીના રૂપલાવણ્યને ભજ ? ૯

વિવેચન—શ્રીરઘુનાથજીના સ્વરૂપ સૌન્દર્ય સમિપ કામદેવો પણ લજ્જત થઇ જાય તેવું રૂપ છે. એ શ્રીરઘુનાથજી સાક્ષાત્ શ્રીરામચંદ્રજીના અપરાવતાર સ્વરૂપ છે. એમ રામચંદ્રજીના અનન્યભક્ત કવિ તુલસીદાસના દૃષ્ટાંતથી સ્પષ્ટ માલુમ પડે છે. એક વખત તુલસીદાસજી શ્રીગિરિરાજ આવ્યા ત્યારે તેમને શ્રીરઘુનાથજીએ શ્રીરામચંદ્રજી સ્વરૂપે દર્શન આપ્યાં અને શ્રીજાનકી વહુજીએ શ્રીસીતાજી સ્વરૂપે દર્શન આપ્યાં. એ પ્રમાણેનો ચમત્કાર એઓશ્રીએ પ્રત્યક્ષ દેખાડ્યો છે, એમ ભક્તજનોની ગાથામાં સુપ્રસિદ્ધ છે.

શ્રીરઘુનાથજી સાક્ષાત્ રામચંદ્રજીનુંજ સ્વરૂપ છે. તેથી તેમના ઘરમાં રામજયન્તીનો ઉત્સવ સર્વ ઘરથી અધિક ધામધુમથી મનાય છે.

એઓશ્રીનું સેવ્યસ્વરૂપ શ્રીગોકુલચંદ્રમાજી રાસવિહારી છે. એઓશ્રીની વિદ્વત્તાનું તદ્વિરચિત ગ્રન્થોમાંજ દર્શન થઇ રહ્યું છે. જેવું પોતાનું રમણીય રસરૂપ શ્રીગોકુન્દ્રનું સેવનમાં સ્વરૂપ છે. તેવુંજ રસરૂપત્વ તેમના ગ્રન્થોમાં ઝલકી રહ્યું છે. વિશેષ વિવેચનની સીમા કીર્તનથી પૂર્ણ થઇ રહે છે.

શ્રી વલ્લભ :

નંદનનો નંદન કૃષ્ણકુમાર

પ્રફુલ્લ પદ્મ કાન્તિ રાસેશ્વર, મદન રાજનો મદ હરનાર;
આનંદધામ વૃંદાવનચારી, મુકુટધારી ગુંજા ગલ હાર;
મહા ઉદાર થૈ વસ્ત્ર હરે છે, માખણ ખાવામાં અતિ પ્યાર;
પ્રાજ્ઞ પુરૂષમાં પુરૂશોત્તમ એ, નંદનો નંદન કૃષ્ણકુમાર ૧

ચંદ્રશા ભાલે તીલક બિરાજે, ત્યાં શોભાળા વાંકડાવાળ;
સ્મરનો સ્મર દેવનો દેવ એ, ખેલેખેલ થઇ નાનો બાળ;
આનંદનો ભંડાર પરમાનંદ, ભક્તમનોરથ પૂરણ હાર;
મેઘ શ્યામ રૂપ અતિ મનોહર, નંદનોનંદન કૃષ્ણકુમાર ૨

કાલિંદી તટ કેલી કરતો, મુખ રજ ધોતો ગૌનો ગ્વાલ,
નિર્મળ વેણુ નાદનો કરતા, નામ વેણુધર શ્રી ગોપાલ;
વ્રજ પાલકસૌ વિશ્વસંચાલક, દેવદાનવ માનવહિતકાર;
રાસ વિહારી મુરલીધારી, નંદનો નંદન કૃષ્ણકુમાર ૩

નિકુંજ નિવાસી અનંતદાસી, રસમય લીલાનો કરનાર;
ગોપ્યરસાત્મક કુંજ વિહારી, મુનિમંડલ ભ્રાન્તિ હરનાર;
ધીરમતિ અધિરને ધીર દે, અનંતચપળ પરમહુંશીયાર;
સ્વામી વ્યાસનો રાસ રસિકવર, નંદનો નંદન કૃષ્ણકુમાર ૪

પાંચમા શ્રીરઘુનાથલાલજી વર્ષ ત્રણના હતા ત્યારે શ્રીગોસાઇજી શ્રીનવનીત પ્રિયાજીનો શૃંગાર કરવા બિરાજેલા તે સમયે રઘુનાથજીને આજ્ઞા કરી "મંજુષામ આનય" એ આજ્ઞા સાંભળતાજ રઘુનાથજી દોડી ગૈયા મંદીરમાં જઇ મુઆયા. હું અહીંથી શું લઇ જાઉ એમ વિચારી રડી પડયા. એટલે ત્યાં તરત જ શ્રીમહાપ્રભુજીએ પ્રકટ થઈ દર્શન આપ્યાં અને બાળકને કહ્યું કે પેટી મંગાવી છે તે લઇ જા. એટલુ કહી ચર્વીત તાંબુલ બાળકના મુખમાં મુકી અન્તર્ધાન થયા. આ વખતે બધા બાળકો હાજર હતા તેમણે પરસ્પર વિચાર્યું આ નાનકડો આજ્ઞા થતાં જે આજ્ઞા કહી દોડી ગયો જુવો એ શું લઇ આવે છે. એટલામાં પેટી લઈ આવ્યા. સૌ જોઇ આશ્ચર્યચકીત થયા. આ નામરત્નાખ્યગ્રંથમાં આ નામ શ્રીવિઠ્ઠલેશે પ્રકટ કરેલું છે એમનું ઘરનામ શ્રીરામચંદ્રજી છે ગુણ શ્રી છે.

શ્રીરઘુનાથજીના પુષ્ટિ સંપ્રદાય પ્રવૃત્તિવાળા ઘણા ગ્રંથો છે, ભકિત હેતુ નિર્ણય ગ્રંથ પર શ્રીરઘુનાથજીએ ટીકા કરેલી છે. પ્રખર વિદ્યા વિલાસી હતા.

એક વખત શ્રીરઘુનાથજીનો લગ્ન પ્રસંગ હતો તેજ દિવસે અયોધ્યાથી તુલસીદાસજી આવ્યા. લગ્ન મંડપમાં ઘણી ભીડ હોવાથી ભીતર આવી શકયા નહી, એ વાત અન્તર્યામી શ્રીગોસાઇજીએ જાણી. ખવાસને આજ્ઞા કરી કે મંડપ બહાર એક ડોકરો લાંબુ તીલક કરેલો ઉભો છે, તેને મારી પાસે લાવ. તે પ્રમાણે ખવાસ લઇ આવ્યો. તુલસીદાસે સા. દંડવત

પ્રણામ કર્યાં લગ્ન દિવસ જેથી ભારે શૃંગાર સર્વેએ ધારણ કરેલો. તેની શોભા અપાર કોણ વરણી શકે? શ્રીગોસાઇજી તથા શ્રીરઘુનાથજીએ પીતામ્બર પટકા જતમા આભુષણ હીરા-મણિના ધારણ કરેલાં તેમજ શ્રીજાનકી વહુજી એ પ્રમાણે ભારે શૃંગાર ધરી બિરાજમાન હતા. તેમનાં દર્શન તુલસીદાસને સાક્ષાત્ શ્રીરામચંદ્રજી અને સીતાજીનાં થયાં. તેથી ઘણા જ પ્રસન્ન થયેલા તુલસીદાસે વિનંતી કરી રાજ મને શરણ લ્યો. તેજ વખતે શ્રીરઘુનાથજીએ આજ્ઞા કરી કે અમારે ત્યાં તો આપ સરખા ઘણા ભકતો છે અને શ્રીરામચંદ્રજીને ત્યાં તમારા સરખા તમોજ છો તમારો આગળ પર અંગીકાર થશે. એવા અનેક ચારિત્ર્યવાનના ગુણ કોણ લખી શકે.

શ્રીરઘુનાથજીના સેવ્ય ઠાકોરજી શ્રીચંદ્રમાજી છે. તેમને પ્રથમ પરમભકત નારણદાસ બ્રહ્મચારી સેવતા હતા નારણદાસ હાથ પગ ધોવા માટી માટે જમીન ખોતરીને લે ત્યાં અઢળક દ્રવ્ય નિકળતું તે દ્રવ્ય પર માટી નાખીને પોતે ઉઠી જતા. દ્રવ્યનો સ્પર્શ કરતા નહી તેવા ત્યાગી હતા. જ્યા સુવે ત્યાં ખાટલાની આસપાસ દ્રવ્યના ઢગલા વળી જતા. તેને જોઇ પોતાની ભત્રીજીને કહેતા કે બેટા બગાડ થયો છે. બુહારીથી-વાળીને બહાર નાખી આવ. ભત્રીજી તે પ્રમાણે નીત્ય કરતી.

આ સ્વરૂપ ગોપીજનોના વિરહસંતાપ હરવાને માટે જ કોટિકન્દર્પ લાવણ્ય શ્રીગોકુલચંદ્રમાજી પ્રકટ થયા છે તેમનું ગોપીજન દર્શન કરતાંજ ગોપીજનોએ શ્રીપ્રભુપ્રતિ ઘણા પ્રશ્નો કર્યા છે. તેના જવાબમાં શ્રીપ્રભુ એટલું જ કહે છે કે હું બધા

ધર્મોથી ન્યારો છું મનકર્મ વચને તમારો બની ગયો છું. તમારા પ્રેમને વશ છું રાસનો આરંભ કર્યો તેમાં એક એક ગોપી પ્રતિ એક રૂપ ધારણ કરી રમનાર રમણેશ આત્મારામ રાસરસિકમણિ નૃત્ય પરાયણ પ્રભુ તેમનું નામ મધુરેશ પણ કહેવાય છે એનું બધું જ મધુર છે.

(મધુરોત્તમનું સર્વ મધુર)

અહોકૃષ્ણ તવ ઓષ્ટ મધુરતા, શ્રીમુખ ઉપર આંખ મધુર
મધુર હસો લસે ચાલ માધુરી, હૃદય મધુર સૌ મધુર મધુર ૧
મધુર બોલાને ચરિત્ર મધુરમય, પિતામ્બર ચેષ્ટાય મધુર
અનંત મંડળે ફરો મધુરગતિ, ભુલો પ્રભુતા ભ્રમો મધુર ૨
વેણુ મધુર પદરજ મધુરતા, પદ પંકજ કર નૃત્ય મધુર
મળતાં સાથે મધુર મૈત્રી, કૃષ્ણ તવ સકલ મધુર ૩
ગાન મધુર સૌ પીવું મધુર, ખાવું મધુર ને સુવું મધુર
રૂપ મધુર પર તિલક મધુર, તારૂ રસાધિપ સર્વ મધુર ૪
મધુરાં કાર્ય જલ તરવું મધુર, વસ્ત્રાદિ હરણે રમવું મધુર
હ્રસ્વ, ઉદ્ધત, વાંકાઇ, શાન્તતા, અખિલ ભુવનપતિ બધુ મધુર ૫
મધુરોત્તમ ગુંજાગલ રાજે, જળક્રીડાની છોળ મધુર
કમલ માલ પર મધુર ભૃંગવર, કૃષ્ણચંદ્ર સર્વાંગ મધુર ૬
મધુર ગોપગણ મધ્ય મધુર છો, લીલાયુક્તિસહ ભોગ મધુર
દૃષ્ટિ મધુર, ઉપદેશ મધુરતા, વિશ્વવસ્તુ પતિરાજ મધુર ૭
ગોપ યુથે ગોવિંદ મધુર છો, ગાવ જેષ્ટિકા ધરી મધુર,
દિવ્ય સૃષ્ટિને શિક્ષા આપી, ઘો છો પરમ આનંદ મધુર ૮
મધુરોત્તમ વૃન્દાવનવાસી, પરબ્રહ્મરસ રાજ મધુર
વલ્લભીવ્યાસમાતરવાશીના, હૃદય બિરાજે રસે મધુર ૯

રાગ સારંગ.

જયતિ રઘુનાથ, ગુણગાથ વિખ્યાત,
જીત પંડિતકેા, શરણ લીને;
શાસ્ત્ર સબ્ય જાન અભિમાન, કર વ્રજ ભુવન,
આયેા મદ ગવ સબ્ય ખંડન કીનેા. ૧
કપટ પટ દૂર કર, પ્રકટ લીલા ધરી,
ભક્તિ નવ ભાવ યૂત દશમી દીને;
જાનકી રમણ ગુણ કેાકવિ કહી શકે,
સરસ રંગી સબે ચિત્ત છીને.

"શ્રીગેાપાલદાસ આગળ છઠ્ઠા લાલ શ્રીયદુનાથજીનું સ્મરણ કરે છે."

મૂ. શ્રીયદુપતિ જીવન જગતના
સદ્ગમન પ્રસન્ન હુલ્લાસ રે રસના
નાહ તે શ્રી મહારાણી તણા,
મુખમાધુરી વિલાસરે રસના. ૧૦

શબ્દાર્થ—આ છઠ્ઠા પુત્ર શ્રી યદુનાથજી દૈવી જીવેાના પરમ જીવનરૂપ છે. અને નિરન્તર આનન્દમાં લુબ્ધ છે વળી શ્રીમહારાણી વહુજીના કંથ છે તેમજ શ્રીમદાચાર્ય પ્રકટિત મધુરરસરૂપી શ્રીસુબેાધિન્યાદિ ગ્રન્થમાં નિત્ય મનસને વિલાસ કરાવી રહ્યા છે. એવા પ્રભુનું હે જીવ! તું સ્મરણ કર? ૧૦

વિવેચન—શ્રીયદુનાથજી નિરન્તર પ્રસન્ન મુખારવિન્દથી બિરાજે છે. એએાશ્રીના સેવ્યસ્વરૂપ માટે સંપ્રદાયમાં મતભેદ છે; કેાઈ સૃષ્ટિ કેાઇ સ્વરૂપને કહે છે, તેા કેાઈ બીજાને કહે છે. તેમાં ખરૂં શું તે તેએાશ્રીએાજ જાણે છે.

—o—

છઠ્ઠા પુત્ર શ્રી યદુનાથલાલજી

તેમના સેવ્ય શ્રી બાલકૃષ્ણલાલજી—એે નંદકુમાર નંદજીના ઘરમાં શૈયામાં સુતેલા હતા, તે વખતે મનેાહરરૂપ ધારણ કરી સ્તનમાં ઝેર ભરી પુતના આવી. તે સમયે બાળકે જાણીને આંખ મીંચી. પુતનાએ બાળક ઉંઘે છે, એમ જાણી અજ્ઞાની ઝેરી નાગને દેારડું જાણી ઉપાડી લે તેમ (આ મહા તેજસ્વી અખીલ બ્રહ્માંડનેા નાથ બાળક રૂપમાં છે તે) આ બાળકને ઉઠાવી પુતનાએે પેાતાના ખેાળામાં લઇ, ઝેરથી ભરેલી સ્તનની દીંટડી બાળકના મુખમાં આપી ઘવરાવવા લાગી.

હવે અસુર ઉચ્છેદક શ્રીપ્રભુ પેાતે શું કરે છે, પુતના ભાગી ન જાય તેથી બન્ને સ્તનને સારી રીતે દાબી સ્તન પાન કરવા લાગ્યા. તેની સાથે પુતનાના અંગેઅંગમાં પીડા થવા લાગી. પુતના બાળકના હાથ છેાડી નાંખવા મથી, પણ છેાડવી શકી નહિ. છેાડી દે? છેાડી દે!? એમ વિકાળ ભુમેા પાડતી પુતનાની આંખેા ફાટી ગઇ, પગ પછાડા કરવા લાગી. પરસેવાથી સર્વાંગ ભીજી ગઈ, મહારૂદન કરતી, મેાટી ચીસેા પાડવા લાગી, તેથી પૃથ્વી રસાતલ, પર્વતેા

આકાશ અને દશે દીશાઓ ગાજી ઉઠી અને તેમાં રહેનારા પ્રાણીઓ અને દેવો કંપી ઉઠયા. ભગવાન પોતાના હાથમાં આવેલા દુષ્ટને કેમ છોડે? એવી વિકરાળ લાંબી પહોળી પુતનાના પ્રાણ સુધ્ધાંત પ્રભુએ ચુસી લીધા, જેથી દુષ્ટ પુતના પોતાનું સ્વરૂપ પ્રકાશતી હાથ પગ પસારી વિખરેલા કેશે મરણને શરણ થઇ પૃથ્વી પર પડી.

આવા પુતનાના પ્રાણહર પ્રભુશ્રીબાલકૃષ્ણજી સુરતમાં હાલ શ્રીવજરત્નલાલજી મહારાજ માથે બિરાજે છે. એ જ છઠ્ઠી ગાદીવાળા શ્રીયદુનાથજીના શ્રીબાલકૃષ્ણજી. તેઓશ્રી કાંકરોલી દ્વારકાધીશ સાથે બિરાજતા હતા તે હાલ સુરત બિરાજે છે. તેઓશ્રી કેવી રીતે સુરત પધાર્યા. તે કથા મોટી છે.

શ્રીયદુનાથજીનું ઘર નામ **મહારાજજી** છે. શ્રી યમુનાજીનું સ્વરૂપ છે. સાતે ભાઈઓને સ્વરૂપ વાંટી પધરાવી આપ્યા પછી પણ પોતે બધા જ ઘરમાં બધા સ્વરૂપોની સેવામાં જતા. એમનો ભાવ પ્રવાહ અનંત મનોરથી હતો, અત્યુદાર સરળ સદ્‌ગુણ સુહૃદ શીલ હતા.

છઠ્ઠા પુત્ર શ્રીયદુનાથજી અને પ્રથમ પુત્ર શ્રીગિરિધરજીનોજ વંશ હાલ ભૂતલપર દૈવીજનો હિતાર્થે બિરાજે છે.

રાગ સારંગ.

જયતિ યદુનાથ, વ્રજ સકલ પાવન કરન,
ધીર ગંભિર, ગુણ કોન જાણે;
જયતિ ગોકુલ સુભગ, નિત્ય રમણીય જે,
ભકિત એકત્ર કરી, વાસ ઠાને. ૧

જયતિ દ્વિજવરતિલક, મુકુટ વિખ્યાત મણિ,
શોભમ યાજ્ઞીય કૃત નિત્ય ભ્રાજે;
જયતિ શ્રી ભાગવત, શ્રવણ વાચક કરણ,
પુષ્ટિ પથ દૃઢ કરન નિત્ય રાજે. ૨
જયતિ શ્રી વિઠ્ઠલ સુવન, પ્રેમ વિશ્રાન્તકર,
વિવિધ સેવા ધર્મ સખ્યત દીને;
જયતિ વ્રજવાસ, હુદ્વાસ કર, જનનમેં,
સરસ રંગી સબે રંગ ભીને. ૩

"હવે છેલ્લા પુત્ર શ્રીઘનશ્યામજીનું સ્મરણ કરવા ભક્ત કવિ શ્રીગોપાલદાસજી પોતાની રસનાને બોધવે છે."

મૂ૦ શ્રીઘનશ્યામજી સિંચે સુધા
જીવન સકલ બ્રહ્માંડ રે રસના;
નાહતે કૃષ્ણાવતિ તણા,
લીલા નિત્ય અખંડરે રસના. ૧૧

શબ્દાર્થ—શ્રીવિઠ્ઠલેશ્વરપ્રભુચરણના આ સપ્તમ પુત્ર શ્રીઘનશ્યામજી પોતે પોતાની રસિકસુધા, સકલ બ્રહ્માંડમાં દૈવીજનોપર વર્ષાવી રહ્યા છે. તેથી બ્રહ્માંડના જીવન સમ કહેવાય છે. તેઓ શ્રીકૃષ્ણાવતી વહુજીના કંથ છે. અને તેમની લીલા અખંડ છે. એવા પ્રભુને હે જીવ્હા! તું ભજ?

વિવેચન—આ પદમાં શ્રીઘનશ્યામજીના સ્વરૂપનું એક ટુકથી જ સમ્પૂર્ણ દર્શન થઇ રહ્યું છે.

(રાગ ભૈરવ)

પ્રાત સમે ઉઠ કરીએ શ્રીલક્ષ્મણ સુત ગુણ ગાન,
પ્રકટ ભયે શ્રીવલ્લભપ્રભુ દેત ભક્તિ દાન;
શ્રીવિઠ્ઠલનાથ મહાપ્રભુ રૂપકે નિધાન,
શ્રીગિરિધર શ્રીગિરિધર ઉદય ભયો ભાન;
શ્રીગોવિન્દ આનન્દ કન્દ કહા વરણો ગુણ ગાન.
શ્રીબાલકૃષ્ણ બાલ કેલિ, રુપહિ સુહાન;
શ્રીગોકુલનાથ પ્રકટ કીયો, મારગ બખાન,
શ્રીરઘુનાથલાલ દેખ મન્મથહિ લજ્જન;
શ્રીજદુનાથ મહાપ્રભુ, પૂરણ ભગવાન,
શ્રીઘનશ્યામ પૂરણ કામ, પોથીમેં ધ્યાન;
પાંડુરંગ શ્રીવિઠ્ઠલેશ, કરત વેદ ગાન,
પરમાનન્દ નિરખલીલા, થકે સુર વિમાન.

શ્રી ઘનશ્યામજીમાથે શ્રી મદનમોહનજી બિરાજતા. તેમની સેવા અપાર આસક્તિપૂર્વક કરતા ઉષ્ણકાળમાં શ્રીને ચોકમાં પોઢાવી આંબ્યો મીંચી રાત્રે પંખો કરતા.

એક દિવસ તેમના ભત્રીજા ગોપાલલાલજી પાલખીનો દાંડો ન કાપવાના દ્વેષથી ચોકમાં ઉતરી શ્રી મદનમોહન પ્રભુ અને એક સ્વામિનીજીની ચોરી કરી એક સિંધી ભાઈને પધરાવી આપી તેના દેશમાં ચાલતી કરી, સવારે શ્રી ઘનશ્યામજી શ્રી ઠાકોરજીને જગાવી જાય છે ત્યાં શ્રીને ન જોતાં એકદમ મહાકલેશ ભરાઈ

વિરહ વ્યાકુળ થયા, અન્નજલ ત્યાગ કરી ઘરના ભોંયરામાં પધારી ગયા. બહાર તેમના ભાઈઓએ શોધ કરતાં મદન મોહનલાલનો પત્તો ખાધો નહીં, પછી શ્રી ગોકુલનાથજીએ ભોંયરામાં જઇ શ્રી ઘનશ્યામજીને ઘણું સમજાવ્યા, ધીરજ આપી, પણ કેવળ બેચેનથી ધીરજ ધારણ ન થઈ, અને પરિણામે વિરહાત્મકરૂપ માધુર્યમાં પોતાના પ્રાણને છોડી દીધો.

તેઓશ્રી ઘરમાં લગ્નાદિ કેવા પ્રસંગ હોય છતાં પોતાના સેવ્ય પ્રભુ સિવાય, કોઇ લોકાયતિકમાં ધ્યાન જ ન હતું. તેઓશ્રીનું અનુકરણ શ્રી ઠાકોરજીને સેવનાર સેવકે કર્તવ્ય છે સેવાના સમયે સેવા અનોસરમાં તેઓશ્રીનું ધ્યાન ગાન એકતાન ચિત્તથી કરવું જેથી પ્રભુમાં ચિત્ત પરોવઈ જાય તેણે જ ફલરૂપ સેવન કર્યું ગણાય. તેને સેવ્ય, પોતાનું સ્વાદામૃત સ્વતઃ કૃપાથી આપે છે.

(કમલમુખ દેખત તૃપતન હોય)
(ભજન ભેદ ન્યારો પરમાનંદ જાનત વિરલા કોય)
પદ પુરૂ વિચારી લેવું.

વિરહાત્મક

આનંદ રૂપના અંશ જીવતે,
આનંદ મેળવી ઉડી જાય;
સંયોગ સ્વાદના ધ્યાને વિરહી,
વ્યાકુળ ગાભરો પળપળ થાય ૧
સર્વ શિરોમણિ શ્યામ સુંદરને,
પ્રગાઢ પ્રેમથી સેવે જેહ;

વિયોગ સેવ્યનો થતાં તત્ક્ષણ,
પ્રાણ તજે છે સેવક તેહ,
પુષ્ટિ પથપતિ વલ્લભ વિઠ્ઠલ,
યમુના ગિરિ વણ જરા ન સુહાય;
વ્યાસ એવા કોઇ ભાગ્યવાનથી,
અનુકરણ ઘનશ્યામનું થાય. ૩

શ્રી વલ્લભવિઠ્ઠલેશના વંશ જ માત્ર ગોપીપદરજના વાંચ્છક છે. સ્ત્રી ગુઢભાવી ભાવ રસાત્મક સકલ પરિવાર છે,

॥ ગોપીપદ રજાય નમઃ ॥

ગોપી પદ રજની વાંચ્છા, મુકત કંઠે મહા પ્રભુ કહી;
વેદ વ્યાસ શુક ભકત વિસ્તારી, પ્રેમ ધ્વજા ફરફરી રહી. ૧
આદર્શ ભકત કવિજન ભાંખી, ગોપી ભાવના વિધવિધ રીત;
ભાવી પ્રજાના હિતની ખાતર, પ્રકટ કરી છે પુનિત પ્રીત. ૨
જયદેવ સુર મહેતો મીરાંબાઇ, દયો ગાય ગોપીરસ સ્વાદ;
ગોપાલદાસના વલ્લભાખ્યાનથી, અનુભવી લે પ્રેમપ્રસાદ. ૩
પ્રેમ માર્ગમાં પ્રેમ જ જાદુ, પ્રેમ મહા મન હરણો મંત્ર;
પ્રેમપાષાણ પીગળાવે તરાવે, અચળા ડોલાવે અજબ જંત્ર. ૪
સર્વોપરિ શ્રીકૃષ્ણનનગુરૂ, પ્રેમભકિતનું આપે દાન;
પ્રેમ અમૃત પીનાર ભકતનું, પ્રેમથી કરે પ્રભુ સન્માન. ૫
પ્રભુકૃપાનો પુનિત પંથ આ, તેને પુષ્ટિમાર્ગ કહો;
વલ્લભીકૃપાસ્પદે માતરનો, શ્રી ગુરૂ વરણે સ્વાદ લહો. ૬

॥ શ્રી ઘનશ્યામ પુર્ણ કામ પોથીમે ધ્યાન ॥

એ કીર્તનની કડીને અનુસાર જ આપશ્રીનું ચિત્ત એતન્માર્ગીય પુસ્તકોમાંથી ભગવદ્લીલા અનુકરણ કરવામાં જ મસ્ત હતું. અને જ્યાં ત્યાં દૈવીજનોપર ભગવદ્રસનું સિંચન કરતા હતા. એઓશ્રી શ્રીવિઠ્ઠલેશ્વરનાં દ્વિતીય વહુજી શ્રી પદ્માવતીજીના પુત્ર હતા. એમનું સેવ્યસ્વરૂપ શ્રીમદનમોહનજી છે. તે હાલ કામવન બિરાજે છે.

રાગ સારંગ.

જયતિ ઘનશ્યામ ગુણધામ વિશ્રામજે,
વેદ વિહિત વ્રત નિત્યકારી;
ભક્તિ અનુરાગિણી દૃત નિજ જનનકો,
તેહપ્રભુસકલલીલાવિહારી. ૧
આપ સેવા કરે ભકતજીય અનુસરે,
સ્વીયજનજાન ગુણ ગાનદાતા;
મધુર રસપુંજ રસકંજ રમણીય જે,
વસ્તુ નિર્દોષકે ધ્યાન ધાતા. ૨
શરણ તેહિસબનકી આનભટકનવૃથા,
પરમપુરૂષાર્થ જહાંસકલ પાવે;
સરસ રસ રંગ સુખકંદ ઘન છાંડિકે,
મૂઢમતિ મન્દ સોઇ આનધાવે ૩

"એ પ્રમાણે શ્રીવિઠ્ઠલેશજીના સાત લાલજીનું સંસ્મરણ કરીને ભકતકવિ શ્રીગોપાલદાસજી શ્રીવલ્લભાચાર્યજીના જ્યેષ્ટ પુત્ર શ્રીગોપીનાથજીનાં બે બેટીજી અને શ્રીવિઠ્ઠલેશ્વરના ચાર બેટીજીનું સ્મરણ કરવા જીવ્હાને ઉપદેશ કરે છે."

મૂ૦ શ્રીલક્ષ્મી સત્યભામા બેઉ,
અગ્રજની અનુહારરે રસના;
શ્રીનવનીત પ્રિયાજીને રીઝવ્યા,
સેવ્યા વિવિધ પ્રકારરે રસના
શોભા યમુના કમલા દેવકા,
જેને સાત ભાન્ધવ સૌભાગ્યરે રસના;
એઉના ચરણ સ્મરણ કરી,
શ્રીવિઠ્ઠલપદરજરતિ માગ્યરે રસના. ॥૧૩॥

શબ્દાર્થ–શ્રીમદાચાર્યજીના જ્યેષ્ટ પુત્ર શ્રીગોપીનાથજીનાં બે બેટીજી એક શ્રીલક્ષ્મીજી અને બીજાં સત્યભામાજી અને શ્રીવિઠ્ઠલેશજીનાં ચાર બેટીજી પ્રથમ શ્રીશોભાજી બીજાં યમુનાજી ત્રીજાં કમલાજી અને ચોથાં શ્રીદેવકાજી એએઓએ શ્રીનવનીત પ્રિયાજીનું વિવિધ પ્રકારે ભાવપૂર્વક સેવન કરી; પ્રસન્ન કર્યા છે. અને એએ સાતે ભાઇઓથી સૌભાગ્યશાળી એાછે; માટે એએશ્રીના ચરણનું સ્મરણ કરીને હે જીવ્હા! તું જરૂર શ્રીવિઠ્ઠલેશપ્રભુના ચરણકમલમાં નિરન્તર પ્રીતિ કાયમ રહે, તેમ યાચના કર? ૧૨–૧૩

વિવેચન—આ શ્રીમદાચાર્યજીના વંશનાં બેટીજીઓએ વિવિધ પ્રકારે ભાવપૂર્વક શ્રીનવનીતપ્રિયાજીની સેવા કરી, તેમને પ્રસન્ન કર્યા; અને તેઓના સાનુભવનું સર્વ સુખ લીધું; વિગેરે સેવાથી થતો સાનુભવ વર્ણવતાં ભક્તકવિ શ્રીગોપાલદાસજી વૈષ્ણવોને એ પ્રકારે બોધવે છે કે:–ભાવ પૂર્વક ભગવત્સેવા છે; એજ વૈષ્ણવનો મુખ્ય ધર્મ છે, માટે વૈષ્ણવે પોતાના સેવનીયપ્રભુસ્વરૂપને જડપદાર્થની મૂર્તિરૂપ ન માનતા, સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમવજભકત હૃદયગામી યશોદોત્સંગલાલિતજ છે. એમ જાણી સાક્ષાત્ રસાત્મક પ્રભુ સ્વરૂપનું સેવન કરવું. તેથી જરૂર શ્રીનવનીત પ્રિયાજી મુજબ પ્રભુ પ્રસન્ન થઈ, પોતાનો સાનુભવ જતાવ્યા શિવાય રહેશેજ નહિ.

લક્ષ્મી સત્ભામા બેટીઓ શ્રીનવનીત પ્રિયાજીની સેવામાં સદા હતાં, તેમણે એક દિવસ રાજભોગની તૈયારી કરી, અને આશાકરણ ઘુમતા આવ્યા તેમને ખાન પાનની પરવા વગરના વિરહીરૂપ જાણી, રાજભોગની તૈયારી તેમને ધરી દીધી. બીજી રાજભોગની તૈયારી કરી ભોગ ધર્યા, કાકાજી બીજવાનો ડર હતો.

આરતી સમયે કાકાજી પધાર્યા ત્યારે શ્રીપ્રભુ બહુ પ્રસન્ન જોઈ પુછયું આજ ઘણા પ્રસન્ન છો? શ્રીપ્રભુએ કહ્યું આજ દુધણો રાજભોગ આરોગ્યો છું એ પ્રમાણે બેટીજીઓ શ્રીનવનીતપ્રિયાજીને રીઝવતાં હતાં.

લક્ષ્મી, સતભામા, અને શોભા, યમુના, કમલા, દેવકાદિ અનાંતર બેટીજીઓનો સમુદાય સર્વ [illegible] શ્રીવલ્લભનીજીના

શ્રીઅંગમાંથી પ્રકટ થયેલો છે, તે સર્વ રસિક ચુડામણિના રસનો ધારક છે. મૂળ લોકમાં એ નિત્ય સિધ્ધ છે. એજ અત્ર અનેક નિકુંજ નાયક કે જેવા દ્વાદશ નિકુંજ નાયક તેવા જ સાતો સ્વરૂપ રસરૂપના દ્વાર પર બિરાજમાન મુખ્ય નાયકાઓ શ્રીગુરૂઓ છે. તેમનો સેવા સહાય પરિવાર છે. અનેક નિકુંજ નાયકના દ્વારની મુખ્ય અધિષ્ટાત્રી જે પોતાના રસિક સોહાગીનું સુખ લે છે તેજ સોહાગીનું સુખ આ સોહાગણો લે છે. અને એજ સ્વામીનું સુખ સેવકને લેવા યોગ્યતાવાળા કરી તે સુખ કૃપાથી દે છે: "અહંનિરોધો રોધેન નિરોધ પદવિંગત" જે પ્રમાણે શ્રીગુરૂઓને નિરોગની ગતિ પ્રાપ્ત થઇ છે તેજ પ્રમાણે સેવકને સેવારસાસ્વાદ લેતો શીખવી નિરોધ કરાવી અત્ર કૃષ્ણાધરામૃતનો સ્વાદ લેતા કરે છે. શ્રીવલ્લભનું અદય દાન લેનારા વલ્લભીયોના ભાગ્યનો પાર નથી તેજ સુખ બસો બાવન ચોરાશી ભકતોએ લીધું. તે સર્વ જગ જાહેર છે. જેના હૃદયમાં ભગવદનામ અને રસાત્મક રૂપ ભરાઈ જાય તેને ગોપીજનો વત, ઘરખોયું ખુંચતું નથી ભકતો ઘણા ગાય છે કે [ઘરખોયું ના ખટકે] (મારૂં મન મોયુ રે શ્રીગોવર્ધન નાથજીના લટકે,) જેના હૃદયમાં એ લાડવેલા માનીતા લહેર ખડાનાથનો લટકો પેશી જાય છે તે કેવળ લટકામાં જ લહેરાયો ફરે છે. ધન્ય છે એવા અનુભવ લેનારા ભાગ્યવાનોને લાખો ધન્ય છે. જેની શ્રીપ્રભુના નામ સાથે તાળી લાગી ગઇ, જેણે સાચો સ્વરૂપાનંદ લીધો સેવા રસાસ્વાદ ચાખ્યો એ તો પરમફલને પામી જ ગયો, એને વૈકુંઠમાં ચતુર્ભુજ

થવું ભાવે જ કેમ ? કે ભગવાનમાં મળી જવું એવી વિના સ્વાદની મુકિત કેમ જ રૂચે.

સ્વામિની સાચી સોહાગણને તો સ્વામીનાં મધુરાં વેણુ, લટકાલી લંગરી ચરણુની ચાલ, ભુજે ભુજ મિલાવી ભગવાનને ભેટી રસઘેલા કરી દેવા, હરિથી રમી વ્હાલથી વિલસી હરિને હરી લેવા, અર્થાત્ ભકત ભગવાનને ભાવ સંગ્રામમાંથી પ્રેમ યુદ્ધથી જીતી લેવા, એવો નિત્ય વિલાસ હાસ રાસ રંગ તો શ્રીગોકુલમાં જ છે. શ્રીગોકુલેશની નવનાગરી શ્રી રાધા અને એ શ્રી સ્વામિનીજીનો રસિક રસ છે. સુહાવનો યાવત સરંજામ કે જે કુંજકુટિરના દ્વાર પર બિરાજમાન યુગલ કીશોરને ચંદ્રચકોરવત ચિન્તવી રહ્યો છે. મયૂર કોકીલાવત મધુરાગાને અખંડ વિનવતો ગુંજી રહ્યો છે. અને અંતરના અનુપમ અનુરાગથી તન મન પ્રાણ પ્રાણેશ પર વારી રહ્યો છે. એ સુખ તો શ્રીગોકુળ, વૃંદાવન, ગિરિ, ગોવર્ધન, વટે, કુંજે દાન ઘાટીમાંજ છે–ત્યાં કૃપાથી અવલોકનારી સોહાગી શ્યામની સાચી સોહાગણ શ્રી સ્વામિનીજી બિરાજમાન થઇ સેવકને કૃપાથી અવલોકી અઢળક અનુરાગથી દાન આપે છે. એજ મહાપ્રભુછે. પ્રભુના પ્રભુ તે મહાપ્રભુ. વ્રજની વિલાસિણી ભૂમિ સઘન વનની ગાઢી ગહેરી ઘટા વૃક્ષોની નવપલ્લવીતલતા અને નાના વિધનાં ફલ ફૂલની સૈારભથી મહેકી રહેલી મહાકુંજોના મનોહર દ્વાર પર ઝોલે ઝુલતો નવરંગનાગર કે જેના ગંડ સ્થળ પર પીકની લીકો લાગી રહી છે. અધર પર મસિ રેખાનો દેખાવ દર્શાય છે, જેની સચિકણ ચમકતી, વાસુ-

કીનાં શિશુ સમાન શિરની લટો સુદેશભાલ કપોલ પર લટી રોળાઇ રહેલી છે, તેવું જોવા વૈકુંઠ અમરાપુરમાં કયાં છે? કોઇ લોકમાંએ સુખ નથી. વ્હાલાના મંગલમય વ્રજમાં કોટિ કામ તણુંખલાંની તોલ છે. શ્રીકૃષ્ણ રાધાની રમકન ઝાંઝરની ઝમકન પગની ઠમકન અને યુગલ સ્વરૂપનો સોહામણો સુલુણો ભેખ. તેના ઉપર ચૌદેલોક અને અખિલ બ્રહ્માંડ વારી નાંખીએ તે પણ ઓછાં જ છે. વ્હાલાના વ્રજની વાહ વાહ સૌ ભકતો મળી ગાય છે. કેમ કેમ ગાય છે, તે જરા "બેટી ભઈ ભાન કે" નંદ કે ફરજંદ એરી વાહ વાહ હેં, એરી વાહ વાહ હે. ગયા દુઃખ દ્વંદ આજ વ્રજમે આનંદ એરી વાહ વાહહેં એરી વાહ વાહ હે. પ્રભુના પવિત્ર નામ પર અને એના સત્ય સ્વરૂપપર– ગોપીચંદ ભર્તૃહરિ બૌધાદિ અનેક ભકિત ઇષ્ટો એ રાજપાટ છોડી દઇ પ્રભુની શોધમાં ચાલ્યા ગયા છે. આપણાથી ન્યારા ન્યારા ધર્મોમાં પણ ત્યાગ મુખ્યરૂપ છે અનેક દેશોના ઇતિહાસ પણ એમ જ બોલે છે કે, કંઇક રાજ-કુમારીઓએ પ્રભુના નામપર પોતાનો તમામ વૈભવ તજી સાધુપણાને પકડી લઈ અલખ જગાવતાં થયાં છે તેમના આનંદનો પાર નથી તે સૌ અનુભવીઓ જ જાણે છે. તેવું સર્વ મહાન પુરૂષો અને શાસ્ત્રો કહે છે.

અરે એકલા જ્ઞાન અને વૈરાગ્યથી મદન માનહર, શ્રીમદનમોહન પ્રભુને મળાશે નહી. જ્ઞાન અને વૈરાગ્યવાન ઋષિ, મુનિજનોને પણ માયાએ અધવચ્ચ ઘેરી લીધા છે. પરંતુ કોઇનાં અહોભાગ્ય હોય તેને ભકિતરૂપી સુંદરીનો સહારો મળી ગયો છે

શુદ્ધીપત્ર

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૩	૧૩	ભગવત્ પ્રપ્તિ	ભગવત્ પ્રાપ્તિ
૪	૧૪	તે હે થી	તેવા હેતુથી
૧૩	૧૧	મુલમ્	મૂલમ્
૧૩	૧૧	અદ્વત	અદ્વૈત
૧૩	૧૮	સા	સૌ
૧૪	૬	અદ્વૈત	અદ્વૈત
૧૫	૨૦	લેખાતો	લેપાતો
૧૬	૧	સુહ્ન	બ્રહ્મ
૧૬	૪	યેાનિતા	યેાનિના
૧૮	૧૫	વૈદે	વેદે
૨૦	૧૩	સમિયે	સમિપે
૨૦	૨૦	ભ્રમર	ભ્રમર
૨૩	૪	ભૂયેા	ભાયેા
૨૩	૧૩	મકરદ	મકરંદ
૨૪	૨	ગેાપવાદ	ઘોષવાદ
૨૯	૯	અમિદૃષ્ટિ	અમિદ્રષ્ટિ
૩૧	૧	સમુદમાં	સમુદ્રમાં
૩૧	૧૯	નું તન	નુ તન
૩૨	૮	દૃવિભૂત	દ્રવિભૂત
૩૩	૧૧	અન્તકારણની	અન્તઃકરણની
૩૩	૧૭	પાતાની	પોતાની

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૩૪	૨	ગણુવંત	ગુણવંત
૩૪	૧૨	સ્વંય	સ્વયં
૩૪	૩	થાંયા	થયા
૩૪	૫	દ્વિધાગણ	દ્વિધાગુણ
૩૫	૧	દેવી	દૈવી
૩૯	૨૦	ભગવાનને	ભગવાને
૪૦	૩	આ આકિત	આસકિત
૪૦	૫	અધ્યાત્યાના	અધ્યાયના
૪૦	૮	શ્રદ્ધ	શ્રદ્ધા
૪૧	૨૦	પ્રતિવૃતા	પતિવૃતા
૪૧	૨૧	સર્વોતકષ્ટ	સર્વોતકૃષ્ટ
૪૨	૨૦	હ દિ	હદિ
૪૩	૧૭	થવાવળાં	થવાવાળાં
૪૫	૬	પાપીને	પામીને
૪૮	૧૭	કયારસનું	કથારસનું
૫૧	૬	તમના	તેમના
૫૫	૧	ઉપય	ઉપાય
૫૫	૭	શુદ્ધાદ્વત	શુદ્ધાદ્વૈત
૫૫	૧૩	શુદ્ધાદ્વૈત્ત સિનાન્ત	શુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત
૫૫	૧૪	ભવસમુદ્ર	ભવસમુદ્ર
૫૬	૪	શ્રીલલ્લભપ્રભુ	શ્રીવલ્લભપ્રભુ
૫૬	૬	વ્રજપતિ	વ્રજપતિ
૫૮	૧	શ્રીમદ્લ્લભ	શ્રીમદ્વલ્લભ
૫૮	૭	પધરતા	પધારતા
૫૯	૧૧	દેવીજીવેાને	દૈવીજીવેાને

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૫૯	૧૯	અથાત્	અર્થાત્
૬૪	૧૩	રૂદ્ર	રૂદ્ર
૬૪	૧૩	ઇદ્રાદિ	ઇન્દ્રાદિ
૬૬	૨	શ્રીવલ્લભદેવ	શ્રીવલ્લભદેવ
૬૭	૯	હરણ	હરખ
૬૭	૧૦	વરણ	વરખ
૬૭	૧૧	કષ્ણુ	કૃષ્ણુ
૬૯	૩(છેલ્લી)	નાસ્યન્દુ	નાસ્યેન્દુ
૬૯	૩(છેલ્લી)	રાજેદ્વત	રાજેદ્વત
૭૦	૧૪	વ્રજધાનમાં	વ્રજધામમાં
૭૧	૧૮	ભકનેાનું	ભકતેાનું
૭૨	૨૦	શ્વવાનને	શ્વાનને
૭૪	૧૨	દહાનાં	દેહાનાં
૭૭	૧	વિદ્યમાજ	વિદ્યમાનજ
૮૨	૯	ગ્રથ	ગ્રંથ
૮૪	૧૭	પ્રવતેચ	પ્રવર્તેચ
૮૫	૮	કષ્ણુ	કૃષ્ણુ
૮૬	૧૧	ઉ શી	ઉદ્દેશી
૮૬	૧૫	પુષ્ટિમાગ	પુષ્ટિમાર્ગ
૮૮	૨	આશ્રયથી	આશ્રયથી
૮૮	૧૦	શ્રીગેાકુલેશ	શ્રીગેાકુલેશ
૮૮	૩	શ્રીમદાચાર્ય ચરણનું	શ્રીમદાચાર્ય ચરણનું
૮૮	૨૩	શ્રીહસ્તે	શ્રીહસ્તે
૯૭	૧૬	શ્રીઆચાર્ય જીને	શ્રીઆચાર્ય જીને
૯૮	૩	શ્રીઆચાર્ય ચરણ	શ્રીઆચાર્ય ચરણ

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૯૮	૩	લાવા	લાવવા
૯૮	૫	પાતાની	પોતાની
૯૮	૫	પાદુકાજીન	પાદુકાજીને
૧૦૧	૧૧	વલ્લજી	વલ્લભજી
૧૦૧	૧૨	અમન	અમને
૧૦૨	૭	અન	અને
૧૦૨	૧૮	ઉમ્ર	ઉમ્ર
૧૦૩	૧૯	અન	અને
૧૧૭	૧૫	આપશ્રી	આપશ્રી
૧૨૧	૧૭	દ્વષથી	દ્વેષથી
૧૨૨	૨	સૈને	નરસૈને
૧૨૬	૧૬	તડી	તેડી
૧૩૫	૨૨	આમે ાહ	આમોહ
૧૩૯	૧૧	વત્મા	વર્ત્મા
૧૩૯	૧૩	અથાત્	અથૌત્
૧૪૦	૧૫	શ્રીનંદ	શ્રીનંદ
૧૪૦	૧૮	ક શ	કલશ
૧૪૦	૨૨	શ્રીનંદ	શ્રીનંદ
૧૪૧	૨	અન્યશ્રય	અન્યાશ્રય
૧૫૦	૧	શ્રીકૃષ્ણનેજ	શ્રીકૃષ્ણનેજ
૧૫૧	૧૬	તમણે	તેમણે
૧૫૩	૬	પ્રતિપૂર્ક	પ્રિતિપૂર્ત્ક
૧૫૯	૮	દ્વત	દ્વૈત
૧૬૭	૩	સુંરીનો	સુંદરીનો
૧૭૮	૧૨	શ્રીહસ્તકમલરૂપી	શ્રીહસ્તકમલરૂપી

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૯૨	૮	પુત્રભયો	પુત્રભયો
૧૯૫	૧૦	પ્રકટે	પ્રકટયા
૨૦૨	૧૧	જો	જે
૨૦૩	૧૧	ભગવત	ભાગવત
૨૦૮	૭	અનુગ્રહ	અનુગ્રહ
૨૧૦	૧૫	આર્વિભાવ	આવિર્ભાવ
૨૧૨	૧૧	નવજલધન	નવજલઘન
૨૧૪	૧૮	શ્રીમદ્વલ્લભકિત	શ્રીમદ્વલ્લભકિત
૨૧૫	૧૫	શ્રીવિકુલલેશ	શ્રીવિકુલેશ
૨૨૩	૧૬	અલૈકિક	અલૌકિક
૨૩૩	૧૨	હ્રદયે	હૃદયે
૨૩૮	૧૮	વર્ણનન	વર્ણન
૨૪૧	૧૧	ભાકતો	ભકતો
૨૪૭	૧૮	બાંધ્યોહે	બાંધ્યોહે
૨૪૮	૨	સુતક	સુતક
૨૫૦	૨૧	સ્વાભી	સ્વામી
૨૫૪	૨	મકો	મર્મકો
૨૫૪	૬	વ્રજથીવનમાં	વ્રજથીવનમાં
૨૫૪	૭	વ્રજમાં	વ્રજમાં
૨૫૫	૧૦	વ્રજાંગનાઓ	વ્રજાંગનાઓ
૨૫૬	૧	લોશ્રનમૃંગ	લોચનભૃંગ
૨૫૬	૬	પ્રભુના	પ્રભુના
૨૬૦	૧૩	વાગ્યા	લાગ્યા
૨૬૦	૨૦	ખીટળીયાળા	ખીટળીયાળા
૨૬૬	૫	યશોદાજી	યશોદાજી

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨૬૬	૭	યશાદાનું	યશોદાનું
૨૬૮	૧૯	ઇન્દિયોને	ઇન્દ્રિયોને
૨૭૦	૧૦	વજજનોને	વ્રજજનોને
૨૭૨	૯	યશાદાજી	યશોદાજી
૨૭૨	૧૯	ભોજનગૃમાં	ભોજનગૃહમાં
૨૭૩	૧૪	અધરસુધા	અધરસુધા
૨૭૬	૧	સર્વધમાન	સર્વધર્માન
૨૭૬	૮	ભોગતાં	ભોગવતાં
૨૮૨	૨	વસો, ને	વસો. જે
૨૮૭	૭	વિટલેશ	વિઠ્ઠલેશ
૨૮૯	૧૦	કષ્ણાશ્રયમાં	કૃષ્ણાશ્રયમાં
૩૦૪	૧૩	કભશ	કલશ
૩૦૫	૪	મકતજન	ભકતજન
૩૦૮	૯	પરમાન્દરસનું	પરમાનન્દરસનું
૩૦૯	૩	માન્દ	માનન્દ
૩૧૧	૩	ભાગ (ડી)	પાડી
૩૧૧	૨૪	શ્યામઘનમાં	શ્યામઘનમાં
૩૧૨	૧	કંજ	કુંજ
૩૨૩	૧૧	ભગવદનાવતાર	ભગવદ્ વદનાવતાર
૩૨૪	૧ લીટી	શ્રીમદ્લ્લભાદભર્ય	શ્રીમદ્ વલ્લભાચાર્ય
		ચરણના	ચરણના
૩૨૪	૪	સમુદ્રરૂપ	સમુદ્રરૂપ
૩૨૪	૧૯	ખીલવાનો	ખીલવવાનો
૩૨૬	૧	ગિરિમણી	ગિરી ભણી
૩૨૬	૪	શ્રામદ્ગોવર્ધનો	શ્રીમદ ગોવર્ધનો

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૩૨૮	૧	ઉપલ	ઉપર
૩૩૨	૪	કે;	×
૩૩૨	૧૨	આરાતિકેના	આરાતિર્કના
૩૩૫	૨	ઘોષબ્જધિપતિ	ઘોષવ્રજાધિપતિ
૩૩૬	૧૮	અનત	અનંત
૩૩૭	૨	નિકંજ	નિકુંજ
૩૩૭	૧૦	શ્રીમંતિની	સીમંતિની
૩૩૮	૨૨	ભલી	ભૂલી
૩૪૦	૮	પૂર્ણપીતી	પૂર્ણપ્રીતિ
૩૪૦	૧૩	રૂનન્દરસને	રૂપાનન્દરસને
૩૪૧	૨	પરિભ્રન્મતી	પરિભ્રમન્તી
૩૪૫	૩	વિભવરૂપ	વિભાવરૂપ
૩૪૫	૧૨	માવ:	ભાવ:
૩૪૬	૧૫	ધસમસ્યા	રસમસ્યા
૩૪૬	૧૯	દેખાંડતાં	દેખાડતાં
૩૪૭	૧૧	પ્રેમપૂવક	પ્રેમપૂર્વક
૩૪૮	૨૦	પાછવાલે	પાછાં વાળે
૩૫૪	૧૧	ભાવતી	ભાવાર્તી
૩૫૪	૨૦	મંધુશેષ્ટ	મધુરેષ્ટ
૩૫૫	૧૦	અધહર	અધહર
૩૫૮	૧૩	દ્વત	દ્વૈત
૩૫૯	૧૦	આનન્દથી	આનન્દ નથી
૩૫૯	૧૯	જીવ ાં	જીવમાં
૩૬૩	૧૯	જનેલ ઓ	જનેલાઓ
૩૬૪	૧૨	ચરણથીજ	શરણથીજ
૩૬૭	૧૦	વહ્નિસુનુ	વન્હ્નિસુનુ

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૩૬૮	૨૧	લીલાં	લીલા
૩૭૨	૮	સાતબાંલક	સાતબાલક
૩૭૭	૨	એકાગ્ર	એકાગ્ર
૩૭૭	૨	પ્રવણની	પ્રવણની
૩૭૭	૩	શ્રીકૃષ્ણ	શ્રીકૃષ્ણ
૩૭૭	૨૧	ભરથી	ભારથી
૩૭૯	૧૪	ભ્રમરા	ભ્રમરા
૩૮૨	૧૪	કુટિલ	કુટિલ
૩૮૮	૧૩	શ્રીચંદ્રાવલીરૂપ	શ્રીચંદ્રાવલીરૂપ
૩૮૯	૧૭	પકટ	પ્રકટ
૩૮૯	૧૮	સાસારે	સાસરે
૩૯૧	૧	જેન	જેના
૩૯૧	૫	કૃપ	કૃપા
૩૯૭	૨	દે	નાદે
૪૦૦	૧૫	ઐટીજ્યો	ઐટીજ્યો
૪૦૦	૧૭	પર્ણ	પૂર્ણ
૪૦૪	૧૦	સંતાય	સંતાપ
૪૦૮	૫	રજકુમાર	રાજકુમાર
૪૧૪	૭	ત્રિધિ	ત્રિવિધ
૪૧૫	૧૩	પુજનલીલા	પુજનીસીલા
૪૧૮	૧૦	કરણાસાગર	કરણાસાગર
૪૧૮	૧૭	ધી ગિરિધરલાલં	શ્રી ગિરિધરલાલ
૪૧૯	૫	શ્રીં	શ્રી
૪૨૧	૧૫	આસો સુદી અષ્ટમી	આસો કૃષ્ણ ત્રયોદશી
૪૨૪	૧૫	હળી	વળી

શ્રી વલ્લભ :

(વ્યાસપત્નિ રાધાના હૃદયોદ્ગારની વાનગીરૂપ પત્ર પાંચમો)

ચિ કૃષ્ણ ! તારા અંતરનો અભિપ્રાય જાણ્યો. ભાવરસાત્મક પ્રભુ કેમ કેમ કૃપા કરે, તે પર સ્ફુર્યું તે લખ્યું છે.

જો આપણે જીવ છીએ, શ્રીપ્રભુ સર્વ સમર્થ રસાત્મક આનંદરૂપ છે. પોતાના ભક્તને જ પોતાની લીલાનો સાક્ષાત્ અનુભવ કૃપાથી કરાવે છે. એ પ્રભુ આનંદાકાર ભક્તના ભાવસ્વરૂપ છે: તેઓશ્રી નિરંતર ભક્ત હૃદયમાં જ બિરાજી રહે છે. એ ભાવાત્મક રસાત્મક શ્રીકૃષ્ણનો વિરહ જે ભક્તને શુદ્ધ ઉત્કટ ભાવાર્તિ પૂર્વક થતો હોય તેને જ પ્રભુ પોતાની અનંત લીલાનો અનુભવ કૃપા વિશેષે કરાવે છે. જે ભક્ત અહોરાત્ર કૃષ્ણાર્તિવાન બન્યો રહે છે. તેના જ ઉપર રસરૂપ પ્રભુ કૃપા કરે છે. જો ભગવાનને મારા જેવું શું કહું? નિત્ય શું પ્રાર્થના કરે? છતાં હે નાથ! આપ સમર્થ છો. શૂરવિર છો, સર્વેશ્વર છો; પતિતને પાવન કરનારા છો. અને અનુગૃહ કરી દુર્લભાનંદ (કૃપાનંદ) દેવો એ તો આપનો સહજ ધર્મ છે. જો આ વિશ્વમાં પુરૂષ હોતો ફક્ત આપ એક જ છો એવું મારા અંતરમાં આબાદ વશી ગયું છે. નારાયણાદિ આપના અનંત સ્વરૂપોથી લઇ તૃણ પર્યન્તના આપ સ્વામી છો આવું સંબોધન આપ સારસ્વતલીલા રસાવિષ્ટ શ્રીકૃષ્ણ શિવાય અન્યને ઘટતું જ નથી એટલે મારી વિનંતી યોગ્ય છે. આપ જ પૂર્ણ કામ છો. અન્ય સર્વ અપૂર્ણ આપના અવતારી દેવો આપના આધીન વર્તી છે તેઓ પોતે અપૂર્ણ દરિદ્રી આપના યાચક છે. ભિખારી છે.

આપશ્રીના ભક્તોની ઇચ્છા પૂર્ણ તો આપજ કરી શકો તેમ છો. આવી સત્ય વાત કહેતાં નિડર છું છતાં આપ કૃપાના અભિમાનના દોષથી જો મને દરસ પરસમાં વિલંબવાળા થતા હો, તો પણ મારે મારો દોષ નિવારવા માટે આપના સ્મરણ સેવન વિના અન્ય આધાર તો નથી જ. મારે માથે આપ સૈવ્ય સ્વરૂપ શ્રીબાલ કૃષ્ણલાલજી બિરાજો છો.

હે નાથ! આપનું મંદહાસ્ય શૃંગાર કરી દર્પણ દીખાવતાં જે જોયું તે પછી તે દર્શન નથી, ચિત્ત બેચેન છે. આપે કેમ દુરાવ્યું, શું અપરાધ છે તે કંઇ સમજાતું નથી. કોઇ સમર્થની કૃપા શિવાય આપમાં મોહ થતો નથી. આપના મોહમાં ગર્વ પણ રહેલો છે. આપના મોહવાળો આપને જ ભજે છે. અન્ય ગણુતરી વગરનું જુવે છે. હે દયાળ! હે મનહર! આપનું માયાળ મલકતું મુખ કમળ હવે કયારે દર્શાવશો? આપ સ્વામી છો, સ્ત્રીમાં ગર્વ કયાં સુધી રહે? હે ચતુર! આપશ્રીના ચંદ્રમુખને દર્શાવતાં જરા વિલંબ કરો તેટલામાં જ આધિનવર્તીનો ગર્વ ગળી જાય.

અભિમાને રૂપી દોષ પણ સ્વામીના સોહામણા મુખનું સાનિધ્ય નથી ત્યાં સુધી જ ઉભો રહે છે. આપશ્રીના મુખચંદ્રનું અમૃત પીનાર ચકોરીને આપ કૃપાબળથી કોઈ પ્રકારનો રોગ દોષ કે રોષ રહેતો જ નથી. તો અન્ય અભિમાનની તો શું ગુંજાશ છે? હે મદના સુદન કરનાર મદુસુદન! હે ગર્વ ગંજન! અભિમાન તો મનના દોષ છે અને આપશ્રી તો મન હરનાર મહાપુરૂષ છો. આપનું શ્રી મુખ જ મારા મનને મોહ પમાડી લુંટનારૂં છે એ શ્રીમુખજ આપ દુરાવી રહ્યા છો. આપનું શ્રીમુખ જ ધર્મી સ્વરૂપ છે. તો પછી મારા ગર્વાદિ ધર્મો ધર્મી વિના કોના આધારે ઉભા રહેશે."

ભક્તને જે ગર્વ થાય તો આપની કૃપાનોજ આપ સોહાગીનો જ ગર્વ સાચી સોહાગણને થાય તે બનવા જોગ છે. આપ અંતર્યામી છો. મારે આપને શું કહેવું? અસમર્થને પ્રાર્થના કરવી પડે.

જો! મને તો કોઈ વાત કરતાં પણ વચમાં મારાજ ઉદ્‌ગાર સરી આવે છે. અસ્તુ ભગવાનને જે ભક્ત પર કૃપા કરવી હોય તેને તેના સૈવ્ય સ્વરૂપમાં સ્નેહનું દાન કરી સ્નેહાવિષ્ટ કરી મૂકે છે એ ચોકશ અનુભવની વાત છે. માટે આપણે એક ઘણા પ્રભુના સન્મુખ જઈશું તો એ અનંત ઘણો સામો આવશે તેમાં સંશય નથી.

સોરઠ રાગ

પદ ૧.

પ્રીતમજી પ્રીત કરીને પરહરશો ના હાવ...
નંદના નંદન તમો નવેલા, રાંક કરે શું રાવ?—૧
વિરહ વેદના વસમી પીડે, યુગ સમાન પળ જાય,
રાજ વિના રજની વિકાળી, દિન દારૂણ ન ખમાય.—૨
કમલ વદનની યાદે મારૂં અંતરીયું અકળાય;
વ્યાસપત્નિ બેચેન વદે શું? ગોવિંદ ગિરધર રાય—૩

પદ ૨.

સખીરી આશામાં દિન જાય;—ટેક.
તજી ગયા કયાં સ્વતંત્ર સ્વારથી, અનંત ભક્ત ભરથાર
કોણ મળી કુળવંતી તેના, બન્યા હૃદયના હાર.—૧
એ મુજ ચંદ હું છું ચકોરી, એ નલિન હું ભૃંગ,
વ્યાસપત્નિનો શ્યામ છબીલો, રંગ્યો કો નિજ રંગ.—૨

—૦—

પદ ૩.

સખીરી વેચાણી વિણ મોલ—ટેક.

નજરે નિરખ્યો જતો નવેલો, રસરૂપ ઝાકમ ઝોળ,
નયન ચોટ તેવે કન મારી, બોલી અટપટા બોલ.–૧

વણ દેખ્યે વલખાઇ મરૂં છું, પલ એક કલપશી જાય;
ગિરિધરલાલ ગોપાલ નંદનો, કયાં જઉ કયાં દરશાય.–૨

ખાન પાન ભાવે ના ભવનો, દૃગ દદડે બેચેન;
વ્યાસ પતિને કોણ મિલાવે, નંદકુંવરની સેન.–૩.

પદ ૪.

મારા મનમાં વસ્યો નંદલાલ, કર્મણા સર્વે હરિ: ટેક,
સુઝે ના ઘરમાં બાહેર ના સુઝે, સઘળેથી થઇછું પરિ-કર્મણા
અહાર ના ભાવે, વિહાર ના ભાવે, દેહ આ જાશે ખરી.–૨
જોતા જોતા કયાં ગયો નજરથી, વિરહ અગ્નિમાં ધરી.–૩
રંગ ના ભાવે, સંગ ના ભાવે, જાઉ છું આખી ઝરી–૪
વ્યાસની પત્નિ વલ્લભ શરણે, વહેલાઈ નંદનો વરી–૫
માતર નિવાપી વ્યાસ પત્નિના વાંચકને સપ્રેમ ભગવત્સ્મરણ.

આ. રાધા હૃદયોદ્ધાર થોડા જ સમયમાં ગ્રંથ સ્વરૂપે, નવાપુરવાળા છોટાલાલ દુર્લભદાસ શાહ, તરફથી બહાર આવશે. વૈશ્વાનર માસિકમાં વ્યાસપત્નિ કૃત પદો આવે છે.

षष्ठश्रीवल्लभाख्यानटीका

श्रीकुसुमप्रभा

परिशिष्टसहिता

श्रीमदाचार्यश्रीमत्प्रभुचरणरजोधन–
गोस्वामिश्रीदीक्षितविरचिता

पाटणस्थशाहोपनामनगीनदासात्मजेन

बी.ए.एल्एल्.बी. इति पदभाजा

भगवदासानुदासेन वाडीलालेन

मुम्बापुर्य्यां

निर्णयसागरमुद्रणालये मुद्रापयित्वा प्रकाशिता

श्रीमद्वल्लभाब्दः ४७० सन १९४८ संवत् २००५

मूल्यं अष्टकलाः

किञ्चित् प्रास्ताविकम्।

सहर्षमिदमावेद्यते यत् पुष्टिमार्गीयप्रमाणप्रमेयसाधनफलश्रीमदाचार्यश्रीमत्प्रभुचरणचरित्रनित्यलीलातत्स्थानादीनां परिचायकस्य श्रीमद्वल्लभाख्यानग्रन्थरत्नस्य गीर्वाणभाषामयं व्याख्यानमुपक्रान्तमिति । यथाऽस्मिन् ग्रन्थे संकलितरूपेण पुष्टिमार्गीयरहस्याविष्करणं जातं तथा नान्येषु भाषाग्रन्थेष्विति सुधियां नाज्ञातम्। यद्यपि विशकलितरूपेणानेकपुष्टिमार्गीयरसाब्ध्यूर्मीणां साक्षात्कारः श्रीनंददासादिसूक्तिषु समुपलभ्यते तथापि संकलितरूपेण श्रीमत्प्रभुचरणकृपया श्रीभगवदीयाग्रगण्यानां श्रीगोपालदासानां मुखेन यथाऽस्मिन् ग्रन्थे प्रतिपादनं तथा नान्यत्रेति नातिशयोक्तिः । श्रीमद्वल्लभाख्यानस्य प्रत्यक्षरपाठेन श्रीमत्प्रभुचरणप्रसादस्य मूर्तरूपेण प्रत्यक्षानुभवः संजायते । किं बहुना प्रतिवर्णपाठे यथानिर्वचनीयानंदानुभवो भगवत्कृपाकटाक्षभाजनभावुकरसिकहृदय उत्पद्यते तत्त्वनुभवैकवेद्यं न तत्र वाचां प्रसरः ।

श्रीमद्वल्लभाधीशाविष्कृतमार्गेऽपि श्रीरामानुजमतवदुभयवेदान्तसत्ताऽस्तीति न विदुषां तिरोहितम् । श्रीरामानुजमतेऽपि द्वितीयवेदान्तत्वेन महामहिमशालिनां श्रीवकुलाभरणादिभागवतप्रधानानां द्राविडभाषामयसूक्तय एवादियन्ते । तथैव श्रीवल्लभमतेऽपि अलौकिकसामर्थ्यानुभवकर्तृभगवदीयाग्रगण्यभगवदंगसंगमन्तरा स्वयमासादितापवर्गाख्यपुरुषार्थावज्ञाकर्तृभगवदीयत्वेन परिसमाप्तसर्वार्थश्रीमन्नंददासादिसूक्तय एव द्वितीयवेदान्तत्वेन विद्वद्भिः समादियन्ते ।

श्रीभगवदीयोक्तिसुधास्वरूपसाक्षात्कारो यथा प्रत्नविदुषां न तथाधुनिकानामित्यवलोक्य प्रेक्षावतां प्राकृतभाषामयभगवदीयोक्तिसुधास्वादो यथा स्यात् तथा प्रयतितमस्माभिः । श्रीमद्वल्लभाख्यानस्य प्रत्येकपद्यगतप्रत्येकपदस्वारस्यप्रदर्शनेन श्रीमद्वल्लभाख्यानान्तर्गतप्रतिवर्णस्य सार्थक्यं साधितम् । सूत्ररूपेण श्रीमद्विद्वन्मण्डनाद्युक्तमायावादखण्डकसत्तर्काणां समावेशोऽस्मिन् ग्रन्थे कथं कृत इत्यपि "गजमायिकमतशतखण्ड" इत्यस्य व्याख्याने मया प्रादर्शि। अनल्पपलालपूलकल्पस्य खण्डनखाद्यस्याप्रतिमोत्तरकृशानुकणमात्रेण भस्मावशेषत्वमपि "मूरखहेतु कुशब्द वितण्ड्यो" इत्यस्य व्याख्याने निरणायि । "अक्षण्वतां फलमिदं न परं विदामः"

इति श्रीमद्भागवतपद्यघटके 'दं' पद 'निपीतपद' "न परं विदामः" इत्यादिपदस्वारस्यानुभवेन संयोगरसात्मकस्य श्रीमन्नंदराजकुमारस्य परमफलत्वमिति निरटङ्कि ।

व्याख्यायमानस्याप्य ग्रन्थस्योपक्रमोपसंहारावलोकनेनापि संयोगरसात्मकस्यैव श्रीमद्व्रजाधिपस्य परमफलत्वमध्यवसीयते । प्रारम्भपद्येऽपि "जगतीतल उद्धार करेवा प्रकटया श्रीपरम दयाल" इत्यत्र 'प्रकटया' इत्यादिपदेन संयोग एवोपस्थापितः । आविर्भावस्यैव संयोगमुख्यहेतुत्वात् । अन्तिमाख्यानेऽपि संयोगात्मकफलप्राधान्यवादिश्रीमत्प्रभुचरणस्तुत्या, तद्वंशस्तुत्या, "तेनी शाखा प्रसरी अनेक" इत्यादिपदेन च संयोग एवोपोद्बलितः । द्वितीयाख्यानादिसमालोचनेनाप्ययमर्थो यथा साध्यते तथा वयं यथावसरं प्रकाशयिष्यामः । संपूर्णस्यास्य ग्रन्थस्य व्याख्यानं कर्तव्यमिति मे मनीषाऽस्य यावदस्ति, तथापि "अहो अमीषां किमकारि शोभनम्" इत्यादिपद्यैर्देवादिसंस्तुतस्यास्य भारतवर्षस्य पाराधीन्यप्रयुक्तां निरतिशयविपन्नामवस्थामवलोक्य भारतात्मतत्त्वभूतहिन्दुसमाजस्यापि यवनतुरुष्काद्युपद्रवैः कण्टकमयीं स्थितिं चावलोक्य राजनैतिकक्षेत्रप्रविष्टेन मया संपूर्णग्रन्थस्येदानीमेव व्याख्यानकरणमशक्यमिति कृत्वा यच्छ्रीमदाचार्यचरणानां श्रीप्रभुचरणानाञ्च कृपया प्राप्तं तदेव किंचिद्भगवदीयप्रसादेन यथामति प्रकाश्यते । सुधियां पुरत इदमेवान्तिमं निवेदनं श्रीमधुसूदनसरस्वत्युक्तयैव विनिवेद्यते "यदत्रासौष्ठवं किंचित् तन्ममैव गुरोर्न हि । यदत्र सौष्ठवं किंचित् तद्गुरोरेव मे न हि" । वस्तुतो मादृशेन जनेनैतद्ग्रन्थव्याख्यानकरणमशक्यमेव । किञ्च व्याख्याने कृते सति कदाचिद्विद्वज्जनोपहास्यतामपि प्राप्नुयां, तथापि श्रीजयतीर्थोक्तिद्वारेदमेवोच्यते "यद्गाधबोधैर्विवृतातिभावभाष्यानुवादेन न मेऽपराधः । नहीन्दिराराध्यपदो मुकुन्दो दूर्वाङ्कुरैर्मन्दधनैरपूज्यः ॥"

विजयते श्रीबालकृष्णः प्रभुः ।

षष्ठवल्लभाख्यानटीका

कुसुमप्रभा

गोस्वामिश्रीदीक्षितविरचिता

अनन्तदिव्यलीलाविशिष्टस्य श्रीनन्दराजकुमारस्य परब्रह्मत्वं, तस्यैव संयोगरसात्मकस्य परमफलत्वञ्च, न तु अद्वैतिशैवादिपरिकल्पितनिर्गुणचैतन्यद्रुहिणादीनामित्यपि सूचनार्थं षष्ठाख्यानम्, श्रीमत्प्रभुचरणाः प्रारभन्ते ।

तत्र विशेषतः परमफलत्वं संयोगरसात्मकस्यैव श्रीमन्नन्दराजकुमारस्यैतदंशस्य निरूपणं प्राधान्येन क्रियत इति भाति । पञ्चमाख्याने—

"जे लीलामाहें अंगीकरियो तेनो सकल ताप निस्तरियो रे ।
जेनें श्रीविट्ठलनाथ त्रिचारे तेनें प्रगट पदारथ चारे ॥
उपरांत भजनफल आपे व्रजमंडल स्थिर करी स्थापे ।
तेने देव मुनी सरवे गाये, ते सर्व उपरांत सुहाये ॥
तेहने काल कर्म नव बांधे जम ते शिर धनुष न सांधे ।
एहवो मारग श्रीवल्लभवरनो ज्यांहां नही प्रवेश विधिहरनो ॥
ज्यांहां नित्य रास बहुपेरें मधनायक निरतत भेरें ।
ज्यांहां रत्नजटित तट सरिता नवपल्लव भूमी हरिता ॥
ज्यांहां रत्नधातुगिरि राजे वादित्र विविध पेरें वाजे ।
ज्यांहां युवतियूथ बहु मांय श्रीजी श्यामल वर्ण सुहाये ॥

एणीपेरें श्रीगुसांइजीनें जाणो जाणी अहर्निश गाय वखाणो ।
ते जीवजात होय कोय तेनें तत्क्षण सरवे सुख होय ॥
सेवक जनदास तमारो तेनों रूपवियोग निवारो ।"

इत्याद्यनेकवचनैः संयोगस्य परमफलत्वं प्रदर्शितम् । तत्र केषाञ्चिद् अस्मदीयानामेव महाभाग्यवतां भगवदीयानां रसिकमूर्धन्यश्रीहरिराय-चरणानुगामिनां विप्रयोगस्यैव परमफलत्वमितिस्वीकर्तृणामाशङ्का स्यात्, किम्वा एषां वचनानामन्यथाव्याख्यानसाहसं स्यात्, तन्निरसनार्थं संयोगरसात्मकस्यैवानेकदिव्यनित्यलीलाविशिष्टस्य, संयोगस्य मुख्यरसत्व-मितिसूचकसंयोगेचमत्कृत्याधायकदिव्यपरिरम्भणादियुक्तस्य श्रीमन्नन्द-सूनोरेव परमफलत्वमित्युपक्रमोपसंहारषड्विधतात्पर्यलिङ्गैरत्र षष्ठास्याने निरूपयन्ति । **सगुणेति** ।

सगुण सनेही सामला वाला अहर्निश दरशन आपो ।
परम सुख देवाने काजे व्रजमण्डल स्थिर करी थापो ॥१॥

तत्र प्रथमवाक्ये श्रीमन्नन्दसूनोर्विशेषणचतुष्टयं दत्तम् । **सगुण, सनेही, सामला, वालेति** । एतच्चतुष्टयमध्ये **सगुण, सामला वालेति** विशेषणत्रयम् ब्रह्मवादभक्तिमार्गोभयपोषकम् । **सनेहीति** विशेषणन्तु केवलशुद्धभक्तिमार्गपोषकमित्येतत्तु सर्वसहृदयहृदयसाक्षि-कम् ।

निर्धर्मकनिर्गुणचैतन्यस्यैव परब्रह्मत्वमित्यद्वैतिपरिकल्पितमतं समूल-मुन्मूलयितुं **सगुणेति** विशेषणम् । सगुणेत्यनेनाप्राकृतसच्चिदानन्दा-त्मकानन्तदिव्यगुणानां विशेषणम् । धर्माणाम् क्रियादीनाञ्च, पारमा-र्थिकी सत्ता शुद्धे ब्रह्मण्येऽस्तीति प्रदर्शितम् ।

सामलेति विशेषणेन नवघनश्यामवर्णस्य श्रीमद्यशोदोत्सङ्गलालि-तस्यैव परब्रह्मत्वं, न तु शिवविरिञ्च्यादीनां तेषान्तु गौरवर्णादिविशिष्टत्वं पुराणादिषु प्रसिद्धम् । न ते साक्षात् परब्रह्मस्वरूपाः किन्तु तदंशभूता एवेत्येवं शिवादीनां परतत्त्वत्वं निराक्रियते ।

किञ्च **सामलेत्यनेन** भगवतः पारमार्थिकस्वाभाविकनवघनश्याम-स्वरूपत्वं तत्स्वरूपस्य स्वेच्छया स्वसामर्थ्येनावतारदशायां सर्वजनदृश्यत्व-मित्यादियत्, "अथवा शून्यवद्गाढं व्योमवद् ब्रह्म तादृशम्" इत्यत्र श्रीमदाचार्यचरणैः श्रीमत्प्रभुचरणैश्च यदुक्तं तत्सर्वमपि संगृहीतम् । नवघनश्यामवर्णस्य पारमार्थिकत्वसूचनेनाद्वैतमतनिरासकत्वमप्येतद्विशे-षणस्यार्थात् सिद्धम् । परे ब्रह्मणि नीलमेघश्यामवर्णसत्ताबोधनेन "यदा पश्यः पश्यते रुक्मवर्णम्" "योऽसावन्तरादित्ये हिरण्मयः पुरुषः" "आप्रणखात् सर्व एव सुवर्णः" इत्याद्यनेकश्रुतिसिद्धान्तर्याम्यंशावतारा-दिगतहिरण्मयत्वादिवर्णस्यापि पारमार्थिकत्वमनुक्तसिद्धम् ।

"आत्मनस्तु कामाय सर्वं प्रियं भवति" "स आत्माऽन्तर्याम्यमृतः" "गौणश्चेन्नात्मशब्दात्" "अहमात्मात्मनां धातः श्रेष्ठः सन् श्रेयसामपि" "धुभ्वाद्यायतनं स्वशब्दात्" "श्रेष्ठो भवान् तनुभृतां किल बन्धुरात्मा" इत्यादिवचःसहस्रैः सिद्धं श्रीमन्नन्दसूनोः सर्वान्तरात्मत्वप्रयुक्तं निरवधिक-प्रियत्वं सूचयितुं—**वालेति** विशेषणं दत्तम् । एतेन श्रीमन्नन्दसूनोः सर्वान्तरात्मत्वप्रयुक्तनिरवधिकप्रियत्वकथनेनेत्यर्थः । समष्ट्यन्तर्याम्यादि-ष्वपि यत् प्रियत्वं "द्वा सुपर्णा सयुजा सखाया" "हंसावहञ्चत्वञ्चार्यौ सखायौ मानसायनौ" इत्यादिश्रुतिभागवतवाक्यप्रतिपादितं तत् श्रीनन्दराजकुमारसम्बन्धप्रयुक्तमेवेत्यपि साधितं, सर्वान्तरात्मत्वस्यात्रैव सिद्धत्वात् ।

भक्तिमार्गपक्षे तु **सगुणे**त्यादि विशेषणत्रयाणां विगलितवेद्यान्तर-दशापन्नैः सहृदयधुरीणैरनुभूयमानं किमप्यनिर्वचनीयं तात्पर्यं विद्यते, तदपि श्रीकृष्णास्यस्वरूपश्रीमदाचार्यचरणश्रीमत्प्रभुचरणकृपाकटाक्षशालिनां रसात्मकभक्तिमार्गीयरसानुभवप्रतिबन्धकसकलाघविनिवृत्तये नन्दव्रजस्त्रीणां पादरेणुमभीक्ष्णशो वन्दमानानां "आसामहो चरणरेणुजुषामहं स्याम्" इत्येतादृशभावनानुसेविनां केषाञ्चन महाभागवतभगवदीयानामेव कृते श्रीमत्पुष्टिमार्गगुरुभूतश्रीगोपीजनश्रीमदाचार्यचरणश्रीमत्प्रभुचरणकृपाकटाक्षेणैव "योऽन्तः प्रविश्य मम वाचमिमां प्रसुप्तां संजीवयत्यखिलशक्तिधरः स्वधाम्ना", इतिन्यायेन तद्दत्तसामर्थ्येनैव प्रकाश्यते।

सगुणेत्यनेन, लीलारसपोषकानिर्वचनीयरसानुभवसाधकमानादिसमये "सरगरलखण्डनं, मम शिरसि मण्डनं, देहि पदपल्लवमुदारं। त्वमसि मम भूषणं, त्वमसि मम जीवनं, त्वमसि मम भवजलधिरत्नं। सत्यमेवासि यदि सुदति मयि कोपिनि देहि खरनखरशरघातं। प्रिये चारुशीले मुंच मयि मानमनिदानम्", इत्येतादृशसरसवचनैः, श्रीमत्प्रियामानापनोदनकर्तृत्वम् "सुघरतिया कौन वापे वारो राईलोन जरीके जराइवेको" इत्यादिप्रकारकरोषकटाक्षसंभिन्नखण्डितानर्मवचनश्रोतृत्वम्, कदाचित् दानलीलावसरे "कृपावलोकनदानदे, मो याचकको सन्मानदे", इत्येतादृशपुष्टिलीलाख्यापकभृत्यवश्यताद्योतकदैन्यभावयुक्तवचननिकुरंबैः कृपावलोकनात्मकदानप्रतिगृहीतृत्वादिगुणानां पारमार्थिकी सत्ता बोध्यत इति दिक्। अत्र विशेषविस्तरस्तु श्रीगोपीपरिवृढपदपङ्कजपरागरजोऽभिषिक्तैः रसिकमूर्धन्यैः श्रीमद्वाकृपतिकृपाबलेनैव ऊह्यः। श्रीमद्व्रजराजकुमारस्य रसाब्धित्वेन जीवस्य च रसाब्धिबिन्दुत्वेन श्रीमद्व्रजाधिपस्य पूर्णस्वरूपमाधुर्यानुभव इयत्तया कर्तुं न शक्यते। नहि

स्वातिघनस्य सकलानुभवश्चातकचंचुपुटेन कर्तुं शक्यः। एतत्तु परमभगवदीयैः श्रीमन्नन्ददासमहानुभावैः "नन्ददास चातककी चौंचपुट सब घन कैसे समाय" इति पद्य उक्तम्, तत्सर्वमपि **सामलेत्यनेन** संगृहीतम्। किञ्च "अरे कारे रतनारे भौंरा वदनकमलके लोभी, फिरत पराग हेत तबहीते वदनकलिकालोभी" इत्यस्मिन् पद्ये यदुक्तं तदपि **सामलेत्यनेन** प्रदर्शितम्। त्वं ममैव प्रियः, मामेव संयोगदानं कुरु, नान्यत्र गमनमुचितं, मत्सौध एव निवासं कुरु, एतच्च "परसो जिन मनमोहन प्यारे अन्य अङ्गना अङ्ग एक बोल बोलो नन्दन। रहिये मेरे ही महल अनत न जैये" इत्यत्रोक्तं तत्सूचनार्थं—**बालेति** विशेषणम्।

यथा "तब वृषभानु किशोरी हरि भरि लीने अङ्क ता सुखकी शोभा का कहूं मानो निधि पाई हे रङ्क" ॥ इत्यत्र "मिलवेकी अकुलान" इत्यत्र च विगाढानुरागसूचनं, तथा **सनेही** इति विशेषणेन परस्परनिरतिशयस्नेहवत्त्वं सूचितम्। संवृत्तो विशेषणचतुष्टयार्थः।

प्रकृतमनुसरामः। "**तेनो रूपवियोग निवारो**" इत्यनेन यद्वियोगस्य निवारणकर्मत्वं सूचितं, तदेवान्वयमुखेन निरूपयन्ति '**अहर्निश दरशन आपोजी**' इति। अहर्निशेत्यनेन क्षणमात्रमपि विप्रयोगस्यासह्यत्वं व्यञ्जितं भवति। संयोगस्य प्राप्तिरपि भगवत्कृपयैव तद्दत्तेव प्राप्यते, नात्र जीवकृतिसाध्यतालेशगन्धोऽपि एतदेव "अलौकिकस्य दाने हि चाद्यः सिध्येन्मनोरथः," इत्यत्र श्रीमदाचार्यचरणैरुक्तं तत्सूचनार्थं **आपो** इति। न च, अलौकिकस्य दाने हि इत्यत्रालौकिकपदेन विप्रयोगानुभवस्यैव ग्रहणमिति वाच्यम्। प्रस्थानभेदेन तथा ग्रहणे बाधाभावेपि अनेकप्रस्थानसम्मतत्वात् संयोगानुभवस्यैवालौकिकपदेन ग्रहणम्। श्रुतिरपि इममेवार्थं दृढयति "यमेवैष वृणुते तेन लभ्यः तस्यैष आत्मा विवृणुते तनूं स्वाम्", अस्यार्थस्तु,

एष संयोगरसात्मकः श्रीनन्दराजकुमारः स्वदत्तदानप्रतिगृहीतृत्वेन अलौकिककृपाभाजनं यं जीवमङ्गीकरोति, तत्पुरत एवायं परमात्मा स्वां संयोगरसात्मिकां तनूं प्रकाशयति, संयोगरसानुभवं कारयतीत्यर्थः। अत्र स्वां तनूं प्रकाशयतीत्यनेन संयोगरसप्राप्तिरेव विवक्षितेति सूच्यते, अन्यथा तनूं प्रकाशयतीत्यस्य स्वारस्यभङ्ग एव स्यात्। नहि वियोगे तनोः प्राधान्येन प्रकाशो भवति, अपि तु अन्तर्धानमेव। अत एव शुकाचार्यैरपि वियोगानुभवसमये "अन्तर्हिते भगवति" इत्यत्र, अन्तर्हित इति प्रयोगः कृतः। न तु, आविर्भूत इति। तस्मात् संयोगस्यैव परमफलत्वं, तदेव सुस्पष्टतया निरूपयन्ति **'परमसुख देवाने काजे'** इति। यद्यपि सुखरूपत्वं विप्रयोगानुभवस्यापि, अत एव साहित्यरसिकानामपि विप्रयोगाभिलाषोऽनेकेषु पद्येष्वालोकनपथमवतरति, तथापि तापक्लेशादिसंभिन्नसुखरूपत्वान्न परमसुखरूपत्वं विप्रयोगानुभवस्य। यद्यपि भगवत्सम्बन्धिविप्रयोगान्तःपातितापक्लेशादेरलौकिकाधिकार्यनुभवगम्यत्वम्, किं वा परमकरुणाकटाक्षभाजनकतिपयदैवजीवानुभवगम्यत्वमेवानुभूयते, तथापि तापक्लेशरूपस्यानपायात् सर्वथा दुःखविधुरसुखरूपत्वं तु संयोगस्यैव। अत एव सुखे परमेतिविशेषणं दत्तं श्रीमत्प्रभुचरणैः **परमसुखेति**। नहि भगवद्धामस्थितिमन्तरा भगवत्संयोगानुभवः शक्य इत्यपि स्पष्टयितुं **व्रजमण्डलेति**। लीलाया नित्यत्वसूचनार्थं **स्थिर करि थापो** इति। पूर्वस्मिन्पद्ये श्रीव्रजाधिपस्वरूपविषये यदुक्तं, तत्सर्वमपि "यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ" इति न्यायेन श्रीमत्प्रभुचरणस्वरूपविषयेऽपि श्रीगोपालदासभगवदीया अतिदिशन्ति **श्रीवल्लभकुंवरेति**। श्रीमत्प्रभुचरणकृतत्वपक्षे तु, "स्वयमेवात्मनात्मानं वेत्थ त्वं पुरुषोत्तमः" इत्यादिवाक्यैः स्वरूपस्य स्वातिरिक्तावेद्यत्वेन स्वीयजीवेषु स्वस्वरूपप्रकाशनमावश्यकमिति मनसि निधाय स्वयमेवातिदिशन्ति—

श्रीवल्लभकुंवर कोडामणा, तमारूं नाम निरन्तर लीजें।
रूपसुधारसमाधुरी ते लोचन भरिभरि पीजें॥ २॥

कोडामणेत्यनेन पूर्वपद्योक्तविशेषणचतुष्टयार्थः संक्षेपविधया श्रीमत्प्रभुचरणस्वरूपविषये पर्यवस्थाप्यते। अस्य शब्दार्थस्तु **अतिसुन्दर** इत्येव। किन्तु तत्सौन्दर्यमपि न स्वरूपमात्रेण किन्तु स्वरूपतो गुणतो, लीलातो, भावत, इत्याद्यनेकप्रकारकं सौन्दर्यं विवक्षितमिति ज्ञायते, तेन विशेषणचतुष्टयार्थपर्यवसानमपि श्रीमत्प्रभुचरणस्वरूपे सूचितं भवति। विप्रयोगानुभवसमयेपि धर्मद्वारा धर्मिसंयोगं प्रार्थयन्ति **'तमारूं नाम निरन्तर लीजें'**। साक्षात् संयोगं प्रार्थयन्ति **'रूपसुधारसमाधुरी'** इति। **लोचन** इत्यनेन संयोगे साक्षात्त्वमुपस्थाप्यते। **भरिभरि** इत्यनेन संयोगे पूर्णत्वमपि परिचाय्यते। पुनरपि लीलाविशिष्टप्रभोः संयोगं प्रार्थयन्ति **'ते पद क्यारे देखीशूं'**।

ते पद क्यारे देखीशूं जे गोधन पूठें धाये।
व्रजसुन्दरीमुखसुख पामीने वारंवार अघाये॥ ३॥

अलौकिकसौकुमार्यलालित्याद्यनेकगुणगणभूषितत्वेनानिर्वचनीयां तां श्रीव्रजराजकुमारचरणसरसीरुहसुषमां स्मृत्वोक्तं **ते** इति। किम्वा मद्गजराजवद्गमनपरिपाटीं मनस्यालोच्य उक्तं **ते** इति। यद्वा रासादिसमये विविधनृत्यानुकूलां, चरणविन्यासपद्धतिं स्मृत्वोक्तं **ते** इति। अथवा विविधबन्धादिषु चरणद्वारा प्राप्तमलौकिकानन्दानुभवं स्मृत्वोक्तं **ते** इति। **'क्यारे देखीशूं'** इत्यनेन क्षणमात्रविलम्बासहिष्णुः प्रदर्श्यते। किञ्च तादृशावसरस्य "शुभ छिन शुभ यह घरियां," इत्यादिवत् परमशुभरूपत्वमपि प्रदर्श्यते। यद्यपि 'मधुराधिपतेरखिलं मधुरम्', इति सिद्धान्ते मधुराधिपतेः सर्वा लीला मधुरिमासीमातिशायिन्यः सन्ति, तत्रापि प्रात-

गोष्ठतो गवां यदा वने नयनं तदापि खण्डिताद्यनुभवार्थं रात्रिविरहमनुभूयमानानां संयोगरसप्रेप्सूनां श्रीस्वामिनीनां साक्षात् संयोगरसप्राप्तिर्भवत्यतः तत्सामयिकगोचारणलीलाया माधुर्यशिखरमधिरूढत्वेन साक्षात् संयोगप्रापिकात्वेन च, अत एव साक्षात् संयोगरसप्रेप्सुभक्ताकांक्षाविषयत्वं तल्लीलाया एवेतिव्यञ्जयितुं **गोधनपूठें इति** । "हिहीहीहींकारान्प्रतिपशुवने कुर्वेति सदा" इत्यादिवत् निःसाधनफलात्मकत्वं द्योतयितुं **अघायेति** । सम्वृत्तः उपक्रमः । अभ्यासोपक्रम एष–**व्रजसुन्दरीति** । उत्तरदलं वारयितुं **मुखसुखेति** । न्यूनतालेशस्यापि सत्तां वारयितुं **वारम्बार अघायेति** । गोचारणार्थं यदा भगवतो व्रजे गमनं भवति तदा स्वामिनीनां विप्रयोगानुभवो भवत्येव तत्सामयिकीं व्यवस्थामाहुः– **दिवसे सउ श्यामा मली** इति ।

दिवसे सउ श्यामा मली रसरूपतणो जस गाय ।
गोपमंडली मध्यदेखीनें वारंवार सुख थाय ॥ ४ ॥

ननु संयोगस्य परमफलत्वप्रतिपादकप्रकरणे मध्ये विप्रयोगप्रतिपादनस्य काऽऽवश्यकतेति चेत्, "मधुर वस्तु जो खाय निरंतर सुख तो भारी, पर बिच बिच कटु अमल तिक्त अति हो सुखकारी" इति भगवदीयशिरोमणिनन्ददासोक्त्यनुसारेण संयोगे रसचमत्कृत्याद्याधिक्याधानार्थमेव विप्रयोगनिरूपणावश्यकतेति ब्रूमः । यदि संयोगरसानुभवमुख्यावसररूपे यामिनीसमय उद्दीपकसकले सामग्रीसंवलिते विप्रयोगप्रतिपादनं स्यात्, तदापि रसाभास एव स्यादित्याशयेनाहुः **दिवसे इति** । पूर्णरसानुभवसाधकचन्द्रमलयानिलाद्यभावोऽपि **दिवस** इत्यनेन व्यज्यते । स्वकीयाः परकीयाः सात्त्विकराजसादिभावयुक्ताः सर्वा अपि स्वामिन्य इदमेव वासरकृत्यं कुर्वन्त्यो गुणद्वारा गुणिसंयोगं प्राप्नुवन्तीति

प्रदर्शनार्थं **रस रूप तणो यश गायेजीति** । यदि परम्परयाऽपि संयोगसत्ता न स्यात्तदा त्वेतासां जीवनमेवाशक्यं भवेत्, कैतवरहितप्रेमयुक्तत्वात् । गाथायामप्युक्तं "कैअवरहिअं पेम्म णत्थविअ मामि माणुसे लोए । अहहोहि कस्स विरहो विरहे होत्तिम्मि को जिअई" इति सूचनार्थमपि **रस रूप तणो यश गाय इति** । अन्तरङ्गगोपानामपि दूतादिकार्यसाधकत्वादन्तरङ्गलीलामध्ये प्रवेशो विद्यत एव, ते यदा स्वामिनीनां पुरत आगत्य कथयन्ति हे व्रजसीमन्तिन्यः श्रीनंदराजकुमारोऽमुकनिकुञ्जे विराजते । तेनैवादिष्टा वयं यत् श्रीव्रजसीमन्तिनीनां पुरतो गत्वा वक्तव्यं, "अहो गोप्यः साक्षात् संयोगप्राप्त्यवसरेऽपि किमर्थं केवलं गुणावलम्बनं क्रियते यत्र श्रीनन्दराजकुमारो विराजते तत्रैव मध्याह्नभोजनादिकं गृहीत्वा गन्तव्यं, व्रजाधिपोऽपि भवत्प्रतीक्षामेव करोतीति" एवं कतिपयगोपबालकोक्त्यनन्तरं यदा श्रीगोप्यः श्रीव्रजराजकुमाराधिष्ठिते निकुञ्जे गच्छन्ति, तदाऽन्तरङ्गगोपबालकवेष्टितभगवत्स्वरूपदर्शनेन परमानन्दमाप्नुवन्तीति सूचनार्थं **गोपमण्डली मध्य देखीने इति** । संयोगपरमफलत्वपरिचायको ह्ययमभ्यासः **वारंवार सुख थाय इति** । एवं मध्ये संयोगमनुभूय पुनरपि यदा वियोगानुभवस्तदा "तव कथामृतं तप्तजीवनं" इति श्रीभागवतवचनेन गुणस्याप्यैश्वर्यादिषड्गुणयुक्तत्वात् स्वरूपात्मकमेवेति कथञ्चिद् गुणावलम्बनं कृत्वा "त्वयि धृतासव" इति न्यायेन भगवदर्थमेव स्वप्राणरक्षणं वासरनिर्वाहश्च क्रियत इत्याहुः **वासर निर्वाह इति** ।

वासर निर्वाह एम करे सखी सायंकाले पेखे ॥
अलक मुख खुर रज लागी ते कमल भमर विसेखे ॥ ५ ॥

संयोगोचितसमये संयोगमेव प्रदर्शयन्ति **सायंकाले पेखे इति** ।

सायमित्यनेन संयोगसमय एवोपस्थाप्यते । रात्रिदिवससंश्लेषस्यैव सन्ध्यात्वात् ; नास्मिन् समये विरहस्यौचित्यमिति स्वरसेनाहुः **पेखे इति ।** अलका अपि सर्वदा संयोगमनुभूयमाना एवेति "वीक्ष्यालकावृतमि"-त्यस्य सुबोधिन्यां स्पष्टम् । अतोऽस्मिन् प्रकरणे तेषामपि निरूपणमावश्यकमित्याहुः—**अलक इति ।** उपमयापि संयोगमेव द्रढयितुं **कमल भमर विसेखे इति ।** अलकानां भ्रमरस्थानीयत्वं वदनस्य सरसीरुहस्थानीयत्वं, खुररजसो मकरन्दस्थानीयत्वमेवमनयोपमयाऽपि प्रणयिद्वयसंयोग एव प्रकाशितो भवति । एवमुपक्रमेण, अभ्यासेन च, संयोगस्यैव परमफलत्वनिरूपणमसिन्नाख्याने कृतमतः परमर्थवादेन, उपपत्त्या, अपूर्वतया, फलेन, उपसंहारेण, मध्यनिर्देशेन चास्य व्याख्यानस्य संयोगपरमफलत्वस्यैव प्रतिपादकत्वमवशिष्यते । तत्सर्वमपि यथावसर एव व्यक्तं भविष्यति ।

उपपत्तिरियम् । अर्थवादोऽपि **गोपाल मण्डली मध्ये इति । लोचन भृङ्ग पीये इति च ।**

गोपाल मण्डली मध्ये रंग अनेक उपजावे ॥
मत्तगजगति मलपता ते श्रीगोकुलमांहे आवे ॥ ६ ॥
लोचन भृङ्ग पीये घणूं ते प्रगट मुखमकरंद ।
कमलपत्र जेवी आंखडी ते जोई जोई टाळ्या द्वन्द्व ॥ ७ ॥

विप्रयोगसमये तु तापक्लेशरुदनदैन्यादेरेवानुभवः। भगवानपि तत्समये तापक्लेशमनुभवति । एतत्तु श्रीनन्ददासमहानुभावैः "दीन हे याचत प्यारी लेत राधे आधो नाम । उनके कलप बीते तेरी घरी याम" इत्यादि पद्यभाग उक्तम् । संयोगावसरे तु भगवानपि क्रीडारसमभानेकविधं मोदप्रमोदमुत्पादयन्नेव संयोगदानार्थं गोष्ठं प्रविशतीत्युपपत्तिसूचनार्थं **गोपमण्डली मध्ये इति ।** मत्तगजगतिरप्युद्दीपनविभाव एव निविष्टा संयोगे विशेषचमत्कृतिमेवानुभावयति । एतत्सर्वं "कृष्णः कमलपत्राक्षः पुण्यश्रवणकीर्तनः । स्तूयमानोऽनुगैर्गोपैः साग्रजो व्रजमाव्रजत् ॥ तं गोरजरश्छुरितकुन्तलबद्धबर्हवन्यप्रसूनरुचिरेक्षणचारुहासम् ॥ वेणुं क्वणन्तमनुगैरनुगीतकीर्तिं गोप्यो दिदृक्षत दृशोऽभ्यगमन्समेताः" ॥ इति श्रीमद्भागवतीयपद्यद्वय उक्तं विशेषजिज्ञासायां ततोऽवधेयम् ।

यदा भगवान् श्रीगोकुलमागच्छति, तदा भगवन्मुखकमलमकरन्दपानं लोचनभृङ्गैरित्यर्थं क्रियते । किञ्च, प्रकटमुखमकरन्दपानं तु संयोग एवेत्याद्यपि अर्थवादमुखेन सूचनार्थं **लोचन भृङ्ग** इति । भृङ्गादिरूपकोक्तिरेवार्थवादं प्रकटयति । कमलपत्रसदृशनयनदर्शनेन तापापगमोक्तिरपि अर्थवादद्योतिकैव । अत्र विशेषविस्तरस्तु "पीत्वा मुकुन्दमुखसारघमक्षिभृङ्गैस्तापं जहुर्विरहजं व्रजयोषितोऽहि । तत्सत्कृतिं समधिगम्य विवेश गोष्ठं सव्रीडहासविनयं यदपाङ्गमोक्षम्" इत्यस्मिन् श्लोके स्पष्टः । विशेषजिज्ञासायां तत्रत्या सुबोधिनी द्रष्टव्या । ननु यत्र परमरसास्वादस्तत्र तृप्तिर्न भवति । तृप्तेः स्वल्पावज्ञाद्योतकत्वात् । अतिपरिचयादवज्ञा या सा तृप्तिजन्यैवात एव लोके वयं तृप्ता इति व्यवहारोऽवज्ञाप्रदर्शनार्थं दृश्यते । अत्रापि "वारंवार अघाये" इत्यनेन तृप्तिरुच्यते, इति संयोगस्य परमफलत्वमिति पक्षोऽसाध्विति चेन्न, तृप्तेरवज्ञाद्योतकत्वमेवैतादृशराजकीयवचनस्याभावात् । तर्हि पूर्वप्रदर्शितव्यवहारस्य का गतिरिति चेच्छृणु, लोके तृप्तिपदप्रयोग उभयथा दृश्यते । अपूर्णत्ववारणादिप्रसङ्गे स्वल्पेऽवज्ञाप्रदर्शनावसरे च । तत्र प्रयोगभूयस्त्वं प्राच्यप्रकार एव । तत्प्रकारादरमेव कृत्वा **अघाये** इति तृप्तिपदप्रयोगः

श्रीमत्प्रभुचरणैः कृतः। अत एव प्रथमप्रकारादरणमेव तत्र कार्यम्। द्वितीयप्रकारार्थकतृप्तिस्तु न कदापि भवतीत्याशयेनाहुः **जोतां तृप्ति न उपजे** इति । यद्वा केवलदर्शनमात्रेण न पूर्णतृप्तिः किन्तु यदाऽधररसपानं तदैव पूर्णतृप्तिरित्याशयेनाहुः **जोतां तृप्ति न उपजे** इति।

जोतां तृप्ति न ऊपजे प्रभु अधर सुधारस पाये।
भुजलता भीडी भामिनी तारें दिवस ताप बुझाये ॥ ८ ॥

श्रीमन्नन्दराजकुमारसंयोगसुखस्य लोकविलक्षणत्वेन सर्वदा नूतनत्वमेव सुरक्षितमवतिष्ठतेऽतः साध्वेवोक्तं **जोतां तृप्ति न उपजे** इति। अत्र विशेषविस्तरस्तु श्रीमत्प्रभुचरणकृतप्रेमामृतटीकायां द्रष्टव्यः। मध्यनिर्देशेनापि प्रकृतसिद्धान्तमेव द्रढयन्ति **अधरसुधारस पाये** इति। अधरसुधामेव ददाति परिरम्भणादिकं न ददातीत्येतादृशः कृपणो नास्मत्प्रभुः, किन्तु महोदारचेता, अत एव तत्क्षणमेव परिरम्भणमप्यनुभावयतीत्याहुः **भुजलता भीडी भामिनी** इति। भुजलता भीडीत्यनेन गाढपरिरम्भणं विवक्षितं भवति। तापापहारकत्वस्य तत्रैवानुभूतत्वात्। श्रीमद्भागवतेऽपि "तत्सत्कृतिं समधिगम्य विवेश गोष्ठं" इत्यत्रापि सत्कृतिपदेन परिरम्भणादिकमेवोक्तम्। किञ्च, तस्मिन्नेव पद्ये "तापं जहुः" इत्येतदप्युक्तम्। एतत्समभिहारेणासदाशयस्यैव दृढीकरणात्।

गाथायामप्युक्तम् 'नावमणे इणतहा चन्दनपङ्को विकामि मिहुणाणम्। जहदुस्सहे विगिह्मे अण्णो णालिङ्ग सुहेल्लीति। एतत्सर्वं मनसि निधायोक्तं **दिवस ताप बुझावे** इति। **बुझावे**जीत्यनेनैव वियोगस्यापहार्यत्वेन परमफलत्वाशङ्कापि परिहृता। न हि परमफलस्य निवारणप्रदर्शनमुपपद्यते।

एवं मध्यनिर्देशेनापि संयोगस्यैव परमफलत्वं परिचाय्य मध्यनिर्देशमुपसंहरन्तो पुनरपि संयोगस्यैव पूर्णसुखरूपत्वप्रदर्शनेन तस्यैव परम-

फलत्वं न विप्रयोगस्येति स्थूणाखननन्यायेन द्रढयन्ति **पूरण सूख दइ** इति। यद्वा पूर्वपद्येषु संयोगस्याभ्यासस्तु दृश्यते, किन्तु व्यक्ततया तस्य परमफलत्वसूचकोऽभ्यासस्तु नोपलभ्यत इत्यरुचिनिरसनार्थं **पूरण सूख दइ** इति।

पूरण सूख दइ गोष्ठमां प्रभु आघेरा पांउधारे।
जसोदाजी लिये भामणा सुतने नीराजन उतारे ॥ ९ ॥

प्रथमपद्ये "दर्शन आपो" इत्यनेन संयोगं प्रार्थ्य तस्यैव परमसुखरूपत्वमुक्तम्। अष्टमपद्येऽपि "भुजलता भीडी भामिनीना दिवस ताप बुझाये" इत्यनेन व्यक्ततया संयोगं प्रदर्श्य तस्यैव पूर्णसुखरूपत्वमुच्यतेऽतो न विप्रयोगपरमफलत्वसम्भावनाऽपि। **'गोष्ठमां''**इत्यनेन निःसाधनव्रजस्यैवैतादृशफलाधिकरणत्वं विवक्षितं भवति। एतत्फलस्य केवलं निःसाधनजनैकभोग्यत्वात्। साधनाभिमानवतां त्वेतत्फलानुभवाशाऽपि दूरापेतैव। "नायं श्रियोऽङ्ग उ नितान्तरतेः प्रसादः स्वर्योषितां नलिनगन्धरुचां कुतोऽन्याः। रासोत्सवेऽस्य भुजदण्डगृहीतकण्ठलब्धाशिषां यदुदगाद्व्रजबलवीनाम्" इत्यस्मिन् श्लोके श्रीसदृशपरमोच्चाधिकारिणामप्यस्य फलस्याप्राप्तिः प्रदृश्यत इति कृत्वा सामान्याधिकारिणां तु तत्प्राप्तिसंभावनाऽपि कुतः। "अरि चल नवल किशोरी गोरी भोरी होरी खेलन जाय" इत्यस्मिन् पद्येऽयमेवार्थः श्रीनन्ददासमहानुभावैरप्युक्तः। "शेष महेश गनेश सुरेश दिनेशहू अजहूं अजहूंलो पछिताय। यह सुख रमा तनिक नहि पायो यदपि पलोटत पांय। श्रीवृषभानुसुता पद अम्बुज जिनके सदा सहाय। यह रस मगन सदा जे तिनपे श्रीनन्ददास बली जाय"। ननु निःसाधनस्य कथं फलप्राप्तिरिति शङ्कां निवारयितुं **प्रभुरिति**। एतेन सर्वसमर्थत्वमचिन्त्याद्भुतानन्तपारमा-

र्थिकशक्तिमत्त्वञ्च विवक्षितमिति पूर्वोक्ता शङ्का विलीनैव । एतावता ग्रन्थेन तु शृङ्गाररससम्बन्धिभाववतीनां स्वामिनीनां परमफलत्वप्राप्तिविवेचनेन संयोगस्य परमफलत्वं दृढीकृतम् । एवं शृङ्गाररससम्बन्धिसंयोगमुपपाद्य इदानीं वात्सल्यसम्बन्धिसंयोगमुपपादयितुमग्रिमग्रन्थारम्भः, **आघेरा पांउधारे** इति । वात्सल्यरसभोक्तृभक्तसमाजमध्ये मातृचरणश्रीयशोदायाः प्राधान्यं द्योतयितुं **श्रीयशोदाजी लिये भामणा** इति । श्रीमन्मातृचरणानां वात्सल्यभावयुक्तत्वात् । दृष्टिदोषादिवारणार्थं स्वसुतस्य नीराजनं कुर्वन्तीत्युक्तं–**सुतने नीराजन उतारे** । नीराजनानन्तरं भगवन्मुखस्य गोरजश्छुरितत्वदर्शनेन "कियान् श्रमो मत्सुतेनानुभूत" इत्येवं मनस्यालोच्य तत्क्षणमेव मुखप्रोञ्छनं मातृचरणैः क्रियत इत्याशयेनाहुः **वस्त्राञ्चल मुखरज पोंछीनें** इति । यद्वा भगवन्मुखस्य पूर्णावलोकनं तु रजःप्रोञ्छनानन्तरमेव, कपोलादे रजसा प्रावृतत्वेन श्रीमुखपूर्णावलोकनं तु तदपगम एवेति निश्चित्य स्ववस्त्राञ्चलेनैव स्वसुतमुखप्रोञ्छनं कुर्वन्ति मातृचरणा इत्याशयेनोक्तं **वस्त्राञ्चल मुखरज पोंछीनें** इति ।

वस्त्राञ्चल मुखरज पोंछीनें रूप सकल निहारे ।।
उभी थाय रोमावली कर कोमल अंग संभारे ।। १० ।।

अनुष्ठितव्यापारफलमाहुः **रूप सकल निहारे** इति । सकलरूपदर्शनानन्तरं तु स्वसुतश्रमापनोदनार्थं प्राथमिकं मातृकृत्यमनुतिष्ठन्ति **उभी थाय रोमावली कर कोमल अंग संभारे** इति । वस्त्राञ्चलेत्यारभ्य "भोजनशालायें आवे" इत्यन्तमग्रिमग्रन्थस्तु पुष्टिमार्गीयसेवासरणिप्रदर्शकः । भगवत्सेवारसमनुभूयमानैर्भगवदीयैः सुखेन ज्ञातुं शक्य इति कृत्वा न विशेषतो विवरणं क्रियते किन्तु तद्भागमध्यगत-

"सुन्दरी गृहकारजमिषे वली निरखवाने आवे" इति पद्यार्धभागस्तु सर्वथाऽऽस्ख्येय इत्यतस्तस्य व्याख्यानं क्रियते । ननु वात्सल्यरसानुभवप्रसङ्गे शृङ्गाररससम्बन्धिभावयुक्तभक्तानां कः सम्बन्धः ? यदि सुन्दरीपदस्य स्वामिनीभावयुक्तश्रीगोपीजन इत्यर्थास्वीकारे तु "सुन्दरी गृहकारज मिषे वली निरखवाने आवे" इत्येतद्भागस्य "मिस हि मिस आवत गोकुलकी नार घर नन्दमहरके दीपक ले चली बाल बाटमें खडो कर डारे फेर झुक झुक बयारहको देत गार" इति पद्येन सहैकवाक्यताऽसंभावितैव स्यात् । किञ्च "गृहकारज मिषे" इत्येतद्भागस्वारस्यमपि पूर्वोक्तार्थकरण एव सुरक्षितं भवति । नहि वात्सल्यभावयुक्तश्रीगोपीजनानां नन्दालयगमने गृहकार्यमिषेणागमनावश्यकता । तासामन्यथाऽऽगमनस्यापि सम्भवितत्वात् । अतः सुन्दरीपदार्थस्तु श्रीस्वामिन्य एवेति कृत्वा कथं वात्सल्यप्रसङ्गे शृङ्गारप्रसङ्गस्यौचित्यमिति चेच्छृणु, "तदेजति तन्नैजति" इत्यादिश्रुतिवाक्यानुसारेण भगवान् विरुद्धधर्माश्रय इति तु सर्वास्तिकप्रतिपन्नम् । भगवतोऽचिन्त्याप्राकृतदिव्यस्वरूपभूतविरुद्धधर्माश्रयत्वद्योतनाय मध्ये शृङ्गारप्रसङ्गोत्थितिरिति ब्रूमः । अत एव श्रीमद्भागवते निरोधस्कन्धैकादशाध्याये परिसमाप्तिश्लोकसुबोधिन्यां निलायनादिबाललीलास्वपि शृङ्गारसम्बन्धिलीला निरूपिता । श्रीमत्प्रभुचरणैरपि "प्रेङ्खपर्यङ्कशयने"तिपद्ये 'तोकतावपुषित तव राजेति दृशितुं मदमानिनीमानहरणं । अग्रिमे वयसि किमु भाविकामेऽपि निजगोपिकाभावकरणम् । नजयुवतिहृद्यकनकाचलानारोढुमुत्सुकं तव चरणयुगलम् । तेन मुहुरुन्नमनमभ्यासमिव नाथ सपदि ते मृदुलमृदुलम् ॥' इत्येतत्पद्यद्वयमपि पूर्वाशयेनैवोक्तमिति प्रतिभाति । अतः वात्सल्यप्रसङ्गेऽपि शृङ्गारनिरूपणमदोषायैवेति सर्वमनवद्यम् । एतेन "मिस ही मिस आवत" इति

कीर्तनेन सहैकवाक्यताऽपि सुरक्षितैव स्थितेत्यपि सिद्धम् । "मेघै-
र्मेदुरमम्बरं वनभुवः" इति जयदेवोस्योक्तिरपि सङ्गच्छते । ननु "भोजन-
शालायें आवे" इत्यसादव्यवहितोत्तरं "राधा अधर सुधा विना हरिने
बीजूं कांई नव भावे" इति पद्यं त्वसम्बद्धमिव प्रतीयत इति चेदनु-
पासितगुरोरेतद्वचनम् । एतत्पद्यद्वयस्य श्रीनन्दराजकुमारभोग्यसाम्मी-
समर्पणसमय उभयविधभावनयैव समर्पणं कार्यमिति प्रदर्शनार्थत्वस्वी-
कारे तु सर्वथा पूर्वग्रन्थभागसम्बद्धमेतत्पद्यद्वयमित्यभ्युपगमस्यैवौचि-
त्यात् । पुष्टिमार्गीयभक्तेषु श्रीस्वामिनीनां सर्वाधिकप्राधान्यस्य श्रीमातृ-
चरणानामपि प्राधान्यस्यानेकप्रमाणसिद्धत्वेन तद्द्वारा समर्पितमेव भग-
वानङ्गीकरोति । तत्रापि मातृचरणसमर्पितमपि भगवान् श्रीराधाधरसुधा-
स्वादभावनया तत्प्रत्यङ्गचुम्बनभावनया वाऽश्नातीत्येतत्त्वभ्यस्यति
"प्राणनाथः प्रियाप्रत्यङ्गचुम्बन"मित्यादिश्रीमत्प्रभुचरणपद्येषु साहस्री-
भावनादिग्रन्थेष्वपि निरूपितम् । किञ्च, किञ्चिन्मातृसमर्पितं भोजनं
मातृसमर्पितत्वप्रयुक्तत्वेनैवाश्नातीत्युभयप्राधान्यं भावनायां द्योतयितु
श्रीराधाअधरसुधा विना इति । **मातानुं मन रञ्जवा** इति
सेवासरणिज्ञातृमहानुभावैः सामग्रीसमर्पणसमय उभयविधभावनाया
प्रदर्शितत्वेन तेषामुपदेशानुसारेणैव उभयविधभावना कार्या । भक्ति
मार्गे स्नेहवत्कृतोपदेशस्यैव नियामकत्वादित्यादिसूचनार्थमेवैतत्पद्यद्वयो
स्थितिरिति सर्वमनवद्यम् । अधरसुधापदस्योपलक्षणविधया प्रत्यङ्गोप
लक्षकत्वं, प्राणभृत उपदधातीतिवत् । अधरसुधाया अङ्गान्तर्गतत्वेन एतो
रूपेण प्रत्यङ्गस्योपलक्षणविधया ग्रहणं भवति । "बीजूं कांइ न भावेजी"
इत्यनेन सर्वाधिकत्वं परमप्रियत्वञ्च प्रदर्शितम् । **"मातानूं मन रञ्जव**
चालो आरोग्या बहु स्वादे" इत्यनेन दृष्टिभक्षपक्षोप्यपास्तः । भगव

द्वीतायां "अश्नामि प्रयतात्मन" इति सुव्यक्तमुक्तत्वात् । श्रीमद्भागवते-
ऽपि "उच्छिष्टभोजिनो दासा" इत्युक्तिरपि दृष्टिभक्षपक्षविरोधिन्येव ।

एवमुपक्रमेण, अभ्यासेन, उपपत्त्या, अर्थवादेन अपूर्वतया फलेन
च, संयोगस्य परमफलत्वं न्यरूपि । अतः परमुपसंहारेण संयोगपरमफलत्व-
निरूपणमवशिष्यतेऽत उपसंहारेणापि प्रकृतसिद्धान्तं निरूपयन्ति
सकल व्रजमां इति ।

सकल व्रजमां पोढिया वालो विविध रस सुख दान ।
ए लीला मारे मन वसो ते भक्त मागे मान ॥ १६ ॥

अत्र व्रजपदेन व्रजस्थिताः श्रीस्वामिन्यो गृह्यन्ते, तासामेवैतत्सुखा-
धिकारित्वात् । किञ्च, "पोढिया" इत्यस्य स्वारस्यमपि व्रजपदस्य स्वामिनी-
त्यर्थकरण एव सुरक्षितं भवति । अन्यथा सकलपदप्रयोगवैयर्थ्यप्रसङ्गात् ।
यदि व्रजपदेन व्रजस्थितवनोपवनानां ग्रहणमित्युच्येत तदापि सकल-
पदस्यापेक्षितचमत्कृतिजनकत्वाभाव एव । अत एव श्रीमद्भागवते "सुखं
सुषुपतुर्व्रजे" इत्यत्रापि व्रजपदस्य पूर्वोक्तार्थस्वीकार एव प्रदर्शितः ।
'सगुणे'त्यारभ्य "सकल व्रजमां पोढिया" इत्यन्तेन ये ये गुणा याश्च
लीला निरूपिताः, तान् सर्वानपि श्रीमत्प्रभुचरणस्वरूपविषये गुणोपसं-
हारन्यायेनोपसंहरन्ति—**श्रीविट्ठलेति** ।

श्रीविट्ठल द्विज रूप तमारी लीला एणी पेरे ज्ञाझी ।
ओडवे केम चालसे जे प्रीत अमसुं बांधी ॥ १७ ॥

विदा ज्ञानेन ठान् शून्यान् लातीति विट्ठल इति निरुक्त्या निःसाधन-
जनोद्धारकत्वलाभेन श्रीमद्व्रजाधिपस्य श्रीमत्प्रभुचरणानाञ्च निःसाधन-
जनोद्धारकत्वं समानरूपेणास्तीति साधितम् । निःसाधनजनोद्धारकत्व-
कथनेनोपलक्षणविधया असाधनसुसाधनदुःसाधनत्रिविधाधिकार्युद्धारक-
त्वमपि श्रीमत्प्रभुचरणस्वरूपेऽस्तीति प्रदर्शितम् । श्रीमदाचार्यचरणानां
तु देवोद्धारप्रयत्नात्मत्वमेव । श्रीमत्प्रभुचरणानां तु श्रीनंदराजकुमारवत्

सर्वोद्धारप्रयत्नात्मत्वमस्ति। "निभृतमरुन्मनोऽक्षदृढयोगयुजो हृदि यन्मुनय उपासते तदरयोऽपि ययुः स्मरणात्। स्त्रिय उरगेन्द्रभोगभुजदण्डविषक्तधियो वयमपि ते समाः समदृशोऽङ्घ्रिसरोजसुधाः" "कामाद् गोप्यो भयात् कंसः द्वेषाच्चैद्यादयो नृपाः" इत्यत्र यथा श्रीमद्यदुकुलजलधिदिव्यमुक्तामणेरसाधनादित्रिविधजीवोद्धारकत्वं प्रसिद्धं, तथैव श्रीमत्प्रभुचरणानामपि त्रिविधजनोद्धारकत्वं प्राचीनवार्तान्थेषु सुप्रसिद्धम्। अत्रापि "सरस कीधा जे हुता प्रेत पाषाण हतित पतितनुं जुओ तमे प्रत्यक्ष ऐंधाण" इत्यत्रैतदेव सर्वोद्धारप्रयत्नात्मत्वं न्यरूपि। विशेषजिज्ञासायां प्राचीनवार्तासाहित्यमवलोकनीयम्। एतत्स्वरूपस्य साधारणाधिकारिणां पुरतोऽप्राकट्ये हेतुमाहुः द्विजरूपेति। गुणोपसंहारं सूचयति **एर्णापेरेति**। साधारणाधिकारिणां पुरतोऽस्य प्राकट्यं भवतु वा न, किन्तु स्वीयजनेष्वेतत्स्वरूपप्रकाशनमावश्यकमेवेति आहुः **ओडवे केम चालशे**। यद्यसावेतत्स्वरूपस्य प्राकट्यं न करोति चेत्, तर्हि पुष्टिमार्गीयजीवाविर्भाववैयर्थ्यमेव स्यात्। वयमपि "अक्षण्वतां फलमिदं न परं विदामः" इति ब्रजसीमन्तिन्युक्तयनुसारेण स्वरूपात्मकफलाकाङ्क्षिण एव। पुष्टिमार्गे भगवदाविर्भावस्य संयोगरसानुभवस्यैव फलत्वात्। श्रीमदाचार्यैरप्येतदेवोक्तं "भगवानेव हि फलं स यथाऽऽविर्भवेद्धुवि"। टिप्पण्यां श्रीमत्प्रभुचरणोक्तिरपि पूर्वप्रदर्शितसिद्धान्तानुकूलैव। "अत्र तु भगवतो बहिःप्राकट्यमेवाभीष्टं तदेव ईश्वरवादोऽन्यथा शून्यवाद इति"। वयं तु तत्रापि स्वीया इति प्रदर्शनार्थं **प्रीत अमसूं बांधी** इति।

इति श्रीप्रतिक्षणनिकुञ्जस्थरासलीलासुपूरितशुद्धाद्वैतब्रह्मवादाद्विशुद्धपुष्टिभक्तिमार्गप्रतिष्ठापकपरमाचार्यजगद्गुरुश्रीवल्लभाचार्यवंशोद्भवनमन्नृपतिमण्डलीमुकुटताण्डवमण्डितचरणगोस्वामिश्रीगोकुलनाथाचार्यात्मजेन श्रीमन्महाप्रभुश्रीमत्प्रभुचरणकृपाकटाक्षैकलब्धजीवितेन श्रीनन्ददासादिमहानुभावभगवदीयचरणरजोऽभिषेकसमासादितसकलपुरुषार्थेन करुणामूर्तिश्रीकुसुमप्रभागर्भसंभवेन गोस्वामिदीक्षितेन विरचितेयं कृतिः।

परिशिष्ट

॥ विजयते श्रीबालकृष्णः प्रभुः ॥

॥ गोस्वामिश्रीदीक्षितविरचितस्वतन्त्रलेखः ॥

येषां तद्विपरीततैव विदुषां केषांचिदन्तर्गता। इति पद्ये श्रीमत्प्रभुचरणैर्या मायावादिमतविपरीततोक्ता तामेव प्रकाशयन्ति—**मायिकेति।**

मायिक मत जेणे खण्ड्यो भक्तिमार्ग जेणे वहुपेरे मण्ड्यो ॥ १ ॥
उत्पथजन सर्वे दण्ड्यो मूरख हेतु कुशब्द वितण्ड्यो ॥ २ ॥

मायिकेतिपदेन निरसिष्यमाणस्य मतस्यानुपपन्नत्वं प्रकाश्यते। भामतीकारा अप्येतदेवोपोद्बलयन्ति "अनुपपत्तिर्हि मायामुपोद्बलयति। अनुपपद्यमानार्थत्वान्मायायाः, सर्वमेतत् सर्वथानुपपत्तिभाजनत्वेनानिर्वचनीयमिति युक्तमुत्पश्यामः"। **खण्ड्यो**—सकलास्तिकसंप्रतिपन्नवेदादिप्रमाणचतुष्टयाप्रमितत्वेन प्रकाशित इति यावत्। ननु मायावादिग्रन्थेष्वपि श्रुत्यादिवाक्यैरेव स्वप्रमेयस्य साधितत्वेन कथं पूर्वोक्तप्रमाणचतुष्टयाप्रमितत्वमुच्यत इति चेत्, शृणु, "न सांख्यं न शैवं न वा पाञ्चरात्रं न वेदा न ज्ञानं न तीर्थं ब्रुवन्ति" इति दशश्लोकीसिद्धान्तानुसारेण यत्र वेदस्यापि मिथ्यात्वं, "द्वा सुपर्णा सयुजा सखाया" 'पृथगात्मानं प्रेरितारं च मत्वा' "स्वाभाविकी ज्ञानबलक्रिया च" इत्यादिगुणधर्मादिप्रतिपादकजीवेश्वरभेदप्रतिपादकवाक्यानां यस्मिन्मतेऽतत्वावेदकत्वं, औपनिषदवाक्यानां व्याससूत्रानुसारेण निर्णयं समुपेक्ष्य व्याससूत्रेष्वपि "वेदसूत्रयोर्विरोधे गुणेष्वन्याय्यकल्पना" इति वाक्येन सूत्राणामपि स्वाभिप्रायेणैव यत्र प्रकाशनं तन्मतस्य वेदादिप्रमाणप्रमितत्वं तु नास्त्येव प्रत्युत वेदादिप्रमाणस्वरूपविघातकत्वमेवेति युक्तमुत्पश्यामः।

यत्तु 'मायावादिग्रन्थेष्वि'त्यादि चोद्यं, तत्परिहाराय पुनः किञ्चिदुच्यते । मायावादिग्रन्थेषु स्वाभीष्टसाधनार्थं श्रुत्यादिचतुष्टयोक्तवाक्योपयोगस्य दृष्टचरत्वेऽपि शब्दैकवेद्यब्रह्मविषयकवाक्येषु मुख्यार्थानुपपत्त्यभावेऽपि लक्षणाया आश्रितत्वेन, लक्षणाश्रयणस्य च स्ववचनविरुद्धत्वेन स्वाभिलषितप्रमेयस्वरूपसाधनार्थमेव श्रुत्यादिप्रमाणोपयोगो न तु श्रौतार्थसाधनार्थं तत्स्वरूपसंरक्षकत्वेनोपयोग इति प्रेक्षावद्भिराकलनीयम् ।

किञ्च, सूत्रास्वारस्यसूत्रघटकपदास्वारस्यादेर्मायावादिभाष्यार्थे उपलभ्यमानत्वेन तादृशास्वारस्यस्य विद्वन्मण्डने श्रीमत्प्रभुचरणैः प्रदर्शनेन साधूक्तं—**खण्ड्यो इति** । तथाहि–अद्वैतिमते जिज्ञासाधिकरणस्यारम्भो नोपपद्यते । अवेद्ये ब्रह्मणि जिज्ञासाया अनुपपत्तिग्रस्तत्वात् । ननु वृत्तिव्याप्यस्योपहितस्वरूपस्य वेद्यत्वमङ्गीक्रियत इति चेत्, वृत्तिव्याप्यस्य मिथ्यात्वेन, उपहितमिथ्यात्वस्याद्वैतसिद्ध्यादिभवदीयग्रन्थेष्वेव सुव्यक्ततया साधितत्वेन च, तादृशमिथ्यावस्तुज्ञानस्यापवर्गासाधकतया शबलजिज्ञासाया मुमुक्षुजनानुपादेयत्वमेव । ननु "अन्तस्तद्धर्मोपदेशात्" इति सूत्रे "ये मन्दास्तेऽनुकम्प्यन्ते सविशेषनिरूपणैः" इति कल्पतरुकारोक्तयनुसारेण प्रथमभूमिकायां सर्वथा निर्गुणस्य ध्यातुमशक्यत्वात् शबलजिज्ञासाया अपि मुमुक्षुजनोपादेयत्वमस्तीति चेत्, अवहितमनाः शृणु । त्वन्मताभ्युपगते ब्रह्मणि कस्यचिदपि प्रमाणस्याप्रसरेण सर्वथा प्रमाणरहितस्य सिद्धेरेव दूरापेतत्वेन सगुणनिर्गुणभेदावलम्बिप्राथमिकभूमिकोपयोगस्याजागलस्तनप्रायत्वमेव । ननु ब्रह्मण आगमैकवेद्यत्वमद्वैतभाष्येऽनेकत्रोपलभ्यत इति चेत्, शास्त्रस्याविद्याकल्पितभेदनिवृत्तिपरत्वस्य स्वीकारेण ब्रह्मवेद्यत्वकथनस्यौपचारिकत्वात् । तत्तु "अविषयत्वे शास्त्रयोनित्वानुपपत्तिरिति चेत्, अविद्याकल्पितभेदनिवृत्तिपरत्वाच्छास्त्रस्येति "तत्तु समन्वयादि"ति सूत्रभाष्य उक्तम् ।

ननु ब्रह्मण औपचारिकवेद्यत्वमेवास्तीति चेत्, "तं त्वौपनिषदं पुरुषं पृच्छामि" "तद्विजिज्ञासस्व तद्ब्रह्मेति" 'वेदान्तविज्ञानसुनिश्चितार्थाः' "ब्रह्म ते वदिष्यामि" इत्यादिश्रुतिवचनव्याकोपप्रसङ्गात् । यदि त्वत्कल्पितं शास्त्रस्याऽऽवरणाभिभावकत्वमेव भवेत्, तर्हि श्रुतिः "सुनिश्चितार्थाः" इति कदापि न वदेत् । किन्तु वेदान्तविज्ञाननिरस्तावरणाः इति स्थाने "सुनिश्चितार्थाः" इति कथनेनैव ब्रह्मणो वेदादिप्रमितत्वमप्रतिहततया सिध्यति । न चागमवेद्यत्वे स्वप्रकाशत्वहानिः, एतस्यापि शब्दब्रह्मरूपत्वेन "वेदो नारायणः साक्षात् स्वयंभूरिति शुश्रुमः", "वेदः शिवः शिवो वेदः" इत्यादिवाक्यैरपि वेदस्य स्वरूपात्मकत्वेन उपनिषद्वेद्यत्वमपि स्वप्रकाशस्वरूपपर्यवसायीति । अपि च, अभ्यासे भूयस्त्वमर्थस्य भवतीति प्रागेवोपचरितत्वम् ।

व्यक्ततया वेदविरोधिमतनिरासं सूचयितुमाहुः—**उत्पथजन सर्वे दण्ड्यो** । दण्डोऽपि खण्डनात्मक एव न तु राजाज्ञाजन्यताडनात्मकः । श्रीमत्प्रभुचरणानामाचार्यशिरोमणित्वात् सर्वमर्यादासंरक्षकत्वाच्च । खण्डनोक्ता वैतण्डिकप्रणालिर्वितण्डयैव खण्डिता इति व्यञ्जयितुं—**मूरख हेतु कुशब्द वितण्ड्यो इति** । किञ्च, खण्डनोक्ततर्काणां तर्काभासत्वं प्रमत्तोक्तितुल्यत्वञ्च प्रकटयितुं—**मूरखेति** । मूर्खा हि स्वारूढशाखामेव छिन्दन्तीति सुप्रसिद्धमेतत् । तथैव श्रीहर्षेणापि स्वपक्षविरोधिकथाप्रवर्त्तनेन स्वपक्षभक्षणमेव कृतं न तु स्वपक्षो मण्डितः । तेनैतस्यापि तुल्यतया मूर्खत्वं स्वपक्षघातकत्वञ्च, अत उचित एवायं मूर्खशब्दप्रयोगः ।

'हेतु कुशब्द' इत्यनेन खण्डनोक्तहेतूनां तर्काभासत्वं हेत्वाभासत्वं च सूचितम्। तादृशतर्काभासादिमूलकसाध्यसिद्धिसाधकशब्दस्यैव कुशब्दत्वात्। खण्डनखाद्यस्य वैतण्डिकरीत्या परमतनिरासकत्वमिति तु प्रायो विद्वन्मन्यानां प्रवादः। वस्तुतस्तु तस्य स्वमतखण्डकत्वमेवेत्यास्माभिः साध्यते। तथाहि—वैतण्डिककथायां स्वपक्षस्थापकयुक्तिप्रदर्शनाभावस्य दृष्टचरत्वेन वैतण्डिकस्य स्वपक्षस्थापनमनावश्यकमित्यत्र नैवास्माकं विवादः। किन्तु सर्पिणीकृतस्वात्मजभक्षणवत् स्वपक्षभक्षणमपि तस्य सर्वथा प्रतिकूलमित्यस्य समयस्य यावदान्वीक्षिकीविदभ्युपगतत्वेन वैतण्डिकेन स्वपक्षाविरोधेनैव कथा प्रवर्त्तनीया न तु पूर्वदृष्टान्तरीत्या स्वपक्षविरोधेनापि कथा प्रवर्त्तयेति सर्वतन्त्रसिद्धान्तः। अत्र प्राचामान्वीक्षिकीविदां विमर्शप्रकारस्त्वित्थम्।

प्रतिषेधज्ञापनं प्रयोजनं ब्रवीति एतदपि तादृगेव। यो ज्ञापयति यो जानाति येन ज्ञाप्यते यच्च ज्ञाप्यते एतच्च प्रतिपद्यते यदि तदा वैतण्डिकत्वं जहाति। अथ न प्रतिपद्यते परपक्षप्रतिषेधज्ञापनं प्रयोजनमित्येतदस्य वाक्यमनर्थकं भवति। वाक्यसमूहश्च स्थापनाहीनो वितण्डा। तस्य यद्यभिधेयं प्रतिपद्यते सोऽस्य पक्षः स्थापनीयो भवति। अथ न प्रतिपद्यते प्रलापमात्रमनर्थकं भवति, वितण्डात्वं निवर्तत इति।

स प्रतिपक्षस्थापनाहीनो वितण्डा ॥ ३ ॥

स जल्पो वितण्डा भवति। किं विशेषणः? प्रतिपक्षस्थापनयाहीनः। यौ तौ समानाधिकरणौ विरुद्धौ धर्मौ पक्षप्रतिपक्षावित्युक्तौ, तयोरेकतरं वैतण्डिको न स्थापयतीति परपक्षप्रतिषेधेनैव प्रवर्त्तत इति। "अस्तु तर्हि स प्रतिपक्षहीनो वितण्डा" यद्वै खलु तत्परप्रतिषेधलक्षणं

वाक्यं स वैतण्डिकस्य पक्षः, न त्वसौ साध्यं किञ्चिदर्थं प्रतिज्ञाय स्थापयतीति। तस्माद्यथान्यासमेवास्तु।

वितण्डा तु परीक्ष्यते सप्रयोजना निष्प्रयोजना वेति। एके तावद्वर्णयन्ति निष्प्रयोजना दूषणमात्रत्वात्। तच्च नैवं, न दूषणमात्रं वितण्डा किन्त्वभ्युपेत्य पक्षं यो न स्थापयति स वैतण्डिक उच्यते। अथ पक्षमपि न प्रतिपद्यते उन्मत्तवदुपेक्षणीयः स्यात्। अथ परपक्षप्रतिषेधज्ञापनं प्रयोजनमिति तादृगेवैतत्। एतस्मिन्नपि चतुर्वर्गं चेत् प्रतिपद्यते सोऽस्य पक्षः चतुर्वर्गो भाष्य उक्तः। अथ न प्रतिपद्यते पूर्ववदुपेक्षणीयः। प्रतिपक्षस्थापनाहीनं च वाक्यं वितण्डेत्युच्यते। तस्य यद्यर्थं प्रतिपद्यते सोऽस्य पक्षः। अथ न प्रतिपद्यते पूर्ववद्दोष इत्युक्तं प्रयोजनमिति।

स प्रतिपक्षस्थापनाहीनो वितण्डा। प्रतिपक्षस्थापनाहीन इति यावदुक्तम्भवति द्वितीयपक्षवादी वैतण्डिको न किंचित् पक्षं स्थापयतीति। अपरे तु ब्रुवते दूषणमात्रं वितण्डेति। दूषणमात्रमिति मात्रशब्दप्रयोगाद्वैतण्डिकस्य पक्षोऽपि नास्तीति। अयुक्तं चैतत्, चतुर्वर्गस्याभ्युपगमात्। दूषणमभ्युपगच्छन् दूष्यमभ्युपैति, अयथार्थावबोधं प्रतिपद्यते प्रतिपादयितारं प्रतिपत्तारं च, दूषणमात्राभ्युपगमे सति सर्वमेतन्न स्यात्, दूषणमात्राभ्युपगमाच्छेषमर्थतोऽवगम्यत इति वितण्डा वितण्डेत्येव वक्तव्यं—यया वितण्ड्यते सा वितण्डा इत्यनुगतार्थया संज्ञयैव परप्रतिविघातः क्रियत इति। तस्माद्यथान्यासमेवास्तु न्याय्यम्।

असिद्धविरुद्धादिदोषो वाक्यस्य वैतण्डिकप्रयुक्तस्यार्थः तं यदि प्रतिपद्यते सोऽस्य पक्षः। अथ असिद्धविरुद्धादीनां सद्भावाभ्युपगमे प्रमेयपक्षपातिनां प्रमेयमात्रविचारासहत्वाभ्युपगमो विघटत इति। स्ववाक्याभिहितमेव असिद्धविरुद्धादि न प्रतिपद्यते? पूर्ववद्दोषः, नायं लौकिको

न परीक्षक इति । तस्माद्वितण्डापि प्रयोजनवती, नाव्यापकं प्रयोजनमिति सिद्धम् । पृष्ठ ३२९ । तस्मादस्ति वैतण्डिकस्य पक्षो न तु परपक्षप्रतिषेधादन्या स्थापना, तेनास्य पक्षोऽस्ति, नास्ति तु पक्षस्थापना ।

पूर्वोल्लिखितन्यायभाष्यन्यायवार्त्तिकन्यायवार्त्तिकतात्पर्यादिग्रन्थावलोकनेन वितण्डायाः स्वपक्षस्थापनाहीनत्वमेवोपलभ्यते न तु पक्षहीनत्वं स्वपक्षघातकत्वं, विरोधित्वं वा । यदि वितण्डा पक्षहीना भवेत्, भवेत् तर्हि पक्षविरोधिनी । किन्तु न सा पक्षहीनाऽपि तु पक्षस्थापनाहीना ।

पक्षस्थापनाहीनकथायाः पक्षविरोधिकथायां पर्यवसानं मूर्खेणैव क्रियतेऽतः साधूक्तं—**मूरखेति** । तस्मात् सिद्धं वितण्डा पक्षस्थापनाहीना न तु पक्षहीना । स्वीकृते तु पक्षे स्वपक्षविरोधिकथाप्रवृत्तिरुन्मत्तकृतिरेवेति खण्डनखण्डनं यद्यप्यनावश्यकमथापि मायावादिनां खण्डनग्रन्थेऽतीव श्रद्धाजाड्यात् मायावादसाधकत्वभ्रमः प्रवर्त्तते तन्निरसनार्थं वस्तुत उन्मत्तकल्पस्यावैतण्डिकस्यापि वैतण्डिकवेषधारिणः पिशाचस्य पिशाचभाषया उत्तरं वाच्यमिति न्यायेन वैतण्डिकरीत्यैव खण्डनं कार्यमित्याहुः—**वितण्ड्यो इति** ।

ननु अनिर्वचनीयतासर्वस्वरूपे खण्डने कुत्राद्वैतमतविरोधित्वं येनैवमुच्यते खण्डनकारः स्वपक्षविरोधिकथाप्रवर्त्तक इति चेत्, अवहितमनाः शृणु । श्रीशङ्कराचार्याद्यभिमतानिर्वचनीयतायाः खण्डनोक्तानिर्वचनीयतायाश्च तमःप्रकाशवत् सर्वथा विरुद्धत्वेन तद्विवेकाग्रहनिबन्धन एवायं मायावादिनां खण्डनग्रन्थविषयको मायावादसाधकत्वभ्रमः । "नहि जातु कश्चित् समुदाचरद्वृत्तिनी प्रकाशतमसी परस्परात्मतया प्रतिपत्तुमर्हति" इति भामत्युक्तिरेवात्र विमृश्या ।

खण्डनकारस्तु निर्वचनानर्हतैवानिर्वचनीयतेति स्वीकरोति । अद्वैतिनस्तु ईदृशीमनिर्वचनीयतां नाभ्युपगच्छन्ति । अद्वैत्यभ्युपगता अनिर्वचनीयता, सदसद्विलक्षणता सत्त्वासत्त्वविचारासहता वा । प्रपञ्चस्य व्यावहारिकसत्यत्वस्वीकारेण प्रापञ्चिकपदार्थानां लक्षणप्रमाणादिनिर्वचनं तु मायावादिमतेऽपि आवश्यकम् । लक्षणप्रमाणादिनिर्वचनाभावे तु व्यावहारिकत्वसिद्धिरपि दूरापेतैव । अत एव श्रीमण्डनमिश्रश्रीवाचस्पतिमिश्रश्रीचित्सुखाचार्यश्रीआनंदबोधश्रीमधुसूदनसरस्वत्यादयः स्वस्वग्रन्थेषु निरुक्तिविरहनिरुक्तिनिमित्तविरहतत्सामान्यविरहरूपमनिर्वचनीयत्वं निरस्य सदसद्विलक्षणत्वरूपमनिर्वचनीयत्वमेव स्थापयन्ति। कुत्रचित् स्थलविशेषेषु सदसद्विलक्षणत्वरूपाऽनिर्वचनीयता खण्डनकारेणाऽपि स्वीकृता। किन्तु, असम्बद्धवादित्वस्य मायावादिकुलधर्मतयाऽनिर्वचनीयतायाः पर्यवसानं तु तेन निरुक्तिविरहादिविकल्प एव कृतम्। नहि शङ्कराचार्याणां वा वाचस्पत्यादिप्राचीनविदुषामप्येतत् संमतम्। अत एव खण्डने निरस्तानामनेकेषां व्यावहारिकपदार्थानां स्वीकारः श्रीशङ्कराचार्यादिवचनेषु समुपलभ्यते। श्रीशङ्कराचार्यैर्व्यावहारिकसत्यतयाऽभ्युपगतानां कारणत्वाधारत्वनिग्रहस्थानादीनां खण्डनं खण्डनग्रन्थे वर्तत इति विदुषामतिरोहितमेतत्। खण्डनग्रन्थीयनिग्रहस्थानानां निरासप्रकारोऽपि न सदसद्विलक्षणत्वरूपानिर्वचनीयताया स्थापकोऽपि तु प्रधानतया लक्षणादिखण्डनमुखेन प्रवृत्तः निग्रहस्थानादिनां निरासप्रकारस्तु निर्वचनानर्हतारूपानिर्वचनीयताया एव पोषक इति सुधियो विदाङ्कुर्वन्तु। नैषा स्वाचार्यवचनसेवा अद्वैतिमतसपर्या वा। श्रीशङ्कराचार्यास्तु "जन्माद्यस्य यतः", "परमतः सेतून् मानसम्बन्धभेदव्यपदेशेभ्यः" इत्यादिसूत्रभाष्ये कारणत्वाधारत्वादिपदार्थान् व्यावहारिकसत्यतयाऽभ्युपयन्ति । अविरो-

ध्याध्यायतर्कपादे निग्रहस्थानादिनामपि स्वीकारो वरीवर्त्येव । तथाहि—"अपरिग्रहाच्चात्यन्तमनपेक्षा" "इतरेतरप्रत्ययत्वादिति चेन्नोत्पत्तिमात्रनिमित्तत्वात्" "उत्तरोत्पादे च पूर्वनिरोधात्" "असति प्रतिज्ञोपरोधो यौगपद्यमन्यथा" "उभयथा च दोषात्" आकाशे च "विशेषात्" "क्षणिकत्वाच्च" इत्यादिसूत्रभाष्ये "अपृथग्देशत्वे तावत्स्वाभ्युपगमो विरुध्येत" सोऽभ्युपगमो द्रव्यगुणयोरपृथग्देशत्वेऽभ्युपगम्यमाने बाध्येत" उभयमप्यभ्युपगमविरुद्धम् । अवस्थायित्वे क्षणिकत्वाभ्युपगमविरोधः । क्षणभङ्गाभ्युपगमत्यागप्रसङ्गः "क्षणिकत्वाभ्युपगमहानिः" ततः प्रतिज्ञाविरोधः स्यात् "इतीयं प्रतिज्ञा हीयेत" तथापि प्रतिज्ञोपरोध एव स्यात् "क्षणिकाः सर्वे संस्कारा इतीयं प्रतिज्ञोपरुध्येत" पूर्वस्मिन् कल्पे निर्हेतुकविनाशाभ्युपगमहानिप्रसङ्गः "अपि चावरणाभावमात्रमाकाशं मन्यमानस्य सौगतस्य स्वाभ्युपगमविरोधः प्रसज्येत" । स्थिरस्वरूपत्वे त्वालयविज्ञानस्य सिद्धान्तहानिः "ततश्च विज्ञानभेदप्रतिज्ञा क्षणिकत्वादिधर्मप्रतिज्ञा स्वलक्षणसामान्यलक्षणवास्यवासकत्वाविद्योपप्लवसदसद्धर्मबन्धमोक्षादिप्रतिज्ञाश्च स्वशास्त्रमतास्ता हीयेरन्" इत्यादिवाक्यैः श्रीशङ्कराचार्याणामपि निग्रहस्थानाद्यभ्युपगमो दृश्यत एव । अत एतादृशाचार्यवचनसंरक्षणार्थमेवाद्वैतसिद्धिकारादयो निरुक्तिविरहादिविकल्पान् समुत्सार्य सदसद्विलक्षणरूपामनिर्वचनीयतामेव समर्थयन्ति । तथाहि—श्रीचित्सुखाचार्याः चित्सुखीप्रथमपरिच्छेदे "ननु किमिदमनिर्वचनीयत्वं, किं निरुक्तिविरहः किं वा निरुक्तिनिमित्तस्य विरहः । नाद्यः, इदं रजतमित्यादिनिरुक्तेरङ्गीकारात् । न द्वितीयः । विकल्पासहत्वात् । तथाहि—निरुक्तेर्निमित्तं ज्ञानमर्थो वा । नाद्यः । रजतादिज्ञानस्य निरुक्तिनिमित्तस्य मायावादिभिरभ्युपगमात् । न द्वितीयः । अर्थस्यापि सतो

विरहेऽसत्ख्यातिप्रसङ्गात् । असतोऽपि विरहे सत्त्वप्रसङ्गात् । उभयविरहस्य परस्परविरुद्धयोर्लौकिकसिद्धयोरन्यतरनिषेधस्येतरविधिनान्तरीयकत्वनियमदर्शनादेवानुपपत्तेः । भावाभावयोरलौकिकयोः स्वकपोलपरिकल्पितयोर्निषेधसमुच्चयाङ्गीकरणे तु लौकिकसदसतोरनिषेधात् न निरुक्तिनिमित्तार्थासम्भवः ।

अत्रोच्यते । प्रत्येकं सदसत्त्वाभ्यां विचारपदवीं न यत् । गाहते तदनिर्वाच्यमाहुर्वेदान्तवेदिनः १३ । सत्त्वेनासत्त्वेन च विचारासहत्वे सति सदसत्त्वेन च यद्विचारं न सहते तदनिर्वाच्यम् । न चैवं सत्यव्याप्तिरतिव्याप्तिर्वा । सर्वभ्रमगोचराणां तथाभावनियमात् । सदादीनां च तत्तद्विचारसहत्वेन परैरभ्युपगमाच्च । एवं सति निरुक्तिविरहः किंवा निरुक्तिनिमित्तस्य च विरह इत्यादिविकल्पोऽकाण्डताण्डवितम् । निरुक्तेर्निमित्तभूतायाः प्रतीतेस्तदालम्बनस्य चार्थस्य व्यवहारगोचरत्वेऽपि सदसदादिप्रकारैर्निश्चित्य वक्तुमनर्हत्वाङ्गीकारात् ।

अद्वैतसिद्धिकारा अद्वैतसिद्धिप्रथमपरिच्छेदे अनिर्वाच्यत्वलक्षणोपपत्तौ, तथाहि—"किमिदमनिर्वाच्यत्वम्, न तावन्निरुक्तिविरहः, (१) तन्निमित्तज्ञानविरहो वा, (२) तन्निमित्तार्थविरहो वा, (३) तन्निमित्तसामान्यविरहो वा, (४) आद्ये अनिर्वाच्य" इत्यनेनैव निरुक्त्या 'इदं रूप्यमि'ति निरुक्त्या च व्याघातः, द्वितीये निरुक्तिरूपफलसत्त्वेन तन्निमित्तविरहस्य वक्तुमशक्यत्वम् । अत एव न तृतीयः । अर्थस्य निरुक्तावनिमित्तत्वाच्च । फलसत्त्वादेव न चतुर्थः । नापि सद्विलक्षणत्वे सत्यसद्विलक्षणत्वम्; सदसद्रूपत्वेऽप्युपपत्तेः । अत एव न सत्त्वराहित्ये सत्यसत्त्वविरहः । तथा च लक्षणासम्भव इति चेन्न; सद्विलक्षणत्वे सत्यसद्विलक्षणत्वे सति सदसद्विलक्षणत्वं, सत्त्वासत्त्वाभ्यां विचारासहत्वे

सति सदसत्त्वेन विचारासहत्वं वा, प्रतिपन्नोपाधौ बाध्यत्वं वा, इत्यादिलक्षणे निरवद्यत्वसम्भवात् ।

न्यायमकरन्दकाराः न्यायमकरन्देऽनिर्वचनीयताख्यात्युत्थापनप्रकरणे, "केयमनिर्वचनीयता नाम, न तावत् निर्वचनानर्हतैव मूकीभावप्रसङ्गात्, नापि सदसत्प्रकारविलक्षणतेति, विकल्पासहत्वात् । तथाहि—इदं तावद् भवान् पृष्टो व्याचष्टां—किमेकैकप्रकारविलक्षणत्वमनिर्वाच्यत्वम्, उतोभयप्रकारविलक्षणतेति । तत्र यद्याद्यः सोऽप्यनुचितः, सत्प्रकारवैलक्षण्ये सत्यसतः, असत्प्रकारवैलक्षण्ये च सतोऽनिर्वाच्यतापातात् । नापि द्वितीयः पक्षः साधीयान् एकैकस्याप्युभयवैलक्षण्योपपत्तेरनिर्वाच्यतापातात् । तत्र प्रतिविधीयते—यत्तावत् निर्वचनानर्हतैवानिर्वाच्यतेत्यभ्यधायि, तत्रानभ्युपगम एव । यत्तु नापि सदसत्प्रकारविलक्षणतया इत्यादि तत्र यद्यप्येकैकप्रकारवैलक्षण्योभयप्रकारवैलक्षण्ययोरस्ति व्यभिचारस्तथाप्येकैकप्रकारवैलक्षण्याऽनवच्छिन्नोभयप्रकारवैलक्षण्यस्य लक्षणभावे न कञ्चन दोषं पश्यामः ।

उदाहृतैरेतैरद्वैतसिद्ध्यादिसन्दर्भैरद्वैत्यभिमतानिर्वचनीयता खण्डनोक्ताऽनिर्वचनीयता भिन्नेति सिद्धम् । "निरुक्तेर्निमित्तभूताया प्रतीतेस्तदालम्बनस्य चार्थस्य व्यवहारगोचरत्वेऽपि सदसदादिप्रकारैर्निश्चित्य वक्तुमनर्हत्वाङ्गीकारात्" इति चित्सुखमुनिवचनेन तु खण्डनोक्तानिर्वचनीयताप्रकारस्याद्वैतमतविरोधित्वं सुव्यक्ततया सिद्ध्यति । तस्मात् साधूक्तं—**मूरख हेतु कुशब्द वितण्ड्यो इति ।**

मायावादखण्डनमपि भक्तिमार्गस्थापनाङ्गम् । इत्येतत्तु "प्रपञ्चमेव मिथ्येति उक्त्वा शुद्धं भजनं वारयन्ति" इत्यत्र स्पष्टम् । अतो माया-

वादसमालोचनस्यापि भक्तिमार्गशेषत्वात् पूर्वं शेषस्वरूपं निरूप्येदानीं शेषिस्वरूपं निरूपयन्ति—**भक्तिमार्ग जेणे बहु पेरे मण्ड्यो ।** विद्वन्मण्डनादिग्रन्थेषु मायावादसमालोचनेन भक्तिहेतुभक्तिहंसादिग्रन्थेषु भक्तिहेतुभक्तिस्वरूपादिनिर्णयेन, श्रीमदाचार्योक्तायाः सूत्रात्मिकायाः सेवाया विशेषेण सेवामार्गाविष्कारद्वारा भाष्यकरणेन च ।

शोधपत्रम् ।

पत्रं	पङ्क्तिः	अशुद्धम्	शुद्धम्
१	१	दिव्यलीला	दिव्यनित्यलीला
२	२१	विशेषणम् ।	विशेषाणाम्
३	१९	-नेत्यर्थः) ।	—नेत्यर्थः)
८	१६	हो	हीं
८	१९	सकले सामग्री	सकलसामग्री
९	३	णथ्थ	णथ्थि
९	१८	स्वरूपात्मकमे	स्वरूपात्मकत्वमे
११	२२	स्वल्पऽव	स्वल्पाव
१२	१७	समभिहा	समभिव्याहा
१२	१८	'नावयणे	तामवणे
१२	१९	लालिङ्ग सु	णालिङ्गण सु
१३	२२	बली	बल
१५	२	सर्वथाऽऽरुयेय	सर्वथा व्याख्येय
१५	३	सम्बन्धः ? यदि सुन्दरी	सम्बन्धः ? सुन्दरी
१५	१८	वपुषित तव राजेति	वपुषि तव राजते
१५	२१	सपदि ते	सपदि कुरुते





Published by Vadilal Nagindas Shah, B. A., LL. B. Advocate,
64–66–68, 3rd Bhoiwada, Bombay.

Printed by Ramchandra Yesu Shedge, at the
Nirnaya Sagar Press, 26–28, Kolbhat Street, Bombay.